નં. ૯

ॐ

શ્રી સત્પંથ પ્રકાશ

અર્થાત્

(શ્રી ઇમામશાહ બાવાએ ભાખેલ દશ અવતાર)

★

: કર્તા :
સત્પંથી મુખી કાનજીભાઈ રત્નાભાઈ
મુ. દૂધાથળ તા. કપડવંજ

★

: પ્રકાશક :
સત્પંથ સાહિત્ય ભંડારવતી તેના માલીક
સત્પંથી સૈયદ શમ્સદ્દીન બાવાસાહેબ "ખાકી"
મુ. પીરાણા, પો. ગીરમથા, જી. અમદાવાદ.

સંવત ૨૦૧૨ આવૃત્તિ ૧ લી
ઈ. સ. ૧૯૫૬ પ્રત ૫૦૦

કિંમત રૂ. ૨-૦-૦

નં. ૯

ૐ

શ્રી સત્પંથ પ્રકાશ

અર્થાત

(શ્રી ઈમામશાહ બાવાએ ભાખેલ દશ અવતાર)

★

: કર્તા :

સત્પંથી મુખી કાનજીભાઈ રત્નાભાઈ

મુ. દૂધાથળ તા. કપડવંજ

★

: પ્રકાશક :

સત્પંથ સાહિત્ય ભંડારવતી તેના માલીક

સત્પંથી સૈયદ શમ્સદ્દીન બાવાસાહેબ "ખાકી"

મુ. પીરાણા, પો. ગીરમથા, જી. અમદાવાદ.

સંવત ૨૦૧૨ આવૃત્તિ ૧ લી

ઈ. સ. ૧૯૫૬ પ્રત ૫૦૦

કિંમત રૂ. ૨-૦-૦

૧૩૨નો ૫૪/૫

[illegible] ઉગાટપંજ. પાનું ૧૫૩/[illegible]

realpatidar.com

શ્રી સત્પંથ પ્રકાશ

અર્થાત

(શ્રી ઇમામશાહ બાવાએ ભાંખેલ દશ અવતાર)

કર્તા

સત્પંથી સુખી કાનજીભાઈ રત્નાભાઈ

મુ. દુધાથળ તા. કપડવંજ

પ્રકાશક

સત્પંથ સાહિત્ય ભંડારવતી તેના માલીક

સત્પંથી સૈયદ શમ્સદ્દીન બાવાસાહેબ "ખાકી"

મુ. પીરાણા, પો. ગીરમથા, જી. અમદાવાદ.

સંવત ૨૦૧૨ આવૃત્તિ ૧ લી

ઈ. સ. ૧૯૫૬ પ્રત ૫૦૦

કિંમત રૂ. ૭–૦–૦

અનુક્રમણિકા

જાહેર ચેતવણી

: મુદ્રક :

મણિલાલ છગનલાલ શાહ, નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા રોડ : અમદાવાદ.

પ્રસ્તાવના

સતપંથ નામ સાથી

આકાશ અપુષ વાણી, વેદો કીતાબને અખંડીત સત્ય નીષ્ટાએ ભાષા કે સ્થળાદી ભેદો વીના, પ્રચીન સમયના ભેદોને અર્વાચીન સમયાનુકુળ વર્ણવેલને પ્રધાન પદે રાખી એક સરખી મનાય છે. અપુરૂષ આકાશ વાણીનો બોધ કરવા આવનાર ધ્યેય પુરૂષો બાર કળાવાળાઓ અખંડીત સત્ય નીષ્ટાએ પુરા પ્રેમે કુળ-જ્ઞાતી વર્ણ ભાષા દેષાદી ભેદ વિના એક સરખા પણ વર્તમાન પબ્લી પુરૂષ પ્રધાન પદે ધારી મનાય છે. આદ પુરૂષથી અખંડીત સત્યાતાએ ત્રણે કાળમાં પ્રચરેલ પ્રણાલીકા સોળ કળાવાનને ભેદાભેદના ભવાડામાં પડયા વીના વેદાદી ખોળી એકજ સરખી રીતે જુગ જુગના વ્રતના અનુસાર માનેલ પુજેલ ધારેલનેજ મનાય છે.

*

નિષ્કલંકી નારાયણની જય જય જય

*

સર્વ દેશના સતપંથી સંપ્રદાયના મુખીઓ ભગતો મુસાફરો જ્ઞાની જનો! સતપંથ શું ધર્મ છે. તે આપણને જાણવું જોઇએ. આદ નીરંજન નીરાકારને નીગુણને પ્રેમ પ્રગટ થતાં જગત રચવા ઇચ્છા થઇ જેથી પ્રથમ મનોવેર તીથી સુગુણ જગત રચવાનો નકસો કર્યો નીરગુણ પોતેજ નીરથી ખીર ખીરથી ફીણ ફીણથી ઈંડ ઈંડથી પંડ આ પંડના પુરૂષનું નામ આદ નારયણ, હવે નિરંજન નીરાકારે ખાસ પોતે આદ નારાયણ સાકર નામ ધરાવ્યું, નીર્ગુણ માંથી સર્ગુણ થયા, સર્ગુણ તે જ આદ નારાયણ નીરાકાર. નીરાકારમાંથી સાકર આદ નારાયણ થયા, આદ નારાયણને પ્રેમ પ્રગટતાં નીગુણમાંથી જે મનોવરતીથી સુગુણ જગતનો નકશો કરેલ તે સુગુણથીએ છે. પોતાના શરીરમાંથી ચાર દેવ ઉત્પન કર્યા.

(૧) મસ્તકથો મહાદેવ તમો ગુણી (૨) હૈયેથી વિષ્ણુ સતો ગુણી (૩) નાભીથી બ્રહ્મા રજો ગુણી (૪) જાંગ સ્થળેથી શક્તિ માયા ગુણી. આ ચાર દેવ આદ નારાયણના અંગમાંથી ઉત્પન થયા. ઉપરના નીરંજન નીરાકાર નીગુણથી સગુણ સાકાર, આદ નારાયણ, આદ નારાયણથી સાકાર ચાર દેવ ઉત્પન થયા. તેમાં આદ બ્રહ્માથી સર્વ પ્રકાશ થયો, તે સમયનો કાળ તથા પ્રકાશની

હકીકત. વેદોની ઉત્પન, સર્વે સતપંથી શાસ્ત્રોમાંના યજ્ઞ વીધી પુસ્તકની પ્રસ્તાવનાના પાને ૭ થી ૧૦ પાને ચારદેવની આયુષ્ય કાળની હકીગત સર્વે લખેલ છે, જેથી આ સ્થળે આપતો નથી. વેદોની ઉત્પતી પણ લખેલ છે. આયુષ્ય કાળ પણ લખેલ છે. તે સત્પંથના સદગોરોએજ વર્ણવેલ છે. બાકીતો આ જગતના કાળની ગણના જગતના દેવ, દાનવ ઋષિમુનિ, બ્રહ્મા, પીર પેગંબર, દેવી દેવતા, કોઇપણ સ્પષ્ટ કહીગયા નથી. હવે આદ નારાયણ તથા ચાર ચતુર દેવને પ્રેમ પ્રગટતાં, સાકાર જગત રચી દીધો તે જગતમાં રમતા રમતા છેવટના ચાર કલફમાં આવ્યા, તેમાં પેલા કલફ જાયલામાં રમીને બીજા ફાયલા કલફમાં આવ્યા, ફાયલા કલફમાં રમી રમી ત્રીજા અરજલા કલફમાં આવ્યા, આ કલફમાંના પાછળના ભાગમાં આ પૃથ્વીના રાજા અમરીષ ઘણા સત્યવાદી હોવાથી, અમરીષ રાજાને સત વિચાર સુજવાથી, દરેક દરેક મનુષ્ય ઉપર લખ ચોરાસી ફેરો છે એવું અમરીષ રાજાને સુજવાથી, અમરીષ રાજાએ વીચાર કર્યોને પોતાના વીચારમાં અમરીષ રાજાને સુજ્યું, કે મારે માથે લખ ચોરાસીનો બોજો છે. તેમાંથી આ મનુષ્ય દેહ મને મળેલો છે, તેથી મનુષ્ય દેહથીજ લખ ચોરાસી છુટવાની બારી છે, માટે હું પૃથ્વીનો રાજા છું જેથી વેદોક્ત યજ્ઞ કરી યજ્ઞમાં આદ નારાયણ તથા ચતુર દેવ તથા અન્ય તેત્રીશ કરોડ દેવને યજ્ઞમાં બોલાવીને આદ નારાયણ તથા ચારે દેવો પાસેથી મોક્ષા ગતીનો વર માંગીલઉં, જેથી લખ ચોરાસીથી મુગત થાઉં, આવા કારણના લીધે અમરીષ રાજાએ યજ્ઞ આરંભ્યો તેમાં સર્વે દેવો આદ નારાયણ તથા વિષ્ણુવ નારયણ તથા મહાદેવ તથા શકતી અનેબ્રહ્માજી વગેરેના કુટુંબોને બોલાવીને યજ્ઞ આરંભ્યો. યજ્ઞ વેદોકત વીધાનો હસ્તે સંપુર્ણ કરાવ્યા પછી ભોજન વેળા થવાથી શ્રી ભોજનની તઇયારીઓ થવા માંડી, તે વેળામાં બ્રહ્માજીના પુત્ર શંખાસુર ન હોવાથી રાજા અમરીષે સર્વ દેવને નમ્રતાથી કહ્યું, કે બ્રહ્માજીના પુત્ર સંખાસુર હજી પધાર્યા નથી, માટે આપણે બધાએ બ્રહ્માજીના માનની ખાતર વાટ જોવી જોઇએ, ત્યારે સર્વ દેવ તથા બ્રહ્માજીએ કહ્યું કે ભોજન વેળાને બહુજ મોડુ થાય છે. સર્વે દેવોનાં બાળકો ભુખ્યાં થયાં છે, એક અમારા પુત્ર શંખાસુરના કારણથી સર્વ દુઃખી થાય છે. માટે ભોજન સર્વને બેસાડી દેવા, અને શંખાસુર અમારા પુત્ર છે માટે એમો સમજાવશુ, આવા કારણથી અમરીષ રાજાએ ભોજન વેળા સરૂ કરી, સર્વ દેવ તથા દેવ કુટુંબો ભોજન જમી પરવારી પોત પોતાને આસણે ગયા પછી પતરાવાડી

પડી રહેલ ત્યારે શંખાસુર આવ્યા. શંખાસુર તમોગુણી અભેમાની હોવાથી અને હું બ્રહ્માજીનો પુત્ર હોવા છતાં મારૂ મહાન અપમાન થયું, અમરીષ રાજાએ મારૂં અપમાન કર્યું છે આવો શંખાસુરને વિચાર થવાથી શંખાસુરને ક્રોધ થયો. અને ક્રોધના લીધે શંખાસુરે અમરીષ રાજાને શ્રાપ દીધા, કે હે અમરીષ રાજા તેં આ યજ્ઞ લખ ચોરાસીથી છુટવાને મોક્ષ મેળવવાના કારણથીજ કરેલો છે, પણ હવે જા તને સો શ્રાપ આપુછું, કે મૃત્યુ લોકમાં સો વાર અવતાર લેજે ને સો વાર લખ ચોરાસી ભોગવજે, એવો શ્રાપ શંખાસુરે દીધો જેથી અમરીષ રાજા મહા સતવાદી હોવાથી મહા અફસોસમાં હણાઇ ગયો ને જેમ નીલા વૃક્ષને તૃપ બાળી નાખે છે તેમ ભષ્મ થાય છે એવી અમરીષ રાજાની સ્થીતી થઇ ગઈ. મુર્ચ્છા ગતમાં પડી ગયા થોડા સમય વિત્યા બાદ અમરીષ રાજાને ભાન આવવાથી એવો વિચાર સુજવાથી બ્રહ્માજીના આશણે જઈ, બ્રહ્માજીને અમરીષ રાજાએ કહ્યું કે હે બ્રહ્માજી મહા અફસોસની વાત થઈ છે, કે તમે મારૂં કહ્યું ન માન્યુ ને તમારા પુત્ર શંખાસુરે તો મને સો શ્રાપ દીધા છે, આ શું કહેવાય મોટાના ભરોંસાથી કામ થાય છે. આવી વાત અમરીષ રાજાની સાંભળીને તરતજ બ્રહ્માજી પોતાના દીકરા શંખાસુર પાસે ગયા ને શંખાસુરને કેહ્યું કે દીકરા તેં અમરીષ રાજાને શ્રાપ દીધો છે તે બહુ ખોટું કરેલ છે, અમરીષ રાજાનો જરાપણ દોષ નથી તું સો શ્રાપ પાછા ખેંચી લે તો પણ શંખાસુર બોલ્યો નહિં.

ત્યારે બ્રહ્માજીએ સહેજ ક્રોધ દ્રષ્ટીથી કહ્યું કે અમરીષ તો તારી વાટ જોતા હતા,પણ તને બહુ મોડું થવાથી અમે અમરીષને રજા આપી છે જેથી અમરીષે ભોજ સર્વને જમાડેલ છે. માટે મારા માનની ખાતર અમરીષને સોએ શ્રાપ માફ કર એટલે બ્રહ્માજીના માનની ખાતર શંખાસુર બોલ્યો કે, હે બ્રહ્માજી તમે મારા પિતાજી છો જેની ખાતર વીસ શ્રાપ મુક્ત કરૂં છુ, પણ એંસી શ્રાપ ભોગવશેજ જોજો હવે બોલશો તો બ્રહ્માજી તમારૂ માન નઈ રહે. આવા કારણથી બ્રહ્માજી વીચારમાં પડી ગયા. વીચાર સુજતાં જ બ્રહ્માજી વિષ્ણુવને આસણે ગયા,જઇને વિષ્ણુવને કહ્યું કે હે વિષ્ણુવ તમો મારા પુત્ર શંખાસુર પાસે જાવો, અને શંખાસુરે અમરીષ રાજાને સો શ્રાપ દીધા છે તેમાંથી વીસ માફ કરેલ છે, બાકી એંસી છે તે તમે માફ કરાવો. જરૂરથી કરાવશો આ અમરીષ એક પણ અવતાર ન ભોગવે તો ઠીક વિષ્ણુવ નારાયણ શંખવા પાસે ગયા ને કહ્યું કે શંખવા એંસી શ્રાપ મુક્ત કર, શંખાસુરે તો રીષમાં ને રીષમાં વીસ શ્રાપ વિષ્ણુવના માનને ખાતર મુકયા, પણ

સાઠ તો નજ મુકયા પછી વિષ્ણુવે પાછા મહાદેવ પાસે જઇને કહ્યું, કે તમો શંખવા પાસે જાઓ એટલે મહાદેવ પણ શંખવા પાસે ગયાને શંખવાને કહ્યું, કે હે શંખવા આમાં અમરીષ રાજાનો દોષ જરાપણ નથી ને તે જે સાઠ શ્રાપ છે તે માફ કર. એટલે મહાદેવના સ્વરૂપને જોઇને શંખવો દબાઈ ગયો. થોડી વાર પછી બોલ્યો કે આ તો તમો પેધા પડયા છો માટે તમારા માનની ખાતર વીશ શ્રાપ મુક્ત કરીશ. પણ ચાલીસ તો નહીં જ મુકું હવે બોલશો તો માપ નહી રહે. આવી વાત સાંભળીને મહાદેવ તો મહાન શક્તી પાસે ગયા. અને શક્તીને મહાદેવે કહ્યું કે શક્તીજી તમો આદ નારાયણના અર્ધાંગના છો માટે જાવો અને ચાલીસ શ્રાપ છે માફ કરાવી આવો પણ અમરીષ તો ન જ ભોગવે એવું કરશો. ત્યારે શક્તી શંખાસુર પાસે જઇને ઉભા રહ્યા. જેથી શંખવો શરમીંદો બની ગયો અને શક્તિએ કહ્યું કે શંખાસુર ભુંડા અમરીષને આવાશ્રાપ નહિ જે ને ચાલીસ શ્રાપ છે તે માફ કરીદે. શકિતની વાત સાંભળી ઘણો વીચારમાં પડી ગયો. થોડીવાર પછી બોલ્યો કે તમો બધાં પેધાં પડયાં છો માટે તમારા માનની ખાતર અને શકિત રૂપ હોવાથી વીસશ્રાપ મુકત કરીશ પણ જો જો હવે જો બોલશો તો માતાજી માન નહી રહે. આવી વાત શકિત સાંભળીને વીચારે પડી ગયાં ને બોલીશ તો બે અદબી થશે માટે આદ નારયણની પાસે જાઉં, એમને મોકલું તોજ અમરીષ રાજા શ્રાપથી છુટશે આવો વિચાર શકિતજી કરીને આદ નારાયણ પાસે ગયાં, નારયણ પાસે જઇ કહ્યું કે સ્વામી નાથ આદ નારાયણ તમો બ્રહ્માજીના પુત્ર શંખાસુર પાસે જાવો, અને શંખાસુરે અમરીષ રાજાને સો શ્રાપ દીધા છે તેમાંથી એંસી તો માફ થયા છે, પણ વીસ શ્રાપ બાકી છે તે તમો જરૂરથી માફ કરાવશો કારણકે આમાં અમરીષ રાજાનો જરા પણ વાંક નથી, અને અમરીષ રાજા આવા યજ્ઞ કરાવી અમરપદના કારણે વેદ આહુતીઓ કરાવી છે. ને અમરીષને તો અમર પદ મળવોજ જોઇએ, માટે તમે શંખવા પાસે જઈ ને માફ કરાવીને આવશો. શકિતની વાત સાંભળીને આદ નારયણ પોતેજ ચાલીને શંખાસુર પાસે જઇને ઉભા કે મોરથીજ શંખવો બોલ્યો, કે આતો બધા પેંધા પડયાં છો, મારા બાપને વીસ શ્રાપ મુકયા કે વિષ્ણુવ આવ્યા, વિષ્ણુવને વીસ શ્રાપ મુકયા કે મહાદેવ આવ્યા, મહાદેવ ને વીસ શ્રાપ મુકયા કે શકિત આવી ચડયાં, શકિતને વીસ શ્રાપ મુચા કે તમો આવ્યા, એંસી શ્રાપ માફ કર્યાં છે હવે તો ફકત વીસ શ્રાપ રહ્યા છે. હે નારાયણ પિતાજી હવે વીસ શ્રાપ તો અમરીષને ભોગવવા જ પડશે હવે બોલશો નહિ.

આવું બોલીને શંખવો બેસી રહ્યો. પછી આદ નારાયણે વિચાર કરીને કહ્યું કે હે શંખવા, બ્રહ્માજીનું માન રાખ્યું; વિષ્ણુનું માન રાખ્યું; મહાદેવનું માન રાખ્યું; શકિતનું માન રાખ્યું, હે શંખવા તે હિસાબે મારૂં કંઇ પણ માન રાખ. ત્યારે ગભરાઈને ક્રોધથી શંખવો બોલ્યો કે હે પ્રભુ ! પૃથ્વી આકાશમાં જાય અગરતો આકાશ પાતાળમાં જાય પણ વીસ શ્રાપતો અમરીષ ભોગવે. આવા વચન શંખાસુરના આદ નારાયણે સાંભળીને વિચાર કરીને કહ્યું કે હે શંખવા વીસ શ્રાપ મારા માનની ખાતર મુક? ત્યારે શંખવે કહ્યું કે અમરીષને માટે વીસ શ્રાપ ભોગવવાના છે માટે ફરીથી ન બોલશો. ત્યારે નારાયણને સહેજ શંખવા ઉપર ગુસ્સો આવવાથી બોલાયુ કે હે શંખવા, આ વીસ શ્રાપ છે તેમાંના દશ તો હું પોતે ભોગવીસ અને દસ શ્રાપ તો એજ તને દઉં છુ જે પોતેજ ભોગવજે, પણ અમરીષ રાજા તો એક શ્રાપ પણ નહિ ભોગવે, આ અમરીષ રાજાની ખાતર તારે ને મારે આ મૃત્યુ લોકમાં દશે અવતારે અમરીષની દયાની ખાતર આપણને બંનેને ભોગવવાના છે. આદ નારાયણ વાચ્યા "હે શંખસુર આ અમરીષ રાજાના દુઃખના કારણે આપણે બંનેને દુઃખ ભોગવાનું છે, અને અમરીષને આજેજ અમે અમરપદ આપીએ છીએ, તારા શ્રાપથી અમરીષને છુટા કરૂં છું, હે શંખાસુર આ અવતારની ખાતર તને પણ એટલું જ બળ આપુ છું, કે તું પોતેજ મારી સાથે યુદ્ધ કરીશ, હે શંખાસુર આ ત્રીજા અરજલા કલકનો હવે અંત આવ્યો છે. અને હવે ભવીષ્યમાં ચોથા કલકની રચના હવે રચાશે. હે શંખાસુર તમારા પિતા બ્રહ્માજી થકુ તને આ દુઃખ આપ્યું છે, માટે તું બ્રહ્માજીના ઓદરેથી ઉત્પન થયેલો છે છતાં તારા પિતા બ્રહ્માજીએ આ અમરીષ રાજાનું કામ ફતેહ કર્યું છે, અને તને સગા દીકરાને અપમાન કરાવેલું છે, માટે હવે તને પણ એવું બળ આપું છું જે તારા પિતા બ્રહ્માજીએ ચારે વેદના માલિક છે, ને તારા પિતાએ આ જગતની રચના કરીછે, ને તેમ વેદ રચના પણ કરી છે. જે વખતે બ્રહ્માજીએ વેદ રચના કરીછે અને વેદથી અજવાળું થયું છે. તારે તારા પિતાજીને એટલે કે બ્રહ્માજીને એવો અભિમાન થયો છે જે મારા થકી આ વેદ રચના થઈ છે, અને મારા થકી અંધકારમાંથી અજવાળું થયું છે, નારાયણનું ઘર આખુંય પ્રકાશ મારા થકી થયું છે. આવું અભિમાન બ્રહ્માજીને થયું છે તે માટે હવે એટલું બળ આપું છું જે હવે બ્રહ્માજીના વેદ વચન છે તે તું ચોરી કર ને લઇજા, માટે તારા બાપનું અભિમાન ઉતારી નાખ." આ નારાયણની વાત સાંભળીને શંખાસુરને એમના બાપ બ્રહ્માજી

ઉપર હળાહળ રીષ વાપરી ગઇ, કે આ નારાયણથી મોટું કોણ છે જેની મને ભલામણ કરે છે અને આવું બળ આપે છે. માટે ખરેખર મારા બાપે અમરીષ ની પક્ષ કરી છે પણ મારી પક્ષ કરી નથી. જેથી નારાણનું બળ લઈ મારા બાપનું માન ઉતારી નાખું તોજ હું શંખાયુર ખરો, અને હવે મને નારાયણનો હુકમ છે માટે આ વખતે બ્રહ્મા, વિષ્ણુવ, મહાદેવ અને શકિત, એ ચારે દેવનાં માન ઉતારી નાખું તોજ શંખાસુર ખરો કહેવાઉં.

આવા કારણને લઇને નારાયણે શંખાસુરને બળ આપેલું જેથી બ્રહ્માના વેદ શંખાસુર લઈ ગયો. અને જગતમાં અંધકાર થયો. બ્રહ્માના વેદ જવાથી બ્રહ્માજી બહુજ ઉદાસીમાં રહ્યા. અને બ્રહ્માને કંઇ પણ સુજતુ નથી અફસોસમાં બ્રહ્માજીએ વિષ્ણુને યાદ કર્યા એટલે વિષ્ણુ બ્રહ્માજી પાસે આવ્યા. બ્રહ્માજીને બહુજ ઉદાસીમાં જોઈ વિશ્વવે આવીને કહ્યું બ્રહ્માજી આ શું થયું ? અને વેદ કયાં ગયા અંધકાર કેમ થઈ ગયો ? બ્રહ્માજી ગભરાતા બોલ્યા કે વેદતો શંખાસુર લઇ ગયો. ત્યારે વિશ્વવે કહ્યું કે તમને કહ્યું હતું કે તમારા દીકરાનો ભરોંસો ન કરસો તો પણ તમે ભરોંસો કેમ કર્યો ? બ્રહ્માજી વિશ્વવને કહે છે કે મેં એમ જાણ્યું કે પુત્ર થઇને આવું નહી કરે પણ પુત્રે તો દગો દીધો. આવી વાત ચીત કરતાની સાથે મહાદેવ પણ આવ્યા, મહાદેવે બ્રહ્માને પુછયું તે પણ જે વિશ્વવને કહ્યું તેમજ મહાદેવને પણ કહ્યું. આવી વાત થતાં શકિત પણ આવ્યાં બ્રહ્માના દુખમાં સંભાળ લેવા ભેગા થયા. સર્વે ભેગા થઈને વિશ્વવને કહ્યું તમે નારાયણ પાસે જાવો અને વિશ્વવ નારાયણ પાસે આવી બોલ્યા કે હે પ્રભુ આદ નારાયણ બ્રહ્માજીને ત્યાં તો ચોરી થઇ ગઇ છે. અને બહુજ ઉદાસીમાં છે, વેદ ચારે શંખાસુર લઈ ગયો છે, આ જગતમાં અંધારૂ થઇ ગયું હવે બ્રહ્માજીની શી ગત થશે ? માટે અમો ચારે દેવના કર્તા પિતા તમો છો માટે બ્રહ્માજીની વાર કરો. ત્યારે નારાયણ કહે બ્રહ્માજી બહુજ બળવંતા હતા છતાં વેદ કેમ ગયા ? નારાયણ વાચા "હે વિશ્વવ બ્રહ્માજીએ ૐ કાર ભણવી વેદ રચના તથા જગત રચના કરતી વખતે એમેણે બ્રહ્માજીએ અભીમાન કરેલ હતું મારા જેવો બીજો કોઇ બળવાન નથી, અને નારાયણનું ધર આખુંયે બ્રહ્માંડ બ્રહ્માજીને થયું કે મેં કરેલ." એવા અભીમાનથી આ વેદ ગયા છે, માટે આદ નારાયણને કહેવા લાગા કે નારાયણ તમે ચારે મુરતના કર્તા છો, ચારે દેવના પિતાછો, તમારી ઇચ્છાથી અમે ચારે બધું કરી શકીયે છીએ તમારી ઇચ્છા ન હોય તો, અમારાથી કંઇ પણ ન થાય, માટે તમે નીગુણ રૂપે જગતનો નકશો કરેલ હશે તે

નકશો અમે સુગુણમાં કરેલ છે. માટે બ્રહ્માજીની ચીંત્ત લ્યો અને વેદ વીના જગત ચાલશે નહિ હે પ્રભુ! આવી વિશ્નવની નમ્રતા પૂર્વકની સ્તુતી ધ્યાનમાં લઇને આદ નારાયણે વિશ્નવ નારાયણ ઉપર પ્રેમ છલકાઇ આવવાથી વિશ્નવને આ વખતે એવું વરદાન આપી દીધું, કે હે વિશ્નવ નારાયણ તમોને આજે એવું વરદાન આપું છું, કે આપણે બંને સરખા અમે આદ નારાયણ તે તમે વિશ્નવ નારાયણ હવેથી આ કામે અરજલા કલફ પુરો થાય છે, અને હવે ભવિષ્યમાં ચોથા ખલીફા કલફની પધતી શરૂ થશે, તેમાં તમો વિશ્નવ નારાયણની પધતીયે પુજાશો અને આખાયે કલફમાં તમે દેવોનાં કામ કરશો, અને મારૂ બળ મારી સત્તા બધું આજથી તમને સોંપુ છું, માટે તમે કરશો તે થશે માટે અમરીષના દુઃખના કારણે જે વીસ શ્રાપ, વીસ અવતાર, અમરીષને ભોગવવાના હતા તેમાંથી દસ અવતાર મેં શંખવાને દીધા છે, અને તે પણ વરદાન આપેલ છે તે ચોથા કલફમાં દસ અવતારે રાક્ષસ થસે, અને મેં પણ દસ અવતાર લીધા છે તે અવતાર હવે આજથી તમને સોંપુછું અને તમે હવે ચોથા કલફની રચના કરો અને બ્રહ્માજીની સાય પણ કરો. અને શંખવો વેદ લઈ ગયો છે તેને પાછળ પડો, અને શંખવાને મારશોને વેદ લેશો એટલે જગતમાં પ્રભુ તરીકે તમો માનશો ને પુજાશો, માટે બ્રહ્માજીને પુરતો દીલાસો આપો અને વેદ વાળો અને બ્રહ્માજીને સોંપો, આવું આદ નારાયણનું બળ વરદાન લઈને વિશ્નવ નારાયણ બ્રહ્માજી પાસે આવીને પુરતી આશીષ દીલાસો દઇને બ્રહ્માજીને પુછયું કે હે બ્રહ્માજી દુષ્ટ શંખવો વેદ લઈને કઇ તરફ ગયો? માટે મારે વેદ વાળવા છે માટે તમે ચીંતા કરશો નહિ, નારાયણે મને ઓડર આપેલ છે જેથી મારે શંખવા પાછળ જવાનું છે. બ્રહ્માજી બોલ્યા કે હું સમાધીમાં હતો પણ દુષ્ટનો પડછાયો જોવામાં આવેલો. વેદ લઇને પગલું પાછું ભરી કુંભ નાળ તરફ નાઠો હોય એટલું જાણું છું. આ સમયનો કાળ પેલા ત્રણ કલફ પુરા થયા અને હવે ચોથા ખલીફા કલફની પધતી દોરાય છે. આ સંજોગોમાં વિશ્નવ નારાયણ ફરીથી આદ નારાયણ પાસે માગણી કરી છે, કે હે પ્રભુ ચોથા ખલીફા કલફમાં રાક્ષસો તથા પાપની વરધી ઘણીજ થશે, તે તમો તેમાં મોકલો છો તો એ શંખાસુરની સાથે છાસઠ કરોડ રાક્ષસો રહે છે. તેને પોચી વળવા જેવું બળ અમને તો ખાત્રી થાય તેવું બળ આપોતો આપનું નામ વધશે. વિશ્નવ નારાયની વાત ધ્યાનમાં લઇને આદ નારાયણે વચન દીધું, કે તમો બેફીકર રહેશો, હું પણ તમારી સાથેજ આવીશ, મે જે ઈંડમાં નીગુણ રૂપે મનોવરતીથી નકશો જગતનો કરેલ છે જેમાં

તમારી સાથેજ રેવાનું છે. તોતેર જુગની અટકળ કરેલી છે તેમાં ચોથા ખલીફા કલફની પધતી જે દોરી છે, તેમાં તમો વિશ્નવ તથા બ્રહ્માજી તથા શકતી આ ત્રણે દેવની એક સત્તા કરી છે, અને મહાદેવ એકલાની સત્તા શંખાસુરને સોંપી છે. માટે તમો ચીંતા ન કરશો. ત્રણ દેવની કળાની સાથે મારે પણ સાથેજ રહેવાનું છે. એવી વિશ્નવ નારાયણે બ્રહ્મા વિશ્નવ શક્તી મળી ત્રણે હાલામાં ભળી ત્રણેથી ઉપજે અંશ તે કાવે હરીનો વંશ આવી પધતી ઇડમાંથી દોરાયેલ છે. માટે તમે શંખવાની પાછળ પડો વેદ વાળો બ્રહ્માનો ઉદ્ધાર કરો. આવી પધતીથી વિશ્નવ નારાયણે તે કાળના સંજોગોમાં મનુ રૂષી ભગવાનના નામથી જગતમાં સાકાર મનુષ્ય દેહથી પ્રચરતા હતા. એજ મચ્છા અવતાર એ મનુ ઋષી વિશ્નવ નારાયણ, બ્રહ્મા કળા પ્રેમ ઋષી,શક્તીકળા દેવી ચંદ્રીકા તે વિશ્નવ નારાયણનાં અર્ધાંગના.તે માનધાતાની દીકરી આ ત્રણે કળાથી હરીવંશ. મનુ ઋષીને વેદ વાળવા જવાથી શંખવાની પાછળ પડવાથી નાસતા નાસતા છેવટ શંખવો સમુદ્રમાં પેઠો. તે વખતે મનુ ઋષીને જે નરાયણનું સોળ કળાનું બળ હતું તે સમુદ્રના પાણીના જીવ મચ્છને સોંપીને મચ્છને શંખવાની પાછળ મુકેલો છે. પછી મનુ ઋષીએ કહ્યું કે શંખવો નારાયણનું વચન લઇને વેદ લીધા છે તેને હણવો છે. મચ્છે કહ્યું તે માટે સમુદ્રમાં જઈ ને મારૂ શરીર વધારીશ, એટલે સમુદ્રનું પાણી આખી પૃથ્વીમાં ફરી વળશે પછી પાણી ઉંચુ ચડશે તે ધ્રુ મંડળે પહોંચશે. ત્યારે તમો કેમ કરશો ફરીથી મચ્છ કહે છે. જે વખતે પાણી ચડશે તે વખતે એક વાણ આવશે, તેમાં તમો એટલે મનુઋષી તથા તમારૂ કુટુંબ સર્વ બેસી જશો, આ હકીગત મનુઋષી મનુભગવાનની ભાખેલ મનુ સ્મૃતિમાં આ હકીગત છે માટે આ સ્થળે લેવાએલ આ ત્રણ દેવની કળા બ્રહ્મા વિષ્ણુવ શકિત મળી, ત્રણે હાલામાં ભળી ત્રણેથી ઉપજે અંસ તે હોય હરીનો વંશ. આ મનુઋષીના દીકરા મુનાઈત મુનાઇતના ઉગ્રસેન ઉગ્રસેનના અજુવત અજુવંતના બ્રહસ્પતી ઋષી, બ્રહસ્પતીના અસુમીત્ર ઋષી, અસુમીત્રના પ્રીકમઋષી, તેમનો વંશતો કુર્મ એજ કુમી ઋષી. જેવી રીતે કૃષ્ણ પરમાત્માએ દ્રુપતીના ચીડ દીલ્હીમાં પુર્યા ને પોતે દ્વારકામાં હતા તેવી રીતે આ કુમી ઋષી વિશ્નવ નારાયણનો અવતાર હતા, પરંતુ સમુદ્ર વલોવાના નાગના નેત્રાં; મેરૂ પર્વતના રવાયા; આવા કામના લીધે કુર્મ એટલે કુમી ઋષીને કાચબા સ્વરૂપને કામ કરાવ્યું. કુમી ઋષી એજ વિશ્નવ નારાયણ,બ્રહ્માતો પ્રીકમ ઋષી શક્તી દેવી બેચરાજી આ પ્રીકમ ઋષી શકતી દેવી બેચરાજી આ ત્રણ કળાએ હરીવંશ થયો હવે કુમી ઋષીના દીકરા

વસરતના દકાઇત, દકાઇતના કાતમ રૂષી કાતમ રૂષીના પ્રજાપત રૂષી.

પ્રજાઇતના દાઢમરૂષીના વંશતો શ્રી વાઘેશ્વરરૂષી એજ વ્યારાહ અવતાર આ વખતે પણ રાક્ષસ મોરવોધ્વજ આકાશમાં ભમી જતો હોવાથી વાઘેશ્વરરૂષીને સુવરના સ્વરૂપથી આખુયે બ્રહ્માડ મુખમાં લઈ મોરધ્વજ દાણવને મારેલ છે. શ્રી વાઘેશ્વર રૂષી એજ વિશ્વવ નારાયણનો અવતાર અને બ્રહ્માની કળા દાડમ રૂષી શકિતદેવી સોમૈયા આ ત્રણે કળા મિશ્રથી હરિવંશ થયો, વાઘેશ્વર રૂષીના દીકરી દેહર, દેહરના રૂપક, રૂપકના ઋષી કેશવ, કેશવના ઋષી નશકશીપત, નશકશીપતના ઋષી ગૌમત, ગૌમતના ઋષી અમરીખ વંશ તો શ્રી નરસિંહ એજ શ્રી નરહરઋષી વિશ્વવનો અવતાર શકિતતો તુલજાભવાની બ્રહ્માનો અમર તેજ આ ત્રણ કળાથી હરીવંશ થયો, આ ઉપરના ચાર અવતાર આર્ય વર્ણમાં થયા છે. અને અનાર્ય રાક્ષસી માયા,અને આર્યને અનાર્ય એ બે વર્ણ,આર્ય વર્ણનો વેદના આધારે ખોરાક જેથી ઋષી મુનિ થયા.હવે હરિવંશ આર્ય વર્ણમાંથી બ્રહ્માણની વર્ણમાં ગયા આવર્ણ પલટો હરિવંશનો થાય છે. તે ગુરૂબોધ તથા બ્રહ્મકપાના બળથી બ્રાહ્મણ વર્ણ ઉભી થઇ છે, ઉપરના ચાર અવતાર કર્તા યુગના છે. તે વર્ષ સત્તર લાખ અઠા-વીસ હજાર પેલા મનુરૂષી એજ મનુ ભગવાને રૂખમાગત ભગતને તાર્યા શંખા-સુર દાણવને માર્યો એ હરિએ વંશે મનુ ભગવાનના ચાર લાખ બત્રીસ હજાર વર્ષ પૂજાયા, હરીવંશ ઉપર લખેલ છે બીજા કુર્મી ઋષી એજ કુરમ અવતાર તે પણ ચાર લાખ બત્રીસ હજાર હરિવંશ પેઢી નામે પૂજાયા અને ધ્રુવ ભગતને તાર્યા મધુકંટક દાણવને માર્યા ત્રીજા વાઘેશ્વર ઋષી એજ વ્યારહ અવતાર હરીવંશે પેઢી નામે ચારલાખ બત્રીસ હજારવર્ષ પૂજાયા, અમરીષ ભગતને તાર્યા મારધ્વજ દાણવને માર્યો ચોથા નરહર ઋષી એજ નરસિંહ અવતાર ચાર લાખ બત્રીસ હજાર વર્ષ હરીવંશ પેઢી નામે પૂજાયા, અને પ્રહલાદ ભગતને તાર્યા રણાકષ રાક્ષસને માર્યો, અને રધુવેદની રમત પુરી થઈ.બ્રહ્મા વિશ્વવ શકિત આ ત્રણ કળાએ નરહર રૂષીના દીકરા મુનાઇત તે બ્રાહ્મણ વર્ણ થયા છે. મુનાઇતના વંશવઢણના વીર લોચન, વીરલોચનના કશ્યપ રૂષી, કશ્યપ રૂષીના વંશતો શ્રી વામન ભગવાન બ્રાહ્મણ વર્ણ છે, હરીવંશે રમતા રમતા ચાર લાખ બત્રીશ હજાર વર્ષ શ્રી વામન ભગવાનના સમય કાળમાં રાક્ષસ બળી રાજા પૃથ્વીનો રાજા હતો તે વામન અવતાર વાંચવાથી બધી સમજ પડશે, તે બળી રાજાએ શ્રી વામન ભગવાનને તથા તેના હરિવંશને ન ઓળખવાથી ને વામન વિશ્વવ અવતારનો કાયદો વેદનો

ન માનવાથી, શ્રી વામન ભગવાને બળી રાજાને પાતાળે ચાંપ્યો અને કમળ ધ્વજ ભગતને ઓધાર્યોને વળી આ હરિવંશ આગળ ચાલ્યો. શ્રી વામન વિશ્નવ, શકતી તો કોકીલા દેવી, બ્રહ્મા તો સહજાનંદ આ ત્રણ કાળથી હરીવંશ શ્રી વામન ભગવાનના દીકરા માનધાતા માનધાતાના પૃથ્વીજ્ય, પૃથ્વીજયના અસરત અસરના જમદગ્ની જમદગ્નીના વંશતો શ્રી ફરશુરામ. ફરશુરામ વિશ્નવ ભગવાનના-સમય કાળમાં રાક્ષસતો સેહસ્ત્રા અર્જુન પૃથ્વીનો રાજા હોવાથી ઘણો બળવાન અભિમાની હતો જેથી ફરશુરામની વિશ્નવ અવતારની વેદ આજ્ઞા ન માનતો જેથી ફરશુરામને તે સમય કાળમાં એકવીસવાર પૃથ્વી નક્ષત્રી કરવી પડી હતી. અને સહત્રા અર્જુનને લોહ પીંજરમાં ઘાલીને માર્યો છે. તે ફરશુરામ અવતાર વાંચવાથી બધી માહીતી મળશે. પછી સેહત્રા અર્જુનને મારીને ભગત કમળા પતીને તારી ભલે અવતર્યા જુગો જુગે દેવ મોરારી. હવે ફરશુરામને વર્ણ પલટો બ્રાહ્મણના વર્ણથી હરીવંશે રમી લીધું છે અને હરીવંશને રઘુકુળમાં જવાનું છે જેથી ફરશુરામે સુર્ય પાસેથી મંત્ર લઈને સુરજ દેવનું સ્મરણ કરી સુરજ વંશનો દીકરો બનાવી તે સુર્ય વંશના દીકરાનું નામ રઘુરાજા દીધું જેમ દુર્વાષા રૂષીના મંત્રથી પાંચ પાંડવ થયા હતા. તેમ ફરશુરામ સુર્યવંશના દીકરાને રઘુરાજા નામથી ઓળખાવી ફરસુરામ પોતાનો ચેલો બનાવી પોતે ગુરૂ થયા. ફરસુરામ વિષ્ણુવ કળા બ્રહ્મા જનક દેવ, શક્તી દેવી માતા કાલીકા ભવાની, આ ત્રણ કળા ફરસુરામમાં હતી તે ચેલા રઘુરાજાને સોંપી આદ નારાયણની કળા ગુરૂબોધથી સુર્યવંશી રઘુરાજામાં ગઇ એટલે ફરસુરામના દીકરા રઘુરાજા થયા. આ બ્રાહ્મણમાંથી નારયણની કળા રઘુવંશમાં આવી આવા ધર્મના ભેદ હરીવંશના ભેદવીના બીજાને ન મળે જેના ઉપર હરિવંશની કૃપા ઉતરી હશે હરીવંશની આશીર્વાદ જેણે મેળવી હશે તેનેજ આવા ભેદ મળશે. ફરસુરામ વિશ્નવ ભગવાનના દીકરા રઘુરાજા રઘુરાજાના નઘુરાજા નઘુરાજાના હયાતી, હયાતીના કેવળીકના અજેપાળ અજેપાળના દશરથ, દશરથ રાજાના વંશતો શ્રી રામ વિશ્નવ નારાયણનો અવતાર, હવે શ્રી રામના સમય કાળમાં પૃથ્વીનો ચક્રવતી રાજા રાવણ હતો ઘણો અભીમાની અહંકારી, શ્રી રામ વિશ્ન નારાયણના વેદ કાર્યને ન માનતો ખોરાક ખોટો જેથી રામની અદેખાઇએ રામના રઘુકુળ હરીવંશની શત્રુતા ખારવેર રાખતો તે રાવણનો પાપનો ઘડો ભરાવાથી સીતા હરણ કરેલ, જેથી શ્રી રામે વાંદર સેના મેળવી સમુદ્ર પાળ બાંધી રાવણનો નાશ કર્યો, તે રામની કથા રામ અવતાર વાંચવાથી બધી

૨૫.૧૨.૨૧ ૨૫.૧૨.૨૧ નિયમ

માહીતી મળશે. રાવણ મારી, ભગત હરીચંદ્રને તારી, ભલે અવતર્યા જુગો જુગે દેવ મોરારી. શ્રી રામ વિશ્વવ ભગવાનને‌ા અવતાર અને બ્રહ્મા વસિષ્ઠ મુની, શતી દેવી સીતા આ ત્રણે કળા મિશ્ર શ્રીરામ વિશ્વવના દીકરા લવ રાજાના પદ્મ છે પદ્મના પરીક્ષત, પરીક્ષતના વીરપાળ,ના વાસુદેવ વાસુદેવના વંશતો શ્રી કૃષ્ણ આપણ, સુર્યવંશથી ચંદ્રવંશ જેવી રીતે રઘુરાજા સુર્યવંશી થયા તેવીજ રીતે રામના વંશમાં જદુરાજા થયા, જેથી કરીને ચંદ્રવંશ પણ કહેવાયે અને જદુવંશ પણ કહેવાય, કૃષ્ણ હરીવંશે શ્રી નારાયણનું બળ કૃષ્ણ ભગવાન થયા. કૃષ્ણના સમય કાળમા પૃથ્વીને‌ા રાજવી કંશાસુર મથુરાવાસી ઘણો અભીમાની કાળક્રોધી માદક અહારી હોવાથી કૃષ્ણ વિશ્વવના વેદ ધર્મનિ નંદા કરનારો કૃષ્ણ ભગવાનની બધી હકીગત કૃષ્ણ અવતાર વાંચવાથી માહીતી મળશે. ટુંકમાં કંશાસુરે વેદ ધર્મ ને ભુંસાડવાથી કૃષ્ણે કંશને માર્યો ને ભગતવીદુરને તાર્યા. શ્રી કૃષ્ણ વિશ્વવનીકળા, બ્રહ્મા રૂકમ રાજા,વીદંમવ્યાસની ગાદીએ.શક્તી દેવી રૂક્ષમણી,રૂક્ષમણી રૂકમ રાજાની દીકરી આ ત્રણે કળા મિક્ષથી શ્રી કૃષ્ણના હીકરા પ્રદુમનના શીવસ્થાન અનીરૂધ શીષ સ્થાનના બુધસ્થાન, બુધસ્થાનના વેણીવચ્છરાજ, વેણીવચ્છરાજના સીંહ-રાજ, સીંહરાજના વંશતો શ્રી બુધા ભગવાન, આ ઉપરનો હરીવંશ શ્રી કૃષ્ણના પ્રદુમનના અનીરૂધને દ્વારકામાંથી ઓખા હરણથી અનીરૂધ હરીવંશની કળા મીસર દેશની ભોમીમાં બાણાસુરની રાજધાનીમાં હરીવંશ જવાથી નારણની કળા મીસર દેશમાં ગઇ, આ હીંદ ભોમી નારાયણની કળા વગરની થઇ જેથી કૃષ્ણ કુળ જાદવ કુળને‌ા નાશ થયો અને કૃષ્ણ ચંદ્રવંશે હરિવંશે મીસરમાં ગયો આની વિશેષ માહીતી ઓખાહરણ આખ્યાનમાંથી મળશે. હરીવંશે મીસર દેશમાં ઘણાં વર્ષ ભોગવી એ વંશમાં શ્રી બુદ્ધા અવતારની હકીગત નવમો બુદ્ધા અવ-તાર વાંચવાથી બધી માહીતી મળશે.

શ્રી બુધા વિશ્વવની માતા દેવી રેણુંકા, પિતાતો સિંહરાજ, શકિતતો હરસદ, ગોરતો હંસરાજ, આ ત્રણ કાથી હરીવંશ મીસર દેશ છોડીને અરબસ્તાન મકલેશ્વર ગયો મકલેશ્વર કેમ ગયો અને કોણ ગયો એ સર્વે હકીકત શ્રી નીષ્કલંકી નારાયણની ભાળ નામની બુકમાં તમામ હકીકત લખેલી છે જેથી આ સ્થળે લખાયું નથી. હરીવંશ મકલેશ્વરમાં આદમ તથા હવાના કુળ વંશ પલ્ટો અને વર્ણ પલ્ટો કરી શ્રી બુદ્ધા બગવાન વિશ્વવ હરીવંશ ચાલતો ચાલતો અરબસ્તાન મકલેશ્વરમાં ગયો. આ હરીવંશ શ્રી અલ્લી નીષ્કલંકી નારાયણ ઉપર આવ્યો શ્રી વિશ્વવ આ હરીવંશે જે જદુકુળથી યવન કુળ થયો હરીવંશે મીસર દેષની ભુમીમાં

કુરેશ કુળ થયો આ કુરેસ કુળ મકક્ષેશ્વરમાં હરીવંશે અક્ષી નીષ્કલંકી દશમો અવતાર થયો છે. અહીંથી ભાષા બદલવાથી મીસરી ભાષા થઇ મીસરી ભાષા બદલી અરબી ભાષા થઇ છે હરીવંશને અરબી ભાષામાં અલીની આલ અમર જાણો એવા નામથી ઓળખાય છે, શ્રી અલી સાહેબ વિશ્વવની કળા બ્રહ્માજી નબી મહંમદ અને શકિત દેવી બીબી ફાતમા, આ ત્રણ કળાથી હરી-વંશ થયો છે. તેને ભાષા ફેરથી અક્ષીની આલ એમ કહે છે. આ હરીવંશથી અક્ષીની આલ ઇરાન દેશમાં અલમોહદગઢ આવી અલમોદગઢથી પંજાબ દેશમાં આવી, પંજાબ દેશથી અલીની આલ હરીવંશે પેઢી નામે રમતાં રમતાં હીમપુર પીરાણા હરીવંશ અલી આલની ઇમામની આલ પણ કહેવાય છે.તે પીરાણામાં આવી, પ્રથમ ઇમામશાહ હરીવંશ ત્રણે દેવની કળા અલીની આલ અમર છે આ કળા લઇને આવ્યા છે. આગળના જુગના આઠ અવતારના શાસ્ત્રો પુરાણો શાખ આપે છે. જે કળીયુગના પાછળના ભાગમાં આદ નારયણ પોતે પાધારશે તે પુરાણોથી જાણવાનું મળે છે. જે રેવા ઉતરે સોળ સોળ જોજને સાબર ત્રષ્ટે વીરાટ વામે નવ થળે કુવારીકા ક્ષેત્ર નીષ્કલંકી નારાયણ પધારશે તે સિવાય રામાયણે, કાગ ભૂસંડી તથા ગરૂડજીના સંવાદથી ઘણું જાણવાનું મળે છે. તે આ હરીવંશે અલીની આલે પધાર્યા છે. ઇમામશાહ ચતુર મુખી બ્રહ્મા,નર અલી મહંમદ-શાહ વિષ્ણુવ નારયણનો અવતાર, નરઅલી મહંમદશાહના ઘરમાં શકિતદેવી મહાકાળી પાવાગઢની પટરાણી તે અમદાવાદના મહંમદ સુલતાનની દીકરી થઇને અવતર્યા તેના ગરબાઓ તથા રાસ મંડળો ઘેર ઘેર ગવાય છે. તેથી વધારે માહિતી આપી નથી. આ ત્રણે દેવની કળાથી હરીવંશ ઇમામશાહના દિકરા નર અલી મહંમદ શાહના દીકરા શાહબોદિન સાહેબ, તેના જલાલશાહ સાહેબ તેના દિકરા મુરતુજાશાહ સાહેબ તેના દીકરા અશાફરશાહ બાવા ઔરંગઝેબ બાદશાહ ના વખતે દિલ્હીમાં તવે ચઢેલા અને હરીવંશનો પુરાવો ત્રણે દેવની કળાનો પરછો પુરેપુરો બતાવ્યો હતો, તેમનો વંશ હાલ કાયમ છે. હરીવંશી અલીની આલ અમર તથા ઇમામની આલ આકળી રમી રહી છે. તેમની સેવા એનું નામ સતપંથ સનાતન, શાસ્ત્રની વેદક્રીયા પાળવાથી અહીંસા ધર્મ સતપંથ ધર્મ મનાય છે. આ ત્રણ દેવની કળા સહીત હાજર જામે હાલમાં પબ્લીકમા રમી રહેલા છે. પણ આપણે તો આંખ સહીત આંધળા છીએ જેથી જોઈ ઓળખી શકતા નથી. આ હરીવંશી પુરૂષ શાસ્ત્રો ભાંખી ભાંખી પોકારી

પોકારીને આખા જગતને કહી સંભળાવી રહ્યા છે, પણ આપણે કાન સહીત પણ બેરીયા સાંભળી સકતા નથી. સાથે સાથે ભવીષ્ય પણ ભાંખ્યું છે. વિશ્નવની ચાલીસ પેઢીએ બ્રહ્માની સતોતેર પેઢીએ અમો જાહેરમાં આવસું.તેમાં બ્રહ્માની પેઢી કેટલી ગઇ, કેટલી બાકી છે? તેવી વિશ્નવ પેઢી પણ કેટલી ગઇ કેટલી બાકી? કેટલા અવતાર રહ્યા એ ભુત ભવિષ્ય અને વર્તમાન પુરતુ આગળથી ભાંખેલું છે તે પેઢી નામે રમી રહ્યા છે, તે પેઢી પુરી થાય કે નીષ્કલંકી રૂપે પ્રગટ થશું આવું ભવીષ્ય ભાંખતા જાય છે છતાં આપણે સતપંથીયો ને સુજતુ નથી. આ હરીવંશ તો આ સૃષ્ટીની ઉત્પતીની સાથે જ જગતમાં રમવા માંડયું છે, તે કર્તા જુગમાં ચાર અવતારે હરીવંશે પેઢી નામે રમ્યા છે, ચોવીસ તીર્થ પૂજાય છે. ત્રેર્તા જુગમાં ત્રણ અવતાર હરીવંશે પેઢી નામે રમ્યા છે. અઢાર તીરથ પુજાણ્યાં છે. દ્વાપર જુગમાં હરિવંશે પેઢી નામે રમ્યા છે. ચૌદ તીરથ પુજાણ્યાં છે ને આજ વર્તમાન કળયુગમાં શ્રી નીષ્કલંકી અવતાર ચાર લાખ બત્રીસ હજાર હરિવંશે પેઢી નામે આદમથી કરી પીરાણા મુકામે અલીની આલ નામેથી ઇમામશાહની આલથી આજ રમી રહ્યા છે. તે હરીવંશની સાથે નીરંજન નીરાકાર પણ સાથે સાથે છે. હરીવંશે આદ નારાયણ પણ સાથે સાથે હરીવંશે ત્રણે દેવની કળા પણ સાથે ફકત મહાદેવ તથા શંખવો એ બંને કળા નોખી સામી રમતની છે. તે તમો ગુણી છે. તે શંખવાને જુદા લઈને જુદા પડેલ છે. સામા નારાયણને સામા લડતા આવે છે. જગતના રાજ્યમાં દીવાની કોર્ટ શું કામ કરે છે ને એજ રાજમાં ફોજદારી કોર્ટ શું કામ કરે છે, ને પાછા એકના એકજ છે, એવી જ રીતે આદ નારાયણ તથા વિશ્નવ તથા બ્રહ્મા શું કામ કરે છે. અને મહાદેવ તથા શંખાસુર શું કામ કરે છે તે જાણી લેવું. જે રાજ સભા તેજ દેવ સભા આ નીતીથી પ્રભુ રમતા થાય છે. સતપંથી ભાઇઓને વિનંતી પૂર્વક નમૃતા પૂર્વક વિનવીને બંને કર જોડીને કહું છું જે નીચે તમામ હકીકત જરૂરથી વાંચશો. (રાગ ભરથરી) (૧) કરગરી કરૂ અરજી, અરજી સુણો દીનાનાથજી, દુખ દાવાનળ આવીયું છોડાવો છોગાળા નાથજી. (૨) થાય ધાર્યું તુજ તણું, દેખી દીન ગભરાયેજી, જ્ઞાન નહિ કળ બળનું એથી અંગ અફળાયેજી. (૩) કાચી માટીનું ખોળીયું સ્વામી તાપ ન સહેવાયજી, કાંટે ઘાલી તન તોળીયું સ્વામી સેવક કહેવાયજી. (૪) ન્યાય કરશો તો વિઠલા. અમ આરો નહી કોઈજી, માફી માગુ મારા મીઠડા પત બનાની હોયેજી. (૫) કળીયે કાળુ વરતા વાયું, કરે અધર્મનાં કામજી, જુલમી

જુગમાં જો કળીયુગ લીલા અનંત અપારજી. (૬) ગુણ અગણીત તુ ભર્યો, અવગુણ લવલેચ નહિજી, અવગુણ મમ આપ પરહરો, જાવુ બીજે હવે કાંયેજી (૭) ધર્મ મારગ તો રૂંધીયો, પામ્યા પરપંચ પાંખડજી, દામ માયામાં ખુંદીયો માયા ખીલે પડયા પંડજી, (૮) લાઇ સુતક ગણે નહી. માણે દીનરાજી, પર્ગટ હરીવંશ પેખે નહી ન સુજે ધર્મની વાતજી. (૯) માદક આહાર મુકે નહિ ખાય ખર્ચે અપારજી, ટેવ ટેવાઇ ચુકે નહિ, લાગ્યા અવળે પંથજી. (૧૦) લશણ ડુંગળીના દામ થી હીંગ તમાકુની તાણજી, મન ડગે નર નામથી નવ રૂચે વેદ વાણજી, (૧૧) કુટેવે ચડી કુટાય છે કરતી કુલ્લડાંનાં કામજી, પ્રતીત પ્રજાને પરહરે પેટ પામે ઠામો ઠામજી. (૧૨) સતપંથી સતપંથ ત્યાગી કરે મન ગમતા મેળજી, જ્ઞાન ધ્યાનથી ભાગીને ખેલે કુલડાના ખેલ્લજી. (૧૩) નરજી હવે તો નિહારજો અતી થયો અધર્મજી ભુલેલ ભમતાને વાળેજો છોજી શરણા શરણજી. (૧૪) સતપંથ સર્વ વ્યાપી રહે પેખે રાય રંકને ભુપજી, નિષ્કલંક નામ જપી રહે યુગે જગત સહુ તુજ સ્વરૂપજી. (૧૫) કરજોડી ખાકી કરગરે અરજી સુણો સીરતાજજી, સતપંથ રગે રગે પ્રસરે રહે ત્રીલોક લાજજી.] માણસ અને ઢોર એવા વર્ગ કરી સૃષ્ટીમાં ઓળખાય છે. પરમાત્માએ જગતમાં ઉત્તમતા માણસોને આપેલી છે. મનુષ્ય તન લેવા દેવો પણ આશાવત છે. પરમાત્માએ સર્વેમાં મનુષ્ય દેહજ મોક્ષ કરાયેલ છે. એવો ઉલેખ શાસ્ત્રોમાં હોવાથી મનુષ્યજ શરીરની ઉત્તમતા વખણાયેલ્લ છે, ઢોરકે પશુ શરીરતો કનીષ્ઠ મધ્યમ છે. પશુ શરીર લખ ચોરાસીમાં સપટાવાનો જ એ ઘણી સ્પષ્ટ છે ને મનુષ્ય શરીર મોક્ષને દ્વાર નક્કી કરે છે મનુષ્ય શરીર સાથે મોક્ષ સંડોવાએલો છે. સરત એટલી કે મનુષ્ય પણાના ધર્મો તેના નીયમો સહીત પુરણ કરવાં જોઇએ વર્તમાન હરિવંશનો પુરૂષ ઓળખવો તેની મર્યાદા જાળવવી તેના વચન આધીન રહેવું જ જોઇએ એમ ન કરવાથી કંટાળેલો મનુષ્ય મોક્ષથી લાખો વર્ષના માર્ગથી છેટો પડી જાય છે, દરેક શરીરમાં આહાર નીંદ્રા ભય મૈથુન એક સરખાંજ હોય છે, એ ગુણોથી પશુકે મનુષ્ય ઓળખતાં નથી, મનુષ્યમાં જ્ઞાનસમજ વિશેષ પણે હોય છે જ્ઞાની જ મોક્ષનો અધીકારી છે. જ્ઞાનવાન માણસ મનુષ્ય શરીરને લાયક છે. મોક્ષને લાયક છે. જ્ઞાન પામવા સારૂ સદ પુરૂષનો સંગ સદ પુરૂષની ઓળખાણ સદ શાસ્ત્રનો અભ્યાસ છે. શાસ્ત્રનો અભ્યાસ પામવા પમાવવા માટે શાસ્ત્રોક્ત બોળો પ્રચાર માટે શાસ્ત્રો સરળને સસ્તાં થવાં જોઇએ, સારથની અગવડતા ટાળવા પ્રચાર પુષ્કળ થવા જોઇએ. દરેક દરેક સતપંથીએ ચીંતાવંત રહેવું જોઇએ. પુષ્કળ

પુસ્તકો શસ્તાં મળે તો શસ્તાં થવાથી નાના મોટા ગરીબ ગૃહસ્થને બાળ યુવન વૃધ બાઇ ભલે સર્વને સરખી રીતે શસ્તાં લઈ શકે વાંચી શકે, વાંચ્યા વિચાર્યાથી તેને વેવારમાં મુકવા પ્રયાસ કરવો પડે છે. શાસ્ત્રોની વીધી યુગત સમજેતેજ જ્ઞાન છે. બીજો માર્ગ જ્ઞાનના પ્રચારનો ઓળો અને કેળવણી આપવાના મંદીરો ઉભા થવા જેમાં નીર્દોષ બાળકો પણ કેળવણી પામે તે સાથે સદ શાસ્ત્રનો અભ્યાસ કરી શકે બાળપણથી જે જ્ઞાનના સંસ્કારો લાગેલા હોય છે તે કદી પણ ભુસાતા નથી દીવસે દીવસે વૃદ્ધી પામે છે ફળદ્રુપ થાય છે. ત્રીજો પ્રકાર જ્ઞાન પામવાનો લાયક ઉમરે પહોંચ્યા પછીના શસ્ત્રોકત અભ્યાસ પુરણ થયા પછી ધ્યાન આદીના પ્રકારનું જ્ઞાન પામવા સદ ચરીત્ર સાળી સદ પુરૂષની ખોળ કરી તેની સાથેથી જ્ઞાન ધુંડાર્થનું મેળવાય છે. એ જ્ઞાન આપનાર છે ધાર્મીક અપાયેલ છે. જ્ઞાન પામવાનો જે મંગળાચરણ છે તે એજ ધર્મના પુસ્તકોનું ખેતર વિશાળ કરો શાસ્ત્રોદીકનાં પુસ્તકો વીષે જે મહેનત કરી રહ્યા હોય તેમને મદદ કરવાના બે પ્રકાર છે એક તો નાણાં સબંધી મદદનો ફાળો ઉગરાણી કરાવી આપવાની અગર પોતે પોતાના પદરમાંથી ભેટ કે મદદ તરીકે આપવુ. બીજો પ્રકાર એવો છે કે જેઓએ પ્રગટ કરેલા પુસ્તકો ખપરાવી દેવા પોતે પણ પુસ્તકો લેવાં ગૃહસ્થ હશો તો જરૂર કરશો. એવા ધર્મ પુસ્તકો સામટા ખરીદીમાં લાણી ભેટ શસ્તાં મળે તેવી રીતે લાયકોને વેંચવાં. તેમ કરવાથી બેવડી મદદ થશે એક તો પુસ્તકો ખપી જવાથી ગ્રાહકોને નાણાંની છુટ થશે જેથી બીજા પુસ્તકો બહાર પાડવાનો ઉંમગ વધશે બીજુ પુસ્તકો લાયકને આપવાથી શાસ્ત્રનો સારો પ્રચાર થશે. એજ પ્રચારે મનુષ્યો જ્ઞાનવાન બનશે ધર્મની ઉનતી થશે એજ ધર્મ ચાવી છે. તે એજ છે. મનુષ્ય ઓળખવાનો એજ માર્ગ છે કે જે જ્ઞાનના પ્રચારની ચીવટ છે. તેજ કરી શકશે એવી શુભ ભાવનાનાં શરીરો જ મનુષ્યનાં છે. સાચા મનુષ્ય શરીર તેજ છે, સાચા છે તેને ધર્મ વરધી જ્ઞાન પ્રચાર ધર્મની ટેક નીતી પ્રેમની અભીલાષા છે, તેઓજ સાચા મનુષ્ય છે, જેઓને ધર્મની ચીંતા નથી ધર્મના નીયમોને ટેકો સાચવતાનથી ધર્મની કાળજી નથી ખાવા પીવાની પવીત્રતા જાળવી શકતા નથી. તે મનુષ્યના સાચા શરીર નથી પણ તે બનાવટી ખોળીયાં છે,એ શરીરો મનુષ્યનાં કહેવાનાં પણ ખરેખર પશુનાંજ છે, મનુષ્યયોનીમાં આવવાથી મનુષ્ય થઈ શકતો નથી. ગમે તે યોનીમાં ઓત્તમ કુળમાં હોય પણ ધર્મ નીમ ન પાળે તે પશુ જ છે. જેને મનુષ્ય ધર્મનું જ્ઞાન નથી, તે ચોખા ઢોર

પશુ છે. પશુઓ કદીપણુ મનુષ્ય ભેળાં રહેવાથી મનુષ્ય બની શકતાં નથી અને સહેવાસને સંગના અસરે કંઈ ભાન થાય છે, છતાં કદીએ પશુપણું મુકતા નથી આવાં પશુઓનો સંગ બોળો હોય તેને પોતાને પવીત્રતા કહેવી ઇચ્છતા હોય તો તે પશુ પણાની પરીક્ષા છે તે ઉપર મનુષ્ય કદી લોભાશે નહિ. પશુજ પશુનો સંગ કરશે સતપંથમાં અવશેક કરવાનું એજ છે સતપંથીયોમાં જ્ઞાનની અભીલાષા બળવંત થઈ છે, ધર્મ શાસ્ત્રો જોવાં ને વાંચવાં હંમેશાં સહેલ છે.ધર્મ ફંડનાં નાણાં ધાર્મીક કાર્યમાંજ વાપરવાં જોઇએ [જ્ઞાનીને અંધ શ્રદ્ધા ન હોય અજ્ઞાનમાં અંધ શ્રધા નભે છે પોલ અંધારામાં પોસાય છે. પોલ જ્ઞાનના પ્રકાશમાં નભે નહી નીમ ધર્મ સાચવવા પડે જેથી એશ આરામમાં ખામી પડે તે ભીત એ અજ્ઞાનીઓ સતપંથ સાહીત્યનું ખેતર સંકોચીત કરતા જાય છે. સતપંથી આલમ અંધશ્રધાના લીધે તેઓની શીકાર બનેલી હોવાથી પોતાનું સર્વ નાશ થયું તો પણ જોઇ શક્તા નથી. હાથે કરી પોતે પોતાનું નષ્ટ કરવા બેઠા છે તે દેખીતુ છે. એજ પશુ પણુ છે સતપંથમાં એવા પશુઓ શોભે નહી. વર્ણશંકરો અધર્મ કરવા મથન કરી રહ્યા છે પોતાના ધર્મમાં ઢોંગ ઘાલી પોતે ક્રીયા ભ્રષ્ટ બને બીજાને પણ બનાવી રહ્યા છે તેજ વર્ણશંકરો હોય છે.] સાચુ જ્ઞાન જેને ન રૂચે ત્યાં પવીત્રતા તો હોય જ નહી વિષ્ટાના ભોગી ભમરાને વિષ્ટાજ જોઇએ કોટી ઉપાયે ફુલ ઉપર નજ બેસે. ફુલનો ભમરો કોટી ઉપાયે વિષ્ટા ઉપર નહીજ બેસે. તેવી રીતે ખોટા ખોરાકીને સમજવા, ધર્મનાં નાણાં ઉઘરાવીને મોજ મજા કરતાં હશે ધર્મના રખવાળાના ટોળાં કરતા હશે પણ જ્ઞાન ખેતર વધારવામાં તો આડુજ બોલતા હશે. જ્ઞાન વધેતો એશ આરામ પડી ભાંગે ક્રીયા એક પણ નહી પાળતા હોય તે એતો લશણ, ડુગળી, હીંગ, અફીણાદી માદક પદાર્થો ખાતાને ખુંદતાજ હશે આવા આવા અન્ય અહા- રીઓને ધર્મનાં નાણાં કદી પણ ન આપવાં જોઇએ કારણકે પોતે ધર્મ ભ્રષ્ટ થયેલા છે ને આપણને પણ ધર્મ ભ્રષ્ટ કરશે એ આપણે ખચીત માની લેવું. સતપંથી વીરાઓ આપણે સતપંથનુ પ્રેમ હોય સત્ય વાલું હોય તો જરૂર જ્ઞાનની વરધી વધતી કરશો અને જ્ઞાન કાર્ય ઉપાડી લેશોને પવીત્ર કાર્યમાં તન મન ધનથી મદદ કરશો ને ક્રીયા ભષ્ટને તજી દઇને નવ ગજના નમસ્કાર કરશો. જો સતપંથી હશો તો જરૂર આટલું કરશો ખોટા ખોરાક તજશો. સતપંથના માલીક નીરંજન નીર્ગુણ તેજ આદ નારાયણ તેજ નારાયણે આ સૃષ્ટી ઉત્પન્ન કરી છે ત્યાંથી જ મનુષ્ય દેહે મનુષ્યની સાથે જુગો જુગે ને હરીવંશે મનુષ્યની સાથે મનુષ્ય શરીરથી

રમતા આવે છે. તે દશ અવતારને ચારે જુગે વંશ પલટા કુળ પલટા કરતા કરતા આજ કળયુગમાં નીષ્કળંકી નામે પધારેલા છે. તે આપણે ઉપર લખાઇ ગયુ છે આ પુરૂષને હરીવંશે ઇમામશાહની આલે આપણે મેળવશું તો આપણે સંત્પથી કહેવાસુ. નારાયણને ઓળખવો એજ સનાતન ધર્મ. નારાણની વેદક્રિયા પાળવી એજ અહિંસા ધર્મ છે. આ ઉપરના લેખના આભારી તો ખાકી સાહેબને જ છે ખાકી સાહેબના આશીર્વાદથી લી. સતપંથી સંપ્રદાયનો દાસુનો દાસ કાનજીભાઈ રતનાભાઈ.

બોલો શ્રી નિષ્કલં નારાયણની જય જય જય

આમા પાંચ નિયમ પાળવાની જરૂર છે. (૧) શરીર શુદ્ધીઃ–લઈ સુતક રજસ્વલાથી પવિત્ર રહેવું. (૨) હૃદય શુદ્ધીઃ–માદક આહારથી પવિત્રતા જાળવી રહેવું. (૩) વર્તદાનઃ–યુગના પ્રમાણે જુગના પુરૂષને ઓળખીને કરવું. (૪) સંધ્યાઃ–ચાર વખત જુગના સ્વામી વેદવાયકેથી કરવી. (૫) ધ્યેયઃ–એટલે શ્રી નિષ્કલંકી નારાયણના સ્વરૂપને ઓળખી ધ્યેય પુરૂષ માનવા હાલ એજ.

પ્રકાશકના બે બોલ

સત્પંથી સમાજ અને જ્ઞાનીજનો.

શ્રી આદ નારાયણે આ સૃષ્ટિની રચના કરી અને મનુષ્ય જાતીનું સર્જન કર્યું, અને સાથે સાથે પોતે પણ સાકારમાં આ જગતમાં હરિવંશ રચી તેમાં પોતે અવતાર લઇ વેદ વાણીના આધારે પોતાની કળા જગતમા કાયમ રાખી છે. વેદના આધારે ચાલવું, અને જે યુગમાં જે વેદ પ્રધાનપદે હોય તેને માનવું એજ સત્યનો રસ્તો છે. આમ સત્પંથ આદીકાળથી આ જગતમાં ચાલતો આવ્યો છે. ને તેથી જ તે સત્પંથ સનાતન ધર્મ કહેવાય છે. સત્પંથ આકાશવાણી (અપુરૂષ-વાણી) વેદ વાણીને મનાવે છે. સત્યનો જો પ્રકાશ મેળવવો હોય તો માદક આહાર તજીને નીચેના પાંચ નિયમો પાળવા જરૂરી છે. તે વીના સત્યનો પ્રકાશ દીલમાં પ્રવેશી શકશે નહિ, અને આત્માની શાન્તી મળી શકશે નહિ.

નીયમો:--(૧) શરીર શુદ્ધિ. (૨) હૃદય શુદ્ધિ. (૩) વર્ત, દાન. (૪) ઉપાસના. (૫) ધ્યેય. આ પાંચ નિયમોનો વિશેષ ખુલાશો કોઇપણ સત્પંથી પુસ્તકમાંથી મળશે. તે જોવો જરૂરી છે.

સૂર્ય પર ગમે તેટલી ધુળ ઉડાવો પણ તે ઝાંખો પડતો નથી, તેથી ગમે તેટલા આક્ષેપો કરો કે ગમે તેમ ધુળ ઉડાવો પણ સત્યને કોઇ આંચ આવતી નથી. સત્પંથ અનાદી કાળથી આ પૃથ્વી પર ચાલતો આવ્યો છે. ને પૃથ્વીના પ્રલયકાળ સુધી ચાલુ રહેશે.

પરંતુ સત્પંથી ભાઇઓને હંમેશા જાગતા રહેવાની ખાસ જરૂર છે. ભૂતકાળ તરફ નજર કરશો તો જણાશે કે એક ટોળું સત્પંથીમાંથી નીકળી જઇ સત્પંથ ઉપર ખોટા આક્ષેપો કરવા લાગ્યું હતું. તેઓએ ઘણી ટીકાઓ લખી છપાવી બહાર પાડી. મોટા મોટા પુસ્તકો લખ્યાં અને ઘણી ધુળ ઉડાડી પરંતુ આખરે તે બધી ધુળ કુદરતે તેમના ઉપર જ નાખી અને તેમના કેવા બુરા હાલ થયા તે તો દરેક જાણકાર જાણે છે. પરંતુ તે અ કુદરતી રસ્તો બતાવનારને અને કુદરને બતાવેલા રસ્તાથી વિમુખ જઇ તેનો સામનો કરનારાઓને કુદરતે પુરતી સજા આપી છે. અને સત્યનું કુદરતે રક્ષણ કર્યું છે. તે જગ જાહેર છે. માટ દરેક સત્પંથી અને જ્ઞાની જનોને સંપૂર્ણ કાળજીથી ધર્મના કાર્યમાં રસ લેવો જોઇએ અને પોતાનો ખોરાક સાચવવો જોઈએ કે જેથી બુદ્ધિ શુદ્ધ રહે.

નિષ્કલંકી નારાયણની જય.

લી૦ પ્રકાશક

કરણુ કલ્પની ટુંક સમજ

શ્રી નિષ્કલંકી નારાયણની સહાય હોજો.

શ્રી પરમકૃપાળુ પરમાત્મના નામથી આદરૂં છું.

અનંન્ત યુગ આગે વહિગયા, ત્યારે આપે હોતા સોહી. ॥ ૧ ॥ અને જમીન અસમાન ન હોતાં કોઇ, ત્યારે આપે હુતા સોહી. ॥ ૨ ॥ ધંધુકારમાં ધ્યાન ધરી આં, ત્યારે હેતે ઉપન્યા બ્રહ્મ જ્ઞાન. ॥ ૩ ॥ જ્ઞાની જ્ઞાન વિચારી જુએ આપ, નરભણે તે નીર્લંભ જાપ. ॥ ૪ ॥ જાપ જપંતા બહુયુગ ગયા, ત્યારે સત્તરલાખ કરણુ અવિચળ રહ્યા. ॥ ૫ ॥ અષ્ટ લાખ કરણુમાં આરંભજો કરી, તે મન્છા મનમાં ધરી. ॥ ૬ ॥ આપે આપ જ હુતા બ્રહ્મ, કર કમળમાં લીધું બંબ. ॥ ૭ ॥ સીત્તેર હજાર યુગ કર કમળમાં ગયા, ત્યારે એકે દ્રષ્ટે બ્રહ્મા રહ્યા. ॥ ૮ ॥ નિરંજને નિર્મળ ધ્યાન જો ધરી, સોહી બંબ નાંભે રાખ્યા હરિ. ॥ ૯ ॥ હસ્ત કમળની લીધી બાફ, અને અલખ નિરંજન આપ. ॥ ૧૦ ॥ પ્રથમ હુતા સર્વે ધંધુકાર, ત્યારે આદ નિરં-જન તે વિશ્વવ ઓધાર. ॥ ૧૧ ॥ આદે આદેહ રૂપે હુતા નિરંજન દેવ, અને સ્વામીજી તેના કોઇ ન જાણે ભેદ. ॥ ૧૨ ॥ આદ અહદ થકી ખકકયું નુર, તેના હુ આ બ્રહ્મા સત્યગોર. ॥ ૧૩ ॥ એ સત્યગોર બ્રહ્મા તે નિરંજન નુર, અને ત્યાં થકી બ્રહ્મલીલા નિપાઈ ભરપુર. ॥ ૧૪ ॥ છત્રીસ યુગ ચોરાસી ચોકડી એકે ધ્યાને રહ્યા, સોહીબંબ તો પરસોત્તમ થયા. ॥ ૧૫ ॥ જ્યારે મચ્છ નીરાલંભ આસન કર્યાં, ત્યારે બ્રહ્માજી નામજો ધર્યાં. ॥ ૧૬ ॥ ત્યારે કરજોડીને બ્રહ્માજી કહે, અને સ્વામી સુનકારમાં આપણે બે. ॥ ૧૭ ॥ તુંહી માતને તુંહી તાત, તુંહી નિરંજન નિરાકાર. ॥ ૧૮ ॥ સત્ય બોલો સ્વામી સાચું કહો, કોણે ઉપાયો અમારૂં રૂહ. ॥ ૧૯ ॥ ત્યારે નિરંજન બોલ્યા આપ, ત્યાં બ્રહ્માને આલ્યો તત્કાળી જાપ. ॥ ૨૦ ॥ જ્યારે ૐકારે

ઉપાયા વેદ, ત્યારે બ્રહ્માને આપ્યો મુક્તીનો ભેદ. ॥ ૨૧ ॥ સુણો બ્રહ્માજી શ્રવણ સુણી, વાત અનુપમ શું કહીએ ધણી. ॥ ૨૨ ॥ કુદરતી કરીઓ ખેલ, આપસ માંહેથી નીપાવી બેલ. ॥ ૨૩ ॥ જુક્તી કરો બ્રહ્માજી યુગમાં જઈ, સકળ વાત તે તમને કહી. ॥ ૨૪ ॥ ત્યાં કરજોડીને બ્રહ્માજી કહે, સ્વામી જુક્તી કરૂં તે અમર રહે. ॥ ૨૫ ॥ તો યુગમાં જઇને કરૂં જુગત, જો તમે જીવું ને આલો મુગત. ॥૨૬॥ ત્યારે નિરંજન બોલ્યા આપ, જે ભણસે યુગ વેલાનો જાપ. ॥ ૨૭ ॥ જે વેદ ક્રીયાની જાણશે પેર, તે આવશે આપણે ઘેર. ॥ ૨૮ ॥ વચન અમારાં માનો સહિ; જો જુગત કરો રે બ્રહ્માજી જુગમાં જઇ. ॥ ૨૯ ॥ ત્યારે અનંત બ્રહ્મ, નારાયણને નમ્યા શિષ, ત્યારે મુક્તીનો વિચાર કરતાં યુગ ગયા વિસ. ॥ ૩૦ ॥ ત્યારે હેતે બ્રહ્માએ ધરીયું ધ્યાન, ત્યારે પહેલાં રચ્યાં તે જમી આસમાન. ॥ ૩૧ ॥ પહેલે આસમાને ઉતર્યાં નુર, ત્યારે સર્જ્યાં ચંદાને સુર. ॥ ૩૨ ॥ બીજે આસમાનથી ઉતર્યાં કવન, તેના સર્જ્યાં પાણી ને પવન. ॥ ૩૩ ॥ ખટદર્શન ઉપાયા આપ, અલખ નિરંજન નિરાકાર. ॥ ૩૪ ॥ અનંત યુગ આગે વહિ ગયા, ત્યારે નિરંજન નિર્લંભે જો રહ્યા. ॥ ૩૫ ॥ તે નુરનબી મહંમદ થકી હુઆ સકળ મંડાણ, તેમાં સર્જ્યાં લખચોર્યાસી ખાણ. ॥૩૬॥ વાણીવેદ ને ખાણીચાર, રચના રચી તે સકળ સંસાર. ॥૩૭॥ પ્રથમ આઠ લાખ કરણ જો કર્યાં, તેમાં અવતાર બ્રહ્માજીએ તેર જો ધર્યાં. ॥ ૩૮ ॥ તે આઠ લાખ કરણ મધ્યે નબી ઈમાન બંદગીમાં રહ્યા, તેનાં જપ તપ થકી અનંન્ત કરોડી જીવ ઓધર્યાં. ॥ ૩૯ ॥ ઝાડ એક પ્રાગવડનાં પાન ઉપરે બેઠા શ્રી હરિ જહાં, તે યુગ ચાર હજાર ને યુગચારની નિંદ્રા ધરી ત્યાંહ. ॥ ૪૦ ॥ ત્યારે કલફ ચારનું માંડયું મંડાણ, તેમાં સોળ યુગ તો સર્જ્યાં પ્રમાણ. ॥ ૪૧ ॥ જ્યારે ચતુર્થ કલફની સંખ્યાધરી, ત્યારે બ્રહ્માજીએ સૃષ્ટી જો કરી. ॥ ૪૨ ॥.

જાયલા કલફનો આરંભ:—

જ્યારે ઋગવેદ બ્રહ્માજી ભણીયા સાર, ત્યારે રૂપ ધર્યાં નિરંજને ચાર. ॥ ૪૩ ॥ હવ કવ કેશવ પ્રેમ અપાર, ભક્ત ભણે તે નર આકાર. ॥ ૪૪ ॥ સોળ યુગની જ્યારે સંખ્યાધરી, ત્યારે ગોરે નામ ભણાવ્યા હરિ. ॥ ૪૫ ॥ જે કોઇ ભણીયા પ્રેમે જાપ, તે જીવી છુટયા આપોઆપ. ॥૪૬॥ જે જીવ છુટે તે દેવતા ભયા, જાંખા નવ્વાણું કરોડી સતેર રહ્યા. ॥ ૪૭ ॥ નવ્વાણું કરોડી જાંખા સત્યે રહ્યા, તે પૂરણ કલફ થયા ત્યારે અમરા પૂર ગયા. ॥ ૪૮ ॥ જ્યારે પાણીને ફર્માન જો થયાં, ત્યારે હુકમે પાણી

કરજોડી રહ્યાં. ॥ ૪૯ ॥ જ્યારે આસન વાળીને બેઠા બ્રહ્મ, ત્યારે પાણી ચઢયું તે ષટ ગગન. ॥ ૫૦ ॥ પાણી તો પરદખણા કરે, અને ચક્રવેગે પાણી ફરે. ॥ ૫૧ ॥ પાણી ચઢતે ગગન આકાશમાં ગયાં, તે જઇને ધ્રુવ મંડળે રહ્યાં. ॥ ૫૨ ॥ સત્ય પાતાળને એકવીશે બ્રહ્માંડ, પાણી ચઢયાં તે સકળ ભવન. ॥ ૫૩ ॥ પડે પંડીતને અમર રહો, બ્રહ્મા, વિષ્ણુ, માહેશ્વર સોય. ॥ ૫૪ ॥ પખાળી પૃથ્વીને કીધી પાક, ત્યારે ચતુર ગુણની રહી સાખ. ॥ ૫૫ ॥ સત્ દત ને ક્ષમા કરી, જે કોઈ સમરે શ્રીહરિ ॥ ૫૬ ॥ જુગતે જોગી મળીયા દેવ, અને બ્રહ્મા, વિષ્ણુને આપે અલેખ. ॥ ૫૭ ॥ પહેલો અવતાર જાંખાનો હતો જાણ, તે સૂર્ય જેવો પ્રમાણ. ॥ ૫૮ ॥ ત્યારે તે રૂપને દેખીને ધાયા જેહ, તે જીવ અમરાપુર માપ્યા તેહ. ॥ ૫૯ ॥ જાંખામાં સર્વે જીવ સિધ્યા જેહ, તેમાં બે જીવ નર્કે પોત્યા તેહ ॥૬૦॥ તમે સુણો રે મૂનિવર ભાઇ, નામ એક માલક બાઈ ॥૬૧॥ તે સુંદર રાજાની દીકરી જાણ, તે નર્કે પોતી નીર્વાણ ॥૬૨॥ ભક્ત સવદાસ રાજા સેનનો દિકરો જાણ, તે ગતની નિંદા કરતો તે નર્કે પડયો નિર્વાણ ॥૬૩॥ જે જીવ પોતાના સાહેબને ન ઓળખે જેહ, તે કેમ કરી પામે અમર પદ તેહ. ॥૬૪॥ ત્રણ મૂરતે વિચારી ધરીઉં ધ્યાન, ત્યારે ગોર બ્રહ્માને ચાલ્યું ફર્માન. ॥૬૫॥ તેડી બ્રહ્માને કહ્યું કીર્તાર, તેજ અમારૂં કરો વિસ્તાર. ॥૬૬॥ વચન હરિનાં મસ્તકે ધરી, હવે બીજા કલફ ની સૃષ્ટી જો કરી. ॥ ૬૭ ॥ (જાયલા કલ્પ સમાપ્ત) ફાયલા કલફનો આરંભ— જ્યારે ગોરે બ્રહ્માને આલ્યો પાઠ, ત્યારે અમર ભેદની દેખાડી વાટ. ॥૬૮॥ જ્યારે યજુ-વેંદના માતમ કર્યા, ત્રણ રૂપ ત્યાં વિષ્ણુએ ધર્યાં. ॥૬૯॥ હવે તવ, નાદ, ઉત્તરા, તે દર્શન જાણી ને ધાયા જેહ, અમ્મર ભેદ તો પામ્યા તેહ. ॥૭૦॥ ફાયલા કલફ પુરા થયા, ત્યારે છપ્પન કરોડી મેઘા અમરાપુર ગયા. ॥૭૧॥ જ્યારે બાર યુગનું વાળ્યું નામ, ત્યારે પાણી ચઢયાં તે ધ્રુઅસ્માન. ॥૭૨॥ પડો પંડીત ને અમર રહો, બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ્વર સોય. ॥૭૩॥ પખાળી પૃથ્વીને કીધી પાક, ત્યાં ચતુર ગુણની રહી સાખ. ॥૭૪॥ સત, દત, ને ક્ષમા કરી, જે કોઈ સમરે શ્રી હરિ. ॥૭૫॥ બીજા ફાયલા કલ્પની રચના સુણો મુનીવરભાઈ, અને સાહેબના અવતારની સહી. ॥૭૬॥ એવું રૂપ મેઘામાં સહિ, ત્યારે અવગતીઆ ન હતા કોઇ. ॥૭૭॥ જીવ ચાર અવગતે પોતા સહિ, તે તમે સુણો ઋષિવર ભાઇ. ॥૭૮॥ એક મૂખી હતા જે મોટા સિદ્ધ જાત, તે મુખીનું નામ તો પારસનાથ. ॥૭૯॥ સવદાસ નો દીકરો હતો જેહ, તથા બીજા અરજ મુની કહીએ તેહ. ॥ ૮૦ ॥ અને ત્રીજા

પંજા દેવી કહીએ તેહ, અને ચોથા માધવભાઇ લઇએ. ॥૮૧॥ એ ચાર જીવ મેઘા માંહેથી નર્કે પડયા જેહ, તમે સુણો મુનિવરભાઈ તેહ. ॥૮૨॥ જે ઋષિવર એવું રૂપ દેખીને ન ભૂલ્યા જેહ, અમ્મરફળ પામ્યા તેહ. ॥૮૩॥ વળી વિષ્ણુએ વિચારીને ધર્યું ધ્યાન, ત્યારે બ્રહ્માને આલ્યું ફર્માન. ॥૮૪॥ તેડી બ્રહ્માને કહ્યું કિર્તાર, તેજ અમારૂં કરો વિસ્તાર. ॥૮૫॥ વચન હરિનાં મસ્તકે ધરી, ત્રીજા કલફમાં બ્રહ્માજીએ સૃષ્ટી જો કરી. ॥૮૬॥ (ફાયલા કલફ સમાપ્ત) અર્જલા કલફનો આરંભ—જયારે ગોર બ્રહ્મા ને આલ્યો પાઠ, ત્યારે અમ્મર ભેદની દેખાડની વાટ. ॥૮૭॥ જયારે સામવેદના મહાત્મ કર્યાં, ત્યારે બે રૂપ તો વિષ્ણુએ ધર્યાં ॥૮૮॥ ધર્મ, તત્ત્વ, તે દર્શન જાણી ધાયા જેહ, અમ્મર ભેદ પામ્યા જેહ. ॥ ૮૯ ॥ અર્જલા કલફ સંપૂર્ણ થયા, ત્યારે બત્રીસ કરોડ કીન્નર તે અમારા પુર ગયા. ॥૯૦॥ જયારે આઠ યુગનું વાળ્યું નામ, ત્યારે પાણી ચઢયાં તે ધ્રુઅસ્માન. ॥૯૧॥ પડો પંડીત ને અમર રહો, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર સોય ॥૯૨॥ જયારે પખાળી પૃથ્વીને કીધી પાક, ત્યારે ચતુર ગુણની રહી સાખ. ॥૯૩॥ સત, દત, ને ક્ષમા, કરી, જે કોઇ સમરે શ્રી હરિ ॥૯૪॥ અરજલા કલફની રમત સુણો મુનિવરભાઈ, સાહેબ નું રૂપ બાળકનું હતું સહિ ॥૯૫॥ તેમાં કિન્નરે ઇમાન આણ્યું પુરૂં જાણ, અને તે પૂરીનો વર નિર્વાણ. ॥૯૬॥ તેમાં એક ગોવિંદ મુખી અવતાર પાત્ર હતા જેહ, તે સુણો મુનિવભાઈ તેહ. ॥૯૭। એ જાયલા ફાયલા, અર્જલા, સંપૂર્ણ જાણ, અને તેમાં જાંખા, મેઘા, કીન્નર છુટયા નિર્વાણ. ॥૯૮॥ એ ત્રણ કલફમાં સોળ અવતાર હરિનાં જાણ, ત્યાં વિષ્ણુના સોળ પગલાં પૂજાયા પરમાણ ॥૯૯॥ ત્યાં દસ રૂપ બ્રહ્મદજીનાં વર્ત્યા જાણ, તેણે નર જામાનાં કર્યાં વખાણ ॥ ૧૦૦ ॥ તે કલફ ત્રણમાં આગમ રૂપ હરિનાં જાણ, અને તેણે ચોથા અલફા કલફનાં માંડયાં મંડાણ. ॥૧૦૧॥

(અર્જલા કલફ સંપૂર્ણ)

(ખલીફા કલફનો આરંભ)

મચ્છા અવતાર

॥ પહેલો અવતાર ॥

વળતાં વિષ્ણુએ વિચારીને ધર્યું ધ્યાન, ત્યારે ગોર બ્રહ્માને ચાલ્યું ફર્માન. ॥૧૦૨॥ ત્યારે બ્રહ્મા, ને કહ્યું કિર્તાર, તેજ અમારૂં કરો વિસ્તાર ॥૧૦૩॥ વચન શ્રી હરિનાં મસ્તકે ધરી, ને વળતાં બ્રહ્માજી બોલ્યા ફરી. ॥૧૦૪॥ સ્વામી અમે યુગમાં જઇને કરીશું વાણ, જો કુળ ઓધારો ચારે ખાણ. ॥૧૦૫॥ વળતાં બ્રહ્મા પ્રત્યે બોલ્યા શ્રી હરિ, અમે આવીશું રૂપ અગોચર ધરી. ॥૧૦૬॥ રૂપ અમારાં ઓળખશે જેહ, મુક્ત થાશે જીવ બ્રહ્માજી તેહ. ॥૧૦૭॥ એવો કોલ્ન લઈને બ્રહ્માજી યુગમાં આવ્યા જાણ, ત્યારે કર્તા યુગના માંડયા મંડાણ. ॥૧૦૮॥ જ્યારે સીત્તેર સંજોગ હરિએ આરંભ જો કર્યા, ત્યારે બ્રહ્માને પેટે શંખવો અવતર્યો. ॥૧૦૯॥ જ્યારે ગોર બ્રહ્માને પેટે દહિત અવતર્યો, ત્યારે ગણેશ આગળ તપ કરવા ગયો. ॥૧૧૦॥ ત્યારે તપમાં દન સવા પોર તપ કરતો જેહ, ત્યારે એક રાજા અમરીખનો યજ્ઞ હતો તેહ. ॥૧૧૧॥ જ્યારે ભૂપ મળીને યજ્ઞમાં આવ્યા જેહ, તેમાં નારાયણ શક્તિ, બ્રહ્મા, મહેશ્વર સર્વે યજ્ઞમાં તેહ. ॥૧૧૨॥ ત્યારે શંખાસુર ને લાગી વાર, તો ભોજન જમે સર્વે સંસાર. ॥૧૧૩॥ આવ્યો શંખા સૂરને ચડી રીસ, તેમણે શ્રાપ દીધા રાય અમ-રીખ. ॥૧૧૪॥ એક સો અવતાર લે જે હો રાય, એવો શ્રાપ શંખવે દીધો ત્યાંય, રાજા અમરીખ બીનો અપાર. ॥૧૧૫॥ શંખવાનો શ્રાપ લાગ્યો તે કેમ છુટીએ જંજાળ, ત્યારે અમરીખ દોડીને આવ્યા નારાયણની પાસ. ॥૧૧૬॥ સ્વામી શંખવે દીધા શ્રાપ તે કેમ છૂટીએ જંજાળ, ત્યારે શ્રી નારાયણે બ્રહ્માને મોકલ્યા તેણી વાર. ॥૧૧૭॥ તેણે જઈને કીધું જાણ, બ્રહ્મા કહે અમરીખ નો શો વાંક. ॥૧૧૮॥ શંખવા રાજાને મેલો શ્રાપ, જ્યારે બ્રહ્માને મેલ્યા વીસ શ્રાપ. ॥૧૧૯॥ ત્યારે મહાદેવ ગયા શંખવાની પાસ, શંખવા રાજાને નહિ દીજે શ્રાપ. ॥૧૨૦॥ ત્યારે

વીસ મેલ્યા મહાદેવને શ્રાપ, શક્તિ ગયા શંખવાની પાસ. ।।૧૨૧।। ત્યારે જઇને બોલ્યા વચન પ્રકાશ કે શંખવા એવા કોને ન દીજે શ્રાપ. ।।૧૨૨।। ત્યારે, શક્તિ માતાને મેલ્યા વિસ શ્રાપ, ત્યારે શ્રી વિશ્નવ દેવ આવ્યા શંખવાની પાસ. ।।૧૨૩।। ભૂંડા રીશ ન કીજે અપાર, ત્યારે વીસ અવતાર મેલ્યા વિશ્નવને તેણી વાર ને બાકી રહ્યા હવે વીસ અવતાર. ।।૧૨૪।। ત્યારે વળી નારાયણ દેવ ગયા શંખવાની પાસ, ત્યારે શંખવો બોલ્યો પ્રકાશ. ।।૧૨૫।। એંસી મેલી દીધા તેણી વાર, બાકી રહ્યા વીસ અવતાર. ।।૧૨૬।। ત્યારે શ્રી નારાયણ દેવ બોલ્યા મેલ શંખવા એ શ્રાપ, નહિ તો તેનું તને લાગશે પાપ. ।।૧૨૭।। ત્યારે તે કારણ દસ અવતાર લીધા શ્રી મહારાજ, અને દસ લીધા શંખવે સાર. ।। ૧૨૮ ।। પહેલો અવતાર મચ્છા રૂપ શ્રી મહારાજ, ત્યારે ચાર વેદની રચના થઇ તૈયાર. ।।૧૨૯।। શ્રી મચ્છા અવતારનાં થયાં વખાણ, તે તમે થયા પોતે જાણ. ।।૧૩૦ ।। મચ્છા અવતાર તે માછલાં જેવાં જેહ, પૂંઠ પણ મચ્છ જેવી જેહ. ।।૧૩૧।। એવો અવતાર મચ્છનો હતો જેહ, ચાર ગાઉંમાં ચાલે તેહ. ।।૧૩૨।। શંખા સૂરના પરમાણ, માથું તાડના ફળ જેવું પરમાણ. ।।૧૩૩।। એવો અવતાર શંખાસૂર જેહ, તે સુણો મુનિવરો તેહ. ।।૧૩૪।। ત્યારે વર્તી વેળાને જ્યોતિષ કહે આજ, બ્રહ્માજીએ પૂત્ર થકું વણશસે કાજ. ।।૧૩૫।। એ શંખવો તીસ ઘર દાણવનો અવતાર, બ્રહ્માજી કરો જતન વેદ લઈ જશે ચાર. ।।૧૩૬।। વળી એકદન બ્રહ્માજી મનમાં એવું ધરે, એ પૂત્ર થઈને એવું ન કરે. ।।૧૩૭।। શબ્દ એક ને ઓમકાર, ત્યારે નારાયણે કર્યો વિચાર. ।।૧૩૮।। ધ્યાન ધરીને સમુદ્ર તીર, બ્રહ્માજી બાંધી બેઠા ધીર. ।।૧૩૯।। ત્યાં બ્રહ્માએ ધરીયું ધ્યાન, વેદ ગયા ત્યાં ઉપન્યુ જ્ઞાન. ।।૧૪૦।। ત્યારે શંખાસુરે ઘાત જો કરી, ફર્માન નારાયણનું લાવ્યો ફરી. ।।૧૪૧।। જ્યારે બ્રહ્માજીએ ધર્યું માન, ત્યારે નારાયણે શંખવાને આલ્યું ફર્માન. ।।૧૪૨।। જો માયા તણો કરવો વિસ્તાર, ત્યારે હરિએ કીધો વિચાર. ।।૧૪૩।। જો નારાયણને જુગમાં લેવું હતું રૂપ, તો જુજવાં કીધાં ત્રણે સ્વરૂપ. ।।૧૪૪।। ચોથાં રહ્યા શક્તિ એક, તેનાં કરવાં અનંત વિવેક. ।। ૧૪૫ ।। નારાયણે તો નજર ધરી, અને ચારે મૂરત ત્યાં જુજવી કરી. ।। ૧૪૬ ।। બ્રહ્મા શબ્દ તે ઓમકાર, વિષ્ણુ અક્ષર એક વહેવાર. ।। ૧૪૭ ।। મહાદેવે મહા તરતવ કરી, ત્યારે શંખવો ચાલ્યો નિસરી. ।। ૧૪૮ ।। પ્રથમ શ્રી મચ્છરૂપ નો સંજોગ જો થયો, ત્યારે બ્રહ્મા નારાયણના વેદ તે શંખવો લઈ ગયો. ।।૧૫૦।। એવું જાણીને બ્રહ્માજી ચિંતામાં ભયા, ત્યારે વેદ ચાર શંખવો

લઇ ગયો. ॥૧૪૯॥ ત્યારે નીર્ગત થઈને બ્રહ્માજી રહ્યા, ત્યારે સદા શિવ જોતાં ત્યાં આવીઆ. ॥૧૫૧॥ કહોરે બ્રહ્માજી શું થયું, પણ તેજ તમારૂં તે કયાં ગયું. ॥૧૫૧॥ ત્યારે રૂદર પ્રત્યે બ્રંહ્મા બોલ્યા સહિ, અકળ ગત તે અપરમ ની થઈ. ॥૧૫૨॥ વળતાં શિવ વિચારે એહ, કહો બ્રંહ્મા થયું કેમ તેહ. ॥૧૫૩॥ ત્યારે બ્રહ્મા મહાદેવ ને કહે, અકળગતે અપરમ પર લહે. ॥૧૫૪॥ એ ગત તો ન જાણી અમે, નારાયણ પાસે શિવ જાવ તમે ॥૧૫૫॥ નારાયણ પાસે શિવે કર્યો પ્રકાશ, અને બ્રહ્માજી બેઠા ઉચે સાસ. ॥૧૫૬॥ સ્વામી તું છે અપરંપાર, તારી મૂર્તને કરો વિસ્તાર. ॥૧૫૭॥ એવી વિનંતી સહાય શિવે કહી, બ્રહ્મ કળા ઓછી થઈ રહી. ॥૧૫૮॥ બોલ્યા હરી શિવ તમને કહું છું તેહ, એ કારજ વળી કરવું છે મુને. ॥૧૫૯॥ એવો શબ્દ હરિએ કહ્યો, બ્રહ્માજી હતા બળવંત તો શંખનો વેદ કેમ લઇ ગયો. ॥૧૨૦॥ વિષ્ણુને શક્તિ હતાં રાય, ને હિણ કળાએ જુજવાં થઈ રહ્યાં ॥૧૬૧ શિવ કહે સ્વામી તું કિરતાર, તું ચાર મૂરતના કરો નિસ્તાર. ॥૧૬૨॥ સ્વામી તારા સર્જ્યા છીએ અમો, અને તેજ તમારૂં પ્રકાશો તમો. ॥૧૬૩॥ એવું શિવનું સુણી વચન, ત્યારે હરિ ઘણું હરખ્યા મન. ॥૧૬૪॥ વિષ્ણુ ને તેડાવ્યા ત્યાંય. વળી શક્તિ આવ્યા ત્યાંય. ॥૧૬૫॥ ત્રણ મુરત શક્તિ અવતાર, એ ચારેને આપો વિસ્તાર. ॥૧૬૬॥ વિષ્ણુએ આલ્યું ફર્માન, આપે આપ થયા આપ સમાન. ॥૧૬૭॥ મહાદેવને ત્યાં સ્થાપના કરી, દહિંત કુળની ઇચ્છા ધરી. ॥૧૬૮॥ એક શબ્દને ઓમકાર, તેમ થયા અનંત વિસ્તાર ॥૧૬૯॥ અનંત વિસ્તારને શબ્દ એક, તેમાં થયા અનંત વિવેક. ॥૧૭૦॥ એકુકી મુરતને આપ્યું વરદાન, નારાયણે ત્યાં કર્યું ફર્માન. ॥૧૭૧॥ પ્રથમ અહંકારથી બ્રહ્માજી પડયા, ને શક્તિ વિષ્ણુ હતાં ખરાં. ॥૧૭૨॥ સદ્ ગોર કહે અહંકારની વાત, ભાંગે દિવસને નીપજે રાત. ॥૧૭૩॥ ચારે મુરત જો સ્થાપ્યાં ત્યાંહ, અને વિષ્ણુ બ્રહ્મા હતાં જ્યાંહ. ॥૧૭૪॥ વિષ્ણુ પ્રત્યે હરિએ કહ્યું વચન, તમે અમે છીએ એક જો તન. ॥ ૧૭૫ ॥ અલખ નિરંજને દયા જો ધરી, ને વિષ્ણુને વર આપ્યો ફરી. ॥૧૭૬ ॥ વિષ્ણુ તમે વળી જુગમાં જાવ, જે સત્યવાદી જીવ તે પૂજે તમારા પાય. ॥ ૧૭૭ ॥ જુઓ બ્રહ્માજી બેઠા છે કયાંહ, વળી વીવેકે પૂછજો ત્યાંય. ॥ ૧૭૮ ॥ દુષ્ટ વેદ લઇ નાઠો સહી, તેને તમે હણજો જઇ. ॥૧૭૯॥ જ્યારે તેને હણશો તમો, ત્યારે ચારે મુરતમાં છતા થાશો તમો. ॥૧૮૦॥ ત્યારે વિષ્ણુ કરી પ્રણામ, સ્વામી અમને શું આપો છો કામ.

॥૧૮૧॥ સત્ય માનીને કરે પ્રણામ. તો તેને તમે આપજો ઠામ. ॥૧૮૨॥ એવું વચન કહીએ છીએ અમો, રખે કુળ ઓધારો તમો. ॥૧૮૩॥ જુગો જુગમાં ધરી અવતાર, દહિંતને મારી કરો વેદનો વિસ્તાર ॥૧૮૪॥ જીવ અમારા હશે જેહ, તમને આવીને પૂજશે તેહ. ॥૧૮૫॥ તે તમારો જપશે જાપ, તેને અમે મળ્યા આપો આપ. ॥૧૮૬॥ એવી સ્થાપના ત્યાં હરિએ કરી, અને વિષ્ણુએ ત્યાં સૃષ્ટિ ધરી. ॥૧૮૭॥ વિષ્ણુ આવ્યા બ્રહ્માની પાસ, અને બ્રહ્મ દિઠા બહુ ઉદાસ. ॥૧૮૮॥ ઉઠો બ્રહ્મા ધરો ધ્યાન, વાળો વેદ અને રાખો માન. ॥૧૮૯॥ કહોરે બ્રહ્મા કઈ પાસે ગયો, અને કઇ કળાએ દહિંત જો રહ્યો. ॥૧૯૦॥ બ્રહ્મા બોલ્યા તેણી વાર, મે દુષ્ટ નથી દીઠો લગાર. ॥૧૯૧॥ દુષ્ટે આવી એવું વચન જો કહ્યું, અને સુણી વચન ને પગલું પાછું ભર્યું. ॥૧૯૨॥ કુમનાર કાવે છે જેહ, જાણું છું તે માર્ગે નાઠો તેહ. ॥ ૧૯૩ ॥ ગયા વેદ બ્રહ્માજી કરે પોકાર, ત્યારે દોડી ધાયા દેવ મોરાર. ॥૧૯૪॥ ત્યારે ગોર બ્રહ્માજીએ હરિસ્તુ હું કહ્યા, સ્વામીજી વેદ ચાર દહિંત લઈ ગયો. ॥૧૯૫॥ ગયા વેદ બ્રહ્માજી કરે વિચાર, તમે દેવ સહાય કરો મક્કમ મોરાર. ॥૧૯૬॥ ત્યારે ગોર બ્રહ્માજીએ હરિ શું કહ્યો વિચાર, સ્વામીજી વેદ વીના હુઓ અંધકાર. ॥૧૯૭॥ સ્વામીજી જેને આધારે ચાલે સંસાર, તે શંખાસુર લઇ ગયો સમુદ્ર મોઝાર. ॥૧૯૮॥ ત્યારે હરિએ સુણી દીલમાં કીધો વિચાર, ત્યારે વેદ કારણ હરિએ લીધો અવતાર. ॥૧૯૯॥ જ્યારે શંખા સુર દહિંત સમુદ્રમાં ગયો, શ્રી મચ્છારૂપ હરિએ લીઓ. ॥૨૦૦॥ એવી વાત સુણી પૂંઠે ધાયા દેવ મોરાર, ને દહિંત જઈને પેઠો નાળને મોઝાર ॥૨૦૧॥ જ્યારે પ્રથમ દેવ શ્રીમચ્છા રૂપ જો ભયા, ત્યારે ત્યાં ગોર બ્રહ્માનો અવતાર એકા રૂપી થયા. ॥૨૦૨॥ વિષ્ણુ દોડયા તત્વરખણ ત્યાહ, તે નાળ માથે શંખવો ઉભો હતો જ્યાંહ. ॥૨૦૩॥ ત્યાંથી શંખાસુર નાસી ગયો, જઇ તવ પાતાળમાંહ પ્રસિદ્ધ જો થયો. ॥૨૦૪॥ ત્યારે પવન પાણી વેગે જાયે વહિ, અને ધરતીને માર્ગે ઉતર્યો જઇ. ॥ ૨૦૫ ॥ શંખવો દાણવ પૃથ્વી તળે ગયો સહિ, અને તે ધરાનને મંદિર પોતે જઇ. ॥ ૨૦૬ ॥ તોતળ પાતાળે ધરતી જો રહે, સકળ વાત તે સદ ગોર કહે. ॥ ૨૦૭ ॥ ત્યાંથી શંખાસુર નાસી ગયો, જઇ ધરતી માતા પાસે રહ્યો. ॥૨૦૮॥ ત્યારે માતાના મંદિરે પેઠો જઈ, કરોડ આ દીન વિનતી કહી. ॥૨૦૯॥ સાંભળ ધરતી માતા કહું હું તુંને, હું બ્રહ્મા નારાયણના વેદ લાવ્યો છું તું રાખને મુને. ॥૨૧૦॥ હરી વેદને લાવ્યો છું હું, અને કહે તો સરણે તમારે રહું. ॥૨૧૧॥ માતા આવ્યો સરણે રાખને લાજ, પૂંઠે હરિ આવે છે મારે કાજ. ॥૨૧૨॥ માતા ધરતી કહે સુણો શંખાસુર તમને કહું છું

અમો, તમે હરી ગોર બ્રહ્મા ના વેદ લાવ્યા છો તમો. ॥૨૧૩॥ માતાજી અમે દીઠા સંસારમાં વેદપ્રકાશ, તે કારણ હરી લાવ્યો ગોર બ્રહ્મા કનેથી તમારી પાસ. ॥૨૧૪॥ એવાં વચન દહિંત ધરતિસું બોલ્યા સહી, જો માતાજી તું મને સરણે રાખતો વેદ આપું નહિ. ॥૨૧૫॥ તુજ માતા ધરતીમાં સર્વે સમાય, અને તુજ વિના મુજને રાખ્યો કોઇથી ન જાય. ॥૨૧૬॥ ઉપની સત્ય બ્રહ્મા બેઠા જેહ, તે સર્વે ગુણ સાંભળી આવ્યો છું તેહ. ॥૨૧૭॥ ત્યારે એવી વાત શંખવે ધરતીસુ કહી, વિષ્ણુ મુજને જાલવા આવશે સહી. ॥૨૧૮॥ સાંભળ ધરતી માતા હું તુજને કહું, અહિં જો મુજને રાખતો રહું. ॥ ૨૧૯ ॥ ફરી શંખાસુર પ્રત્યે ધરતી કહે, તું બ્રહ્મા નારાયણનો ચોર મુજથી નહિં રહે. ॥૨૨૦॥ તુજ કેળે વિષ્ણુ આવે જેહ, તુજને ગ્રહી જશે તેહ. ॥૨૨૧॥ જો ધરતી તું મુજને નહિ રાખે આજ, ત્રણ મુરત આગળ નહિ રહે તારી લાજ. ॥૨૨૨॥ ત્યારે ધરતીએ વિચાર્યું મન, એ પ્રશ્ને હરિ થાશે પ્રસન્ન. ॥૨૨૩॥ એ કારણ હરિ આવે મુજ દ્વાર, તો માંગી લઉ વર અપાર. ॥૨૨૪॥ એટલે શંખાસુરને ધરતી રાખવા કરે, ત્યાં શ્રી હરિ આવી સંચરે. ॥ ૨૨૫ ॥ ધાઇને પેઠો શંખવો ધરતીના મંદીર મોઝાર, ત્યારે વિષ્ણુ આવ્યા ધરતીને દ્વાર. ॥૨૨૬॥ ત્યારે આવી હરિ દ્વારે ઉભા જ્યાંહ, અને પ્રેમ વચન ધરતી શું કહ્યા. ॥૨૨૭॥ ત્યારે શ્રી નારાયણ પૃથ્વી પાસે ગયા, તે પહેલાં શંખાસુર આવી રહ્યા. ॥૨૨૮॥ જ્યારે પૃથ્વીએ આદર ભાવે નારાયણ સેવ્યા સહી, ત્યારે દો કર જોડીને ધરતી ઉભી રહી.॥૨૨૯॥ત્યારે માતા ધરતી વચન બોલ્યાં એહ, તમે આવ્યા હરિ તે કોણ સ્નેહ. ॥ ૨૩૦ ॥ જે શંખાસુર હરી લાવ્યો ગોર બ્રહ્માના વેદ, તેનો હું તમને પૂછું ભેદ. ॥ ૨૩૧ ॥ ત્યાંતો નારાયણ મુખે ઓચરે, જો શંખવો દાણવ આપતો સકળ કારજ સરે ॥ ૨૩૨ ॥ સૂણો ધરતી તમને કહું ભેદ, અને શંખવો હરી લાવ્યો છે ગોર બ્રહ્માના વેદ. ॥ ૨૩૩ ॥ જો ધરતી તેનો બતાવે મુજને ભેદ, તો મારી દહિંતને વાળું વેદ, ॥ ૨૩૪ ॥ સુણો શ્રીહરિ હું તમને કહું, જે આવ્યો શરણે તે કાઢી કેમ દઉં ॥ ૨૩૫ ॥ સાંભળ ધરતી હું કહું છું તુંને, અને ચોર મારો તું આલને મુને ॥ ૨૩૬ ॥ ત્યારે બોલ્યાં ધરતો દીન દયાળ, તમે છો હરિ અકળ બળ કીર્તાર ॥ ૨૩૭ ॥ સ્વામી વચન તમારૂં મેં કેમ સહેવાય, ચોર તમારો મેં રાખ્યો કેમ જાય ॥ ૨૩૮ ॥ બોલ્યાં હરિ હું તુજને કહું, ચોર મારો લીધા વિના નહિ રહું. ॥ ૨૩૯ ॥ ફરી કર જોડીને ધરતી કહે, સ્વામી ચોર તમારો મુજ રાખ્યો નહિ રહે ॥ ૨૪૦ ॥ સ્વામી તમે ઉભા રહેજો આણે ઠાય, હું જોઉં મારા મંદિર મોઝાર. ॥ ૨૪૧ ॥

૨

હું જોઉં મારા ઘર માંહે, હશે તો આણી આપીશ આંહે ॥ ૨૪૨ ॥ કર જોડીને વચન કહે કથી, હું જાણું જે મારા ઘરમાં નથી. * ત્યારે રીસ કરી બોલ્યા શ્રી ભગવાન, ને શંખવો છે તારા ઘર મોઝાર. ॥૨૪૩॥ ત્યારે ધરતી એ વિચાર્યું મન, એ છે વિષ્ણુ આપે તન. ॥ ૨૪૪ ॥ સ્વામી એ કારજે આવ્યા મુજ દ્વાર, તમે કૃપાકરો દીન દયાળ ॥ ૨૪૫ ॥ એવી વાત જો ધરતીએ કહી, વચન એક મુજને આપો સહી. ॥ ૨૪૬ ॥ આદે ઇચ્છા ધરૂં છું અમો, અને વર એક દયો ને તમો ॥ ૨૪૭ ॥ અમને ઇચ્છા મનમાં છે ઘણી, અમને વરો તમે ત્રીભોવન ધણી. ॥૨૪૮॥ કહે વિષ્ણુ પ્રત્યે વદી વાદ, તો ચોર તમારો લાગે હાથ ॥ ૨૪૯ ॥ ત્યારે ધરતી પ્રત્યે બોલ્યા ભગવાન, રતે ફળને રતે દાન. ॥૨૫૦॥ જો તું ધરતી દહિંતનો ભેદ આપે મુજને, તો મનવાંચ્છીત ફળ આપું તુજને. ॥ ૨૫૧ ॥ ધરતીએ એ કોલ લીધો શાહસું સત જો કરી, જો તમે મને વરો ત્રીભોવન ધણી. ॥ ૨૫૨ ॥ ચાર પોર જ્યારે પૂરા થશે સહી, દશ ઘડી ત્યારે પૂરી થઇ. ॥૨૫૩॥ કરી કમાઇ દેવતા મળશે પાસ, તે જાન લાવી પૂરૂં તારી આશ. ॥ ૨૫૪ ॥ જ્યારે જાંબુ દ્વીપે કરશું જાણ, તુજને વરવાનાં એ એંધાણ. ॥ ૨૫૫ ॥ સર્વે જીવને થાશે દીદાર, ત્યારે તમને વરશે કીર્તાર. ॥ ૨૫૬ ॥ નકળંકી નામ ધરાવીશું અમો, ત્યારે તે વર પામશો તમો. ॥ ૨૫૭ ॥ કુંવારી ભુમીમાં આસન ધરૂં, અનંત રૂપે નકલંકી અવતરૂં. ॥ ૨૫૮ ॥ ત્યારે ગોર બ્રહ્મા જેનું નામ, તે ઇન્દ્ર ઇમામશાહ કરશે સર્વે જીવોના કામ. ॥ ૨૫૯ ॥ ત્રણ મુરત ને શકતી અવતાર, ત્યારે સર્વે વર્ણ થાશે એકાકાર. ॥ ૨૬૦ ॥ હીણા ખીણા નહીં નીર્વાણ, તમને વરવાના એ એંધાણ. ॥ ૨૬૧ ॥ તું સાંભળ ધરતી હું તુજને કહું, સર્વેનું કલંક ઉતારીશ હું. ॥૨૬૨॥ એ ત્યાં લક્ષણ જાણશે જેહ, નકલંકી નર થાશે તેહ. ॥ ૨૬૩ ॥ જ્યારે અનંત કાળના વેદ વખાણ, તમને વરવાનાં એ એંધાણ. ॥ ૨૬૪ ॥ એવી વાત જ્યારે શ્રી હરિએ કહી, ત્યારે ધરતીએ માન્યું સહી. ॥ ૨૬૫ ॥ ત્યારે હરિ ને ધરતી એક જો થયાં, તે શબ્દ શંખવે સુણ્યા. ॥ ૨૬૬ ॥ ત્યારે શંખાસૂરે વીચાર્યું મન, એ બેઉ થયાં એક જતન. ॥૨૬૭॥ એવું શંખવો મન શું કહે, પંડ પ્રાણ તારો નવ રહે ॥ ૨૬૮ ॥ ત્યારે દહિંતે વિચાર્યું જેહ, હવે અમો એ શું કરવું તે પૃથ્વીથી હું રાખ્યો નવ રહું ॥ ૨૬૯ ॥ એ ધરતી અમારે આગળે અનંત કરોડીદેવ તે ત્રીસ નો નિસ્તાર, તે ભકત કારણે લેશું અવતાર. ॥ ૨૭૦ ॥ ત્યાં સર્વે આદે અંતના દેવ એકઠા થાય, તે કરી કમાઇને મળશે જાઈ. ॥ ૨૭૧ ॥ ત્યાં બહુ અનંત કરોડી દેવ કરી કમાઇ ને આવશે અમારી પાસ, તે જાન લાવી કોલ તારો પાળીને પુરૂં આશ. ॥ ૨૭૨ ॥ જ્યારે ચાર યુગને દશે

અવતાર પુરા થાય. ધરતી ત્યારે પરણીશું જાઇ ॥ ૨૭૩ ॥ ત્યારે ધરતી શંખાસૂરને ઝાલવા જાય, ત્યારે શંખાસુર નાઠો તેણે ઠાય ॥ ૨૭૪ ॥ જયારે એવાં વચન નારાયણે ધરતીસુ કહ્યાં, ત્યારે નાઠો દહિંત શંખ નાગપાતાળમાં ગયો. ॥ ૨૭૫ ॥ જે પાતાળમાં શંખાસુર ઉતર્યો, તે જઇને શંખ નાગની સભામાં રહ્યો. ॥ ૨૭૬ ॥ તે પાતાળમાં માતાને પૂત્ર બેઠાં હતાં, ત્યારે જઇ શંખાસૂર નમ્યો ત્યાંહ. ॥ ૨૭૭ ॥ માતા પુત્ર મુજને શરણે રાખો આજ, અને પૂંઠે હરિ આવે છે અમારે કાજ ॥ ૨૭૮ ॥ ત્યારે માતા પૂત્ર બોલ્યાં એહ, કે નારાગણનો ચોર અમથી નવ રહે. ॥ ૨૭૯ ॥ જયારે એવી વાત દહિંત શું કહી, તબ લગી હરિ આવ્યા સહી. ॥ ૨૮૦ ॥ જયારે શંખાસૂર મનમાં ચિંતા કરે, ત્યારે પૂંઠે શ્રી હરિ આવી સંચરે. ॥ ૨૮૧ ॥ ત્યારે શ્રી નારાયણ વચન બોલ્યાં જેહ, સુણો રાણી પૂત્ર કહું છું તેહ. ॥ ૨૮૨ ॥ જો તું દહિંતનો આપે ભેદ, તો મારી શંખાસુરને વાળું વેદ ॥૨૮૩॥ જો સ્વામી તમો આપો અમને કોલ, તો દેખાડું દહિંકનો ઠોર. ॥ ૨૮૪ ॥ જયારે સાતમું રૂપ ધરીશું જઇ, ત્યારે પરતમાં તમારી પાળીશું તહિ. ॥ ૨૮૫ ॥ હરે માતા પૂત્ર આવ્યાં જેહ, હરિશ્ચંદ્રને ઘેર રાણી પુત્ર તેહ ॥ ૨૮૬ ॥ જે હરિનાં વચન સુણી શંખાસૂર નાસી ગયો, તે ધબળંગ પાતાળમાં રહ્યો. ॥ ૨૮૭ ॥ ધબળંગ રાજા બેઠા છે જયારે, જઈ શંખાસુર પોત્યો ત્યાંહ. ॥ ૨૮૮ ॥ ત્યાં દહિંત મુખ શું બોલ્યો થઇને દાસ, અને શરણે મુજને રાખો તમારી પાસ. ॥૨૮૯ ॥ હું આવ્યો છું તમારે શરણે આજ, પૂંઠે શ્રી હરિ આવે છે અમારે કાજ' ॥૨૯૦॥ તે રાજાની રાણી બોલી સાયણ ભાએ, ગોર બ્રહ્માનો ચોર રાખ્યો નવ જાય. ॥ ૨૯૧ ॥ ત્યારે એવાં વચન દહિંતશું રાણીએ કહ્યાં, તવ લગી શ્રી હરિ આવી સંચર્યા. ॥ ૨૯૨ ॥ જો તમે રાણી દતિંતણો આલો ભેદ, તો મારી દહિંતને વાળું વેદ. ॥ ૨૯૩ ॥ જો તમે હરિ મુજને આલો કોલ, તો દેખાડું દહિંતનો ઠોર. ॥૨૯૫॥ ત્યારે શ્રી હરિએ કોલ દીધો સહી, આઠમે રૂપે દ્રૌપદીની વાચા પાળીશું તહી. ॥ ૨૯૫ ॥ ત્યાંથી શંખાસુર નાસી ગયો, વિતળ પાતાળ નગરમાં જઈ રહ્યો ॥ ૨૯૬ ॥ વે નગરનો રાજા જેહ, અનુપાળ નામનો તેહ ॥ ૨૯૭ ॥ સત્યવાદી મહા કહેવાય, તે સત્યતણી કરે સહાય ॥ ૨૮૮ ॥ શંખવો નાસી તેની સભામાં ગયો, જઇ દીવટીયો થઇને રહયો ॥ ૨૯૯ ॥ ત્યાં વિષ્ણુ કેડે દોડીને ગયા, જઇ રાજાની પોળે ઉભા રહ્યા ॥ ૩૦૦ ॥ત્યાં જઇને શ્રી હરીએ વચન કહ્યાં પ્રકાશ, સત્યવાદી રૂપ પોતે ધરાય ॥૩૦૧ ॥ ધરી રૂપને બોલ્યા ભગવાન, અને સત્યવાદીનો બોલ્યા

જ્ઞાન ॥ ૩૦૨ ॥ હર્યું તેજ જો દીવા તણું, ત્યારે અનુપાળ રાજા વ્યાકુળ થયા ઘણું ॥ ૩૦૩ ॥ કહે કયાં ગયું મુજ દીવા તણું તેજ, મારી સભામાં શું થયું નખેદ ॥ ૩૦૪ ॥ ત્યારે શ્રીરરી પોળીયા સું વચન ચહ્યું, જા પોળીયા સભામાં શું થયું ॥ ૩૦૫ ॥ પોળીયે મન વિચાર્યું સહી, આ પુરૂષ કોઈ આ દેશનો નહિ ॥ ૩૦૬ ॥ અકળીત બળનું દેખી રૂપ, પોળીયે નીરખી રૂપને ઓળખ્યુ સ્વરૂપ ॥ ૩૦૭ ॥ વેગે વળી રાજા પાસે પોળીયો ગયો, જઇ સભામાં ઉભો રહ્યો ॥૩૦૮॥ સભામાં થયો છે શોર બકોર, ત્યાં ઉભો છે વિષ્ણુ, બ્રહ્માનો ચોર ॥ ૩૦૯ ॥ રાજા થઈ રહ્યો છે અચંત, અને દીવા તણું હર્યું છે તેજ ॥ ૩૧૦ ॥ ત્યાં પોળીએ વચન કહ્યું પ્રકાશ, સુણો રાજા તમને કહે છે દાસ ॥ ૩૧૧ ॥ પુરૂષ ઉભા તમારે દ્વાર, નથી વચન બોલતા લગાર ॥ ૩૧૨ ॥ પોળીઓ કહે શ્રી હરી એક વચન જો કહ્યું, જા પોળીઆ સભામાં શું થયું ॥ ૩૧૩ ॥ થોડા બોલે બોલ પ્રકાશ, અને તે કારણ તમોને કહેવા આવ્યો છે દાસ ॥ ૩૧૪ ॥ એવી વાત પોળીએ રાજા શું કહી, વિતાળ દેશનો આ પુરૂષ નહિ ॥ ૩૧૫ ॥ કોણ કારણ આવ્યો છે અહિ, તમે આવીને પૂછો ત્યાંહી ॥ ૩૧૬ ॥ એવું રાજાએ પોળીઆનું સુણ્યું વચન, સત્યવાદી રાજાએ વિચાર્યું મન॥ ૩૧૭॥ એ કોઇ પુરૂષ પરલોકી તન, જેણે બાંધ્યાં ચઉદે ભવન ॥ ૩૧૮ ॥ સુણી શબ્દ ને ઉઠી ઉભો થયો, વસ્ત્ર કોરે મેલીને દોડી ગયો ॥ ૩૧૯ ॥ એ છે પુરણ ભગવાન, એવું હૃદયમાં આવ્યું જ્ઞાન ॥ ૩૨૦ ॥ જઇ કરીને રાય શ્રી હરીને લાગ્યા પાય, કેમ પધાર્યા ત્રીભોવનરાય ॥ ૩૨૧ ॥ અતિત ઉપર કૃપા કરી, અને મુક્તિ દેવાની દયા ધરી ॥ ૩૨૨ ॥ રંક તણું કરવા કાજ, અને વિતળ લોકે આવ્યા ભગવાન ॥ ૩૨૩ ॥ અગમ નીગમની સુણતા ઠાણ, પ્રતિતે જાણ્યું મારું નામ ॥ ૩૨૪ ॥ અમ પર દયા ધરી મહારાજ, રાજા તણી રાખવા લાજ. ॥ ૩૨૫ ॥ શ્રી હરી ત્યાં બોલ્યા હેત જો ધરી, મુકિત તણો વર આપ્યો ફરી. ॥ ૩૨૬ ॥ સાંભળ રાજા કહું છું તને, તેં કેમ જાણ્યો વળી મને ॥ ૩૨૭ ॥ આદ વચનની દયા ધરી, અનુપાળ રાજા ઉપર ત્રુઠયા શ્રીહરી ॥ ૩૨૮ ॥ સૃષ્ટી બ્રહ્મા વસે ત્યાં, એક મુરત નેણદેવ જ્યાંહ. ॥ ૩૨૯ ॥ મૃત્યુ-લોકમાં આલ્યો વાસ, કરી લીધો પોતાનો દાસ. ॥ ૩૩૦ ॥ ઋક્ષમાગત તો ધર્યું નામ; ને અમારા પુરમાં આપ્યું ઠામ. ॥ ૩૩૧ ॥ સુણી વચન શ્રીહરી તણાં, દુષ્ટ દહિત તણા ભાંગ્યા ધરણ. ॥ ૩૩૨ ॥ ત્યાંથી શંખાસુર નાસી ગયો, જઈ સુતળ દેશને માર્ગે ગયો. ॥ ૩૩૩ ॥ પાતાળમાં જો નાઠો જાય, ને અઘોર વન હોતું તેણે

ઠાય. ॥ ૩૩૪ ॥ જ્ઞાન દીઠું ત્યાં ગુણકા તણું, ત્યાં જઇ દહિત હરખ્યો ઘણું ॥ ૩૩૫ ॥ વૈવીતોળ છોકરાનું નામ, તેનાં કરવાં પુરણ કામ ॥ ૩૩૬ ॥ ત્યાં જઇ શંખાસુર રહ્યો, તે આગળ આધીન થઇને રહ્યો. ॥ ૩૩૭ ॥ જાવા તણું મુજને માર્ગ દેખાડ, તને ઇચ્છું છું બંધવની ઠાર ॥ ૩૩૮ ॥ તમે જાવાનો દેખાડો ઠામ, અને વળી દુષ્ટનું પૂછયું નામ ॥૩૩૯॥ આગળ શંખવો નાઠો જાય, કેડે શ્રી હરી આવે છે. રાય ॥ ૩૪૦ ॥ જઇ વૈવિતાળ શ્રી હરીને લાગ્યો પાય, કરજોડીને ત્યાં ઉભો રહ્યો. ॥ ૩૪૧ ॥ આ લોક ઉપર દયા જો ધરી, ભલે પધાર્યા શ્રી હરી ॥૩૪૨॥ ત્યાં શ્રી હરી બોલ્યા તેણીવાર, મારો ચોર આવ્યો છે આણે વાર. ॥૩૪૩॥ સ્વામી ચોર તમારો કયાં જશે, એ કારણ તો કંઇકના કારજ થશે. ॥ ૩૪૪ ॥ સ્વામી તમે ઉભા રહેજો આણે ઠામ, હું પકડી લાવું ચોર દેવમોરાર. ॥ ૩૪૫ ॥ આધીન થયો હેત જો ધરી, એણે ઓળખ્યા શ્રી હરી. ॥ ૩૪૬ ॥ જો હું આવ્યો છું તો તું જાણે મુને, તો વળી વર આપુ છું તુને. ॥૩૪૭॥ મેં તને કીધો પોતાનો દાસ, અને તમને મૃત્યુલોકમાં આલું વાસ. ॥ ૩૪૮ ॥ મેં તને આલ્યું મૃત્યુલોક માં ઠામ, તારૂં વ્યભિક્ષણ ધરિશું નામ. ॥ ૩૪૯ ॥ જયારે હું લઇશ રામ અવતાર ત્યારે તને આપીશ રાજ્યને કરિશ નિસ્તાર. ॥ ૩૫૦ ॥ રાવણથી હું લંકા લઇશ, તુજને હોરાજા લંકા દઇશ ॥ ૩૫૧ ॥ એમ કહીને દોડયા જાય, માર્ગે આવ્યો છે આણીવાર. ॥ ૩૫૨ ॥ આગળ શંખવો પાછળ શ્રી હરી, અને દુષ્ટે યુદ્ધ કરવાની ઇચ્છા ધરી. ॥ ૩૫૩ ॥ મન મળતું ને હૃદયે વેર, એવી શંખાસુરની રીત. ॥૩૫૪॥ અકળીતબળને રહ્યો મરોડ, અને પાસે દહિત છાસટ કરોડ. ॥ ૩૫૫ ॥ શ્રીહરી કંઇ નવ બીએ મન, દહિત તણા ઉપજાવે તન ॥ ૩૫૬ ॥ અને યુદ્ધ કરતાં ગયા સુતળ મોઝાર, એણે દહિત ઉપજાવ્યા અપાર ॥ ૩૫૭ ॥ આગળ શંખવો નાઠો જાય, બીજા દહિત લાગે શ્રી હરીને પાય ॥ ૩૫૮ ॥ કેટલાક એક દહિત યુદ્ધ જો કરે અને કેટલાક શ્રીહરિને પાયજો પડે. ॥ ૩૫૯ ॥ યોદ્ધા ઉપર શ્રી હરિ ક્રોધ જો કરે અને ચરણે નમે તે ઉપર દયા જો ધરે ॥ ૩૬૦ ॥ તે સુતળ દેશમાં જઇ રહ્યા. ત્યાં જઇને દહિત પરાક્રમી થયો ॥ ૩૬૧ ॥ ત્યારે જે વિતાળ રાજા વસે છે જાણ, તે દહિંતે વિચાર્યું મનને ત્યાંહ. ॥ ૩૬૨ ॥ તે નગરની પોળે પોળીઓ એક, તે મહા સત્યવાદી કહાવે છે છેક. ॥ ૩૬૩ ॥ ભોમ મંડળીક છે તેનું નામ, તેના શ્રી હરિને કરવાનાં કામ. ॥ ૩૬૪ ॥ ત્યારે પોળે શ્રીહરિ ઉભા રહ્યા, શંખાસુરનું પૂછતા ગયા. ॥ ૩૬૫ ॥ ત્યારે ભોમ મંડળીકે વિચાર્યું જ્ઞાન, અકળીત બળીઆ છે ભગવાન.

॥ ૩૬૬ ॥ જઇ શ્રી હરિ તણે લાગ્યો પાય, ને ક્ષમા કરો તમે ત્રીભોવનરાય. ॥ ૩૬૭ ॥ ભાઇ શું ક્ષમા કરાવે છે મુને, હું અને એ કથા કહું છું તુને. ॥૩૬૮॥ વેદ હરિ લાવ્યો છે સુદ્ધ, અને અમુ સામુ કરે છે યુદ્ધ. ॥ ૨૬૯ ॥ ત્યારે પોળીઓ બોલ્યો તેણી વાર, સ્વામી તમુ સાથે નહિ જીતે લગાર ॥ ૩૭૦ ॥ એ વચન શ્રી હરિ શ્રવણ સુણી, ત્રુઠયા શ્રી હરિ કૃપા કીધી ઘણી. ॥ ૩૭૧ ॥ મૃત્યુલોકને ભુતળ વાસ, સાથે લાવીને કીધો દાસ. ॥ ૩૭૨ ॥ અમરીખદાજા ધરીશું નામ, પોળીઆ તણું તે કરતો કામ. ॥ ૩૭૨ ॥ લેશું મૃત્યુલોકમાં કુર્મ અવતાર, ત્યારે સંસારમાં તને વર આપું નિર્ધાર. ॥ ૩૭૪ ॥ હેત ધરીને શ્રી હરિએ દીધાં વચન, અને વળી કીધો પોતાનો તન. ॥ ૩૭૫ ॥ શંખાસુરને ત્યાં થયું જાણ, ત્યાંથી તે નાઠો નીર્વાણ ॥ ૩૭૬ ॥ જીવંતથી સજીવંત જો થાય, અને શ્રી હરિસું યુદ્ધ કરતો જાય. ॥૩૭૭॥ તે રસાતાળ દેશમાં ગયો, ને જઈ દમનરાજાની સભામાં રહ્યો. ॥ ૩૭૮ ॥ તો દમનરાજા રસાતાળ દેશ, ત્યાં જઇને શંખવે બદલ્યો વેશ. ॥ ૩૭૯ ॥ વિપર થઇ ને સભામાં ગયો, અને દઈ આશીષ ને ઉભો રહ્યો. ॥ ૩૮૦ ॥ ઉભો રહીને કરે અરદાસ, જેહું બ્રાહ્મણ આવ્યો છું તમારે પાસ. ॥ ૩૮૧ ॥ દમન રાજા જેનું નામ, દંત નામનો તેનો પ્રધાન. ॥ ૩૮૨ ॥ પ્રધાને કહ્યું તેણીવાર, આ વિપરતો નહિ લગાર. ॥ ૩૮૩ ॥ તે નયણે, વેણે, નીરખું છું હું, મને તો દુષ્ટ ભાષે છે તું. ॥ ૩૮૪ ॥ એવું દંત, દમન કહે, આવિપર આપણે રાખ્યો નવ રહે. ॥ ૩૮૫ ॥ એ દીસે છે મહા વળી ચોર, અને મહાયુદ્ધ કરાવે હળાહળ. ॥ ૩૮૬ ॥ એવું રાજા પ્રધાન કરે વિચાર, તબ શ્રી હરિ આવ્યા તેણે દ્વાર. ॥ ૩૮૭ ॥ દેખી મુરત બઉ પાય જો પડયો, સ્વામી એ કારણ તમે શું આવ્યા ॥૩૮૮॥ અમો ઉપર કૃપા કીધી આજ, અને અનેક જીવોના કરવા કાજ. ॥ ૩૮૯ ॥ તમે બેસો અમારા ઘરમાંહે, શંખવો પકડીને લાવું આહીં. ॥ ૩૯૦ ॥ ત્યારે શ્રી હરિ બોલ્યા તેણીવાર, તમોથી પકડયો ન જાય લગાર. ॥ ૩૯૧ ॥ સ્વામી તમે ઉભા રહેજો આણે ઠાય, જઈને પકડી લાવીએ આહેં ॥ ૩૯૨ ॥ જો એ લેશે અમારૂં નામ, તો અમે ભાંગીશું એના ધરણ ॥ ૩૯૩ ॥ તમે મસ્તકે દો અમારે હાથ, જુઓ કરી આવીએ છીએ ગાત ॥ ૩૯૪ ॥ વચન સુણી દંત, દમનનું ઘણું, ને શ્રી હરિ મનમાં ત્રુઠયા ઘણું. ॥ ૩૯૫ ॥ મૃત્યુલોકમાં ભુતળ વાસ, બેઉને કીધા પોતાના દાસ. ॥ ૩૯૬ ॥ દંત ધ્રૂવને આપ્યુ રાજ, દમન કીધો પ્રહલાદ. ॥ ૩૯૭ ॥ ત્યારે એ બેઉ હરખ્યા ઘણા, નામ ગુણ લીધા શ્રીહરિ તણા. ॥ ૩૯૮ ॥ હુંએ દુષ્ટ કારણ ધરીશ અવતાર,

ત્યારે તમારો કરીશ નિસ્તાર ॥ ૩૯૯ ॥ દમન, પ્રહલાદ ઉપર બહુ પ્યાર, પાંચ કરોડીનાં કીધા સરદાર. ॥ ૪૦૦ ॥ વાત સુણી વળી શ્રી હરિ તણી, પ્રહલાદે કસણી માંગી ઘણી ॥ ૪૦૧ ॥ એ સુણી શંખાસૂર વાત, શ્રી હરિ શું કરવા આવ્યો ઘાત. ॥ ૪૦૨ ॥ ત્યારે દોડી શ્રી હરિ શંખાસુર કેડે ધાય, અને અનંત કળા કરે તેણીવાર. ॥ ૪૦૩ ॥ જે જે કળા દહિંત જો કરે, તે કળાને જઈને શ્રી હરિ હણે ॥ ૪૦૪ ॥ અકળીત બળ ભયો અનંત અપાર, આગળ શંખવો નાઠો જાય અપાર. ॥ ૪૦૫ ॥ તળાતળ પાતાળની વાટે ગયો, અને તપ નગરમાં જઇને ઉભો રહ્યો. ॥ ૪૦૬ ॥ તપનગર કાવેછે જયાંહ, ગનધર્વસેન રાજા રાજ્ય કરે છે ત્યાંય. ॥ ૪૦૭ ॥ તે રાજાના શું વખાણ, સદ્ગોર કહે સર્વે લોક અજાણ. ॥૪૦૮॥ ગનધર્વસેન રાજા એક, તેની સભાના કહું વિવેક ॥ ૪૦૯ ॥ ત્યાં શંખાસુર નાસીને ગયો, સહેસ્ત્ર કળા શું અંછતો થઈ રહ્યો. ॥ ૪૧૦ ॥ ઘણી સભાને મોટા ભૂપ, ત્યાં જઈને દુષ્ટે ફેરવ્યું રૂપ ॥ ૪૧૧ ॥ ત્યાં સભામાં શંખવો શું કરે, અનેક કળા જો ધરે. ॥ ૪૧૨ ॥ ત્યારે જોઇ કળા દહિંત જો તણી, અને સભા મનમાં હરખી ઘણી. ॥ ૪૧૩ ॥ ત્યારે ચરીત્ર દહિંત કરે અપાર, અને તે લોકમાં થયો હાહાકાર ॥ ૪૧૪ ॥ પ્રજા સર્વે વદે એમ, કે આ પુરુષ આવ્યો છે કેમ. ॥ ૪૧૫ ॥ એ લોક કહે એ પુરુષ આવ્યો છે એહ, એણે ત્રીભોવની કહાવે છે જેહ. ॥૪૧૬॥ એવું લોકે ધર્યું ઇમાન, એ ચારિત્ર દહિતનું જાણ. ॥૪૧૭॥ ત્યારે ગનધર્વસેનને જાણ જો થયું, ભોળા લોકોને મન શું આવ્યું. ॥ ૪૧૮ ॥ ભુલી સભા ને ભુલ્યાં લોક, રાજાએ કીધાં સર્વેને ફોક. ॥ ૪૧૯ ॥ ત્યારે ગનધર્વસેન રાજા બોલ્યો તેણી-વાર, વચન સુણો દેવ મોરાર. ॥ ૪૨૦ ॥ એ દિષે છે કોઇ દહિંત અવતાર, જે ચરિત્ર કરે છે અનંત અપાર. ॥૪૨૧ ॥ તેવો રાજાએ કર્યો વિચાર, શ્રી હરિ આવશે આણેઠાર ॥ ૪૨૨ ॥ સત્યપંથી રાજા હતો જેહ, જાપ પ્રેમરૂખ જપતો તેહ. ॥ ૪૨૩ ॥ ત્યારે પ્રેમરૂખ હતા શ્રી હરિ મોઝાર, ને પ્રેમખરૂખ શ્રી હરિ અવતાર. ॥ ૪૨૪ ॥ તેનાં ચરણામૃત રાજા પીએ, તે દુષ્ટ તણું મુખ કેમ જુએ. ॥ ૪૨૫ ॥ ત્યારે રાજા પ્રધાન વિચાર જો કરે, એને ગ્રહી રાખવો આણે ઠાર. ॥ ૪૨૬ ॥ જે ચારિત્રવાદી ઘણો, ચોર દિસેછે શ્રી હરિ તણો. ॥૪૨૭ ॥ ત્યારે પ્રધાને વિચાર્યું મન, તમે બોલ્યા તે સત્ય વચન ॥ ૪૨૮ ॥ શંખવે નાસવા તણી કીધી પેર, ત્યારે શ્રી હરિ પધાર્યા રાયને ઘેર. ॥ ૪૨૯ ॥ વિદ્યા વિપર થઇ આવ્યા સહી, રાજા તણે દ્વારે ઊભા જઇ ॥ ૪૩૦ ॥ ત્યારે શ્રી હરિ તણો શબ્દ રાજાએ સુણ્યો, ત્યારે રાજા

મનમાં હરખ્યો ઘણો. ॥ ૪૩૧ ॥ એ બ્રાહ્મણ, વિપર ન હોય, એ ત્રિભોવન દીસે છે સોય. ॥ ૪૩૨ ॥ ગનધર્વ રાજાનો પુત્ર જેહ, ગનધર્વસેન પ્રત્યે કહે છે તેહ. ॥ ૪૩૩ ॥ તમે કહો છો ત્રીભોવનીનાથ, તો અમને રાખજો તમારી સાથ ॥૪૩૪॥ પુસવ નામે કહીએ પ્રધાન, તેને સુજ્યું બ્રહ્મ જ્ઞાન. ॥૪૩૫॥ ત્રણ પુરુષ જો અળગા રહ્યા, અને બાકી સર્વે લોક પાખંડે ગયા. ॥ ૪૩૬ ॥ પાખંડી ચળવળ કરે અપાર, સર્વે લોભાયા ત્યાં સંસાર. ॥૪૩૭॥ પુસવગંદ ને ગનદર્વસેન, અને ચોથા બાઇ દમની તેહ. ॥ ૪૩૮ ॥ એ ચાર મળીને કર્યો વિચાર, જે શ્રી હરિ લાવ્યા અહીં અવતાર. ॥૪૩૯॥ દમની પુત્રી રાજાતણી, સત્યવાદી કહાવે ઘણી. ॥૪૪૦॥ તે બાઇને તપે કરી, આ રાયે ઓળખ્યા શ્રી હરિ. ॥૪૪૧॥ જાવ રાજા તમે શ્રી હરિ છે ત્યાંહાં, અમે પાખંડી ને રાખીશું અહીયાં ॥ ૪૪૨ ॥ ઉભા હોય ત્યાં પાયજો પડી, અને ગયારાજા જ્યાં હતા શ્રી હરિ. ॥ ૪૪૩ ॥ અભ્યાગતની એવી રીત, જાણે યુગે યુગની હોતી પ્રતિત ॥ ૪૪૪ ॥ ક્રોધે શ્રી હરિ બોલ્યા તેણીવાર, ચોર મારો છે તારા ઘર મોઝાર ॥ ૪૪૫ ॥ ડમડોળ કીધો છે પૃથ્વીમાંહે, અને ચોર મારો તેં રાખ્યો છે. ત્યાંહે. ॥ ૪૪૫ ॥ લાવી કરીને આગળ ધરે દેવે આપ્યો છે તે વરે. ॥ ૪૪૭ ॥ ત્યારે રાજાએ શ્રી હરિ પ્રત્યે કહ્યું, સ્વામી આગમ જ્ઞાન વાળી લીયું. ॥ ૪૪૮ ॥ તમે ઉભા રહો આણે ઠામ, હું પકડી લાવું આણેધામ. ॥ ૪૪૯ ॥ એવી વિનંતીરાજાએ કહી, અને ગ્રહી પકડવા લાગ્યો જઇ. ॥ ૪૫૦ ॥ દહિંત મહા પરાક્રમી હતો જ્યાંય, તે જાણી સોધ્યો નિર્વાણ ॥ ૪૫૧ ॥ ત્યારે કેડે દોડયા રઘુનાથ, અને રાજા પ્રધાન પણ ચાલ્યા સાથ. ॥ ૪૫૨ ॥ કેટલીક પૃથ્વી સાથે ગયા, આગળ જઇને શ્રી હરિ ઉભા રહ્યા. ॥ ૪૫૩ ॥ રાજા પ્રધાન સુંઅસ્તુતી કરે, અને બેણું બેણું પાયજો પડે. ॥ ૪૫૪ ॥ દમની અને ભ્રાત બેઉ જણએ, દોડયા રાજા પાસે તે ॥ ૪૫૫ ॥ અને ભકતી કરે અપાર, પ્રેમે શ્રી હરિ ત્રુઠયા તેણીવાર. ॥ ૪૫૬ ॥ ગનધર્વસેનને કહ્યું શ્રી હરિએ, અને પુસવ પ્રધાન ઉપર દયાજો ધરી. ॥ ૪૫૭ ॥ વામન રૂપ જ્યારે ધરીશ હું, કમળાધન વળી થાઇશ તું. ॥૪૫૮ ॥ પુસપ થાશે તારો પ્રધાન, જયદેવ થાશે એનું નામ. ॥ ૪૫૯ ॥ એણી-વારે હું વરદઇશ, જ્યારે મારી દુષ્ટને રાજ્ય લઇશ. ॥ ૪૬૦ ॥ ગંધ, દમની ઉપરે દયાકરી, એમને વરવાળી આપો શ્રી હરિ. ॥ ૪૬૧ ॥ ગંધર્વ પ્રત્યે બોલ્યા ત્રીભો-વન ધણી, દમન માતા થાશે તુજતણી. ॥ ૪૬૨ ॥ કમળાપતી તે તારૂં નામ, જ્યારે સહસ્ત્ર અર્જુનનાં ફોડીશું ઠામ. ॥ ૪૬૩ ॥ હું જીતી દહિંતને આવીશ

આણીવાર, તમે આવશો સર્વે પૃથ્વી મોઝાર. ॥ ૪૬૪ ॥ એવાં વચન શ્રી હરિ એ કીધાં જાણુ, ચારે વચન લઇ પાછા વળ્યા નિર્વાણ. ॥ ૪૬૫ ॥ આગળ શંખવો નાઠો જાય, પુંઠે દોડે ત્રીભોવનરાય. ॥ ૪૬૬ ॥ દહિંતને બાણ મેલે ભરી, સર્વેને વર આપે શ્રી હરિ. ॥ ૪૬૭ ॥ આગળ આવે સત્યપાતાળ, વળી શંખવો ઉભો તેણે ઠાર. ॥ ૪૬૮ ॥ અનંત દહિંતસું યુદ્ધ જો કરે, અને ભકતું તણા કારજ સરે. ॥ ૪૬૯ ॥ ત્યારે બોલ્યો દહિંત વચન એહ, શા માટે શ્રી હરિ આવો છો તેહ. ॥ ૪૭૦ ॥ જાણ્યું નથી આગળ જવાનું ઠામ, વચન એક બોલ્યો તેણીવાર. ॥ ૪૭૧ ॥ ત્યારે નાસીને પૃથ્વીમાં ગયો, અને જઈ કનકાસુરની સભામાં ગયો. ॥૪૭૨॥ સત્યગોર બોલ્યા આગમ વાણ, જે શ્રી હરિ તણાં હું કહું વખાણ ॥ ૪૭૩ ॥ સત્યગોર કહે છે એ નિર્વાણ, અને સત્યવાદી જીવનાં કરૂં વખાણ. ॥ ૪૭૪ ॥ સાંભળો રૂખેસરો સત્યગોર કહે, એવા જીવ સત્યવાદી લોક કહે. ॥૪૭૫॥ પણ તેમાં લોકને એવી ચાલ, જયાં બ્રહ્મા, વિષ્ણુ લઇ આવે અવતાર. ॥ ૪૭૬ ॥ સત્યગોર વાણી બોલ્યા અપાર, ભાઇ ચૌદલોકના જીવ ઓધરે પૃથ્વી મોઝાર. ॥ ૪૭૭ ॥ જેમાં ઇશ્વર થઇ આવે છે અંશ, જેમાં બ્રહ્મા વિષ્ણુના છે વંશ. ॥ ૪૭૮ ॥ તેણે વંશે જે થાય અવતાર, તે સર્વે જીવનો કરે નિસ્તાર ॥ ૪૭૯ ॥ તે ધરી અવતારને આવે અહિંયાં, ને તે જીવો કારણ પૃથ્વી માંય ॥ ૪૮૦ ॥ આદે વાચા દીધી છે જેહ, આદ વચન સાંભળી આવે છે તેહ. ॥ ૪૮૧ ॥ આદિ વચનસું દીધી વાચા કાંય ભૂલો છો તમે, સાંભળીને આવું છું અમે. ॥ ૪૮૨ ॥ જો દીધી વાચાઓ ભૂલી જાવ, તો સત્યગોર કહે તમે દુખીયા થાવ. ॥ ૪૮૩ ॥ તમે જાણો છો જે બ્રહ્મા આવે છે અહિંયા, અને બ્રહ્મા, વિષ્ણુ વસે છે ચૌદલોકમાં. ॥ ૪૮૪ ॥ સર્વે લોકનું અમે ઉતારૂં છું પાપ, અને તે લોક જપે છે અમારો જાપ ॥ ૪૮૫ ॥ જે અમારૂં સત્યગોર નામ, તો કહી જુજવા જાપ ને જુજવાં ઠામ. ॥૪૮૬॥ સત્યગોર વિનતી કહે ઘણી, સાંભળો કથા રાજા કનકાસુર તણી ॥ ૪૮૭ ॥ એક ટોળનાં જીવ જેહ, તે સર્વે મળશે સ્વર્ગમાં તેહ. ॥ ૪૮૮ ॥ જેણે ઓળખ્યા અમારાં તન, તો અમે દીધું તેને સત્યવચન ॥ ૪૮૯ ॥ તેણે વચને બાંધ્યા અવતરૂં છું આંહે, અને સર્વે જીવ ઓધારવા છે પૃથ્વી માંહે- ॥ ૪૯૦ ॥ જયાં કુળ હશે જેનો વાસ, અમારા જીવતો હશે અમારે પાસ. ॥ ૪૯૧ ॥ એવી વાણી સત્યગોર કહે, અમારા જીવ તે અમારી પાસે રહે. ॥૪૯૨॥ ત્યાં જઈને શંખાસુર શું કરે, પ્રથમ ચાલી સભામાં સંચરે. ॥ ૪૯૩ ॥ ત્યારે શ્રી હરિ ત્યાં શું કરે, જે અનંત કળા પુરણ ધરે. ॥૪૯૪॥ ત્યાં દહિંત રાજાની સભામાં

ગયો, અકળીત બળથી એ અછતો થઈ રહ્યો. ॥ ૪૯૫ ॥ ત્યારે શ્રી હરિ સભામાં જાય, ત્યારે ત્યાં શ્રી હરિના મનમાં એવું થાય. ॥ ૪૯૬ ॥ જ્યારે પૃથ્વીને માર્ગે બેઠા દેવ, ત્યારે ગાંદ્રવ મળી આવીઆ તરતવખેવ. ॥૪૯૭॥ ત્યાં દેવે એક કુદરતી સર્પ જો વસ્યો, તે સર્પ જઇ માદળીયાને ડસ્યો. ॥૪૯૮॥ ત્યાં માર્યો માદળીયો સર્પે ડસ્યો, અને ગોર પરવારી ચસ્યો. ॥૪૯૯॥ ત્યાં ગાંદ્રવ ખેલ કરતા ભયા, તે કારણ શ્રી હરિ સાથે ગયા. ॥૫૦૦॥ ત્યાં ગાંદ્રવના મનમાં એવી ફીકર જો થાએ, અને માદળીઆ વીના માદળ કોણ બજાય. ॥૫૦૧॥ ત્યારે શ્રી હરિ બોલ્યા મનમાં એ વિચાર, તમે કહો તો માદળ બજાવું અપાર. ॥ ૫૦૨ ॥ ત્યારે ગાંદ્રવ બોલ્યા તરતવ ખેવ, તું માદળનો શું જાણે ભેવ. ॥૫૦૩॥ ત્યાંહ ત્રીભોવનીરાય એમ જો કહે, સતરાય નામનો ગાંદ્રવ રહે. ॥૫૦૪॥ તેને દ્વારે તે ત્રુઠયા સહી, ત્યાંથી માદળની પેહેરજો લઇ ॥૫૦૫॥ ત્યારે ગાંદ્રવ બોલ્યા તેણી વાર, હવે આપણું કારજ સર્યું અપાર. ॥૫૦૬॥ ત્યારે ગાંદ્રવ ખેલ કરતા તરતવ ખેવ, અને તે ત્યાં બેઠા કનકાસુરને ઘરે દેવ. ॥૫૦૭॥ ત્યાં જઇને કીર્તનનું મંડાણ, ત્યારે શંખવો દાણવ બેઠો જાણ. ॥ ૫૦૮ ॥ ત્યાં રાગ, તાન નો માંડયો અભ્યાસ, ત્યારે માદળ લઇ કરી બેઠા દાસ. ॥૫૦૯॥ ત્યારે શ્રી હરિ સભામાં ગયા, શ્રી હરિ આપે માદળીઆ થયા. ॥૫૧૦॥ ડેર એક બજાવી જ્યાંહ, ત્યારે ત્રણે ભવન ગજાવ્યા ત્યાંહ. ॥૫૧૧॥ ત્યારે માદળીઆ અચંબી રહ્યા, ત્યારે શંખાસુર મનમાં અચંબે રહે. ॥ ૫૧૨ ॥ જ્યારે માદળ બોલાવ્યો ધમ ધમકાર, ત્યારે કંપ્યા સાતે પાતાળ. ॥ ૫૧૩ ॥ જ્યારે મરદંગ નાદ બજાવે શ્રી હરિ, ત્યારે દેવે ત્રણ ભવનમાં ગર્જના કરી. ॥૫૧૪॥ ત્યારે શંખાસુર મનમાં એવું ધરે, જો માદળીઓ હોય તો આવું ન કરે. ॥૫૧૫॥ કનકરાજાએ જાણ્યું સહી, એ પ્રેમ પુરુષ એ માણસ નહી. ॥૫૧૬॥ કનકાસુર, કરણાસુર, વદયાસુર, અને વહેસુર, ચારે બંધવ જઈને શું કરે, લાગે પાયને શ્રી હરિની સેવા આચરે. ॥૫૧૭॥ સ્વામી તમે વસોછો પૃથ્વી માંહે, ધન ભાગ્ય જે પધાર્યા યાંહે. ॥ ૫૧૮ ॥ જે ઇચ્છા કરતા હતા અમો, તો કૃપાકરીને સ્વામી આવ્યા તમો. ॥૫૧૯॥ સ્વામી તમો આવ્યા છો દેવ, અમે શી તમારી કરીએ સેવ. ॥ ૫૨૦ ॥ ભલે શંખવો આવ્યો યાંહે, તો તમે પધાર્યા પાતાળ માંહે. ॥૫૨૧॥ જ્યારે તમે આવ્યા પાતાળ, ત્યારે અમને મુકિત થઈ દીન દયાળ ॥૫૨૨॥ સ્વામી કરી સ્થાપનાને આપો ધર્મ, અને ઉતારો અમારા જીવોના કર્મ ॥૫૨૩॥ ત્યારે પ્રેમે શ્રી હરિ પામ્યા આનંદ, અને શંખવાને કરવાં ફંદ. ॥ ૫૨૪ ॥ ત્યારે

ત્રીભોવન પતિએ દીધું વચ, અને કનકાસુરને સ્થાપ્યો હરિશ્ચંદ્ર ॥ ૫૨૫ ॥ તમે અમે એક કુળમાં થઇ, અને વાસ વસશું અમરાપુરમાં જઇ. ॥૫૨૬॥ સત્ય વચન ભાખું છું અમે, અને મુકિત કારણ રાજા કષ્ટ પામશો તમે. ॥૫૨૭॥ ત્રણ બંધવ હતા તેણે ઠાર, અને સર્જાવશું એકજ કુળ મોઝાર. ॥ ૫૨૮ ॥ હવે શંખવાને પકડવા જાય શ્રી હરિ, ત્યારે મોટે માર્ગે ચાલ્યો નીસરી. ॥ ૫૨૯ ॥ જ્યારે શંખાસુર નાઠો તેણીવાર, નાસતાં મનમાં કર્યો વિચાર. ॥ ૫૩૦ ॥ દહિંત કળા હીણુ જો થઇ, હવે શ્રી હરિ રસી પકડશે જહી. ॥ ૫૩૧ ॥ તે પાતાળ માંહે ભૂતળદેશ, ત્યાં જઇ શંખવે મેલ્યો વેશ. ॥ ૫૩૨ ॥ ભાંગ્યું બળને કંપ્યો મન, હમણા મારૂં ભાંગશે તન. ॥ ૫૩૩ ॥ ભૂતળ દેશને ભેદ નગર કાવે જ્યાંહ, રાજા મચ્છરાજ રાજ કરે છે ત્યાંહ. ॥ ૫૪૪ ॥ એ રાજા મચ્છરાજ રાજ કરે છે જ્યાંહ, શંખાસુર જઈને સંચર્યો ત્યાંહ, ॥ ૫૩૫ ॥ તે રાજા સત્યવાદી એક, અને વળી મહા તપ કીધા અનેક. ॥ ૫૪૬ ॥ તેણે અનેક અગ્નીની આંચ, તે તો પામ્યો પુત્ર પાંચ. ॥ ૫૩૭ ॥ પાંચે પુત્ર એક મન શું વિચાર, માત પિતાની તે સેવા આચરે સાર. ॥ ૫૩૮ ॥ એવું તેણે જાણ્યું જ્ઞાન, અને સેવા તણું તેણે લીધું નામ. ॥૫૩૯॥ એ પાંચે બંધવની એવી રીત, અનેક પેરે પાંચે બાંધી પ્રીત. ॥ ૫૪૦ ॥ મહા સંતોષે પાંચે રહે, અને પોતાનો ગુણ તે કોઇ ને ન કહે. ॥૫૪૧॥ ધર્મ તણું જે કરે આર, અને એક મનના થઇને એક વિચાર. ॥ ૫૪૨ ॥ એકને એવી વાણી કહી, તો પાંચેને મન આવે સહી. ॥ ૫૨૩ ॥ જયાંહ સકળ સભા બેઠી છે ત્યાંહ, ત્યાં વેદ વાંચે દહિંત ત્યાંહ. ॥ ૫૪૪ ॥ રાજા અને પુત્ર બેઠા છે સોય, તેસું દહિંત શંખાસુર બોલ્યો છે જોય. ॥ ૫૪૫ ॥ હું લાવ્યો છું ગોર બ્રહ્માના વેદ, તેનો તમે સુણોને ભેદ. ॥૫૪૬॥ હું આવ્યો તમ સરણે રાખો મારી લાજ. પુઠે શ્રી હરિ અવે છે મારે કાજ. ॥૫૪૭॥ ત્યારે કુંવર કહે છે એમ, તું ગોર બ્રહ્માના વેદ લાવ્યો છે કેમ, ॥૫૪૮॥ તે કુંવરે વિચાર્યું સત્યજો ભાય, જે નારાયણનો ચોર તે રાખ્યો નવ જાય. ॥ ૫૪૯ ॥ ત્યારે દહિંત મનમાં વિચાર જો ધરે, ચારે વેદ નિર્ણય કરે ॥૫૫૦॥ જયારે વાંચી વેદને વિચાર કરે, ત્યાં નારાયણ દેવ આવી સંચરે. ॥૫૫૧॥ તે સમય શ્રી હરિ સભામાં ગયા, અને જઇને બાહેર ઉભા રહ્યા. ॥૫૫૨॥ ત્યારે મચ્છ રાજાને થયું જાણ, શ્રી હરિ આવ્યા તે સહિ પ્રમાણ. ॥ ૫૫૩ ॥ ત્યારે રાજા સામે આવ્યા જેહ, અને પાંચે પુત્ર સાથે તેહ. ॥૫૫૪॥ આવી શ્રી હરિને લાગ્યા પાય, વચન વદો ત્રીભોવનીરાય, ॥૫૫૫॥ ત્યારે ત્રીભોવનીરાયે વાણી કહી, ચોર

મારો આવ્યો છે આંહી. ॥૫૫૬॥ ચોર મારો દેખાડશે જેહ, મુકતા ફળ પામશે તેહ. ॥૫૫૭॥ મગની દેવ નામે જેહ, પાંચમાં વડેરો તેહ. ॥૫૫૮॥ તેણે વચન કહ્યું તેણીવાર, તે ચોર આવ્યો છે અમારા ઘર મોઝાર. ॥૫૫૯॥ ત્યારે શ્રી હરિ તમો ધાઓ સર્વે મળી, રખે ચોર જાય ટળી. ॥૫૬૦॥ ત્યારે મગનીદેવ બોલ્યો એહ, સ્વામી ચોર ટળે તો પાડું દેહ. ॥૫૬૧॥ શ્રી હરિ કહે, દહિંતનો ભેદ આપો મુને, તો મન વાંચ્છનતા ફળ આપું તુને. ॥૫૬૨॥ જો સ્વામી સુજને આપો કોલ, તો અમે દેખાડું દહિંતનો ઠોર. ॥૫૬૩॥ શ્રી નારાયણદેવ બોલ્યા મુખવાણ, એવાં વચન વિષ્ણુંએ કહ્યાં જાણ. ॥૫૬૪॥ સુણી વચનને ત્રુઠયા બ્રહ્મ, તારૂં નામ યુધિષ્ઠિર સ્થાપ્યું ધર્મ ॥૫૬૫॥ થાબડી પુંઠને મસ્તકે દીધો હાથ, અને દેશું કષ્ટ પણ લેશું અમરાપુર વાસ. ॥ ૫૬૬ ॥ એવાં વચન સુણ્યા તેણીવાર હો રાય, ચારે બંધવ લાગ્યા શ્રી હરિને પાય. ॥ ૫૬૭ ॥ ત્યારે શ્રી હરિ બોલ્યા તેહ, પાંચે એકમનના થાશો પૃથ્વીમાં જેહ. ॥૫૬૮॥ છેલ્લો યુગને ઉતરતો અવતાર, અથર્વવેદનો પહેલો વિસ્તાર. ॥૫૬૯॥ લેશું બુદ્ધા અવતારને નકલંકી જાણ, ત્યારે કોલ તમારો પાળીશું જ્યાંય ॥૫૭૦॥ તમો તણો કરશું વિસ્તાર ત્યાંહે, અને કોલ તમારો પાળીશું ત્યાંહે. ॥૫૭૧॥ શ્રી બુદ્ધા અવતાર લેશું જ્યાંહે, ત્યારે કોલ તમારો પાળીશું ત્યાંહ. ॥૫૭૨॥ કરી પ્રણામને દોડયો શંખવા ભણી, દહિંતે કળા કીધી ઘણી. ॥૫૭૩॥ ત્યાંથી શંખાસુર નાસી ગયો, મહા પાતાળમાં જઈને રહ્યો. ॥૫૭૪॥ સત્યગોર હસીને બોલ્યા આગમ વાણ, અને સુણી લેજો તમે જાણ સુજાણ. ॥૫૭૫॥ જેણે સજર્યા ચૌદેભવન ને માંડયાં મંડાણ, તેશું કરૂં શ્રી હરિના વખાણ. ॥૫૭૬॥ અનંત કળા દહિંતમાં હોય, જેણે સજર્યા તે મારે સોય ॥ ૫૭૭ ॥ મહા પાતાળમાં શંખવો ગયો, સુરજમલ રાજાની સભામાં રહ્યો. ॥૫૭૮॥ સુરજમલ રાજા કહાવે જેહ, અને દહિંત ઉપાસની કહી એ તેહ. ॥૫૭૯॥ વૃતે દહિંત તણા કરે, ધ્યાન, ઉપાસના રાક્ષસનું ધરે. ॥૫૮૦॥ દાણવ કુળના કરે વિવેક, ચંદ્રસેન રાજાનો પુત્ર એક ॥૫૮૧॥ પુત્ર પિતાને નવ બને લગાર ભકિત કારણ થાય વઢવાડ. ॥ ૫૮૨ ॥ નગર લોક સર્વે કહેવા મળે, તે આગળ વચન કોનું નવ ફળે. ॥ ૫૮૩ ॥ શંખવોને શ્રી હરિ બે ત્યાં ગયા, રાજાને દ્વારે ઉભા રહ્યા. ॥૫૮૪॥ રાજા દહિંતને રાખી રહ્યો, અને કુંવર દોડોને શ્રી હરિ પાસ ગયો. ૫૮૫॥ ભાંખેવાણીને શ્રી સત્યગોર હસે, એવા લોક તે પાતાળે વસે. ॥૫૬૬॥ સદ્‌ગોર કહે સાંભળશો તમો, જાણું છું પણ કહું છું અમો. ॥૫૮૭॥ સુણી લેજો

તમે જાણ સુજાણ, મુક્તિ કારણે સર્વે માંડયું મંડાણ. ॥૫૮૮॥ જે લોકમાં મુકિત જો નહિ, સત્યગોર કહે ત્યાં શું કરવું જઈ. ॥૫૮૯॥ ત્યાં પુત્ર પિતાને પડયો વાદ, અને ચંદ્રસેન, અને સુરજમલ્લ રાજ, ॥ ૫૯૦ ॥ કહે શંખવો સુણો સુરજમલ્લરાજ, અને તુજથી રહે દહિંત કુળની લાજ. ॥૫૯૧॥ અનેક દેશ મેલી આવ્યો છું હું, અને રૂદર કુળ માંહે અવતર્યો છે તું. ॥૫૯૨॥ મેં લીધા વેદને વસાવ્યું વેર, શ્રી હરિ આવે મારા માટે તુજ ઘેર. ॥ ૫૯૩ ॥ જો તું બળ બાંધે બળવંત, તો જાય ફરીને ને આપણને થાય આનંદ. ॥ ૫૯૪ ॥ એ છે એકલા ને સાથે તારો કુંવર છે જોડ, અને મારે સાથે દહિંત છે છાસટ કરોડ. ॥ ૫૯૫ ॥ બાંધી બળતે દહિંતની રીત, દહિંત કુળની જો એ પ્રતિત ॥ ૫૯૬ ॥ તુજ આગળ હોશે એહ, તુજતે ગાંજી જાશે તેહ. ॥૫૯૭॥ ભણી મંતરને હોકારે દહિંત, તારા કુંવર તણી જો રીત ॥૫૯૮॥ સદ્દગોર કહે આગમ કથા, સુરજમલ, શંખવો થાશે મીથ્યા. ॥ ૫૯૯ ॥ ત્યારે શંખવો રાજા સુરજમલને કહે, કે તું રાખે તો દહિંત તુજ પાસે રહે. ॥ ૬૦૦ ॥ ત્યારે ચંદ્રસેન બોલ્યા તેણીવાર, અહિયાં દહિંત નહિ રખાય લગાર. ॥ ૬૦૧ ॥ દહિંત રાખી અમે શું કરૂં, વિષ્ણુ આગળ કયાં જઇ રહું. ॥ ૬૦૨ ॥ નાઠો માર્ગે પૃથ્વી માંહે , એ આગળ નાસી જાશે કયાંએ ॥૬૦૩॥ અને સૂન તણો આવ્યો વિસ્તાર, તે માટે તુને મારશે નિર્ધાર. ॥૬૦૪॥ જઈ શ્રી હરિ તણે લગો, પાય, એ થકી તારો ઓધાર થાય. ॥૬૦૫॥ સુણી શબ્દને દહિંત ક્રોધે ચડયો, અને ઘણી રોશ, ને બહુ બળે ભયો. ॥૬૦૬॥ તો બ્રહ્માજી જીત્યા તેણીવાર, અને જીતી શકતો તૃતવ કાળ. ॥૬૦૭॥ જીતવા વિષ્ણુને રાખું તાન, જેણે મુને આપ્યું છે વરદાન. ॥૬૦૮॥ જીત્યા વેદ, વિધાતા સૌ, જે બ્રહ્મ, પાસે હતાં બહુ. ॥ ૬૦૯ ॥ જઇ શ્રી હરિને લાગે પાયને શ્રી હરિ દોડી આવ્યાં જ્યાંય, સર્વે જીવ હતાં જ્યાંય. ॥૬૧૦॥ મને નારાયણે કહ્યું ફરમાન, ત્યારે મેં સૌના ઉતાર્યાં માન. ॥૬૧૧॥ એવું વચન કહું છું અમે, અને જાવ પાછા વળી વિષ્ણુ તમે. ॥૬૧૨॥ જે યુદ્ધ તણું રાખોછો જોર, તો હું રાખું છું દહિંત છાસટ કરોડ. ॥૬૧૩॥ એવી વાત શંખવો કહે છે કથી, જો તમે મને નિપજાવ્યો નથી. ॥૬૧૪॥ જેણે નિપજાવ્યો છે તેનો હું દાસ, તેની આજ્ઞા હોય તો હું આવું તમારી પાસ. ॥૬૧૫॥ એવું ચંદ્રસેન પ્રત્યે કરે વખાણ, જઇ શ્રી હરિને કરો જાણ. ॥૬૧૬॥ ત્યારે આવ્યા ચંદ્રસેન શ્રી હરિની પાસ, અને દહિતના વચન કહ્યા પ્રકાશ. ॥૬૧૭॥ ત્યારે સ્વામી દુષ્ટ ક્રોધે ભર્યો, જઈ રાજા સુરજમલની પાસે રહ્યો. ॥૬૧૮॥ અહંકાર બહુ કરે છે એહ, અને અંનત વચન

મારૂં નથી માનતો તેહ. ॥૬૧૯॥ કહે છે, "મેં સર્વે જીત્યાં," "ત્યારે તમે વળી હોતા ક્યાં." ॥૬૨૦॥ શાને કારણ વળી તમે દુખીયા થાવ, તમે વળી નારાયણ પાસે જાવ. ॥૬૨૧॥ ત્યારે શ્રી હરિ બોલ્યા તેણી વાર, સુણો ચંદ્રસેન કહું વિચાર ॥ ૬૨૨ ॥ અમને નારાયણે આપ્યું ફર્માન, અમને કીધા આપ સમાન, ॥ ૬૨૩ ॥ આપ માંહેથી ઉપાય અમે, અને કહ્યું સંસારમાં જાવ તમે ॥૬૨૪॥ અમનેવૈકુંઠ સર્વે કૈલાસ, આપ્યા બ્રહ્મા કેરા વેદ પ્રકાશ. ॥૬૨૫॥ જે કોઇ પુજશે તમારા પાય, તેણે ઓળખ્યા ત્રીભોવન રાય. ॥૬૨૭॥ પોતા તણું અમને આપ્યું છે જોર, પ્રભુએ દહિંત હણ્યા છાસટ કરોડ. ॥૬૨૭॥ ચંદ્રસેન રાજા પ્રત્યે બોલ્યા શ્રી હરિ, નારાયણના વચન માન્યા ફરી. ॥૬૨૮॥ ચોકડીના યુગ કીધા ચાર, એવો અમને સોંપ્યો વિસ્તાર. ॥૬૨૯॥ જુઓ ચંદ્રસેન શું થશે, એ દુષ્ટ મુજ આગળ થી ક્યાં જશે. ॥ ૬૩૦ ॥ ભાંગી ભીડને નાખું પાતાળ, અને ચઉદે બ્રહ્માંડ કરૂં એકાકાર. ॥૬૩૧॥ જો હું નારાયણ તણું છે તેજ, તો મારી દહિંતને કરૂં નખેદ. ॥૬૩૨॥ જે સૃષ્ટિ બ્રહ્મા તણી, તે દુષ્ટે કષ્ટી છે ઘણી. ॥૬૩૩॥ મુકિત કારણ અમને આપ્યો ભેદ, અખંડવાસ રાજા રાખો તેહ. ॥૬૩૪॥ જે વાસે અમે આપો આપ, સૃષ્ટી તણો મુકાવા પાપ. ॥ ૬૩૫ ॥ આણી વિશ્વાસ ને જે જપે અમારો જાપ, તેને અમે મળીશું આપો આપ. ॥૬૩૬॥ એ ફર્માન લાવ્યો છું સહિ એવી વાત ત્યાં શ્રી હરિએ કહી. ॥૬૩૭॥ તારા પિતાથી તું અળગો રહે, એમ ચંદ્રસુર પ્રત્યે શ્રી હરિ કહે. ॥૬૩૮॥ મારે ચઉદે લોકમાં જપાવવો જાપ, પૃથ્વી ઉપર મેલાવવું પાપ ॥૬૩૯॥ મુને ધરવા છે દશે અવતાર, દહિંત હણવા કરવો નિસ્તાર. ॥૬૪૦॥ જીવને વાચા દીધી આંહે, તે સર્વેને લેવા છે મૃત્યુલોકની માંહે. ॥૬૪૧॥ એ દુષ્ટ થશે દસ વાર, મારે હાથે થશે સંહાર. ॥૬૪૨॥ ચંદ્રસેન લાગ્યો શ્રી હરિને પાય, સ્વામી તમો આગળ એ ક્યાં જાય. ॥૬૪૩॥ અમને વર દેશો સ્વામી તમે, અને આશા કરીને બેઠા છીએ અમે. ॥ ૬૪૪ ॥ ત્યારે ત્રુઠયા દીન દયાળ, ચંદ્રસેન ઉપર ત્રુઠયા દેવ મોરાર. ॥૬૪૫॥ તેડી પાસેને દીધી બાંય, કમળ કુંવર કીધો ત્યાંય. ॥ ૬૪૬ ॥ અસુર મંત્ર વળી હોતા જેહ, અને વળી સર્વે ઉથાપ્યો તેહ. ॥૬૪૭॥ સુર્ય મંત્ર નો કીધો ઠામ, દહિંત કુળનું આપ્યું વિશ્રામ. ॥ ૬૪૮ ॥ ત્યારે શંખને વિચાર્યું મન, અને સુરજમલને પુછે તન. ॥ ૬૪૯ ॥ જાવ રાજા શ્રી હરિ પાસે તમે, અને સત્યપ્રકાશને કહું છું અમે. ॥૬૫૦॥ ચંદ્રસેન શ્રી હરિ પાસે ગયો, તે ફરીને પાછો આવ્યો. ॥ ૬૫૧ ॥ જઇને તમે પૂછો વિચાર, એ

શું કરવાના છે વિસ્તાર. ॥૬૫૨॥ કેવે પરાક્રમે ઉભા શ્રી હરિ, તે વાત તમે લાવો ફરી. ॥૬૫૩ સુરજમલ શ્રી હરિ પાસે ગયો, લાગીપાયને ઉભો રહ્યો. ॥ ૬૫૪ ॥ રાજા પ્રત્યે શ્રી હરિ બોલ્યા ત્યાંય, ચોર અમારો છે કયાંય. ॥૬૫૫॥ રાજા જો ચોર અમારો મુજને આલ, નહિતો તોડીશ, પૃથ્વીને સાતે પાતાળ. ॥૬૫૬॥ મારે સૃષ્ટી તણું કરવું કામ, અને દહિંત તણું તે ફેડવું ઠામ. ॥૬૫૭॥ જે શંખ છે એને હાથ, તે કારણ કરીશ ઉત્પાત. ॥ ૬૫૮ ॥ એવું શ્રી હરિ રાજાસું કહે, શંખવો તારે હાથ નહિ રહે. ॥૬૫૯॥ શ્રી હરિ કહે મારે વેદ લઇ જવા પૃથ્વી માંહે અને શંખવા કારણ હું આવ્યો છું યાંહ. ॥૬૬૦॥ મુને પ્રસન્ન થયા છે મહારાજ, એ વેદ શંખવાથી લેવાને કાજ. ॥૬૬૧॥ હવે નથી આગળ જવાનું ઠામ, કયાં જઈને છુપાડશે નામ. ॥૬૬૨॥ ત્યારે ફરી રાજા હરિ શું કહે, સ્વામી તમોથી નાસીને કયાં રહે. ॥૬૬૩॥ એકવાર મેલીજો જાવ, એને કાજે દુઃખી કયાં થાવ ॥૬૬૪॥ ત્યારે શ્રી હરિ ક્રોધ કરીને બોલ્યા તેણીવાર, તું કોડીઓ થઈ ને અવતર જે રાજાને દ્વાર. ॥૬૬૫॥ દહિંત રાજા જો કરે રાજ, ત્યારે દહિંત દ્વારે તું કોડીઓ થઈ ને રહે આજ. ॥૬૬૬॥ જો તું અમું ઉપર નહિ ધરે હેત, તો તને કષ્ટ પમાડીશ તેહ. ॥૬૬૭॥ એવું વચન કહ્યું શ્રી હરિએ જાણ, અને કોડીઓ, પોળીઓ થઇ રહો યાંય. ॥૬૬૮॥ દહિંત તણો પોળીઓ જેહ, અને શુરજમલ રાજા હતો તેહ. ॥૬૭૯ ॥ સત્યગોર બોલ્યા આગમ વાણ, કહો અકર્મી રાજાના શું કરૂં વખાણ. ॥૬૮૦॥ સત્યગોર બોલ્યા આગમ કથ, સુરજમલ ત્યાં કીધો મીથ્યા. ॥૬૮૧॥ જ્યારે શ્રી હેરિ પાતાળે ગયા, અને દશરાજાને વર આપ્યા, ॥૬૮૨॥ પુત્રને આપ્યું વૈકુંઠનું રાજ, પિતાને રાન્યો નિર્ધાર. ॥ ૬૮૩ ॥ સત્યગોરવાણી આગમ કહે, કર્મ હીણા તે કેમ રહે. ॥ ૬૮૪ ॥ અકર્મીનું જાય ઇમાન, અને સકર્મીને સવળું જ્ઞાન. ॥ ૬૮૫ ॥ કોનો પુત્રને કોનો પિતા, અને કર્મ સાથે લાગ્યો વિવાદ. ॥ ૬૮૬ ॥ ત્યારે શંખવે વિચાર્યું મન, હવે નથી જાવાનું ઠામ. ॥ ૬૮૭ ॥ ત્યાંથી શંખાસુર નાસી ગયો, સત્ય પાતાળે જઇને રહ્યો. ॥૬૮૮॥ કંપે શરીરને ધ્રુજતો ગયો, જઇ શંખોદર બેટમાં શંખલો થઇને રહ્યો. ॥૬૮૯॥ તો શંખમાં ઘાલ્યું તન, અને સર્વે દહિંત દીઠા એક મન ॥૬૯૦॥ કે જઇ પેઠો સમુદ્ર મોઝાર, ત્યારે વિષ્ણુ ચાલી ગયા તેણી ઠાર ॥૬૯૧॥ જ્યારે નાસી દહિંત સમુદ્રમાં પેઠો તત્વખેવ, ત્યારે પાછળથી ચાલ્યા નારાયણ દેવ. ॥૬૯૨॥ જ્યારે પૂંઠળ શ્રી હરિ નીસર્યા તેહ, ને સમુદ્ર તીરે જઈ સંચર્યા તેહ. ॥ ૬૯૩ ॥ આગમ અગોચર સર્વે ચરિત્ર કીધાં જાણ, તે સ્વામી એ

કર્તા યુગમાં મચ્છરૂપ લીધા પ્રમાણ. ॥૬૯૪॥ ત્યારે ત્યાં દહિંતે ધર્યો શંખમાં અવ-
તાર, ત્યારે શ્રી હરિ મચ્છ થયા તેણીવાર. ॥૬૯૫॥ જ્યારે શ્રી હરિ તે મચ્છ રૂપે
થાય, દહિંત દુષ્ટ મારા વેદ લઇ કયાં જાય. ॥ ૬૯૬॥ તું મેલ વેદ નહિ તો મરીશ
કર ધરી, ત્યાં એવા વચન બોલ્યા શ્રી હરિ ॥ ૬૯૭ ॥ ત્યાંથી દહિંતને નાસવાનું
ન રહ્યું ઠામ, તે જઈ પેઠો સમુદ્ર મુકામ ॥ ૬૯૮ ॥ તે શંખલો થઇને સમુદ્ર બેટ
માંહે રહ્યો, ત્યારે શ્રી હરિ મચ્છરૂપ લઇને સમુદ્ર બેટમાં ગયા. ॥ ૬૯૯ ॥ જ્યારે
શંખાસૂર નાસી સમુદ્રમાં ગયો, ત્યારે શ્રી હરિ કહે ભલો ભલો તું ઉભો રહે.
॥૭૦૦ ॥ જો તું ચાર વેદ ને એક જો કરે, તો તુજ સામે કોઇ ના લડે. ॥ ૭૦૧ ॥
જ્યારે શ્રી હરિ તણી સદગોરે કહી કથા, જુઓ શંખવો થાય છે મીથ્યા. ॥૭૦૨॥
સાતમા પાતાળની કોરે ગયા, અનંતકળા લઇને રહ્યા. ॥૭૦૩ ॥ મચ્છરૂપ શ્રી હરિ
એ લીધું સહિ, ને શંખવો દાણવ પકડયો જઇ. ॥ ૭૦૪ ॥ જ્યારે શ્રી હરિએ જઇને
પકડયો હાથ," અને પૂછી સર્વે પૂર્વની વાત ॥૭૦૫॥ અકળીત બળ હારી કયાં
ગયો, અને દેખી શ્રી હરીનું બળ આધીન થયો. ॥૭૦૬॥ તારૂં બળ હોય તે કર
પ્રકાશ, અને કઈ વેળાએ તું દહિત જો થાશ. ॥ ૭૦૭॥ ફરી ટાણું નહિ આવે
જેહ, અને શ્રી હરિ પ્રકાશીને બોલ્યા તેહ. ॥ ૭૦૮॥ ત્યારે કરજોડીને લાગ્યો પાય,
ક્ષમા કરો તમે ત્રીભોવન રાય. ॥૭૦૯ ॥ ત્યાં દેવને પાય લાગીને વિનંતી કરી
ઘણી, તમે દયા કરો ત્રીભોવન ધણી. ॥ ૭૧૦॥ સ્વામી તમને સોપ્યું નારાયણે
ફરમાન, તમને કીધા છે આપ સમાન. ॥ ૭૧૧॥ તે માટે સ્વામી તમે સર્જ્યા
જીવને જંત, દેવ દહિતને ચઉદે ભવન. ॥૭૧૨॥ સ્વામી તમે રચના બાંધી જેણી
વાર, મુજ ઉપર દયા ધરો તમે દેવમોરાર ॥ ૭૧૩ ॥ સ્વામી પતિતને ઉગારો તમો,
ને કુળ ઓધારવા સર્જ્યા છે અમો ॥ ૭૧૪ ॥ સ્વામી દયા કરીને હણશો મુને
સર્વે ઓધારવા પડશે તમને ॥૭૧૫॥ સ્વામી ભાગ્ય વંતા સર્જ્યા છો અમો,
મુજને છેદવા આવ્યા છો તમો ॥ ૭૧૬॥ કરે અસ્તુતીને ઓળાંસે પાએ, શ્રી હરિ
દ્રષ્ટીમાં સમાતો જાય. ॥૧૧૭ ॥ ભાવ ભકિત ધરે મન, અને મસ્તકે ધરે છે પોતાનું
તન. ॥૭૧૮॥ અનેક વચન કહે છે મુજને, પણ શંખવા હું નહિ મેલું તુજને
॥૭૧૯॥ તુજને મારવા કારણ આવ્યો હું, અને શેને અસ્તુતી કરે તું. ॥ ૭૨૦ ॥
વાણી વેદ બોલ્યો છે તું, અને શણગાર શકિતના લેવા આવ્યો છું હું. ॥ ૭૨૧ ॥
સત્ય પ્રકાશીને બોલી મન, તું આલને મને ચઉદે રતન. ॥ ૭૨૨ ॥ પાંચે આભુષણ
આપજે મોય, અને પાંચે બ્રહ્માના તે અમને વ્હાલાં ઘણા સોય. ॥૭૨૩॥ તે સર્વ

ઉથાપી મેલો પાય; તો એ મેલ્યાં કેમ જાય. ॥ ૭૨૪ ॥ કરોડ ભકિતનો કરે ભાવ, અને મસ્તક મેલે શ્રી હરિ ને પાય. ॥ ૭૨૫ ॥ સ્વામી અમને મહાદેવે આપ્યું માન, મસ્તકે ચઢાવી કીધો મેરૂ સમાન ॥ ૭૨૬ ॥ જો બ્રહ્માએ કીધો અહંકાર, તે માટે અમે હર્યા વેદ ચાર ॥ ૬૨૭ ॥ શ્રી શકિત બહુ બળવંતા મન, તો મેં જઇને લીધાં રતન ॥ ૭૨૮ ॥ તમે કહેતા હતા જે હું છું કંઇક અવતાર, તો મેં લીધો તમારો શણગાર ॥ ૭૨૯ ॥ ત્યારે સદા શિવ ગયા શ્રી હરિની પાસ, જઇને વચન કહ્યાં પ્રકાશ. ॥ ૭૩૦ ॥ જ્યારે શ્રી હરિ એ તમો પર ધર્યું ઇમાન, દેવ દહિતના કરવા કામ ॥ ૭૩૧ ॥ જો સર્વે વસ્તુ લીધી હતી અમે, તો આપ સમાન કરીને નારાયણે મોકલ્યા તમે ॥ ૭૩૨ ॥ સ્વામી જો મેં કીધું કામ, તો ચઉદે લોકમાં પ્રકાશ્યું તણારૂં નામ. ॥ ૭૩૩ ॥ અવર કોઇ નહિ આપ, તો દેવ દહિતમાં જપાશે તમારો જાપ. ॥ ૭૩૪ ॥ ત્યારે એવું વચન શંખવો કહે, ત્યારે શ્રી હરિ ચિત્ત દઇ ને રહે ॥ ૭૩૫ ॥ સ્વામી મારા મસ્તક ઉપર ધરોને પાય, તો મારા કારજ શુદ્ધ થાય ॥ ૭૩૬ ॥ સ્વામી તમે ત્રણ મુરત એક જો છો, અને પંડ બ્રહ્માંડમાં એક જ લેખો ॥ ૭૩૭ ॥ ત્યારે ફરી શંખવાને શ્રી હરિ શું કહે, આ વસ્તુ તુજ પાસ નહિ રહે. ॥૭૩૮॥ ત્યારે વાત શંખવે કહિ, સ્વામી એ વસ્તુ હું રાખું નહિ, ॥૭૩૯॥ જો પુરો મારી આસ, તો થઇ જાઉં તમારો દાસ ॥૭૪૦॥ શંખવો બોલ્યો એથી જો કરી પ્રણામ, મને નીગમવાણીનું દેખાડો ઠામ ॥૭૪૧॥ ક્ષમા યાચીને સર્વે દુબળ થાય, અને દહિત તણો સર્વે મેલ્યો ભાવ. ॥૭૪૨॥ સર્વેમાં તમે છો દીન-દયાળ, તમે ઉગારી ને કરો પ્રતિપાળ ॥૭૪૩॥ જ્યારે શ્રી હરિએ વચન કહ્યું પ્રકાશ, મારે જાવું છે. નારાયણની પાસ. ॥૭૪૪॥ જો મોક્ષ તણો તુ કહે છે વિચાર પણ શકિત, બ્રહ્માનો રાખવો છે વ્યહવાર ॥૭૪૫॥ જો ઇચ્છા કરે છે તું, તો વર આપું છું હું ॥૭૪૬॥ ત્રુષ્ઠ મન થઇને બોલ્યા શ્રી હરિ, અને શંખાસુર ઉપર કૃપા કરી ॥૭૪૭॥ દહિંતે ત્યાં દેવને પાય લાગીને વિનંતી કરી, ત્યારે દેવ કહે માગ માગ શંખાસુર ત્રુઠયા શ્રી હરિ. ॥૭૪૮॥ આજ જે વર માગે તે અમે દઉં એવા વચન શ્રી હરિ બોલ્યા છે ત્યાંહે. ॥૭૪૯॥ સ્વામી હું એવું માગું દિનદયાળ જો મુજ કારણ તમો ધરો દશે અવતાર. ॥૭૫૦॥ સ્વામી કહ્યું તમારૂં નવ કરૂં આગળ તમારે હાથે મરૂં ॥૭૫૧॥ સ્વામી વેદ તમારા ના ઓચરૂં, અને તમો વિના બીજાથી નવ મરૂં. ॥ ૭૫૨ ॥ ત્યારે દહિંત બોલ્યો સ્વામી હું મનમાં એવું ધરૂં, જે દશે અવતાર લગી તુજ સાથે યુદ્ધ કરૂં.

૪

॥૭૫૩॥ ભકિત ભાવ તમારા જયાંહ ધરે, અને જઇને ભંગાણ પાડું ત્યાંહ મન ઠરે. ॥૭૫૪॥ જયાંહ વેદ તમારા ના કરે વખાણ, ત્યાં જઇને મારી દેવડાવું આણ ॥૭૫૫॥ ભજન કરી જે સમરે તુને, તે મેલી ભકિતને સમરે મુને, ॥૭૫૬॥ જો કોઇ લે તમારૂં નામ, ને તે જઇને મેલાવું તે મારૂં કામ, ॥ ૭૫૮ ॥ એવી કહી શંખવે શ્રી હરિ શું વાત, એવો વર દ્યોને દીનાનાથ. ॥૭૫૮॥ સૃષ્ટિ બ્રહ્મા ની મને માને સહુ, અને અવલ લગણ હું અમર રહું, ॥૭૫૯॥ વચન કોઈ ન ઉથાપે જેહ, મહાદેવ ને શકિત એહ. ॥૭૬૦॥ ચાર તમેને પાંચમો હું, એવો વર સ્વામી દેને તું. ॥ ૭૬૧ ॥ તો દહિંત પ્રત્યે શ્રી હરિએ કહ્યું, ત્યારે શંખાસુરને મન આવ્યું. ॥ ૭૬૨ ॥ તું રહેજે મહાદેવની પાસ, તે તને કરશે પોતાનો દાસ. ॥૭૬૩॥ કરાવી તપ ને દેશે વરદાન, ત્યાં તારૂં વધારશે માન. ॥ ૭૬૪ ॥ જો શંખવા તું કહે છે મુને, તો હું હણવા આવ્યો છું તુને. ॥૭૬૫॥ જે કોઈ મારો હોશે દાસ, જો તું તેની કેડે થાશ, ॥૭૬૬॥ તે ધરશે ભક્તિને આવશે અમારી પાસ, તો તુજ ને હું મારવાને થાશ. ॥ ૭૬૭ ॥ સ્વામી તમને કહું વિચાર, મુને મારીને આપો ઓધાર. ॥૭૬૮॥ ત્યારે કહે શ્રી હરિ સુણ શંખવા વાત, તું દહિંતને અમે નાથ. ॥૭૬૯॥ જાંબુ દ્વીપે યુગમાં અવતાર, તે નિર્મળ સૃષ્ટી તણો વિચાર.॥૭૭૦॥ છેલ્લી કળાને છેલ્લું રૂપ, અને મળશે સઘળા ભૂપ. ॥ ૭૭૧ ॥ આદે અંતનો એક અવતાર, ત્યારે તારો થાશે ઓધાર. ॥૭૭૨॥ ત્યારે શ્રી હરિએ એવાં વચન કહ્યાં જેહ, દહિંતે શીર ચઢાવી દીધાં તેહ. ॥ ૭૭૩ ॥ જ્યારે એવાં વચન શ્રી નારાયણ કહે, ત્યારે શંખાસુર ચિત્ત દઇને રહે. ॥૭૭૪॥ શંખોદર બેટને સાતમું પાતાળ, સત્ય તણી ત્યાં ઉઠે ઝાળ. ॥ ૭૭૫ ॥ ક્રોધે દહિંત પડયો જો ત્યાંય, અને શકિત રૂપ તેડાવ્યા ત્યાંય. ॥ ૭૭૬ ॥ જેમ જેમ શ્રી હરિ પાય દઇને ધરે, તેમ તેમ શંખવો અસ્તુતી કરે ॥ ૭૭૭ ॥ મહાદુઃખી થાવ છો શ્રી હરિ, અને પ્રેમે પ્રાણ જાશે નીસરી. ॥ ૭૭૮ ॥ કહે શ્રી હરિ દુઃખી નહિ થાઉં, તો તુજ કેડે સાને ધાઉં. ॥ ૭૭૯ ॥ મારૂં પરાક્રમ જો ન ઓચરૂ, તો તુજ માટે શાને અવતરૂં. ॥ ૭૮૦ ॥ ધરી અવતારને વ્હેર્યું શરીર, રૂધીર જેવું નદીના નીર. ॥ ૭૮૧ ॥ ત્યારે શ્રી હરિએ સમુદ્રમાં દહિંત મારીને પેટ ફાડયાં, ત્યારે દેવે પેટ માંહેથી વેદ ચારે કાઢયાં. ॥ ૭૮૨ ॥ જ્યારે શ્રી હરિ દહિંતનું પેટ ફાડીને વેદ લાવ્યા ચાર, ત્યારે સર્વે દેવ બોલ્યા જયજયકાર. ॥ ૭૮૩ ॥ તે દેવે માર્યો સમુદ્રમાં ધરી. ત્યાં મચ્છરૂપ લીધું શ્રી હરિ. ॥ ૭૮૪ ॥ મારી દહિંત ને રાખ્યું નામ, સુના લોકને કહ્યું બ્રહ્મજ્ઞાન.

॥ ૭૮૫ ॥ શંખવાથી દહિંત ગયો ટળી, અને શ્રી હરિ ત્યાંથી આવ્યા પાછા વળી. ॥ ૭૮૬ ॥ દહિંત માર્યો ને થયાં વખાણ, ચઉદ લોકમાં થયું જાણ. ॥ ૭૮૭ ॥ મારી દહિંતને શ્રી હરિ ગયા, અને જીતી દહિંતને ફરી આવીઆ. ॥ ૭૮૮ ॥ શક્તિ તણો પરવાર, સર્વે લોકમાં થયો જયજયકાર. ॥ ૭૮૯ ॥ બ્રહ્મા બેઠા હુતા સહી, ત્યાં તેમણે કહ્યું જઈ. ॥ ૭૯૦ ॥ સુણો રે બ્રહ્માજી દુત જો કહે, અને વેદ વીના પૃથ્વી કેમ રહે. ॥ ૭૯૧ ॥ લાવ્યા વેદને તમે અચિંતા થાવ, અને તે ના કારણ શ્રી હરિ પાતાળે ગયા. ॥ ૭૯૨ ॥ ત્યારે પાતાળે શ્રી હરિ એ શું કર્યું, દહિંત કારણ મચ્છરૂપ ધર્યું. ॥ ૭૯૩ ॥ ત્યારે શંખવો જઇને રહ્યો બેટ જો મહા, ત્યારે શ્રી હરિ એ જઇને ગ્રહ્યો ત્યાંય. ॥ ૭૯૪ ॥ જ્યારે ઝાલ્યો ત્યારે લાગ્યો પાય, અને ઓળખ્યા ત્રીભોવન રાય. ॥ ૭૯૫ ॥ જ્યારે આધીન થઈને અસ્તુતી કરી ઘણી, ત્યારે દીધો વર તેને હણી. ॥ ૭૯૬ ॥ તે માટે બ્રહ્માજી તમને કહું, તે દુષ્ટ જોઈ આવ્યો છું હું. ॥ ૭૯૭ ॥ તમારા સર્જાવ્યા તમારા દાસ, અને શ્રી હરિ આવે છે હમણાં તમારી પાસ. ॥ ૭૯૮ ॥ વિનંતી કરી સર્વે દુત ઉભા રહ્યા, ત્યારે પૂંઠળ શ્રી હરિ આવીયા. ॥ ૭૯૯ ॥ ત્યારે બ્રહ્માજીને મન થયો આનંદ, હરખ્યા દુતને, દેવ, ચઉદે ભવન. ॥ ૮૦૦ ॥ જ્યારે શ્રી હરિ મચ્છારૂપે, શંખાસુર મારીલીઆ, ત્યારે વેદ વાળી ગોર બ્રહ્મા કું દીઆ. ॥ ૮૦૧ ॥ ત્યારે શ્રી મચ્છરૂપ ધર્યું નારાયણ, વેદ કારણ તમે સારંગ પ્રાણ. ॥ ૮૦૨ ॥ શ્રી હરિ એ પેસી પૈંયાળ ને વાળ્યા વેદ, ત્યારે કેવળ બ્રહ્માને આલ્યા વેદ. ॥ ૮૦૩ ॥ સ્વામી સત્યગોર યુગમાં દીવો તમો, વેદે દીધી વાચા પાળીએ અમો. ॥ ૮૦૪ ॥ હણ્યો શંખવો ને કીધાં કાજ, ત્યાં શ્રી મચ્છરૂપ થયા મહારાજ. ॥ ૮૦૫ ॥ કર્તા યુગમાં શ્રી હરિ મચ્છ અવતાર, ત્યાંહ શ્રી મચ્છા રૂપે શ્રી હરિ પરવાર. ॥ ૮૦૬ ॥ જ્યારે બ્રહ્મા પૂછે વિષ્ણુને કહો, સ્વામી કેમ નિપન્યું તેહ. ॥ ૮૦૭ ॥ ત્યારે કહે શ્રી હરિ બ્રહ્મા કૃપા તમો તણી, અમો ઉપર ત્રુઠ્યા ત્રીભોવન ધણી. ॥ ૮૦૮ ॥ તે સહાયે અમે ગયા પાતાળ, અમને માન્યા દીન દયાળ. ॥ ૮૦૯ ॥ મચ્છ પાતાળ ગયા જ્યાંહ, એક ભક્ત અમને મળ્યા ત્યાંહ. ॥ ૮૧૦ ॥ તેમને મન ઉપન્યુ જ્ઞાન, તેને અમે દીધું ધર્મ દાન. ॥ ૮૧૧ ॥ ત્યારે દહિંતે ત્યાં શી કીધી પેર, ને સર્વે વસ્તુ રાખી પૃથ્વીને ઘેર. ॥ ૮૧૨ ॥ ત્યાં મચ્છ રાજાને ઘેર, અમે ગયા ત્યાં તેવે વેશ. ॥ ૮૧૩ ॥ ધરતી શંખાસુરને રાખવા થઇ, ત્યારે અમે ત્યાં પહોંચ્યા જઇ. ॥ ૮૧૪ ॥ ત્યારે શંખવે જાણ્યું આવ્યા ત્રીભોવન ધણી, ત્યારે લીધી વાટ શંખવે પાતાળ તણી. ॥૮૧૫॥

ત્રીજે પાતાળે પહોંચ્યો જઇ, તે યુદ્ધ ત્યાં માંડયો સહી. ॥ ૮૧૬ ॥ તેણે તો પરાક્રમ કીધાં અનેક, અને સર્વે દહિંતના કીધાં વીવેક. ॥ ૮૧૭ ॥ ત્યાં એવું કરે છે રાજ, તેનાં અમારે કરવાં કાજ. ॥ ૮૧૮ ॥ ભક્ત અમારો હતો એક, લાગી પાય ને પૂછયા વિવેક. ॥ ૮૧૯ ॥ ખંડના રાજા વસે પાતાળ, તેમણે ઓળખ્યા અમને દીન દયાળ. ॥ ૮૨૦ ॥ આવ્યા સામાં અમે હોતા જ્યાંહ, અમે વર દીધો વૈકુંઠનો ત્યાંહ. ॥૮૨૧॥ ત્યારે જઈને રહ્યો એ ચોથે પાતાળ, અને ત્યાં તળાતળ અંધકાર. ॥ ૮૨૨ ॥ ત્યાં રાજા હસ્તી કરે છે રાજ્ય, તે આવ્યો અમારે કાજ. ॥૮૨૩॥ ત્યારે તે ભક્તિ ભાવ કીધો છે ઘણો, અમે કરી આજ્ઞાને થયા સૌકાર્ય. ॥ ૮૨૪ ॥ એવી અસ્તુતી કરી બ્રહ્મા ને વિષ્ણું આગળ કહે, સ્વામી ચોર તમારો તમોથી કયાં જઇ રહે. ॥ ૮૨૫ ॥ સ્વામી અમે ગયા સત્ય પાતાળ, તમને માન્યાં દીન દયાળ. ॥ ૮૨૬ ॥ ત્યાંહ સત્યવાદી જીવ હતા ઘણા, કે સારા ભાગ્ય તે તણા. ॥ ૮૨૭ ॥ ત્યારે તમો કૃપાએ અમે આપ્યો વર, તેનો તમે શાંશો કરો. ॥ ૮૨૮ ॥ ખંડના ભક્ત હતા જેહ, અમારી પાસે આવ્યા તેહ. ॥ ૮૨૯ ॥ રસાતાળમાં અમે ગયા, સુરજમલ ઉથાપ્યો ત્યાંહ. ॥ ૮૩૦ ॥ ધબળંગ રાજાને થયું જાણ, તેણે ન લોપી અમારી આણ. ॥ ૮૩૧ ॥ સુરજમલ શંખવા શું થયો, તેને વળી અમે રાનીયો. ॥ ૮૩૨ ॥ વિષ્ણુ ત્યાં બ્રહ્મા આગળ કહે, અને શંખવો કોનો રાખ્યો નવ રહે. ॥૮૩૩॥ જ્યાંહ અભુષણ હોતાં શક્તિ તણા, તે ધરતીને ઘેર મેલ્યાં ઘણા. ॥૮૩૪॥ જે હોતો અમારો સણગાર, તે મેલ્યો સુરજમલને દ્વાર. ॥ ૮૩૫ ॥ અમે હણતાં તેને ન કીધી વાર, વેદ વાળી લીધાં તત્કાળ. ॥ ૮૩૬ ॥ ત્યારે હરખ્યા બ્રહ્માજી ભયો ઓમકાર, અને ચઉદ લોકમાં તે તેજ અપાર. ॥ ૮૩૭ ॥ સ્વામી હું ગયો સાતમે પાતાળ, મને નાગે માન્યાં દીન દયાળ. ॥ ૮૩૮ ॥ સર્વે લોકમાં થયું જાણ, મારી શંખાસુરને લીધાં પ્રાણ. ॥ ૮૩૯ ॥ વિષ્ણુ બ્રહ્મા શું કહે, અને સત્યપંથ ગોરસું જ્ઞાન જો ધરે. ॥ ૮૪૦ ॥ આદે સત્પંથ હોતા જેહ, પહેલાં યુગમાં મેલ્યા તેહ. ॥ ૮૪૧ ॥ કહે બ્રહ્મા સ્વામી સત્યપંથ વરો, અમો આગળ જઈએ, ને તમો અવતરો. ॥ ૮૪૨ ॥ નારાયણે મુને આલ્યું છે વર, જે તમોને માનશે તેની તમો સહાયકર. ॥ ૮૪૩ ॥ અમે જઇને દેખાડશું સંસારમાં જ્ઞાન, તમે આવશો ત્યારે અમારૂં વધશે માન. ॥ ૮૪૪ ॥ ત્યારે વિષ્ણુએ બ્રહ્માને કહ્યું, વચન તમારૂં મેં મસ્તકે ધર્યું. ॥ ૮૪૫ ॥ ત્યારે ત્યાંહ હોતા બ્રહ્માને આવ્યા મહાદેવ, ત્યારે ત્યાં આવ્યા શક્તિ કરે છે સેવ. ॥ ૮૪૬ ॥ ત્યારે ત્યાં ચારે સુરત કરે છે વિચાર, ત્યારે

શક્તિ એ માંગે.. શણગાર. ॥ ૮૪૭ ॥ સ્વામી તમે વેદ કારણ ગયા પાતાળ, આભુષણ મારાં કાં ના લાવ્યા. ॥ ૮૪૮ ॥ તમે સુણો સ્વામી હું કહું છું તુને, તમે ત્રણે દેવ નથી જાણતાં મુને. ॥ ૮૪૯ ॥ આદ શક્તિ છે મારૂં નામ, કહો તો કેડું તમારા ઠામ. ॥ ૮૫૦ ॥ નારાયણે ઉપજાવી છે મુને, અને ગુણ મારા સર્વે કહું છું તુને. ॥ ૮૫૧ ॥ અનંત કળાથી હું અવતરૂં, ક્ષણ એકમાં હું અનંત રૂપ જો ધરૂં. ॥ ૮૫૨ ॥ ક્ષણ એકમાં ધરૂં માતાનું જ્ઞાન, ક્ષણ એકમાં નહિ મને સુતક ને સ્નાન. ॥ ૮૫૩ ॥ સંસાર સર્વે રાખું મુજ માંહે, સર્જ્યાં સહુ ઘર થઇ રહુ નાર. ॥ ૮૫૪ ॥ એવે પરાક્રમે હું જો ભરી, મારો ગુણ ન જાણ્યો શ્રી હરિ. ॥ ૮૫૫ ॥ અજામેલને પૂજતા તમે, મેં હણીને કટકા કીધા અમે. ॥ ૮૫૬ ॥ બ્રહ્મા વિષ્ણુને મહાદેવ, તમે ત્રણે તેની કરતા સેવ. ॥ ૮૫૭ ॥ મને હણતાં ન લાગી વાર, તેને મારીને કટકા કીધા બાર. ॥ ૮૫૮ ॥ તેને મારી ત્રીશુળ ને છેદયું શરીર, તમ આગળ વળી રાખું છું ધીર. ॥ ૮૫૯ ॥ ત્યાંહ વળી માયા રૂપી સર્જ્યાં છીએ અમો, હું નારી એકને વળી ત્રણ પુરૂષ છો તમો. ॥ ૮૬૦ ॥ એવાં વચન જ્યારે શક્તિ એ કહ્યાં, તે બ્રહ્મા વિષ્ણુ એ સહ્યાં. ॥ ૮૬૧ ॥ ત્યારે વિષ્ણુએ કહ્યું શક્તિને ત્યાંહ, જે શણગાર તમારો લાવીશ યાંહ. ॥ ૮૬૨ ॥ મારે સૃષ્ટી તણું કરવું છે કામ, એ રતન મુકાવ્યાં છે જુજવે ઠામ. ॥ ૮૬૩ ॥ ફરી અમારે જાવું પાતાળ, અને લેશું કુર્મ અવતાર. ॥ ૮૬૪ ॥ મેલી આવ્યો છું ધરતીને દ્વાર, અને જીવોની કરવી છે પેર. ॥ ૮૬૫ ॥ શું કહો છો શક્તિ વારંવાર, તમારો ત્યાં રહ્યો છે શણગાર. ॥ ૮૬૬ ॥ મેલી આવ્યો છું નાગને ઘેર, જાવું છે તેની કરવા પેર. ॥ ૮૬૭ ॥ જો અમે હોઈએ દીન દયાળ, તો ત્રીજી વાર જાવું પાતાળ. ॥ ૮૬૮ ॥ ત્યારે શક્તિ મન હરખ્યાં અનંત, સ્વામી અમારે તમારે છે વચન. ॥૮૬૯॥ ત્યારે સત્યગોરે વેદ ભણ્યા અપાર, અને માયાનો થયો અહિંથી વિસ્તાર. ॥ ૮૭૦ ॥ ત્યારે વિષ્ણુ કહે સુણો શકિત તમે, તમે આવો તો વળી જાઉં અમે. ॥ ૮૭૧ ॥ સ્વામી તમછો ચઉદે ભવનના નાથ, તો અમે આવીશું તમારી સાથ. ॥ ૮૭૨ ॥ વિષ્ણુ શક્તિ બ્રહ્મા મળી, એ ત્રણે ભેળા હાળામાં ભળી. ॥ ૮૭૩ ॥ એ ત્રણ થકી જે નિપજે અંશ, તે કહેવાએ શ્રી હરિનો વંશ. ॥ ૮૭૪ ॥ તેના જે કોઈ પૂજે પાએ, તે જીવ તો અમરાપુર જાએ. ॥ ૮૭૫ ॥ એ વંશમાં જે મુરત એક, જેમાં કહીએ અનંત વિવેક. ॥ ૮૭૬ ॥ તેણે ટાણે આવે જેહ, તેણે સમયે ઉપજે તેહ. ॥ ૮૭૭ ॥ તે મારી દહિંતને જપાવે જાપ, સત્યગોર કહે તે આપો આપ.

॥૮૭૮॥ પાતાળે ગયાનું રાખ્યું વચન, અને ભકતોના ઉગારવા તન. ॥ ૮૭૯ ॥ ચઉદે લોકમાં ઉપજ્યા જેહ, આપો આપ કહીએ તેહ. ॥ ૮૮૦ ॥ બાકી પાત્રમાં ખપે, લે દાન તેને નવ જપે. ॥ ૮૮૧ ॥ ત્રણે મળીને કર્યો વિચાર, બ્રહ્મા, વિષ્ણુ, શકિત અવતાર. ॥ ૮૮૨ ॥ મચ્છઅવતારે બાંધ્યા બંધ, સત્યગોર કહે છે એ છેલ્લી સંધ. ॥ ૮૮૩ ॥ સત્યગોર કહે એ એંધાણ, ને જ્યારે થયા મચ્છને લાવ્યા વાણ. ॥ ૮૮૪ ॥ એક મળીને અવતાર ત્રણ, બ્રહ્માજી એ કહ્યું તે સત્યવચન. ॥ ૮૮૫ ॥ સર્વે આગળ બ્રહ્માજી થયા, શક્તિ વિષ્ણુ કેડે આવીયા. ॥૮૮૬॥ ત્યારે મહાદેવ ધ્યાન ધરીને રહ્યા, જો યોગ કળા લઇને નારાયણ પાસે ગયા. ॥ ૮૮૭ ॥ શ્રી હરિ પાસેનું ધર્યું ઇમાન, બ્રહ્માજી તણાં અહિંયા જુજવાં ઠામ. ॥ ૮૮૮ ॥ બ્રહ્મ કુળમાં શક્તિ અવતાર, તેસું વિષ્ણુ કરે વ્યવહાર. ॥ ૮૮૯ ॥ કળા ધરીને વરે જેહ, આપો આપ જો કહીએ તેહ. ॥ ૮૯૦ ॥ ફેરવે વેદ તણી જે વાણ, ચઉદ લોકમાં કરે જાણ. ॥ ૮૯૧ ॥ અકળીત બળનો ના આવે પાર, મારી દહિંતને કરે નિરાશ. ॥ ૮૯૨ ॥ જે વેળાનો વારો જેહ, અ જંપા જાપ કાંડી જપાવે તેહ. ॥૮૯૩॥ ભૂલી દુનિયા ને ભૂલ્યો એ સંસાર, અને ખગોળ ભુગોળની વરણ અઢાર. ॥૮૯૪॥ યુગ અંતે ચલાવે ફર્માન, શ્રી હરિ કળાના એ એંધાણ. ॥ ૮૯૫ ॥ એ કુળમાં જુદા છે વૌંશ, જે કોઈ હોય બ્રહ્માનો અંશ. ॥ ૮૯૬ ॥ અગમ વાણી ભાંખે અપાર, અને નિગમ, અગમ, વેદ વિચાર. ॥ ૮૯૭ ॥ આદ અંતની વાત કહે જેહ, જે ઘર વાસો વિષ્ણુનો તેહ. ॥૮૯૮ ॥ નારાયણે ઉપજાવ્યું ઇંડ, થયા પોતે ને બાંધ્યું બ્રહ્માડ. ॥૮૯૯॥ તેનો જે કોઈ કહે વિચાર, એ કુળે કહીએ બ્રહ્મા અવતાર. ॥૯૦૦॥ એ કુળમાં શ્રી હરિ તણાં જે કરે વખાણ, અને સજર્યા ના સર્વે કહે એંધાણ. ॥ ૯૦૧ ॥ અવતારનો જે જાણે વિચાર, તેને કહિએ બ્રહ્મા અવતાર. ॥૯૦૨॥ ચારે મુખને વેદ વાણ, જીવ બાંધ્યા ચારે ખાણ. ॥ ૯૦૩ ॥ જીવ જેનો રહ્યો રતન, તે ઉપજાવે બ્રહ્માને તન. ॥ ૯૦૪ ॥ નાભીચક્રનું જે ધરે જ્ઞાન, ઉપજવ્યાનું કહે સર્વે ઠામ. ॥ ૯૦૫ ॥ મુકિત માર્ગનો જે જાણે ભેદ, અને કહી દેખાડે ચારે વેદ. ॥ ૯૦૬ ॥ પોતે શ્રી હરિનો જપે જાપ, તે સંસારને જપાવે આપ. ॥ ૯૦૭ ॥ પંડ બ્રહ્માડનું કહે વિચાર, અને તે કુળ મહા કહીએ બ્રહ્મા અવતાર. ॥ ૯૦૮ ॥ સત્ય-ગોર કહે તમે મુનિવર સુણો, પણ વૌંશ માન્યાનો ભેદ છે ઘણો. ॥ ૯૦૯ ॥ પાત્ર અભ્યાગત કહાવેજે, ને દાન લેવા ઉપજે તેહ. ॥૯૧૦॥ દીપ હૃદયે જે કોઇ દેહ જો ધરે, જેનું વચન ખાલી નવ પડે. ॥ ૯૧૧ ॥ જે અવતારનો થાય પ્રધાન, તે

બ્રહ્મા વિષ્ણુને એક જો જાણ ॥ ૯૧૨ ॥ પૂજે પાત્રને આપે દાન, તેનું થાય વળી મેરુ સમાન. ॥ ૯૧૩ ॥ અમર ભેદની દેખાડે વાટ, કહે સત્યપંથને મુક્તિના ઘાટ. ॥ ૯૧૪ ॥ આસને, એંધાણે ઉપજે તેહ, નિત્ય કળા અનેરી જેહ. ॥ ૯૧૫ ॥ જે દુનિયામાં આવશે તન, તે બુડતાં કાઢશે પોતાના તન. ॥ ૯૧૬ ॥ ચઉદે ભવનના કરે વખાણ, તે વસ્તી લોકના કહે એંધાણ. ॥ ૯૧૭ ॥ બ્રહ્મા આસને બેઠો હોય જેહ, અને તે નારાયણ શું ગોષ્ઠી રાખે તેહ. ॥ ૯૧૮ ॥ વૈકુંઠ નો વર્ણન કહે જેહ, ચતુર મુખી બ્રહ્મા કહીએ તેહ. ॥ ૯૧૯ ॥ અગમ સત્યગોર ભાંખે જેહ, વૌંશ અવતાર તે સર્વે પાત્ર તેહ. ॥ ૯૨૦ ॥ તેવા પાત્રને જે કોઈ દાન જો દે, અને સંતોષે સુપાત્ર લે. ॥ ૯૨૧ ॥ પ્રભાતે વળી વાવે જેહ, અને સાંજે ફળ પામે તેહ. ॥૯૨૨॥ સંતોષે એક ઘણું દે, અને સત્યધર્મ સવા લાખ ઘણેરૂં લે. ॥૯૨૩॥ વૌંશ સ્થાપના રાખે જેહ, જે કુળ પાત્ર હોય તેહ. ॥૯૨૪॥ વૌંશ તણો જે એ પ્રતાપ, મટે ચોર્યાશીને ઉતરે પાપ. ॥ ૯૨૫ ॥ બ્રહ્મા વિષ્ણુને શક્તિ અવતાર, હવે આપણો ધરીએ અવતાર. ॥ ૯૨૬ ॥ ત્યાં દહિંત તણા જો ફેંડ્યાં ઠામ, એકાંકી મચ્છ જપાવ્યું નામ. ॥ ૯૨૭ ॥ રૂખમાગત ને આલ્યો વર, પહેલા ભક્તની સહાય જો કર. ॥ ૯૨૮ ॥ એ સંખાસુર દહિંત માર્યો જ્યાંહ, ભકત રૂખમાગત ઓધાર્યો ત્યાંહ. ॥ ૯૨૯ ॥ જપે ગાયંત્રીનો મંત્ર જેહ, અને ત્યાં વૌંશ લેખાયો તેહ. ॥૯૩૦॥ લીલ ગુણ થઇને આવ્યા શ્રી હરિ, તારા વૌંશે રહ્યા અવતારી. ॥ ૯૩૧ ॥ ત્રણેનું કુળ એક જો થયું, ત્યારે યુગનું પાપ જો ગયું. ॥ ૯૩૨ ॥ અકળ કાંડી ભણાવે વેદ, અને સવા કરોડી એ લીઓ ભેદ. ॥ ૯૩૩ ॥ શ્રી હરિ બ્રહ્માની એકજો વૌંશે, જુદા થયા અને એક જો અંશ. ॥ ૯૩૪ ॥ અલપ એકમાં ધર્યો અવતાર, તે ચાર લાખને બત્રીસ હજાર. ॥ ૯૨૩ ॥ જ્યારે શંખાસુરને માર્યો તેણીવાર, ત્યારે પછી સંસારમાં પ્રગટ થયા દેવ મોરાર. ॥ ૯૩૬ ॥ ચાર લાખને બત્રીશ હજાર, ત્યાં સુધી શ્રી હરિ મચ્છા અવતાર. ॥ ૯૩૭ ॥ સુરજમલ રહ્યો ત્યાંહ જેહ, અને વિષ્ણું કળામાં આવ્યા તેહ. ॥ ૯૩૮ ॥ એ સુર મંત્ર અળમા રહ્યા, દહિંતોને મહાદેવ લઈ ગયા. ॥ ૯૩૯ ॥ સત્યગોર કહે આગમ વિચાર, સુણો ઋખેસરો આગમ નિર્ધાર. ॥ ૯૪૦ ॥ સત્યગોર કહે આગમ જો એહ, અને પ્રેમ તત્વ જાણે વીરલાકોય. ॥૯૪૧॥ બીજને થાય ગુરુવાર, તે દીએ ધરી આવ્યા શ્રી હરિ મચ્છા અવતાર. ॥ ૯૪૨ ॥ સત્યગોર બ્રહ્મા આગમ ભણે, ભક્ત ને તારીને દહિંતને હણે. ॥ ૯૪૩ ॥ જે પાતાળ તણે હતો ભેદ, તે શ્રી હરિ જોઈ આવ્યાને લાવ્યા વેદ. ॥૯૪૪॥ મહાદેવને આપ્યો

શંખ, અને વળી આપ્યા દ્વાદશ લીંગ. ॥ ૯૪૫ ॥ એક રાખ્યો શ્રી હરિએ હાથ ત્યારે પોતે કહેવાયા નાથ. ॥ ૯૪૬ ॥ શકિતની ત્યાં અવધના કરી, તમો કારણ હું જાઈશ ફરી. ॥ ૯૪૭ ॥ ત્યારે શક્તિ એ આણ્યું મન, સ્વામી મારા આપોને રતન. ॥ ૯૪૮ ॥ ત્યારે શ્રી હરિએ કહ્યું સહી, તે વસ્તુ તો પાતાળે રહી. ॥ ૯૪૯ ॥ હવે હું એકવાર પાતાળે જો ગયો, અહે નારાયણની કળા જોઈ આવ્યો. ॥ ૯૫૦ ॥ વળી જાઇશ હું ત્રણ જો વાર, તેવા હું ધરીશ ત્રણ અવતાર. ॥ ૯૫૧ ॥ શક્તિ વસ્તુ તમારી છે જો પાતાળ, છે જ્યાં નાગ કુળ ત્યાં સાચ. ॥૯૫૨॥ તે જોઈ આવ્યો છું હું, અને લીધા વગર નવ રહું. ॥ ૯૫૩ ॥ એવાં વચન સતીને કહ્યાં, શકિત મનમાં હરખીત જો થયાં. ॥ ૯૫૪ ॥ વરસ ચાર લાખને બત્રીસ હજાર, ત્યાં સુધી શ્રી હરિ મચ્છા અવતાર, ॥ ૯૫૫ ॥ સવાપોરનો મચ્છા અવતાર, તેમાં શ્રી હરિએ કાઢયો પાર. ॥ ૯૫૬ ॥ મચ્છનાળની જોઇ આવ્યો વાટ, જોયા સર્વે તત્વ ઘાટ. ॥ ૯૫૭ ॥ સાત સમુદ્રનાં ભયાં મૂળ, ઉપજાવે છે એણે ત્રીશુળ. ॥ ૯૫૮ ॥ મેરૂનું મૂળ પૂજાય ત્યાંહ, અને અષ્ટ કુળ પર્વત બાંધ્યાં ત્યાંહ. ॥ ૯૫૯ ॥ મારે પૃથ્વી રાખવી છે બેવાર, તે કારણ ધર્યો મચ્છા અવતાર. ॥ ૯૬૦ ॥ કલફ ત્રણમાં જે હોતા જીવ, તેને તો કરવા છે સેવ. ॥ ૯૬૧ ॥ સત્યગોર વાણી બોલ્યા જ્યાંહ, ભાઈ શ્રી હરિએ વચન દીધાં છે ત્યાંહ. ॥ ૯૬૨ ॥ વચન તણા એ સાચા જાણ, જેણેના મેલી પોતાની આણ, ॥ ૯૬૩ ॥ ત્યારે બ્રહ્મા ને સોંપ્યા વેદ, અને બોલતા ત્યાં અજવાળું થયું અલેખ. ॥ ૯૬૪ ॥ બોલ્યા બ્રહ્મા ઉઠયા ભુર, ચઉદે ભવન માંહે તેજ ભરપુર. ॥ ૯૬૫ ॥ થયું અજવાળું ને બ્રહ્મા ઉભા થયા, અને સૃષ્ટી એ જાણ્યું શ્રી હરિ વેદ લાવ્યા. ॥ ૯૬૬ ॥ ઉઠી વાણી ને મટયો અંધકાર, ચઉદે ભવનમાં હુઓ જયજયકાર. ॥ ૯૬૭ ॥ ત્યારે બ્રહ્મા વિષ્ણુ શું કહેને એ અજવાળું તે કયાં લગી રહે. ॥ ૯૬૮ ॥ જો તમે છો શ્રી હરિ અવ-તાર, સૃષ્ટિી તણો તમે કરો વિસ્તાર. ॥ ૯૬૯ ॥ વિષ્ણુને બ્રહ્મા પૂછે છે એહ, સ્વામી તમે પૂંઠે કેમ થશે તેહ. ॥ ૯૭૦ ॥ કેવો મચ્છ હોતો આકાર, અને સ્વામી કેવો દહિંત તણો વિસ્તાર. ॥ ૯૭૧ ॥ સ્વામી કેવાં નેત્ર ને કેવી આંખ, સ્વામી કેવાપોર ને કેવી પાંખ. ॥ ૯૭૨ ॥ સ્વામી કેવા પંડીતને કેવાં જ્ઞાન, સ્વામી કેવો રણને કેવી આણ. ॥ ૯૭૩ ॥ સ્વામી મનધર હતું તમારૂં નામ, ને કેવા મચ્છ થયા તેણે ઠામ. ॥ ૯૭૪ ॥ સ્વામી મયીધર નો જપતાજાપ, અને ત્યાંહ મચ્છ થયા આપ. ॥૯૭૫॥ બ્રહ્મા પ્રત્યે બોલ્યા શ્રી હરિ, નારાયણને ફર્માને કરી. ॥૯૭૬॥ જ્યારે શંખવો પેઠો શંખમાંય, ત્યાં હું જો પોતો જાય. ॥ ૯૭૭ ॥ તે જઇને

શંખોદર માંય, મચ્છ રૂપ મે લીધું ત્યાંય. ॥ ૯૭૮ ॥ હું સવા હાથનો મચ્છ જો થયો, તે જઈને પાતાળ માંહે રહ્યો. ॥ ૯૭૯ ॥ જ્યારે દીઠું મારૂં રૂપ, ત્યારે કંપ્યો શંખવો ભૂપ. ॥ ૯૮૦ ॥ જળ તણા જીવનો આકાર, અને તેવો અમે લીધો મચ્છ અવતાર. ॥ ૯૮૧ ॥ રક્તવર્ણા નેત્ર જેહ, ને સ્વેત વર્ણી પાંખું તેહ. ॥૯૮૨॥ ત્યાં વળી મારે હતાં બે દાંત, ત્યાં થયો મનધર ને ઝાલ્યો હાથ, ॥૯૮૩॥ મેં માર્યો શંખવો સહી, તરત કળા નરની લઇ, ॥ ૯૮૪ ॥ નિગમ વાણી તેના પેટમાં સહી, મને બળ પડયું બહું ત્યાંહી. ॥ ૯૮૫ ॥ એ વાણી આવી મુજ પાસ, ત્યારે દહિંત થર થર્યો થયો નિરાશ. ॥૯૮૬॥ એને જો લોચના જો થઇ, અને કરજોડીને વિનંતી કરી ત્યાંહી. ॥ ૯૮૭ ॥ ત્યારે તેણે શંખને મેલ્યો અળગે ઠામ, આધીન થઈને લીધું મારૂં નામ. ॥ ૯૮૮ ॥ મેં સર્વે વસ્તુના પૂછયા નામ, તે અજામેલનું જપ તો નામ. ॥ ૯૮૯ ॥ એમ કરીને શંખવો હણ્યો, પ્રથમ દહિંત વળી ત્યારે ગણ્યો ॥ ૯૯૦ ॥ યાં થકી મચ્છરૂપ સંપૂર્ણ જાણ, અને ગોર તો એ માન ધાતા પ્રમાણ. ॥ ૯૯૧ ॥ સત્યગોર વેદ્દ ભણ્યા અપાર, કહું કથા પણ ના આવે પાર. ॥ ૯૯૨ ॥ સત્યગોર શ્રી ઈન્દ્રે ઈમામ શાહ બોલ્યા વાણ, જાણી લેજો તમે જાણ સુજાણ. ॥ ૯૯૩ ॥ એક રૂપ શ્રી હરિનું સંપુર્ણ જાણ, હવે કુર્મરૂપનું માંડયું મંડાણ. ॥ ૯૯૪ ॥ નવસોને ચોરાણું આંક પુરા થયા છે નિર્વાણ, શ્રી સત્યગોર બ્રહ્મા વાચા સત્ય છે સહી.

શ્રી મચ્છની માતાતો સંખાવતી, પિતાતો પ્રિકમ ઋષિ; શક્તિતો દેવી ચંદ્રીકા; ગોર તો માનધાતા; અસ્થાન તો હંસપુર; ક્ષેત્રતો દ્વારામતી; ત્યાં નરહલો દાણવતો શંખાસુર; વિચારતો રઘુવેદ ઓચરંતે ગાયત્રી; સાતવાર; સત્તાવીસ નક્ષેત્ર પંદર તિર્થ; બાર કરણ નવગૃહ; સુર્યમંત્રનો જાપજંપતા આવ્યા સ્વામી. ઋષિઓને સ્થાપી; શંખાસુરને સંહારી; સાતે પાતાળના રાજાઓને વચન આપી; સદ્દગોર બ્રહ્માના વેદવાળી; સવાકરોડી હંસ રુખમાગત ભક્તને ઓધારી; તમે ભલે અવતર્યા યુગેયુગે દેવમુરારી. જે કોઈ ચીત હરિ શું લાએ તેના ધર્મ વધે ને પાપક્ષય થાય, નમો નમો ભાઇ પરિબ્રહ્મ નારાયણના નામ ને, જે રૂપે આપણા સદ્દગોર બ્રહ્મા નર નારાયણ હોય, આજ તે રૂપને ધાઈએ.

અવતાર પહેલો શ્રી મચ્છ, ચાર લાખ બત્રીસ હજાર વર્ષ (૪૩૨૦૦૦) વર્તં તે.

ઉપર જે મનુઋષિના (હરિવંશે) પેઢી નામે અપુરુષ વેદવાણી જે હતી તે હવે કુર્મ અવતાર એટલે કુર્મીઋષિના વંશમાં (હરિવંશમાં) જશે.

સંપૂર્ણ.

શ્રી કુર્મ અવતારનો આરંભ.

બીજે શ્રી કુર્મ રૂપે શ્રી હરિ અવતાર દેવ, અને સ્વામી તેનો કોઈ ન જાણે ભેદ. ॥ ૧ ॥ તે દહિંત કારણ છળ ભેદ જો કર્યા, અને મેરુ પર્વત દેવે પૂંઠે જો ધર્યા. ॥ ૨ ॥ પૂંઠે તો એસો ધરીયો ભાર, અને સોહે કુર્મ તે નર આકાર. ॥ ૩ ॥ જે મેરુ પર્વત ઉપર દહિંત મધુકેતક રહે, તેના બળનો કોઈ પાર નવ લહે. ॥ ૪ ॥ તે દહિંત દાવો કરીને વચન બોલ્યો સોય, એસો પર્વતે રહું જેહ મુજને ન મારી શકે કોય. ॥ ૫ ॥ હવે નીચો રહું તો મુજને મારે કરધરી, હવે જઇને બેસુ પર્વતે ચઢી. ॥ ૬ ॥ જ્યારે કુર્મ રૂપે શ્રી હરિ અવતાર, ત્યારે પૂંઠે ધર્યો પૃથ્વીનો ભાર. ॥ ૭ ॥ જ્યારે પૃથ્વીમાં હે ભક્ત શ્રી હરિનો જાપ કરે સત્ય ભાય, ત્યારે છાસઠ કરોડ દહિંત વ્યાપક થાય. ॥ ૮ ॥ તેમાં દહિંત મધુકેતક મહા બળીઓ કહેવાય, તે સંગે છાસઠ કરોડ દહિંત શું રહ્યો પર્વતે જાય. ॥ ૯ ॥ ત્યાંહ કુર્મ રૂપ શ્રી હરિ એ શું કીયો, લઇ મેરુ પર્વતને સમુદ્રમાં દીયો. ॥ ૧૦ ॥ ત્યારે માન સરોવર દહિંતનું સ્થાનક જાણ, અને ત્યાંહ સમુદ્ર મથ્યો છે ચિત્તમાં આણ. ॥ ૧૧ ॥ ત્યારે મથ્યો સમુદ્ર દેવે મહેર સમુદ્રમાં ધરી, અને ત્યાં મધુ કેતક દહિંત સંહાર્યો શ્રી હરિ. ॥ ૧૨ ॥ ત્યાં દેવે મેરુ પર્વત રવાઇયો કીધો વાલ, અને વાસંગ નાગ આણ્યો તત્કાળ. ॥ ૧૩ ॥ બીજા કુર્મ રૂપે કરૂણા જો કરી, વાસંગ નાગ કાઢયો ને ધરણી ધરી. ॥ ૧૪ ॥ જ્યારે મેરુ પર્વત રવાઇઓ કીધો શ્રી હરિ, ત્યારે મથ્યો સમુદ્ર મેરામણ ને લક્ષમીવરી. ॥ ૧૫ ॥ એવાં ચારિત્ર કીધાં કુર્મ રૂપે શ્રી હરિ, ત્યાંહ ભકતુ કારણ ભાવ જો ધરી. ॥ ૧૬ ॥ જ્યાંહ વાસંગ નાગ શ્રી હરિને નમે કરજોડ, ત્યાંહ પહેલા દેવ મલ્યા છે અનંત કરોડ. ॥ ૧૭ ॥ મેહેર મથવા એકી મોરે વીર લોચન દેવ થયા, અને બીજી ગમે શ્રી હરિ બળ આપે એકલા ભયા. ॥ ૧૮ ॥ ત્યાં વાસંગ નાગનાં નેત્રાં કર્યાં, અને એકી ગમે શ્રી હરિ

આપે ધર્યાં ॥ ૧૯ ॥ મધુસાગર મથીને કીધો ધમધોર, અને માર્યો દાણવ મધુઓ ચોર. ॥ ૨૦ ॥ જ્યારે મથ્યો સમુદ્ર મહાવે મન જો ધરી, ત્યારે રતન ચતુર દશ કાઢયા શ્રી હરિ. ॥ ૨૧ ॥ પૂંછની ગમે દેવ મળ્યા અપાર, અને મુખની ગમે દાણવ રહ્યા સધીર. ॥ ૨૨ ॥ કરે વિમાસણને નાખે વખવાળ, ત્યારે દાણવ મરણ પામ્યા તત્કાળ. ॥ ૨૩॥ દેવે મથી સમુદ્રને અમૃત કાઢયાં જેહ, તે લઇચંદ્ર સુરજને પાયાં તેહ. ॥ ૨૪ ॥ એવું ચંદ્ર, સુરજ વચન બોલ્યા ત્યાં, સ્વામીએ દહિંતને અમૃત પાત્ર છો કયાં. ॥ ૨૫ ॥ ત્યાં બેઠો રાહુ દેખ્યો જગદીશ, અને દહિંત આડો થયો ત્યારે ચઢી રીશ. ॥ ૨૬ ॥ જ્યારે અમૃત પીતો દેખ્યો જગદીશ, ત્યારે દહિંત દેખીને ચઢી મન રીશ. ॥ ૨૭ ॥ દેવે મારી દહિંતને શીર લીધું ઉતાર, દહિંત મારણકું શ્રી કુર્મ અવતાર. ॥ ૨૮ ॥ ત્યાંહ કુર્મ રૂપે શ્રી હરિ દેવ મોરાર, દેવે મથ્યો સમુદ્રને રતન કાઢયાં દશ ચાર. ॥ ૨૯ ॥ ત્યાંહ ચઉદ રતન તો ચિત્તમાં ધરી, અને માર્યો મધુ મહાવે મન જો ધરી. ॥ ૩૦ ॥ તે મથ્યો સાગરને વરત્યો જયજયકાર, ત્યારપછી પ્રગટ થયા કિર્તાર. ॥ ૩૧ ॥ જ્યારે દહિંત મધુકેતક સંહાર્યો જ્યાંહ, ત્યારે ભક્ત અમરીખને ઓધાર્યો ત્યાંહ. ॥ ૩૨ ॥ ત્યાર પછી સંસારમાં પ્રગટ થયા મોરાર, અને અહિંયા લગી શ્રી હરિ કુર્મ રૂપે અવતાર. ॥ ૩૩ ॥ ત્યારે તો કુર્મ રૂપે અવતર્યા સાર, અને ગોર તો દાઢમ ઋષિ અવતાર. ॥ ૩૪ ॥ વર્ષ ચાર લાખને બત્રીસ હજાર, અને ત્યાં લગી શ્રી કુર્મ શ્રી હરિ અવતાર. ॥ ૩૫ ॥ અવતાર બીજો સંપૂર્ણ જાણ, ત્યારે શ્રી કુર્મ રૂપનાં કીધાં વખાણ. ॥ ૩૬ ॥ એવા બેઉ અવતાર સંપૂર્ણ પ્રમાણ, હવે શ્રી વ્યારાહ રૂપનાં માંડયા મંડાણ. ॥ ૩૭ ॥ સત્યગોર બ્રહ્મા બોલ્યા વાણ, તમે જોઇ લેજો જાણ સુજાણ. ॥ ૩૮ ॥ અવતાર બીજો કુર્મ સંપૂર્ણ સહી, અને ત્રીજા અવતારનું માંડયું મંડાણ ત્યાંહી. શ્રી સત્યગોર બ્રહ્મા વાચા સત્ય છે.

ૐ (ઓમ) શ્રી મચ્છના મુનાઈત, ઉગ્રસેન, અજુવંત, બ્રહસ્પતિ, અસુમિત્ર, પ્રિકમઋષિ, વંશ તો શ્રી કુર્મ, શ્રી કુર્મની માતા કમળાવતી પિતા તો પ્રિકમઋષિ, શક્તીતો દેવી બેચરા, ગોરતો ઐકાકી, સ્થાન તો મહાપુર, ક્ષેત્ર તો માન સરોવર ત્યાં નરદલો દાણવતો મધુકેતક વિચારતો રધુવેદ, ઓચરંતે ગાયત્રી સાતવાર સત્તાવીસ નક્ષેત્ર, પંદર તિર્થને બાર કરણ નવગૃહે સુર્ય મંત્રનો જાપ જપંતા આવ્યા સ્વામી, ઋષિઓને સ્થાપી; મધુકેતક દાણવને સંહારી; ચઉદ રતન વાળી; સવા કરોડીસું રાજા અમરિખને ઓધારી તમે

ભલે અવતર્યા યુગેયુગે દેવ મુરારી, જે કોઈ ચિત્ત હરિશું લાએ તેના ધર્મ વધેને પાપ ક્ષય થાય, નમો નમો ભાઈ પરિબ્રહ્મ નારાયણના નામને જેણે રૂપે આપણા સ્વામીજી સદ્ગોર બ્રહ્મા નર નારાયણ હોય આજ તે રૂપને ધાઇએ. અવતાર બીજો શ્રી કુર્મ, ચાર લાખ બત્રીસ હજાર (૪૩૨૦૦૦) વર્ષ પરિવર્ત તે. અવતાર બીજો સંપૂર્ણ.

અપુરુષવાણી ઉપરના અવતારના હરિવંશે પેઢી નામે હતી તે હવે ત્રીજા વ્યારાહ અવતાર એટલે વાગીશ્વર ઋષિના પેઢી નામે હરિવંશે જશે.

અવતાર બીજો સંપૂર્ણ.

અવતાર ત્રીજો

શ્રી વ્યારાહ અવતારનો આરંભ.

શ્રી સદ્ગોર બ્રહ્મા વાચા

ત્રીજો શ્રી વ્યારાહ રૂપ ધર્યું મહારાજ, ભક્ત સતીયુંના કરવા કાજ. ॥૧॥ દેવ રૂખેસરે વરત્યો જયજયકાર, ત્રીજે શ્રી વ્યારાહ રૂપે ધર્યો અવતાર. ॥ ૨ ॥ જ્યારે વ્યારાહ રૂપે દેવનો અવતાર, ત્યારે પૃથ્વી રાખી દાઢ વિલાસ, ॥ ૩ ॥ જે મુરધ્વજ આકાશમાં રહે, તેના બળનો કોઈ પાર ન લહે. ॥ ૪ ॥ ત્યાં વ્યારાહ રૂપે છળબળ કરી, સકળ પૃથ્વી દાઢે ધરી. ॥ ૫ ॥ ત્રીજે ત્રીભોવનીદેવ સાર, અને અતી બળીઓ અપાર. ॥ ૬ ॥ ત્યાં દેવતાની તો કીધી સાર, સ્વામી એ દાણવ લીધો દાઢ વિલાસ. ॥ ૭ ॥ ત્યાં ભડે યોદ્ધા અભંગજ થાય, અને પૃથ્વી તે પાતાળે જાય. ॥ ૮ ॥ ત્યાં એક દાઢમાં શ્રી હરિએ પૃથ્વી ધરી, અને બીજી દાઢે દહિંતની ઓતજ કરી. ॥ ૯ ॥ ત્રીજે વ્યારાહ રૂપે ભકતો ના પ્રતિપાળ, અને દેવે પૃથ્વી રાખી દાઢ વિલાસ. ॥ ૧૦ ॥ જ્યારે ભાર પૃથ્વીના દેવે દાઢે ધર્યા, ત્યારે મ્હારૂં રૂપતો સુવરના ભયા. ॥ ૧૧ ॥ ભૈકાસુર પાટણ દહિંતનું ક્ષેત્ર જાણ, ત્યાં મુરધ્વજ દાણવના લીધા પ્રાણ. ॥ ૧૨ ॥ જે મુરધ્વજ દાણવ દેવે હણ્યો, દહિંત મારણ અવતાર સુવરનો ભયો. ॥ ૧૩ ॥ જ્યારે ત્રીજે રૂપે શ્રી હરિ આવ્યા સંસાર, ત્યારે દેવે ધર્યો સુવર રૂપે અવતાર. ॥ ૧૪ ॥ જ્યારે વ્યારાહે દાઢ કીધી નીર્ધાર, ત્યારે મુરધ્વજ દહિંત માર્યો તેણીવાર. ॥ ૧૫ ॥ મુરધ્વજ દહિંત સંહાર્યો જ્યાંહ, અને સ્વામીએ ધ્રુ ભક્તને ઓધાર્યો ત્યાંહ. ॥ ૧૬ ॥ જેણે દહિંત તણો કીધો સંહાર, તેણે શ્રી વ્યારાહ રૂપ ધર્યું મોરાર. ॥ ૧૭ ॥ જે સુવર રૂપે સૃજન હાર, તે સંસારમાં

પ્રગટ થયા કિર્તાર. ॥ ૧૮ ॥ વર્ષ ચાર લાખને બત્રીસ હજાર, ત્યાંહ લગી શ્રી હરિ વ્યારાહ અવતાર.॥ ૧૯ ॥ ત્રીજે વ્યારાહ રૂપ સંપૂર્ણ સાર, ત્યાં ગોરતો આકાશ બળ અવતાર. ॥ ૨૦ ॥ સત્યગોર બ્રહ્માના એ વચન સહિ, તમો સુણો રૂખેસર એકાંતે થઈ.

શ્રી કુર્મના, વસરત, દકાઇત, કાત્યાયન. પરેજાઇત દાઢમ ઋષિ વંશતો શ્રી વ્યારાહ (આ પુરુષ ઉપર અપુરુષ વાણી–વેદવાણી–આવી.) શ્રી વ્યારાહની માતાતો પદમવતી, પિતા તો દાઢમ ઋષિ શકિત તો, દેવી સોમૈયા ગોરતો એકે ઘર, સ્થાનતો મહાપુર, (મહીકાપુર) ક્ષેત્રતો ભૈકાસુર, ત્યાં નર દલો દાણવતો મુર ધ્વજ વિચારતો ઋગ્વેદ આચરંતે ગાયત્રી સાતવાર સત્તાવીસ નક્ષેત્ર, પંદર તીર્થને બાર કરણ નવ ગૃહે સુર્ય મંત્રનો જાપ જંપતા આવ્યા સ્વામી, છ ઋષિઓને સ્થાપી મુરધ્વજ દહિંતને સંહારી સવા કરોડીશું રાજા ધ્રુવ ભક્તને ઓધારી તમે ભલે અવતર્યા યુગે યુગે દેવ મુરારી. જે કોઈ ચિંત હરિશું લાએ તેના ધર્મ વધેને પાપ ક્ષય થાય, નમો નમો ભાઈ પરિબ્રહ્મ નારાયણના નામને જેણે રૂપે આપણા સદ્ગોર બ્રહ્મા નરનારાયણ હોય, આજ તે રૂપને ધાઇએ અવતાર ત્રીજો શ્રી વ્યહરા ચારલાખ બત્રીસ હજાર (૪૩૨૦૦૦) વર્ષ વર્તંતે અવતાર ત્રીજો સંપૂર્ણ.

અપુરુષ વેદવાણી હવે ચોથા અવતાર ના કુળમાં હરિવંશે જાય છે.

અવતાર ત્રીજો સંપૂર્ણ.

ૐ

અવતાર ચોથો

શ્રી નરસિંહ અવતારનો આરંભ.

શ્રી સદ્દગોર બ્રહ્મા વાચા.

ત્રણ અવતાર શ્રી હરિના પુરા પ્રમાણ, ચોથા અવતારનાં માંડયાં મંડાણ ॥ ૧ ॥ ચોથે શ્રી હરિ નર્રસિંહ રૂપે પ્રગટયા સાર, ત્યારે દેવ ચતુર ભુજ અવતાર. ॥ ૨ ॥ જ્યારે કર્તા યુગમાં ચોથું રૂપ. અને હરણ્યા કંસ દહિંત ભૂપ, તે અગોષ્ટે ભૈરવ તપ કરવા ગયો. ॥ ૩ ॥ તે દહિંતે વનમાં જઈને મહા તપ સાધ્યો જેહ, તેને શ્રી શંકરે દશ વર આપ્યા તેહ. ॥ ૪ ॥ જ્યારે તે વર લઇ ચાલ્યો નગર મોઝાર, ત્યારે દહિંતનો ગોર આવ્યો તત્કાળ. ॥ ૫ ॥ હરે યજમાન તેં માગ્યું શું, રખે માંગતા ચુકયો હો તું. ॥૬॥ મેં તો ગોરજી અમર કાયા દશ વર માંગ્યા સહિ, તો સ્વામી હવે માંગતા ચુકયો નહિ. ॥ ૭ ॥ ભાઈ તારૂં મોત છે ઘરને બાર, કે નૃસિંહ સાવજથી ઉપજશે કાળ. ॥૮॥ જ્યારે દહિંત હરણ્યાકંસ પાછો તપ કરવા ગયો, ત્યારે શ્રી હરિ નૃસિંહ મનચ્છા રૂપે પ્રગટ થયાં. ॥ ૯ ॥ જ્યારે દહિંત મનમાં ક્રોધ ધરી ઉઠયો છે જ્યાંહ, ત્યારે ફર્માની ફીરસ્તો સાંસ રૂપે થઇને ઉભો ત્યાંહ. ॥ ૧૦ ॥ જ્યારે ફર્માની ફીરસ્તો દેવ સભામાં જાય, ત્યારે ભક્ત પ્રહલાદ શ્રી નૃસિંહ ને લાગ્યા પાય. ॥ ૧૧ ॥ જે દહિંત ક્રોધ ધરીને નગર સ્થાને ગયો, તે રાત્રે અણ-માનીતી સ્રીને ઘેર ગયો. ॥ ૧૨ ॥ જે પ્રહલાદ ભક્ત મૃત્યુલોકમાં આવ્યા ભકતુની જાત, તે ભક્ત પ્રહલાદ દહિંતને પેટ વસ્યા તેણીરાત. ॥ ૧૩ ॥ તે ભક્ત પ્રહલાદ ગોર વચને શ્રી નૃસિંહને સાથે લાવ્યા જેહ, અને ત્યાંહ ભક્ત હરણ્યા કંસનેઘેર અવતર્યા તેહ. ॥૧૪॥ હરે રાજા એ સ્રીનો ગર્ભ શોધો જ્યાંહ, તે દીન સ્રીને મહા

દુઃખ પડયું છે ત્યાંહ. ॥ ૧૫ ॥ તે ભક્ત પ્રહલાદે દહિંત કારણ માતા ગર્ભે વાસે દુઃખ વેઠયાં જેહ, ત્યારે શ્રી નૃસિંહે કુંખ ફેરવી ભક્તને રાખ્યો તેહ. ॥ ૧૬ ॥ જે દહિંત હરણ્યાકંસ કરતો રાજ્ય, તેનો પુત્ર હુવો ભક્ત પ્રહલાદ. ॥ ૧૭ ॥ જ્યારે ભક્ત પ્રહલાદ ગર્ભ બંધનથી છુટયા જ્યાંહ, ત્યારે બહુ રૂદન માતા કરે છે ત્યાંહ. ॥ ૧૮ ॥ બાઈ આપણી નજરે એ બાળક હત્યા વેઠાશે નહિ, બાઈ તમે આ બાળકને મેલો વનમાં જઇ. ॥ ૧૯ ॥ જ્યાં ભકત પ્રહલાદનો જન્મજ હુવો, ત્યારે લઇને વનમાં મેલ્યો જુઓ. ॥ ૨૦ ॥ તે દેવે ભમર પલંગે પોઢાડયા શ્રી હરિ, તે ભકતની વનમાં ચિંતા કરી. ॥ ૨૧ ॥ જે ભકત ભમર પલંગે પોઢયા જ્યાંહ,તે ભકતને કામ ધેનુંએ દૂધપાયા ત્યાંહ. એ ભકતને સુવર્ણ પારણે હીરા રતન જડયાં સહી, ત્યારે વનમાં આશોપાલવે બાંધ્યાં જઇ. ॥ ૨૩ ॥ તે વનમાં સૌ મળી ગોવાળીઆ વીમાસણ કરે, ભાઇ એ તો કોઇ મહારાજા કુંવર આહે. ॥ ૨૪ ॥ ભાઇ સર્વે મળી આપણે રાજાને કરીએ જાણ, એ વાંઝીયા રાજા છે, કુંવર માટે બહુ દેશે માન. ॥ ૨૫ ॥ જ્યારે સૌએ મળીને કુંવરની જાણ કરી છે ત્યાંહ, ત્યારે ખેવ પ્રતિયાળ દળ આવ્યા છે ત્યાંહ. ॥ ૨૬ ॥ ત્યારે તે રાજાના દળ આવ્યાં વન મોઝાર, ત્યારે તે સામા દળ દીષે અનંત અપાર. ॥ ૨૭ ॥ ત્યારે તે દળમાંહે દીઠા રૂમી હબસ જેહ, ત્યારે ત્યાં પ્રતિયાળ દળ ભાગ્યાં છે તેહ. ॥ ૨૮ ॥ ત્યારે રાજા પોતે પધાર્યા છે વન મોઝાર, ત્યાં ઘણીએ અસ્તુતી કરીને લાવ્યા બાળ. ॥ ૨૯ ॥ જ્યાં વનમાંથી દહિંત ઘેર લઇ આવ્યો બાળ, અને તે બાળક તણી કીધી પ્રતિપાળ. ॥ ૩૦ ॥ ત્યારે તે રાજકુંવર પધાર્યા નગર મોઝાર, ત્યારે સૌને ઘેર ઘેર ઓચ્છવ મંગળ વર્તાય જયજયકાર. ॥ ૩૧ ॥ ત્યાં મળી રાજા પ્રતિપાળ વિચારે પેર, રાજા તમે એ બાળકને મેલો અણમાનીતી સ્ત્રીને ઘેર. ॥૩૨॥ ત્યારે રાજા તમે એ સ્ત્રીનો ગર્ભ શોધ્યો જ્યાંહ, એ દન એને મહા દુઃખ પડયું છે ત્યાંહ. ॥ ૩૩ ॥ જ્યારે ભકત પ્રહલાદ પાંચ વર્ષના થયા, ત્યારે સૌજાણે વર્ષ આઠના ભયા. ॥૩૪॥ તે ભકત પ્રહલાદ વર્ષ આઠના થયા ત્યારે સૌ કોઇ જાણે વર્ષ બાર ના ભયા. ॥ ૩૫ ॥ ત્યારે દહિંત હરણ્યાકંસ બોલ્યો સોય, હવે ભણાવો એ પુત્ર વિદ્યાવંત હોય. ॥ ૩૬ ॥ જ્યારે બાર વર્ષના પ્રહલાદ થાય, ત્યારે લઇ પાટી ને ભણવા જાય. ॥ ૩૭ ॥ તેડાવ્યા સારૂ આવી બેઠા જ્યાહ, પ્રથમ બ્રાહ્મણે અક્ષર માંડી આપ્યા તેહ. ॥ ૩૮ ॥ ત્યારે અધ્યારૂ બોલ્યો તત્કાળ, અમે કહું તે ભણજે બાળ. ॥ ૩૯ ॥ કહે કુંવર તમે બ્રાહ્મણ સુણો, અવરનામ પ્રહલાદ નવ ભણો. ॥ ૪૦ ॥ પાટી લઇને કુંવર ભણવા ગયા, નૃસિંહ નામ જપી

મનમાં રહ્યા. ॥ ૪૧ ॥ કહે કુંવર તમે બ્રાહ્મણ સુણો, કે નૃસિંહ નામ વીના અવર નવ ભણું. ॥ ૪૨ ॥ કહે પ્રહલાદ તમે અધ્યારૂ સુણો સત સાર, કે શ્રી નૃસિંહ નામ મારે આધાર. ॥ ૪૩ ॥ જેણે સર્વે સૃષ્ટીનાં માંડયા મંડાણ, અને ગર્ભ વાસમાં ઉગાર્યો જાણ. ॥ ૪૪ ॥ ભાઈ નૃસિંહ નામ જપો કરજોડ, જેથી પહેલાં ભક્ત ઓધર્યા અનંત કરોડ. ॥ ૪૫ ॥ ત્યારે બ્રાહ્મણ બોલ્યા સત્ય જ ભાય, નૃસિંહ નામ સુણે જો હરણ્યા કંસ રાય. ॥ ૪૬ ॥ ત્યાં બ્રાહ્મણે કુંવરને દીધી સેહસ્ત્ર ગાળ, એ અક્ષર ન ભણીએ બાળ. ॥ ૪૭ ॥ કહે પ્રહલાદ સુણો વિપર સુજાણ એ, નૃસિંહનામ ઉપર વારૂં પ્રાણ. ॥ ૪૮ ॥ ત્યારે બ્રાહ્મણ વચન રાજાસું કહે, જે કુંવર કહ્યું નથી માનતો એહ. ॥ ૪૯ ॥ જે નૃસિંહથી હોય તમારો કાળ, આજ તેનું નામ જપે છે બાળ. ॥ ૫૦ ॥ ત્યારે પંડીત કહે એ રાજા વણસ્યું તમારૂં બાળ, એણે વણસાવી સર્વે નિશાળ. ॥ ૫૧ ॥ અરે રાજા એ કુંવર કરે છે એવું કામ કે સર્વે નિશાળીયાને જપાવે તમારા દુશ્મનનું નામ. ॥ ૫૨ ॥ ત્યારે રાજા એ કુંવરને તમે શું દોછો માન, ભાઇ એ સોનું શું પેરીએ જે તોડે કાન. ॥ ૫૩ ॥ ત્યારે હરણ્યા કંસ ક્રોધ કરી બોલ્યો ભૂપ, એને દેરામાં લઇ મેલો બાળ. ॥ ૫૪ ॥ ભૂત-પ્રેત જ્યાં બહોત જ હુવાં, તે બાળકને તોડી ખાય જુવાં. ॥ ૫૫ ॥ હરણ્યા કંસ દહેરાં પૂજે જ્યાંહ, એક રાત ભક્ત પ્રહલાદ સહી રાખ્યા ત્યાંહ. ॥ ૫૬ ॥ જ્યારે ભક્ત પ્રહલાદ દહેરામાં ધર્યો, ત્યારે ટુંક ટુંક હારે દેવળ પડયો. ॥૫૭॥ જ્યારે બેઠા પ્રહલાદ નામ નૃસિંહ ભણે, ત્યારે દહિંત હરણ્યાકંસ વાત જ સુણે. ॥ ૫૮ ॥ જ્યારે પ્રહલાદને અતરંગથી ઉતર્યાં હથીયાર જ્યાંહ, ત્યારે દેવળ દહેરાંના હાથ, પગ, મ્હોં, નખ, છેદયાં ત્યાંહ. ॥ ૫૯ ॥ ત્યારે હરણ્યાકંસ કુંવરને સમુદ્રમાં ધરે, જે બાળક મોત અવગતે મરે. ॥ ૬૦ ॥ જ્યારે દહિંત બાળકને સમુદ્રમાં ધરીને પાછા વળ્યા, ત્યારે શ્રી હરિ એ હંસ રાજા બાળકને બાહેર નીસર્યા. ॥ ૬૧ ॥ જે દહિંત કુંવરને સમુદ્રમાં મેલ્યો જ્યાંહ, ત્યારે ભકત પ્રહલાદને હંસ ઝીલીને નીકળ્યા ત્યાંહ. ॥ ૬૨ ॥ દહિંતે બાળકને સમુદ્રમાં દીઓ, ત્યાં હંસ રાજાએ ઉગારી લીઓ. ॥૬૩॥ જ્યારે બેઠા પ્રહલાદ નામ શ્રી નૃસિંહ ભણે, ત્યારે દહિંત હરણ્યાકંસ વાત જ સુણે. ॥ ૬૪ ॥ ત્યારે પ્રહલાદની માતા આવી એમ જ કહે, પાંચ દીવસ ધીરડાં ધરીને રહે. ॥ ૬૫ ॥ ત્યાં માતા કુંવરને વારે છે જેહ, પછી આપણે શકતા સ્વામીને ભજી શું તેહ. ॥ ૬૬ ॥ ત્યારે પ્રહલાદ વચન બોલ્યા છે ત્યાંહ, માતા આજ નૃસિંહ નામે ઉગરીએ ત્યાંહ. ॥ ૬૭ ॥ ત્યારે દહિંત કહે આણી સર્પ ડસાવો બાળ, જે

૬

ચડે વખ ને મરે તત્કાળ. ॥ ૬૮ ॥ ત્યાં આણ્યો સર્પ પ્રહલાદને ડસે, પણ તે વખ ફીટીને અમૃત થશે. ॥ ૬૯ ॥ ત્યારે બેઠા પ્રહલાદ નામ નૃસિંહ ભણે, અને દહિંત હરણ્યાકંસ વાત જ સુણે. ॥ ૭૦ ॥ દહિંત કહે એ હસ્થી તળે નાખો બાળ, જે કુંવરને મારી નાખે તત્કાળ. ॥ ૭૧ ॥ જે બાંધી બાળકને હસ્થી તળે દીયો, તે ચરણે લાગીને કુંઝર વળ્યો. ॥ ૭૨ ॥ દહિંતે ભકત પ્રહલાદને હાથી તળે મેલ્યો જ્યાંહ, કરી પ્રણામ ને કુંઝર પાછો વળ્યો ત્યાંહ. ॥ ૭૩ ॥ ત્યાં બેઠા પ્રહલાદ નામ શ્રી નૃસિંહ ભણે, દહિંત હરણ્યાકંસ વાત જ સુણે. ॥ ૭૪ ॥ દહિંત કહે બાળકને ઘાણીમાં પીલાવો આજ, એનું મસ્તક ચુરણું થાય. ॥ ૭૫ ॥ જ્યારે ભકત પ્રહ-લાદને ઘાણીમાં ઘાલી પીલાવ્યો જઇ, ત્યારે લાટ ભાંગી નવ કટકા થઈ. ॥ ૭૬ ॥ દહિંત કહે અમે દેવલ દેરાં પૂજ્યાં છે જ્યાંહ, એ બાળકને લઇને મેલો ત્યાંહ. ॥ ૭૭ ॥ તે કુંવરને દેવળ દેરામાં ઘાલ્યાં પ્રતિહાળ, ત્યારે ભૂતપ્રેત ઉઠયાં તેણીવાર. ॥ ૭૮ ॥ ભકત પ્રહલાદને હજુરમાંથી હથીઆર ઉતર્યાં જ્યાંહ, તેણે દેવળનાં હાથ, પગ, મોં, છેદયાં ત્યાંહ. ॥ ૭૯ ॥ ત્યારે બેઠા પ્રહલાદ નામ નૃસિંહ ભણે ત્યારે બેઠો દહિંત હરણ્યાકંસ વાત જ સુણે. ॥ ૮૦ ॥ ત્યારે દહિંત હરણ્યાકંસ બોલ્યો તત્કાળ, હવે એ ડુંગરે લઇને ચડાવો બાળ. ॥ ૮૧ ॥ જે ભકતને દહિંતે ચામડે મઢીને ડુંગર ઉપર ચઢાવ્યાં જ્યાંહ, ત્યારે દેવે અમૃત પવન ઢાળાવ્યાં ત્યાંહ. ॥ ૮૨ ॥ જ્યારે ડુંગર ઉપરથી કુંવરને ઢાળાવ્યા જ્યાંહ, ત્યારે પ્રહલાદને પવનવેગે દેવ ધાઇ પહોંચ્યા ત્યાંહ. ॥ ૮૩ ॥ ત્યારે બેઠા પ્રહલાદ નામ શ્રીનૃસિંહ ભણે, ત્યારે દહિંત હરણ્યાકંસ વાત જ સુણે. ॥ ૮૪ ॥ માતા કહે કુંવરને પાંચ દીવસ ધીરડાં ધરો, પછી આપણા શકતા સ્વામીની સેવા કરો. ॥ ૮૫ ॥ ત્યારે ભકત પ્રહલાદ માતાશું વચન બોલ્યા જ્યાંહ, આપણે નૃસિંહ હાજર બેઠા છે યાંહ. ॥ ૮૬ ॥ ત્યારે બેઠા પ્રહલાદ નામ નૃસિંહ ભણે, દહિંત હરણ્યાકંસ વાત જ સુણે. ॥ ૮૭ ॥ ત્યારે બોલ્યો દહિંત મારૂં એ કાજ, એને લઈ હોળીમાં ઘાલીએ આજ. ॥ ૮૮ ॥ તે દહિંત હરણ્યાકંસ કોપે જો થયો, હવે કુંવરને હોળીમાં લગાડી બાળું આજ. ॥ ૮૯ ॥ દહિંતે જ્યારે હોળી લગાડીને કીધી મોટી મોટી ઝાળ, ત્યારે નૃસિંહ વૃદ્ધ બ્રાહ્મણ થઇ આવ્યા તત્કાળ. ॥ ૯૦ ॥ ત્યાં દેવે હોળીને અનામત સુતર વિંટયા એહ, અગન તું મારા ભકતને એણી પેરે રાખજે તેહ. ॥ ૯૧ ॥ તે દન પ્રહલાદની માતા રૂદન કરે છે જઇ, અરે બાઈ તારો કુંવર સ્થંભ ઉપર દેવે અનામત રાખ્યો છે સહી. ॥૯૨॥ ત્યાં પ્રહલાદ ભકતની માતા વધાવે હોળીમાત, બાઈ તમે એવાં પ્રસન્ન

હોજો સૌને સાથ. ॥૯૩॥ કે કુંવરને હોળીમાં ઘાલ્યો તે વાર, ને ઉપર કાષ્ટ સીંચ્યા અપાર. ॥ ૯૪ ॥ ફરતાં લોક ઉભાં દાઝે અંગ, ભાઇ હવે એ કુંવર કયાં જશે ભાગ. ॥૯૫॥ ફરતાં લોક ઉભાં રહેશે આસ ને પાસ, વચમાં અગની લગાવો પ્રકાશ. ॥ ૯૬ ॥ કે જેનો સખો છે દીન દયાળ, ત્યાં ચડી સત્યશું બેઠો બાળ. ॥ ૯૭ ॥ ત્યારે બોલ્યો દહિંત મારૂં અવિચળ રાજ્ય, તે દુશમનને હોળીમાં ઘાલી બાળો આજ. ॥૯૮॥ હવે વ્હાણું વાયું ને ઉગ્યો ભાણ, ત્યારે ભણે પ્રહલ્લાદ શ્રી નૃસિંહ નામ, ॥૯૯॥ ત્યારે દહિંતને મન વસ્યો કાળ, એ હું સ્થંભ લઇને બાંધું બાળ. ॥ ૧૦૦ ॥ આણી સ્થંભ ને અગ્ની ધીકાય, અને ધગ ધગ ફરતો સ્થંભજ થાય. ॥ ૧૦૧ ॥ જ્યારે લોહ સ્થંભ માંહેથી અગ્ની નીસરે, ત્યારે પ્રહલાદ મનમાંહે નૃસિંહ ઓચરે. ॥ ૧૦૨ ॥ ત્યારે નગરના લોક ઉભાં સત્યભાય, ત્યાં સકળ સભાશું બેઠા રાય. ॥ ૧૦૩ ॥ ત્યારે બોલ્યો દહિંત એ લાવો બાળ, અને સ્થંભ સું તાણી બાંધો તત્કાળ. ॥ ૧૦૪ ॥ ત્યારે આણી પ્રહલ્લાદને સભામાં ધર્યો, ત્યાં સીર ઉઘાડે આવી ઉભા રહ્યા. ॥ ૧૦૫ ॥ જ્યારે આણી સાંકળને બાંધ્યો સ્થંભ, ત્યારે દહિંત મનમાં બોલ્યો વચન. ॥ ૧૦૬ ॥ જ્યાં ત્યાંથી નાઠો જાય બાળ, હવે સ્થંભશું તાણી બાંધો તત્કાળ. ॥ ૧૦૭ ॥ તેં નૃસિંહ નામકો સ્મરણ કીયો, હવે તારો સ્વામી કયાં ગયો. ॥ ૧૦૮ ॥ કયારે બાળક તું આવો અજાણ, એ નૃસિંહ વચનથી ખોએ છે પ્રાણ. ॥ ૧૦૯ ॥ અરે મુર્ખ મનમાંહે શું કરે, આ લોક દેખતાં તું કાં મરે. ॥ ૧૧૦ ॥ તારે લોકસું કુંવર બોલ્યા પ્રકાશ, અમારે હરદમ હાજર નૃસિંહ પાસ. ॥ ૧૧૧ ॥ ત્રણ લોક માંહે છે ભરપૂર, અને આ લોહ પાવક છે નહિ દુર. ॥ ૧૧૨ ॥ જેસી ફુલોમાં જાણો વાસ, તેસા નૃસિંહ અમારે પાસ. ॥ ૧૧૩ ॥ જેસે નયણમાં પુતળી જોય, તેસા નૃસિંહ હાજર જોય. ॥ ૧૧૪ ॥ રે પ્રહલ્લાદ અમે કહું છું તુંને, પણ હાજર હોયતો દેખાડ મુને. ॥ ૧૧૫ ॥ ત્યારે પ્રહલાદ વચન એવું કહે, મારો સ્વામી આ સ્થંભમાં રહે. ॥૧૧૬॥ જ્યારે એસા વચન કહ્યા પ્રહલ્લાદ, ત્યારે ફાટયો સ્થંભ ને હુવો અવાજ. ॥ ૧૧૭ ॥ ત્યાં નૃસિંહ રૂપે હુવા પ્રકાશ, તે જાણે તુટી પડયો આકાશ. ॥ ૧૧૮ ॥ ચોથે શ્રી હરિ નૃસિંહ અવતાર, ભકતુંને વારે ધાયા દેવ મોરાર. ॥૧૧૯॥ ભકતુંની કારણ ચોથે શ્રી નૃસિંહ ભયા, ત્યારે દેવ ફોડી સ્થંભ ને પ્રગટ થયા. ॥૧૨૦॥ જ્યાં સ્થંભ ફુટયો ને પ્રગટ થયા નૃસિંહ રાય, ત્યાં ભકત પ્રહલાદ શ્રી હરિને લાગ્યા પાય. ॥ ૧૨૧ ॥ ત્યાં શ્રી નૃસિંહ રૂપે દેવ પ્રગટ જાણ, જેમ સહસ્ત્ર કળાશું ઉગ્યા ભાણ. ॥ ૧૨૨ ॥ ચોથે શ્રી નૃસિંહ રૂપજો ધરી, ત્યાંહ

ભકત કારણ અ૦યા શ્રી હરિ. ॥ ૧૨૩ ॥ ધર ધરી વેળાએ ધરીયું ધ્યાન, ત્યાં નૃસિંહ રૂપ ધર્યું ભગવાન. ॥ ૧૨૪ ॥ ત્યાં નૃસિંહ રૂપ હુવા જબ, અને જીભ જેવી વીજળી ચબ. ॥ ૧૨૫ ॥ દાંત જેસા પુનમકા ચાંદ, ત્યાં ભકતને મન થયો આનંદ. ॥ ૧૨૬ ॥ ફેરવે પૂંછ જેમ વાસંગ નાગ, ત્યારે દહિંત હરણ્યાકંસ ચાલ્યો ભાગ. ॥૧૨૭॥ જ્યારે નૃસિંહ રૂપે ઝાલ્યો જ્યાંય,ત્યારે થરથર ધ્રુજ્યો હરણ્યા કંસ રાય. ॥ ૧૨૮ ॥ અરે દહિંત દુષ્ટ તેં શું કામ કીયો, જે મારા ભકતને તેં બહુ દુઃખ દીયો. ॥ ૧૨૯ ॥ અરે શ્રી હરિ કેમ મારશો મોય, મારી વાત એક કહું સુણો તોય. ॥ ૧૩૦ ॥ શ્રી હરિ તમે સાંભળો વાત શું કહીએ ઘણી, શ્રી શંકરે અમર કાયા કીધી છે મુજ તણી. ॥ ૧૩૧ ॥ સુણો નૃસિંહ કેમ મારીશ મોય, મારીવાત એક સુણો હું કહું તોય. ॥ ૧૩૨ ॥ જ્યારે ઈશ્વર આગળ બહુ તપ કીયા, ત્યાં ઇશ્વરે દશ વર જે દીયા. ॥ ૧૩૩ ॥ ઇશ્વરના વચન વિમાસી જોય, શ્રી નૃસિં કેમ મારીશ મોય. ॥ ૧૩૪ ॥ ખોળે લીધો અને ખંધે ચઢાય, અને દીધો કોલ તે ઝુઠો કેમ થાય. ॥૧૩૫॥ ધરતી આકાશે મોહે નહિ મોત, સ્ત્રી પુરુષ મારે નહિ કોય. ॥૧૩૬॥ ઘેર બાહેર આંગણે નહિ મરૂં,એવાં વચન તમશું ઓચરૂં. ॥ ૧૩૭ ॥ એ લોઢે લાકડે, મોત નહિ, લીલે, સુકે, ન મારે કોય. ॥ ૧૩૮ ॥ અને રેણી દિવસે, મોત નહિં મરૂં,સ્વામી એવી વાણી તમસું ઓચરૂં. ॥૧૩૯॥ સુણો નૃસિંહ વાત શું કહીએ ઘણી, મારી કાયા છે અમ્મર તણી. ॥૧૪૦॥ સકળ જન્મારો અમર કીયો, ઇશ્વરે અમને એસોવર દીયો. ॥ ૧૪૧ ॥ ઇશ્વરનાં વચન વિમાસી જોય, તું નૃસિંહ કેમ મારીશ મોય. ॥ ૧૪૨ ॥ મારી કાયા અમર કીધી છે કહું; એ શ્રી નૃસિંહ વાણી તમ શું ઓચરૂં.. ॥ ૧૪૩ ॥ જો એસો વર શ્રી શંકરે દીયો શ્રી હરિ, તો તમો મુજને મારો કોણ પેર કરી. ॥ ૧૪૪ ॥ ત્યારે શ્રી નૃસિંહ વચન બોલ્યા સત્ય ભાય, સુણો તમે હરણ્યા કંસ રાય. ॥ ૧૪૫ ॥ હું સાંસો એજ ભાળે ધરૂં, ઇશ્વર જેસી કળા કરૂં. ॥ ૧૪૬ ॥ અર્ધ બંબ જ્યારે સુર્ય અસ્ત થાય, ત્યારે શ્રી હરિ બેસા-ડયા માંડી પાય. ॥ ૧૪૭ ॥ સુણો રે દહિંત કહું વિચાર, શ્રી નૃસિંહ રૂપ લઇ બેઠા બહાર. ॥ ૧૪૮ ॥ જ્યારે સુર્યાસ્ત સમે સમી સાંજ થાય, ત્યારે દેવ ધરી બેઠા માંડી પાય. ॥ ૧૪૯ ॥ સુણો દહિંત કહું સત્ય ભાય, આ ઘરકે આંગણું કહેવાય. ॥૧૫૦॥ સુણ તું દહિંત મુર્ખ અજાણ, આ ધરતી કે છે અસ્માન. ॥ ૧૫૧ ॥ સુણો રે દહિંત હું પૂંછું વિચાર, આ હું નર છું કે નાર. ॥ ૧૫૨ ॥ જ્યારે શ્રી હરિએ રૂપ પ્રકા-શીને પરાક્રમ કીધાં જેહ, ત્યારે દેવે અહબહ નખ વધાર્યાં તેહ. ॥ ૧૫૩ ॥ ત્યાં નખ

ની ઓર દેખાડયા રાય, આ લોઢું છે કે લાકડું કહેવાય. ॥ ૧૫૪ ॥ લીલું સુકું વિમાસી જોય, ઇશ્વર વાચા એસી હોય. ॥ ૧૫૫ ॥ ત્યારે દહિંત બોલ્યો સત્ય જો કર ધરી, ઈશ્વર વાચા એસી કળ કરી. ॥ ૧૫૬ ॥ સુણ નૃસિંહ કહું સત્ય ભાય, એટલું માંગતા હું ચુકયો દાવ. ॥ ૧૫૭ ॥ શ્રી હરિએ રાખ્યો હરણ્યા કંસને નેવા હેઠ, માર્યો દહિંત નખ વાયા પેટ. ॥ ૧૫૮ ॥ નૃસિંહે માર્યો દહિંત રાખી નેવા હેઠ, તેને વીકટ નોર વાયા પેટ. ॥ ૧૫૯ ॥ જે મારી હરણ્યાકંસ નીકંદન કીયો, તે દહિંત મારણેકું અવતાર નૃસિંહ કો લીયો. ॥ ૧૬૦ ॥ તે વાઘ નોરે ચુંટી દહિંત માર્યો જ્યાંહ, કરોડી પાંચસું પ્રહલાદને ઉગાર્યો ત્યાંહ. ॥ ૧૬૧ ॥ દહિંત જ્યારે સ્વરૂપ નીધાન, નૃસિંહે રકતે કીધા સ્નાન. ॥ ૧૬૨ ॥ જ્યારે દહિંતને રકતે નાહ્યા શ્રી દેવ, ત્યારે ભકતને ઘેર ઓચ્છવ મંગળ વર્તાય ખેર. ॥ ૧૬૩ ॥ ત્યાં સર્વે રૂખે-સરની પુરી આસ, અને ભકત પ્રહલાદ શ્રી હરિકે પાસ. ॥ ૧૬૪ ॥ જ્યારે ચોથે રૂપે શ્રી હરિ નૃસિંહ અવતાર, ત્યારે ભકત પ્રહલાદને કીયા ઓધાર. ॥૧૬૫॥ જ્યારે દહિંત હરણ્યાકંસ નખેધાર, ત્યારે ભકત પ્રહલાદને વર આલ્યો તે ઠાર. ॥૧૬૬॥ શ્રી નૃસિંહ રૂપે ત્રુઠયા ભકતોને કાજ, તે દેવે આપ્યું અવિચળ વૈકુંઠમાં રાજ્ય. ॥ ૧૬૭ ॥ ત્યારે પછી સંસારમાં પ્રગટ થયા મોરાર, ત્યાં પાંચ કરોડી સું ઉતાર્યા પાર. ॥ ૧૬૮ ॥ જે કર્તા યુગમાં ચાર શ્રી હરિએ ધર્યા અવતાર, તે ત્યાંહ ખલીફા કલફ મોઝાર. ॥ ૧૬૯ ॥ જ્યારે ચાર દાણવ, દેવે સંહાર્યા જ્યાંહ, ત્યારે ચાર ભકત ઓધાર્યા પ્રમાણ. ॥ ૧૭૦ ॥ શંખવો, મધુવો, સુરધ્વજ, હરણ્યાકંસ રાય. ॥૧૭૧॥ રૂખમાગત, અમરીખ, અને ધ્રુવ, પ્રહલાદ તાર્યા જેહ. ॥ ૧૭૨ ॥ જ્યારે ભકત પ્રહલાદ આ સત્યપંથ ધાયા જાણ, ત્યારે સર્વે લોકે નિંદા કરીને વગોવ્યા નિર્વાણ. ॥ ૧૭૩ ॥ ને ભકત પ્રહલાદને લોહ સ્થંભ સું બાંધ્યાં જ્યાંહ, તેણે પીડ ન ફેરવી ત્યાંહ. ॥૧૭૪॥ કર્તા યુગ માંહે પંદર કરોડી જીવ ગોરબ્રહ્માએ નીમ્યા જાણ, તેમાં પાંચ કરોડી દેવસું મુખી થયા પ્રહલાદ. ॥૧૭૫॥ જ્યારે પ્રહલાદને બહુ કષ્ટ પડી જાણ, ત્યાં કરોડી દસ તુટયા નિર્વાણ. ॥ ૧૭૬ ॥ તે યુગમાંહે મુખી પ્રહલાદ ઘેર પંદર કરોડી આવ્યા જેહ, ત્યાં પાંચ કરોડી દેવ સાચા સત્યપંથી જાણ્યા તેહ. ॥ ૧૭૭ ॥ તેમાં કરોડ પાંચે વિશ્વાસ ઓછા આણ્યાં, ને ફરીને પડયા લક્ષચોરાસી ખાણ. ॥૧૭૮॥ તેમાંથી પાંચ કરોડી પ્રલય થયા તેહ, જેણે આવા ગોર ઉપર ન આણ્યા નેહ. ॥૧૭૯॥ એ જાણી જોઈ ને ભૂલ્યા અજાણ, તે દોજખ નિષ્ટે પડયા નિર્વાણ. ॥ ૧૮૦ ॥ ભકત પ્રહલાદે આ સત્યગોર પુરા સેવ્યા જેહ, તેણે આ ગોરનાં વચન

પાળયાં ને વેદ ભેદયાં તેહ. ॥૧૮૧॥ જે પાંચ કરોડીશું દેવ નિપન્યા જાણુ, તેની શાખ ચાલી કર્તા યુગમાં પ્રમાણ. ॥૧૮૨॥ ભાઇ મુનીવરો એસા સત્પંથ કમાઇએ આજ, જેસા સત્ય ધાયા પ્રહલાદ. ॥ ૧૮૩ ॥ જેણે સગાં, સાજન કારમાં કીધા સર્વે ત્યાગ, તેણે ક્ષણ એક ના રાખી લોક લાજ ॥ ૧૮૪ ॥ ભાઈ મુનિવરો એસા સત્ય જો કીજીએ આજ, ગોર નર પુરા હેત રાખીએ તો થાય કાજ. ॥ ૧૮૫ ॥ જો જીવ કારણ ટુંક ટુંક થઇને ભોંય પડો, તોય આ ગોર નરસું હેત ન છોડો. ॥ ૧૮૬ ॥ કર્તા યુગમાં ચાર રૂપે દહિંત માર્યા છે ચાર, ભાઇ મુનીવરો સાચું જાણજો નિર્ધાર. ॥ ૧૮૭ ॥ યાં થકી શ્રી નૃસિંહરૂપ સંપૂર્ણ સાચ, એવી શ્રી સત્યગોર બોલ્યા વાચ. ॥૧૮૮॥ એ કર્તાયુગમાં સ્વામીના ચાર અવતાર હુવા જાણ, ત્યાં ચાર દાણવ સંહાર્યા નિર્વાણ. ॥ ૧૮૯ ॥ એવાં શ્રી નૃસિંહ રૂપે કીધાં કામ, ત્યાં ગોર તો શ્રી અમર તેજ હુવા પ્રમાણ. ॥ ૧૯૦ ॥ ભકતો કારણ કીધાં કામ, મારી દહિંતને ફેડયાં ઠામ. ॥ ૧૯૧ ॥ વૃત એકાદશી દીતવારી વરતાણી સહી, ત્યારે ચઉદશ મંગળવારી બેઠી તહીં. ॥ ૧૯૨ ॥ વર્ષ ચાર લાખને બત્રીસ હજાર, ત્યાં લગી શ્રી નૃસિંહ અવતાર. ॥ ૧૯૩ ॥ કર્તાયુગના ઉઠયા પ્રધાન, યુગ ત્રેતાનાં બેઠા નિર્વાણ. ॥ ૧૯૪ ॥ પહેલા કર્તાયુગ મધે અવતાર, ચાર સંપૂર્ણ છે સહી. ॥ ૧૯૫ ॥ કર્તા યુગના વર્ષ સત્તર લાખને અઠ્ઠાવીસ હજાર જાણ, શ્રી મચ્છ, શ્રી કુર્મ, શ્રી વ્યારાહ, શ્રી નૃસિંહ સહી.

——*——

શ્રી નૃસિંહ અવતાર સંપૂર્ણ.

——*——

શ્રી વ્યારાહના દેહર, રૂપક, કેશવ, નશાખલીપત્ય, ગૌતમ, અમરીખ, વંશ તો શ્રી નૃસિંહ એજ નરહર ઋષિ ઉપર અપુરુષ (વેદ) વાણી આવી.

શ્રી નૃસિંહની માતાતો ચંદ્રાવતી, પિતાતો અમરીખ, શકતી તો તુલજા-ભવાની, ગોરતો અમરતેજ, અસ્થાન તો, કાશ્મીર ક્ષેત્રતો ચરણાપુરી, ત્યાં નર દલો દાણવતો હિરણ્યાક્ષિપુ વિચારતો ઋગ્વેદ, ઓચરંતે ગાયત્રી, સાતવાર સત્તાવીસ નક્ષેત્ર, પંદરતીર્થ બાર કરણ નવગૃહે સુર્યમંત્રનો જાપ જપંતા આવ્યા સ્વામી, ઋષિઓને સ્થાપી, હિરણ્યાક્ષિપુ દાણવ સંહારી સવાકરોડીસું રાજા પ્રહલાદ ભકતને ઓધારી; પાંચ કરોડીનું ભરણું ભરાવી તમે ભલે અવતર્યા યુગે યુગે દેવ-મુરારી. જે કોઈ ચિત્ત હરિ શું લાએ તેના ધર્મ વધેને પાપ ક્ષય થાય, નમો નમો

ભાઇ પરિબ્રહ્મ નારાયણના નામને જેણે રૂપે આપણા શહ્ગોર બ્રહ્મા નર નારાયણ હોય આજ તે રૂપને ધાઇએ.

અવતાર ચોથો શ્રી નૃસિંહ સોળ કરોડી કુળ પરવાર ચાર લાખ બત્રીસ હજાર (૪૩૨૦૦૦) વર્ષે વર્તંતે. દિશા ઉત્તર, સ્થળ હંસપુર, દાગ, વનદાઞ પહેલા કર્તાયુગ પ્રમાણ, સત્તર લાખ અઠ્ઠાવીસ હજાર વર્ષ વર્તંતે. તેમાં જમલે મોટા અવતાર ચાર થયા સંપૂર્ણ.

હવે શ્રી ચોથા અવતારના હરિવંશના પેઢીનામે જે અપુરુષવાણી (વેદવાણી) હતી તે હવે પાંચમા અવતારના હરિવંશના પેઢી નામે જાય છે.

—— * ——

અવતાર ચોથો સંપૂર્ણ.

—— * ——

ॐ

અવતાર પાંચમો

નોંધઃ–અહીં ત્રેતા યુગની શરૂઆત થાય છે. અને અવતાર પાંચમો શ્રી હરિ લે છે, અહિં હરિવંશ વર્ણ પલટો લે છે, એટલે શ્રી હરિએ અત્યારસુધી ચાર અવતાર અન્ય વર્ણમાં લીધા,હવે પાંચમો અવતાર બ્રાહ્મણ વર્ણમાં લે છે. એટલે વર્ણ પલટો લાગે છે પણ વંશ એકજ ચાલ્યો આવે છે, તેની નોંધ લેવી.

—— * ——

શ્રી વામન અવતારનો પ્રારંભ.

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા સત્ય છે.

શ્રી સત્યગોર વજીસ્ટ વાંચ, અવતાર પાંચમાંનું માંડયું મંડાણ, ચતુર દશમીને મંગળવાર જાણ, તેહન યુગ ત્રેતાનું માંડયું મંડાણ. ॥ ૧ ॥ ત્યાં થકી બીજા ત્રેતાયુગની શાખા સાચ, અને ગોર લખ્યા વજીસ્ટર વાંચ. ॥ ૨ ॥ ત્રેતા યુગમાં દહિંત બળરાય અવતર્યો, તે છાસઠ કરોડ દહિંત સાથે પરવર્યો. ॥ ૩ ॥ તે યુગમાં બળ રાજા એ ક્ષેત્રે રાજ્ય કરે નિર્વાણ, તે દહિંતના ગોર વાંચે વેદ પુરાણ. ॥ ૪ ॥ તે ગોર શુક્રાચારને બળરાજા પૂછે વિચાર, તો ગોરજી નારાયણસું યુદ્ધ કરતાં મુજને ના આવે હાર. ॥ ૫ ॥ તો ગોરજી તમે એવો જોષ કહોને જો ભેદ, હવે સ્વામી તેવી વાત અમે કરશું વિવેક. ॥ ૬ ॥ ત્યાં ગોરે વાંચી પુરાણ બળીરાજાને વચન કહ્યાં પ્રમાણ, હવે રાય યજ્ઞ દાન તમે માંડો ઘણા. ॥ ૭ ॥ તમે યજ્ઞ તણું માંડો મંડાણ, ત્યાં મન ઇચ્છિયાં દાન કરો પ્રમાણ. ॥ ૮ ॥ તે ગોરને બળરાજાએ સત્યવચન દીયાં, ને ત્યાં રાજાએ યજ્ઞદાન વ્રત જો લીયાં. ॥ ૯ ॥ જે કોઇ યાચક, યાચણુ આવે તુજને, તેને બહુદાન આપે સુવણ ને કામધેન. ॥ ૧૦ ॥ ત્યારે રાજા બળના મનમાં એવી ચિંતા થઇ, અમે યજ્ઞનો આરંભ માંડું સહી. ॥ ૧૧ ॥

ત્યારે તે બળીરાજાએ વિપર તેડાવ્યા બહુ વેદ વંત. અને તેણે મહા હોમ યજ્ઞ માંડયો તેણે ઠામ. ॥ ૧૨ ॥ ત્યારે હોમે, દૂધ, ખાંડ, ગ્રથ, ભોજન અઢાર, ત્યાં હોમે પરીમલ, પાંચ સુગંધી સાર. ॥૧૩॥ ત્યાં રાજા બ્રાહ્મણ ને બહુ ક્ષત્રી અપાર, તે યજ્ઞમાં આવી બેઠા સહુ તેણે ઠાર. ॥ ૧૪ ॥ ત્યાં બ્રાહ્મણ તે પુરણહોમ યજ્ઞમાં રહે, તે ભણી મંત્ર સર્વે ત્યાં આંખે જળે. ॥ ૧૫ ॥ જ્યારે તે અગ્નિની જાળ જઇ લાગી બ્રહ્માડ, ત્યારે કંપ્યા ઇન્દ્રલોક, દેવ, પૃથ્વી નવેખંડ. ॥ ૧૬ ॥ જ્યાં બળરાજા એણીપેરે નવ્વાણું સો યજ્ઞ કરે, ત્યાં દેશ ભમેરીના પુરોહિત આવી સંચરે. ॥ ૧૭ ॥ ભાઇ અમો રાજા બ્રહ્મસેન પાઠવું છું મોય, તેની કન્યા એક આપે છે તોય. ॥ ૧૮ ॥ હરે બળીરજા તમે પરણજો કન્યા છે બહુ રૂપવંતી જાણ, તે જેમ ઉગતા સુર્યન લોપે ભાણ. ॥ ૧૯ ॥ જે દહિંત મધનો માતો યજ્ઞમાંથી ઉઠી બેઠો થયો, તે કન્યા રાજા ભમેરીસેન પરણવા ગયો. ॥ ૨૦ ॥ ત્યાં સર્વેદેવ રૂખેસર મળીને નારાયણ દેવ શું કહ્યું, સ્વામી એ દહિંત બળીરાજા મહાત્યાગી ભયો. ॥ ૨૧ ॥ હવે સ્વામી તમે કંઇક છળબળ કરો શ્રી હરિ, એ બળ દહિંતને સંહારો વરી. ॥ ૨૨ ॥ એવું કહીને દેવ રૂખે સર વળીયા તેણી વાર, ત્યાં દેવે વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લીધું નિર્ધાર. ॥૨૩॥ ત્યાં સ્વામી જાય તેનું સત્ય જોવા હાથે કરવત લીધું સાર, તે દેવ ક્ષણ એકમાં ગયા રાજા ભમરસેનને દ્વાર. ॥ ૨૪ ॥ જ્યાં જાન મળીને યાચક ગુલે કરોડો કરોડ, ત્યાં રાજા બળ બેઠા મંડપમાં અબળાની જોડ. ॥ ૨૫ ॥ જ્યાં દેવ આશિર્વાદ દઇને બ્રાહ્મણ રૂપે ઉભા રહે, ત્યાં સ્વામીને નમસ્કાર બળીરાજા કરે. ॥ ૨૬ ॥ સ્વામીજી અહિંયાં મંડપ તળે આવવાનો કોણ સ્નેહ, તો સ્વામીજી તમોને પ્રતિયાળ બહુ દાનજ દે. ॥ ૨૭ ॥ ત્યાં નારાયણદેવ કહે સુણો બળીરાજા કહું વિચાર, જો તમે દાન આપો તો લઉં તમારે હાથ. ॥ ૨૮ ॥ ત્યારે બળીરાજાને સ્વામીજી એમજ કહે, રાજા હું માગું દાન તે સુજને દે. ॥ ૨૯ ॥ ત્યાં બળીરાજાએ નારાયણ દેવને બહુ દીધા માન, સ્વામી જે માંગો તે આપું દાન. ॥ ૩૦ ॥ ત્યાં બળને યાચે વિપર રાજા બળ તણા, સ્વામીજી કહોતો હસ્તીઘોડા, સુવર્ણ આપું ઘણા. ॥ ૩૧ ॥ સ્વામીજી બોલ્યા સુણો બળીરાજા કહું વિચાર, મોહે ઘેર નહિ કન્યાનાર. ॥૩૨॥ તેની બહુ ઇચ્છા ધરીને રાજા તમ શું કહું વિચાર, જો તું તારી પરણીત આપે કન્યાનાર. ॥ ૩૩ ॥ ત્યાં બળે વિપર બોલાવ્યા રાજા તણા, તો સ્વામી મોહે નગરમાં વિપર છે ઘણા. ॥ ૩૪ ॥ તો સ્વામીજી તેની તમને કન્યા ચાર અબળા બાળી પરણાવું સહી, ત્યાં એવી વાત બળે વિપરસું કહી. ॥ ૩૫ ॥ ત્યારે બોલ્યા વિપર

૭

તમે સુણો બળરાય, હવે મુજથી હથેવાળે બેહું નવ જાય. ॥ ૩૬ ॥ ત્યાં રાજા કહે વરે ત્રિવા હોય તે નાર, તો કયારે થાય અમારી ગૃહસ્થા ચાર. ॥ ૩૭ ॥ જો તમો પરણી છે નાર બાળી સુંદરી, રાજા તું આપે નાર મુજને એક મન જો કરી. ॥૩૮॥ ત્યારે બળી રાજાએ એસા વચનશાંભળ્યા તે વાર, તેણે ત્યાં આપી કન્યા પરણેલી નાર. ॥૩૯॥ ત્યારે સર્વે રાજા, સગાં, સાજન, બળના મુખ સામું જોયે, ભાઇ આવી ધીરજ કોઇ અવરથી ન હોય. ॥ ૪૦ ॥ ત્યાં નારાયણ દેવ સ્વામી હસી કરીને બોલ્યા સત ભાય, ભાઇ હું તો તારૂં ધીરજ જોવા આવ્યો હતો હો રાય. ॥ ૪૧ ॥ હું તો ઘરડો બ્રાહ્મણ નારીનો કોણ વીચાર, ત્યારે સ્વામીજીએ પાછી ફેરવી દીધી નાર. ॥ ૪૨ ॥ ભાઇ તું બળીરાજા મોટો ત્યાગી સુજાણ, તેં બહુદાન પુન કરીને કાઢયું નામ. ॥ ૪૩ ॥ ત્યાં એવા વચન કહીને સ્વામી ચાલી જાય, તે બળ પરણી નાર આવ્યો યજ્ઞ માંહે. ॥ ૪૪ ॥ એવા છળબળ ભેદ કરી નારાયણ દેવે બ્રાહ્મણ રૂપ ધર્યું, પણ ત્યાં દહિંત બળે મન મોટું કર્યું. ॥ ૪૫ ॥ શ્રી વામન રૂપ જ્યારે ત્રેતાયુગ દેવમાં બેઠા સાર, ત્યારે પાંચમે શ્રી હરિ વામન અવતાર. ॥ ૪૬ ॥ જ્યારે પાંચમે રૂપ શ્રી હરિ વામન અવતાર, ત્યારે દેવ જઇને ઉભા બળીરાજાને દ્વાર. ॥૪૭॥ જે બળીરાજાએ દાન યજ્ઞ માંડયો અપાર, તે આજ પૃથ્વી મોઝાર. ॥૪૮॥ જ્યાં વામન રૂપ લીધાં યદુરાય, ત્યારે બળીને દ્વારે પહોંચ્યા જાઈ. ॥ ૪૯ ॥ હાથમાં લાકડી ને નિર્મળ ભયા, ત્યાં શ્રી હરિ વામન થયા. ॥૫૦॥ સુંદર રૂપને સુઘાટ, તે ચાર વેદ ભણે મુખપાટ. ॥ ૫૧ ॥ નારાયણ દેવે બળને છળવાનો કીધો વિચાર, ત્યાં દેવે ધર્યો વામન રૂપ પાંચમો અવતાર. ॥ ૫૨ ॥ પાંચમે વામન વિપર રૂપ જો ધરે, અને પ્રભાતે ગયા બળીને ઘરે. ॥ ૫૩ ॥ પાંચમે વામન રૂપે શ્રી હરિ અવતાર, દેવ જઇને ઉભા બળીને દ્વાર. ॥ ૫૪ ॥ ત્યાં પોળે ઉભા પોકારે જયજયકાર, જાણે બ્રહ્મા મુખ બોલે વેદ ચાર. ॥ ૫૫ ॥ દેવે વેદ ચાર મુખ માંહેથી કહ્યા, ત્યારે સર્વે લોક નગરના અચંબી રહ્યા. ॥ ૫૬ ॥ અમૃતવાણી એવી શ્રી વામન રૂપે નારાયણ કહે, ત્યાં નગરના લોક અચંબી રહે. ॥ ૫૭ ॥ દુતીયો વાત બળીરાજા શું કહી, વિપર એક ત્યાં આવ્યો સહિ. ॥ ૫૮ ॥ તે પોળે ઉભા પોકારજ કરે, ચારે વેદ મુખમાંથી ઓચરે. ॥ ૫૯ ॥ સુંદર રૂપ લીધું અવતાર, ને સ્વામી આવી રહ્યા આપણે દ્વાર. ॥ ૬૦ ॥ ત્યાં પ્રતિયાળે કહી રાજા બળ શું જાય, આપણે દ્વારે વિપર એક ઉભો છે હો રાય. ॥ ૬૧ ॥ તે પંડીત એક મહા દીસે છે સુઘાટ, ત્યાં ચાર વેદ ભણે મુખપાટ. ॥ ૬૨ ॥ તેનું દિસે છે વામન સ્વરૂપ અપાર, અને સુણો બળીરાજા

એક સુપાત્ર ઉભા દ્વાર. ॥ ૬૩ ॥ તે સુણી વાત રાજા બળ સન્મુખ ચાલી ગયો, ત્યાં પ્રતિપાળ એક સાથે લીયો. ॥ ૬૪ ॥ સ્વામીજીને કરી પ્રણામ ને બળ ઉભા થાય, ને ત્યાં વિપર બોલ્યા છે સત્ય ભાય. ॥૬૫॥ સુણી વાતને બળીરાજા બાહેર આવ્યા, નમસ્કાર કરતાં કરતાં આવી વિપરને કહ્યા. ॥ ૬૬ ॥ વામન રૂપ દેખીને રાજા બળ અચંબે ભયો, એસો વિપર મે કોઈ નવ દેખ્યો. ॥ ૬૭ ॥ સુંદર સ્વરૂપને સ્વામીનું રૂપ સુઘાટ, ત્યાં ચારે વેદ ભણે મુખપાટ. ॥ ૬૮ ॥ ત્યારે હસી કરીને બોલ્યા બળીરાજ, સ્વામી જે માંગો તે આપું આજ. ॥ ૬૯ ॥ બોલાવી ગોરને દીધાં બહુ માન, અને વિપર કહે તે આપીએ દાન. ॥૭૦॥ કહે બળીરાજા વિપર નીધાન, સ્વામી જે તમે કહેશો તે આપીશું દાન. ॥ ૭૧ ॥ સુણો બળીરાજા તમારી ચોખંડમાં હોય, તે કારણ હું યાચવા આવ્યો છું તોય. ॥ ૭૨ ॥ આવ્યો બ્રાહ્મણ કુબડે ભેસ વિવેક, અને રળીયાત કરોને રાજ હું બ્રાહ્મણ છું એક. ॥ ૭૩ ॥ એવાં બ્રાહ્મણના વચન સુણી બળી ઉભા રહે, સ્વામી માગો એમ વિપરને કહે ॥ ૭૪ ॥ સ્વામી જે ઇચ્છા તમારા મનમાં હોય, કહો તો અન્નવસ્ત્ર આપું શોય. ॥ ૭૫ ॥ સુણો બળીરાજા અન્નવસ્ત્રની ઇચ્છા નહિ મુને, સ્વામી કહો તો સુવર્ણદાન આપું તુંને. ॥૭૬॥ અરે રાજા સુવર્ણદાન હું શું કરૂં, સ્વામી કહોતો હસ્તીઘોડા તમ આગળ ધરૂં. ॥ ૭૭ ॥ હરે રાજા એ હસ્તી ઘોડા મારે નહિ કાજ, સ્વામી કહોતો દઉં પૃથ્વીના રાજ. ॥ ૭૮ ॥ હરે રાજા રાજ્યપાટ અમારે ભોગવનાર નહિ કોય, સ્વામી કહોતો ગ્રંથ ભંડાર આપું સોય. ॥ ૭૯ ॥ હરે રાજા ગ્રંથ ભંડારસું અમારે નહિ કામ, સ્વામી કહોતો આપું મંદિર કૈલાસ. ॥ ૮૦ ॥ મંદિર કૈલાસ નહિ લઉં વાસ, સ્વામી કહોતો રાખું અમારી પાસ. ॥ ૮૧ ॥ બોલ્યા વામનદેવ રાજા સુણો, સત્ય ઓચરૂં, એટલું દાન લઇને હું શું કરૂં. ॥ ૮૨ ॥ સગા કુટુંબ અમારે નહિ બાળ, એટલાં દાન લઈને કોણ કરે જંજાળ. ॥ ૮૩ ॥ સ્વામી જે માંગોતે આપું તમને ધર્મ, ત્યાં એવી વાણી બળ બોલ્યા મર્મ. ॥ ૮૪ ॥ સ્વામી જે માંગો તે આજ આપું તમને, પછી દોષ નવ દેશો અમને. ॥ ૮૫ ॥ ત્યાં વામન વાણી બોલ્યા મર્મ, અવની માંગુ ત્રણુજ કર્મ. ॥૮૬॥ ત્યાં રાત રહીને કરૂં વિશ્રામ, અવની ભરૂં મારા ત્રણ કર્મ. ॥ ૮૭ ॥ કહે રાજા સુણો વિપર અમારી વાત, કેટલું લોક છે તમારી સાથ. ॥ ૮૮ ॥ અરે રાજા લોક કુટુંબ અમારે નહિ કોય, એકલો યાચક આવ્યો છું સોય. ॥ ૮૯ ॥ કહે બળીરાજા સુણો સ્વામી વાત માંય તણી, બહુ પૃથ્વી છે અમારે ઘણી. ॥ ૯૦ ॥ જો સ્વામીજી ઇચ્છા તમારા મનમાં

થાય, તેટલી પૃથ્વી તમે પ્રતિયાળ પાસેથી લેજો જાય. ॥ ૯૧ ॥ ત્યાં બોલ્યા વિપર તમે સુણો બળરાય, અમે વણ માપી પૃથ્વી લીધી ન જાય. ॥ ૯૨ ॥ સ્વામી માપી પૃથ્વીનું શું છે કાજ, જે જોઇએ તે માંગો આજ. ॥૯૩॥ સુણોરે બળીરાજા તમને હું કહું, વણમાપી પૃથ્વી હું ન લઉં. ॥ ૯૪ ॥ તમે મેલો ઉદક હું માપી લઉં આસ, ત્યાં એક મઢી બાંધીને રહું ચતુર માસ. ॥ ૯૫ ॥ ત્યાં બોલ્યા શુકર તમે સુણો બળવંત, એ વિપર તમને દેશે ઘાત. ॥ ૯૬ ॥ ત્યાં પ્રતિયાળ બોલ્યા તમે સુણો બળરાય, એ વિપર નહિ પણ નારાયણ દેવ આય. ॥ ૯૭ ॥ ત્યાં શુકર વચન બોલ્યો છે એહ, એવા વૈકુંઠનાથ દીસે છે તેહ. ॥ ૯૮ ॥ ભાઇ નિશ્ચેવાત માનશે મોય, એ વિપર છળ પાડવા આવ્યો છે તોય. ॥ ૯૯ ॥ એનું વામન રૂપ દીસે છે યાંહ, પણ એ બ્રાહ્મણ ત્રણ ભવન લગી વધશે ત્યાંહ. ॥ ૧૦૦ ॥ અજની આણીને ઉદક જો ભરી, ત્યાં ત્રણ કર્મની સ્વસ્થા કરી. ॥ ૧૦૧ ॥ ધન્ય ધન્યઓ રાજા તારૂં ધર્મ, હવે દક્ષીણા જોઇએ અધુંં કર્મ. ॥ ૧૦૨ ॥ પુન પવિત્ર સફળજો થાય, અને દક્ષીણા આપ્યાનો છે મોટો મહિમાય. ॥૧૦૩॥ સુણરે બળીરાજા વચન કહું છું તુને, ઉઠ પાવ ધરતો દેજો મુને. ॥૨૦૪॥ જ્યારે એવા વચન કહ્યાં જગદીશ, ત્યારે શુકરને ચડી બહુ રીશ. ॥ ૧૦૫ ॥ સુણો રે બળ બોલ્યા શુકર જાણ, રાય ધરતી તણું નદીજીએ દાન. ॥૧૦૬॥ એવાં વાચન માનજો સત્ય ભાય, એ વિપર નહિ નારાયણ દેવ આય. ॥ ૧૦૭ ॥ એ છળ પાડવા આવ્યો છે હો રાય, દેવા ઉત્તર જે નિર્મળ કાય. ॥ ૧૦૮ ॥ ત્યારે બોલ્યા બળીરાજા સત્યજ જાણ, જો સત્ય ચુકું તો ન ઉગે ભાણ. ॥ ૧૦૯ ॥ હું બળીરાજા મોટો દાતાર સુણો મોય વાત, આજ વિષ્ણુ સરખા જોડે હાથ. ॥ ૧૧૦ ॥ આજે દઉં દાન ભોમીની શીખ, મુજ આગળ વિષ્ણુ માગે ભિખ. ॥ ૧૧૧ ॥ બોલ્યાં વિપરને ત્યાં બેઠાં આય, હાથમાં ઝારી લીધી બળરાય. ॥ ૧૧૨ ॥ તે નમી ઝારીને લાબી વાર, ત્યાં શુકરે બાંધી પાણીની ધાર. ॥ ૧૧૩ ॥ ત્યાં દેવ નારાયણે સળી મુકી સાંખ, ત્યારે શુકરાચારની ફુટી આંખ. ॥ ૧૧૪ ॥ બળ મુકે ઉદક ત્યાં શુકર જોઇ રહ્યો, તેણે ત્યાં ખોઇ આંખને કાણો થયો, ॥ ૧૧૫ ॥ હું બળીરાજા મેં કીધાં મોટાં દાન, અને મુજ આગળ નારાયણ દેવ જોડે હાથ. ॥ ૧૧૬ ॥ ત્યાં બોલાવ્યા બળે મહાયોદ્ધા વીર, ભાઇએ વિપરને ચાંપી રાખજો સહી. ॥ ૧૧૭ ॥ ત્યાં બળે મુકયું ઉદક અને વિપરે હાથ લીયા, ત્યાં સ્વામીજી ધ્રુવમંડળ સુધી વધ્યા. ॥ ૧૧૮ ॥ ત્યાં મેલ્યું ઉદક પડયું શ્રી હરિને હાથ, ત્યારે વધ્યા દેવ તે ધ્રુવમંડળ સાથ. ॥ ૧૧૯ ॥ જ્યારે ઉદક ભરીને મેલ્યું

બળીરાજાએ હાથ, ત્યારે વૈરાટરૂપ ધર્યું યુગ નાથ. ॥ ૧૨૦ ॥ પગ પાતાળને આકાશે શિષ, ત્યારે વૈરાટ સ્વરૂપ લીધું જગદીશ. ॥ ૧૨૧ ॥ જ્યારે વૈરાટ સ્વરૂપ ત્યાંહ તેણીવાર, ત્યારે પડયો અચંબો નગર મોઝાર. ॥ ૧૨૨ ॥ તે દહિંત દેવને ચરણે લ્લાગ્યો જ્યાંહ, તેને આ સત્યગોરજી એ ભૂતખાનાં સોંપ્યા ત્યાંહ. ॥ ૧૨૩ ॥ ત્યાં નારાયણદેવે એસું એક સ્વરૂપ ધર્યું સહી, ત્યારે દેવની ત્રણ કર્મ સર્વ પૃથ્વી થઈ. ॥ ૧૨૪ ॥ જ્યારે વામન રૂપે ધરતી માપી સહી, ત્યારે ત્રણ કર્મ સર્વે અવની થઈ. ॥ ૧૨૫ ॥ ત્રણ ત્રીભોવને ભરીયા પાય, ત્યાં ઉઠમાનો નવ દીષે ઠાય. ॥૧૨૬॥ ત્યારે વામન વાણી બોલ્યા સત્ય ભાય, અને વાત અમારી સુણો બળીરાય. ॥૧૨૭॥ અડધો પાય એક ધરતી દીજે મોય, બળ નહી તો તું ચુકયો છે સોય. ॥ ૧૨૮ ॥ ત્યારે બળીરાજા બોલ્યા છે આપ, સ્વામી દેખી પૃથ્વી લેજો માપ. ॥ ૧૨૯ ॥ સુણો બળીરાજા તું મોટો બોલતો ગર્વ, ભાઇ ત્રણ પાયમાં આવ્યું સર્વ. ॥૧૩૦॥ સુણો બળીરાજા અમે સત્ય બોલું સહી, હવે અર્ધો પાય ધરતી દેણી રહી. ॥૧૩૧॥ માપી અવની આપો અર્ધ પાય, તો રાજા તારૂં દાન સંપુર્ણ થાય. ॥ ૧૩૨ ॥ બોલ્યા બળીરાજા વચન કીધાં પ્રમાણ, સ્વામીજી લોને કયાં આપું દાન. ॥ ૧૩૩ ॥ કરી સ્નાનને લ્લાગ્યો પાય, અને શ્રી વામન આગળ ઉભો રાય. ॥ ૧૩૪ ॥ જમણો પગ મસ્તકે દીયો, ત્યારે બળરાજા પાતાળે ગયો. ॥ ૧૩૫ ॥ જે અર્ધું કર્મ જે પૃથ્વી વિપરને દેવી રહી, ત્યારે બળને મસ્તકે પગ દઈ ચાંપ્યો સહી. ॥ ૧૩૬ ॥ ત્રણ ભવન ત્રણ કર્મ જો કરી, ત્યાં દક્ષીણા કારણ દયા ધરી. ॥ ૧૩૭ ॥ ભક્ત કારણ ઉપન્યા તત્કાળ, મેલ્યો પગને ચાંપ્યો પાતાળ. ॥ ૧૩૮ ॥ ત્યાં બળરાજાએ બીજી દેહ જો ધરી, તે સ્વર્ગ પાતાળથી આવ્યો ફરી. ॥ ૧૩૯ ॥ જે કોઇ મારી કરે કુમક શુદ્ધ, તો ફરી આવી માંડું વિષ્ણુથી યુદ્ધ. ॥ ૧૪૦ ॥ સ્વર્ગ જઈ આવી બળ પાતાળે જાય, પણ જ્યાં દેખે ત્યાં વિષ્ણુના પાય. ॥ ૧૪૧ ॥ ત્યારે બળ તો બોલ્યો ચિંતા કરી, અને જ્યાં ચાંપ્યો ત્યાં પાછો આવ્યો ફરી. ॥ ૧૪૨ ॥ ત્યારે બળ બોલ્યો જે કરી અમ શું ઘાત, ત્યાં વિષ્ણુ નારાયણને પૂછી વાત. ॥ ૧૪૩ ॥ તમ કારણ મને કીધી ઘાત, જે બોલ્યા મ્હોંથી તે કીજે વાત. ॥ ૧૪૪ ॥ મૃત્યુલોકમાં મેં કીધાં બહુ દાન, તે સ્વામી મારૂં રાખો માન. ॥ ૧૪૫ ॥ બળરાજાએ સંસાર ત્યાગ જો કીયો, તેનું દાન પુન્ય તો શું એળે ગયો. ॥ ૧૪૬ ॥ જે કોઇ આગે જપ ના તપ જો કીયા, ને જે ચુકયો તે સર્વે ભુખે મુઆને ખોટી થયા. ॥૧૪૭॥ સ્વામી તે કારણ હું વીનવું તોય, ને બળ કહે ચિંતા કીજે મોય. ॥ ૧૪૮ ॥ હવે માગ

માગ એમ બળને કહે, તું જે માગે તે આપુ તેહ. ॥ ૧૪૯ ॥ ત્યારે બળીરાજા તો એમ જ કહે, તું મારો ચાર દિવસ પોળીઓ થઈને રહે. ॥ ૧૫૦ ॥ ત્યારે વિષ્ણુ બોલ્યા સત્ય જ ભાય, સુણો વાત અમારી બળરાય. ॥ ૧૫૧ ॥ માસ ચાર હું સુતો જોય, તો વિવા પગરણુ ત્યાં ન હોય. ॥ ૧૫૨ ॥ ચાર માસનો રાખ્યો માન, આગળ યુગમાં બહુ કરેલ છે દાન. ॥ ૧૫૩ ॥ દેવ સુતાં તે નવ જાણે કોય, ઉત્પત લોકની તે કયાંથી હોય. ॥ ૧૫૪ ॥ દેવ સુવે તો વરખા નહીં પડે, ને વનસ્પતિ તે ત્યાં નવ ફળે. ॥ ૧૫૫ ॥ જો દેવ સુવે તો ન ઉગે રવિ ભાણુ, એ માસ ચારનું રાખ્યું માન. ॥ ૧૫૬ ॥ દેવ સુએ તો પૃથ્વી કેમ જાગે, અને સાચા સ્વર્ગ કયાંથી માગે. ॥ ૧૫૭ ॥ જ્યારે મૃત્યુલોકમાં કીયું કાજ, ત્યારે દક્ષીણ દીશા માંહે દીયું રાજ. ॥ ૧૫૮ ॥ ત્યાં બળની ઓલાદ જે અવતરે, તેનું નામ ફરી બળ જ જો ધરે. ॥ ૧૫૯ ॥ એ દક્ષીણ દીશામાં કરે છે રાજ, તે વામન રૂપે પુર્યા કાજ. ॥ ૧૬૦ ॥ પાતાળનું તો આલ્યું રાજ, ત્યાં વામન રૂપ ધર્યું મહારાજ. ॥૧૬૧॥ જ્યારે એવાં વચન બળ બોલ્યો સંધ, ત્યારે શ્રી હરિએ ચરિત્ર કરીને યજ્ઞ પાડયો રદ. ॥ ૧૬૨ ॥ ત્યાં પાંચમે રૂપે શ્રી હરિ અવતાર, તે દહિંત કારણ વામન થયા મોરાર. ॥ ૧૬૩ ॥ જ્યોરે બળી દહિંતને માર્યો જ્યાંહ, ત્યારે ભકત કમળા ધ્વજ ઓધાર્યો ત્યાંહ. ॥ ૧૬૪ ॥ ત્યાર પછી સંસારમાં પ્રગટ થયા દયાળ, જ્યારે બળીદાણુવ ને ચાંપ્યો પાતાળ. ॥ ૧૬૫॥ જ્યારે વામન રૂપે શ્રી હરિ પ્રગટ થાય, ત્યાં બહુ દાન કીધાં બળીરાય. ॥ ૧૬૬ ॥ જ્યારે શ્રી હરિએ દહિંતને પાતાળે ચાંપ્યો, ત્યારે કર્યું દાન તે એળે ગયો. ॥ ૧૬૭ ॥ સુણો લોકો સત્યગોરજી કહે સત્ય વાત, તમે કેટલું દાન દેશો વિપરને હાથ. ॥ ૧૬૮ ॥ જો એળે ગયું રાજા બળ સરખું દાન, ભાઈ તમારૂં દાન તે અહિંયા કોણ સમાન. ॥ ૧૬૯ ॥ તમે સુણો લોકો જેણે ગોર વજીસ્ટર ન ઓળખ્યા રાય, જેણે દાન પુન કીધાં તે ષટ દર્શનમાં જાય. ॥ ૧૭૦ ॥ ભાઈ તેથી કામ નિપજ્યું ન જાય, જેમ ગર્દભ ખેતર ખાય. ॥ ૧૭૧ ॥ આ દહિંતના મન માંહે એસો ભયો, તે ઈશ્વર આગળ બહુ તપ કરવા ગયો. ॥ ૧૭૨ ॥ ત્રુઠયા ઇશ્વર દહિંત વર માંગે સોય, દહિંત કહે સ્વામી સેહસ્ત્ર ભુજા અમારે હોય. ॥ ૧૭૭ ॥ સેહેસ્ત્ર હસ્ત બળ હોય એક ભુજે, તો ફરી વિષ્ણુ સાથે કરૂં યુદ્ધ. ॥ ૧૭૪ ॥ ત્યાં દહિંતને વર દીયો જે વાર, તે સેહસ્ત્ર અર્જુન અવતાર. ॥ ૧૭૫ ॥ એવાં વિષ્ણુ ચરિત્ર અનંત અપાર, તે ભકતું કારણ લે છે અવતાર. ॥ ૧૭૬ ॥ પાંચમે રૂપે શ્રી હરિ વામન, સત્યગોર જામો તે સેહજાનંદ.

॥ ૧૭૭ ॥ ચાર લાખને વર્ષ બત્રીસ હજાર, ત્યાં સુધી શ્રી હરિ વામન અવતાર.
॥ ૧૭૮ ॥ પાંચમો અવતાર સંપૂર્ણ જો થયો, શ્રી સત્યગોર વજીસ્ટર બોલ્યા વાણ.
॥ ૧૭૯ ॥ હવે છઠ્ઠા અવતારનાં માંડયાં મંડાણ, અને ત્યાં યજુર્વેદ લખ્યા પ્રમાણ.

શ્રી વામન અવતાર સંપૂર્ણ.

શ્રી નૃસિંહના, મુનિનાયક, વશવઢણ, વિરલોચન, કશ્યપ ઋષિ વંશતો શ્રી વામન, હવે શ્રી વામનની માતાતો લીલાવતી, પિતાતો કશ્યપ ઋષિ, શકતીતો દેવી કોકીલા, ગોરતો સહજાનંદ, સ્થાનતો બગપુર ક્ષેત્રનો વનથળી ત્યાં નરદહો હાણવતો બળીરાજા, વિચારતો યજુરવેદ ઓચરંતે ગાયત્રી, સાતવાર સત્તાવીસ નક્ષેત્ર, પંદર તીથી બાર કરણ, નવ ગૃહ, સુર્ય મંત્રનો જાપ જપંતા આવ્યા સ્વામી; ઋષિઓને સ્થાપી;બળી દહિંતને સંહારી;કમળા ધ્વજ ભકતને ઓધારી; તમે ભલે અવતર્યા યુગે યુગે દેવ મુરારી, જે કોઇ ચિત્ત હરિ શું લાએ તેના ધર્મ વધેને પાપ ક્ષય થાય. નમોનમો ભાઈ પરિબ્રહ્મ નારાયણનાં નામને; જેણે રૂપે આપણા સદ્દગોર બ્રહ્મા નર નારાયણ હોય, આજ તે રૂપને ધાઈએ. અવતાર પાંચમો શ્રી વામન ચાર લાખ બત્રીસ હજાર (૪૩૨૦૦૦) વર્ષ વર્ત તે સંપૂર્ણ.

હવે અપુરુષ (વેદ) વાણી; છઠ્ઠા અવતારના હરિવંશના પેઢી નામે જાય છે.

અવતાર પાંચમો સંપૂર્ણ.

અવતાર છઠ્ઠો

શ્રી પરશુરામ અવતારનો આરંભ.

શ્રી સત્યગોર બ્રહ્મા વાચા સત્ય છે

છઠ્ઠે શ્રી પરશુરામ રૂપે અતિ બળીયા સાર, ઉત્તમ જન્મ લીધો અવતાર. ॥ ૧ ॥ જ્યારે શ્રી પરશુરામ રૂપે અવતાર, ત્યારે દેવે ધનુષ્ય બાણ હાથે લીધું નિર્ધાર. ॥ ૨ ॥ તે યુગમાં ક્ષત્રી બહુ વસ્યા ભરપુર, ત્યાં શ્રી પરશુરામે મારી કીધા ચકચુર. ॥ ૩ ॥ જે દેવે ક્ષત્રી મારીને પૃથ્વી નક્ષત્રી કરી, તેમાં મોટા યોદ્ધા ક્ષત્રી હણ્યા. ॥ ૪ ॥ ક્ષત્રી તણો કીધો સંહાર, ધનુષ્ય બાણ આયુદ્ધ અદકાર. ॥ ૫ ॥ દહિંત મારીને નક્ષત્રી પૃથ્વી કીધી, માતા રેણુકાના પુત્ર સિધા. ॥ ૬ ॥ પિતા જમદગ્નિ કા પુત્ર જેહ, અને પાતાળથી આવ્યા તેહ. ॥ ૭ ॥ આજ શક્તિ માતા કાલીકા ભવાની, ને પુરશુરામ રૂપે અર્ધંગના હોય. ॥ ૮ ॥ જ્યારે પરશુરામ રૂપે લીધો અવતાર, ત્યારે કંપ્યા દહિંત સર્વે સંસાર. ॥ ૯ ॥ સહેસ્ત્રા અર્જુન દહિંત મહાબળીયો કહેવાય, તે સાથે યુદ્ધ કર્યો નવજાય. ॥ ૧૦ ॥ ત્યારે સહસ્ત્રા અર્જુન ગોરને પૂછે વાત, સ્વામી મારૂં મોત છે કોને હાથ. ॥ ૧૧ ॥ ત્યારે દહિંતનો ગોર બોલ્યો સોય, પરશુરામ રૂપે મારે તોય. ॥ ૧૨ ॥ તમે સુણો રે ગોરવાણી ઓચરૂં, સેહસ્ત્ર કાતીનું લોહ પીંજર કરૂં. ॥ ૧૩ ॥ ઝાલી પરશુરામને લાવું તે વાર,અને લોહ પીંજરમાંહે ઘાલું તત્કાળ. ॥ ૧૪ ॥ જે પીંજરમાં ફરશી ફરે, સેહસ્ત્ર કાતીશું કપાઇ મરે. ॥ ૧૫ ॥ એવી બુદ્ધ દહિંત જો કરે, ત્યારે લોહ પીંજર ઘડાવી ધરે. ॥ ૧૬ ॥ જ્યારે દહિંતે મન માંહે એવું ધર્યું, ત્યારે પરશુરામ મારણકું લોહપીંજર કર્યું. ॥ ૧૭ ॥ ત્યાંહ

પરશુરામતો એવું કરે, અને વૃદ્ધ રૂપ બ્રાહ્મણનું ધરે. ॥૧૮॥ હાથમાં માળા, લાકડીને નિર્મળ ભયા, દહિંતને દ્વારે પોતે ગયા. ॥૧૯॥ દહિંત લોહ પીંજર લઈને ઝાલવા ગયા, ત્યારે નારાયણ દેવ કપટ કરીને વિપર ઘરડા થયા. ॥ ૨૦ ॥ તે ઘડયો પીંજર પુરણ થાય, ત્યારે સેહસ્ત્ર અર્જુન બેઠા રાય. ॥૨૧॥ દેખી વિપરને દીધાં બહુમાન, ત્યાં પોતે કહે જે, તું મારો યજમાન. ॥૨૨॥ અમે તારા બ્રાહ્મણ એમ ગોર કહે, ત્યારે દહિંત મનમાં અચંબે રહે. ॥ ૨૩ ॥ ત્યાં દહિંત પૂછે ગોરને ભેદ, તમે કોણ દેશ થી અવ્યા દેવ. ॥૨૪॥ તે પર નગર છે અમારૂં ગામ, ત્યાં રાજ્ય કરે છે પરશુ-રામ. ॥૨૫॥ જ્યારે એવાં વચન પરશુરામ ઓચરે, ત્યારે બહુ બ્રાહ્મણને દહિંત આદર કરે. ॥ ૨૬ ॥ સુણો વિનંતી દહિંત પૂછે મહારાજ, તમે પરશુરામ દેખાડો મને આજ. ॥ ૨૭ ॥ સ્વામી તેવાં અમને કેજો ભેદ, અને તે સારૂં પાંજરૂં સમાયું દેવ ॥ ૨૮ ॥ ત્યારે બ્રાહ્મણ બોલ્યો સત્યનામ, જેવા તમે તેવાજ પરશુરામ. ॥૨૯॥ યજમાન તેં કેમ માથે પીંજર લીધું જેહ, તારી પાંચે પેઢી સરાવી છે મેં. ॥૩૦॥ અરે સેહસ્ત્ર અર્જુન તું બળીની વંશનો હોય, ત્યાં શ્રી નારાયણ સું યુદ્ધ કરજો તોય. ॥૩૧॥ તેણે તારી પાંચ પેઢી સંહારી ધરી, ત્યાં એવાં વચન તો બોલ્યા શ્રી હરિ. ॥૩૨॥ હું તમને પૂછું ગોરજી એક વાત, અને તે નારાયણદેવ કેમ આવે મારે હાથ. ॥૩૩॥ સ્વામી અમે લોહ પીંજર કીધું છે તેને કાજ, હું તો તેને જીવતો લઈ આવું આજ. ॥ ૩૪ ॥ હરે યજમાન મારૂં કહ્યું માને આજ, તો સહી સરશે તમારૂં કાજ. ॥ ૩૫ ॥ એ પંજર તમને પુરૂં હોય, તો તું તે પ્રમાણે માંય પેસી જોય. ॥૩૬॥ તમે પાંજરામાં પેસી જુઓ આજ, જો લઉં પ્રમાણ ને નવણસે કાજ. ॥૩૭॥ ત્યારે દહિંતે માન્યું સત્ય ભાય, અને તે પાંજરામાંહે પેઠો જાય. ॥૩૮॥ ત્યાં પાંજરા માંહેથી દહિંત બોલ્યો એહ, હવે પાંજરાની કળ તમે ફેરવી જોય. ॥૩૯॥ ત્યાંહ સ્વામીજીએ દહિંતને માંહે પેસાડીને દીધું દ્વાર, દહિંતને કળકરીને વાલ્યો સંહાર ॥ ૪૦ ॥ કપટ સ્વરૂપે કીધું એટલું કામ, ત્યાંહ ગુરુ રૂપે હુવા પરશુરામ. ॥ ૪૧ ॥ પાંજરમાંહે દહિંતનો ફરે છે સ્વાસ, ઉછળે પાંજરૂં ને જાય આકાશ. ॥ ૪૨ ॥ પાંજરામાંહે દહિંત થરથરે. અને કંપે ધરતીને પર્વત પડે. ॥ ૪૩ ॥ તડપે પાંજરૂંને ધરતી ઉપર ફરે, સેહસ્ત્રા અર્જુન સેહસ્ત્ર કાતીશું કપાઇ મરે. ॥ ૪૪ ॥ ત્યારે મરતાં દહિંત એમ ઓચરે, એ પરશુરામ તેં કપટ જો કર્યો. ॥ ૪૫ ॥ પણ જો તું બહાર કાઢીને મારે મોય, તો હું તમાશો દેખાડું તોય. ॥૪૬॥ બોધ કરીને મુને માર્યો મોરાર, બળે બંધાણો સઘળો સંસાર. ॥ ૪૭ ॥ ત્યાં સેહસ્ત્રા અર્જુન

દહિંત માર્યો જેહ, અને પરશુરામ રૂપે થયા તેહ. ॥ ૪૮ ॥ શ્રી હરિએ કપટ કરીને દાણવ પાંજરે દીયો, તે દહિંત મારણ કાજ પરશુરામ અવતાર જ લીયો. ॥ ૪૯ ॥ છઠ્ઠે છતા થયા પરશુરામ સહી, તેણે ક્ષત્રી નીર્વંશ કીધા સહી. ॥ ૫૦ ॥ છઠ્ઠે પરશુરામ રૂપ જો ધરી, અને ત્યાં ફરશી લઈને કરૂણા કરી. ॥૫૧॥ પિતા આગળ રહ્યા કરજોડ, અને હણ્યા ક્ષત્રીને માતા બંધન છોડ. ॥ ૫૨ ॥ ક્ષત્રીવંશના તો મેલ્યાં પ્રાણ, માર્યો દહિંત તે સેહસ્ત્રા અર્જુન. ॥ ૫૩ ॥ ત્યાં ક્ષત્રીનાં તે રાખ્યાં ધર્મ, તેણે માત પિતાના છોડાવ્યાં કર્મ. ॥ ૫૪ ॥ ત્યાં વિપરને તો આપ્યાં દાન, અને આલ્યાં પૃથ્વીને સહસ્ત્ર ગામ. ॥ ૫૫ ॥ દરીયા જો ઓસારી રહ્યા, ત્યાં વિપર સઘળા કેડે ગયા. ॥ ૫૬ ॥ ત્યાં બોલ્યા વિપર ચઢાવી રીશ, ને પૃથ્વી પોતી વરજો વીસ. ॥૫૭॥ વિપરને તો આલ્યો વર, તઇ ભીખી ખાઓ સઉ દરને ઘર. ॥૫૮॥ વળતાં બ્રાહ્મણ પોકારે નામ, પછી પરશુરામ રૂપ ક્ષત્રી ધર્યાં તે ઠામ. ॥ ૫૯ ॥ જ્યારે દહિંત સેહસ્ત્રા અર્જુન માર્યો જેહ, ત્યારે કમળા પતીને ઓધાર્યા તેહ. ॥૬૦॥ ત્યાર પછી સંસારમાં પ્રગટ થયા મોરાર, એવો પરશુરામ રૂપે થયો અવતાર. ॥ ૬૧॥ પરશુરામ રૂપ ધર્યું સાર, ગોરતો જનક ઋષિ અવતાર. ॥ ૬૨ ॥ ચાર લાખને વર્ષ બત્રીસ હજાર, ત્યાં લગી શ્રી હરિ પરશુરામ અવતાર. ॥ ૬૩ ॥ છઠ્ઠા અવતાર સંપુર્ણ જાણ, હવે સાતમાં અવતારનાં માંડયાં મંડાણ. ॥ ૬૪ ॥ અવતાર છઠ્ઠા સંપુર્ણ સહિ, એનર વાણી ગોર વજીસ્ટરે કહી.

---*---

પરશુરામ અવતાર સંપૂર્ણ

---*---

શ્રી વામનના માન ધાતા, પૃથ્વી જય, અસરત; જમદગ્ની, વંશતો શ્રી પરશુરામ, શ્રી પરશુરામની માતાતો રેણુકા, પીતાતો જમદગ્ની, શક્તિતો માતા કાલકા ભવાની, ગોરતો જનકદેવ, સ્થાનતો માયાપુર, ક્ષેત્રતો કૈલાસ પાટણ, ત્યાં નર દલો દાણવનો સેહસ્ત્રા અર્જુન, વિચારતો યજુરવેદ ઓચરંતે, ગાયત્રી સાતવાર સત્તાવીસ નક્ષેત્ર પંદર તીર્થ કરણ બાર, નવ ગૃહે સુર્ય મંત્રનો જાપ જપંતા આવ્યા સ્વામી; ઋષિઓને સ્થાપી સેહસ્ત્રા અર્જુન દાણવને સંહરી કમળા ધ્વજ ભકતને ઓધારી તમે ભલે અવતર્યા યુગે યુગે દેવ મોરારી. જે કોઈ ચિત્ત

હરિ શું લાએ, તેના ધર્મ વધેન પાપ ક્ષય થાય, નમોનમો ભાઈ પરિ બ્રહ્મ નારાયણના નામને જેણે રૂપે આપણા સદ્‌ગોર બ્રહ્માજી નરનારાયણ હોય આજ તે રૂપને ધાઇએ.

અવતાર છઠ્ઠો શ્રી પરશુરામ, ચાર લાખ બત્રીસ હજાર (૪૩૨૦૦૦) વર્ષ વર્ત તે.

ઉપરનો છઠ્ઠો અવતાર સંપૂર્ણ થાય છે. અને હવે તે અવતારની અપુરુષ (વેદ) વાણી સાતમા અવતારના હરિવંશી પુરુષ પર જાય છે.

નોંધઃ– હવે સાતમા અવતારમાં શ્રી હરિવંશ વર્ણ પલ્ટો કરે છે ને બ્રાહ્મણ વર્ણમાંથી રમી હવે રઘુકુળ અને સુર્યવંશી બને છે.

---*---

અવતાર છઠ્ઠો સંપૂર્ણ.

---*---

અવતાર સાતમો

શ્રી રામ અવતારનો આરંભ.

શ્રી સદ્દગોર બ્રહ્મા વાચા સત્ય છે.

શ્રી સત્યગોર વજીસ્ટર વાચા સાચી છે.

— * —

જ્યારે સાતમે અવતાર દહિંત રાવણ પ્રગટ થયો, ત્યારે નશા યંત્રનો વેણ-વાઈતપ કરવા ગયો. ॥ ૧ ॥ તેણે વનમાંહે પેસીને એવું કીધું કાજ, ત્યારે દેવના અવતાર દશનું માંગ્યું રાજ. ॥ ૨ ॥ સહિ ન મરૂં ત્યાં યુદ્ધ કરતાં નિર્વાણ, જો હું ન મરૂં સ્વામી કોઈને બાણ. ॥ ૩ ॥ જો સ્વામી એવો મુજને વર તમે આલો સહી, તો હું હાર મુખમાંથી ન કહું સહી. ॥ ૪ ॥ તમને એવું કહું છું મારા ગોર ઐયર ભાણ, તું હાર ના કહે એવો માંગી લેજો વરદાન. ॥ ૫ ॥ તે દહિંતે દેવ કને મહા તપ કરી વર લીધો ત્યાંહ, ત્યારે દહિંતે આવી સર્વે દેવ સભા કબ્જે કરી છે ત્યાંહ ॥ ૬ ॥ ત્યારે સર્વે દેવ કહે ભાઇ વિધાતાએ લખ્યું જેહ, તારે તે દહિંત ઘેર નવ ગૃહે સેવા કીધી તેહ. ॥ ૭ ॥ તે દહિંત ઘેર કોહરાં ભરડે જઈ, તે ઘેર પવન આંગણા બુવારે સહિ. ॥ ૮ ॥ તે ઘેર સમુદ્ર પાણી ભરતાં નીર, ત્યાં ચંદા સુરજ સેવા કરતા સધીર. ॥ ૯ ॥ તે દહિંતને સર્વે દેવ આગળથી ઉદક લીધું નિર્વાણ, અને જે અમે ત્યાં સત્યગોરજી આગળતો પામું માન. ॥૧૦॥ તે દહિંત ઘેર પનોતી પારણે બાંધી જેહ, ત્યાં દેવતા હુતાસણે રાંધણાં રાંધતાં તેહ. ॥ ૧૧ ॥ ત્યાં દેવતાએ આ સત્યગોર વચને સર્વે કીધાં કાજ, તે દહિંતને, દેવે તપ કરતાં એવું આપ્યું રાજ્ય. ॥ ૧૨ ॥ પહેલા યુગમાં મેઘ દેવતા મુખીએ છોત કીધી ત્યાંહી, તે માટે વીરલોચન ઘેર ભકત તારણ આવ્યા સહી. ॥૧૩॥ તે મુખી સર્વે યુગમાં ભકતુંને કારણ આવ્યા સહી, તે મુખીની હુવા, તપસ્વી ગોરની મહોર છાપ વીના કોઇ

તરશે નહિ. ॥ ૧૪ ॥ તે મુખી વીરલોચન રાજા હરિશ્ચંદ્રને ઘેર ઓળંગ જો કરે, તે મુખી વીરલોચન ઘેર દેવ સભા ગુપ્ત મળે. ॥ ૧૫ ॥ તે દેવ સભા ગુપ્તમાં વિંઝણે વાય ઢોળે જ્યાંહ, અને મુખી ગત કળશ પખાળે ત્યાંહ. ॥૧૬॥ તે મુખીએ ગતમાં કળશ પખાળ્યા જેહ, અને ત્યાંથી તારાદે સતી કુળ તારણ ઉપન્યા ત્યાંહ. ॥ ૧૭ ॥ તે સતીની રાજા હરિશ્ચંદ્રે પરિક્ષા કીધી ત્યાંહ, અને સતીના ચીર પટોળાં પરીઓ ધોતાં જ્યાંહ. ॥ ૧૮ ॥ ત્યારે રાજા હરિશ્ચંદ્રે તેડાવ્યો તે પૂત્રીનો બાપ, અમે પુત્રી તમારી વરીશું આપ. ॥ ૧૮ ॥ અરે રાજા તમે અમારો પરખો મર્મ, તમે ભલા ક્ષત્રી તમારૂં કોણ ધર્મ. ॥ ૨૦ ॥ ત્યાં રાજા હરિશ્ચંદ્ર મુખે બોલ્યાં વચન, ભાઇ અમે ક્ષત્રી ઉકેડેથી લઇએ રતન. ॥૨૧॥ ભાઇ અમોએ કન્યા રતન જાણીને પરણીશું જેહ, એને અમે પટરાણી કરીશું તેહ. ॥ ૨૨ ॥ ત્યારે રાજા હરિશ્ચંદ્ર પરણ્યા તારાદે નાર, ભાઇ એને અમે ઘરમાંથી નહિ કાઢીએ બાર. ॥ ૨૩ ॥ તારા રાણી ગોર વજીષ્ટરને કહે છે એક, સત્યગોરજી અમારૂં સત્ય રાખજો તમે. ॥ ૨૪ ॥ રાણી કહે સતગોરજી તમો આગળ વિનંતી કરૂં જેહ, અને ઘણી એક અસ્તુતી કરીને માંગુ તેહ. ॥ ૨૫ ॥ હવે સ્વામીજી સર્વે દરવાજે જાઉં અમે, તાળાં, ભૂંગળ ભાંગજો તમે. ॥ ૨૬ ॥ તે રાણીએ હંસલો રેવત પલાણ્યો જ્યાંહ, અને સત્યગોરજી વચને પાર ઉતર્યાં ત્યાંહ. ॥ ૨૭ ॥ અને સત્યગોરજી હાજર આવે જ્યાંહ, અને અતરંગથી આખર ઉતરે ત્યાંહ. ॥ ૨૮ ॥ રાજા હરિશ્ચંદ્રની બહુ સેવા કરતાં રાણી તારાદે આપ, અને સત્યગોરની સેવા કરવા પુત્રી જાય ઘર બાપ. ॥ ૨૯ ॥ એ રાણી ત્યાંહ દેવ સભામાં જતાં કરવા થાળ, અને તે રાણીને દાસી સઘળી બોલતી આળ. ॥૩૦॥ તે સર્વે દાસી મળીને રાજાને, રાણી જતાંનું કીધું જાણ, હરે રાજા તમે એ રાણીને શું દોછો માન. ॥ ૩૧ ॥ તે દાસી વચને રાજા સ્ત્રી ચરિત્ર જોવાને રાણી સાથે થયા, ત્યાં હંસ શણગાર્યોને પૂંઠે વળગીને રાજા દેવ સભામાં ગયા. ॥ ૩૨ ॥ તે સભામાં આ સત્યગોરને સર્વે નાનાં મોટાં સર્વે બાળગોપાળ, ત્યાંહ રાણીનો હંસલો વેધીને ગતમાં કીધી થાળ. ॥ ૩૩ ॥ ત્યારે તે ઘોડાનાં હાડ, ચામ મેલીને મુખી ગત માંગે દેવ, ત્યાં ઘોડો હંસલો બેઠો થયો તે નિર્વાણ. ॥ ૩૪ ॥ તે રાણી સર્વે દેવ સભાસું વિદાય થાય છે અબળા વાટ, પણ થાળ બે નરને કાજે પોતે અનામત બાંધ્યા છે સાથ. ॥ ૩૫ ॥ તે થાળ રાણીએ સાથે લઇને હંસલો પલાણ્યો જ્યાંહ, ત્યારે પાછા ફરીને રાજા પૂંછડે વળગ્યા ત્યાંહ. ॥ ૩૬ ॥ તે થાળ રાણી લાવ્યાં છે આપણે ઘેર, ત્યાં રાજા હરિશ્ચંદ્ર કહે એ રાણીને જીવ્યાની કોણ

પેર. ॥૩૭॥ હાથમાં ખાંડુ લઇને રાજા હરિશ્ચંદ્ર બોલ્યા આળ, હરે રાણી તું સાચું કહેજે રાતે શું લાવી છે થાળ. ॥૩૮॥ હરે રાણી હવે જો તું બાહેર કાઢે પગતો વાઢીએ આજ, અમે નજરે દીઠા સર્વે દાસી કહેતીતી સાચ. ॥ ૩૯ ॥ ત્યાં અઢારે વર્ણ એકઠી મળે છે રાત, તે સર્વે મળી કરે છે જીવ હીંસા ની ઘાત ॥ ૪૦ ॥ તો સ્વામી તમે દાસી વચન પ્રમાણ કરીને ઝંખોછો આળ પંપાળ, તમે ખડગ મેલો તો સીર સહું, અમે અબળા ઉપર શું મેલો છો આળ. ॥ ૪૧ ॥ ત્યાં ક્રોધ કરીને ઉઠયા હરિશ્ચંદ્ર રાય, તો રાણી અમે હજુર થાળ દેખાડો આજ. ॥૪૨॥ તો રાણી અમને જુઠાં કહે છે આપ, તો હવે આજ તારૂં સર્વે મળ્યું છે પાપ. ॥ ૪૩ ॥ તે એસા વચન સુણોને રાણી મને જાય, ત્યાં વિનંતી કરે હો ત્રીભોવન રાય. ॥ ૪૪ ॥ સ્વામી સદાય સખા ભકતુંના આધાર, ત્યાંહ ફરીયાદ કરે છે તારાદે નાર. ॥ ૪૫ ॥ રાણીએ ધણીએ અસ્તુતી કરી તે ચાલી તત્કાળ, જ્યાંહ રાજા ઉભા છે મહા વિકાળ. ॥૪૬॥ રાણી થાળ લાવ્યાં જ્યાં હરિશ્ચંદ્ર ઉભા છે જ્યાંહ, અને આપ દ્રષ્ટે દીઠાં છે ત્યાંહ. ॥ ૪૭ ॥ ત્યારે આ સત્યગોર વચને સર્વે થાળ ફીટીને છાબ નીપની જેહ, ત્યાં રાજા હરિશ્ચંદ્ર અચંબે થયા છે તેહ. ॥૪૮॥ ત્યારે આ સત્યગોરનો પ્રસાદ જેહ, અને હિરા મોતી નીપન્યા તેહ. ॥ ૪૯ ॥ અને પુરી થઇ નાગરવેલના પાન, માંસ ફીટી ફળ નીપન્યા જાણ. ॥ ૫૦ ॥ તે લાડુ આ સત્યગોર કહે ફર્માન, ત્યાં ફળ બીજોરાનાં થયાં નિર્વાણ. ॥૫૧॥ કહીએ જે કમોદ કેરા કુર, એ સદ્દગોરે કીધાં જાવંત્રીના ફુલ. ॥ ૫૨ ॥ એણીપેરે ભોજન નીપન્યા જ્યાંહ, અને રાજા હરિશ્ચંદ્ર ઈમાન લાવ્યા ત્યાંહ. ॥ ૫૩ ॥ ત્યાં ખડગ નાખીને રાજા હરિશ્ચંદ્ર ઉભા રહ્યા જેહ, હવે રાણી અમે એ ધર્મના સર્વે મર્મ પરખ્યા તેહ. ॥ ૫૪ ॥ રાણી તમે અમ કુળ તારણ આવ્યાં જેહ, હવે અમને દેખાડો સત્યપંથ ધર્મ તેહ. ॥ ૫૫ ॥ રાજા તમે રાજ્ય કરીને ધરો પ્યાર, પણ આ સત્યપંથ છે ખાંડાની ધાર. ॥ ૫૬ ॥ ખરી ખાટી ખાંધે ખોટ ભાંજસે આળ, એવો સત્યપંથ છે ચલના ખાંડે ધાર, ॥ ૫૭ ॥ હરે રાજા વ્હાલું તમને સીંહાસન રાજ, અને તમને ગૌ, દેહરાંએ બાંધી આસ. ॥ ૫૮ ॥ કે તમને વ્હાલો તેજી, હંસલો, ને વ્હાલાં મંદીર અવાસ, તમને વ્હાલી તારાલોચન, ને વ્હાલાં કુંવર રોહીતદાસ. ॥૫૯॥ દેશ પરદેશ, ગામે ગામ બાંધ્યા ગરાસ, તે રાજા સર્વે મેલાવશે એવડી છે તમારી આશ. ॥૬૦॥ એ સદ્દગોરજી સર્વે માંગે સત્ય શું જ્યાંહ, જો પુરાં ઇમાન અવીચળ હોય ત્યાંહ. ॥ ૬૧ ॥ આ સત્યગોરજી રાજ્યપાટ સર્વે માંગશે જો યે, અને કાળજું

કાયા માંગશે તોયે. ॥૬૨॥ રાણીએ સર્વે રાજ્યપાટ સર્વે આપીશું એક મન, અને સત્યગોર જે કહેશે તો ચાલીશું વન. ॥ ૬૩ ॥ એવા સત્યપંથ પ્રમાણે સત્યશું તન, રાણી પછી આલે તેવું લેશું અન્ન. ॥ ૬૪ ॥ તે રાજા હરિશ્ચંદ્રે આ સત્યગોરજી કારણ સવાલાખ છંદમેલ્યા જેહ, સવાલાખ આસનધારી તેહ. ॥ ૬૫ ॥ તે રાજા ઘેર સવાલાખ ભટ વાંચતાં વેદ પુરાણ, તે સદ્દગોર વચને સર્વે મેલ્યાં જાણ. ॥૬૬॥ ત્યારે રાજા હરિશ્ચંદ્ર ઘેર બેંતાલીસ લાખ રાજા સલામે આવતા જેહ, અને પોતાની પાગરમાંથી છન્નુલાખ ઘોડા પૂંઠે ચઢતા તેહ. ॥ ૬૭ ॥ તેની મુલકે, મુલક આણ ફરતી નિર્વાણ, એવાં તો રાજ્ય કરે પ્રમાણ ॥ ૬૮ ॥ તેને દર્ભ કોટડીનો પાર નહીં છેહ, તેણે સર્વે આ સત્યગોર વચને મેલ્યાં તેહ. ॥ ૬૯ ॥ તે ભકત હરિશ્ચંદ્રે આ સદ્દગોર સત્યસું સેવ્યા જેહ, અને જન્મ વ્રત પાળ્યાં જેહ. ॥૭૦॥ તે તે રાજા હરિશ્ચંદ્રે લોહાર ઘેર ઘણ કુટયા આણ, ભાઈ તેણે ખરી ખટી કરીને ખાધાં હકક કણ. ॥૭૧॥ તે રાજા હરિશ્ચંદ્ર દેવ સભા ઘેર લાવ્યા જાણ, અને ચક્ષુ નિંદ્રા નવ કીધી નિર્વાણ. ॥ ૭૨ ॥ તેમણે રાત દીવસ ગતની સેવા કીધી નીધાન, તે તો આ સત્યગોરજીને ફર્માન. ॥ ૭૩ ॥ જે ભકત કારણ સાતમાં અવતાર શ્રી હરિએ ધર્યા, ત્યારે દેવ દશરથને ઘેર શ્રી રામ અવતર્યા ॥ ૭૪ ॥ સાતમે રૂપે શ્રી રામ અવતાર, તે દશરથ કુળ આવ્યા દેવ મોરાર. ॥ ૭૫ ॥ માતા કૌશલ્યા તણા પુત્ર શ્રી રામ, અને સુમીત્રાના પુત્ર લક્ષમણ નામ. ॥૭૬॥ ભરત અને શત્રુઘ્ન બેઉ પુત્ર કૈકેયીના ભયા, એવા ચારે પુત્ર રાજા દશરથના થયા. ॥ ૭૭ ॥ કૈકેયીના મનમાં કુડ જ થાય, ત્યાંહ કપટ કરીને છળ્યા દશરથ રાય. ॥ ૭૮ ॥ રામ અને લક્ષમણને દ્યો વનવાસ, ભરત અને શત્રુઘ્નને રાખો તમારે પાસ. ॥ ૭૯ ॥ જો રામ લક્ષમણ વનમાં સંચરે, તો ભરત અને શત્રુઘ્ન રાજ જો કરે. ॥૮૦॥ જ્યારે કૈકેયી વચન એવાં કહે, ત્યારે રાજા દશરથ અચંબી રહે. ॥૮૧॥ રામ, લક્ષમણને જે રાજ કરાય, તે કૈકેયીને નજરે દીઠાં નસો વાય. ॥ ૮૨ ॥ ત્યાં લક્ષમણ મનમાં શું ધરે, તે ભક્ત સેવા શ્રી રામની કરે. ॥ ૮૩ ॥ ત્યાં કૈકેયી મનમાં સંદેશો ધરે, એ રામ લક્ષમણ બેઉ રાજ્ય કેમ કરે. ॥ ૮૪ ॥ ત્યારે કૈકેયીના મનમાં કપટ જો થાય, તે વચ છળવા રાજા દશરથ પાસે જાય. ॥ ૮૫ ॥ સુણો સ્વામી વચન માંગું આજ, તમે ભરત અને શત્રુઘ્નને આપો રાજ્ય. ॥ ૮૬ ॥ એ રામ લક્ષમણને દ્યો વનવાસ, સ્વામી એસા વચન માંગું તમ પાસ. ॥૮૭॥ કૈકેયી કપટ વાણી ત્યાં ઓચરે, વચન હાર્યા તે રાજા શું કરે. ॥ ૮૮ ॥ રામ લક્ષમણને

લીધા બોલાય, અને કહી વાત દશરથે સમજાય. ॥ ૮૯ ॥ ભરત, શત્રુઘ્ન કરશે રાજ, તમે વન પધારો ને પુત્ર આજ. ॥ ૯૦ ॥ કૈકેયી આ શું કહ્યાં આજ, તમે જાવો વનવાસ પુત્ર મેલો રાજ. ॥ ૯૧ ॥ ત્યારે પિતા વચન ચઢાવ્યાં શિષ, કરી પ્રણામને પાય લાગ્યા જગદીશ. ॥ ૯૨ ॥ કૈકેયીના વચન એવાં સોય, તારે માતા ને પાયે લાગ્યા દોય. ॥ ૯૩ ॥ ત્યાં રામ લક્ષમણને સીતા પાસ, એ ત્રણે જણ ચાલ્યાં વનવાસ. ॥ ૯૪ ॥ જ્યારે એવી રામ લક્ષમણને રજા દશરથની થઈ, શ્રીરામ લક્ષમણ સીતા સાથે લઇને વનમાં જઇ. ॥ ૯૫ ॥ જ્યારે નગર છોડીને ચાલ્યા નાથ, ત્યારે ભરત અને શત્રુઘ્ન ચાલ્યાં સાથ. ॥ ૯૬ ॥ જ્યારે શ્રીરામ રાજ્ય મેલ્યું નગર અયોધ્યા તણું, ત્યારે બંધવે બંધવ મનમાં રોયા ઘણું. ॥ ૯૭ ॥ ત્યારે રોયા ભક્ત સર્વે નગર અયોધ્યા તણા, ત્યાં પશુપક્ષી રોયાં ઘણાં. ॥ ૯૮ ॥ ત્યારે રોયાં હસ્તી, ઉંટ, તોખાર, ત્યાં રોયા કુટુંબ પરવાર. ॥ ૯૯ ॥ ત્યારે રોયા મૃગ જંગલ તણા ત્યાં રૂખેસર લોક રોયા ઘણા. ॥ ૧૦૦ ॥ ત્યાં રૂખેસરોએ મળી મનમાં દુઃખ જો ધર્યું, અરે બાઈ કૈકેયી તમે આ શું કર્યું. ॥ ૧૦૧ ॥ બાઈ તમે કાંઇ ન જાણ્યો શ્રીરામ તણો પાર, એ દેવ છે ત્રણ ત્રીભોવનનાં સૃજનહાર. ॥ ૧૦૨ ॥ ત્યાં સર્વે રૂખેસર મળીને કરે છે વાત, ભાઇ આપણે જઈએ શ્રી રામની સાથ. ॥ ૧૦૩ ॥ જ્યારે સઘળા રૂખેસર ચાલ્યાં મનમાં દુઃખ જો ધરી, ત્યાં પાછું જોઇને બોલ્યા શ્રી હરિ. ॥ ૧૦૪ ॥ ભાઇ તમે વળો પાછાં ને શિદ આવો છો અમો ભણી, અને અમને રજા થઇ છે શ્રી દશરથ તણી. ॥ ૧૦૫ ॥ ત્યાં શ્રી રામે સર્વે રૂખેસરોને સમજાવી કહ્યો છે મર્મ, ભાઇ અમો ભોગવીશું અમારા કર્મ. ॥ ૧૦૬ ॥ ત્યાં અમો સાથે આવવાનું નહિં કાજ, તમો પાછા ફરીને જાઓ અયોધ્યામાં આજ. ॥ ૧૦૭ ॥ જ્યારે ભરત શત્રુઘ્ન ચાલ્યા સાથ, ત્યારે વ્યાકુળ રૂપ કર્યું અપાર. ॥ ૧૦૮ ॥ ત્યાં ભરત શત્રુઘ્ન બોલ્યા સત્ય ભાય, કપટ કીધો એ કૈકેયી માય. ॥ ૧૦૯ ॥ ત્રણ ત્રીભોવન નાથે લીધો અવતાર, ધન ધન વૌંશ આપણું આ જીવવું સંસાર. ॥ ૧૧૦ ॥ કૈકેયી તમથી મૂર્ખ દુજું નવ કોય, ત્રીભોવન નાથ આવ્યા પુત્ર તોય. ॥ ૧૧૧ ॥ જ્યારે ચાલ્યા ભરત, રામની સાથ, ત્યારે રોવે ત્યાં કૌશલ્યા માત. ॥ ૧૧૨ ॥ રોવે લોક નગર અયોધ્યા તણા, ત્યાંહ દશરથ રાજા રોવે છે ઘણા. ॥ ૧૧૩ ॥ રોવે પ્રજાને સર્વે સંસાર, અને શ્રી રામ વનમાં ગયા ને હુવો અંધકાર. ॥ ૧૧૪ ॥ જ્યારે વન માંહે રામચંદ્ર પહોંચ્યા જ્યાંહ, ત્યારે દશરથ રાયનાં છુટયા છે પ્રાણ. ॥ ૧૧૫ ॥ દશરથ રાયે કર્યો કાળ, નગરના લોક કપટી ઝાળ. ॥ ૧૧૬ ॥ જે વનમાં જઈને

પહોંચ્યા શ્રી રામ, ત્યાં દેખ્યા વનમાં ઉત્તમ ઠામ. ॥ ૧૧૭ ॥ ત્યારે લક્ષમણ બોલ્યા શીર નામ, એક વાત અમારી સુણો શ્રી રામ. ॥ ૧૧૮ ॥ ભાઈ એણે વન છે ઉત્તમ ઠામ, તો આ બાંધી મઢી ને કરો વિશ્રામ. ॥ ૧૧૯ ॥ ત્યાંહ ગોર વિશિષ્ટ અને રામચંદ્ર બેઠા આય, તે શ્રી રામની રજા લઇને ગોર તપ કરવાને જાય. ॥ ૧૨૦ ॥ ત્યાં શ્રી ગોરની રજા લઇને રામચંદ્રજી નીસર્યા, તે સ્વામી કદળી વનમાં જઈ સંચર્યા. ॥ ૧૨૧ ॥ ત્યાં દીઠો વનમાં ઉત્તમ ઠામ, ત્યાં બાંધી મઢીને રહ્યા શ્રી રામ. ॥૧૨૨॥ જ્યારે શ્રી રામે વચન કીધાં પ્રમાણ, તે ઠામે લક્ષમણે મઢી બાંધી નીર્વાણ. ॥ ૧૨૩ ॥ વન કદળી જે બહુ અપાર, વનસ્પતી ત્યાં ભાર અઢાર. ॥૧૨૪॥ જેણે વન શ્રી રામચંદ્રનો હોવે નિવાસ, ફુલે વૃક્ષ ને ફળે બહુ વાસ. ॥૧૨૫॥ ડમરા, મરવાની મઢી વાળી છે જ્યાંહ, તેમાં ખાંપ જડી છે વાંસ તણી પ્રમાણ. ।૧૨૬॥ સિઅળ, વિઅળ, અને સીંદુરીઆ જ્યાંહ, ભાઇ એવાં વનતો કહીએ ત્યાંહ. ॥૧૨૭॥ ડમરો, મરવો લાવી મઢી આગળ વાડી કરી, કેટલા એક દીવસ ગયા નીસરી. ॥૧૨૮॥ ત્યાં દેવ બાર વર્ષ વનમાં રહ્યા છે સહી, તેની રાવણ દહીંતે સુધ જો લહી. ॥૧૨૯॥ તે કદળીવન માંહે તપસ્વી ગોર દેવ પધાર્યા આપ, ત્યાં શ્રી રામચંદ્રને પૂછે જો આપ. ॥ ૧૩૦ ॥ હવે દહિંતને સકળ વ્યાપક પ્રગટ થયો ઉત્પાત, તમે ગોરજી કહો દેવ સભાકી વાત. ॥ ૧૩૧ ॥ તે નગરીમાં પહેલા નારદ ઋષિ આવ્યા છે જ્યાંહ, સર્વે દેવે માંન બહુ દીધા ત્યાંહ. ॥ ૧૩૨ ॥ સ્વામી સર્વે સત્ય વાદી લોક છે એહ, અમે દેવ સભામાં જઇ બોલ્યા તેહ. ॥ ૧૩૩ ॥ ત્યાં વિશ્વામિત્ર ઋષિ બોલ્યા સહી, અમો ભમ્મર તપ સાધી અગોષ્ટ ભેરવ તપ કીધો સહી. ॥૧૩૪॥ શું તે શ્રી તો અદકો નહી, હવે હું એને છળ પાડું સહી. ॥ ૧૩૫ ॥ ગોર વશિષ્ટે મુસાફર મોકલ્યો ત્યાંહ, રાજા હરિશ્ચંદ્ર, અને તારા રાણી તમો વિશ્વામિત્ર માંગે તે કહેજો હા. ॥ ૧૩૬ ॥ જો અમરાપુર લેવાનો અર્થ હોય આજ, તો તમ મુખ માંથી ન કહેશોજ. ॥ ૧૩૭ ॥ સ્વામી તમે ગોરદેવ ભલે પધાર્યા આય, નહિંતો જીવ અમારા નર્કે જાય. ॥ ૧૩૮ ॥ જો આજ દેવ તમસું મસ્તક માંડીએ પાય, તોય ગુણ ઓશીગણ ન થાય. ॥ ૧૩૯ ॥ ત્યાં વિશ્વામિત્ર પોતે વદ્યા આપ, તેણે સુવર મંત્રના કીધા જાપ. ॥ ૧૪૦ ॥ જે વિશ્વામિત્ર પોતે પધાર્યા અહિંયા, અને સુવરના રૂપ લીધા ત્યાંય. ॥ ૧૪૧ ॥ ત્યાં વિશ્વામિત્ર આવ્યા સહી, અને વ્યારાહ રૂપ લીધું ત્યાંહી. ॥૧૪૨॥ જે રાજાને વાડી વલ્લભ છે જ્યાંહ, તેના ઘટ પાટે ફુલ ચડે છે ત્યાંહ. ॥ ૧૪૩ ॥ વાડીમાં જઇને વૃક્ષ ઉપેડયાં તે ઠામ, ત્યારે રાજા હરિશ્ચંદ્ર

૯

કહે એ વિશ્વામિત્રનાં કામ. ॥ ૧૪૪ ॥ અમે રાજાના અશ્વ આગળ નીસરૂં જાણુ, અવર કોનું નવ લઉં નામ. ॥૧૪૫॥ જે સમૃથ સકાળ સંચર્યો જેહ, રાયના રેવત હેઠળથી નીસર્યો તેહ. ॥૧૪૬॥ રાજા હરિશ્ચંદ્ર એ શિકાર સાથે ચાલ્યા જ્યાંહ, તે નદી વિશ્વામિત્રી છે જ્યાંહ. ॥ ૧૪૭ ॥ તે વિશ્વામિત્ર બ્રાહ્મણ રૂપે ઉભા રહ્યા જ્યાંહ, તેણે રાજાને ઉભા રાખ્યા છે ત્યાંહ. ॥ ૧૪૮ ॥ તે વિશ્વામિત્રે બાળક બે નિપાવ્યા કોડ, રાજા એ વરકન્યા છે બેઉ જોડ. ॥ ૧૪૯ ॥ રાજા તમે ના કહી ઉભા રહો તો અમારો નહી જોર, નહિતો અમો પરણાવીશું કરોડ. ॥ ૧૫૦ ॥ એ રાજા હરિશ્ચંદ્રે વરકન્યા દાન દઈ પરણાવ્યાં ત્યાંહ, અને નદી વિશ્વામિત્રી છે ત્યાંહ. ॥ ૧૫૧ ॥ હવે ચાર જણને કાંઈ આપશો એહ, અને સવા ભાર સુવર્ણ માંગું તેહ. ॥ ૧૫૨ ॥ સ્વામી અમે તમને હાથ જોડી આલીશું તેહ, નહિં તો અમો તમો આગળ ધરીશું દેહ. ॥ ૧૫૩ ॥ સ્વામી અમે અન્ન પાણી ત્યારે આરોગીએ, જ્યારે અમો તમ બ્રાહ્મ ઋણે છુટીએ. ॥ ૧૫૪ ॥ જ્યાં રાજા હરિશ્ચંદ્ર, તારા રાણી, કુંવર રોહીતદાસ, તે ત્રણે જણ વેચાવા ચાલ્યા સત્યને કાજ. ॥ ૧૫૫ ॥ ત્યાં તો દેવ ગોરજી સ્વામી સોહી, અમે ઘણીએક અસ્તુતી કરી તમને કહી. ॥૧૫૬॥ સ્વામીજી અમો મન આશા તમારી તોહ, અમે કીયા આચાર હીણા છઉં જોહ. ॥૧૫૭॥ સ્વામી તમે ભાર દીયા અમે સર લીયા આજ, હવે અમે લેવા અમરપદ કાજ. ॥૧૫૮॥ સ્વામી અમે કોટ મંદિર મેલ્યા આવાસ, અમે સત્યગોર વચને મેલ્યાં રાજ. ॥ ૧૫૯ ॥ ત્યારે રાજા હરિશ્ચંદ્ર કહે રાણી સાંભળો વાણ, તો આપણે સત્યગોરજીને પૂછો જાણ. ॥ ૧૬૦ ॥ અવર કોઈ અદકી કરણી કમાઇ ત્યાંહ, ત્યાર પછી અમને ન કહેશો ત્યાંહ॥ ૧૬૧ ॥ તો સ્વામી રાજા આ સત્યગોરજીના સીર ચઢાવો જવાબ, તો આપણે વેચાઈએ સીર ધરી આપ. ॥૧૬૨॥ જો ત્યાં દેવગોર હાજર હોય આપ, તો હવે સર્વે યુગના જાય પાપ. ॥૧૬૩॥ ભક્ત હરિશ્ચંદ્ર ને તારાલોચન, કુંવર રોહીતદાસ કાશી ખંડમાં વેચાયા ખડમાટ. ॥૧૬૪॥ માથે ખડ ને‍ા પુલ્ર લીધો જ્યાંહ, તો ભકતે એણીપેરે આપ ગાળ્યાં ત્યાંહ. ॥૧૬૫॥ એ ત્રણ જણ સત્યસું વેચાયા ત્યાંહ, એ ત્રણજણે અમરપદ લીધું ત્યાંહ. ॥૧૬૬॥ જ્યારે કુંવર રોહીતદાસ ખડનો પુળો લેવા ગયા, તેને મુદ્રીકા એક આપી ત્યાંહ. ॥ ૧૬૭ ॥ ભાઇ બાકી વધે તેને શું કરીએ અમે, તેનો સાત ગૌને ચારો નીરજો તમે. ॥ ૧૬૮ ॥ તે ભક્ત પહેલે એસા બ્રાહ્મણ માળી જ્યાંહ, અને એ ભકતે પરની સેવા કીધી ત્યાંહ. ॥૧૬૮॥ તે ભક્ત ઝાંપડા ઘેર વેચાયા જયાંહ, તેને વિશ્વામિત્રે અનેક કષ્ટ મુકયા ત્યાંહ. ॥૧૭૦॥ તે સદ્દગોરને વચને દુઃખ વેઠયા

જયાંહ, તે સતી સત્ય ન ચુકયાં ત્યાંહ. ॥૧૭૧॥ ભકતોને વર આલવા જેહ, સ્વામી દહિંતને મન વસ્યા તેહ. ॥૧૭૩॥ તે દહિંતને પહેલે અઠોતેરસો બુદ્ધ સુજતી તેહ, પણ ત્યારે એક બુદ્ધ ન સુજી તેહ. ॥૧૭૩॥ જે દહિંત રાવણે રાજા હરિશ્ચંદ્ર સાથે બહુ કીધો વિખવાદ, ત્યારે અઠોતેર બુદ્ધ માંહે એક ન સુજી ત્યાંહે. ॥૧૭૪॥ ત્યારે તે વેર વાદ કરતાં દહિંત સંહાર્યો આય, ત્યારે એ સંઘ સર્વે પુરી થાય. ॥ ૧૭૫ ॥ જયારે તેણે શ્રી રામ લક્ષમણ સાથે લેવા ખેડા આય, ત્યારે તે ત્યાં સતી સીતાને હરવા જાય. ॥૧૭૬॥ હરે ભાઇ રામ લક્ષમણ બેઉ જેહ, આવીને વનમાં વસીયા છે તેહ. ॥ ૧૭૭ ॥ મેં સર્વે દેવતા કીધા ધણી, એમ કહે રાવણ હું છું લંકાનો ધણી. ॥૧૭૮॥ હું તો જાવું લાવું રામ તણી સીતા જેહ, અને એમ ત્યાં દહિંત રાવણ કહે તેહ ॥૧૭૯॥ ત્યાં મઢી બાંધીને રહ્યા સીતા નાર, રામ લક્ષમણે મેલ્યો સંસાર. ॥૧૮૦॥ દહિંત રાવણ કહે તેની લાવું નાર, જેણે વન છે રામ ત્યાં જાઉં નિર્ધાર. ॥૧૮૧॥ તેણે વન જઇ પોત્યો આય, ત્યાં કારમો મૃગ સુવર્ણનો થાય. ॥ ૧૮૨ ॥ તે રાવણ દહિંત એવો મનમાં ગર્વ ધરે, તેણે ત્યાં કારમો મૃગ સુવર્ણનો કરે. ॥ ૧૮૩ ॥ ગયો મૃગ ત્યાં વન મોઝાર, અને ત્યાં હુતા શ્રી સીતા સત્યવંતી નાર. ॥ ૧૮૪ ॥ તે સીતાની વાડી માંહે ચરવા ગયો, અને ત્યાં સુવર્ણ રૂપે એવો મૃગલો થયો. ॥૧૮૫॥ એ મૃગલો પાપી દુષ્ટ રાવણ તણો, તે આવીને હેરૂં કરે છે ઘણો. ॥ ૧૮૬ ॥ મારો મૃગ એમ સીતા કહે, સુણો શ્રી રામ વચન કહું છું એહ. ॥ ૧૮૭ ॥ એ ચરતો મૃગ દીઠો સીતા નાર, તે રામ લક્ષમણ બેઠા ઘરને બાર. ॥૧૮૮॥ સીતાએ વચન કીધાં તે વાર, સુવર્ણ મૃગ વાડીમાં સાર. ॥ ૧૮૯ ॥ અમને હોંસ છે કાંચળી તણી, મારી મૃગ ને લાવો ત્રીભોવન ધણી. ॥ ૧૯૦ ॥ સત્યવચ લક્ષમણ સીતાને કહે છે આણ, સુવર્ણનો મૃગ નથી ઉપાયો નિર્વાણ. ॥ ૧૯૧ ॥ સીતા વચન શ્રી રામ ચિંત્તમાં ધરે, ત્યારે ધનુષ્ય બાણ હાથમાં ગૃહે. ॥ ૧૯૨ ॥ સુણો સ્વામીજી સીતા કહે સત્ય ભાય, ધનુષ્ય બાણ ચડાવી મેલો જાય. ॥૧૯૩॥ સુણો રે સીતાજી કહું નિર્ધાર, મોહે રણે જાવું છું ઠાર. ॥ ૧૯૪ ॥ એસા શ્રી રામચંદ્ર કહ્યાં સત્ય ભેવ, અને પછી વનમાં જઇને પહોંચ્યા દેવ. ॥ ૧૯૫ ॥ રામ સ્વરૂપે વનમાં ગયા, અને તે સીતા કારણ વ્યાકુળ થયા. ॥ ૧૯૬ ॥ ચરતો મૃગ દીઠો શ્રી રામ, ત્યાં જોઈ બાણ ને કીધો સંગ્રામ. ॥ ૧૯૭ ॥ લાગ્યું બાણ ને મૃગલો પડયો, લક્ષમણ પોકાર મૃગલે કર્યો. ॥ ૧૯૮ ॥ પડતો મૃગ પોકારે શ્રી રામ, અને સીતા કહે લક્ષમણ તું દોડી જાય. ॥ ૧૯૯ ॥ કહે સીતા તમે સુણો લક્ષમણ રાય, બાંધવ

તમારો કોણે ગાંજ્યા જાય. ॥ ૨૦૦ ॥ ઘેર થકી લક્ષમણ કહે વિચાર. મારો બંધવ કોથી ગાંજ્યો ન જાય. ॥ ૨૦૧ ॥ ઘર મુકીને લક્ષમણ નીસર્યા બ્હાર, જ્યાં પડતે મૃગલે કીધો પોકાર. ॥ ૨૦૨ ॥ ત્યારે લક્ષમણ કહે સુણો સીતા માય, તમે ઘરથી બાહેર ન કાઢો પાય. ॥ ૨૦૩ ॥ રામ રક્ષા માટે જાણો આજ, અમે દો બંધવ કરી આવીએ કાજ. ॥૨૦૪॥ એવું કહીને લક્ષમણ વનમાં જાય, ત્યારે દહિંત પહોંચ્યો છે ઘરને વાય. ॥ ૨૦૫ ॥ ત્યાં ભભુત ભેખ ધરી દહિંત ઉભો છે બાર, તે ભક્તનો ભેદ ન કળ્યો સીતા નાર. ॥ ૨૦૬ ॥ ભભુત મુખે ભયાજો પાય, તે સીતાને દરવાજે પોતો જાય. ॥ ૨૦૭ ॥ ગાય ગીત ને મુખ બોલે અપાર, મોહે ભીક્ષા જો આલો નાર. ॥ ૨૦૮ ॥ સુણો અભ્યાગત તુને કહું સત્યભાય, જે રામ રક્ષા મોહે મેલી ન જાય. ॥૨૦૯॥ સુણો સીતા અમે કહું વીચાર, એક પગ બાહેર દેજો નાર. ॥ ૨૧૦ ॥ મોહે અભ્યાગત જોઇ લે આજ, નર મુખ જોઉં તો આવે લાજ. ॥૨૧૧॥ દેવા ભીક્ષા પગ બાહેર નીસરે, સીતાનો હાથ જો દહીંત જો ધરે. ॥ ૨૧૨ ॥ લઇ સીતાને બાંધે ધરી, ને ચાલ્યો દહિંત કપટ જો કરી. ॥૨૧૩॥ તે સતી સીતાએ રાક્ષસનો ભેદ જો ન લીયો, અને સતીને ખાંધે ચઢાવીને દહિંત લઇ ગયો. ॥ ૨૧૪ ॥ ત્યાં ઝટા પક્ષીએ દેખ્યો જાય, તેણે દહિંત શું યુદ્ધ માંડયો ત્યાંય. ॥ ૨૧૫ ॥ ત્યારે દહિંતના મનમાં ઉપની સાન, છાંટી રૂધીર ને આલ્યાં પાન. ॥ ૨૧૬ ॥ માંસને લોભે પંખી ત્યાં જો જોય, તે રૂધીર દેખીને પાન જો ખાય. ॥ ૨૧૭ ॥ સીતાને લઈને ચાલ્યો તેણી વાર, તે જઈ પહોંચ્યો લંકા મોઝાર. ॥ ૨૧૮ ॥ ત્યારે રામ લક્ષમણ મળ્યા બેઉ એક ઠામ, ત્યાં વચન એક બોલ્યા શ્રી રામ. ॥ ૨૧૯ ॥ કહો લક્ષમણ આવ્યા શું કાજ, તમે સુની સીતા કેમ મેલી આજ. ॥ ૨૨૦ ॥ ચાલો બંધવ જઇએ આપણે ઘેર, ત્યાં એકલી સીતા શી કરશે પેર. ॥ ૨૨૧ ॥ વનમાંથી ફરી આવ્યા મઢી કે પાસ; સુનાં ઘેર દીઠા ઉદાસ. ॥૨૨૨॥ જ્યારે રામ લક્ષમણ આવ્યા મઢી ને ઠામ, ત્યાં નહિ સીતાભાયી કહે શ્રી રામ. ॥ ૨૨૩ ॥ જ્યારે સુની મઢીને દીઠી ઉદાસ, ત્યારે રામ લક્ષમણ બેઉ થયા નિરાશ. ॥ ૨૨૪ ॥ કહે શ્રી રામ ભાઈ લક્ષમણ આપણે કેસી કરીશું બુદ્ધ, હવે સીતા તણી કેમ લઇએ સુધ. ॥ ૨૨૫ ॥ ત્યારે શ્રી રામે લક્ષમણ શું કહ્યું, ભાઇ સીતાને તો કોઇ દહિંત લઈ ગયો. ॥૨૨૬॥ વનમાં શોધવા ગયા શ્રી રામ, અને ઝટા પક્ષીએ ભેદ કહ્યો તેણે ઠામ. ॥ ૨૨૭ ॥ ત્યારે ઝટા પક્ષીએ ભેદ રામ લક્ષમણને કહ્યો, સ્વામી સીતાને દહિંત લંકા લઇ ગયો. ॥૨૨૮॥ ત્યાં શ્રી રામ બોલ્યા ઘણું મન દુઃખ ધરી, એવી મળશે નાર લક્ષમણ

ફરી. ॥ ૨૨૯ ॥ ત્યારે હડમાને કીધા ભગ્નાં કામ, અને તે પવન વેગે આવ્યા તેણે ઠામ. ॥ ૨૩૦ ॥ ત્યારે શ્રી રામ લક્ષ્મણે હડમાન શોધ કરવા કહ્યા, ત્યારે દેવે મર્મ સઘળા હડમાનને કહ્યા. ॥ ૨૩૧ ॥ ત્યારે શ્રી રામ હડમાનને કહે સત્ય ભાય, સીતા લઇને ગયો લંકાનો રાય. ॥ ૨૩૨ ॥ ત્યાં શ્રી રામે હડમાનને આલી બુદ્ધ, ભાઇ તમે સતી સીતા તણી જો લાવો શુદ્ધ. ॥ ૨૩૩ ॥ ત્યારે હડમાન એકી ફાળે લંકા છોડી પરલંકા ગયો, ત્યાં શ્રી રામ સંભાળીને પવન વેગી થયો. ॥ ૨૩૪ ॥ ભાઈ ત્યાં હડમાન પૂંછે કોણ જો ઠામ, અને પર લંકા છે એવું ગામ. ॥૨૩૫॥ ત્યાંથી હડમાન પાછા ફર્યા, તે લંકા વાડીમાં જઇ સંચર્યા. ॥ ૨૩૬ ॥ જ્યાં બેઠા છે સતી સીતા માત, તે વાડીમાં જઈ કીધો ઉત્પાત. ॥ ૨૩૭ ॥ સીતા રાવણની વાડીમાં આય, તે કારણ કરતા હડમાન જાય. ॥૨૩૮॥ રામની મુદ્રીકા સીતાને દેખાડી જ્યાંહ, અને ઓરણે લાગીને ઉભા રહ્યા ત્યાંહ. ॥ ૨૩૯ ॥ શ્રી રામચંદ્રે કહ્યાં એમ સીતા કહે, દેખી હડમાનને કુશળ પૂછે. ॥ ૨૪૦ ॥ ત્યાં માતા કહે હડ-માન તું વાડીમાં જાય, અને ભોંય પડયા ફળ વીણીખાય. ॥ ૨૪૧ ॥ સીતાનાં વચન સીર લીધાં ચઢાય, તે રાવણની વાડીમાં પેઠો જાય. ॥ ૨૪૨ ॥ ત્યાં મરડી વૃક્ષ ને નાંખ્યાં ઉપાડ, તેની રાવણ આગળ પોતી છે રાઢ. ॥ ૨૪૩ ॥ તે હડમાન માતાનું કહ્યું કીધું ત્યાંય, વૃક્ષ ઉપાડી ઝાપટી ફળ ખાધાં છે ત્યાંય. ॥ ૨૪૪ ॥ ત્યાં માતા કહે હડમાન તે શું કીધું બળ, ઉમેડી વાડી ને શું ખાધાં ફળ. ॥ ૨૪૫ ॥ સકળ યોદ્ધા આવ્યા તેણે ઠામ, રામનો દુત આવ્યો તે સહી જાણ. ॥૨૪૬॥ બહોત કષ્ટ કરીને દરીયા કુદ, ત્યારે લંકાના લોકે જાણી બુદ્ધ. ॥ ૨૪૭ ॥ તબ હડમાન શું કહે સોહે, મારો મોત પૂંછે તોય. ॥૨૪૮॥ જો તું છે યોદ્ધો મહા બળવંત, તો તું કહે તારો મરવાનો અંત. ॥ ૨૪૯ ॥ ત્યાં રાવણ પૂછે ભાઇ એ હડમાનનું મોત છે કહી, તમે એને પૂંછડે ગોદડાં, તેલ તારી બાંધવા સહી. ॥ ૨૫૦ ॥ જો તમે પૂંછ લગાડીને દીજે ઝાળ, તો હું સહી બળી મરૂં તત્કાળ. ॥ ૨૫૧ ॥ ત્યાં એસો હડમાન કહ્યો છે ભેય, તો હું બળીમરૂં તતત્ર ખેવ. ॥ ૨૫૨ ॥ જો પૂંછડે અગ્ની દીજે મોય, તો મારી મોત નિશ્ચે હોય. ॥ ૨૫૩ ॥ જ્યારે હડમાન કહે એવી શુંજ, ત્યાં રાવણ કહે પૂછડે અગ્ની મુકો સુજ. ॥૨૫૪॥ મુકી અગ્નીને ઉઠી મોટી ઝાળ, ત્યાંથી હડમાન ઉછળ્યો તત્કાળ. ॥ ૨૫૫ ॥ ત્યાંથી હડમાન ચાલ્યો ભાગ, ત્યારે લંકા બાળી કીધી ખાખ. ॥ ૨૫૬ ॥ તે હડમાન લગાડી પૂંછ ને કોટ ઉપર જાય, ત્યારે બળી લંકા સર્વે પ્રલય થાય. ॥ ૨૫૭ ॥ બાળી લંકા ને ખાખજો થઇ,

ત્યારે સમુદ્રે પુંછ ઓલવી જાઇ. ॥ ૨૫૮ ॥ એક ફલાંગે સુદ્ધ લઇ આવ્યા ત્યાંહી, શ્રી રામ હતા જંગલની માંહી. ॥ ૨૫૯ ॥ તેણી વેળાએ રામચંદ્ર ન્હાવા બેઠા જ્યાંહ, તેને દેવે તેલ કટોરા આપ્યો ત્યાંહ. ॥ ૨૬૦ ॥ હરે ભાઇ હડમાન તુને મોઢે તે લંચ્છન લાગ્યું કાંહ, અમે માતાનો વચન લોપ્યો તાંહ. ॥ ૨૬૧ ॥ અને તે લંકા બાળીને હડમાન આવ્યો ઠામ, તે જઇ પાછા આવ્યા જ્યાં હુતા શ્રી રામ. ॥ ૨૬૨ ॥ હરે હડમાન સીતા તણી તમે લાવ્યા સુદ્ધ, હવે આપણે રાવણ સાથે કેમ કરીશું યુદ્ધ. ॥ ૨૬૩ ॥ ત્યારે બોલ્યા શ્રી રામ હડમાન તું બુમ હોંકાર, ત્યાંહ મળ્યો સેન તે અગણીત અપાર. ॥ ૨૬૪ ॥ શ્રી રામને પાસ હડમાન ઉભા જાય, તે રામ, હડમાન બેઠા વડ ની છાંય. ॥ ૨૬૫ ॥ ત્યારે હડમાને કીધી બુમ પોકાર, ત્યાં મળ્યા વાંનર રીંછ અપાર. ॥ ૨૬૩ ॥ ત્યાં નીલ, અનીલ, જાંબુવંત સાર, જેના બળ તણો ન આવે પાર. ॥ ૨૬૭ ॥ ત્યાં આવ્યા અગદ સત્યસાર, ત્યારે મળ્યા સૈન્ય પદમ અઢાર. ॥ ૨૬૮ ॥ મળ્યા વાનર અગણીત સધીર, ત્યાં મળ્યા યોદ્ધા મહા બળવંત વીર, ત્યારે જઇને ઉભા રહ્યા સમુદ્રને તીર. ॥ ૨૭૦ ॥ એવો રામનો સૈન્ય મળ્યો અતી સાર, હવે યુદ્ધ કરીશું કઇ ઠાર. ॥ ૨૭૧ ॥ ત્યાં મળ્યા છે યોદ્ધા બળીયા અપાર, તમે આપો આજ્ઞા શ્રી રામચંદ્ર સાર. ॥ ૨૭૨ ॥ ત્યાં વાજીંત્ર વાજ્યાં અપાર, શ્રીરામનું સૈન્ય મળ્યું ધેંધેંકાર. ॥ ૨૭૩ ॥ જ્યારે રામ લક્ષમણે સૈન્ય દીઠું નયણ, ત્યારે હસી હરખીને બોલ્યા વેણ. ॥ ૨૭૪ ॥ સમુદ્ર તીરે કર્યા મેલ્લાણ, ત્યાં વાજા વાજીંત્ર અતી નીશાન. ॥ ૨૭૫ ॥ શ્રી રામ લક્ષમણ કરે વીચાર, કેમ કરીને સૈન્ય ઉતરશે પેલેપાર. ॥ ૨૭૬ ॥ ત્યારે કરજોડીને લક્ષમણ કહે સેવ, તમે સુણો વિનંતી ત્રીભોવન દેવ. ॥ ૨૭૭ ॥ સ્વામી ફીણ થકી તમે રચ્યું ઇંડ, તમે વણ સ્થંભે રાખ્યું બ્રહ્માંડ. ॥ ૨૭૮ ॥ સકળ સૃષ્ટી તમે પેદા કરી, હવે ભોળા કાં થાઓ નરહરિ. ॥ ૨૭૯ ॥ એસી વિનંતી ત્યાં લક્ષમણ કહે, તે સ્વામીજી રામ વનમાંહે રહે. ॥ ૨૮૦ ॥ શ્રી રામ હડમાનને લીઆ બોલાય, તેને કહી વાત એકલ જાય. ॥ ૨૮૧ ॥ ત્યાં શ્રી રામનું સૈન્ય મળ્યું સું કરીએ વખાણ, તે સર્વે સુરા બળવંત જાણ. ॥ ૨૮૨ ॥ સર્વે ભેદ શ્રી રામે કહ્યા સમજાય, તમે લાવો પત્થર ને બાંધો પાળ. ॥૨૮૩॥ આણી પત્થર ને પાણીમાં ધરે, ને શ્રી રામને નામ પત્થર તરે. ॥ ૨૮૪ ॥ ત્યાં શ્રી રામ હણ્યો મૃગને તે તત્કાળ, ને સાગરે બાંધી પાળ. ॥ ૨૮૫ ॥ ત્યાં શ્રી રામનું સૈન્ય આવ્યું તે શું કરીએ વખાણ, ત્યારે પાણી ઉપર તર્યા છે પાણ. ॥ ૨૮૬ ॥ ત્યાં બાંધ્યો સમુદ્ર માવે મનજો ધરી, ત્યારે

પહેલા રીંછ, વાનર ગયા ઉતરી. ॥૨૮૭॥ ત્યારે લશ્કર ઉતર્યું છે ઘણું, ત્યાંહ આવ્યું સૈન્ય શ્રી રામજી તણું. ॥૨૮૮॥ બાંધ્યો સમુદ્ર ક્ષણ એકમાં સાર, ને સર્વે સૈન્ય ઉતાર્યાં પેલેપાર. ॥ ૨૮૯ ॥ શ્રી રામને વ્યભીક્ષણ લાગ્યા પાય, લંકા યુદ્ધ ચોરીશ જાય. ॥ ૨૯૦ ॥ તેણે મહા કુંભકર્ણ સુતો છે જ્યાંહ, તેને નિંદ્રામાંહે જગાડયો ત્યાંહ. ॥ ૨૯૧ ॥ ત્યાં જાગ્યો જોધ ભૂખ્યો ઉઠયો જેહ, તેણે છપ્પન કરોડ સૈન્ય ભરખ્યું તેહ. ॥૨૯૨॥ ત્યાં પછેથી હડમાન ખોડીયો ગયો, ત્યારે તે દહિંતનો ભરખ પુરો થયો. ॥ ૨૯૩ ॥ ત્યારે હડમાને માંહેથી કર્યો વિચાર, ત્યાં ચાંપી મારીને કીધો નીરાશ. ॥ ૨૯૪ ॥ હરે હડમાન મહાબળીયો તું આવ્યો વાર, જોતું કરે યુદ્ધ તો નીકળ બાર. ॥ ૨૯૫ ॥ જો તું છે મહાબળવંત, તો તું કેમ રહેવાનો અંત. ॥૨૯૬॥ ત્યારે હડમાન જીતી આવ્યો તેણે ઠામ, તે પાછા સૈન્ય લઈ આવ્યા જ્યાં હતા શ્રી રામ. ॥ ૨૯૭ ॥ ચડાવ્યું સૈન્ય શ્રી રામ તણું, તે રૂખેસર યુદ્ધ થશે ઘણું. ॥ ૨૯૮ ॥ રામ સૈન્ય બળીયું છે અપાર, રાવણ સૈન્યનો કરે સંહાર ॥૨૯૯॥ નીલ અનીલ બળીયા યોદ્ધા અપાર, અને પૂર્વની પોળે વળીયા જાય. ॥ ૩૦૦ ॥ પશ્ચિમની પોળે યોદ્ધા જાંબુવાન, દક્ષીણની પોળે રહ્યા હડમાન. ॥ ૩૦૧ ॥ ઉત્તરની પોળે રાઘવ રાય, સૈન્ય અનંત ઘણું કહ્યું નવ જાય. ॥ ૩૦૨ ॥ મારે હાક યોદ્ધા વીર હડમાન, ત્યાં ચોદશથી ઘેરી લંક. ॥ ૩૦૩ ॥ રાવણ સૈન્યના રાક્ષસ બળવંત, રામ સૈન્ય સું પડે કુલપત. ॥૩૦૪॥ ગગન ખેણું લોપે જેમ સુર, ને પગ તળે પૃથ્વી હોય ચકચુર. ॥ ૩૦૫ ॥ મારે હાક યોદ્ધા થરથરે, કંપે ધરતીને પર્વત પડે. ॥૩૦૬॥ દોદીશ વાજાં ગડગડે, ને ત્રણ લોકમાં હાક જો પડે. ॥૩૦૭॥ રાવણ રાક્ષસ કોપ્યો અતી ઘણું, માર્યો ઇન્દ્રજીત લક્ષ્મણે તે ક્ષણુ. ॥૩૦૮॥ દહિંત ઇન્દ્રજીત મહાબળીયો આય, તેને બાણે લક્ષમણ મુર્છાગત થાય. ॥૩૦૯॥ ત્યાં શ્રી રામે હડમાનને શીખ દીધી સત્યભાય, ભાઇ તમે દુર્ણાગત પર્વતથી સલમસલાનો દીવો લાય. ॥૩૧૦॥ ત્યારે શ્રી રામની શીખ લઈને હડમાન ગયો ત્યાંય, તે પર્વત દુર્ણાગત હતો જ્યાંય. ॥૩૧૧॥ યતી હડમાને દુર્ણાગત પર્વત જોઇ, પર્વતે સર્વ વૃક્ષે સલમસલાના દીવા જોઇ. ॥૩૧૨॥ ત્યાં હડમાન પૂછ ફેરવીને જપ્યા શ્રીરામ, તે જતી લાવ્યા પર્વત દુર્ણાગત તેણે ઠામ ॥૩૧૩॥ જ્યારે જતી હડમાન સલમસલાનો દીવો લાવ્યા જઈ, તે દીવો જોઈને લક્ષમણ જતી બેઠા થયા છે સહી. ॥૩૧૪॥ જે શ્રીરામનું સૈન્ય છાસઠ કરોડ દહીતસું લડે, ત્યાં જતી લક્ષમણને બાણે ઇન્દ્રજીત પડે. ॥૩૧૫॥ જતી હડમાને હંકાર્યો જાય, ઇન્દ્રજીતને જીત્યા લક્ષમણ

રાય. ॥૩૧૬॥ બહુ દળમાં શુરાવડે ચાર, ત્યાં રાવણનુ દળ માર્યું અપાર ॥૩૧૭॥ ત્યાં માર્યા કરોડ અનંત જાણુ, ત્યારે પાડી કોટ ને કીધો મેદાન. ॥૩૧૮॥ પાડી કોટ ને નાખ્યો ઢોળ, ને ત્યાં કોટ કાંગરાને નાખ્યા, રોળ. ॥૩૧૯॥ ત્યાં દેવે માર્યો કુંભ-કર્ણ મસ્તક લીયો, શ્રી રામને બાણેથી રાવણ પડયો. ॥૩૨૦॥ માર્યો કુંભકર્ણ બળીયો સોય, અને રાવણની વૌંશમાં ન રહ્યું કોય. ॥૩૨૧॥ અતી બળ કોપીત હડમાન થયો, રામને બાણે પડયો રાવણ રહયો ॥૩૨૨॥ દેવે માર્યો રાવણ પરવાર સમેત, ત્યાં સર્વે દહિંત યોદ્ધાશું પડયો રણ ક્ષેત્ર ॥૩૨૩॥ વ્યભિક્ષણને તો ભેટયાં શ્રી રામ. માર્યો રાવણ ને ફેંડયાં ઠામ. ॥૩૨૪॥ સીતા કારણ લંકા ગયા, અને મનોહર ત્યાં કરજોડી રહ્યાં, ॥૩૨૫॥ ધન ધન સ્વામી ધન્ય આ ઘડી, આજ રામ પધાર્યા લંકા પરી. ॥૩૨૬॥ પાત્ર પરમેશ્વર આવ્યા ઘેર, નાનાવિધની કીજે પેર. ॥૩૨૭॥ માણેક મોતીને સોનાથાળ, શ્રી રામ વધાવ્યા બાળગોપાળ. ॥૩૨૮॥ લંકાના લોક દર્શન કરે, વસ્તુ સર્વે લઇ ને આગળ ધરે. ॥૩૨૯॥ મનોહરી ત્યાં માગે માન, તમે કબુલ કરો શ્રી ભગવાન. ॥૩૩૦॥ લંકા આપી સમાધાન, ત્યાંહ ખુશ થયા શ્રી ભગવાન ॥૩૩૧॥ છોડાવી સીતા સર્વે દેવના સર્યા કામ, ત્યાં દેવ ભકત વ્યભિક્ષણને દીધું લંકાનું રાજ્ય, ॥૩૩૨॥ લંકાના વર વ્યભિક્ષણને દીયા, સીતા લઇ રામ આવિયા ॥૩૩૩॥ ત્યાં છોડાવી સીતાને ફર્યા શ્રીરામ, તે ફરીને આવ્યા આપણે ધામ. ॥૩૩૪॥ બહોત ખેલ યુદ્ધ શ્રી રામ રૂપે ભયો, પણ આ સત્ય ગોર કહે મેં થોડો કહયો. ॥૩૩૫॥ જે રામ ચરિત્ર સાંભળે અપાર, થોડામાં ઘણો કહયો વિસ્તાર. ॥૩૩૬॥ સુણે મુનિવરો બોલ્યા સહદેવ, શું શું કથી ને કહું હું ભેવ ॥૩૩૭॥ યુગ ત્રેતામાં પુરો પ્રસંગ, ત્યાં ભકત હુવા તે હરિશ્ચંદ્ર. ॥૩૩૮॥ ધર્મે ધાયા તો તેના સર્યા કામ, જેણે ચરણ સેવ્યા છે શ્રી રામ ॥૩૩૯॥ ત્રેતાયુગ ની સંઘે ભકત હરિશ્ચંદ્ર જેહ, હરવશ ઝાંપડા ઘેર નિર ભર્યા તેહ ॥૩૪૦॥ અને રાણી તારા દે હતાં જ્યાંહ, હરવશ બ્રાણ ઘેર દાસીપણાં કીધાં ત્યાંહ, ॥ ૩૪૨ ॥ વિશ્વામિત્ર બોલ્યા છે જ્યાંહ, અને સર્પ થઇને તે ડસ્યા જ્યાં, કુંવર હતા રોહીત દાસ ત્યાંહ. ॥૩૪૨॥ વિશ્વામિત્ર કાશીખંડ નગરમાં આવ્યા જ્યાંહ, હરવશ બ્રાહ્મણ ઘેર બ્રહ્મ ભોજન થતાં હતાં જ્યાંહ. ॥૩૪૩॥ એરે બાઈ તારા પુત્રને સર્પ ડસ્યો હો આય, પણ સતી સત્ય ન ચુકયાં ત્યાંય ॥૩૪૪॥ તે બ્રહ્મ ભોજન વેળા વળી જેહ, અને બ્રાહ્મણ અગર ચંદન લાવ્યા તેહ. ॥૩૪૫॥ અરે ભાઇ અમો કુંવરને સર્પ ડસ્યો છે એહ, અમોને સ્નાન ઉપજ્યું તેહ. ॥૩૪૬॥ ત્યાં સતીએ કુંવરને પધરાવ્યા

જેહ, અને અગર ચંદન સાથે લીધાં તેહ. ॥૩૪૭॥ સ્વામી તમે દેવળ દેહરે પધારજો આપ, ત્યાં અમે સહી દેશું વન દાગ. ॥૩૪૮॥ ત્યારે વિશ્વામિત્રે બાર મેઘ બોલાવ્યા જ્યાંહ, અને મહા વૃષ્ટિ કીધી ત્યાંહ.॥૩૪૯॥ નદી વહે પુર જળ આવ્યાં જ્યાંહ, અને સતી વન દાગ દે છે ત્યાંહ, ॥૩૫૦॥ અને તે રાજા હરિશ્ચંદ્ર મસાણેથી આવ્યા ત્યાંહ, રાણી દાગ દેતાં હતાં જ્યાંહ ॥૩૫૧૧ તે રાણીએ ચીર ફાડીને હક આપ્યાં જ્યાંહ, પણ સતી સત ન ચુકયાં ત્યાંહ. ॥૩૫૨॥ ત્યાં કાશી ખંડના રાજાનો જેહ, અને વિશ્વામિત્રે બાળક હર્યો તેહ.॥૩૫૩॥ અને પોતે ત્યાં પંડિત જો થયો, તરત રાજ દ્વારે ગયો. ॥૩૫૪॥ હરે રાજા તે બાળક મસાણ સીકોતરી ખાય, અને તે ત્યાં મહા ચંડાળ બેઠી ખાય ॥૩૫૫॥ ત્યાં રાજ દ્વારેથી દળ લાવ્યા જાંચ, અને ભાઇ પંડીતે કહ્યું તે થયું સાચ ॥૩૫૬॥ હવે એ ચંડાળણીને ચોર દંડ પુરો કાજ, હવે એનું મોં શું જોઇએ આજ. ॥ ૩૫૭ ॥ હરવશ ઝાંપડો બોલાવીને સ્વાન મેલ્યા સહી, અને તે સ્વાન સતીને સુંઘે નહિ.॥૩૫૮॥તે ત્યાં રાજા હરિશ્ચંદ્ર ઝાંપડા ઘેર કરતાં કાજ, રાણી જેને સંભાળવું હોય તેને સંભાળજો આજ ॥૩૫૯॥ રાણી તે આપણા સત્યગોરજી પાસ, જે સ્વામા અંતે પુરે જીવોની આસ. ॥૩૬૦॥ હવે સ્વામી સંભાળું શ્રી ગોર નરનું નામ, અને બીજા સંભાળું શ્રીરામ. ॥૩૬૧॥ વળી ત્રીજા સંભાળીએ ગતગંગા મુખી વીરલોચન નામ, જે ગોરનર આપે અમરાપુરમાં ઠામ. ॥૩૬૨॥ જે દન રાવણને મારીને સીતા પુરે પ્રસાદ, તે વેળાએ રાણીની અસ્તુતી થઈ ફરિયાદ ॥૩૬૩॥ શ્રીનારાણદેવ ને ગોર બ્રહ્મા પવન વેગે આવ્યા મહારાજ, ભકત સતીનાં કરવા કાજ.॥૩૬૪॥ તે રાજા હરિશ્ચંદ્રે જમણે હાથે ખડગ, ડાબે હાથે ચોટલો જાણ, ત્યાં સતી એ સંભાળ્યા સત્યગોર નારાયણ. ॥ ૩૬૫ ॥ ત્યારે ખડગ હાથે સહી દેવ ઉભા તે ઠામ, ભકત માંગો વરદાન હવે તમારૂં કામ. ॥૩૬૬॥ રાજા હરિશ્ચંદ્રને ત્યાં તારારાણી કહે આપણી વારે આવ્યા જગદીશ, સ્વામી આપણે ગોર નર ગતને નમીએ શીષ. ॥૩૬૭॥ સ્વામી ભુકતુંને કાજે આવ્યા તતખેવ, હવે રાજા તમે કહોતો ચતુર ખાણી બક્ષ્યાદેવ. ॥ ૩૬૮ ॥ સ્વામી સત્યગોર કહે છે અહિંયાં, ભક્ત સતી ગોર ગતને નુરમાં મળે ત્યાં. ॥૩૬૯॥ જેણે સંપૂર્ણ ઈમાન રાખ્યાં જાણ, તે વૈકુંઠ પદ પામ્યા નિર્વાણ. ॥ ૩૭૦ ॥ તે અખંડ અવિચળ ભવન ઓધારેશ તે ત્યાંહે, તેના જીવ અમર રહેશે અમરાપુર માંહે. ॥ ૩૭૧ ॥ સ્વામીજી અમારા એ ભાગ, વિશ્વામિત્ર અમઘર પોતે પધારે બાપ, સ્વામી અમારા ઇમાન રાખ્યાં તમે આપ. ॥ ૩૭૨ ॥ જે વિશ્વામિત્રે કીધાં હોય પાપ, સ્વામી તે તમે પહેલાં કરજો માફ

૧૦

॥ ૩૭૭ ॥ સાતમે રૂપે શ્રી હરિ નર આકાર, ત્યાં ધર્યો શ્રી રામ અવતાર. ॥૩૭૪॥ દેવે દશાશીર રાવણ મારી ભક્તોને વર આપ્યો જ્યાંહ, ત્યારપછી સંસારમાં પ્રગટ થયા મોરાર ॥૩૭૫॥ ત્રેતાયુગમાં ત્રણ રૂપે શ્રી હરિ અવતાર, શ્રી રામ રૂપે દશરથ કેરાં તન. ॥૩૭૬॥ ત્રણ દાનવ દેવે સંહાર્યા જ્યાંહ, સ્વામીએ ભકત ત્રણે ઓધાર્યા ત્યાંહ ॥૭૭॥ રાજા હરિશ્ચંદ્ર આ સત્યપંથ ધાયા સધીર, ત્યાં ભકતને બહુ કષ્ટ થયાં સધીર ॥૩૭૮॥ તે રાજા હરિશ્ચંદ્ર રાજ પાટ સર્વે છોડયાં વીર, તેણે હરવશ ઝાંપડા ઘેર ભર્યાં નીર ॥૩૭૭॥ ત્યાં ભકત હરિશ્ચંદ્રે ગોર વજીસ્ટર પુરાં સેવ્યા જેહ, તેણે સંત્યપંથ પુરા પ્રમાણ્યા તેહ. ॥૩૮૦॥ સતી બાળક પોતે વેચાણા બ્રાહ્મણ, ઝાંપડા ત્યાંહ, અને તેણે ત્યાં પાછો પગ ન દીધો ત્યાંહે. ॥૩૮૧॥ ત્રેતા યુગમાં ગોર વજીસ્ટર વાંચ જ્યાંહ, એકવીશ કરોડી જીવ નીમાયા ત્યાંહ. ॥૩૮૨॥ તેમાં સાત કરોડી દેવ સાચા થયા જાણ, તે અમરાપુર પહોંચ્યા નિર્વાણ. ॥૩૮૩॥ તેમાં કરોડી સાત વિશ્વાસ ઓછો લાવ્યા જાણ, તે ફરીને પડયા ચોર્યાસી ખાણ. ॥૩૮૪॥ તેમાંથી સાત કરોડી જીવ પ્રલય ગયા, જેણે ગોર નર ઉપર ન આણ્યો સ્નેહ. ॥૩૮૫॥ જાણી જોઈ ને ગયા ગાફલ ગમાર, ભાઇ જાણી દોઝખ પડીયા તેહ. ॥૩૮૬॥ ભકત હરિશ્ચંદ્ર તારા રાણી, કુંવર રોહીત દાસ, પુરા સત્યપંથ સેવ્યા ગોર નર ની રાખી આસ ॥૩૮૭॥ સાત કરોડી દેવસું નીપજ્યા ભાંખ, તે ભકત ની ચાલી યુગમાં શાખ ॥૩૮૮॥ મુનિવર ભાઈ એસા સત કીજીએ જેસા સત્ય ધાયા હરિશ્ચંદ્ર, તેણે તન, મન, ને ધન સર્વે સોંપ્યા સદ્દગોર ને વચન. ॥૩૮૯॥ સાત કરોડી સું ભકત હરિશ્ચંદ્ર વૈકુંઠ ગયા, અને ત્યાં ત્રેતાયુગ સંપુર્ણ થયા. ॥૩૯૦॥ ચાર લાખ ને વર્ષ બત્રીસ હજાર, ત્યાં લગી હતા શ્રી હરિ રામ અવતાર.

*

શ્રી રામ અવતાર સંપૂર્ણ.

*

શ્રી પરશુરામ, રઘુ, નઘુ, યયાતી, કેવળીક, અજેપાળ, દશરથ, વંશ તો શ્રી રામ, શ્રી રામની માતા તો કૌશલ્યા, પિતા તો દશરથ, શક્તિ તો સીતા દેવી, ગોરતો વશિષ્ઠમુનિ, સ્થાનતો અયોધ્યા, ક્ષેત્રતો લંકાપુરી, ત્યાં નર દલોદાણવ તો દશાસીર રાવણ, વિચારતો યજુરવેદ, ઓચરંતે ગાયત્રી, સાતવાર સત્તાવીસ નક્ષેત્ર, પંદર તીર્થને કરણ બાર, નવ ગૃહે સુર્ય મંત્રનો જાપ જપંતા આવ્યા સ્વામી

ઋષિઓને સ્થાપી; દશાસીર રાવણને સંહારી; સાત કરોડીસું રાજા હરિશ્ચંદ્ર ભકતને ઓધારી; ભલે અવતર્યા યુગે યુગે તમે દેવ મોરારી; જે કોઇ ચિત્ત હરિશું લાએ, તેના ધર્મ વધે ને પાપ ક્ષય થાએ, નમો નમો ભાઇ પરિબ્રહ્મ નારાયણના નામને જેણે રૂપે આપણાં સદ્દગોર બ્રહ્મા નર નારાયણ હોયે આજ તે રૂપને ધાઇએ.

અવતાર સાતમો શ્રી રામ છત્રીસ કરોડી કુળ પરવાર; ચાર લાખ બત્રીસ હજાર વર્ષ વર્તંતે, દિશા પૂર્વ; સ્થળ બગપુર, દાગ જળદાગ, બીજા ત્રેતાયુગનું પ્રમાણ; બાર લાખ છન્નું હજાર (૧૨૯૬૦૦૦) વર્ષ,તેમાં મજ મલ્લે મોટા અવતાર ત્રણ થયા.

નોંધઃ– હવે શ્રી હરિવંશ સાતમા અવતારમાં રમી ને આઠમા અવતારમાં કુળ પલટો કરે છે, એટલે કે રઘુકુળમાં અને સુર્યવંશમાંથી રમીને હવે યદુકુળ અને ચંદ્રવંશ માં જાય છે.

હવે ત્રેતાયુગ પુરો થયો છે; અને દ્વાપર યુગ શરૂ થાય છે, અને સાથે સાથે યજુર્વેદનો અમલ પુરો થાય છે ને, શામવેદનો અમલ શરૂ થાય છે; એટલે કે શામવેદ પ્રધાન પદે આવે છે.

———*———

અવતાર સાતમો સંપૂર્ણ.

———*———

ૐ

શ્રી ગણેશાયે નમું: સરસ્વતી શારદાએ નમું: રામલીલા શ્રી અનંત અપાર.

શ્રી હરિશ્ચંદ્રા પરીની પ્રસ્તાવના.

શ્રી હરિશ્ચંદ્ર રાજાને કષ્ટ કેમ પડેલ તે સર્વે હકીકત ટુંકમાં નીચે મુજબ છે.

એક વખતે એટલે ત્રેતાયુગના પાછલા ભાગમાં, અયોધ્યા નગરીમાં રાજા હરિશ્ચંદ્ર નો જન્મ રઘુકુળમાં સુર્યવંશમાં થયો. તે સમય કાળમાં શ્રી હરિશ્ચંદ્રનું રાજ બહુ મોટું ચક્રવર્તી હતું, તે રાજા, રાણી તારાદેને પરણેલ હતા, તે રાણી તારાદેનું ધર્મ સત્પંથ હતું, તે સત્પંથ કોને કહેવો તે વિષે નીરંજનનું નુર, આકાશવાણી (અપુરુષવાણી) એટલેજ વેદવાણી, તે સમય કાળમાં કોના માથે ઉતરતી. તે કાળમાં સુગુણ સાકાર શ્રી રામચંદ્રજી તથા તેમના ગુરુ વિશિષ્ઠમુની ઉપર ઉતરતી તેનું જ્ઞાન તે સમયે તારાદે રાણીને હતું, તે તારાદે રાણી રાજા હરિશ્ચંદ્રના ઘરમાં આવવાથી, હરિશ્ચંદ્ર રાજાને પણ સત્પંથ ધર્મની ઓળખાણ પડી અને એમણે પણ વિશિષ્ઠ મુનીને ગુરુ કરેલ, વિશિષ્ઠ મુનિ નીરંજનનું નુર અપુરુષ વેદ વાણીના ધણી હતા, આ હરિશ્ચંદ્ર રાજા ગુરુ વિશિષ્ઠ મુનીના વચને વચને અને સતે સતે વર્તવા લાગ્યા, તે વચન પાળતા પાળતા ઘણો વખત ગયો. હરિશ્ચંદ્ર તથા તારાદે રાણીનું સત વધવાથી તે સમયકાળમાં એક વખત ઈંદ્રભવનમાં ઈન્દ્રરાજાના ઇન્દ્રાસનમાં દેવલોકની સભા ભરાએલી, તેમાં ઋષિમુની તેત્રીસ કરોડ દેવની સભામાં ધર્મ ચર્ચાને સત્યની ચર્ચા થઈ. તેમાં આ તે ત્રીસ કરોડ દેવમાં સત ધર્મ કોનું વધે આવો પ્રશ્ન થયો, આ પ્રશ્ન ઈન્દ્ર મહારાજે મેલેલો એ પ્રશ્ન બધા દેવલોક સાંભળી રહેલા, તેમાંથી કોઇપણ વળતો જવાબ આપે નહિ. તે

વિશિષ્ઠ મુની બોલેલા કે મારો યજમાન જેનું નામ હરિશ્ચંદ્ર રાજા ને તારાદે સતી મૃત્યુલોકમાં છે તેનું સત આ સર્વે ઋષિમુનિ દેવલોક તેત્રીસ કરોડ સર્વેથી સતમાં વધારે છે. આ ઉપરની વાત વિશિષ્ઠ મુનિએ મેલી, તે દેવલોક સર્વે સાંભળી રહ્યા, તેમાંથી વિશ્વામીત્રને બહુ ખોટું લાગવાથી વળતો જવાબ દીધો કે, આ વિશિષ્ઠમુનિની વાત જુઠી છે, અને મારો તપ ઘણો આગળ છે, રાજા હરિશ્ચંદ્રે જપ તપ મારા જેવાં કરેલ નથી, જેથી વિશિષ્ઠ મુનિ બોલ્યા કે હે વિશ્વામિત્ર તમારા કરતાં રાજા હરિશ્ચંદ્ર તથા તારાદે રાણીનું સત તથા તપ આગળ વધશે, આવા પ્રશ્ન થવાથી વિશ્વામિત્રે સર્વે દેવલોકો તથા ઇન્દ્ર મહારાજ પાસે માંગણી કરીકે વિશીષ્ઠમુનિની વાત ખોટી છે ને, મને તમે સર્વે દેવલોકો આજ્ઞા કરો તો હું એ રાજા હરિશ્ચંદ્ર તથા તારાદે રાણીનો સત તથા જપની પરીક્ષા લઉં, તો પછી મારો તપ દસ સેહસ્ત્ર વરસનો છે તે આગળ આવશે ને મારૂં સત વધશે; આવા કારણના લીધે સર્વે દેવલોક તથા ઇન્દ્ર મહારાજે વિશ્વામિત્રને બળ દીધું ને વિશ્વામિત્ર જે રૂપલે તે એમને મલે, આવુ બળતે વિશ્વામિત્રને દેવલોકો પાસેથી મળેલું, જેથી વિશ્વિામિત્ર મૃત્યુલોકમાં આવીને રાજા હરિશ્ચંદ્ર તથા તારાદે રાણીને સત ચુકાવવા પાછળ પડેલ છે, ને જેથી વધારે બીના હરિશ્ચંદ્રા પરીનું જ્ઞાન વાંચવાથી જણાશે.

લી. સત્પંથના દાસુનોદાસ.

સત્પંથી મુખી કાનજીભાઇ રત્નાભાઈ.

હરિશ્ચંદ્રાપરી

——— * ———

સરસ્વતી માતાને કરૂં પ્રણામજી, માગું સુદ બુદ્ધિ શારદાએજી. ગુણપતના ગુણ ભંડારજી, સેવક સધારણે સ્વામી અવતર્યાજી. ॥વલણ॥ સેવક સધારણે સ્વામી અવતર્યા, સુદ બુદ્ધિની કહું કથાએ. સેવતાં નવે નંદ પામીએ, નીર્મળ સ્વામીજીનું ચિત્ત. ઉમીયાંના અંગ થકી ઉપન્યો, બહુવો તે જે જે કાર. સુરીનર મુનિજન સેવા કરે, તે તારી પ્રતિપાળ. ॥૨॥ ધન ધન કરૂં તારી આરતી સેવા, અને સીંદુરનો શણગાર. એક દન તો સુડલો, અને ચરતો મોદક આહાર. ॥૩॥ ॥વલણ॥ અરે ચરતો મોદક આહાર સ્વામી, તે પાએ લાગીને વર્ણવું. મુજ મત દયો માતા શારદા, ગુણપત ના ગુણ તારા સેવું. ॥૪॥ ॥વલણ॥ ॥ રાગ ધનારસી ॥ નગર અયોધ્યામાંય, આવ્યા ધન વાસીજી. આશા પોચે સૌ પ્રજાતણીજી, તારે સતસંગના કરૂં વખાણજી. ત્યાં આણ વાપરી હરિશ્ચંદ્રનીજી, ॥ વલણ ॥ આણ વાપરી હરિશ્ચંદ્રની, ત્યાં અસત્ય ન બોલે કોય. પુન પવિત્ર પુન આગળાં, તે વસે અયોધ્યામાંય ॥ ૧ ॥ ધન ધન તેના માનવી, અને જીવવું તેનું ધન. એક બીરદ મોટું જેહ, મરે નહિ તાત પહેલો તન. ॥ ૨ ॥ ધન ધન ભોમને ભામણે, એ અચંબો સાર. વાર એક જે વાવતા, લણતા એકવીસ વાર. ॥ ૩ ॥ ત્યાં જુઠા જોહારી ને ચોર લંપટ, આવતા તે વળી જેહ, સત ચક્ર આવે ઉતાવળું, શીશ છેદે વળી તેહ. ॥ ૪ ॥ ત્યાં સૌ સતી પતિ વ્રતા દયા ધર્મ પાળતા, અને વનસ્પતિ ફળતી બારે માસ. ધનધન અયોધ્યા લીલ કેળવાસ. ॥ કડવાં ॥ ॥ રાગ ધનરાસી ॥ વિશ્વામિત્રે અતી તપ માડયાંજી, મહા લક્ષ્મીને કાંઇ વશ આણવાજી. રૂદન કરે છે દીવસે ને રાતજી, રણ વગડામાંહે એકલીજી. ॥ વલણ ॥ રણ વગડામાં એકલી, અને રૂદન કરે અપાર, સુર્યવંશી સંચર્યા તે વનડા મોજાર. ॥ ૧ ॥ સાંસી એક રાજા બોલીયા, તું રોતી

રહે મોરી માત. કોણે મારી કોણે દુભવી, અને કોણે દેખાડયા હાથ. ॥ ૨ ॥ વળી વળી કરૂં વિનંતી, તું રોતી રહેને મોરી માત. કોણ તારો તાત ભણીએ, અને કોણ તારી માત. કોણ તારો નાથ ભણીએ, અને એમ રાજાએ પૂછી વાત. ॥ ૩ ॥ વિશ્વામિત્રે મહા તપ માંડયો, મુજ લક્ષ્મીને વશ આણવા. ॥ કડવાં ॥ ॥ ૩ ॥ ॥ રાગ ધનારસી ॥ વળી વળી અબળા ઓચરેજી, અને સાંભળોને સુર્યવંશી રાયજી. તું તેને સંહારજી, હું તારા નગરની છું લક્ષ્મીજી. મુજ અબળાને શું કરો છો પ્રણામજી, આણ તારીમાં કોણ વસેજી. ॥ વલણ ॥ આણ તારીમાં કોણ જ વસે, એવો કોણ છે સુભટ. વળી વળી વનમાં તપ કરે, તે વિશ્વામિત્ર. ॥ ૧ ॥ તેણે પુરણ મુજને વશ કરી, અને વાર્યો તે કોનો ન જાય. કારણ ભર્યો અતી આવડો, તે નવી સૃષ્ટિ નીપાય. ॥ ૨ ॥ તારે સુર્ય વંશી વમાસીયા અને એ અચંબે વાત. આજ નીપાવે માનવી પછી આપણે કોણજ માત્ર. ॥ ૩ ॥ તારે વેગે નારદ આવીયા. અને પૂછવા લાગ્યા વાત. તારૂં નગર સુનું પડયું, તુજ લક્ષ્મીને આણી ખાંત. ॥ ૪ ॥ લક્ષ્મીની આણે રાજા, અને નારદે કહ્યો મર્મ નગર તારૂં સુંનું પડયું, હવે ન રહે તારૂં ધર્મ. ॥ ૫ ॥ વળતા તે રાજા ઓચરે, એને સાંભળો નારદજી વાત, વિશ્વામિત્ર તપ કરે, તે કોણ છે નાત. ॥ ૬ ॥ વળતાતે નારદજી બોલીયા, અને સુર્યવંશી સાચું માન. વન માહે જે તપ કરે, તે ગંધર્વ કેરો તન, ॥ ૭ ॥ ગંધર્વ કેરો તન રાજા, વિશ્વામિત્ર એનું નામ, વનમાંહે તે તપ કરે, તે લક્ષ્મી ને વશ આણવા રાજા સાચું માન ॥ કડવાં ॥ ॥ રાગ ધનારસી ॥ રોષે ભર્યો રાજા સંચર્યોજી, નીજ સમુદ્ર માંહે. ઋષિ નિદ્રા માં હોતાજી તતખેણ માંહે જઈને જગાડયાજી, તે ઉઠીને બેઠો થયો, વળતા તે વિશ્વામિત્ર બોલીયા. અને તું સાંભળ રાજા જેહ, મારો તપ તેં ખાંડો કર્યો, મુજ જગાડયો શા માટ, વળતા તે રાજા બોલીયા, તું સાંભળ વિશ્વામિત્ર, અવળા તે બોલ શું કરે. રાજા ગંધર્વ કેરા પુત્ર, તારે જે જોઇ એ તે માંગ મુજકને, હું આપું તુજને તેહ. વળતા તે વિશ્વામિત્ર બોલીયા, ભાઇ સાંભળને તું જોહ. વિશ્વામિત્ર એણીપેરે બોલીયા તતખેણ રીસ કરી બ્રહ્મા સદન ભણી ચાલીયા રે, ॥ કડવાં ॥ ૫ ॥ રાગ ધનાસરી. ॥ બ્રહ્મા સદન કંઇ બ્રહ્મપુરીના વાસીજી, ત્રેત્રીસ કરોડી દેવતાની સભા મળીજી, સુરીજન, મુનિજન, નારદ જ્ઞાન કરેજી. ॥ વલણ ॥ સુરીજન, મુનિજન, નારદ જ્ઞાન કરેજી, અને સૌ સાંભળે સુરભટજી, આવતા તે નયણે નીરખીયા. વેગળા થકી વજીસ્ટળ, આવીને ઉભા રહ્યા, અને સર્વેને કીધાં પ્રણામ. તે દેવતા

એણીપેરે બોલીયા, ધન ધન અયોધ્યા ગામ, વળતા તે મુનીજન બોલીયા, ઋષિ બેઠા સૌ કોઇ એમ. આવડા પીળા પાંજરા ગોરકાં થયા, અને કયાંથી આવ્યા તમો. વળતા તે વિજીસ્ટળ બોલીયા. ભાઈ તમારૂં સુંરાજ, વળી વળી કરૂં વિનતી, મારી વિનતડી વધાર, એક સુર્યવંશી અવતર્યા મૃત્યુલોક માંહે હરિશ્ચંદ્ર, સાંસી એક ને વળી:સત્યવાદી, એવો નથી ત્રીલોકમાં એ રે. ॥ વલણ ॥ ગોરે વખાણ કીધું અતી ઘણું. વિશ્વમિત્ર કહેતો હું થકો, કે હું તારા યજમાનને છળ પાડું, એમ બોલ્યા રાજા ગંધર્વ કેરો પુત્ર. ॥ કડવાં ॥ ૬ ॥ રાગ ધનારસી. ॥ વળતા તે ગોર વજીસ્ટળજી, સાંભળો તમે વિશ્વામિત્રજી. હાથ જમણામાં મેલો ઠારજી, દસ સેહસ્ત્ર વરસનો તારો તપ હારોજી, મારા યજમાનને છળ પાડોજી, વળતા બોલ્યા છે વિશ્વામિત્ર દેવજી, દસ સેહસ્ત્ર વરસનો હું મારો તપ હારૂંજી. તારા યજમાનને છળ પાડુંજી. ॥ વલણ ॥ નહિ છળ પડે યજમાન માંહેરો, એનું સત છે વળી જેહ. અમે જઈ ને સંભળાવસું. સુણો સુર્યવંશી રાય. દસ હજાર વર્ષ નો તપ હાર્યો વિશ્વામિત્ર. એમ તેત્રીસ કરોડી દેવતા દેખતાં, વખાણ કીધું અતિ ઘણું. વખાણ કરતાં વખ ઉપન્યું, એમ બોલી ઉડયો બરદ, કહે તારા યજમાનને હું છળ પાડું એમ બોલ્યો ગાંધર્વ કેરો પુત્ર. ગોરે વખાણ કીધું અતી ઘણું, અમે તો હવે જઇને તપે બેસસું, તું સત ના છોડે આપણું રે. ॥ કડવાં ॥ ૭ ॥ રાગ ધનારસી ॥ સ્વર્ગ ભવનથી ઋષિ ચાલ્યો, નારદના ઘર ભણીજી, કહોને નારદ સાચલો ઉપદેશજી, કહોને નારદ સાચલો ઉપદેશજી. કીયેને ઉપગારે હરિશ્ચંદ્ર છળ પડેજી. ॥ વલણ ॥ કીયેને ઉપગારે હરિશ્ચંદ્ર છળ પડે તેનો કહો મુજને મર્મ, જે રૂપ લેશો તે આપશું. તમે જઇને કરજો સુરત, એ વળતાં તે નારદ બોલીયા અને તમેનો કરજો એમ. જઇ હરિશ્ચંદ્રને છળ પાડજો, અને આગે બાંધ્યા છે જોશમાં, પેલી વાડી નાખે મોરડી, પછે રાજા થાશે કોપ, તરત ખેણ રૂપ પલટયું. લીધો સુવર કેરો વેશ, એક સુવર વાડીમાં સંચર્યો, તેણે અતી માંડયો વણસાડજી, બાગમાં હીંડે ઘર કરતો, એણે મોડી નાંખ્યા ઝાડજી. ॥કડવાં ॥ ૮ ॥રાગ ધનારસી.॥ એક સુવર વાડીમાંહે સંચર્યો, તેણે અતી માંડયો વણસાડજી. બાગ માંહે હીંડે ઘર કરતો, એણે મોડી નાંખ્યા ઝાડજી, ડમરો, મરવો, ને કેતકી, ચંપલા, કોડા કોડજી. આંક, ધતુરો ને અગરથીઓ, જેને પૂજા ચઢે ત્રીપુરાયજી, કણી પર કંબોયને કેવડો બપોરીયા ગલાલજી. માંહે હેમચંદ ને મોગરો, પરીજાતને કેસરજી, ॥ વલણ ॥ પરીજાતને માંહે કેસર, ફુલવાડી મોંખી ઉખેડી કરી. એક રાખ્યો ચંપલા કેરો

છોડરે, ત્યાં સુવરીયો બેઠો ઘર કરીરે. ॥ કડવાં ॥ ॥ ૯ ॥ ॥ રાગ ધનારસી ॥ ધરાખ બીજુરો ને બાવળી, માંહે ખજુરીના છોડજી, માંહે શેરડી, સોપારી ને એલચી સહુ ટાળ્યાં તેના ઠામજી, ચણકી ચારોલીના ઝાડવા, માંહે નારંગીના છોડજી, પારન જાણું માંહે લીંબોળી તણો, જે ફળતી બારે માસજી. ॥વલણ॥ પાર ન જાણું લીબોળી તણો, સદાય ફળતી બારે માસ, માંએ નાળીયર રૂડા આબરૂ, ટીંબરૂને બદામ રે, આંબા જાબુંને આંબલી કાંઈ ફેડયાં તેના ઠામરે, જાય, જાવંત્રીને જવરી, બારે માસ અતીસાર. ગલાબ, ગલદાવદી ને કેવળી. કાંઈ તેનો ન લઉં પાર, બદામ બીલીને બોરડી, અને આંબલા અતીસાર, કંબોઇ કારેલીને કાચકી કાંઈ તેના ન લઉં પાર. રાયણ ઉમેલડીને ટીંબરૂં, સુખડ વિશાળ, ખારેક બીજા ઓને, કરમદા, કાચકનો નહિ પાર. ફુલવાડી નાખી ઉખેડી કરી, એક રાખ્યો ચંપલા કેરો છોડરે ત્યાં સુવરીયો બેઠો ઘર કરીરે. ॥ કડવાં ॥ ॥ ૧૦ ॥ ॥ રાગ-કેદારો ॥ માળી આવ્યો વાડી જોવારે, ત્યાં ન દેખે એક ઉભો છોડરે, જોતાં જોતાં એક સુવર દીઠોરે, અને નાઠો માળી આવ્યો રાય ભણી, રાવે તે માળી આવીયો અને સાંભળો મારા સ્વાસ, એક સુવર વાડી માંહે સંચર્યો, તેણે અતી માંડયો વણસાડ રે. વળી વળી કરૂં વિનંતી, મારી વીનતડી વધાર. એક સુવર વાડી માંહે સંચર્યો, તેણે ભાંગી ભાર અઢાંર રે. એવાં તે વચન સાંભળી અને કોપ્યા હરિશ્ચંદ્ર રાય. પાયે પરદળ મેલી કરી, રાયે વાડી ભણી જાએ. વરૂ તે રેવત પાંખરા, અને વાડી લીધી વીંટાવી. સુરજવંશી એણીપેરે બોલીયા, જેના રેવત હેઠળ સુવરીયો જાય, તેને દેશ નીકાલો થાએ, સમ્રત સંકર સંચર્યો રાયના રેવત હેઠળ જાય, રાયે પળદળ મેલી કરી, અને લીધો સુવરીયાનો કેડજી. ॥ કડવાં ॥ ॥ ૧૧ ॥ ॥ રાગ છોડી ॥ સમ્રત સંકર સંચર્યો, અને રાયે તે પુંઠે જાયજી. બાણ મુકે ને લાગે નાહ, સુવરીયો ચુકવી જાયજી. એમ કરતાં આઘા ગયા, અને દેન પરવશજી. રૂપ સુવરીયે પલટયું લીધો બ્રાહ્મણ કેરો વેશજી, રાય પાસે ઉભા રહ્યા અને રાયે કીધા પ્રણામજી. આણી વાટે સુવરીયો સંચર્યો; તમે કહોને મારા શામજી વળતાતે બ્રાહ્મણ બોલીઓ, તું તો સતવાદી રાયજી. એ સુવરને સું મારીયે, રાજા હેંડે આણોને જ્ઞાનજી, આવું તીર્થ તમને નહી મળે. રાય કરોને સ્નાનજી, રાજા એ તો બોલ માનીયા, અને દીઠું ઓત્તમ ઠામજી. સ્નાન કરીને ઉભા રહ્યા. અને સ્વામી આસું હોવે દાનજી, આ બે બાળક છે માહેરાં, તેનો કરવો વિવાહજી, વળતાં તે રાય બોલીયા. વેગે વરત્યાં મંગળ ચારજી, જે જોઇ એ તે આપશું,

એમ બોલ્યાં હરિશ્ચંદ્ર રાયજી, વળતાં તો બ્રાહ્મણ ચાલીયો. વેગે વનડા મોઝારજી, મન મંત્ર ત્યાં સાધીયો, અને બે બાળક ત્યાં તેણે ઠારજી, આ બે બાળક છે માહેરાં, તેનો કરવોને વિવાહજી. ચોવેદી ચોરી રચી, વરત્યા મંગળ ચારજી, વર કન્યા માંહેરેબેઠાં, અને માયરામાંહે કંસાર ખએજી. ॥ વલણ ॥ ચોવેદી ચોરી રચીને, હુવો ગંદ્રવ વિવાહેજી. ॥ કડવાં ॥ ૧૨ ॥ રાગ ભોપાલ. ॥ ત્યાં તો પહેલું તે મંગળ વરતીયું, ત્યાં જણસો ને તોરીંગ સર્વે સાંપીયા. ॥ ૧ ॥ ત્યાં તો બીજું મંગળ વરતીયું, આંકસ સોતા ઘેમર સર્વે સોંપીયા. ॥ ૨ ॥ ત્યાં તો ત્રીજું મંગળ વરતીયું, અને કુંચીયું સોતા ભંડાર સર્વે સોંપીયા. ॥ ૩ ॥ ત્યાં ચોથું મંગળ વરતીયું નવખંડ પૃથ્વી સર્વે સોંપીયા. ॥ ૪ ॥ ત્યાં તો તાલ, મૃદંગ, નીશાન વાગે ત્યાં કારમી નાર ઘણા ધોળ ગાય. ત્યાં તો વરકન્યા કંસાર ખાએ, ત્યાં તો અત-રંગથી મુની વર જુએ ત્યાં તો ચાંદો સુરજ સાખપુરે. ત્યાં તો રાજાને મન ઉલટ થાએ, ત્યાં તો વરકન્યા રાજ રીતે પરણાવીયા, અને આપ્યાં તે કન્યાદાન, વિશ્વામિત્ર એણીપેરે બોલીયા, એમાં અમારૂં નથી લગાર. ॥ કડવાં ॥ ૧૩ ॥ રાગ ધનારસી॥ વળતો તે બ્રાહ્મણ બોલીયો. અને તું સતવાદી રાય, તારે સમતોલ બીજો કોઇ નથી. તે તો વારૂ કીધો છે વિવાહ, જે માંગ્યું તે આપીયું. અને બહુ કીધો છે ઉપકારજી, વરકન્યાને સર્વે સોંપીયાં. તેમાં અમારૂં નથી લગાર રે, વળતા તે રાજા બોલીયાજી, સ્વામી કાંઈક ભણો આશીર્વાદ, એક સવાભાર સુવર્ણ આપીશું. તે બોલ્યોને ઉદકજી, વળતાં તે બ્રાહ્મણ બોલીયો, રાજાએ ભણાવ્યા આશીર્વાદજી. વળતા તે રાજા બોલીયા, સ્વામી આવો અમારે ગામ, મારે અન્ન ઉદકની આંખડીરે, તમને આપું મારા સ્વામ રે. વળતાં તે બ્રાહ્મણ બોલીયો, તમે તોરીંગ પલાણો રાય.સ્વામી તોરીંગ ત્યારે પલાણસું રે, જ્યારે આપીશું સુવર્ણ દાન.॥વલણ॥ આપીશું સુવર્ણ દાન રે, રાજા એણીપેરે બોલીયા, વિશ્વામિત્રને લઈ કરી. આપણા નગર ભણી ચાલીયારે. ॥ કડવાં ॥ ૧૪ ॥ રાગ કેદારા. ॥ સુર્યવંશી સંચર્યા રે. આપણા નગર ભણી મોઝાર રે, રાજા જઇ ઉભા ગામને ગોંદરે રે. અને ઘેર વધામણી જાય રે, રાજા ઉભા ગામને ગોંદરે, તે પોતી વધામણી ઘેરરે, સોનાકેરી જીભ્યા તેની કરૂં રે જો દેખું અયોધ્યાનો રાય રે, દૂધે પખાળોએ રે. અમીએ સીંચાવવું વાટ, મોતીતો આપું હું વધામણીરે, જો નયણે દેખું નાથ રે, રોહીતદાસ સામા આવીયા. આજ લગણ તમો તાત રે, આવડા દીવસ તમે શું કર્યું રે. તે કહો મુજને વાત રે. ॥ વલણ ॥ તમે કહો મુજને વાત સ્વામી આવું શું છે

તમને દુઃખ દોયલું રે, હૈડાં કેરી ગુંજ કહો, પછે શરીર થાએ સોએલું રે, ॥ કડવાં ॥ ૧૫ ॥ રાગ વેરાડી. ॥ રાજા મંદીર વધારીયારે. અને ઉભા તે વરને દ્વાર, તારાદે આછામણ લાવીયાં રે, રાયે ન લીધાં તેણી વાર રે. આવડું શું છે તમને દોયલું રે, હૈડાં તે કેરી કીજે ગુંજરે. કંઇ શરીર થાય સોએલુ રૈ, રાજા કાંઇ ગૌહત્યા ચઢી. કાંઇ બ્રાહ્મણ હત્યા ચઢી, કાંઇ સ્ત્રી હત્યા ચઢી, કાંઈસાંસો પડયો શરીરરે. આવડું શું છે તમને દોયલું રે, હૈયાતો કેરી કીજે ગુંજડી રે, કાંઇ શરીર થાએ સોયલું રે. ॥ કડવાં ॥ ૧૬ ॥ રાગ વેરાડી.॥ વળતાં તે રાણી બોલીયાંરે, તમે દુઃખ ના આણશો મારા નાથરે.હમણાં તે બ્રાહ્મણ સંતોષસું એટલા ની પાધરી વાત રે, વળતાતે રાજા બોલીયા, રાણી સાંભળો મારી વાત રે. એક સુવર કેડે હું સંચર્યો, ત્યાં નહિ કોઇ મારી સાથરે.ત્યાં બ્રાહ્મણતો રાણી આવીયો સાંસી એક ને સભેદ મુખે જ્ઞાન અતી ઘણું, જોષી ભણીયો ચારે વેદ. તે જોષી ના વચન અમે શીર ચઢાંવીયાં, અને સંતોષીયા બ્રાહ્મણતો. બે બાળક તો રાણી લાવીયો, તેનો કીધો પરણગાર રે, જે માંગ્યું તે આપીયું, આપ્યાં તેજી ને તોખાર આપ્યાતે ઘેરવ હાથીયા, અને આપ્યાતે ગરથ ભંડાર. નવખંડ પૃથ્વી સર્વે આપીયા અને આપ્યાં વીગત વીગતનાં દાન રે, ॥ વલણ ॥ પણ એક સવાભાર સુવર્ણ આપવું રે, રાણી તેનો નથી દેખાતો કોઇ ઠામરે, ॥ કડવાં ॥ ૧૭ ॥ રાગ વેરાડી ॥ વળતાં તે તારા રાણી બોલીયાં રે તમે દુઃખ ના આણશો મારા નાથ રે. હમણાં બ્રાહ્મણ સંતોષશું, એટલાની પાધરી વાત રે, એક બે રતન અમુલખ આપણે અને ત્રીજા કુંવર રોહિતદાસ, મારા સ્વામીને કાજે વેચાઇશું, અને આપીશું સુવર્ણ દાન. બ્રાહ્મણના ચરણ પખાળીને આપીશું સવાભાર સુવર્ણ દાન. બેઠો બ્રાહ્મણ કળ કળે તમે શી કરો છો વમાસણ રે, હા પહેલી ના છે ઢુંકડી, નહિ તો બ્રાહ્મણ પોછો વળે. ત્યારે કુંચી લઈને કુંવર સંચર્યા, અને ઉઘાડવા તે ભંડાર. ॥ વલણ ॥ વિશ્વામિત્રે પાંચ પાંચ જણ મોકલ્યા તેણી વાર રે, રખે હરિશ્ચંદ્રનું નામ લે, આજ અયોધ્યામાં હે વિશ્વામિત્ર ધણીરે, ॥કડવાં॥૧૮॥રાગ રામ ગરી ॥ સાંસી એકને ત્રણે જણા, વિમાસણ કરે મનમાં રે, રાણી બ્રાહ્મણ ઋણ કેમ છુટશે રે. રાય મુકો નગર અયોધ્યા ના રાજ રે, તારે રાજા એ મુકયા મંદિર માળીયા રે. અનેસુર્ય વંશી જાય રે, માનવી તે પાણી ન પીએ. અને પશુંઓ તે ચાર ન ખાયરે, રૂદન કરતાં લોક ન રહે લગાર, આંગણે તે બ્રાહ્મણ કળ કળે. ત્યારે રોઇતે વરણ અઢાર રે, ઘાંચી, મોચી, સઈ ને સુથાર, અને માળી તંબોળીને કોળી, કણબી કંસારા કુભાર, રજપુત વણ

કરને ક્ષત્રી કંદોઇને કંસારા, વાણીયા વંશ ખત્રી, ગાંજા ગોલાને ગોવાળ, લુહાર માછી કાછી પરી જાતને પીંજારા, બલુચ ને સરાણીયા, સોનારા, જાટ, ભાટ ઘાંચી વાળંદ ને સલાટ. એટલા માંહે ત્રણ ન રોયા એક ભોઈ, ભષ્ટ, ને ઝાંપડો. જે કરતાં ભૃષ્ટ મધ્યમ કામ રે, રાજા ચાલતાં અનેક રોયા, નગર કેરાં લોક, પણ વિશ્વામિત્ર ને લઈ કરી, પછી ચાલ્યા હરિશ્ચંદ્ર રાય. ॥ કડવાં ॥ ૧૯ ॥ રાગ કેદારો ॥ તમે વળો લોકો રે, આપણા નગરમાં રહો થર થઇ, કુવર રોહીતદાસ કહ્યું મારૂં કરો, આપણા નગરમાં રહો થર થઇ, વળતાં તે રોહીતદાસ બોલીયા, તમે એવું શું બોલો મારા તાત રે, અમે મંદિર જો રહીએ રે, તો બ્રહ્મ રૂણ કેમ છુટીએ રે, પ્રજા સહુ ઓળાવીરે અને સુર્યવંશી જાય રે, રણ વગડા માંહે રે, અંતરીયાળ તેણે ઠામ રે, તરત ખેણું વિશ્વામિત્ર બોલીયો, તમે શણગાર કાઢો બાઇ તારા કંઠ તણો, સતીએ શણગાર સોંપીયો, અને ઉતારી આલ્યો હાર રે, રણ વગડા માંહે સંચર્યા. સતી ચાલ્યાં તેણીવાર રે. આગે દીન દીન ભાંખતા, અને સુર્યવંશી જાય રે, હાથમાં હે તે લીધું કરવતું, અને આગળ આવી ઉભા રહ્યા, તે ચતુર હરિશ્ચંદ્ર રાયરે, હું છું બ્રાહ્મણ દુબળો, રાજા દાઝે છે મારા પાય રે. વળતાં તે રાજા બોલીયા, વાણો એ પહેરોરે ઋષિ રાયે રે, ચાંલગી અણવાણા આવીયા. મુજને દુઃખે તે હરે, એવાં તે વચન સાંભરી અને સુર્યવંશી જાય. એટલે તારા રાણી આવીયાં, અને ઉભા તેણે ઠાર, વળતાં તે બ્રાહ્મણ બોલીયો રે, બાઇ તું છે સતી સાધ્વી નાર, મારી પૂઠે છે એક સ્ત્રી, અને આપો તમારી વાણોઇરે, તારે સતીએ વાણોઇ ઉતારીને આપી, તમે લો મારા સ્વામ, એટલે તે કુંવર રોહીતદાસ આવીયા, અને ઉભા તેણે ઠામ, વળતો તે બ્રાહ્મણ બોલીયો સાંભળો સભાજન, અમે બેઉ ઘોડે ચડયાં, એક પાળો હીંડે પદાથીં, તારે રોહીતદાસ વાણોઇ ઉતારીને આપી, તમે લ્યો મારા સ્વામરે, રોહીદાસ એણીપેરે બોલીયા, ઋષિ વિશ્વામિત્રને લઇ કરી, કાશી વાણાસરી ભણી જાય, ॥ કડવાં ॥ ૨૦ ॥ રાગ કેદારો ॥ ત્રણે જણ અણવાણા કર્યા, અને પંથે ચાલ્યા જાય, ત્યારે વિશ્વામિત્રે સુરજને સુરત કરી, અને રાજા કાસવ તારો બાપ, જો તું કહ્યું મારૂં નહિ કરે તો હું દઇશ તુજને શ્રાપ, સાંસી એકને વળી સત્યવાદી, અને સુર્યવંશી રાય, અણવાણ કીધાં ત્રણે જણા, કહે કઇ પરે છળ પડે રાય, સુર્યતો સબળા તપે, અને હીક લુ વાય, વાટે સર્જ્યા ગોખરૂ, અને કાંટા લાગે પાય, કાંટા વાગે ને પગ દાઝે, અને સુર્યવંશી જાય, પંથે પાળા કદી નથી ચાલીયા, અને તે એવા સત્યવાદી રાય, એવા સત્યવાદી રાયને, કર્મ પેર પેરનાં નડે. વિશ્વામિત્રે પૂંઠ લીધી

અને રાજા હરિશ્ચંદ્ર કેમ છળ પડે રે. ॥ કડવાં ॥ ૨૧ ॥ રાગ સામેરી ॥ વિશ્વામિત્રે પરબ મંડાવીયું, તેમાં ટાઢાં કપુર વાસી પાણી, ધર્મરાયની પરબ કહીયે તે ધર્મે પાણી પાય, વળતા તે રાયજી બોલીયા, સાંભળો ત્રીપુધન, ભાઇ પાણી કેમ પીજીયે એ વિપરને દેવું ઋણ. વળતાં તે ત્રીપોધન બોલીયા, તમને દેખે છે અહિયાં કોણ વળતાં તે રાજા બોલીયા. સાંભળો ત્રીપોધન. દેખણ હારો મોટો કહીએ અને તે કારાવ કેરો તન, એવાં વચન ઓચરી. અને સુર્યવંશી જાય, એટલે તારા રાણી આવીયાં. અને ઉભાં તેણે ઠામ, આગળ થકી સંચર્યા, બાઇ સગો લાગે તોય. એટલે રોહીતદાસ સામા આવીયા, ભાઇ તે તો અમારો તાત, સુરજવંશી તેને કહીયે, આ છે અમારી માત, તે તો ઘણા દિવસના તરસ્યા હતા, તેણે અપાર પીધું નીર, તારા ભણે નીર જો પીજીએ, તો વહેર દે શરીર, બાઇ બાળક તારો તરસ્યો હશે, તેને પાણી પાઓ. ભાઇ પાણી કેમ પીજીએ, જો છળે હરિશ્ચંદ્ર રાય. ॥ વલણ ॥ જો છળે હરિશ્ચંદ્ર રાય, પણ સતી એણીપેરે બોલીયા, ઋષિ વિશ્વામિત્રને લઈ કરી, કાશીવણાસરી ભણી ચાલ્યો જાય. ॥ કડવાં ॥ ૨૨ ॥ વળી વળી વમાસે, વિશ્વામિત્ર મન માંહે. જે કીએને ઉપાએ હરિશ્ચંદ્ર છળ પડે, તે વમાસે ઋષિ રાયજી. રણ વગડા માંહે સર્જીયું એક વૃક્ષ. તેની વારૂ દિસે છાંયડી, ત્યાં બેઠાં રાય હરિશ્ચંદ્ર, આગળ આવીને ઉભા રહ્યા. તું દીસે છે રાય જન. અને રાજા ઉપર નીહાળીયું મસ્તક દીઠું વૃક્ષ. સુરજનું ત્યાં સ્મરણ કીધું, સત વૃક્ષ સર્જીયું ત્યાં એરે, રાયને મસ્તક આંબો મોરીયો અને ખરી પડી સાખ, એટલો તે સંતોષ આણજો. અને આહાર કરજો પાક, વળતા તે બ્રાહ્મણ બોલીયો. આજ મીથ્યા વાત, એટલે તુજને સરેવું, રાજા આરોગશે સાખ, સંતોષ સ્વામી આણજો હૃદય વમાસીજોય, સંતોષ કીધો રાજા હરિશ્ચંદ્ર જેણે તજીયાં છે તે હરે. ॥ વલણ ॥ તજીયાં છે તે હરે, રાજા એણીપેરે બોલીયા. ઋષિ વિશ્વામિત્રને લઈ કરી. કાશી વણાસરી ભણી ચાલીયારે. ॥ કડવાં ॥ ૨૩ ॥ રાજા પોતા નગર મોઝાર રે. ભાઈ આ માણસ કેમ વેચાય રે, તમે સાંભળો ગોવર્ધન રાય રે, અહિંયતો માણસ એમ વેચાય, ખડનો પૂળો મસ્તક ધરે. તે માણસનો વકરો કરે, ત્યારે બોલ્યા કુંવર રોહીતદાસ, ખડનો પૂળો લેવા જાય, રાયને વચને કુંવર જતા થયા, ચાલી વમળી કોલણને ઘેર ગયા, બાઈ વમળી તું સાંભળ મારી વાત લે મુદ્રીકા ને આપે ઘાસ વમળી એ દીકો કંઇ મોટો રાય. ભાઇ તું પૂળા અ મથા લઈ જાય, કુંવર કહે નહિ અમારૂં ધર્મ, તમારા પૂળા બાઇ લઇ કેમ જવાય, હાથની મુદ્રીકા દઇ. કુંવર આવ્યા પૂળા ત્રણ લઇ. કોલણ ચૌટે દેખા-

ડવા જાય, અમૂલખ કહેને કેડે ધાય, કુંવર ત્યાં લઇને ગયા. પૂળા લઇને ચૌટે રહ્યા. જ્યારે અબળા આવતી દીઠી રાય, તેમ મનમાં ઝાંખા થાય, ત્યારે બોલ્યા કુંવર રોહીતદાસ, આવીને ત્યાં ઉભા પાસ, આવીને ઉભ નમ્યા શીષ, ત્યાં તો રાયે કરી છે રીસ, કુંવર કહે સાંભળો તાત તમો, આપી મુદ્રીકાને લાવ્યો છું અમો. રાયજી થર રાખો તમારૂં મન, હવે નહિ ચુકે તમારા તન, એટલે કોલણ આવી પાસે પૂછવા વાત, આ છાજે સ્વામી તમારે હાથ. વળતા તે બોલ્યા સત્યવાદી રાય તું તારો રાખજે વહેવાર, તું રાખજે તારો વહેવાર રે, બાકી વધે તેની નીરાળજે ચારરે. ॥ વલણ ॥ ત્યારે રાયે વચને કોલણ જાતી થઇ, આવીને ઉભી મંદીરે રહી. કોલણ ઘાસ નીરાવી જઇ, ત્યાંથી તો આવા ગવની થઇ. ॥ કડવાં ॥૨૪॥ ઋષિ પ્રત્યે એમ બોલ્યા રાય, તારાદેનું ઘરાક સ્વામી લેવાને જાવ, રાયને વચને ઋષિ જાતા થયા.ચાલી વમળી કોલણ ઘેર ગયા.હરે વમળીસાંભળ મારીવાત તારે ઘેરછે કંઇગરથ, વમળી કહે મારે દ્રવ્ય છે ઘણું, તો નાર વેચાય છે અયોધ્યા તણી, તમને દેવળાવું તે નાર, તે હસ્ત મુખીને રૂપ અપાર, મસ્તક સેંથો સીંદુરનો ભરે, દેખતાં પુરૂષનું મનજો છળે, વમળી ગુણકા લેવાને જાય, દેખી રૂપને અચંબે થાય, એ દીસે છે કોઇ મોટું પાત્ર, પણ ન હોય મારા ઘર થકી જાત્ર, કાંઇરે વમળી લ્યોને તમો, તારાદે ભણે વેચાઉં છું અમો. સાંભળો બાઈ વમળી તમો, વૈત્રુ દેશો તે કરીશું અમો, છોડાવો બ્રાહ્મણની પાસ તમ ઘર થઈ રહીશું દાસ, અધ ભાર ત્યાં સુવર્ણ દઈ, ચાલી ગુણકા સતીને લઇ, સતીએ માર્ગે જતાં પૂછ્યું એમ, બાઇ તમારે કુળ શું છે કામ. અમારે ચીર પટોળાં પેરવાં સાર, માણેક મોતી સજવાં શણગાર, મુખને પૂછીને ભોજન કરો, વૈત્રુ નહિ પણ સહેજે સંચરો, પાનસોપારી એલચી લવીંગ અતીસાર, અને કરવા નીત નવા ભરથાર, તારે સતી ભણે મહા વરત્યું પાપ, સુરજ તુજને દઇશ શ્રાપ, નકળ દઇ તણો દાતાર, તું સેને ન કરે મારી તાર, તારે સુરજે વાંદરા બે ને કીધી સાન, ગુણકાના તોડયા નાકને કાન ગુણકા પાંચસાત સાહેલી મળી જોવા જાય, બાઇએ પગલું પેસતાં તારૂં ભૂડું થાય, બાઇતું એ દાસી પાછી દે, અધભાર સુવર્ણ પાછું લે, વમળી ચાલી બ્રાહ્મણ ભણી, આ દાસી લ્યો તમ તણી, પાછાં આપો અમારૂં સુવર્ણ, દાસી લ્યો બ્રાહ્મણ કોપ કરીને બોલ્યા ઋષિરાય, આ નઠારીનો કંઇ ઠાર ન થાય, ગુણકા લઈને પાછી વળે,ત્યાં હરિ ભટ સામા આવી સંચરે,એ દાસીને તો લઇશું અમો,અધભાર સુવર્ણ દઇશું તમો, અધભાર ત્યાં સુવર્ણ દઇ અને ચાલ્યો બ્રાહ્મણ સતીને લઇ, રોહીતદાસ

કુંવર રૂદન કરે, કુંવરને કોઈ ન સંઘરે, કુંવર ત્યાં તો હેઠા પડે, માતા લઇને બેઠા કરે, કુંવરને બોલાવે માય. તમારી પાસે રહેશે રાય, કુંવરને પાપ પેરપેરનાં નડે, અને નિશ્વાસ થઈને અવની ઉપર પડે, તારા કહે ઉઠો બાપ, પછી લઇને ઉછંગ ધરે મન સાથ, તમારી પાસે રહેશે હો રાય, કુંવર જાઓ, તેડે તમારી માય, માતા લઇને બેઠા કરે, ત્યાં હરિ શામળ ભટ આવીને સંચરે એ બાળકને લઈશું એમો પા ભાર સોવર્ણ દઇશું તમો, પોણો ભાર ત્યાં સોવર્ણ દઈ, હરિ શામળ ભટ ચાલ્યા બેઉને લઈ, માર્ગે જાતાં સતીએ પૂછ્યું એમ તમારે કુળ શું છે કામ. હમારે અબોટ પાટલા કરવા સાર. નીત બેસી રહેવું ઘરને દ્વાર, કુંવર લાવશે ફુલ પાત્રી. અમે બેઠા જમીશું ચોધરી. સતી માર્ગે જતાં કરે વિચાર, ઓતમ કુળતો પામ્યા ઠાર. ॥ વલણ ॥ ભણે તારાદે સુણો બ્રાહ્મણ, ભાર તમારૂં છુટા સોવર્ણ. ॥ કડવા ॥ ૨૫ ॥ ઋષિ પ્રત્યે બોલ્યા રાય, અમારૂં ઘરાક સ્વામી લેવા જાવ, રાય વચને ઋષિ જતા થયા. ચાલી દૂધા ઝાંપડાને ઘેર ગયા, હરે દૂધા સાંભળ મારી વાત, તારે ઘરે છે કંઇ ગરથ, તારે દૂધો કહે મારે દ્રવ્ય છે ઘણું. તારે વેચાય છે રાજા અયોધ્યા તણો. તમને દેવડાવું એક દાસ, રાખે મસાણને, ઉગાડે ગ્રાસ. ઋષિને વચને દૂધો જોવાને જાય, દેખી રૂપ ને અચંબે થાય, હરે એ તો કઈ દીશે છે મોટો રાય પાત્ર, ન હોય અમારા ઘર જાત્ર, રાયજી ત્યાં બોલ્યા એહ, સાંભળો વાત કહું છું તેહ, કાંરે દૂધા લ્યોને તમો, દેશો તે કરીશું અમો. છોડાવોને બ્રાહ્મણની પાસ, તમારે ઘેર થઈ રહીશું દાસ, અધભાર ત્યાં સુવર્ણ દઈ, ચાલ્યો ઝાંપડો રાજાને લઇ. રાજા ભણે તું સાંભળ બ્રાહ્મણ, અને સવા ભાર તમારૂં છુટયાં સોવર્ણ. ॥ કડવાં ॥ ૨૬ ॥ સાંસી એકને વળી સત્યવાદી, અને સુર્યવંશી જાય, નીચ ઘેર દૂધો ઝાંપડો, તે ઘેર રાજા હરિશ્ચંદ્ર વેચાય, વળતાં તે રાજા બોલીયા, ઋષિ સાંભળ જો સોય. મનગમતા મધમ ઘેર વેચાવીયા, પછી કરમ કરે તે હોય, એવા વચન ઓચરી. રાય ઝાંપડા પૂઠે જાય રે, સુણો સામ ઋષિ ભીખાદાસ રે, ને જઇ મસાણમાં રાખ્યા તેહરે, તું માંગજે ગ્રાસરે, રીત લેજે રાવળી પછે દેવા દેજે દાગ રે, તુજને મસાણમાં રહેજે દીવસને રાત રે, વળતા તે ઝાંપડો બોલીયોરે. અને ભાઇ તું કરજે એમરે, પાલી તે લેજે તું સાથવારે, અને પલી તે લેજે અબકાર રે, રાય ત્યાં થકી સંચર્યો. અને પૂછ્યું સામળ શેઠનું હાટ રે, પાલી તે લીધો સાથવારે. અને પલી લીધો અબકાર રે. રાયે ચોળી ધોળી તરતવ કીધું અને સંભાર્યા શ્રી રામ. રાજા તે ત્રપણ કરે, ને મુખે ભણે શ્રી ભગવાનરે, અતીત

વિશ્વામિત્ર થઇ, અને આવ્યો તેણે ઠામ રે, અર્ધું તે આપું અતીતને, ને અર્ધું તે પૂજ્યું દેહરે, દાન પૂન રાજા નીત કરે, એવા સત્યવાદી રાય. દાડે દાડે દૂબળા, રાજા હરિશ્ચંદ્ર થાએ. કેટલેક દાડે દૂધો આવીયો. અને નયણે નીરખ્યા રાય. દઇ એ તે દીઠો દુબળો. ભૂખ્યો કાંઈ સીંચાય રે, બોલ્યા કાંઇક તેં ગાંઠ આદરી, કે ભૂખ્યો રહે પેટ માંહેરે, બોલ્યા આગે તે લેતો એક પાલી હવે લેજે પાલી બે હરે, અને પળી બે અપકાર લેજે. અને રખે ભૂખ્યો રે પેટ રે. એવાં તે વચન ઓચરી, અને ઝાંપડો મંદીરે જાયરે, ઋષિયે રાયની પૂંઠ મૂકી અને ઝાંપડા પૂંઠે જાય રે. જઇને નહાવા બેઠો દૂધો ઝાંપડો રે, તેણે તેલ મેટ ઘાલ્યું શીષ રે. વિશ્વામિત્રે કુંભ કાણો કર્યો, માંહે ટાંક ન રહ્યું નીર. ત્યાંથી વિશ્વામિત્ર સંચર્યો. અને ગયો હરિશ્ચંદ્ર પાસ રે, નહાવા બેઠો દૂધો ઝાંપડો. ન તુને સીદ રાખ્યો છે દાસ રે. વળતો તે વિશ્વામિત્ર બોલીયો, તારો સ્વામી કરે છે રીશ રે. ઘેર ટાંક પાણી નથી. તેણે ખોળ ઘાલી છે શીશરે. એવી તે વાણી સાંભળી, અને સુર્ય વંશી રાય, હાથમાં તે લીધો ઘડુલો, અને પાણી ભરવા જાય, વેગે કરીને વહી ગયા. ગંગા કેરે તીરરે. ઘડુલો તે કાનોકાન ભર્યો, અને ઉભા તેણે ઠામ રે, વિશ્વામિત્રે મુળાનો ભાર મુકયો તે ઘડો ન ચઢે શીષરે. રાજાએ મનમાં વમાસીયું રે. સાચું કંઈ કારણ રે, રોહીતદાસ નજરથી સંચર્યા. અને વેગે વાડીએ જાય, રાજા તે નયણે નીરખ્યા. અને સુર્યવંશી રાય રે. વળતા તે રાજા બોલીયારે, ભાઇ કુંભ ચઢાવો શીષ રે. સ્વામી તમે મધ્યમ અમે ઓતમ, તમને કેમ અડકાય રે, વળતાં તે રોહીતદાસ બોલીયારે, સ્વામી કરોને તમે કામ રે, આઘા જઇને ડુબકી મારો, તેથી સરસે તમારા કામ રે. ॥ વલણ ॥ મસ્તક તે આવ્યો કુંભરે, અને બુદ્ધ કરી રોહીતદાસ રે, રાજા ભરીને સંચર્યા. અને મનમાં અતી આનંદરે મારો હતો ને બુદ્ધ કરીને, એમ કહે રાજા હરિશ્ચંદ્ર રે. ॥ કડવાં ॥ ૨૭ ॥ રીસ ધરી વિશ્વામિત્ર બોલીયો. એમ કહે વિશ્વામિત્ર. હવે કુંવરને એવો ડસું એમ કહે ગંધર્વ કેરો પુત્ર. ત્યાં થકી રોહીતદાસ સંચર્યો, અને તે વેગે તે વાડીએ જાય. વિશ્વામિત્રે રૂપ પલટયું રે, અને વસીયર હુવા તત્કાળ રે. જઇ કુંવરને ચટકાવીયો. અને પડયો તે વાડીમાંહે. વનમાં કુંવર આવી પડયો. અને ચંપલાકે છોડરે, વાડીએ તે રખવાળો આવીયો અને જોવા લાગો નાડરે, અરૂપરૂ વમાસી જોય. અને શું થયું કારણ રે, ફુલ સુંવાડી આવીયો. અને ડસીયો કાળો નાગરે. એનું કુટુંબ પરવાર કોઈ નથી, જઇ સંભળાવો એની માત રે. હવે માળી ત્યાંથી ચાલીયો. જ્યાં હોતી એની માયરે, બાઇ બાળકને ચટકાવીયો. અને

પડયો તે વાડી માંહે; તારા ભણે ભાઈ બોલો નહિ. હમણા ના લેશો નામ, ઘેર બ્રાહ્મણ ભોજન કરે, ભાઈ વણસે એનું કામરે. ॥ વલણ ॥ ભાઇ વણસે એનું કામ રે, તારા ભણે કર્મ લખ્યું તે કેમ ટળે રે. ॥ કડવાં ॥ ૨૮ ॥ રાગ વેરાળી. ॥ બ્રાહ્મણ સર્વે સંતોષીયા. મંદીર થકી રાણી વાડીએ જાય. જઇને ઉભા રહ્યા જ્યાં હોતો ચંપલા કેરો છોડ, નયણે તો નીર વહે, અને રાણી કરે રૂદન અપાર રે, મારા કુંવર ને કોડામણા, તારે દુઃખે કેમ રહેવાય. ત્યાં આવીને ઉભા રહ્યા, હવે શી થાશે પેરરે, પેર પેર લાગ્યાં પૂછવા, તારી માતા કરે વિલાપ રે, કે મારા કુંવર ને કોડામણા, તારા દુઃખે કેમ રહેવાય રે, કુંવરને પૂરી પીરસતી પાતળી. ને વળી અમૃત આંબા ઘોળરે, કોળીયે કોળીયે પોંખતીરે, નિશ્વાસ થઈને બોલેરે. મારા કુંવરને કોડામણા. તારે દુઃખે કેમ રહેવાય રે, કુંવર સેજ તળાઈ એ પોઢતા, એને ખુંચતા ઝીણા સુત્ર રે, આજ સાથરે કેમ પોઢશો. મારા લાડકવાયા પુત્ર રે, મારા કુંવરને કોડામણા રે. તારે દુઃખે કેમ રહેવાય રે, એક દુઃખ મારા સ્વામી તણું, અને બીજું પુત્ર પામ્યો મરણ રે, હઇડું તો ફાટે નહીરે, ફટરે ભૂંડા નણ. મારા કુંવરને કોડામણા તારે દુઃખે કેમ રહેવાય રે, સતી કુંવરને લઇ સંચર્યા, ને કુંવરને દેવા દાગ. અગર ચંદનનાં લાકડાં. લઇ આવ્યા હરિભટ શામરે, અગર ચંદનને લાકડે ચે ખડકી માંય સીંચ્યા કુંવર રોહીતદાસરે તારા સતી સાધવી એકલી, બીજું નહિ કોઇ પાસરે, ત્યાં થકી વેગે વિશ્વામિત્ર સંચર્યો, અને મેઘ સાંભળ મારી વાત રે. કહ્યું મારૂં જો નહી કરે તો તુજને દઇશ શ્રાપરે, બાર મેઘ સબળા ચઢયા, અને વરસે, અખંડ ધાર રે, પેર પેરના પવન ચડે, તોય સત ન છોડે તારા નાર રે. બારે મેઘ સબળા ચઢયા. અને ટાઢ તેવા વાયરે, દાગ કુંવરને દેવા કરે. એટલે આવ્યા હરિશ્ચંદ્ર રાયરે, આવીને ત્યાં ઉભા રહ્યા, અને કોણ છે મસાણ માંહેરે, રીત આપશો રાવળી, તારે દેવા દઇશું દાગ. વળતા તે સતી એમ બોલીયા, મારી ગાંઠે નથી એક દામરે. અર્ધું પાલવ ફાડી આપીયું, એટલે સર્યું મારૂં કામ, રોહીતદાસને દાગ દઈ પોચાડીયો, એટલે આવ્યો વરસાદ રે. અર્ધો બળ્યો અર્ધો રહ્યો, અને સતી લઇ દેરામાંહે જાયરે, એટલે વિશ્વામિત્રે કુંવર ઓળવ્યો ધરમચંદનો, લોક પેરપેરના જોવા જાય રે. અને જુએ નગર શેર રે. રૂપ કુંવરનું પલટયું તેણી વાર રે, દોડયાં લોક ગયાં સમસાણે, જઈ પોતા દેહરા માંહેરે, ડાકણ ને સીકોતરી, એણે ખાધું તમારૂં બાળરે. ॥ કડવાં ॥ ૨૯ ॥ રાગ ભોપાળ ॥ ડાકણ ને સીકોતરી એ, ખાધું તમારૂં બાળ રે, તેડાવોને ઓલ્યા ઝાંપડાને, જે મારે એને ઠામરે ત્યારે સતીએ તે બંધ બાંધીયા. અને સંભાર્યા શ્રી રામ રે, સ્વામી આ વેળામાં આવજો, તો પોંચે મનની હામ. વિશ્વામિત્રે સ્વાન મુકીયા. અને સતીયે

સંભાર્યાં શ્રી રામ. સ્વાનતો સુંધી વળ્યા ન લે સતીનું નામ. ત્યાં વિશ્વામિત્ર બોલીયો. રાંડે બાંધી સ્વાનની દાઢ રે, તેડાવોને બોલ્યો ઝાંપડો જે મારે એને ઠામ, ત્યાં ખડગ લઇ ઉભા રહ્યા, અને મેલે સતી ઉપર ઘાય, પેલો તે મારે ઝાંપડો એમ કોપ્યો નગરનો રાય, વેગે વિશ્વામિત્ર સંચર્યા. ને ગયો હરિશ્ચંદ્રને પાસ, ઠાકોર તારો મારે છે. અને તુંને સીદ રાખ્યો છે દાસ. પછી હરિશ્ચંદ્ર આવીયા. તમે ન મારશો મારા સ્વામ, ખડગ લાવો મારા હાથમાં, સ્વામી આજ અમારે કામ. એ ખડગ લઇ ઉભા રહ્યા. તારાદે સાંભરે શ્રી રામ, આ વેળા માટે રાજા વિનવે, નહી કાં હમણાં મારીશ ઠામ, વળતાં સતી એમ બોલીયાં મારે તમ વિના બીજું કોણ જેને પાલવ બાંધીયા. તે સંભારૂં હરિશ્ચંદ્ર, વળતાં સતી એમ બોલીયાં, અને સાંસો ન કરશો મારા સ્વામ, તમારે હાથે જો મરૂં, તો વૈકુંઠ જઇએ વિશ્રામ, હવે જીત્યું કામ જો હારશો. સ્વામી એક લગાર ને કાજ, એક ઘા એવો નાખજો જે પામીએ અવીચળ રાજ. વળતા તે સતી એમ બોલીયા. સ્વામી એવા મારજો ઘાયે, રાજા તમે જીવતા હશો તો ઘણીક મળશે નાર, રાજા પછી એમ બોલીયા. અને સંભાળો રાણી વાત, તમે કહેતાં જે રામ આવશે. તે કયાં ગયા છે નાથ, વળતાં તો રાણી બોલીયાં. અને રામ છે મારે પાસ, ઘાવને એવો મારજો, જે પામીએ વૈકુંઠ વાસ. પછે ખડગ લીધું રાયે હાથમાં, અને સતીએ નમાવ્યું શીષ. અંતર થકી રામ આવીયા, અને હાથ ઝાલ્યો જગદીશ, ધન ધન તારા ગોરને. અને જે સમર્યાં શ્રી રામ. ધન ધન તારાદે હરિશ્ચંદ્રને. જે અમર કીધાં કામ. પુરણ પ્રભુજી ત્રુઠયા. માંગો હરિશ્ચંદ્ર રાય, સ્વામી મારા એ માંગીએ, વિશ્વામિત્ર વૈકુંઠ જાયે, બીજીવાર પ્રભુજી ત્રુઠયા. અને માંગો હરિશ્ચંદ્ર રાય સ્વામી મારા અમે એ માંગીયે, આવેળા કુંવર રોહીતદાસ. કુંવર તારો છે લાડકો. અને આવ્યા તે રોહીતદાસ. તે બોલાવતાં કુંવર આવીયા. તારે પોતી મનની હોંશ. પુરણ પ્રભુજી ત્રુઠીયા. માંગો હરિશ્ચંદ્ર રાય, સ્વામી મારા તે માંગીએ. હરિશ્ચંદ્રા પરી વૈકુંઠ જાય હરિશ્ચંદ્ર ને તારા લોચન, અને ત્રીજા કુંવર રોહીતદાસ. ગોર વિશેષ્ડ ઓળખ્યા, તેણે અમરાપુર કીધાં વાસ, હરિશ્ચંદ્ર ને તારાલોચન, અને રોહીતદાસ પૂછે વાત. અતરંગ થી વેમાન આવીયાઁ. અને તેમાં બેઠા કરોડી સાત. સાત કરોડી વૈકુંઠ ગયા. અને જેણે સેવ્યા શ્રી રામ. યજુરવેદ ને વાયકે ચાલીયા, તેણે અમર કીધાં કામ. પુષ્પની ત્યાં વૃષ્ટિ કરે, અને સુરજ અતરીંગ અપવાસ, જે હરિશ્ચંદ્રાપરી ભણે સાંભળે. તેને ગંગાનું સ્નાન. હરિશ્ચંદ્રા પરી સંપૂર્ણ સહી. ॥ કડવાં ॥ ॥ ૩૦ ॥ પુરાં. ॥

હરિશ્ચંદ્રાપુરી સંપુર્ણ

———*———

અવતાર આઠમો

શ્રી કૃષ્ણ અવતારનો આરંભ.

શ્રી સદ્દ્ગોર બ્રહ્મા વાચા સત્ય છે

પ્રથમ અમાવાસ વદ ને સોમવંતી જાણ, તે દન યુગ દ્વાપરના માંડયા મંડાણ. ॥ ૧ ॥ ત્યાંથી ત્રીજા દ્વાપરના યુગની શાખ સાચ, તે યુગમાં ગોર વિદંવ્યાસ. ॥ ૨ ॥ દ્વાપર યુગ યાંથી બેઠો સાર, આઠમે રૂપ શ્રી કૃષ્ણ અવતાર. ॥ ૩ ॥ જે કૃષ્ણનાથ શ્રી હરિએ લીધો અવતાર, શ્રાવણ વદ આઠમે બુધવાર. ॥ ૪ ॥ આઠમાં અવતાર જ્યારે શ્રી હરિ ઓધર્યા. ॥ ૫ ॥ ત્યાં ઘેર ઘેર પંડીત કરે પોકાર, અને યુગ દ્વાપર બેઠા સાર. ॥ ૬ ॥ પિતા વાસુદેવ ને દેવકી માય, ત્યાં અવતર્યા ત્રીભોવન રાય. ॥ ૭ ॥ ત્યાં કંસ દહિંત પૂછે ગોરને વાત, સ્વામી મારૂં મોત છે કોને હાથ. ॥ ૮ ॥ દહિંતનો ગોર બોલ્યો સોચે, દેવકી પુત્ર મારે તોયે. ॥ ૯ ॥ ત્યારે કંસાસુર દહિંત સું જો કરે, દેવકી ઘેર તો રખવાળું ધરે. ॥ ૧૦ ॥ જે પુત્ર હોય તે સંભાળે આપ, તો સર્વે આપણું ચુકે સંતાપ. ॥ ૧૧ ॥ દેવકી ઘરની રાખે સંભાળ, જે પુત્ર હોય તેને ઘાલો માર. ॥ ૧૨ ॥ જે શ્રાવણ વદ અષ્ટમી બુધવાર, ત્યારે શ્રી કૃષ્ણ દેવે લીધો અવતાર. ॥ ૧૩ ॥ દ્વાપરયુગમાં રૂપ જો ધરી, અને કહાન આવ્યાં મથુરા પરી. ॥ ૧૪ ॥ કુળ દેવકીનાં છોડાવ્યાં બંધન પિતા પ્રત્યે બોલ્યા તતખેવ. ॥ ૧૫ ॥ તમે જાગો વાસુદેવ બેઠા થાવ, અમને લઇને ગોકુળમાં જાવ. ॥ ૧૬ ॥ જાગ્યા વાસુદેવને રમે છે બાળ, ત્યાં દીઠો રૂપ મદન ગોપાળ. ॥ ૧૭ ॥ તેણે કર ધરીને લીધું બાળ, ત્યાં દીઠો તે રૂપે કંસનો કાળ. ॥ ૧૮ ॥ ખોલ્યા દરવાજા સાથે બાર, ત્યાં ચોકી પોળીયા ન જાગે સાર. ॥ ૧૯ ॥

ભાંગ્યાં ભુંગળ ને ઉઘડયા દ્વાર, વાસુદેવ ચાલ્યા તેણીવાર. ॥ ૨૦ ॥ વેગે વહેલા વહીને ગયા, તે જઈ જમના ના તીરે રહ્યા. ॥ ૨૧ ॥ ગર્જે જમના ને ઉળે બાળ, ત્યાં વર્ષે મેઘ અખંડ ધાર, ॥ ૨૨ ॥ ત્યાં ઇન્દ્ર મહારાજની દીધી આણ, ત્યારે બારે મેઘે કીધાં પ્રમાણ. ॥ ૨૩ ॥ રહ્યાં મેઘ ને થોભ્યાં નીર, ત્યારે વાસુદેવ ઉતર્યાં જમના તીર. ॥ ૨૪ ॥ વાસુદેવ ચાલ્યા તેણીવાર, તઈ મુકયા જશોદાના બાળ ॥ ૨૫ ॥જશોદાને ઘેર પુત્રી જાઇ, તે વાસુદેવ લાવ્યા સાઇ. ॥ ૨૬ ॥ વ્હાણું વાયું ને જાગે લોક, ત્યારે પુત્રી મરણકું ચાલ્યા ફોક. ॥ ૨૭ ॥ જયારે કન્યાને મારણ જાય, ત્યારે કંસને કહે સમજાય. ॥ ૨૮ ॥ તમને મારવાની એવી આંટ, મને મારે ફોગટ માર. ॥ ૨૯ ॥ એવું કહીને કન્યા ગઇ ભાગ, ત્યારે કંસ તણા હૈયે લાગી આગ. ॥ ૩૦ ॥ ગોકુળમાં વરત્યો જય જયકાર, ત્યારે કંસ તણે ઘેર પડી પોકાર. ॥ ૩૧ ॥ જ્યારે ગોકુળમાં આવ્યા દેવ મોરાર, ત્યારે ઓચ્છવ મંગળ સર્વે સંસાર. ॥ ૩૨ ॥ અષ્ટમે શ્રી કૃષ્ણ અવતાર, ગોકુળમાં અવતર્યા દેવ મુરાર. ॥ ૩૩ ॥ જ્યારે આહેરમાં અવતર્યાં કાન, ત્યારે નંદ જસોદાએ દીધાં માન. ॥ ૩૪ ॥ જ્યારે ગોકુળમાંહે આવ્યા શ્રી હરિ, ત્યારે ભક્ત ઘેર મનોહર ફરી. ॥ ૩૫ ॥ જે દેવકીને કુળ અવતર્યા છે આય, પણ દેવ દુધ પીધું જસોદા માય. ॥ ૩૬ ॥ ત્યારે જસોદા ઘેર મંગળ વર્તાય ચાર ત્યાં વાજાં વાજે નંદ અપાર. ॥ ૩૭ ॥ જ્યારે બહુ આનંદ ગોકુળ માંહે ભયો, ત્યારે કંસાસુરને તો સાંસો થયો. ॥ ૩૮ ॥ જેમ જેમ કળા કૃષ્ણ દેવની ચઢે, તેમ તેમ કંસાસુર ને મન સાંસો પડે. ॥ ૩૯ ॥ કંસ તણા મનને ઉપન્યો શોક, ભાંગી નિંદ્રા ને આવ્યું દુઃખ. ॥ ૪૦ ॥ કંસ કહે એસો જીવનો કાળ, પણ એસો કોઇ નહિ જે મારે બાળ. ॥ ૪૧ ॥ ત્યાં એસો વચન બોલ્યો કંસાસુર, કોઇ એવો છે જે એ બાળકને મારે જાય. ॥ ૪૨ ॥ ત્યારે પુતના કંસ ને કહે છે સત્યભાય, ભાઇ તમે કહો તો શું એ બાળકને મારૂં જાય. ॥૪૩॥ કહે પુતના જે સુણે કંસ રાજ, ભાઇ જસોદાનો બાળક મારૂં આજ. ॥૪૪॥ માસી એ ટોપી કંદોરો લીધો ને લીધું પારણું, ત્યાં થાનમાં વખ વળગાડયું ઘણું. ॥૪૫॥ તે મન શું કપટ કરીને ગોકુળમાં જાય, ત્યાં બેન જસોદા મળીયાં છે આય. ॥૪૬॥ કુડ કરીને પુતના જસોદાને મંદીર ગઈ, તે દ્વારે જઈને ઉભી રહી. ॥ ૪૭ ॥ ધાઈ જસોદાને મળે છે જ્યાંયે, તે લઇ બેસણું ને હર્ષિત જો થાય. ॥ ૪૮ ॥ ત્યાં હસી હરખીને પુતના ગાવે ગીત, તેણે દુત લક્ષણ માંડયા ચરિત્ર. ॥ ૪૯ ॥ તે મુખથી બોલે, હરખે ને પેટમાં કાળ, કોતો બાઈ હરખેથી હું ધવરાવું બાળ. ॥૫૦॥ બાઈ

બહુ હેત છે અમારે મન, બેન કહેતો એ બાળકને ધવરાવું થાન. ॥ ૫૧ ॥ પરાણેથી બાળક પુતના એ લીયો, અને ગળે ઘણી ચુંબન કીયો. ॥ ૫૨ ॥ માસીએ એ બાળક લીયો ઉઠાય, તે માંડી પગને બેઠી છે જાય. ॥ ૫૩ ॥ ત્યાં ટોપી કંદોરો પહેરાવે બાળ, તે બહુ હરખે ને ગીત ગાય. ॥૫૪॥ બેન જસોદા તમે કરો ઘરનાં કામ, એ બાળકને અમે ધવરાવશું થાન. ॥૫૫॥ વખ થાનમાં લગાડયું એ કાળ, અને મનમાં જાણે જે મરડીને મારૂં બાળ. ॥ ૫૬ ॥ તેણે થાનમાં વખ લગાડયું ઘણું, પણ તે મનમાં જાણે તે દાબું ગળું. ॥ ૫૭ ॥ એવો માસી પુતનાએ કીધો વિચાર, પણ અંતરજામી જાણે સર્વે વિસ્તાર. ॥ ૫૮ ॥ પુતના એ બાળકને થાન જોડીયો, તે થાન સોંપતાં પુતનાનું પ્રાણ જ ગયો. ॥ ૫૯ ॥ ત્યાં દેવે માસીને ચુંસતા લીધાં પ્રાણ. ॥ ૬૦ ॥ દેવે સોસી પુતનાને કાઢયા પ્રાણ, એ દેવે બહુ દહિંત સંહાર્યાં જાણ. ॥૬૧॥ જે દેવ એકવીસ બ્રહ્માડની શુદ્ધ જો લે, ને તે ચઉદે લોકનો તે રાજા છે. ॥ ૬૨ ॥ એ દેવે ત્રણ ત્રીભોવન પેદા કર્યાં જેહ, તો એ દેવ પુતના માસીના છળ્યા કેમ જાય તે. ॥ ૬૩ ॥ ઢળી પુતનાને કરે પોકાર, ત્યાં માતા જસોદા ધાયાં તે વાર. ॥૬૪॥ ત્યારે તે ખબર કંસ તણે ઘેર ગઇ, હવે દુશ્મન મારો આવ્યો સહિ. ॥ ૬૫ ॥ કંસે મારવાનો ઘાત બહુ કીયા, ત્યાં અંતર જામીએ સર્વે જાણ લીયા. ॥ ૬૬ ॥ બાળક રૂપે શ્રી હરિ દેખાય લોકને ત્યાં, પણ તે દેવે દહિંતના ફેડયાં ઠામ. ॥ ૬૭ ॥ જે વર્ષ આઠ ના કૃષ્ણજી થયા, તે લઈ વાંસળી ને ગૌ ચારવા ગયા. ॥ ૬૮ ॥ નવ લાખ ગૌ જસોદાને દ્વાર, અવર ગોવાળીયાનો નહિ પાર. ॥ ૬૯ ॥ એક જ ધેનને એક જ બાર, અને તે પણ કરે આપણો રોજગાર. ॥ ૭૦ ॥ ત્યારે કૃષ્ણજીએ કર્યો વિચાર, અને તે દુબળ ગોવાળીયા ગોકુળ મોઝાર. ॥ ૭૧ ॥ જે યાદવ કુળ માંહે અવતાર, તે કેમ રાખું દુબળ પરવાર. ॥ ૭૨ ॥ સર્વે ગોવાળીયા ધનવંત કરૂં, લક્ષ્મી આણીને ગોકુળમાં ધરૂં. ॥ ૭૩ ॥ જે પુન પ્રતાપે લક્ષ્મી વરે, તે અહિંયા દાન પુન તો કોઈ નવ કરે. ॥૭૪॥ જેણે સુપાત્ર મુખે ન દીધાં દાન, તે દુર્બળ સદા હોયે અજ્ઞાન. ॥ ૭૫ ॥ તે દુધ દહિં ગોરસ ખાય, અને તેણી પેરે હું પ્રસન્ન થાય. ॥ ૭૬ ॥ જે કામ કાજે ગોવાળણી જાય, અને સુનાં ઘર તો ઉઘાડીને દૂધ દહિં ખાય. ॥ ૭૭ ॥ ત્યાં છોકરાં બોલાવી લીધાં ત્યાંય, પછી ઉઘડયા ઘરને માંહે પેઠા ભગવાન. ॥ ૭૮ ॥ દૂધ દહિં ખાઈ ને કરે વણાશ, છોકરાં ઘરમાં ને કૃષ્ણજી બાર. ॥ ૭૯ ॥ જ્યારે ઘેર ઘેર કૃષ્ણજી એવું કરે, ત્યારે તેમ સૌ કોઇને લક્ષ્મી વરે. ॥ ૮૦ ॥ ત્યાં સર્વે ગોવાળીયા પોકારે જાય,

કૃષ્ણજી તો તમારો દુધ દહિં ખાય. ॥ ૮૧ ॥ ત્યારે ગોવાળણી જાુઠાં કરીને ચોર, આપણે છુપી રહીએ ને પકડીએ ચોર. ॥ ૮૨ ॥ સર્વે ગોવાળણી છુપી રહી એક ઠામ, ત્યારે કૃષ્ણજી પેઠા ઘરમાંય. ॥ ૮૩ ॥ ત્યાં નાના છોકરા સાથે જાય, તે ગોવાળણી દહિં દુધ જ ખાય. ॥ ૮૪ ॥ દોડી ગોવાળણી ને દીધાં કમાડ, ઘરમાં છોકરાં પાડે છે રાઢ. ॥ ૮૫ ॥ બાળક સર્વે રહ્યા એક ઠાય, અને કૃષ્ણજી ત્યાં તો અલોપ થઇ જાય. ॥ ૮૬ ॥ થપ્પડ મારે બાળકને નાર, ત્યારે નાનાં બાળક છોકરાં કરે પોકાર. ॥ ૮૭ ॥ જે દહિં દુધ કૃષ્ણજી ખાઈ ગયા, અને તે ન જાણ્યું કોઈ અલોપ થઈ ગયા. ॥ ૮૮ ॥ અમને કેમ તમે મારો છો માય, દહિં દુધ તો તમારો કૃષ્ણજી ખાય. ॥ ૮૯ ॥ ત્યારે ગોવાળણી કરે વિચાર, તે આય જસોદાને દ્વાર. ॥૯૦॥ સર્વે છોકરા લઈ ગોવાળણી જાય, તારો કૃષ્ણજી દહિં દુધ ખાય. ॥ ૯૧ ॥ દ્વાર આંગણે જસોદાને જાય, બાઇ તમારો કૃષ્ણજી દહિં દુધ ખાય. ॥૯૨॥ જસોદાકે દ્વારે જઇ ઉભા રહ્યા, ત્યારે કૃષ્ણજી તો નાસી ગયા. ॥૯૩॥ સુણો જસોદાબાઇ અમારી વાત, તમારો કૃષ્ણજી કરે ઉત્પાત. ॥૯૪॥ સુનાં ઘરને ઉઘાડે બાર, અનેપાછળ ગોવાળીયા છે છોકરા ચાર.॥૯૫॥ દહિં દૂધનો કરે વણસાર તે અમે આવ્યા છું તમારે દ્વાર.॥૯૬॥ ત્યારે સુણી જસોદાએ એમ જો કહ્યું, મારો કૃષ્ણજી કંઈ નથી ગયો. ॥ ૯૭ ॥ મારે બાળક જેમાં સમાય, તે ગોવાળણી તણા દહિં દૂધ ખાય. ॥૯૮॥ ત્યારે કોપી ત્યાં જસોદા માંય, ને કૃષ્ણજીને ઝાલવા જાય. ॥ ૯૯ ॥ ઝાલી કૃષ્ણજીને ઘરમાં લઈ જાય, તે છોડી દામણો ને બાંધવાને પાય. ॥ ૧૦૦ ॥ નવસે દામણું છોડયા જસોદા માય, તોય પુરા ન બંધાયા જ્યાંય. ॥ ૧૦૧ ॥ જ્યારે રોવા સરખી જ્યાં જસોદા થઈ, ત્યારે કૃષ્ણજી બંધાયા સહી. ॥ ૧૦૨ ॥ લાકડાં તણો ખાંડણીઓ આણ્યો ત્યાંહી, ત્યારે કૃષ્ણજી બંધાણા સહી. ॥૧૦૩॥ રોતાં કૃષ્ણજી બાહેર જો આય, ત્યાં પગે બાંધ્યો ઉખેડો જાય. ॥ ૧૦૪ ॥ વડ પીપળો બેઉ ઝાડ હુતાં દ્વાર, તે વચ્ચે કૃષ્ણજી ગયા તત્કાળ. ॥ ૧૦૫ ॥ લાગ્યો ઉખેડો ને ઝાડસું અડયો, અડયા પગ ને ઝાડ ઉખડી પડયાં. ॥ ૧૦૬ ॥ તે તણાં બે માણસ જો ભયા, તેને હુતા શ્રાપ જે સફળ જો થયા. ॥ ૧૦૭ ॥ ત્યારે જસોદાકે મનમાં અચંબો ભયો, જ્યારે તમાસો એસો નયણે દેખ્યો. ॥ ૧૦૮ ॥ એ વીમલા અર્જુન કું, તેના શ્રાપ હુવા ઉનશું. ॥ ૧૦૯ ॥ કે નારદ મુનીના હુવા શ્રાપ કે શ્રી કૃષ્ણના પગ અડે સર્વે ગયાં પાપ. ॥૧૧૦ ॥ એવા ભકત તો ત્યાં ઘણા, ધન ધન પૂત્ર જશોદા તણા. ॥૧૧૧॥ વર્ષ બારનાં જ્યારે કૃષ્ણજી થયા, ત્યારે લઇ વાંસળી ને ગૌ ચારવા ગયા.

॥ ૧૧૨ ॥ કાન સ્વરૂપે ત્યાં ચારી ગાય, અને વાયો વેણુને બહુ ગુણ સાય. ॥૧૧૩॥ ગોપી ગોવાળીયા ત્યાં ટોળે મળી, અને રચ્યો રાસ તે રંગ મંડળી. ॥૧૧૪॥ પ્રીતે પ્રેમદા લાગે પાય, ત્રીકમજી ત્યાં કરમદાં ખાય. ॥ ૧૧૫ ॥ નવ નારી જેણે રાખી ઘેર, લોક દુરીજન બોલે બહુ પેર. ॥ ૧૧૬ ॥ ષટ માસની જેણે રજની ધરી, સાહેલી જેણે સરખી કરી. ॥ ૧૧૭ ॥ સોળ સેહસ્ત્ર સરખી સર્વે નાર, માંહે વસે કૃષ્ણજી બાળ ગોપાળ. ॥ ૧૧૮ ॥ આ છળ કરીને વંદ્રાવન છળી, અને પડયો જાલંધર જમના માંહે જઇ. ॥ ૧૧૯॥ પ્રેમે પ્રેમદા ભમરી દે, ત્યાં મન ભીની તે હૃદયમાં લે. ॥ ૧૨૦॥ મલ્લ અખાડે જઈને પેઠા માવ, ત્યાં દીઠા દેવ જેને જેવા ભાવ. ॥ ૧૨૧ ॥ કાન રૂપે ત્યાં લીલા જો કરી, અને ગોપી સઘળી પ્રેમે વરી. ॥ ૧૨૨ ॥ તે દેવ જમનાની તીરે ખેલે બાળ બ્રહ્મચાર, ત્યાં મળે ગોવાળ તે બહુ અપાર. ॥ ૧૨૩ ॥ ત્યાં જુવા ખેલ માંડયો માવે મન જો ધરી, ત્યારે કર ગોવર્ધન તોળ્યો શ્રી હરિ. ॥ ૧૨૪ ॥ ત્યાં દેવે તોળ્યો ગોવર્ધન કારણજ એહ, કે મેઘ માટે ગાય વછરૂ રાખ્યા તેહ. ॥૧૨૫॥ જ્યાં એ દેવ સોળસો સેહસ્ત્ર ગોપીમાં વર્યા જઇ, ગોકુળમાં, ત્યાં દેવને સવા લાખ ગાયો સહી. ॥ ૧૨૬ ॥ દેવે ગોકુળમાં ગાયો ચારી બહુ ખેલ જો કરી, ત્યાં એવાં ચરિત્ર કીધાં બહુ કાન શ્રી હરિ. ॥ ૧૨૭ ॥ જમનાં તીરે બાળક ખેલે દડો, ત્યાં મળ્યા ગોવાળીયા કરોડે કરોડો. ॥ ૧૨૮ ॥ જ્યાં ગેડી દડે શ્રી હરિ ખેલવા જાય, તે જઈ જપાળ્યો જમના જળમાંય. ॥ ૧૨૯ ॥ દડો દોડાવીને કાનજી જળમાં ગયો, જસોદાનો બાળક જમનામાં સંચરે. ॥ ૧૩૦ ॥ ત્યાં કરે વિલાપ જસોદા રડે, કીયે ઠામે મારો કૃષ્ણજી પડે. ॥ ૧૩૧ ॥ કીયે ઠામે બુડયો કૃષ્ણજી જાય, ત્યાં એવું બોલ્યા જસોદા માય. ॥ ૧૩૨ ॥ જ્યાં ઝંપલાવ્યું કૃષ્ણજી રાય, ત્યાં જઇને ઉભાં જસોદા માય. ॥ ૧૩૩ ॥ જમનાજી જળમાં દીઠું જાય, ત્યારે પાછા નાઠા જસોદા માય. ॥૧૩૪॥ એવું જળ દેખી કંપ્યા શરીર, ત્યારે માતા જસોદા ઘેર આવ્યા ફરી. ॥ ૧૩૫ ॥ જળમાં કૃષ્ણજીએ ધર્યું ધ્યાન, જાણું માતા મારી તજશે પ્રાણ. ॥ ૧૨૬ ॥ જળમાંહે કૃષ્ણજી બુડયા જે વાર, સર્વે નગરમાં પડી પોકાર. ॥ ૧૩૭ ॥ અને ત્યાં રોએ ઘણા જસોદા માય, ત્યારે કંસ તણા ઘેર મંગળ વર્તાય. ॥ ૧૩૮ ॥ કૃષ્ણનાથજી તો ગયો પાતાળ, તે જઈ ઉભા જ્યાં છે વાસંગ નાગ. ॥ ૧૩૯ ॥ તે કૃષ્ણજી તો પાતાળે જાય, જ્યાં સુતો છે વાસંગ રાય. ॥ ૧૪૦ ॥ ત્યાં બેટી પગ ચાંપે નાગ તણી, તે દીઠો બાળકને અચંબી ઘણી. ॥ ૧૪૧ ॥ ત્યાં સુતા વાસંગ નાગણી ચાંપે પાય, તે દેખી કૃષ્ણજી તે અચંબે થાય. ॥ ૧૪૨ ॥ કહે નાગણી તું

સુણ રે બાળ, ને એ છે વાસંગ વિષીયલ કાળ. ॥ ૧૪૭ ॥ અરે બાળક તું કોઇ ભૂલ્યો વાટ, કેમ આવ્યો છે આ વસમી ઘાટ. ॥ ૧૪૪ ॥ જ્યારે અહીંથી જાય તું બાળ, જાગશે વાસંગ ને હોસે કાળ. ॥ ૧૪૫ ॥ બાળક વચન સુણતું મોય, જાગશે વાસંગ ને ડસસે તોયે. ॥૧૪૬॥ અરે બાળક વળ તું પાછો વચન સુણ તે મુજ, મારો સ્વામી જાગશે તો મારશે તુજ. ॥ ૧૪૭ ॥ સુણરે નાગણી કૃષ્ણજી કહે, મથુરા નગરીમાં કંસાસુર રહે. ॥ ૧૪૮ ॥ સુણ નાગણી તુને સહી કહું એક વાત, અને કંઇ ભૂલ્યો નથી વસમી વાટ. ॥૧૪૯॥ જે કંસ રાજા છે નગર મથુરા તણો, તે સાથે જુવા ખેલ માંડયો ઘણો. ॥ ૧૫૦ ॥ ત્યાં અમે હાર્યા વાસંગનું શિષ. અમે સાચું કહું તે મ ધરજે રીશ. ॥૧૫૧॥ અમે તે કારણ આવ્યા છું જાણ, તે રાજા વાસંગનું શિષ લઉં પ્રમાણ. ॥ ૧૫૨ ॥ એણે બોલે કંપી પદમ નાગણી, તેણે મરડી મુછ ને જગાડયો ધણી. ॥ ૧૫૩ ॥ ત્યાં નાગણીએ જગાવી નાગને કર્યું છે જાણ, ત્યારે કાનજી સાથે રચ્યો ઘમસાણ. ॥ ૧૫૪ ॥ મચી ઘમસાણ કૃષ્ણ નાથજી સું જાણ, અને તેણે વિખે ન્હાયા શ્રી સારંગ પ્રાણ. ॥૧૫૫॥ ત્યાં જાગ્યો નાગ ને હુવો સચેત, તે કૃષ્ણજી સાથે હુવો રણ ખેત. ॥ ૧૫૬ ॥ વાસંગ જાળ કૃષ્ણ ઉપર ચઢી, ઘોળી અમૃત ને પાયાં તે ઘડી. ॥૧૫૭॥ હુવો સચેત ને તે ધ્રુજે બાળ, ત્યાં નાથ્યો નાગ તે પગ દઇ પાતાળ. ॥ ૧૫૮ ॥ ત્યાં કોપી કૃષ્ણજી ધર્યું ભુજ બળ, ત્યાં નાથ્યો નાગ તે પગ દઇ તળ ॥ ૧૫૯ ॥ ત્યારે હુવા અસ્વાર વાસંગ ઉપર ચઢયા, ત્યાં કમળફુલ લઈ ને આગળ ધર્યાં. ॥ ૧૬૦ ॥ તે પાતાળ થકી નાગ નાથી લાવ્યા શ્રી કૃષ્ણ રાય, ત્યારે ગોકુળ નગરી આનંદ થાય. ॥ ૧૬૧ ॥ ગોકુળ નગરીમાં આવ્યા તે વાર, પડયો અચંબો નગર મોઝાર. ॥ ૧૬૨ ॥ ગોકુળ માંહે વર્ત્યો જય જયકાર, અને ત્યાં આનંદ મંગળ ઓચ્છવ અપાર. ॥ ૧૬૩ ॥ ગોકુળમાં વરત્યો જય જયકાર, પણ કંસ આગળ તો પડી પોકાર. ॥ ૧૬૪ ॥ હરે કંસ શ્રી કૃષ્ણ તો ગયા પાતાળ, અને ત્યાંથી નાથી લાવ્યા નાગ મોઝાર. ॥ ૧૬૫ ॥ તે ઉપરે લાવ્યા કમળના ફુલ શ્રી હરિ, ત્યાં દેવે દાણવ દહિંત સંહાર્યો ધરી. ॥ ૧૬૬ ॥ ત્યાં નગરના લોક અચંબ્યા ઘણા, ધનધન પુત્ર જસોદા તણા. ॥ ૧૬૭ ॥ જે વાસંગ નાગ વસે પાતાળ, તે શ્રી કૃષ્ણજી લાવ્યા તત્કાળ. ॥ ૧૬૮ ॥ દેખ્યા વાસંગ સુરીનર દેવ, અને ત્યાં નગરના લોક દેખે તરતવ ખેવ. ॥ ૧૬૯ ॥ સર્વે ગોવાળીયા બોલ્યા સતભણી, અમે જાણ્યું નાથ કૃષ્ણજી ધણી. ॥ ૧૭૦ ॥ જેવા સોય નામ શ્રી કૃષ્ણજી તણા, એ છે ત્રણ ત્રીભોવનના ધણી.

॥ ૧૭૧ ॥ કૃષ્ણ, કૃષ્ણ સર્વે સાંભળી, ત્યારે કૃષ્ણ તણે ઘેર વિશ્વાસ ઢળી. ॥૧૭૨॥ ચઢી શ્રી કૃષ્ણજી મથુરામાં જાય, ત્યારે કંસાસુરે દળ જોડયાં તત્કાળ. ॥ ૧૭૩ ॥ તે કંસાસુરે દળ ભેળાં કીધાં જેહ, ત્યારે દેવે યાદવાસ્થળી કરીને હસ્થી દળ સંહાર્યાં તેહ. ॥ ૧૭૪ ॥ તે ચઢી કૃષ્ણદેવ મથુરામાં જાય, અને ત્યાં કંસાસુર સાથે યુદ્ધ મંડાય. ॥૧૭૫॥ ત્યાં માર્યો કંસ ને પડી પોકાર, મથુરા નગરીમાં વર્ત્યો હાહાકાર. ॥ ૧૭૬ ॥ ત્યાં પ્રગટ હુવા ત્રીભોવન દેવ, દહિંત કંસાસુર માર્યો તતખેવ. ॥૧૭૭॥ શેષનાગ ના મળ્યાં નામ, અને ત્રીભોવને મહાવર્તી આણ. ॥ ૧૭૮ ॥ કંસાસુર દહિંત સુવો જે વાર, ને સોળ સેહસ્ત્ર રાણી લાવ્યા તે વાર. ॥ ૧૭૯ ॥ હર્ષિત હુવા દેવકી માય, પિતા વાસુદેવ હર્ષિત થાય. ॥ ૧૮૦ ॥ બાળક શું બળ દેખ્યો માય, અને દહિંત તણા ફેડયાં ઠામ. ॥ ૧૮૧ ॥ પાંચ પાંડવો મહાભક્ત જો આયે, હવે તેનાં સખા શ્રી હરિ હુતા જાયે. ॥ ૧૮૨ ॥ ત્યાં અષ્ટમે રૂપે શ્રી હરિ અવતાર, દહિંત મારણે થયા શ્રી કૃષ્ણ મોરાર. ॥ ૧૮૩ ॥ જ્યારે કંસાસુર દહિંત દેવે માર્યાં જ્યાંહ, ભક્ત સેહદેવને ઓધાર્યો ત્યાંહ, ॥ ૧૮૪ ॥ ત્યારપછી સંસારમાં પ્રગટ થયા મોરાર, અને ત્યાં કૃષ્ણ રૂપે શ્રી હરિએ ધર્યો અવતાર. ॥ ૧૮૫ ॥ ગોકુળ મથુરા માંહે શ્રી હરિએ રમત કરી, અને પછી શ્રી હરિ આવ્યા છે દ્વારકા પરી. ॥૧૮૬॥ દ્વારકા નગરીમાં ઉત્તમ વાસ, ત્યાં જઇ રહ્યા શ્રી હરિ વૈકુંઠ નાથ. ॥૧૮૭॥ સંખ, ચક્ર, ગદા, પદ્દમ, આસન બેસણા, ચતુર્ભુજ ત્યાં રાજા રાજ કરે ઘણા. ॥ ૧૮૮ ॥ ત્યારે ભક્તને કારણ શ્રી હરિએ રૂપજો ધર્યાં, ને મહા દહિંત દુષ્ટ ત્યાં સંહાર્યાં. ॥ ૧૮૯ ॥ શ્રી કૃષ્ણજી ત્રીભોવનના ધણી, તે ભક્તજન ઉપર કૃપા ઘણી. ॥૧૯૦॥ ઘટ ઘટ વ્યાપક સચરાચાર, ભક્ત કારણ રૂપ ધર્યાં મોરાર. ॥ ૧૯૧ ॥ પાંચ પાંડવ ઉપર કૃપા કરી, તેના સખા શ્રી હરિ. ॥ ૧૯૨ ॥ પાંડવ રાજા રાજ વૈભવ કરે, અને મહા સંતોષ, દયા, મન ધરે. ॥ ૧૯૩ ॥ લાજ, કાજ, પુન પવિત્ર ઘણા, તે દો ધર્મશું નિર્મળ ચિંત તણા. ॥૧૯૪॥ ત્યાં સત્ય તણી કરે પ્રતિપાળ, એવા જ્ઞાન-વંતા ભજે એકજ દયાળ. ॥ ૧૯૫ ॥ ત્યાં દુર્યોધન સોએ બંધવ શું આય, કે રાજ કરે હસ્તીનાપુર ની માંય. ॥૧૯૬॥ કૌરવ પાંડવ બેઉ રાજ્ય કરે જાણ, તે પાંડવ તણા જશવર્તાએ પ્રમાણ. ॥ ૧૯૭ ॥ કૌરવના મનમાં ન સેહવાય, પાંડવ મારણ ને કીધા ઉપાય. ॥ ૧૯૮ ॥ ત્યાં ભીમસેન તો ઉખેડયાં ઝાડ, અને સોએ બંધવના ભાંગ્યા હાડ. ॥૧૯૯॥ ત્યાં દુસરા બોલ્યા બોલે, અને દુર ઉભા રહ્યા સોય બોલે. ॥ ૨૦૦ ॥ ત્યારે પરનાકે મુખમાં પાણી ગયાં, ત્યારે મરવા સરખા કૌરવ થઈ રહ્યા.

॥ ૨૦૧ ॥ ત્યાં ક્રોધવંતા દુર્યોધન ભયા, ત્યારે વખના લાડુ ભીમને દીયા. ॥૨૦૨॥ ત્યાં સમરખ ઝાડ અમુલખ કર્યા, મુવા ભીમતે ગંગામાં ધર્યા. ॥ ૨૦૩ ॥ વળતાં ભીમ પાતાળે ગયા, ત્યાં નાગ બેટીથી જીવતા થયા. ॥ ૨૦૪ ॥ ત્યાં વાસંગ બેટીશું વિવા થયો, તાકો પુત્ર બબ્રીખ ભયો. ॥ ૨૦૪ ॥ જ્યારે અષ્ઠમે અવતાર શ્રી કૃષ્ણ જોય, ત્યારે દેવ દાણવ એકઠા હોય. ॥ ૨૦૬ ॥ ભાઇ ત્યારે અર્જુન દીવો પાંડવ માંહે; અને શ્રી કૃષ્ણે તેજ મેલ્યું ત્યાંહ. ॥ ૨૦૭ ॥ મુખી ધર્મ પુત્ર થયા સોય, અને દહિંતવંતો દુર્યોધન હોય. ॥૨૦૮॥ જ્યારે ગોર વિદંવ્યાસે અમર પદ વાંચ્યા જ્યાંહ, ત્યારે રાજા ધર્મ રળીયાત થયા છે ત્યાં ॥ ૨૦૯ ॥ પણ જ્યારે મહાદન વેળા સાંભળી, ત્યારે સનમુખ રાજા થયા છે વળી. ॥ ૨૧૦ ॥ સ્વામી તે દેશને મુલક છે ક્યાં, જે મહાદન વેળા ભોગવે સહી. ॥ ૨૧૧ ॥ સ્વામીજી તે અમને વાંચી સંભળાવો અહિં, ત્યાં પછી અમુંથી વેઠાશે નહિ. ॥૨૧૨॥ ભાઇ પાંડવો માદન તો પાસે છે જેહ, અને હું હું પણું કહીએ તેહ. ॥ ૨૧૩ ॥ તે આખર વેળા જાણશો એહ, અને સહી માદન વેઠશો તેહ. ॥ ૨૧૪ ॥ ત્યારે રાજા ધર્મ તો રોયા આપના જીવશું કાજ, ભાઇ અમો પાંડવનું પુરણ મન માન્યું આજ. ॥ ૨૧૫ ॥ તો ભાઇ પાંડવ તમે હથીયાર હાથથી નાખજો આજ, જો અમરપદ લેવાને હોય કાજ. ॥ ૨૧૬ ॥ ભાઈ પાંડવો આપણે રાજ્ય કળીમાં અવતર્યા મમ, પણ અહિંયાં તો છે સત્પંથના ધરમ. ॥૨૧૭॥ તમે લોક ને દુભવી જીવ હિંસા કરો અધર્મ તે કર્મ તમે ભોગવશો ધર્મ. ॥ ૨૧૮ ॥ ત્યારે આ સત્યગોર વચને પાંડવે હથીયાર હાથથી નાંખ્યાં જેહ, ત્યાંહ કૌરવે બળ બાંધ્યાં તેહ. ॥ ૨૧૯ ॥ ત્યાં કૌરવ પાંડવનો વેર વધે જેહ, પહેલે રમતાં આંબળી પીપળી તેહ ॥ ૨૨૦ ॥ ત્યાં પાંડવ કૌરવ શું દેવે હાર જીત પરઠી તેહ, અને રમી પાસાને જેહ. ॥ ૨૨૧ ॥ એ રમતાં રમતાં હારશે જેહ, આજ સહી વન મોઝાર જાશે તેહ. ॥ ૨૨૨ ॥ ત્યારે ભીમસેન ત્યાં બોલ્યા તરત, સુણો સહદેવ નીકુળને અર્જુન. ॥૨૨૩॥ ભાઇ સારા પાસા ખેલી શું પાત્ર, ત્યાં વધુ છે તે સત્ય ધર્મ પાત્ર. ॥૨૨૪॥ ત્યાં પાંડવે સૌ ગરથ દીયા આજ, વળી દીયા સર્વે મુલકનું રાજ. ॥૨૨૫॥ નહિ તો બાર વર્ષ ભોગવશું મહારાજ, ત્યાં ગોરના સેવક થઇને કરશું કાજ. ॥૨૨૬॥ એવું વદીને પાસા ઢાળ્યા ત્યાંહ, અને ભીમસેન એવું બોલ્યા જ્યાંહ, પણ અવળા નવ પડે ત્યાંહ. ॥૨૨૭॥ તે પાસા સર્વે સવળા પડે જ્યાંહ, પણ અવળા નવ પડે ત્યાંહ. ॥૨૨૮॥ તે ભક્ત પાંડવ સારે પાસે ખેલ્યા જ્યાં, ભાઇ તે હસ્તીનાપુર નગરી માંહે. ॥ ૨૨૯ ॥ તે પાંચે પાંડવ હારીયા

જ્યાંહ, ભીમનો મસ્ત મલ હસ્થી છુટયો ત્યાંય. ॥૨૩૦॥ ત્યાં રાજા યુધિષ્ઠિર નીચું નિહાળી રહ્યા, ભાઇ અમે પુરો વિશ્વાસ હુ તે જે યાંહ. ॥ ૨૩૧ ॥ સભામાં શ્રી કૃષ્ણ પોતે પધાર્યા જેહ, તો ભાઈ અમારે સવળા પડશે તેહ. ॥ ૨૩૨ ॥ ત્યારે સ્વામી ત્યાં દેવે પોતે પધાર્યા આહિં, સ્વામી જ્યાં ભકતુને વેળા પડી છે ત્યાંહી. ॥ ૨૩૩ ॥ તમે સ્વામી સાર સહી કીધી તત્કાળ,હરજી તમે હાથથો મેલ્યાં તે વાંકા પડે હોદયાળ. ॥ ૨૩૪ ॥ ભાઇ પાંડવો એવડી વિમાષણ કરો કેમ, ત્યારે ત્યાં બોલ્યા રાજા ધરમ. ॥ ૨૩૫ ॥ જે રમત રમતાં હાર્યા રાજપાટને ધન, ભાઇ તેનો તમે દુઃખ નવ ધરશો મન. ॥ ૨૩૬ ॥ ભાઈ પાંડવો તમે પગલે દેવની સેવા કરો આજ, ત્યાં તમે નિશ્ચળ રાખજો મન. ॥૨૩૭॥ જો દેવની સેવા કરતાં જીતશો તન. તો દેવ આપશે ગરથ ને સહુ ધન. ॥ ૨૩૮ ॥ ત્યાં દૂત સભા માંહેથી ઉઠયો મન, ભાઈ તે સો ભ્રાતને દુર્યો-ધન. ॥૨૩૯॥ જે હાંસી કરતા તાલી દઈ રહ્યો મન, તે ત્યાં દહિંત દુષાસન. ॥૨૪૦॥ ભાઇ આપણે માત પિતાને પાય લાગીયે ઇસ, વળી સત્યગોરજીને નામીએ શીષ. ॥ ૨૪૧ ॥ જે આજે આપણા બોલ ઉપર થયો જીત, તે આપણને જીતાડયાં જગદીશ. ॥ ૨૪૨ ॥ ભિષ્મ, દ્રોણને કીરપાચાર, અને અસ્વસ્થામા કહીએ જેહ. ॥ ૨૪૩ ॥ સર્વેમા વિદુર અળગા થઈ રહ્યા, તે સભા સૌએ જઇ કહેજો તેહ. ॥ ૨૪૪ ॥ જે પાંડવ ભકત છે તમારા જાણ, સ્વામી આજ તમે હરાવ્યા નિર્વાણ ॥ ૨૪૫ ॥ પણ તે આખર વેળા આપશો જાણ, તમે છો સમર્થ સારંગ પ્રાણ. ॥ ૨૪૬ ॥ ત્યાં દહિંત દુર્યોધન એમ બોલ્યો વીર, અરે દુષ્ટ તું શાને રાખે છે ધીર. ॥ ૨૪૭ ॥ અરે પાંડવો તમે મો લઈ ને પરા જાવ વન પાંચેવીર, નહિતો નાર પંચાળીના કાઢીશું ચીર. ॥ ૨૪૮ ॥ જે દુષાસન દુત પાંડવ ઘેર મોકલ્યો જ્યાંહ, તે જઇને પહોંચ્યો નાર પંચાળીને દ્વાર. ॥ ૨૪૯ ॥ ત્યાં સતીએ પારકા પુરુષ સરખો અવતાર દીઠો જાણ, ત્યારે તે નાસી ઘરમાંહે પેઠી નાર. ॥ ૨૫૦ ॥ ત્યાં દુત દાસીએ પાછો વાળ્યો અપાર, ભાઈ આજ રાણીને છે સ્ત્રી ધર્મ સાર. ॥૨૫૧॥ આજ કોને અભડાવાના અધીકારજ નહિ મરમ, ભાઇ આપણે બ્રાહ્મણ વૌંશ ક્ષત્રી ધર્મ. ॥ ૨૫૨ ॥ દુત દાસીનાં વચન સુણી પાછો વળ્યો જાય, ને આવતો દીઠો દુર્યોધન રાય. ॥ ૨૫૩ ॥ એને ભુંડે દામણે શું કામ નીપજે, અરે ભાઇ દુષા-સન તું ત્યાંહ જાય. ॥ ૨૫૪ ॥ તે દુતે દુષાસન કોપીઓ અંત, તે કરે મનમાં મોટા મત. ॥ ૨૫૫ ॥ તેને હું એમ મારતો લાવું માનું નહિ અંત, જેમ પાંચે દેખે એના કંથ. ॥ ૨૫૬ ॥ ત્યાંથી દુષ્ટ સંચર્યો તેણી પેર, તે આવી પહોંચ્યો નાર પંચાળીને

ઘેર. ॥ ૨૫૭ ॥ તે સતીએ જમ સરખો દીઠો આવતો જેહ, ભાઇ હવે તેની શી થાશે પેર. ॥ ૨૫૮ ॥ ત્યાં દાસીએ દુષાસન વાર્યો જાણ, ભાઈ અમે અબળા ઉપર તમે શું કરો છો પ્રાણ. ॥૨૫૯॥ તે આજ રાણી છે રજ સ્વલા માંહે જાણ, તે મુખમાંથી ન બોલે વાણ. ॥૨૬૦॥ જ્યારે ઘરમાં દુષ્ટના ચરણ જો ભયા, ત્યારે અમે આચાર હિણા થયાં. ॥ ૨૬૧ ॥ ત્યારે નારી નાસતી હિંડે જ્યાંહ, અને દુષાસન પૂંઠે ધાય છે ત્યાંહ. ॥ ૨૬૨ ॥ ઘર માંહે આવતાં અબળાને આથડી લાગી ઠેસ, અને દુષ્ટે ધસીને ગ્રહ્યા કેસ. ॥૨૬૩॥ જ્યારે કેસ ગ્રહ્યા તે કામની કાજ, અમે છીએ અબળા બાળી રાજ. ॥ ૨૬૪ ॥ વીરા આજ અમારે નથી વસર કાયા સાર, અમને શીદ લઇ જાશો સભા મોઝાર. ॥ ૨૬૫ ॥ અમને સભામાં સૌ લોક દેખશે અપાર, વીરા અહિંયાં જાણો તો મારો ઠાર. ॥ ૨૬૬ ॥ ત્યાં દહિંતે કેસ ગ્રહી કામની એમ, ભાઇ તેને ત્યાં મોલ મંદીર છોડાવ્યા તેમ. ॥ ૨૬૭ ॥ ત્યાં લોક સૌ જોવા મળ્યાં અપાર, ભાઈ એનો ધણી છે રાજા ધરમ. ॥ ૨૬૮ ॥ ત્યાં ગોર નર દેવની ઘણી અસ્તુતી કરે જાણ, તે સભામાં કામનીએ સાંભળ્યા શ્રી સારંગ પ્રાણ. ॥ ૨૬૯ ॥ સ્વામી મારા આ વેળા તમે સખા જાણ, તમે ભક્ત વશ છો શ્રી ભગવાન. ॥ ૨૭૦ ॥ તમે માતને તમે તાત, તમે આજ સગાં સાગવી મોસાળ. ॥ ૨૭૧ ॥ આજે મ્હૈયર બંધવ સ્વામી તમે સાર, તમે સાસરૂં તમે સંસાર. ॥ ૨૭૨ ॥ સ્વામી આગળ સતી વિલાપ કરે અપાર, ત્યાં વિનંતી કરતાં ચાલ્યાં સતી સભા મોઝાર. ॥ ૨૭૩ ॥ તે સભા માંહે સતીએ અનમના પાંચે સામ, અને તે બેઠા છે વળી અળગે ઠામ. ॥ ૨૭૪ ॥ જે સુભટ સર્વે ટોળે મળી ભૂપ, ત્યાં જુએ છે સતીના સ્વરૂપ. ॥ ૨૭૫ ॥ ત્યાં સતીએ અંગ ઉઘાડા ન સુંરે જેહ, પણ બળ કરે છે મહા ભૂપ તેહ. ॥૨૭૬॥ તે સતીને આણી સભા મધે ઉભા કર્યા જાણ, ત્યારે સતીને નીરખે સરખા ભૂપ ત્યાંહ. ॥ ૨૭૭ ॥ ભાઇ પહેલે મારો નખ નથી નીર્ખો જેહ, તો આજ પારકા પુરુષ નિખે છે તેહ. ॥ ૨૭૮ ॥ સતી સભા મધે ઉભાં રહ્યાં જેહ, ત્યાં બહુ પાટું સહીયું જેહ. ॥૨૭૯॥ હવે હું વાટ જોઉં મારા નાથજીની સાર, સ્વામી તમે કયારે ચડશો મારી વાર. ॥ ૨૮૦ ॥ સ્વામી જે પાંડવ મુને વન માંહેથી લાવ્યા આપ. સ્વામી તે તમ ચરણ પ્રતાપ. ॥ ૨૮૧ ॥ ત્યાં અર્જુનને મચ્છવેધ કીધો આપ, ત્યાં સ્વામી હું તમ શું સોંપ્યા આપ. ॥ ૨૮૨ ॥ આગે શ્રી કૃષ્ણ કહે જે બાઇ દ્રોપદી સાર, બાઇ તું છે ભકત પંચાળી નાર. ॥ ૨૮૩ ॥ પણ તુજ સરખું મારે વ્હાલું નહિ નાર, બાઇ તેતો આ યુગ સંસાર, ॥ ૨૮૪ ॥ તો વ્હાલું તે વ્હાલપણું કયાં

ગયું અંત, અને સ્વામી તમે કમળા કેરા કંથ. ॥ ૨૮૫ ॥ આજ કૌરવ કેસ ગ્રહી રહયા અંત, તો વ્હાલા તમો કેમ થઇ બેઠા નિશ્ચંત. ॥ ૨૮૬ ॥ હવે સ્વામી ચાંથી છોડાવોતો છુટીએ જાણ, વ્હાલા તમે પઢાવો બ્રહ્મ જ્ઞાન. ॥ ૨૮૭ ॥ એવાં તમે સાંભળો મારા નાથજી જાણ, તો તમે સહાય કરો શ્રી ભગવાન. ॥ ૨૮૮ ॥ હવે સ્વામી વિનંતી સુણજો મુજ રાંક અપાર, ત્યાં સ્વામી તમે પરખજો સઘળા મર્મ ॥ ૨૮૯ ॥ પણ હવે ધર્મ આચાર ક્રીયા હીણા થાઉં છું અમે, સ્વામી હવે મને વેગે પ્રગટો પરિબ્રહ્મ તમે, ॥ ૨૯૦ ॥ સ્વામી તમે યુગમાં ભકતું કારણ આવ્યા દોડ, અને પહેલાં ભકત તાર્યા અનંત કરોડ. ॥૨૯૧॥ સ્વામી ભકતુંને કષ્ટ પડાવી ઉભા રહયા કરજોડ, અને તમે ભકતુંની માયા બંધન છોડ. ॥ ૨૯૨ ॥ હવે તમે રૂપ પ્રગટ કરો હો દયાળ, હવે તમે હેડંબાથી ભકત ઉગાર્યો તતકાળ. ॥ ૨૯૩ ॥ તમે ભકતોની તમે આજ સહાય કરો સંભાળ, ત્યાં કોપ કરીને કૌરવ ઉઠયાતે બહુ વિક્રાળ, ॥ ૨૯૪ ॥ તેનાં મોઢાં દિષે છે મહા ભૂપ કાળ, એ અબળાની ભીમ કહે કેમ રહેશે લાજ નિગમી જાણ, ભાઇ હવે એનાં લેશે ચીર વસ્ત્ર કહાડ. ॥૨૯૫॥ દુર્યોધન કહે પટ કોલ મેલરે કામની આજ,દ્રોપદી કહે ભાઇ તે અવસર આરો નથી આજ ॥ ૨૯૬ ॥ સતી કહે હવે પેર કાંઇ કરો મહારાજ, સ્વામી નીકર જાશે તમારી લાજ. ॥ ૨૯૭ ॥ તો મારા નાથજી તમે સેને નથી લાજતા આપ, હવે સ્વામી તમે એવડો શો કરો છો વિલંબ આપ. ॥ ૨૯૮ ॥ સ્વામી તમે દ્વારકા નગરી સુવર્ણ ની કરો અનંત, તમે રમ્યા સોળ સહસ્ત્ર ગોપીમાં ગોવીંદ. ॥૨૯૯॥ સ્વામી તમે સવાલાખ સજનસું પરવરતાં ત્યાંહ, સ્વામી તમે સોળ સહસ્ત્રમાં રંગે રાસ રમતા. ॥ ૩૦૦ ॥ આજ શું કારણ અમને વિષારી હો કિર્તાર, હવે તમે યુગ જીવન છો આધાર, ॥ ૩૦૧ ॥ સ્વામી હવે ભકતને નવ વેખીએ વરી, આ વિપત્ત કાળે અવગુણ અમારા તમે જાવ વિષરી. ॥ ૩૦૨ ॥ અમે મુખ થકી કેમ દીજે ગાળ. એમ જાણો મારા નાથજી દીન દયાળ. ॥ ૩૦૩ ॥ એવું જાણો સ્વામીજી અમારા દીન દયાળ, તમો થાઓ વચન પ્રતિપાળ. ॥ ૩૦૪ ॥ સ્વામી દહિંત દુષાસન પટકોલ ધરી રહયો દીસ, તે ત્યાંહ વળી ઉઘાડે અંગ ને શિષ. ॥ ૩૦૫ ॥ એવું જાણીને વ્હેવા પધારો મારા ઇસ, હવે તમે કૃપા કરી પુરણ જગદીશ. ॥ ૩૦૬ ॥ હવે સ્વામી પટકોલ અબળાનું રાખીએ માન, અમે છાંએ અબુજ અજ્ઞાન. ॥ ૩૦૭ ॥ તો હવે તમે વહેલા વળો શ્રી ભગવાન. ॥ ૩૦૮ ॥ ત્યાં શ્રી કૃષ્ણજી હુતા જેહ, અને દેવ નિંદ્રા પોઢયા છે જેહ, ॥ ૩૦૯ ॥ ત્યાં દેવતો પોઢયા

છે આય, તે ઉપર કમળા ઢોળે છે વાય. ॥ ૩૧૦ ॥ દેવ નિંદ્રામાંથી ઝબકી ઉઠયા તેહ, અને તે દેવ દ્વારકા કેરો રાય. ॥ ૩૧૧ ॥ ત્યાં ગોર વિદંવ્યાસને બોલાવ્યા દીન દયાળ, ગોર તેમ ગરુડને તેડાવો તત્કાળ. ॥૩૧૨॥ આજ દાસ આપણાની દુષ્ટ વશ પડી નાર, તેની તમે વિલંબ રખે કરતા વાર. ॥ ૩૧૩ ॥ ત્યાં દેવને રાણી રૂક્ષમણી લાગ્યાં પૂછવા ભાસ, હવે સ્વામીજી એવી કોણ છે તમારી દાસ ॥ ૩૧૪ ॥ તે કારણ હરજી તમો હાંફી ઉઠયા આજ, હવે વળી તેનાં સમરથ કરવા ને કાજ, ॥ ૩૧૫ ॥ તે દાસને તમે શેને ઓળખ્યો ત્યાંહ. અને તે ભકત પાંચાળી કહીએ નાર, ॥ ૩૧૬ ॥ ત્રેતાયુગમાં હાતા લોચની સતીસાર, દ્વાપરમાં દ્રોપદી પાં-ચાળી નાર, ॥ ૩૧૭ ॥ જો પાંડવનાર પંચાળીના પટકોલ હાર, તે સાથે હાર્યા ગરથ ભંડાર. ॥ ૩૧૮ ॥ જે પાપી પટકોલ ગૃહી રહયો તૈયાર, તે તો અબળા સુંદરીનાર ॥ ૩૧૯ ॥ સ્વામી તે ભકત મોટો છે તમારો સહી, તેની સહાય કરજો તમે તતખેવ જઈ. ॥ ૩૨૦ ॥ જેને દેવ આધારજ પંડ પરખી લે તેવ, તો તે પ્રથમ સાથે લેજો દેવ. ॥ ૩૨૧ ॥ જો ભકતને દુઃખ પડે દાઝીએ સાર, તો સ્વામી તેની પ્રથમ કીજીએ સહાય. ॥ ૩૨૨ ॥ અંતે તેને ઉપજે તનમાંહે તાપ, વળી સાચા સજ્જને દુઃખ લાગે આપ, ॥ ૩૨૩ ॥ તો સેવક સ્વામીને પડંતરે દયાળ, જો સ્વામી તમે સહાય કરો તત્કાળ ॥ ૩૨૪ ॥ સ્વામી ખરા ભકતને દુઃખ ઉપજે માબાપ, તે દુઃખ ઉપજે ગોરનરને આપ. ॥ ૩૨૫ ॥ જે ભકત સૌ કોઇ ટોળે મળ્યા દેવસાર, તે વેળા ગરુડે થયા અસ્વાર, ॥ ૩૨૬ ॥ જે પાંડવની પટરાણી હોયે દયાળ, તેને મહાદુઃખ દે છે ભૂપાળ. ॥ ૩૨૭ ॥ તું પટકોલ મેલ્લરે કામીની નાર, હવે તારી કોઇ નહિલે સાર સંભાર. ॥ ૩૨૮ ॥ નિશ્ચે પાંડવ હાર્યા વન જાશે નિર્ધાર, રાણી તે તો તારા છે ભરથાર ॥ ૩૨૯ ॥ તું આગે એમ કહેતી જે અંધ કેરા પુત્ર દુર્યોધન, તું હસી હસી સઉ દેખતાં પણ હવે અમે કરીશું અમારે મનગમ. ॥ ૩૩૦ ॥ વિરા ભાઈ પળે આવું નવ બોલીએ જાણ, તમે દુષ્ટ વચન ન બોલો અબુજ અજ્ઞાન. ॥૩૩૧॥ પણ વડીભોજાઇ તે માતા સ્થાને જાણ, એમ સહી લખ્યું વેદ પુરાણ. ॥ ૩૩૨ ॥ ત્યાં કૌરવ કહે બાઈ વિષીયલને છંછેડી એ જાણ, ત્યારે તે મુખમાંથી નાંખે ફુંફાડા ॥ ૩૩૩ ॥ અરે દુષાસન તું કાં સાંસા કરે આડ, હવે એનાં વેગે તું વસ્ત્રો કાઢ ॥ ૩૩૪ ॥ તે સભામાં વીલાપે નારી વલવલે સધીર, ભાઇ હમણાં એવા ન થઇએ હો વીર. ॥ ૩૩૫ ॥ ત્યાં દુષાસન સતીને વરૂની પેરે વળગ્યો સીર, અને તે તાણે ત્યાં સતીનાં ચીર. ॥ ૩૩૬ ॥ ત્યારે ધર્મપુત્ર કહે લાજનારો લાજશે સોય, ન કાં

હમણાં પ્રગટ થાશે જોય. ॥ ૩૩૭ ॥ નિશ્વાસ નાખી ભીમ થયા રાતડા જોય, પણ ધર્મ પ્રત્યે વાર્યા સોય. ॥ ૩૩૮ ॥ ત્યાં ગોરનર દેવ મનવેગે આવ્યા સધીર, અને તે સમરથ સતીનાં પૂરવા ચીર. ॥૩૩૯॥ ત્યાં ભકત સર્વે વિનંતી કરી એમ વીર, ભાઈ ત્યાંહ જેમ નદીએ વહે છે નીર, ॥ ૩૪૦ ॥ ત્યાં પાંડવે દેશ મુલક સર્વે હાર્યા જે વાર, અને હાર્યા હસ્તી ઘોડા, ગરથ ભંડાર ॥૩૪૧॥ તે કૌરવ તાળાં કુચી કબજે કરી જાર, ત્યાં ચીર કાઢયાં પાંચાળીનાર ॥ ૩૪૨ ॥ ત્યાં દેવ પુરાણ હારે ચીર પૂર્યા આજ, તે ભકત પાંડવકેરે કાજ ॥ ૩૪૩ ॥ તે સંસાર સર્વે દેખતા મહારાજ, અને ત્યાં દેવે આપે રાખી ભકતોની લાજ ॥૩૪૪॥ દહિંત દુષાસન છેડો તાણીને ઉઘાડી શીષ, ત્યારે ત્યાં સતી કેરાં સોહી જો ચીર. ॥ ૩૪૫ ॥ ત્યાં બીજું દેવે પુર્યું. ત્રીજુ પુર્યું ચીર, ત્યાં પુર્યા જગદીશે સાવ સોનેરી હીર. ॥ ૩૪૬ ॥ ત્યાં કૌરવ કહે એણે કપટે કબુદ્ધિ અંગમાં દીપે જાત, તે લીધું કાઢી જુએ તો ત્રણે નવરંગી ભાત ॥ ૩૪૭ ॥ ચોથું ચતુર્ભુજે પુર્યું પ્રમાણ, પાંચમું પરસોતમ પરિબ્રહ્મ જાણ ॥ ૩૪૮ ॥ છઠ્ઠું દયાળજી દયા કરી જાણ, સાતમુ પૂર્યું ને સારંગ પ્રાણ. ॥ ૩૪૯ ॥ સ્વેત, લાલ, લીલાં, પીળાં, પાંડરાં તાર, ત્યાં શ્રી કૃષ્ણે સઘળા પુર્યા સાર. ॥ ૩૫૦ ॥ ત્યાં દેવે પૂર્યા એક એક રંગે આગલાં સાર, તેનો વર્ણન વીવેક કથ્યો નવ જાય. ॥ ૩૫૧ ॥ પૂજ્યા ત્યારે પૃથ્વીમાં પ્રગટ થાય, ત્યાંહ સર્વે દેવ દાણવ જોવાય. ॥ ૩૫૨ ॥ ત્યાં સર્વે નવખંડના ભૂપ આવી મળ્યા ધાય, અને તે કહે કે દેવ છે ચતુર ભવન નો રાય. ॥ ૩૫૩ ॥ ત્યાં હરજી હીરા, લાલ, થયા જાણ, અને વિદંવ્યાસ વણકર હુવા પ્રમાણ. ॥ ૩૫૪ ॥ ત્યાં વસ્ત્રનાં તોડી બાવલાં જાણ, તે વાત જાણી નવ ખંડ પ્રમાણ. ॥ ૩૫૫ ॥ જ્યારે દેવને શેરડી ખાતાં છરી બેઠી હાથ તે વાર, ત્યારે દ્રૌપદીએ ચીર ફાડયાં જેમા ત્રાગડાં નવસે નવ્વાણું સાર. ॥ ૩૫૬ ॥ તે બદલ શ્રી હરિએ ચિર પુર્યાં નવસે નવ્વાણું આજ, અને શ્રી હરિએ સતીની રાખી છે સભામાં લાજ. ॥ ૩૫૭ ॥ જે અચરત જોવા લોક મળ્યા અપાર, અને ત્યાં તે જોવા સઘળો સંસાર. ॥ ૩૫૮ ॥ સત્યગોર વિંદવ્યાસ એમ બોલ્યા વાણ, બાઇ તે તારૂં શુકીત સાચું જાણ. ॥૩૫૯॥ જે સતીને દેવે તારના પટકોળ પુર્યાં જાણ, તે તો નવસે નવ્વાણું સહી પ્રમાણ. ॥ ૩૬૦ ॥ જે પટકોળ પુર્યાં કામનીને ભાત, તે ત્યાં પૂર્યાં ગોર નરની જાત. ॥ ૩૬૧ ॥ આ સત્યગોર કહે અમે વણકર થયા જાત, અને ત્યાં પટકોળમાં પૂર્યાં વર્ણ તે જાતને ભાત. ॥ ૩૬૨ ॥ ભિષ્મ, દ્રોણ, કરપાચાર, અસ્વસ્થામા યોધ્ધા સાર. ॥ ૩૬૩ ॥ ભાઈએ કૌરવની

સભાનું સાથ, ઉંધું વળ્યું જ્યારે પાંડવ સાથે કીધો વિખવાદ. ॥ ૩૬૪ ॥ એ ભકત પાંડવને પાસ સમરથ દેવા આય, ભાઈ તે કોઈથી ગાંજ્યા નવ જાય. ॥ ૩૬૫ ॥ જેણે નવસે નવ્વાણું ચીર પુર્યાં છે ત્યાંય, તે પુર્યાં એકવીસ બ્રહ્માડ કેરા રાય. ॥૩૬૬॥ એકવીસ બ્રહ્માડને નાથે ચીર પુર્યાં આજ, ત્યાં રાણી પંચાળીની રાખી લાજ. ॥૩૬૭॥ જે દેવ અતરંગ આવી ઉભા રહ્યા મહારાજ, ત્યાં ભાઇ તે ભકતું ના કરવા કજ. ॥ ૩૬૮ ॥ ત્યાં રાજા કૌરવ બોલીયા સરનામ, બાઇ અમે છું અંધ, અબુઝ અજ્ઞાન. ॥ ૩૬૯ ॥ હવે સતી તમે શીતળ વચન જે સીંચજો જ્ઞાન, બાઈ અમે એવું માંગીએ વરદાન. ॥૩૭૦॥ હજી તમે સસરાને અમે વહુ વર જાણ, અને ભાઇજી તમે એસી કહો છો વાત જાણ. ॥ ૩૭૧ ॥ એ લખ્યું અમારા કરમનું જેહ, ભાઇ હવે કોને દીજીએ ઉપવાદ તેહ. ॥ ૩૭૨ ॥ એ રમત રમતાં હારજીત, ક્ષત્રવટ પાળવાં સાર, તો ભાઇ અમે રાજા પંડુ કુળ દાસી નાર. ॥ ૩૭૩ ॥ અમો પાંડવ ભકિત સેવા કરવા સાથે વન ચાલીશું આજ, અને ત્યાં દીન દયાળ માંગું વૈકુંઠનું રાજ. ॥ ૩૭૪ ॥ જે દેવે યાંહ નવસે નવ્વાણું ચીર પુર્યાં સાર, તે તો જાણે સર્વે યુગ સંસાર. ॥ ૩૭૫ ॥ જે પાંડવ વનવાસ ચાલ્યાં આંજ, ત્યાં તો દહિંત દુર્યોધને લીધું રાજ. ॥૩૭૬॥ તે પાંડવો આ સત્યગોર વચને ચાલ્યાં સધીર, અને સાચા સત્યપંથી પ્રમાણી થયા નીર. ॥૩૭૭॥ તો એ પગ પાછો નડયોને રાખ્યું ધીર જે દહિંત દુષાસને નાર પાંચાળીના ;કાઢયા ચીર. ॥ ૩૭૮ ॥ હાર્યા પાંડવ તે વન ગયા આજ, અને કૌરવ કહે અમે કરીશું રાજ. ॥ ૩૭૯ ॥ જે દુર્યોધનસું રમવા ગયા, તેણે હરાવી રાજને વન મોકલ્યા. ॥ ૩૮૦ ॥ બાર વર્ષ બંધ વન ભોગવે આજ, ત્યાર પછી અમે આવીશું રાજ॥ ૩૮૧ ॥ તે પાંડવ બાર વરસ રહયા વનમાં જ, અને ત્યાં સેવા કીધી શ્રી મહારાજ ॥ ૩૮૨ ॥ તેણે એકમન કરી ને આરાધ્યા સાર, અને ત્યાં વન પાન, ફળનાં લીધાં આહાર ॥ ૩૮૩ ॥ ત્યાં દુર્યો-ધન મોકલ્યા દુર્વાસા સાથ, અને વિદ્યાર્થી સહસ્ત્ર અઠયાસી સાથ. ॥ ૩૮૪ ॥ ત્યાં પાંડવે કાષ્ટ કીધાં એકઠાં સાથ, પણ નાર પાંચાળી એ રાખી લાજ. ॥૩૮૫॥ ત્યાં અબળા વિનંતી વળ વળે આપ, સ્વામી તમે પોતે પધારો આપ. ॥ ૩૮૬ ॥ ત્યાં દુર્વાષા સર્વે ઋષિ સ્નાન કરવા ગયા અપાર, તે સહસ્ત્ર અઠયાસી આવી દેશે શ્રાપ. ॥ ૩૮૬ ॥ સ્વામી તમે પહેલે ગોરબ્રહ્માના વેદ વળ્યા જ્યાંહ, અને દેવ તમે સાહેર મથીયો ત્યાંહ. ॥ ૩૮૮ ॥ ચઉદ રતન શ્રી હરી તમો કાઢયાં જ્યાંહ, સ્વામી ભકતુંને અમૃત પાયાં જ્યાંહ. ॥ ૩૮૯ ॥ ત્યાં તમે ધરણી દાઢે ધરી મહા-

રાજ, અને સ્વામી તમે લોહ સ્થંભમાં પ્રગટી કીધાં ભકતુંના કાજ ॥ ૩૯૦ ॥ પાંચ કરોડી સું તાર્યા ભકત પ્રહલાદ તે દેવે આલ્યા અવીચળ રાજ. ॥ ૩૯૧ ॥ સ્વામી તમે બળ રાજે બુદ્ધ છળ્યો જેહ, અને ઇન્દ્રનું ઇન્દ્રાસન રાખ્યું તેહ, ॥ ૩૯૨ ॥ સ્વામી તમે પોતાનું વ્રત પાળી બેઠા ખરા, તમે સેહસ્ત્રા અર્જુન લોહ પંજરમાં ધર્યા. ॥ ૩૯૩ ॥ સ્વામી સાહેર પાંજ બાંધી પાષાણ તાર્યા જેહ, અને દશ મસ્તકનો રાવણ છેદયો તેહ. ॥ ૩૯૪ ॥ સ્વામી તમે હડમાનને દુરણાગત પર્વત જઇને પ્રગટ થયા જેહ, ત્યાં સતી સીતાને લાવ્યા તેહ. ॥ ૩૯૫ ॥ સ્વામી તમે ભક્ત હરિશ્ચંદ્રના ખડગથી ઉગારી સતી તારાદે, અને ત્યાં ગોર નરે બહુ તપ કીધાં જેહ. ॥ ૩૯૬ ॥ સ્વામી સાત કરોડી સું ભક્ત હરિશ્ચંદ્રનાં કીધાં કાજ, અને તેને અવીચળ આલ્યાં રાજ. ॥ ૩૯૭ ॥ સ્વામી તમે વાદળથી જે ગોકુળ રાખ્યું રેલ, અને કરે ગોવર્ધન તોળ્યા હો દેવ. ॥ ૩૯૮ ॥ સ્વામી તમે પાતાળે પેસી નાગ નાથી કમળ લાવ્યા જેહ, અને અબળાના પટ કોળ પુર્યાં તેહ. ॥ ૩૯૯ ॥ ત્યારે તમે ભક્ત સર્વેની વીનતી સાંભળી તાત, ત્યાં અનંત ભક્ત મળ્યા બહુ જાત. ॥ ૪૦૦ ॥ ત્યાં પાંડવે કાષ્ટ કીધાં નિર્વાણ, તો દુર્વાષા ભોજન તે કોણ માત્ર જાણ. ॥ ૪૦૧ ॥ તે સતીએ દેવને વિનંતી મોકલી જાણ, તે રાણી રૂક્ષમણી થાળ પુરે નિર્વાણ. ॥ ૪૦૨ ॥ તે પવન વેગે પોતે પધાર્યા મહારાજ, સ્વામી તે દુર્વાષા ભોજન કાજ. ॥ ૪૦૩ ॥ અમે આજ ભૂખ્યા છીએ બેની ચાલ, કાંઈ ભોજન હોય તો લાવો તત્કાળ. ॥૪૦૪॥ જે તાંદળીયાનું પાન ગ્રહે સો દીન દયાળ ત્યાં ત્રણ ભુવનની પુરી થાળ. ॥ ૪૦૫ ॥ ત્યાં પાંડવને બાર વર્ષ પુરણ થયા, તે ગયા કદળી વન છે જ્યાંહ. ॥ ૪૦૬ ॥ પાંડવે તે ગોર નર સ્વામી પધાર્યા જ્યાંહ, ભાઇ સત્ય ધર્મે પૂછયું ત્યાંહ. ॥ ૪૦૭ ॥ તે ભક્ત પાંડવે કાયા કસી છે અતી જે ઘણી, તેને ત્યાં વન પાનનાં લીધાં ભોગ. ॥ ૪૦૮ ॥ આ ગોર નર એણી પેરે સાત દીવસ રાખ્યા ભોગ, તો થયા સ્વામી દર્શન જોગ. ॥ ૪૦૯ ॥ ત્યાં પાંડવ દેવને કાજે નિશાની કલ્પવૃક્ષ સું લાવ્યા ફળ વન, ત્યારે તેની પાસે કાંઇ નહોતા ધાન. ॥ ૪૧૦ ॥ ત્યારે શ્રી કૃષ્ણ દેવે કહ્યું જે વનફળ આવાં રાણી તન, તો બાર વર્ષના ચોવીસ રહિયે વન. ॥ ૪૧૧ ॥ ત્યાં દેવ હરીએ કહ્યા પાંડવ જો ભાઈ, હવે તમે ધીરજ આપે થાવ આધીન. ॥૪૧૨॥ હવે રોપીયા બાને ફળ પળે પુરાં પ્રીત, ભાઇ તો ત્યાં જાણયા ત્યાં જે ભીડ. ॥૪૧૩॥ ભાઈ ત્યાં સાતે સેવકે ધીરજ ધરી, તે લેવા અમરપદ કાજ શ્રી હરિ. ॥ ૪૧૪ ॥ તેણે એણીપેરે ગોર નરે પૂછયું, પણ તેની

ક્ષણ નવ રાખી લાજ. ॥ ૪૧૫ ॥ પાંડવે ત્યાં ભક્તિ કરી, શ્રી ગોર નરનાં વચન સીર પર ધરી. ॥ ૪૧૬ ॥ તમે બાર વર્ષ ભોગવો વનવાસ, અને ત્યાં છતાં થાશો તો રાખી શું દાસ. ॥ ૪૧૭ ॥ તે વચનનાં બાંધ્યા તે સતી વનમાં ગયા, જ્યારે બાર વર્ષ તે સંપૂર્ણ થયા. ॥ ૪૧૮ ॥ દેવની વિનંતી પાંડવે પુરી કરી જ્યાંહ, દુર્યોધને પાંડવ ઘેર પરોણા તેડયા ત્યાંહ. ॥ ૪૧૯ ॥ તે જઇને ઉતાર્યા લાખ્યા મંદીર માંહ, તે પાંડવને વખ ના લાડુ ભોજન પીરસ્યાં તાંહ. ॥ ૪૨૦ ॥ પાંડવને ભોજન પીરસ્યાં જ્યાંહ, પણ સતી ભાણમતી સત્ય ન ચુકયાં ત્યાંહ. ॥ ૪૨૧ ॥ ત્યાં દેવે દીધી આજ્ઞા ને ઉઠી ઝાળ, ત્યારે ફીટાળ્યા પાંડવના કાળ. ॥ ૪૨૨ ॥ લાખા ઘરમાંહે સુરંગ બાંધી જ્યાંહ, તે થકી વન માંહે નાસી આવ્યા ત્યાંહ. ॥ ૪૨૩ ॥ પણ રાખનારા મોટા છે શ્રી હરિ દેવ, જળ સ્થળ માંહે ચિંતા કરે છે તતખેવ. ॥ ૪૨૪ ॥ પાંડવો સીર મોટા જગદીશ, પાંડવ ધર્મ પુન પવિત્ર સહી. ॥ ૪૨૫ ॥ જ્યારે બળે પાંડવ ને કુંતાજી માય, ત્યારે સામે જુવે યુધિષ્ઠિર રાય. ॥ ૪૨૬ ॥ ત્યારે ભિમસેન તો એમ જ કહે, ભાઈ સહદેવ કાંઇ મારગ છે તેહ. ॥ ૪૨૭ ॥ એક લાખ મણની શીલા જો આય, તેને હેઠળ સુરંગ ખોદાય. ॥૪૨૮॥ ત્યાં પહેલાં ઉતર્યા સતી દ્રૌપદી ને કુંતાજી માય, પછી ઉતર્યા યુધિષ્ઠિર રાય. ॥ ૪૨૯ ॥ પછી ચાલ્યા સેહદેવ ને નિકુળ સહી, પછી ઉતર્યા અર્જુનને ભીમસેન ભાઇ. ॥૪૩૦॥ તે સુરંગે પાંડવ ઉતર્યા જાય, ત્યાં અગ્ની તો વાંસે ધાય. ॥ ૪૩૧ ॥ એ અગ્ની ઉપર તમે પ્રતિત આણો ખરી, તો ભક્તોના જાણો શ્રી હરિ. ॥૪૩૨॥ જે પાંડવ સંગે ચાલ્યા સાતે સતસાર, તે જઇને પહોંચ્યા પંચ નદી મોઝાર. ॥૪૩૩॥ આ તિર્થ નદીમાં સ્નાન કીધાં સત્ય સું જોય, અને પછી જઇને પહોંચ્યા. વૈરાટ નગરીમાં જોય. ॥ ૪૩૪ ॥ ત્યાં એણી પેરે પાંડવ આપ ગળ્યા જ્યાંહ, તેણે સેવક થઇને કાજ કીધાં અપાર. ॥ ૪૩૫ ॥ તે ભક્ત પાંડવ રાજ દ્વારે જઇને ઉભા સહુ, સુણો રાજા વૈરાટ તમસું કહું. ॥૪૩૫॥ ભાઈ આજ અમને વેળા વિષમ છે જેહ, અમો પાંડવ તણા વર્તાગરા છીએ તેહ. ॥ ૪૩૬ ॥ ભાઇ એણે પાપી કૌરવે પોતાનું કુળ નીકંદન કર્યું ઠામ, અને કૌરવે યુગ માંહે ખોયું નામ. ॥ ૪૩૭ ॥ આ લાખીયા મંદીર પુર્યા પાંડવોને તે ઠામ, રાજા કહે ભાઈ તમે સું કરતાં કામ. ॥ ૪૩૮ ॥ તે રાજા વૈરાટની જોડે બેઠયા રાજા જ્યાંહ, અને તે સૌ ભાઇને પ્રણામ કરીને રે છે માન. ॥ ૪૩૯ ॥ ત્યાં જોષિ સહદેવ શાસ્ત્ર વાંચતા, ભીમસેન ઘેર સીધો પકાવતા ॥ ૪૪૦ ॥ ત્યાં પાંચે પાડવે એવા કર્યા સોય, અને નિકુળ ઘોડા દોડાવે

જોય, ॥ ૪૪૧ ॥ અર્જુને અભેમાન ત્યાં ગાળ્યા સોય, અને તેણે ત્યાં છાગળ ઝાલી જોય. ॥ ૪૪૨ ॥ તે રાજા વૈરાટ પાંડવ ને પૂછે વિચાર. તમે એ સ્ત્રીને મૂકો મહેલ મોઝાર, ॥ ૪૪૩ ॥ ત્યારે ગયાં દ્રોપદી મહેલ આવાસ, તે જઇને ઉભા રહ્યા પટરાણી ને પાસ. ॥ ૪૪૪ ॥ રાણી દ્રોપદીના રૂપ દેખી ને કરે વિચાર, જે એવી સુંદરી નહિ કોઇ નાર, ॥ ૪૪૫ ॥ બાઇ આવો એમ કરી રાણી દેવે આવકાર, અને તે બાઇ તમને પહેરાવું સોળે શણગાર ॥ ૪૪૫ ॥ જે કૈચોકચક રાણીનો બંધવ, ને દ્રોપદીનું સ્વરૂપ જોઇ તેણે ઠાય. ॥ ૪૪૭ ॥ એ દ્રોપદીના મુખ સામું જોય, અને કહે દાસી તું મુજ પાસે આવ સોય. ॥ ૪૪૮ ॥ નહિ તો હું તમને જોરે તેડાવું દાસી નાર, એવું કૈચોકચક બોલ્યો તેણે ઠાર, ॥ ૪૪૯ ॥ એવાં કઠણ સાંભળી સતી આવ્યાં પોતાને દ્વાર, તે આવી ઉભાં રહયાં પંચાળી નાર. ॥૪૫૦॥ તે દહિંતનો ભાવ કહ્યો સતીએ સમજાય, તો પાંડવો કૈચો મુજને બોલાવે દહેરામાંય. ॥ ૪૫૧ ॥ ત્યારે પાંડવો તમે તમારી સમર્થ હોય તે કરજો કાજ, નહિ તો પાંડવ કુળની જાશે લાજ, ॥ ૪૫૨ ॥ ત્યાં પાંચે પાંડવ મળી ભીમસું વીચાર જો કરે, ત્યારે ભીમસેન નારીસું રૂપ ધરી દહેરામાં જાય, ॥૪૫૩॥ ત્યાં ભીમે કૈચો દહિંત સાથે લીધો બોલાય, તે બેઉ જણ ચાલ્યા દહેરામાં જાય. ॥ ૪૫૪ ॥ તે ત્યાંહ દહેરામાં જઇને બેઠા બેઉ જણ, ત્યારે દહિંતે ખેલ ઇશારત માંડયા ઘણા. ॥૪૫૫॥ ત્યાં તો ભીમસેનના મનમાં ઉઠી ઝાળ, ત્યારે કૈચો માર્યો મહા વિકરાળ. ॥ ૪૫૬ ॥ તે દહિંતને ભીમસેન દેવળ કુંભી તળે ચાંપી ધરે, ત્યાં લખી અક્ષર ભીમ બાહેર નીસરે ॥ ૪૫૭ ॥ જ્યારે વ્હાણું વાયુંને લોક જાગ્યાં સર્વે કોઇ, ત્યારે રાજા વૈરાટની સભામાં માલમ હોઇ. ॥ ૪૫૮ ॥ તે સર્વેને સભામાં ઉપન્યો ક્રોધ, ભાઇએ ત્રીતા કારણ ત્યાં મુઓ જોઇ. ॥ ૪૫૯ ॥ જે કોઇ જઇને રાજા વૈરાટની પાસે ઉભા રહે, ને સર્વે મેં માર્યો મેં માર્યો એમ જો કહે. ॥ ૪૬૦ ॥ જે અગ્ની દાગ દેવા જો કાઢયો તીર્થ મોઝાર, ત્યારે ભીમસેન તેડે તેણીવાર. ॥ ૪૬૧ ॥ દહિંત કૈચો ભીમ સાથે તેડે તે કાજ, ત્યાં ભીમસેન બાવન કાષ્ટ લાવ્યા ક્ષણ એક મોઝાર. ॥૪૬૨॥ તો ભાઇ તેણે કષ્ટ લગાડીને કીધી મોટી ઝાળ, ત્યાં ભીમે સો ભાઇ સમેત કૈચો અગ્નીમાં દીયો ડાલ ॥ ૪૬૩ ॥ ત્યાં એક રહ્યો સો બંધવનો પરવાર, તે સર્વેનો ભીમે વાળ્યો સંહાર, ॥ ૪૬૪ ॥ ભીમસેને કૈચોકચક માર્યો ભાઇ સમેત, ત્યાં એક જીભ કાઢી અનામત રાખ્યો અચેત. ॥ ૪૬૫ ॥ ત્યાં પાંડવ બાર વર્ષ ગુપ્ત રહ્યા જાણ, તેણે દાસ પણું કીધું પ્રમાણ. ॥ ૪૬૬ ॥ ત્યાં દુર્યોધન જેવતમલ મોકલ્યો

જ્યાંહ, ત્યારે ભીમસેન છતા થયા છે સોય, ॥ ૪૬૭ ॥ ભીમે ભોજન માંગી વઢવા લાગ્યા જ્યાંહ, સતીએ સંભાળ્યા શ્રી કૃષ્ણજી ત્યાંહ. ॥૪૬૮॥ તે દેવે ભોજનમાં પુર્યા ત્યાંહ, તે જેવતમલ્લ સર્વે દેશ મુલકના રાય જીત્યો જેહ ॥ ૪૬૯ ॥ અને રાજા વૈરાટ ઘેર આવ્યા જેહ, ત્યાં ભીમસેન ભોજન ગ્રાસ જેહ. ॥ ૪૭૦ ॥ અને જેવત મલ આકાષે ઉડયો તેહ, ॥ ૪૭૧ ॥ તે જેવતમલ્લ તો ત્રણ દહાડે આવ્યો ત્યાંહ તેની ખબર પહોંચી દુર્યોધનને ત્યાંહ. ॥ ૪૭૨ ॥ આપણે લાખા મંદિરમાં પળ-જાર્યા હતા સાર, પણ પાંડવ છે વૈરાટ નગર મોઝાર, ॥ ૪૭૩ ॥ તે રાજા દુર્યોધન દશ આથમણા આયે, ને તે રાજ વૈરાટ ખાલી બુમ ચડી જાય. ॥ ૪૭૪ ॥ ઉત્તરા કુંવર ઘેર એકલા રહયા, બાકી સર્વે દળ ચઢી સાથે ગયા. ॥ ૪૭૫ ॥ તે સર્વે ઘેર વાળી ઉગમણા ગયા, ત્યાં અર્જુનને ઉત્તરા કુંવને ઉઠાડી રથે લીયા. ॥ ૪૭૬ ॥ ત્યાં અર્જુન બોલ્યા સત્ય જ ભાઈ, ભાય આપણો ધર્મ ક્ષત્રીવટ જાય. ॥ ૪૭૭ ॥ ઉત્તરા કુંવર લોલ્યા સત સુંદરરાય, ભાઈ મુજથી તો કાંઈ નહિ થાય. ॥ ૪૭૮ ॥ ત્યાં અર્જુનને ઉત્તરા કુંવર બાંધ્યો આપે અંગ સાથ, અરે સમડીએ હથીયાર દીધાં સાથ ॥ ૪૭૯ ॥ ત્યાં અસ્ત્રમંત્ર કરી પવન વેગે રથે ચડીયો નાથ, અને શ્રી કૃષ્ણ સંભાળી લીધાં સાથ. ॥ ૪૮૦ ॥ જેમ દન ઉગે અલપશું જોય, ત્યારે બાણ એકના દશ સહસ્ત્ર થાય. ॥ ૪૮૧ ॥ કામધેન ત્યાં વળી જોય, તે પાછા વૈરાટ નગરમાં આવ્યા સોય. ॥ ૪૮૨ ॥ જ્યારે ઉત્તરા કુંવર ધેન વાળી લાવ્યા ત્યાંય, ત્યારે દન બે પોર જાય, ॥ ૪૮૩ ॥ પાંડવે રાજા વૈરાટ ઘેર સેવા કીધી આય, જ્યારે બાર વરસની સંત્ર સર્વે સંપૂર્ણ થાય. ॥ ૪૮૪ ॥ ત્યારે પાંડવ પ્રગટ થયા જેહ, રાજા વૈરાટ કહે સ્વામી અમથી બહુ અપરાધ થયા છે તેહ ॥ ૪૮૫ ॥ ત્યાં રાજાએ વૈરાટ પગે ચાલી ઉભા રહ્યા આપ, સ્વામી તમે હવે અમને કરજો માફ. ॥૪૮૬॥ ભાઈએ ક્ષત્રીવટ ધર્મ પાળવામાં જેહ, અને ત્યાં અમને દેવે લખ્યું હતું તેહ ॥ ૪૮૭ ॥ અમે અન્ન પાણી તમારાં આરોગ્યાં આપ, સ્વામી તે પહેલાં તમે કરજો માફ. ॥ ૪૮૮ ॥ જ્યારે બાર વર્ષ ત્યાં સંપૂર્ણ થયાં, ત્યારે હસ્તીનાપુર નગરમાં ગયા ॥ ૪૮૯ ॥ એક રાતમાં સૈન્ય આવી મળ્યું જ્યાંહ, અને સાત ખોણી દળ આવ્યાં ત્યાંહ ॥ ૪૯૦ ॥ તે શ્રી કૃષ્ણ જાય સભા મળી જ્યાંહ ॥ ૪૯૧ ॥ તમે એવા ભોજન આરોગો યાંહ, તમારા આ ભાઇ પાંડવ ભૂખ્યા આવ્યા યાંહ. ॥ ૪૯૨ ॥ ત્યાં શ્રી કૃષ્ણ દેવ બોલ્યા સોય. હવે કૌરવો ભાઈ તમારા હોય, ॥૪૯૩॥ જો એ પાંડવ જમે ને આગળ રહે જેહ, તે પાંચ ગામ આલી દીજે તેહ. ॥ ૪૯૪ ॥

અમો સો ભાઈ જીવતા ભોમી સોય ન આપીએ એમ, અમે જાણું જે તમે ડાહ્યા છો પણ ભરવાડ તમારો છે તન ॥ ૪૯૫ ॥ યુદ્ધ કરતાં જીતશે તે કરશે રાજ્ય, જો ચોવીસ વર્ષ સુખ ભોગવી વળી મોહ લઇશું આવ્યા આજ, ॥ ૪૯૬ ॥ અમે અગીયાર ખોણી સો ભાઇ અને એતો પાંચજ વીર, એના બળ પારખ્યાં જ્યાંહ પાંચાળીના કાઢયાં ચીર ॥ ૪૯૭ ॥ ભાઈ પાંડવો તમે બળીયા હોવ તો આવજો આજ, તે ભાઇ સામા યુદ્ધ કરવાને કાજ ॥ ૪૯૮ ॥ અમે સો ભાઇ અગીઆર ખોણી દળ આવટે ભાંજ, ભાઇ ત્યાર પછી તમે લેશો રાજ. ॥ ૪૯૯ ॥ ત્યાં જોષી સહદેવ શાસ્ત્ર બોલ્યા જેહ, ભાઇ હવે સામવેદમાં ભાંખ્યા તેહ ॥ ૫૦૦ ॥ ભાઇ હવે વેદનાં લખાણ તે પુરાં થયાં પ્રમાણ, આજ તે સુદ્ધ કરનારો પાસે છે સહી જાણ, ॥ ૫૦૧ ॥ અમે પાંચે પ્રાણી ભાવશું નાથ, અને શ્રી કૃષ્ણજીને લેશું સાથ ॥ ૫૦૨ ॥ જે દેવે આવા દળ ગોવર્ધન તોળી લીયા જ્યાંહ, ભાઇ તેને અઢાર ખોણી તે કોણ જે માત્ર ત્યાંહ. ॥ ૫૦૩ ॥ ત્યાં ગોર વિદંવ્યાષે મુરત આપ્યાં જેહ, અને ભાઇ કુરૂક્ષેત્રે જોવા ગયા તેહ. ॥ ૫૦૪ ॥ ત્યાં ટીટુળીનાં ઇંડાં પાંચ દ્રષ્ટે પડયાં તતખેવ, તે તમે અનામત રાખજો હો દેવ ॥ ૫૦૫ ॥ અઢાર ખોણી દળ અનેક રાજા ક્ષાત્ર, તેજી તોખાર ના ટોળાં પડે તો ટીટુડીના કોણ માત્ર ॥ ૫૦૬ ॥ જે દેવે લખ્યું હશે તે થશે, પણ ટીટુડી ઇંડાં ઉપર કરવી મહેર. ॥ ૫૦૭ ॥ તે સતી ઇંડાં રાખશે ભાઇ પાંડવો તમે જઈને કેજો ઘેર, એમ વાણી બોલ્યા વિદંવ્યાસ તેણી પેર તે યુદ્ધ જીતશે નિશ્ચે તેહ. ॥ ૫૦૮ ॥ કુરૂક્ષેત્ર જોઇને આવ્યા જેહ, અને ગોર વિદંવ્યાષે વાંચ્યા વેદ તેહ. ॥ ૫૦૯ ॥ જે રણ સ્થંભી આગળથી આરોપશે જેહ, ભાઇ યુદ્ધ જીતશે નિશ્ચે તેહ. ॥ ૫૧૦ ॥ તે કૌરવે આગળથી રણસ્થંભ આરોપીયો, અને ચોકી મેલી ત્યાં સોય. ॥ ૫૧૧ ॥ તે રણસ્થંભ ભીમે વાંકો કર્યો જાઈ, તે ભાઇ કુરૂક્ષેત્ર જો માંહે. ॥ ૫૧૨ ॥ ત્યાંહ કુંવર ઘટુકો આવીયો ત્યાંહ. અને કુરૂક્ષેત્ર જોવા જ્યાંહે. ॥ ૫૧૩ ॥ ત્યાં યુદ્ધ કરતાં જે હારશે જેહ, ભાઇ હું તેની પાસે થાઇશ તેહ. ॥ ૫૧૪ ॥ ભાઈ તે કુંવરને હાથ ત્રણ તીરને એક કમાન જેહ, બીજું પાસે નહિ દીષે કોઇ તેહ. ॥૫૧૫॥ તે એકે આળે, બીજે મારે અને ત્રીજે સંહારશે જોય, એ કુંવર બત્રીસ લક્ષણો પહેલો જોય. ॥ ૫૧૬ ॥ અને સ્વામી મુજને છે એ યુદ્ધ જોવાનો કોડ, તે તું દેવ ભેળે રહી મસ્તક તારૂં ચઢાવ સોય ॥ ૫૧૭ ॥ ભાઈ ઘટુક ત્યાં તું બેઠો જોય. ॥ ૫૧૮ ॥ રાજા યુધિષ્ઠિર કહે સ્વામી તમે રથે બેસો યુદ્ધ કરવાને કાજ, તો પાંડવો તમો મુજ સારૂં યુદ્ધ કરો ને યુદ્ધ કરતાં તમે પરા નાસી ન જાવ. ॥ ૫૧૯ ॥ હવે ગોર

વિદંવ્યાષે શાસ્ત્ર વાંચ્યા જેહ, સામવેદ બોલ્યા તતખેવ, દેવ માંડયા તમારા પુરા પડયા હવે પ્રગટ થાવ દેવ. ॥ ૫૨૦ ॥ સ્વામી તમે પહેલા આઠ દહિંત માર્યાંને તે સર્વે દેવના સાર્યા કાજ, અમે પરોણા ઝાલી પાસે ઉભા રહ્યા તમે રથે બેસો મહારાજ. ॥ ૫૨૧ ॥ ભાઈ હું તો ઘરડો થયો હવે મુજને મોહ લડવાનો નહિ નિર્વાણ, પહેલે આઠ દહિંત માર્યા જેહ, ત્યારે પણ હું હતો જુવાન. ॥ ૫૨૨ ॥ જ્યારે પોંતી આવધ ને વળીઆ ભૂપ, ત્યારે વિકરાળ થયા ભિમ સ્વરૂપ, ભીમ ફેરવે ગદા ને વારે કુંતાજી માય, તમે ક્ષમા કરો ને ભીમસેન રાય. ॥ ૫૨૩ ॥ તમે ભાઈ યુધિષ્ઠિરને પૂછો વાત, પણ કરો સબુરી ને ખમા કરો સાર. આજ અવસર નથી ભીમ સુરા તણો પ્રમાણ, ત્યાં ઓચરે ભીમ અવસર આવે કેમ ચુકીએ દાવ. ॥ ૫૨૪ ॥ તમે દુર્યોધનને સંભળાવો આજ, અમે મુર્ત કીધું છે બેસવા રાજ. ॥ ૫૨૫ ॥ ત્યાં દુર્યોધનને થયું છે જાણ, ત્યારે ઉઠી ઝાળને ભાંગ્યાં ધરણ. ॥૫૨૬॥ ત્યારે પરાક્રમ કરીને બોલ્યા દુર્યોધન રાય, પણ અમે ઉભા તમે રાજ તમુંથી કેમ થાય. ॥ ૫૨૭ ॥ એતો ભણે ભીમ ભલે એકલો આજ, અમે સોએ જીવતાં કેમ આપીએ રાજ. ॥૫૨૮॥ પાંચ પાંડવને ખોણી અઢાર, ત્યાં સુરા હસ્તી, ને ગદા, તોખાર, મરડી મુંછ ને ત્યાં દીધી ફાળ, ભાઇ રચીએ રણને તેડીયે ભૂપાળ.॥૫૩૦॥ ત્યાં ભીમ ફેરવે ગદાને ધમ ધમકાર, ત્યારે નવ તેરો યુદ્ધ થાય અપાર. ॥ ૫૩૧ ॥ રાવ રાણા ત્યાં ઉભા સોયે, પણ ભીમ સામું ન જોવાયે. ॥ ૫૩૨ ॥ ભીમ ફેરવે ગદાને ઉડે રૂધીરની ઝેણ, સતી દ્રોપદી મેલે મોકળી વેણ. ॥ ૫૩૩ ॥ ત્યારે સામ સામા દળ આથડયાં જોયે, ત્યાં ભીમ, દુષાસન, આવ્યાં દોયે. ॥ ૫૩૪ ॥ તે ભીમે દુષાસનના દસ સેહસ્ત્ર હસ્તી ગગન ઉછાળ્યાં જોય, ભાઇ ત્યાં પેલો ઝઘડો સોય ॥૫૩૫॥ દેવની રજા લઇને અર્જુણે બાણ પુર્યાં જાંય, ત્યારે ત્યાં એકનાં દસ સેહસ્ત્ર લખ કરોડ હોય. ॥૫૩૬॥ ત્યાં અઢાર ખેણી દળ ઉડયાં જેહ, ત્યારે દુર્યોધન નાઠો જોય. ॥ ૫૩૭ ॥ ત્યાં ભીમે દુષાસન માર્યો જેહ, અને પાંડવ ઝઘડો જીત્યા તેહ. ॥ ૫૩૮ ॥ દુષાસન પોતે ચીર કાઢયાં હાથ, ભાઇ તેવો ઝઘડો જીત્યા સાથ. ॥૫૩૯॥ તે દુર્યોધન માન સરોવરમાં જઈ પેઠો ભાજ, ત્યાં ભીમસેન કહે ભાઇએ તેં શું કીધું કાજ. ॥ ૫૪૦ ॥ તેં સો ભાઇ અને ઢાર ખેણી દળ મરાવ્યાં આજ, ભાઇ તોએ તુને નવ આવી લાજ. ॥ ૫૪૧ ॥ હવે બાહેર નીકળું ભીમ દીષેછે એક, હવે મારા વેરતો વળે જો ભીમને મારૂં એક. ॥૫૪૨॥ ભીમે ભુદર તોડીયાં ને પાટું દીધી જ્યાંહ, દેવે શ્રી બુદ્ધ રૂપ ધરી બળ મુકયાં તેનું મોત આળેખ્યું ત્યાંહ. ॥ ૫૪૩ ॥

ત્યાં ગંધારીએ શોક પાળી મારી દેહ કરૂં ત્યાજ, જો સો પુત્ર મારા ગયા તો હવે અન્નપાણી સું લઉં આજ. ॥ ૫૪૪ ॥ દેવે ચણગી મુકીને સો ભાઇ સીંચાવ્યા જ્યાંહ, અને કારમો આંબો પેદા કર્યો તે ભુખ ચણગી મુકી ત્યાંહ ॥ ૫૪૫ ॥ યુગ દ્વાપરના પહોંચ્યા નિર્વાણ, ત્યાં કૌરવકી શાખાપુરી જાણ. ॥ ૫૪૬ ॥ કુરૂક્ષેત્રમાં પુર્યો સંગ્રામ, ને હુવો યુદ્ધ તે તેણે ઠામ ॥ ૫૪૭ ॥ રાક્ષસ દહિંત મુઆ અખે મેદ, દ્વાપર પુરા થયા હો દેવ. ॥ ૫૪૮ ॥ સેના સત્રળી કીધી પરાજ્ય, હરાવી કૌરવ ને લીધાં રાજ્ય. ॥ ૫૪૯ ॥ જ્યારે કૌરવ જીતી આવ્યા પાંડવ રાય, ત્યારે સન્મુખ થયા કુન્તા માય. ॥ ૫૫૦ ॥ કહે કુંતાજી તમ કાવો છો ધર્મ, અને કૌરવ મારીને શું કીધા કર્મ. ॥૫૫૧॥ ત્યારે પાંડવો તમે શું કીધો અપરોળ, કુળ લંચ્છન લાગ્યું આપને મોટ. ॥ ૫૫૨ ॥ તેડાવી પંડીતને પૂછો આજ, અને ઉતારો હત્યા કે મેલો રાજ. ॥ ૫૫૩ ॥ રાજાને મન વિમાષણ થયું ત્યાંહ, પાસે બેઠા પાંચે ભાઇ ત્યાંહ. ॥ ૫૫૪ ॥ તેડી પંડીત ને પૂછે પ્રશ્ન, અમે કૌરવ માર્યા છે રાજા દુર્યોધન. ॥૫૫૫॥ ઓચરે ભીમ સુણો ધર્મ રાય, વાદે વઢયાનું પાપ નવ લેખાય. ॥ ૫૫૬ ॥ ત્યાં પઢી પંડીતે કહ્યો ભેદ, ને યજ્ઞ કરો તમે રાજા અશ્વમેધ. ॥ ૫૫૭ ॥ મુરત લઇને રાજા મંદીરમાં ગયા, ત્યારે ત્યાંહ રથે બેસી કૃષ્ણજી આવીયા. ॥૫૫૮॥ ઓચરે કૃષ્ણજી સાંભળો ધર્મ મહારાજ, અમૃત મેલીને વખ કોણ ખાય. ॥ ૫૫૯ ॥ લાવો ઉદકને મેલો અમારે હાથ, કૌરવ હત્યા તે અમારે સાથ. ॥ ૫૬૦ ॥ વળતા રાજા બોલ્યા ધરમ, સ્વામી પુજીએ પાત્ર તેને કેમ આપીએ કરમ. ॥ ૫૬૧ ॥ ઓચરે કૃષ્ણજી વારૂં રાય, યજ્ઞ કરો શુદ્ધ ભાવ, પણ રખે આવે વખત ત્યારે ચુકો દાવ. ॥ ૫૬૨ ॥ ત્યાં ભાવ જોઇને વળ્યા ભગવાન, ને કહે આવે અભ્યાગત તેને દેજો માન. ॥ ૫૬૩ ॥ ત્યાં રાજા યુધિષ્ઠિરે પૂછ્યું આપ, સ્વામી તમે અઢાર ખેણીના ઉતારો પાપ. ॥૫૬૪॥ ત્યારે કૃષ્ણજીએ મુકી દેહ, અને દેવ સ્વધામ ગયા છે તેહ. ॥૫૬૫॥ તે યજ્ઞ માંહેથી ઉઠી ગયા કિર્તાર, ત્યાં દેવે લીધો છે બુદ્ધા અવતાર. ॥ ૫૬૬ ॥ ત્યાં પાંડવ પ્રગટ થયા રાજ્ય કળી બહુ ગાત્ર, જે આપણે પાસ દેવ બેસતા તેહ એ ગુપ્ત થયો છે પાત્ર. ॥ ૫૬૭ ॥ રાજા યુધિષ્ઠિરે વાંગો વખાણ્યો ને માથે લીધું કર્મ, આ ગોર કહે પાંડવો બાર વર્ષ વનમાં તે સેને સંભાળો ધર્મ. ॥ ૫૬૮ ॥ ત્યાં ગોર વિદંવ્યાષ પહેલાં ઓળખ્યા જેહ, અને કુદરતી બે જીવ મોકલ્યા તેહ. ॥ ૫૬૯ ॥ રાજા યુધિષ્ઠિર મહાદનથી ભાગ્યા નાસતા જેહ, ભાઈ હવે આગળ થયું માદન તેહ. ॥ ૫૭૦ ॥ ભાઈ એ તો કુદરતી જીવ છે જેહ, રાજા તમ પાસે અનામત

રાખો તેહ. ॥ ૫૭૧ ॥ વેળાએ પોતે શ્રી કૃષ્ણ દેવ માંગશે જેહ, ભાઈ ત્યારે હાજર કરજો તેહ. ॥ ૫૭૨ ॥ તે રાજા યુધિષ્ટિરે છ માસ લગી બે જીવ દેહમાં રાખ્યા જેહ, ત્યાં શ્રી દેવે દીધું ધીરજ જેહ. ॥ ૫૭૩ ॥ જો રાજાએ એવા મહા વિકટ કષ્ટ ભોગવ્યાં જેહ, પણ ત્યારે ત્યાં સાલે કીધો તેહ. ॥ ૫૭૪ ॥ ત્યાં રાજાએ બ્રાહ્મણ તેડાવ્યાં આપ, ભાઈ અમારૂં અઢાર ખેણીનું કેમ ઉતરે પાપ. ॥ ૫૭૫ ॥ રાજા તમે યજ્ઞ રચોને બ્રાહ્મણ વરો ત્યાંજ, રાયે શત્રુ કારણ મંડચો યજ્ઞ આજ. ॥ ૫૭૬ ॥ ત્યાં પોતે પાપને છેદશે તેહ, ને ઘણીએ બ્રાહ્મણની સેવા કરજો તેહ. ॥૫૭૭॥ ભાઇ એવી સુવર્ણ થાળ અપરીત પુરીને જેહ, ભાઈ આજે બ્રાહ્મણને સંતોષો જેહ. ॥ ૫૭૮ ॥ ત્યાં રાજા યુધિષ્ઠિરે યજ્ઞ મંડાવ્યા જેહ, અને દેવ સહુ સંતોષ્યા જેહ. ॥૫૭૯॥ તે વેળા તો બ્રાહ્મણનું કીધું જેહ, પણ શ્રી સેહદેવને ન પૂછયું જેહ. ॥ ૫૮૦ ॥ ત્યારે રાજા તમે પોળે ભીમને મોકલ્યો જાય, અને કોઇ ચંડાળ આવશે ત્યાંય. ॥ ૫૮૧ ॥ તેની આભડછેટ યજ્ઞમાં ઉપજે ધર્મ, ત્યાં તો યજ્ઞ વણશે રદ કરમ ॥ ૫૮૨ ॥ તે યુગ માંહે દેવ રૂપ અષ્ટમું સંપુર્ણ શુદ્ધ સાર, ત્યાં શ્રી કૃષ્ણ દેવે ધર્યો નવમો શ્રી બુદ્ધા અવતાર. ॥ ૫૮૩ ॥ ત્યાં પહેલે શ્રી કૃષ્ણે પ્રગટ કંસાસુર માર્યો, પછી શ્રી બુદ્ધા રૂપે ગુપ્ત દુર્યોધન સંહાર્યો. ॥ ૫૮૪ ॥ ત્યાં કૌરવ મારીને પાંડવે લીધું રાજ, ત્યારે કળીયુગ આવ્યો આજ. ॥ ૫૮૫ ॥ સુણો રૂખેસરો એ સેહદેવ બોલ્યા સાર, પણ થોડા પ્રશ્ન માંહે ઘણો વિસ્તાર. ॥૫૮૬॥ કહું કથી ન આવે છેહ, ત્યાં પાંડવ રાજ કરે છે દેવ. ॥૫૮૭॥ હવે લાગ્યો કળીયુગ ને દ્વાપરનો અંત, સાંભળો રૂખેસરો એકે ચિંત્ત. ॥૫૮૮॥ એ ચાર લાખ ને વર્ષ બત્રીસહજાર, ત્યાં લગી શ્રી હરિ ભોગવે કૃષ્ણ અવતાર. ॥ ૫૮૯ ॥ ત્યાં શ્રી કૃષ્ણ અવતાર સંપુર્ણ જાણ, એમ ગોર વિંદંવ્યાષ બોલ્યા નિર્વાણ.

——— * ———

શ્રી કૃષ્ણ અવતાર સંપૂર્ણ.

——— * ———

શ્રી રામના લવ, પદ્મ, પરિક્ષિત, વિરપાળ, વાસુદેવ, વંશ તો શ્રી કૃષ્ણ, શ્રી કૃષ્ણ ની માતા તો દેવકી, પિતા તો વાસુદેવ, શકતી તો દેવી રૂક્ષમણી, ગોર તો વિદંવ્યાષ સ્થાન તો ગોકુળ, ક્ષેત્ર તો મથુરા, ત્યાં નરદલો દાણવતો કંસાસુર; વિચાર તો સામવેદ, ઓચરંતે ગાયત્રી, સાતવાર સત્તાવીસ નક્ષેત્ર, પંદર તીર્થ, બાર કરણ,

નવગૃહે સુર્ય મંત્રનો જાપ જપંતા આવ્યા સ્વામી, ઋષિઓને સ્થાપી કંસાસુર દાણવને સંહારી, સેહદેવ વિદુર ભકતને ઓધારી; તમે ભલે અવતર્યા યુગે યુગે દેવ મોરારી. જે કોઈ ચિત્ત હરિશું લાએ તેના ધર્મ વધેને પાપ ક્ષય થાય. નમો નમો ભાઇ પરિબ્રહ્મ નારાયણના નામને જેણે રૂપે આપણા સદ્દગોર બ્રહ્મા નર નારાયણ હોય, આજ તે રૂપને ધાઈએ.

અવતાર આઠમો શ્રી કૃષ્ણ, ચાર લાખ બત્રીસ હજાર (૪૩૨૦૦૦) વર્ષ વર્તંતે.

નોંધઃ– શ્રીકૃષ્ણ અવતાર (આઠમો અવતાર) સંપૂર્ણ થતાં ઇશ્વરી કળા તથા હરિવંશ હિંદ દેશ છોડી મીસર દેશમાં જાય છે. એટલેકે દેશ પલટો અને સાથે સાથે વર્ણ પલટો કરે છે. તેની 'ઓખા હરણ' નું પુસ્તક વાંચવાથી વધુ માહિતી મળશે.

હવે આઠમા અવતારની રમત શ્રી હરિવંશ, ચંદ્રવંશ ને યદુકુળમાં પુરી કરી નવમા અવતારની રમત યવનકુળમાં આદરે છે.

——*——

નાગદમન.

શ્રી કૃષ્ણલીલા અનંત અપાર.

પ્રસ્તાવના

---*---

નાગદમનનું જ્ઞાન કેમ ઉત્પન્ન થયું, તેનું વર્ણન નીચે મુજબ છે.

દ્વાપર યુગમાં, શ્રી કૃષ્ણે પાતાળમાંથી નાગ નાથેલ તેજ નાગદમન. તે પછી ઘણો કાળ ગયા પછી પાંડવના કુળમાં, રાજા પ્રીખતને નાગદમનું શાસ્ત્ર સાંભળેલ, અને તે રાજા પ્રીખતને વીચાર આવવાથી, તે સમય કાળમાં સુખદેવજી રાજા પ્રીખતને દરબારે આવેલા, એટલે પ્રીખતે સુખદેવજીને પૂછયું કે, નાગદમન શ્રી કૃષ્ણ પ્રભુને કરવું પડેલ અને નાગને નાથવાનું શું કારણ હતું ? તેના વળતા જવાબમાં સુખદેવજી કહે છે કે, "હે પ્રીખતરાજા શ્રી કૃષ્ણ પ્રભુના બાપ રાજા નંદરાજા હતા તે બહુ સત્યવાદી હતા, અને તેનું રાજ્ય નાનકડું હતું, અને તે સમય કાળમાં મથુરા નગરનો રાજા કંસ હતો, તેનું રાજ્ય મોટું અને તે બળવંત કપટી, ક્રોધી, અને ખોટા ખોરાકનો અમલ આહારનો ભોગી હતો. તે કંસ રાજાનું ભવિષ્યે મોત નંદરાજાના દીકરા શ્રી કૃષ્ણ પ્રભુના હાથે થવાનું હતું. તે કંસરાજાના ગુરુએ બતાવેલ હતું. આ કંસ રાજા જાણતો હોવાથી, બહુજ ઉદાષીમાં ને ફીકરમાં પડેલ, આખરે તેણે નક્કી કર્યું કે નંદરાજાનું રાજ્ય ગમે તે ઉપાયે લઈ લેવું. અને શ્રી કૃષ્ણનો નાશ કરવો. જેથી મારૂં મોત શ્રી કૃષ્ણના હાથે છે તેમાંથી બચી જાઉં અને નંદરાજાનું રાજ્ય પણ લઇ લઉં" આવા કારણથી કેટલાંક છળભે-

હથી નંદરાજા સાથે મથુરાના કંસરાજાએ બહુ જ ભાઈબંધી કરવા માંડી, ને બહુ જ પ્રેમ દેખાડવા માંડયો, જેથી કરીને નંદરાજા ભોળવાઇ ગયા ને કંસરાજાને ત્યાં સભામાં આવવા જવા લાગ્યા. એટલે કંસરાજાએ વીચાર કર્યો કે હવે નંદરાજાને મારા પર બહુ વિશ્વાસ ને સાચો ભરોષો છે, એટલે પછી કંસ રાજાએ કપટ કરીને સોગઠની રમત ઉભી કરી અને નંદરાજાને સોગઠની રમત રમવા બેસાડયા. આ સોગઠમાં, કંસ રાજાએ બહુજ કપટ કરેલું હતું. તે કારણ નંદરાજા સમજી ન શકવાથી સોગઠની રમત હારી ગયા, અને તે રમતમાં શરત કરી હતી કે, જે હારે તેનું રાજ્ય જીતનાર લઈ લે.

જેમ કૌરવોએ પાંડવોને દગો કરેલ તેમ નંદરાજાને પણ દગો થયો. કંસ રાજા પોતાનું એવું પ્રમાણીક પણું બતાવીને, નંદરાજાને કહ્યું કે "હે નંદરાજા જો તમે પાતાળમાં શેષ નાગ રહે છે તેના સ્થળે કમળનાં ફુલ છે, તે તમો છ માસની અંદર લાવી આપો; તો તમારૂં રાજ્ય તમે કરો. અને જો છ માસમાં ન લાવી શકો તો તમારૂં રાજ્ય અમે લેશું." આ પ્રમાણે છ માસની મુદત કંસ રાજાએ નંદરાજાને આપી.

હે પ્રીખત રાજા આવા કારણથી નંદરાજાના દીકરા શ્રી કૃષ્ણ પ્રભુને પાતાળે જવું પડેલ, અને તે નાગને નાથી અને કમળનાં ફુલ લાવેલા, અને કંસનો સંહાર પણ કર્યો હતો. આ જ્ઞાનની વીગત ખુલાસાવાર નાગદમનના શાસ્ત્રમાં છે.

—*—

ૐ

શ્રી નાગદમન

શ્રી નાગદમનનું જ્ઞાન લખ્યું છે, તેનાં કડવાં સાત છે.

—— * ——

સુખ જોગી કહે સાંભળ પ્રીખત રાય, કહું નાગ દમનનો મહીમાય, ॥ ૧ ॥ સુભક ને સુત પ્રાણી, કાળી નાગ નાથ્યો એ રૂપરાણી. ॥ ૨ ॥ કૌતક કીધું ગોકુળમાં નાથે, રમવા માંડયા ગોવાળાની સાથે. ॥ ૩ ॥ તે દાડો છે રૂડો રામ, કરવું સર્પ કમોદી કામ. ॥ ૪ ॥ પૂંઠળ ગોપીને આગળ ગાય, વાગે ડમરૂને વેણ વજાય, ॥ ૫ ॥ ગોપ પ્રત્યે પ્રભુજી કહેવા લાગ્યા, આપણે વનમાં જઇશું આવા. ॥ ૬ ॥ એમ કહી દુર ગયા ભગવાન, ત્યારે બપોર થયા મેદાન. ॥ ૭ ॥ થયા તરસ્યા ગોપ ને ગાય, વિખ સુરભિ તે જળ ભણી જાય. ॥ ૮ ॥ ગોપી જાતી ગૌને વારે, રજા દયો ને શ્રીમોરાર ॥૯॥ સુખે પીવા દયો ગૌને પાણી, ત્યારે ગોવાળ બોલ્યા વાણી. ॥ ૧૦ ॥ કે છે ગોવંદને ગોવાળ. એ જળમાંહે વિખની જવાળ. ॥ ૧૧ ॥ તમે નથી જાણતા વનમાલી, અહિંયાં વાસો વસે સર્પ કાળી ॥ ૧૨ ॥ કાળાંધરીનો વિખે ભરીયો, પીતાં પાણી કોઈ નવ ઉગરીઓ. ॥ ૧૩ ॥ પડે પંખી ગગને જાતા, મન કેમ માને સુરભીને પાતાં, ॥ ૧૪ ॥ સુણી ગોપ સુખની વાણી, ક્રોધે ભરાણા સારંગપાણી. ॥ ૧૫ ॥ કાળી કાઢવાની ઇચ્છા કીધી, પીઓ જળને સૌ ને આજ્ઞા દીધી. ॥૧૬॥ સર્વે કહ્યું શ્રી હરિનું કીધું. પ્રાણી માત્રે જળ ત્યાં પીધું. ॥ ૧૭ ॥ ગાય ગોપને ચઢીયું ઝેર, ઢળે ધરણીને આવી લહેર. ॥ ૧૮ ॥ નાથે અમર દ્રષ્ટિએ જોયું જોતાં મહા વિખ હળાહળ ખોયું ॥૧૯॥ ઉઠી ગાય ગોપ થયાં બેઠાં, સઉ કોઈ જળમાં ન્હાવા પેઠાં. ॥ ૨૦ ॥ છાંટે છોલ અને જળ ઝીલે. અને સર્પ ઝાલવા લાગે સર્વને ડીલે ॥ ૨૧ ॥ સર્વને મૃત્યુનો ભય ભાંગો, ને જમના તીરે રમ

વાને લાગો, ॥ ૨૨ ॥ જેને શામળીયો છે સાય, તેને સર્પ થકી શું થાય. ॥ ૨૩ ॥ કાળીની ફુંકે ફાટે પ્રાણ, એક કોષ લગી નહિ ઝાડ ॥ ૨૪ ॥ કાળું જળ ને કાળો સેવાળ, કાળો નાગ મુખે વિખ જવાળ ॥૨૫॥ કાળી કાઢવાની ઇચ્છા કીધી, ગેડી ગોવિંદે કરમાં લીધી ॥ ૨૬ ॥ કસી કેડ પીતાંબરની વાળી, ગેડી દડે રમે વનમાળી ॥ ૨૭ ॥ કહે ગોપને ગોકુળ રાય, રખે દડો જમનામાં જાય. ॥ ૨૮ ॥ એવો દાવ સાધ્યો જદુનાથે, રમવા માંડયું ગોવાળની સાથે. ॥ ૨૯ ॥ મારે હાક શંખાસુરને તેડી, તારે પડે દડા પર ગેડી ॥ ૩૦ ॥ હાથનાં કાંડાં ઉંચા ચડાવે મારી દોડ ભરીને ભાવે ॥ ૩૧ ॥ એક હારે ને એક લઈ જાય, વાલો ચુકાવી પુંઠળ ધાય. ॥ ૩૨ ॥ જેની વતી દડો જમનામાં જાશે, નાખનારો લેવાને ધાશે. ॥ ૩૩ ॥ મારી હાક શંખાસુરને તેડી, ત્યારે પડે દડા પર ગેડી. ॥ ૩૫ ॥ હવે દાવ શામળીયાનો આવ્યો, દડો ગેડીમાંહે ભરાવ્યો. ॥ ૩૬ ॥ મારી દોડ કાંડા ચઢાવો, દડો જળમાં પડયો છે આવી ॥ ૩૭ ॥ મારી દોટ દડો રવે ચઢીયો, દડો જઈ જાગ જમનામાં પડીઓ. ॥ ૩૮ ॥ હસે ગોપ સર્વે દઈ ને તાલી, ઓશીયાળા થયા વનમાળી ॥૩૯॥ વચન પોતાનું પ્રતિ પાળે, નાથ ચઢયા કદમ વૃક્ષની ડાળે ॥ ૪૦ ॥ બાંધી કેઢ કછોટો વાળી, અને ધ્રુજે કદમ વૃક્ષની ડાળી, ॥ ૪૧ ॥ વાળ્યો અંબોડો દઈને નાથે, અને માંગી વિદાય ગોવાળીયાની સાથે. ॥ ૪૨ ॥ ભાઈ હું જમનામાં ઝંપલાવું, દડો સર્વેથી શોધીને લાવું. ॥ ૪૩ ॥ રખે ગોકુળ રોતા જાતા, સાંભળશે મારી માતા ॥ ૪૪ ॥ ધીરજ ધરજો ઘડી ચાર, હમણાં આવું છું નીર્ધાર ॥૪૫॥ ફરી ન મળીએ તો વિશ્વ આધાર, ન મળીએ તો છે છેલ્લા નમસ્કાર ॥૪૬॥ ગોવાળા પાયે લાગે, અને પ્રાણ પાથરી ને માન માગે. ॥ ૪૭ ॥ દડા કારણ કોણ ઝંપલાવે, ગોપનું કહ્યું ન માન્યું માવે. ॥૪૮॥ વલણ ॥ કહ્યું ન માન્યું નાથે, પડવા તત્પર થયા, કદમ વૃક્ષની ડાળ ઉપરે પ્રેમ આત્મા ઉભા રહ્યા. ॥ ૪૯ ॥ કડવું ॥ ॥ ૧ ॥ રાગ છંદડો ભોજનની ચાલ ॥ શ્રી ગુરુ દેવનું ધ્યાન રાખું, કાલી નાગ સહસ્ત્ર ફેણીનો યુદ્ધ ભાંખુ. ॥ ૧ ॥ ગુરુ ગણપતી સરસ્વતી શીષ નામું, સદ બુદ્ધિ વાણીનો પ્રશ્ન પામું. ॥ ૨ ॥ હૃદય ઉપન્યો અભીલાખ, બાંધુ નાગ દમન ગુજરાતી ભાંખ, ॥ ૩ ॥ કાળી નાગનું નાગ દમન કહેવાય, અને દડા કારણે દેવ જમનામાં ઝંપલાય. ॥ ૪ ॥ ત્યારે શું છે દડાનું કામ હો મહારાજ. મેલો છોકરા વદયા, ગોવાળ વાળે છે આજ ॥ ૫ ॥ તુજ વીના નિંદ્રા દહી કેમ ધરશે, સુણી વાતને જસોદા માત મરશે. ॥ ૬ ॥ કહ્યું ગોપનું શામળો ન માને, અને ગૃહી ગેડી હાથમાં

લીધી કાને, ॥ ૭ ॥ કસી અંબોડો શ્રીમાળી નાથ બેઉ હાથે મારે છે તાલી. ॥ ૮ ॥ જે પગ રાખ્યો છે વૈકુંઠ નાથે, અને બાંધી વાંસળી કેળ સંગાથે ॥ ૯ ॥ કીધો નાથ ઉન્મત ક્રોધ આણી, અને કુદયો કાન ચઢ્યું ચંદ્ર કંપ રાણી ॥ ૧૦ ॥ બાળકના ચરણથી શીષ જપે, અને ચળે ચરંત્ર નખેત્ર ભાણ કંપે. ॥ ૧૧ ॥ મેરૂ પર્વત સર્વે ડોલીયા. દેવતા મર્યાદા મેલી બોલીયા. ॥ ૧૨ ॥ તળાતળ રસતળનું જળ બાહેર આવ્યું, નવનાગનું કુળ બીવરાવ્યું. ॥ ૧૩ ॥ જે વાલે ત્રિલોકનો ભાર ઉપડાવ્યો, તે વાલો જમનાજીમાં ઝંપલાવ્યો. ॥ ૧૪ ॥ રૂએ બાળક ને લોચને નીર પડે, અને કાંઠે બેસીને ગોપ સર્વે રડે. ॥ ૧૫ ॥ સુખ સાંભરે શામળે દુઃખ દીધું. જસોદાને બેટે જળવિખે શું કીધું. ॥ ૧૬ ॥ બેઠા બારણે સર્પને વનમાળી, મુખે બોલે ક્યાં ગયો નાગ કાળી. ॥ ૧૭ ॥ મુખ મરડે ને હાથ તરછોડે, દેખી નાગીણી મળી ટોળે ॥ ૧૮ ॥ કોઇને પાય ઘુઘરી કાંબી, કોઇની છુટે કેષે ને કોઈની વેણ લાંબી ॥૧૯॥ કોઇને હૃદયે હીમ હાર હાલે, કોઇ મુખ ગજેન્દ્રની ચાલ ચાલે. ॥ ૨૦ ॥ કોઇને ઝળકે ચુડો દીપક જ્યોતી, કોઈ ને નાકે નીર્મળ મોતી ॥ ૨૧ ॥ કોઇને ચરણે ચોર પેરી નીરખે, માથે મણીધર ઝળકે ને દેખી બાળક ને ઘણી હરખે. ॥ ૨૨ ॥ દેખી બાળકને હીંડે સામી, પૂછે નાગણી નાથને શીષનામી ॥ ૨૩ ॥ તારૂં રૂપ જોતાં ને મોહ પામી, દીષે ચૌદ લોકનો સ્વામી ॥ ૨૪ ॥ ધન માત પિતા જેણે પુત્ર જાયો, સુખીતાનો લાડકવાયો. ॥ ૨૫ ॥ કરમાં ગેડી ને સર મોર વેણ ધરી, આંખડી રાતી નીરખે સર્વે નારી, ॥ ૨૬ ॥ બોલે બાળક હીંડે લક્ષણ પૂરે, જેમ નાકનું મોતી અધુરે ॥૨૭॥ તારૂં મુખ જોતાં ક્ષુધા તરસ ભાગે, આપું બેસવા નામી અંગે ॥ ૨૮ ॥ જાગે કાળીનાગ બોલો છાના શું છે કામ, તે કહે નાગણી શાંભળો શ્યામ ॥ ૨૯ ॥ નાથ આવતા કેમ નહી બીના, અને મોટું પાત્ર દીસો રંગ ભીના. ॥૩૦॥ કોઈ કહે રાખીએ પાસે, અને કોઇ કહે એની માત પીતા મરી જશે. ॥ ૩૧ ॥ બાઇએ બાળક બ્રહ્માએ નથી ઘડીઓ, ધન્ય માત પિતા જેને પેટે પડીયો ॥ ૩૨ ॥ બ્રીગુણ લક્ષણ શીવ રૂડો આહે, નીરખે નારી પદમ દીસે છે પાયે. ॥ ૩૩ ॥ કરમાં સાંકળાં પાયે ઘુઘરી વાગે, તારી છબી જોઇને આનંદ લાગે. ॥ ૩૪ ॥ ઝીણી ધાબળી બાંધી કેડ તાણી, અને ગૃહે ગેડી હાથમાં ક્રોધ આણી. ॥૩૫॥ ભાઇ તું ભૂલો પડયો કો અજ્ઞાને આવ્યો, કાળી ધરોમાં કેમ ઝંપલાવ્યો. ॥ ૩૬ ॥ સુણી નાગણી વાણી એમ ભાંખે, પડયો જમના વિખે કોણ કામ પાંખે ॥ ૩૭ ॥ સેને ઓળખે સુંદરી નંદને નામે, જમના તીરે વસું ગોકુળ ગામે. ॥ ૩૮ ॥ જસોદા માતને નંદ

તાત, મારી બેલ છે બળભદ્ર ભ્રાત ॥ ૩૯ ॥ શ્રીકૃષ્ણ નામ છે મારૂં, અને આહેર જાતીએ ધેન ચારૂં. ॥ ૪૦ ॥ પીજે ભાવતા દુધ વળી છાશ, કરૂં છણકલા ને રમું રાસ ॥ ૪૧ ॥ અમુલખ દડો છે નીર માંહે, ને કયાં છે નાગ ખોળે શ્રીકૃષ્ણ ત્યાંહે. ॥ ૪૨ ॥ કોણુ ઠામ વસે સર્પ કાળી, વનરા વન ની વેલ પરજાળી. ॥ ૪૩ ॥ મારૂં નીર્મળ જળ વખ કીધું, અને આગળ માણસને બહુ દુઃખ દીધું.॥ ૪૪ ॥ જસોદાના પે પાનનું બળ દેખાડું, કાળી નાગને ધરો થકી કાઢું. ॥૪૫॥ એવા વચન સાંભળી નાગણી હસી લે તાળી,તારી કેડ નો લટકો જોને કેમ જીતીશ નાગકાળી. ॥ ૪૬ ॥ કોઇ દાડે કાળી નાગ સાંભળ્યો કાને, તો ભોળા શામળા અહીં આવ્યો શાને. ॥ ૪૭ ॥ નથી તારી સાથે યોદ્ધા બળીયા સુરા, સાથે અમે માન માંગુ તારા કુશળ માટે. ॥ ૪૮ ॥ કાળી નાગની ફુંકેથી ગગન ફાટે, તે માટે પાછા વળી જાવ ભોળા નાથ. ॥ ૪૯ ॥ વલણ ॥ નાગણી તું ખોળા પાથરી માન માંગે, અને સર્પણી લાગે પાય રે, તેમ તેમ શામળીયો મુછ મરડીને. અરે સર્પના ભવનના ભણી જાયરે, ॥ ૫૦ ॥ કડવા ॥ ૨ ॥ મોટા બોલ ન બોલીયે સર્પ સાંભળશે, બાઈ અટકાવો ને જઈ કમાડ બાળક છળશે રે. ॥ ટેક ॥ લાડકવાયો છે લાડકો અને ઉદ્દમાદ છે જળ ગોવાળનો રે, એ દૂધલ મલ્ল કોનું કહ્યું ન માને. અને સુતા નાગને જગાડે રે, મોટા બોલ ન બોલીયે સર્પ સાંભળશે, બાઇઉં અટકાવો જઈને કમાડ, બાળક છળશે રે. ॥ ૧ ॥ કાળી નાગથી કાળજ કંપે, અને કંપે છે જેમ કંકરરે, સેહસ્ત્ર ફેણ જીતી કેમ શકાશે, ઘેલ્લા, નંદ કુમારરે, મોટા બોલ ન બોલીયે સર્પ સાંભળશે, બાઈ અટકાવો જઈ ને કમાડ, બાળક છળશે રે. ॥ ૨ ॥ મુલ તારૂં વિચારી જોને, તું તો ઉદય થયો આજ કાલ, મારા કંસને ઘેર ગોરસ લઇ જતાં, તારા નંદને માથે પડી છે તાલ, મોટા બોલ ન બોલીયે, સર્પ સાંભળશે, બાઇઉં અટકાવોને જઈ કમાડ, બાળક છળશે રે. ॥ ૪ ॥ કડવાં ॥ ૩ ॥ બાઇ તું વારો છો શેને રે બાળક ઘેલ્લડો દીષે. ॥ ટેક ॥ એ તે કહ્યું કોનું નમાને, એ તો સેહસ્ત્ર ફેણનો સાંસ રે, સેહસ્ત્ર ફેણમાં લેશે લટપટીને, તો કુશળ કયાંથી જાશેરે, બાઇ વારો છો શેને રે, બાળક ઘેલ્લડો દીષે. ॥ ૧ ॥ એના માઠા સમાચાર સાંભળીને, એની માતા પિતા મરી જશે, કહે નાગણીયું વાંણી, તારે પછે શું કરશે રે, બાઇ વારો છો શેને રે, બાળક ઘેલડો દીષે. ॥ ૨ ॥ એણે સંઘ કીધો છે જડ ગોવાળાનો, ટાઢી રાબ શીરાવી રે, પીનારો પશુવાં ચારે તે બુદ્ધિ કોની લાવેરે, બાઈઉં વારો છો શેને રે બાળક ઘેલ્લડો દીષે. ॥ ૩ ॥ એ કહ્યું કોનું ન માને,

વઢવાને મહા દસીયો રે, એમ કહે પ્રભુ પરમાનંદ સીતા પતિ, જઈ મંદીરમાં ધસીયોરે, બાઇઉં વારો છો શેને રે, બાળક ઘેલડો દીષે. ॥ ૪ ॥ કડવાં ॥ ૪ ॥ નાગના સન્મુખ શામળીયો તરત્વ થયા, ત્યારે ગોવાળા સર્વે ગોકુળમાં ગયા.॥૧॥ ત્રાયા ત્રાયા કરીને કરગરે, સું બેઠા છો નંદજી બાળક કહે રે. ॥ ૨ ॥ મહા વસમે વાત થઇ કાળાં ધરે, નંદજી ત્યાં ધરણી ઢળી પડે. ॥ ૩ ॥ શ્રી કૃષ્ણે જમનામાં ઝંપલાવ્યું તત્કાળ, વહારતાં વહારતાં ચઢયા કદમ વૃક્ષની ડાળ. ॥ ૪ ॥ પુત્ર તમારો ગયો પાતાળ, અને દડા કારણ નાથવા નાગ. ॥ ૫ ॥ એવી વાત શુણતાં નંદજી પડયા ઢળી, આવી મુર્છા પાછી વળી. ॥॥ ૬ ॥ જેમ કવાઢે કાપે કડલી, તેમ જસોદા ધરણી પર ઢળી. ॥ ૭ ॥ મલી ગોપી સોળ હજાર વનરાવન, પછાડે અંગને કરે કલ્પાંત. ॥ ૮ ॥ રૂએ જસોદા કલપના ઘણી, કયારે નંદજી ધાયા જમનાજી ભણી. ॥ ૯ ॥ વાછરૂ વિના જેવી ગાવડી, ને શ્રી કૃષ્ણ વીના તેવી માવડી, ॥ ૧૦ ॥ જેમ રાંકને વાટેથી લુટી લીધા નાથે, એવે રૂપે ધાયા જસોદાજી માત. ॥ ૧૧ ॥ ત્રાયા ત્રાયા કરેને જાય, પડે ધરણીને બેઠાં થાય. ॥ ૧૨ ॥ ધરો ઉપર ચઢી જુએ સૌ કોઇ, જે ઠામે ઝંપલાવ્યું તે ઠામે ફરીફરી જુએ. ॥ ૧૩ ॥ દેખાડે ગોપ કરગરી, આ ઠામે ઝંપલાવ્યું શ્રી હરિ. ॥ ૧૫ ॥ એટલે ચઢી જસોદા ઝંપલાવાને ધાય, બળભદ્ર રાખી સાય. ॥ ૧૫ ॥ ગૌ બળ નંદજીનું ઉપમાં કરી, રૂએ જસોદા ગુણ ઓચરી. ॥ ૧૬ ॥ કડવાં ॥ ૫ ॥ મારૂં માણકણું રીસાઇ ગયું, શામળીયા, મારો કયારે દેખું વનમાળી રે, શામળીયા. ॥ ૧ ॥ વલણ ॥ કાળા ધરાનું કાળું પાણી, માંહે વસીયો નાગ કાળી, હવે આશા શી મળવા તણી, મારો કયારે દેખું વનમાળી રે, શામળીયા મારૂં માણકણું રીસાઈ ગયું, શામળીયા, મારો કયારે દેખું વનમાળી શામળીયા, તારા મનમાં એ શું આવ્યું, શામળીયા. ॥ ૨ ॥ સુલતાન રૂપી ધન છે મોટું કરમે લીધું લુંટી, જતન કરી મેં જાળવ્યું નહિ, મારૂ રતન પડયું છે છુટી રે, શામળીયા, મારૂં માણકણું રીસાઈ ગયું શામળીયા, મારો કયારે દેખું વનમાળી રે, શામળીયા, તારા મનમાં એ શું આવ્યું રે, શામળીયા. ॥ ૩ ॥ હું પુત્ર પામીછું છેલ્લે અવસરે ઉછેર્યો પ્રતિપાળ, નિપનો રસ તે ઢળી ગયો, મને વિયોગે અંગે બાળીરે, શામળીયા, મારૂં માણકણું રીસાઈ ગયું, શામળીયા, મારો કયારે દેખું વનમાળીરે, શામળીયા, તારા મનમાં એ શું આવ્યું, શામળીયા. ॥ ૪ ॥ તારે નાકે મોતી ને પાયે ધુગરી, ને મોર મુગટ ઘેર ગીરધારી, ફરીફરી હું કયાંથી દેખું, હરિ આવે ગૌ ચારી ચારીરે, શામ-

ળીયા, મારૂં માણકણું રીસાઈ ગયું, શામળીયા, મારો કયારે દેખું વનમાળી રે, શામળીયા, તારા મનમાં એ શું આવ્યું રે. ॥ ૫ ॥ કાને કુંડળ મુખમાં મોરલી, સાંજે એકલો આવે, ભૂખ્યો છું કહીને પેટ દેખાડે, મને માડી કહીને બોલાવે રે, શામળીયા, મારૂં માણકણું રીસાઇ ગયું, શામળીયા, તારા મનમાં એ શું આવ્યું રે, શામળીયા, કસી કેડ પીતાંબરની બાંધે, મુજકને નેતરાં માંગે, હું ઘરડી માતા થકી જાણી, મને મૈડાં વલોવાં લાગેરે, શામળીયા, મારૂં માણકણું રીસાઈ ગયું, શામળીયા, મારો કયારે દેખું વનમાળી રે, શામળીયા, આ તારા મનમાં શું આવ્યું રે, શામળીયા. ॥ ૭ ॥ તું પરમેશ્વર તુજ વિના ગોપી દઈ કેમ ધરશે, બાળક સખાની કોણ ગતી, તારી ગાઉં હીંસી હીંસી ને મરશે રે, શામળીયા, મારૂં માણકણું રીસાઈ ગયું, શામળીયા, મારો કયારે દેખું વમમાળી રે, શામળીયા, તારા મનમાં એ શું આવ્યું રે, શામળીયા. ॥ ૮ ॥ ઉંડા જળમાં વાસો વસીયો, ને તુને પાણીમાં કેમ ગમશે, તારા મોર, પોપટ, ને પુતળી, એણે રમણકે કોણ રમશે રે. શામળીયા, મારૂં માણકણું રીસાઇ ગયું, શામળીયા, મારો કયારે દેખું વનમળી રે, શામળીયા, તારા મનમાં એ શું આવ્યું રે, શામળીયા. ॥ ૯ ॥ કઠણ કષ્ટ અને તેથી કઠણ પાષાણ, તેથી કઠણ છે લોઢું, વજર તોળે કાળજું મારૂં, તે લોકને શું દેખાડું મોઢું રે, શામળીયા, મારૂં માણકણું રીસાઈ ગયું, શામળીયા, મારો કયારે દેખું વનમાળી રે, શામળીયા, તારા મનમાં એ શું આવ્યું રે, શામળીયા. ॥ ૧૧ ॥ કંઇ તું ગયો છો ને હું જીવું છું, તે ઓછા સગપણ માટે, સાચું વાલપણ તેનું કહીએ, સાંભળતાં હૈડું ફાટે રે, શામળીયા, મારૂં માણકણું રીસાઇ ગયું, શામળીયા, મારો કયારે દેખું વનમાળી રે, તારા મનમાં એ શું આવ્યું રે. ॥ ૧૧ ॥ તે ખંત કીધી છે દડો લાવવાની તારા મનમાં દુઃખ ના આવ્યું રે, એક વાર અનુલેખ બાંધ્યો તે સાંભળીને જમનામાં ઝંપલાવ્યો રે, શામળીયા, મારૂં માણકણું રીસાઇ ગયું, શામળીયા, મારો કયારે દેખું વનમાળી રે, શામળીયા, તારા મનમાં એ શું આવ્યું, શામળીયા. ॥ ૧૨ ॥ ગાય ગોવાળને નંદ જસોદા, વ્યાકુળ થાય વૃજની નારી, ચાર ઘડી પછે સર્વે પડશું, એમ હૃદય રાખે વારી વારી રે, શામળીયા, મારૂં માણકણું રીસાઈ ગયું, શામળીયા, મારો કયારે દેખું વનમાળી રે, શામળીયા, તારા મનમાં એ શું આવ્યું રે, શામળીયા. ॥ ૧૩ ॥ કડવાં ॥ ૬ ॥ સુખદેવ કહે સાંભળ પ્રીખત ભુપ, જાણ્યું વૃજ વાસીનું દુઃખ. ॥ ૧ ॥ ગૌ ગોપીને ધીરજ આપવા, હરિએ મોરલી લીધી હાથમાં. ॥ ૨ ॥

નીજ ભક્તને આનંદ પમાડવા, સુતા કાળી નાગને જગાડવા. ॥ ૩ ॥ ગૃહીને ત્યાં વેણ વાયે, ચૌદલોકમાં શબ્દ પોતો ધાયે. ॥ ૪ ॥ બાઈ વધામણી વધામણી કહે સર્વે નારી, અને ક્ષેમ કુશળ છે દેવ મુરારી. ॥ ૫ ॥ પાતાળ માંહે વેણ વાય, અનેક જીવુંના કલ્યાણ જ થાય. ॥ ૬ ॥ તારે નંદ જસોદા બેઠા થયા જાણ, ત્યારે ઠામ આવ્યા છે પ્રાણ. ॥ ૭ ॥ ત્યારે ગાય ગીત વૃજની સુંદરી, સુણી નાદને સુરભી હસે ઘણી, ॥ ૮ ॥ ગોવાળા જળ વિખે જુએ નીશે, જેણે આઠમ શામળીયો હશે. ॥ ૯ ॥ જે વાંસળીએ વૃજ લોકને અમૃત પાઇ, આવે ઘનમાળી તો મળીએ ધાઇ ॥ ૧૦ ॥ મોર શબ્દ કીધો વનમાળી, ત્યારે ભડકી ઉઠયો નાગ કાળી. ॥ ૧૧ ॥ ત્યારે નાગણીઉં સર્વે સાથે, હવે આ બાળકની શી ગતી થાશે. ॥ ૧૨ ॥ કેમ જીવશે એની માત અને તાત, ચુણી સાત ને જીવ કરશે કલ્પાંત, ॥ ૧૩ ॥ કહે ભોજંગને ભામીની, દયા કરો તમે દીન જાણી, ॥ ૧૪ ॥ એ છે રંક નંદકુમાર પ્રાણી, એમ નાગણીયું બોલે વાણી ॥ ૧૫ ॥ ત્યાં શ્રીકૃષ્ણ રૂપ લઈ, હવે નાગનું કુળ નાખું ખોઇ. ॥ ૧૬ ॥ કાળી નાગ સેહસ્ત્ર પુંફ વાળે, ગોવિંદજી બીતા નથીને વાંમળીશું ઘવારે, ॥ ૧૭ ॥ ગૃહી ગેડી હાથમાં બાળે વેશ, આઘો પાછો ખસી હોહા કાર કરેને હસે ॥ ૧૮ ॥ નાગ ઉપર શામળીઓ જશે. ને કરી ક્રોધ ને ફેણ ઉપર વશે. ॥ ૧૯ ॥ ત્યાં જયેષ્ઠા વાગે ઘણી, અને ખંડીત પામો મણી. ॥ ૨૦ ॥ ઉઠયો કાળી કાળ સરખી એંધાણી, આવ્યો ક્રોધે બાળક ભણી. ॥ ૨૧ ॥ રાગ દોયરો ॥ ચંદ્રને જેમ રાહુ ઢાંકે, અને સુર્યને જેમ મેઘ, તેમ કાળી નાગની ફેણ મદે, શામ-ળીયાની દેહ, ॥ ૨૨ ॥ જેમ માણેક જળમાં રહ્યું, મહાવનમાં ચંદન છોડ, કાળી નાગના ગુંછાળા મદે. બીરાજે શ્રી રણછોડ. ॥ ૨૩ ॥ લખમી વર લીધો લટપટી કર્યો ફેણનો ફુદકાર, વીખ જવાળ થકી વીખ ઉછળે, વરસે હલહલ એંગાર ॥૨૪॥ એ છટકી છબીલો નીસરે અને ધર્યું ચતુર્ભુજનું રૂપ, ફેરને ગેડી મોરલી વગાડે દેખાડે કરડું રૂપ. ॥ ૨૫ ॥ શ્રીકૃષ્ણની પુંઠળ ફેરવે ફેણ મણીધર રાય, ફુંફવાડા ભાંખેને ઝડપો નાખે, ત્યારે શ્રી હરિ નાના મોટા થાય, ॥ ૨૬ ॥ ચુવે રાલંધરને કરે કુદકારા, રવિ મણી શીશ તાર, ॥ ૨૭ ॥ ઉભા અંબાર ને કરે હોહાકાર જગદીશ, જીભ્યા કાઢે ને ચંદુ ફાડે, દેખાડે દાંતને ધ્રુજે શીષ. ॥ ૨૮ ॥ મુખ મરડેને આંખો ત્રોડે, મરડે અંગ અપાર, હાક છંછેડી નીકળે, ને કરે ગેડીનો પ્રહાર. ॥ ૨૯ ॥ પછે રીશ કીધીને દોટ જ દીધી. લીધા બાથમાં નંદકુમાર, વનમાળી નાગ કાળી અને દેહ સંભાળી ધાય તે વાર. ॥ ૩૦ ॥ પાતાળ ગાજેને ઢીક વાજે, અને બીરાજે

વૈકુંઠ નાથ, અડવડે ને હેઠા પડે પછે ધડ ધડ જમના સંગાથ, ॥ ૩૧ ॥ પાછી પાની કોઇ નવ કરે, અને યુદ્ધ બહુ થાય, ચાર ઘડી યુદ્ધ થયા પછી કોપ્યો અયોધ્યાનો રાય, ॥ ૩૨ ॥ પછે અંગ ઉપર કીધો પ્રહાર, મોહ પડયો મૂર્છા ખાઇ, ગેડી વેગે સહસ્ત્ર નાગ ફાડયાં, કીધું પરાક્રમ ત્યાંય. ॥૩૩॥ નાગ નાથ્યો દોરડે, ઉપર પ્રભુજી થયા અસ્વાર, હમળ કમળ પાતાળમાં મોટા નંદકુમાર. ॥ ૩૪ ॥ લઈ દોરડે નાગ હંકાર્યો પુંઠે નાગણીયોનો સાથ, નાગણીયું સર્વે ટળવળે, સ્વામી મૂકો અમારો નાથ. ॥ ૩૫ ॥ અમે કયાં ભીખશું સ્વામી મારા, અને પ્રભુ આપો એ વાત, શ્રી કૃષ્ણ કહ્યું કોઇનું સાંભળે નહિ, હવે કહે નાગણીયું સંગાથ. ॥ ૩૬ ॥ કહ્યું ન માને કૃષ્ણજી, અને પુંઠે સર્વે નાગણીયું નાર, જગ જયકાર ગોપીયું કરે, પ્રભુ નિસર્યા જળથી બહાર. ॥ ૩૭ ॥ પોતાના જનહાર તોડી, મુક્તા ફળે વધાવે, વેગળા રહી સહુ અસ્તવે, ને પાસે કોઈથી ન અવાય. ॥ ૩૮ ॥ મુકો અમારા નાથને, નાગણીયું સઉ કોઈ યાચે, કાળી નાગની ફેણ ઉપર, કૃષ્ણ થઈ થઈ નાચે. ॥ ૩૯ ॥ ગોવાળા સૌ કોઈ વેણ વજાડે, અને ગીતો ગાય સૌ બાળી. દેવતા જય જયકાર કરે, નાચે વગાડે તાળી. ॥ ૪૦ ॥ અતરંગ નાચે અપસરા, ગાય ગોપીઉં ગીત, શપ્તઋષિ અસ્તુતી કરે નાથ્યો નાગને કીધું નરીત. ॥ ૪૧ ॥ એકંધરને ક્રોધ ચઢયો, વીંટી શ્રી કૃષ્ણની દેહ, શરમમાં જેમ શામળો, અને જેમ ચંદ્રમાં ઢાંકે મેહ. ॥ ૪૨ ॥ ચુડ મીંડ નખસીખ લંગે, કરે ગોપીયું હોહોકાર, શ્રી કૃષ્ણને પૂછે કરમાં ગેડી, ચાંપ્યો ફણીધર ને ભાર. ॥ ૪૩ ॥ શરીર પુષ્ટ કીધું ઘણું, અને તડતડે નાગનું અંગ, જીભ્યા કાઢી પડયો કાળી, સરપાણીયું કરે સ્નાન. ॥ ૪૪ ॥ નાગણીએ નીજ બાળક મેલ્યાં, શ્રી કૃષ્ણને ખોળે, અમુ રંક ઉપર કરો દયા, એમ નાગણીયું બોલે. ॥ ૪૫ ॥ ઘણું ઓતમ પણું કીધું, ઉતાર્યો એનો ગર્વ, જે દી સ્વામી મારો અને સંધનો હોતો શ્રાપ. ॥ ૪૬ ॥ સ્વામી તે હવે અહંકાર એનો ઉતારીયો, અને ખાધો છે બહુ માર, અમુ રંક ઉપર કરો દયાય, તમે કીરપાનંદ કુમાર. ॥ ૪૭ ॥ ગોપીયું સર્વે અસ્તુતી કરે, અને વીનવે જશોદાજી ધરણીધર શીષ, સર્વેની અસ્તુતી સાંભળીને, અને પ્રભુ ઉતર્યા જગદીશ. ॥ ૪૮ ॥ શ્રી કૃષ્ણ કંઠે આરોપ્યા, નાગણીએ કમળનો હાર, શ્રી કૃષ્ણ કીરપાએ કાળી ઉઠયો, ને કરે સર્વે દંડ પ્રકાશ ॥ ૪૯ ॥ નાગને શ્રી કૃષ્ણ કહે, આ સ્થાનક મુકીને જાતું બીજે ઠાય, સર્પ કહે કહો કયાં વસું, મુજને ગરૂડજી ખાઈ જાય. ॥૫૦॥ શ્રી કૃષ્ણ કહે તું અમર થયો, અને ફેણ ઉપર ફર્યા અમારા પાય, આ ધારોને જળ નીર્મળ કરીને, જા તું રમળદ્વીપ

મોઝાર. ॥ ૫૧ ॥ ત્યાં તુને ગરૂડજી નહિ દમે, કૃપા કીધી શ્રી કૃષ્ણ રાય, પરિવાર સાથે પરવર્યો, ગયો રમણ દ્વીપ મોઝાર. ॥૫૨॥ નિર્મળ જળ થયું જમના તણું, મલ્યો વેદ નંદ કુમાર, રાય પૂછે સુખદેવને, એક સંદેહ છે મન ને હાર. ॥ ૫૩ ॥ કાળી નાગની જવાળ થકી, બહુ વૃક્ષ થયાં છેદન વાર, કદમ વૃક્ષ કેમ રહ્યું, તે વદો વ્યાષ કુમાર. ॥ ૫૪ ॥ ત્યારે વ્યાષ કુમાદ વાણી વદે; સાંભળો પ્રીખત રાય, જે તેં પૂછયું, તેનો કહું મહીમાય. ॥૫૫॥ એકવાર ગરૂડજી અમરા પુરી માંહેથી, અમૃત પાન કરીને કરવા આવ્યો તો ભક્ષ, તે અમૃત ભરેલી ચાંચ કદમે ઘસી, ને અમર થયું તે વૃક્ષ. ॥ ૫૬ ॥ રાય પ્રીખત પ્રસન્ન થયો, સંદેહ ટળ્યો સત્ય, એક સંદેહ હૃદયમાં રહ્યો, અને પરછો પરીતત. ॥ ૫૭ ॥ નાગ દમન જે સાંભળે, વૃદ્ધા જોબન ને બાળ તેને સર્પનો ભય વાપે નહિં, અને કૃપા કરે શ્રી ગોપાળ. ॥ ૫૮ ॥ આઠમું ચરિત્ર સંપૂર્ણ થયું, ઓત્તમ નાગદમન, પરીક્ષીત પ્રસન્ન થયો, અને સમજ્યો અંઃતસકરણ. ॥ ૫૯ ॥ વલણ ॥ મોહ પામ્યો મહીપતી, અને સુણી જુગપતીનો મહીમાય, ભટ બ્રહ્માનંદ કહી કથાય, ને થયો સાઠમો અધ્યાય, નાગ દમન સંપૂર્ણ છે સહી, સંવંત ૧૯૧૬ વર્ષે માગશર વદ બીજને વાર રવી. ગ્રંથ લખાવત કાકાદેવજી ॥

સંપૂર્ણ

———*———

નવમો મોટો

શ્રી બુદ્ધા અવતાર

શ્રી સત્યગોર બ્રહ્મા વાચા સત્ય છે

જ્યારે નવમો અવતાર શ્રીહરિયે લીધો સહી, ત્યારે બુદ્ધા રૂપે ફારસી કહી. ॥ ૧ ॥ તહાં બુદ્ધા રૂપે ફારસી બોલ્યા છે મીર, તેને હાથે શીંગ બરછી તરવારને તીર. ॥ ૨ ॥ મરોડ કેશ પાગ બાંધી શિસે સધીર, પગે સેત સુરવાળ પહેરી છે મીર. ॥ ૩ ॥ નવમે રૂપે હરિ બુદ્ધા અવતાર, મુગ્લાઇ રૂપ લીધું મુરાર. ॥ ૪ ॥ મુખ ચંચા પગ વંકા જાણ, પગે ખાસ ખુસ પેહેરી દીવાન. ॥ ૫ ॥ છરી કટારી બાંધી તરવાર ને તીર, કમાન ખાંધે ચડાવી છે મીર. ॥ ૬ ॥ ગલત્ર કોડ શરીરે વહે, તેની પાસે કોઈ ઉભું નવ રહે. ॥ ૭ ॥ દ્રઢ ગંધ ગંધાએ શરીર, એસો રૂપ લીઓ શ્રીજીએ સધીર. ॥ ૮ ॥ શ્રી મુખે પારસી હરિ ત્યાં કહે, તે પાસે કોઇ ઉભું નવ રહે. ॥ ૯ ॥ વિકટ રૂપ લીધું જદુ રાએ, શ્રીજી તે પાંડવ દ્વારે જાએ. ॥ ૧૦ ॥ જ્યારે વિકટ રૂપ હરિનું દેખાએ ત્યારે પાંડવ દ્વારે ઉભા છે રાએ. ॥ ૧૧ ॥ ત્યાં પાંડવ યજ્ઞ હોમજ કરે, અને બેઠા બ્રાહ્મણ વેદ ઓચરે. ॥ ૧૨ ॥ લાગ્યો કલિ-યુગ ને દ્વા પર ગયો, સર્વ દેવ ઋષિ ગુપ્ત હોઇ રહ્યો. ॥ ૧૩ ॥ કલિયુગ માંહે બહુ પાપ કહેવાએ, દેવ ઋષિવર એથી છોડયા ઠાએ. ॥ ૧૪ ॥ ત્યારે યુધિષ્ઠિરે કર્યો વિચાર, પૂંછો બ્રાહ્મણને વેદનો સાર. ॥ ૧૫ ॥ સુણો બ્રાહ્મણો યુધિષ્ઠિર જો કહે, કૌરવનું પાપ અમ શિર કેમ રહે. ॥ ૧૬ ॥ ક્ષોણી અઢારની હોઈ છે ઘાત, તેનો તમ શિર ચડિયું છે પાપ. ॥૧૭॥ સુણોરે બ્રાહ્મણ પુંછું ભેદ. એ પાપ તણો કેશો હોએ નિષેધ. ॥ ૧૮ ॥ કહે બ્રાહ્મણ સુણો હો રાએ, માંડો હોમ યજ્ઞ આણે ઠાએ.

॥ ૧૯ ॥ સવા શહસ્ત્ર બ્રાહ્મણ વોહોરજો હો રાએ, મન ઇચ્છત ભોજન દેજો સત્ય-ભાએ. સોવણ પાત્ર સવાસેહસ્ત્ર દેજો નિત્ય, એશો યજ્ઞ કરજો એક ચિત્ત. ॥ ૨૧ ॥ એશો બ્રાહ્મણોએ કહ્યારે ભેદ. તો હોએ પાપ તણો નિષેધ. ॥ ૨૨ ॥ ત્યાં બ્રાહ્મણ વચને પાંડવ ભૂલ્યા જાએ, ત્યાં માંડયો હોમ યજ્ઞ તેણે ઠાએ. ॥ ૨૩ ॥ યુધિષ્ઠિર ક્ષણુ રળિયાત થાએ, ઘેર ઘેર ઓચ્છવ મંગળ ગવાય એ, ॥ ૨૪ ॥ ત્યારે તેડી સેદેવને પૂંછી પેર. ભીમને મોકલો બ્રાહ્મણાને ઘેર. ॥ ૨૫ ॥ ઓચરે ભીમ પાંડવ યજ્ઞ કરે શુદ્ધી ભેદ, ત્યાં બ્રાહ્મણ નોતર્યા ચારે વેદ. ॥ ૨૬ ॥ આવ્યા બ્રાહ્મણ અસત્ર બહુ દ્રોડ, આવી ઉભી પાંડવ દ્વારે પ્રહોડ. ॥ ૨૭ ॥ ત્યાં રચી ભદ્રાશણ ને બેઠા ધર્મરાએ, તહાં બ્રાહ્મણને હેમના દાન દેવાએ. ॥ ૨૮ ॥ ત્યાં અન્ન, પાણી, વસ્ત્રનો નહિ લેખ, જ્યાં ભાવતા ભોજન સોવણ મુંદ્રા એક. ॥ ૨૯ ॥ અન્ન પાણીનાં, જ્યાં પ્રવાહ વહે, ત્યાં રાએ મોકલ્યા ભીમ પોલે રહે. ॥ ૩૦ ॥ તેડી ભીમને રાએ શિખામણ દેએ, માંગે પાણી તેને પાજોરે પેએ. ॥ ૩૧ ॥ આવે અભ્યાગત તેને દેજો માન, તેની કરી પુજાને દેજો એ દાન. ॥ ૩૨ ॥ ત્યાં બ્રાહ્મણ વચન બોલ્યા સાર, તમે સુણો યુધિષ્ઠિર કહું વિચાર. ॥ ૩૩ ॥ એક ચંડાળ આ-વશે આણે ઠામ, તે તો યજ્ઞનું ફેડાવશે સર્સે કામ. ॥ ૩૪ ॥ તે ચંડાળ આવી અંહીં કરશે નાદ, તે યજ્ઞ માંહે આવી કરશે ઉત્તપાદ. ॥ ૩૪ ॥ એ યજ્ઞ તણો ઠ્વંશ જો કરે, એશો જોતિષ હમારો ઓચરે. ॥ ૩૫ ॥ રાએ પોલે પોલિયા મેલો સાર, ભલા બુરા કોઇ નાવે આણે ઠાર. ॥ ૩૬ ॥ ત્યારે ભીમસેનને બોલાવ્યા તેણી વાર, પોલે રખવાલા મેલો દ્વાર, ॥ ૩૭ ॥ તેને દ્વારે ભીમ ઉભા આગેવાન, દ્વારમાં ભલો બુરો કોઈ આવે ન જાણ. ॥ ૩૮ ॥ જહાં પાંડવ હોમ યજ્ઞ જો કરે, તહાં બેઠા બ્રાહ્મણ વેદ ઓચરે. ॥ ૩૯ ॥ તે બ્રાહ્મણ વચન બોલ્યા સાર, ત્યાં લગી શ્રી બુદ્ધા આવ્યા દ્વાર. ॥ ૪૦ ॥ તહાં નવમે રૂપે હરિ પાંડવ દ્વારે જાએ, બ્રાહ્મણ વચને ભુલ્યા પાંડવ યજ્ઞ કરાએ. ॥ ૪૧ ॥ જ્યાં ગદા સહીને ભીમ પોલે રહ્યા, ત્યાં યજ્ઞ જાણી અભ્યાગત આવીયા. ॥ ૪૨ ॥ દ્વારે જઇ ભીમ બેઠા છે તત્ક્ષણુ, દેખી શ્રી હરી રુપને અચંબે ઘણું. ॥ ૪૩ ॥ વિકટ રૂપ લેઇ હરી આવ્યા છે જાણ, પણ શ્રી-જી મુખથી બોલે અમૃત વાણ. ॥ ૪૪ ॥ કલિયુગ સંઘે બ્રાહ્મણ ભુલ્યા જાણ, ખબર અવતાર પાત્રની ના જાણે નિર્વાણ. ॥ ૪૫ ॥ તહાં વિકટ હરિ રૂપને દેહી ગંધાએ, પણ સ્વામીની દ્રષ્ઠ સામું નવ જોવાએ. ॥ ૪૬ ॥ દુષ્ઠ ગંધ ગંધાએ હરિનું શરીર. એશો રૂપ લિઓ યદુનાથ શ્રી હરિઅ. ॥ ૪૭ ॥ ત્યાં મહા વિકટ રૂપ ભીમ

જુએ જ્યાં નેણ, ત્યારે ભીમસેન બોલે છે અચંબે ત્યાં વેણ. ॥ ૪૮ ॥ ત્યાં ભીમે સત્ય વાણી કહી, અને ક્રિયા પાલે તે સત્ય ધર્મિ છે સહી. ॥ ૪૯ ॥ તુજ કાયા મધે જીવ જીવે છે કોણ મર્મ, તને કોણ પાપ લાગ્યું છે આ દુષ્ટ કર્મ. ॥ ૫૦ ॥ ત્યારે બોલ્યા છે શ્રી બુધ્ધા રૂપે હરિ વાણ, રાજા હમકું આગે દીયોને તમ જાણ. ॥૫૧॥ ભાઇ તમ યજ્ઞ જાણી આવ્યો છું એ, પણ ક્ષુધાર્થિ ભૂખ્યો છું અપરંપાર, ॥ ૫૨ ॥ હું છું સત્ય ક્ષુધાર્થિ ભૂખ્યો અપાર, હું યજ્ઞ જાણી આવ્યો યુધિષ્ઠિરને દ્વાર. ॥૫૩॥ હું માગું અન્ન ને દેખું રાજા દિદાર, ત્યાં જઈ યજ્ઞ હોમનો શું વિચાર. ॥ ૫૪ ॥ ભાઈ તમે હાજર હોએ તો આપો જેહ, હરિ કહે જેમ દુર્બલને આપો તેહ. ॥ ૫૫ ॥ ભીમ કહે પોલે રખવાલો રહ્યો છું હુંએ, તેતો સહી કરીને ચંડાલ માનજે તુંએ. ॥ ૫૬ ॥ ભાઈ આ ભોજન વેલા થઈ છેરે આએ, ત્યાં પ્રાતુશકાલે પછી શું મળીએ જાએ. ॥ ૫૭ ॥ ઓચર્યા ભીમ તમે અહીં નક્કી ઉભા રહો, જે કાંઇ વસ્તુ જોઇએ તે મુજને કહો. ॥ ૫૮ ॥ માગો તે આલુ અન્નને ખપેતે આલું રે દાન, આલું હસ્તી ઘોડા વાહન નિધ્ધાન. ॥ ૫૯ ॥ ઓચરે અભ્યાગત ભીમ તુને ઘટે છે એહ, ભાઈ આ હમારી દુર્બળ છે દેહ. ॥ ૬૦ ॥ હમારે ના જોઈ-એ અન્ન ને ના જોઇએ દાન, ના જોઇએ ઘોડા હસ્તી તોખાર વાહન, ॥ ૬૧ ॥ હરિ કહે હમારે તમ ભોજનશું નહિ કામ, પણ મને દિયોને રજા યુધિષ્ઠિર પાસે જાણ. ॥ ૬૨ ॥ જે આ રૂપની શંકા આણો છો તમો, પણ એ શંકા છેદવા આવ્યો છું હમો. ॥ ૬૩ ॥ હમે રાજા સત્યવાદી સાંભળ્યો છે ઘણું, તે કરે છે દર્શન અભ્યા-ગત તણું. ॥ ૬૪ ॥ ભીમ કહે ચંડાળ! વચન સુણજે તુંમુએ, આગે જાણેકી રજા નહિ દેવાએ તો એ. ॥ ૬૫ ॥ તહાં રાજા યુધિષ્ઠિર યજ્ઞ જો કરે, અને બેઠા બ્રાહ્મણ વેદ ઓચરે. ॥ ૬૬ ॥ જ્યાં હોમ યજ્ઞ તણું આરંભજ હોએ, ત્યાં તુજ ચંડાળ મુખનાં દેખે કોએ. ॥ ૬૭ ॥ બોલ્યાં શ્રી બુધ્ધા ભીમ વચન સુણ માંએ, સર્વ ચંડાળની વાત કહું છું હું તોએ. ॥ ૬૮ ॥ આજ સર્વ બ્રાહ્મણ દિશે છે અશુદ્ધ, તે અવતાર પાત્રકી નાં જાણે શુદ્ધ. ॥ ૬૯ ॥ તે પેટને કાજે વાંચે જુના ઠાવા વેદ, અને રૂપ હમારાને કરે નિષેધ. ॥ ૭૦ ॥ ત્યારે શ્રી બુદ્ધ બોલ્યા વિખ્યાત, ચંડાળ તણી કહું ભીમ તુને વાત. ॥ ૭૧ ॥ એ બ્રાહ્મણ માંહેથી બ્રહ્મા ગયા, તે અવતાર પાત્ર શ્રી મહામંત થયા. ॥ ૭૨ ॥ આ સર્વ બ્રાહ્મણ વાંચે હમારા વેદ, અને તે તો રૂપને અમારાને કરે નિષેધ. ॥ ૭૩ ॥ જે આજ ઠાલા વેદની વાણ જો કહે, અને તે હરિ અવતાર કી શુદ્ધ નાં લહે. ॥ ૭૪ ॥ જે આજે અથર્વ વેદકીનાં જાણે વાણ,

તેને ચંડાળ ભીમ પ્રતક્ષ લેજો તમે જાણ. ॥ ૭૫ ॥ જે અવતાર કો જે યુગમાં વારો વહે, તે અવતાર પાત્રકી બ્રાહ્મણ શુધ્ધ નાં લહે. ॥ ૭૬ ॥ આપ સ્વાર્થમાં જે દુષ્ટ મનજો ધરે, તે પાપી હરિ અવતારની ખંડના કરે. ॥ ૭૭ ॥ આપ સ્વાર્થે એતો જુંઠું ભેળી ભણે, તે તો મોક્ષ મુગતકી મને શુધ્ધ નાં ગણે. ॥ ૭૮ ॥ ભાઇ એથી આગલ બ્રાહ્મણ એશા હોએ, તે મહા લંપટ કપટી ને નિર્લજ સોએ. ॥ ૭૯ ॥ નહિ હરિ શું નેહને વાંચે નિત્ય વેદની વાણ, અથર્વવેદ માને નહિ તે ચંડાળ લેજો જાણ. ॥ ૮૦ ॥ જે વાંચે ઠાલા વેદને ખાલી તિર્થે જાએ, પાણી પથ્થર પુજે તે પાવન નહિ થાએ. ॥ ૮૧ ॥ આ તેમણે જુઠો યજ્ઞ મંડાવ્યો છે સોએ, તે લોભ સ્વાર્થે સત્ય ધર્મનાં બૂજે કોએ. ॥૮૨॥ કહે ભીમ ત્યાં હે ચંડાળ ! સુણ આએ, યજ્ઞ સ્થાને ભલા બ્રાહ્મણ ક્ષત્રી બેઠા જાએ. ॥ ૮૩ ॥ તે તો સર્વે આચાર-હીશે છે ઘણા, એ પણ સાંભળે વેદ એ બ્રાહ્મણ તણા. ॥ ૮૪ ॥ ત્યાં ત્રણે વેદની રચનાં એકમેક હોએ, ત્યાં તમ ચંડાળ મુખતો નાં દેખે કોએ. ॥ ૮૫ ॥ ત્યારે શ્રી હરિ કહે ભીમ વચન સુણતુ મોએ, સર્વ ચંડાળ તણી વાત કહું છું હું તોએ. ॥ ૮૬ ॥ આ ક્ષત્રી બ્રાહ્મણ હોઇ મન દયા ધરે, અને બ્રહ્મ જ્ઞાન, સત્ય ધર્મની નિંદા કરે. ॥ ૮૭ ॥ હે ભીમસેન ! સત્ય વિના કોઈ શુધ્ધનાં હોએ, એવા કારણે બ્રાહ્મણ ચંડાલતે લેજો જોએ. ॥ ૮૮ ॥ એ ત્રીકાળી સંધ્યા તો બ્રાહ્મણ કોઇક કરે, અને વળી તે ચોથી સંધ્યાકી ખબર નાં લહે. ॥ ૮૯ ॥ ભીમસેન ! જે ચોથા વેદ કી ના જાણે વાણ, તેને રાજા ! ચંડાળ સહી લેજો જાણ. ॥ ૯૦ ॥ ભીમ ! દ્વાપર અંતે ત્રણ વેદ જો પુરા થયા, અને આઠ અવતાર તો શ્રી હરિનાં ગયા. ॥ ૯૧ ॥ આજ નવમે રૂપે આવ્યો છું જોએ, તે, મને બ્રાહ્મણ વળી નહિ માને કોઇ. ॥૯૨॥ હે ભીમ ! એ ચંડાળ બ્રાહ્મણ મહા અજ્ઞાન, તે મારા બુદ્ધ અવતારનો ખંડે છે નામ. ॥૯૩॥ સુણો આ સત્ય વાત ભીમ અમો તણી, હું માંગુ છું અન્ન જે ક્ષુધા વ્યાપી છે ઘણી. ॥ ૯૪ ॥ જો મુજ દુર્બળને વિધિએ દેશો રે દાન, તોજ આ યજ્ઞ સફળ હોશે સત્ય જાણ. ॥ ૯૫ ॥ ત્યાં ભીમસેન મન ચિંતા કરે છે જોએ. એતો દીશે છે અવતાર પાત્ર સહી કોએ. ॥ ૯૬ ॥ એમની કાયા કરૂપ બાહેર દીશે છે ઘણી, પણ વચન તો બોલે જેમ વૈકુંઠનો ધણી. ॥ ૯૭ ॥ સુણોરે યોગિશ્વર ભીમ કર જોડીને કહે, સંક્ષે એશો એક મારા મનમાંહે રહે. ॥ ૯૮ ॥ ક્ષત્રી મહાજનમાં કહો કોણ ચંડાળ ? મારો સંક્ષે છેદજો હો ! દીનદયાળ. ॥ ૯૯ ॥ બોલ્યા શ્રી બુધ્ધા ભીમ સુણો વિખ્યાત, ક્ષત્રી ચંડાળ તણી કહું હું તોએ વાત. ॥ ૧૦૦ ॥ જે ક્ષત્રી

હોઇ મનમાં દયા ધરે, તે બાંધી હથિયાર ને જીવ હિંસા કરે. ॥ ૧૦૧ ॥ જે વાછરૂ વિન્યાની વાળે રે ગાએ, તે તો વસ્ત્ર પરાયાના લે છીનાએ. ॥ ૧૦૨ ॥ વળી અતી અભિમાન કરે મન માંહે, ભાઇ બંધ ભલો દેખ્યો નાં સેહવાએ. ॥ ૧૦૩ ॥ તે કઠોર વદશે અતિત બાંધવને વેણ, માણસ મારતાં તો જરાએ ના કરશે કેણ॥૧૦૪॥ હે ભીમ ! તે ક્ષત્રી ચંડાળ ભૂલ્યા વેદ જાણ, તેને ચંડાળ ભીમસેન ! સહી પ્રમાણ. ॥૧૦૫॥ જે ક્રોધી બાળે વનને દુષ્ટ વાળે ગાએ, તેને પર જીવ મારતાં દયા નહિ થાએ. ॥ ૧૦૬ ॥ આ જીવની કાજે પર જીવની હિંસા કરે, બ્રહ્મ જ્ઞાન મન માંહે તે નવહી ધરે. ॥ ૧૦૭॥ મનમાં અતી કુડ, કપટી વિરોધી હોએ, ચંડાળ ભીમ! તેને લેજો સહી કરી જોએ. ॥ ૧૦૮ ॥ બાંહ્ય આચાર કરેને અડસઠ તિર્થ જાએ, અવતારને ના ઓળખે તે કદી પવીત્ર ન થાએ. ॥ ૧૦૯ ॥ આવી સત્પંથમાં ને તે ના પાલે વેદ ધર્મ, ઉલટાં ચોર, ધુતારા, દહિંતનાં કરે કર્મ ॥૧૧૦॥ પૂરી દશાંશ ન આપે ને બ્રહ્મ કણ ખાએ, પોતે હાલના ગુજારે ને ગત્માં નાં જાએ. ॥ ૧૧૧ ॥ ન પીએ અમીને ન શિખે જ્ઞાનની વાણ, તેને તું ચંડાળ ભીમ ! સહી લેજો જાણ. ॥ ૧૧૨ ॥ સત્પંથ લેઈને જે પરહરે હરીનાં પાએ, મુખી ગત્ની નિંદા કરી દશાંશ ઘેર ખાએ. ॥ ૧૧૩ ॥ વલી તે નીસાની વેલાએ હાજર થાએ, હે ભીમ ! તે ચંડાળ જીવ કેમે પાવન નાં થાએ, એવા સુણી વચન ભીમ અચંબે હોએ, આતો અવતાર પાત્ર દીસે છે કોએ. ॥ ૧૧૫ ॥ અગમ નીગમની સર્વ કરે છે વાત, કાયા છે એવી પણ પ્રાણ મહા વિખ્યાત. ॥ ૧૧૬ ॥ કહે ભીમ સુણોરે હો દેવ દીન દયાળ ! મહાજન જાતમાં કહેજો કોણ ચંડાળ ? ॥ ૧૧૭॥ કહે શ્રી બુદ્ધા સુણો ભીમ વિખ્યાત! મહાજન ચંડાળ તણી કહું તોએ વાત. ॥ ૧૧૮॥ મહાજન હોઇ મનમાં કરે અભિમાન, જે માલ તોલતાં દિલ ના રાખે ઠામ. ॥૧૧૯॥ લેતી વેળા તે છાનું ઘણુરૂં લીએ, અને દેતી વેળા કપટે થોડેરૂં દીએ. ॥ ૧૨૦ ॥ તે કરે અભિમાન ને વખાણે આપ, તે એવી ડાંડી તોલ્યાનું મહા છે પાપ. ॥ ૧૨૧ ॥ જે દયા ધર્મ ક્ષમાકી ના કરે વાણ, તે મહાજન ચંડાળ છે ભૂલ્યા જાણ. ॥ ૧૨૨ ॥ કહે ભીમ તમે સુણો યોગિશ્વર દયાળ ! એ મનુષ્ય જાતમાં કોણ ચંડાળ ? ॥ ૧૨૩ ॥ તે એવો સંક્ષે મોએ કહેજો દયાળ ! જે એવા કોણ કરમથી હોય ચંડાળ? ॥ ૧૨૪ ॥ કહે શ્રી બુદ્ધા સુણો ભીમ ! વિખ્યાત, તે મનુષ્ય ચંડાળ તણી કહું તોએ વાત. ॥ ૧૨૫॥ જે દયા ધર્મ, ને ના આણે ક્ષમા મન્ન, તે તો સુવે નિંચિંત્તા ને પોતાનું પોષે પિંડ. ॥ ૧૨૬ ॥ જે કોઈ પાપી માત પિતા સામો હોઈને લડે, તે તો પાપી

૧૭

દુષ્ટ ચંડાળ દોજક માંહે પડે. ॥ ૧૨૭ ॥ જે પર જીવ મારી સ્વાદે પેટ પોતાનું જો ભરે, અને પરનારી શું દુષ્ટ સંગમ્ કરે. ॥ ૧૨૮ ॥ જે નર પારકું ધુતીને આપેરે ખાએ, તે પણ પાપી નર ચંડાળ દોજક જાએ. ॥ ૧૨૯ ॥ પુરૂષ એક ને વળી તે સ્ત્રી કરે રે દોએ, એકશું અતી પ્રીત રાખે તે સોએ. ॥ ૧૩૦ ॥ પહેલી કલકલે ને દિલે માંહે લાવે દુઃખ, તે એવા પાપી ચંડાળ નર મુવેનાં ન પામે મુક્ષ. ॥ ૧૩૧ ॥ તે ચંડાળ તો નિશ્ચે દોજક માંહે જાએ, તેનાં પૂર્વજો કદીએ પાક ના થાએ. ॥૧૩૨॥ જે નર કન્યા તણો દ્રવ્યજ પોતે જ લહે, અને વિશ્વાસ ઘાત કરી વિષે જો દેહ. ॥ ૧૩૩ ॥ વણ વાયકે કોઈ પર ઘેર જમવા જાએ, જે ત્યાં જઈ જુંઠું બોલીને મીઠું ખાએ. ॥ ૧૩૪ ॥ જીભ સ્વાદે જે કોઇ પર જીવને હણે, ખાએ માંસ અને તે દુષ્ટ દોષ ના ગણે. ॥ ૧૩૫ ॥ જુઠી ગવાહી પૂરે ને ચઢાવે આળ, હે ભીમસેન! મનુષ્ય જાતમાં તે ચંડાળ. ॥ ૧૩૬ ॥ જે સદ્‌ગોર બ્રહ્માની હોએ આલ, તેનો જે કોઇ ચોરી ખાસે બ્રહ્મ કણ માલ. ॥ ૧૩૭ ॥ જેણે દ્વિધા વચનને દેખાડયા શ્રી હરિ, તે શું મુનિવર હોલે પ્રપંચ કરી. ॥ ૧૩૮ ॥ જેણે લીધા ધર્મ ને પરહરે શ્રી હરિના પાએ. તે પાપી ચંડાળ જીવ નિશ્ચે નર્કમાં જાએ. ॥ ૧૩૯ ॥ આપણને અક્ષર એક શીખાડે નર જેહ, તેને તો ગુરુ કરીને સત્ય માનવો તેહ, ॥ ૧૪૦ ॥ જે કોયે જુઠા સમ લાલચે હરીનાં ખાએ; તે ચંડાળ જીવ કદીએ પાવન નાં થાએ. ॥ ૧૪૧ ॥ મનુષ્ય એક બીજાની નિંદા કરે જે સાર, જે પર નિંદા કરે તે તો છે મહા ચંડાળ. ॥ ૧૪૨ ॥ ત્યારે ભીમ કહે સુણોરે દેવ દયાળ! ચોપગા અને પક્ષીમાં કોણ ચંડાળ? ॥ ૧૪૩ ॥ કહે શ્રી બુદ્ધા સુણો ભીમ વિખ્યાત, ચોપગા અને પક્ષી તણી કહું તો એ વાત. ॥ ૧૪૪ ॥ ચોપગા માંહે શ્વાન, ગર્ધવ ને શિયાળ, પક્ષી જાત માંહે એક કાગ ચંડાળ. ॥ ૧૪૫ ॥ કહે ભીમ સુણો હે યોગિશ્વર દીન દયાળ, સ્ત્રી જાતમાં કોણ ચંડાળ. ॥ ૧૪૬ ॥ કહે શ્રી બુદ્ધા સુણ ભીમ વિખ્યાત, સ્ત્રી ચંડાળ તણી કહું તોએ વાત. ॥ ૧૪૭ ॥ જે સ્ત્રી હોઈને પર પુરૂષ શું રમે, અને ઘરકો પુરૂષ દેખ્યો નવ ગમે. ॥ ૧૪૮ ॥ એક છોડીને દુજા પર પુરૂષને જાએ, તેથી ચંડાળ સ્ત્રી દુજી કોઇ નહિ આએ. ॥ ૧૪૯ ॥ જે સ્ત્રી હોઇને નવરી પર ઘરે ભમે, અને ઘરકો કામકાજ દેખ્યો નવ ગમે. ॥ ૧૫૦ ॥ જે નાર પુરૂષ તણો નાં કરે રે કહ્યો, તેથી નિત્ય ઉઠીને નર સંતાંપે રહ્યો. ॥ ૧૫૧ ॥ જે સાસુ સસરાકી ના રાખે લાજ, તે નણંદ જેઠાણી શું કરે વીખવાદ. ॥ ૧૫૨ ॥ જે સાસુ સસરકો નાં કરે નાર કેણ. તે નણદ જેઠાણી કો ના રાખે વેણ. ॥ ૧૫૩ ॥ જે જુઠું બોલીને ચઢાવે પર આળ,

સ્ત્રી જાતમાં તે, હે ભીમ ! ચંડાળ. ॥ ૧૫૪ ॥ જે વિધવા નાર હોઇને વકરમ કરે, અને તે માઈ બાપકી લાજ નવ ધરે. ॥ ૧૫૫ ॥ જે નારી પાડે પેટને ને બાળક હણે, તે મન માંહે શંકા કશી નવ ગણે. ॥ ૧૫૬ ॥ જે સ્ત્રી કુળ લજાવે ને વેધે બાળ, આજ એછે સ્ત્રી જાતમાં મહા ચંડાળ. ॥૧૫૭॥ જે સ્ત્રી હોઇને પુરૂષકી સેવ ના કરે, અને કુડું બોવતાં શંકા નવ ધરે. ॥ ૧૫૮ ॥ વ્રત ધર્મ ના કરે, ને બોલે આળ, સાંભળો ભીમ ! સ્ત્રી જાતનાં તે ચંડાળ.॥૧૫૯॥ સુણે યોગીશ્વર ભીમ કર જોડી કહે, સ્વામી સંક્ષે એક મારા મનમાં રહે. ॥ ૧૬૦ ॥ હવે તે સંક્ષે મોંએ છેકેજો દીન દયાળ, મનુષ્ય જાતિ મા કોણ મધ્યમ ચંડાળ. ॥ ૧૬૧ ॥ ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા વિખ્યાત, મધ્યમ ચંડાળ તણી કહું તોએ વાત. ॥૧૬૨॥ જે સાચ વિના હરિની પૂજા કરે, દ્વારેથી અભ્યાગત નિરાશ પાછા ફરે. ॥૧૬૩॥ દયા, ધર્મ, વેદ, ક્રીયા ના પાળે જેહ, મહા મધ્ધમ ચંડાળ કહીયે નર તેહ. ॥ ૧૬૪ ॥ જે વેચે દહીં, દુધ, મદ્ય ને માંશ, અને બોલે બહુને કરે વણાશ. ॥ ૧૬૫ ॥ જે વ્યાજ સવાયા દેવે નર જેહ, મહા મધ્ધમ ચંડાળ કહિયે તેહ. ॥ ૧૬૬ ॥ એક હરિની ભક્તિ મન માહે ધરે, અને બીજો આવી મન ભંગ જો કરે. ॥ ૧૬૭ ॥ દાન, પુન, ધર્મ કરતાં નર જેહ, મહા મધ્ધમ ચંડાળ કહીયે તેહ. ॥ ૧૬૮ ॥ જે કોઇ પશુ, ઢોર, નર પાલે જેહે, ચાર પાણીની તેની ખબર નાં લેહે. ॥ ૧૬૯ ॥ તેતો ભુખ્યા તર્ષ્યા બહુ દુઃખ સહે, આપની વેદના તે તો કોને કહે ? ॥ ૧૭૦ ॥ એ નર તો થાયે મહા મધ્યમ તેહ, હૃદયે પરવેદના નાં જાણે જેહ. ॥ ૧૭૧ ॥ ઋષિવર હોઇને દુનિયામાં ખાએ, પછે તે ગુરૂ પોતાના પરહરી જાએ. ॥ ૧૭૨ ॥ અને જ્ઞાન, ધર્મની નીંદા કરે નર જેહ, મહા મધ્યમ ચંડાળ કહીએ તેહ. ॥ ૧૭૩ ॥ જે રાખી થાપણ ને મકરે નર જેહ, મહા મધ્યમ ચંડાળ કહીએ તેહ. ॥ ૧૭૪ ॥ નર જેહ જુઠું બોલી ચડાવે આળ, મહા મધ્મમ પાપી તે નર છે ચંડાળ. ॥૧૭૫॥ જે રાજા બ્રાહ્મણનું અન્ન જો ખાએ, અને જે ક્રિયા બારમુ જમવા જાએ. ॥ ૧૭૬ ॥ જીવને ફાંસી દઇને મારે નર જેહ, તે મહા મધ્યમ ચંડાળ કહીયે તેહ. ॥ ૧૭૭ ॥ જે કામણ ટુમણ રૂષિવર કરે, તે પરને વેદના દઈ પેટ પોતાનું ભરે. ॥ ૧૭૮ ॥ પાડે સ્ત્રી ગર્ભને જે વેગે બાળ, મહા મધ્ધમ કહિયે તે નર ચંડાળ. ॥ ૧૭૯ ॥ જે ધર્મિ હોઇને નાં પાલે ધર્મ સુવે નિચિંતા ને કરે કુડા કર્મ. ॥ ૧૮૦ ॥ હાજ્ઞનાં નિમડે તે ગત્‌માંનાં જાએ, દશાંશ ન દેવે ને દુનિયામાં ખાએ. ॥ ૧૮૧ ॥ એ મુખે નામ હરિનું નાં લેવે જેહ, મહા મધ્યમ ચંડાળ કહીએ તેહ. ॥ ૧૮૨ ॥ જે પાંચ માસ સ્ત્રી ગર્ભ જો ધરે,

અને તે નારીશું જે પુરૂષ સંગમ કરે. ॥ ૧૮૩ ॥ પશુ ખાશી કરાવે નરરે તેહ, મહા ગધ્ધમ ચંડાળ કહિયે તેહ. ॥ ૧૮૪ ॥ ઘણુ આદરે જે નર જમવારે જાએ, કરજ લેઈને વલી જે મુક્કર થાએ. ॥ ૧૮૫ ॥ વણુ વાંકે સ્ત્રીને પરહરે નર જેહ, મહા મધ્ધમ ચંડાળ કહિયે તેહ. ॥ ૧૮૬ ॥ માત પિતા થઇ બાળકને વેચે જેહ, મહા મધ્ધમ ચંડાળ કહિયે તેહ. ॥૧૮૭ ॥ ત્યારે ભીમ કહે સ્વામી પુછુ એક જોણુ, સ્વામી ! મનુષ્ય જાતમાં ઉત્તમ કોણુ ? ॥૧૮૮॥ ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા વિખ્યાત, ઉત્તમ તણી કહું હું તોએ વાત. ॥ ૧૮૯ ॥ જે પ્રાણીને સદ્ગોર બ્રહ્માજી મળ્યા, તેને આવા ગવનના ફેરા ટળ્યા. ॥ ૧૯૦ ॥ હાલ વાયક ખરા દશોંદી નર જેહ, મનુષ્ય જાતમાં ઉત્તમ કહીએ તેહ. ॥ ૧૯૧ ॥ જે સદાએ ભજન ધ્યાન હરિકા કરે, અને બ્રહ્મ જ્ઞાન તે મન માંહે ધરે. ॥ ૧૯૨ ॥ નિત્ નિત ગત્માં મલે નર જેહ, મનુષ્ય જાતમાં ઉતમ કહીયે તેહ. ॥ ૧૯૩ ॥ દયાવંતા ક્ષમાવંતા જે નર હોઇ, એ ક્રિયા ચાલીસ પાલે નર સોઇ. ॥ ૧૯૪ ॥ હવા હિસર વશારે નર જેહ, મનુષ્ય જાતમાં ઉત્તમ કહીયે તેહ. ॥ ૧૯૫ ॥ ઈંદ્રિ સ્વાદ પર હરે નર જેહ, કામ ક્રોધ મન વશ કરે નર તેહ. ॥ ૧૯૬ ॥ પાંચ તત્વકો ભેદ જાણે નર જેહ, મનુષ્ય જાતમાં ઉત્તમ નર તેહ. ॥ ૧૯૭ ॥ ગોર નરનાં વચન શિર ઉપર ધરે, અને ગુરૂ કહે તે નિશ્ચે કરે. ॥ ૧૯૮ ॥ સત સંતોષી ક્ષમાવંતા નર જેહ, મનુષ્ય જાતમાં ઉત્તમ કહિયે તેહ. ॥ ૧૯૯ ॥ જે નર જીવત મૃતક હોઈને રહે, સુખ દુઃખ દિલનાં હરિ શું કહે. ॥ ૨૦૦ ॥ અહોનિષ હરિ નામ નાં વિશારે જેહ, મનુષ્ય જાતમાં ઉત્તમ કહિયે તેહ. ॥ ૨૦૧ ॥ જે માત પિતાની ભાવે ભકિત કરે, ને કુડ કપટ સર્વે મનથી પર હરે. ॥ ૨૦૨ ॥ સર્વ ગત્ કુંટુંબનો સેહેવે શીર ભાર, વિષ્ણુ ભકિત ઉપર સદા રાખે પ્યાર. ॥ ૨૦૩ ॥ અને પેર વેદનાં આપ સહે નર જેહ, મનુષ્ય જાતમાં ઉત્તમ કહિયે તેહ. ॥ ૨૦૪ ॥ ગત્ લોકમાં જેનો જશ ઘણેરો હોય, રતી અવગુણનાં બોલે મન્ન કોએ. ॥ ૨૦૫ ॥ વાચ, કાચ્છ, દ્રષ્ટે નિર્મલ નર હોએ, નાત પરનાતે ગુણ બોલે સર્વ કોએ. ॥ ૨૦૬ ॥ દયા, ધરમ, ક્ષમાવંતા નર જેહ, મનુષ્ય જાતમાં ઉત્તમ કહિયે તેહ. ॥ ૨૦૭ ॥ ભીમ કહે સુણો યોગિશ્વર દયાળુ દેવ, સ્વામી એક વાતનો પૂંછું હું ભેવ. ॥ ૨૦૮ ॥ સ્ત્રી જાતમાં કહેજો તે ઉત્તમ કોણુ ? સ્વામીએ સંક્ષે અમને કેહજો ક્ષોણ. ॥ ૨૦૯ ॥ ત્યારે કહે શ્રી બુદ્ધા સુણો ભીમ વિખ્યાત ! ઉત્તમ સ્ત્રી તણી કહું તોએ વાત. ॥ ૨૧૦ ॥ જે સ્ત્રી હોઈ સ્વ પુરૂષની સેવામાં રહે, જે વચન કહે તે શિર ઉપર ધરે. ॥ ૨૧૧ ॥ જે સતી હરિ

સેવા ના વિશારે નિત્ય, ક્રિયા ચાલીસ પાલે તે એકે ચિત્ત. ॥ ૨૧૨ ॥ દાનવંતી દયાવંતી ક્ષમાવંતી રહે જેહ, સ્ત્રી જાતમાં ઉત્તમ કહિયે તેહ. ॥ ૨૧૩॥ ॥ જે સ્ત્રીના હૃદય નિર્મળ જ્ઞાન, ને સાસુ સસરા કો રાખે માન. ॥ ૨૧૪ ॥ કુડું બોલે તો નાં આણે કાળ, જુવો સદ લક્ષણી જેવું નાનેરૂં બાલ. ॥૨૧૫॥ નીચી દ્રષ્ટિને હસમુખી હોય નાર જેહ, સ્ત્રી જાતમાં જે ઉત્તમ કહિયે તેહ. ॥ ૨૧૬ ॥ જે સ્ત્રી હરિની સેવા વિના અન્નનાં ખાએ, દ્વારેથી અભ્યાગત જેને પાછોનાં જાએ. ॥ ૨૧૭ ॥ થોડા માંહેથી થોડેરૂં દેવે જેહ, અને સદા કાલ સત્યવંતી કહિયે તેહ. ॥ ૨૧૮ ॥ જે ધરમ કરતાં ના કરે કેણ, શોભે સ્ત્રી જાતમાં મહા ઉત્તમ તેણે. ॥ ૨૧૯ ॥ જે સ્ત્રી પોતાના પુરુષની સેવામાં રહે, અને સુખ દુઃખ દિલનાં હરિને કહે. ॥ ૨૨૦ ॥ જે સ્ત્રી હરિની સેવા કરે નિત્ય, તે મહા સત્યવંતી નિર્મલ ચિત્ય. ॥ ૨૨૧ ॥ મત્ નમી નમી ચાલે જેહ, અને કહિયે સ્રી જાતમાં ઉત્તમ તેહ. ॥ ૨૨૨ ॥ ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા છે એહ, સુણો ભીમ સત્ય કહું હું તેહ. ॥૨૨૩॥ કહે શ્રી બુદ્ધા સાંભળો વિખ્યાત, અઢાર વરણની કહું હું તોએ વાત કલિયુગનાં બ્રાહ્મણ હોશે જેટલા, એ તો ધર્મ હીણા થાશે સર્વ તેટલા. ॥ ૨૨૫ ॥ એ વેદ તણો તો તજશે અભ્યાષ, તે તો કરશે નિત્ય ઉઠી પરાઇ આશ. ॥ ૨૨૬ ॥ શોદ્રાદિક્‌ની એતો કરશે નિત્ય સેવ. વળી સંધ્યા, ત્રપણ, તજશે વાશુદેવ. ॥ ૨૨૭ ॥ એતો કરશે છલ, કપટ, ચેટક બહુ નિષેદ, તે તો મહા શત્રુ સમ વેહરી ગણસે વેદ. ॥ ૨૨૮ ॥ તે તો રાજાનું પ્રતિગ્રહ લેશે ઘણું, એથી તે લેશે સ્વ શિષ પાતક પણું. ॥ ૨૨૯ ॥ તજસે સ્વધર્મ ને સંધ્યા સાર, તે જઈ સેવકને ઘેર કરશે આહાર. ॥ ૨૩૦ ॥ ગજ, રથ, ભોમી છોડસે ભાર, લેશે રશાણ, લોહ, પાષાણ તે સાર. ॥ ૨૩૧ ॥ અને જે ભણશે વેદ જઈ શુદ્રને ઘેર સ્વધર્મ આચાર મૂકશે ને નહિલે તેની પેર. ॥ ૨૩૨ ॥ પોતે ચોરી ચાડીનો કરશે વિચાર, તે પોતે તજશે સ્વધર્મ તણો વ્યવહાર. ॥ ૨૩૩ ॥ ભૂલી ભાન શુદ્ર તણા પશુ તો તે ચારશે, અને પોતાનાં લાલચે ભૂખે મારશે. ॥ ૨૩૪ ॥ વળી શુદ્ર તણા, બાલક તે તો રાખશે, એને પોતાનાં બાલક અધર્મે હાંકશે. ॥ ૨૩૫ ॥ અનેકને ઘેર એકીવેળા જમવા જશે, અને તે બીજા પ્રતે વડવાડ માંડશે. ॥ ૨૩૬ ॥ શુદ્ર તણી ક્રિયા શ્રાદ્ધ અવેદે સારસે, લોભે પોતે બ્રાહ્મણને જઈ મારશે. ॥ ૨૩૭ ॥ શુદ્ર તણું ત્યાં હેતે દયણું દળે ત્યાં રાંધે રાંધણું તે જમવા મલે. ॥ ૨૩૮ ॥ પોતે ગર્ધવની પેરે વેહેશે ભાર, મન માંહે ધરશે અતી અહંકાર. ॥ ૨૩૯ ॥ શુદ્ર તણા રસોડે કરશે સર્વે પાક, પ્રેમે નાના વિધના કરશે

તે તો શાક. ॥ ૨૪૦ ॥ પ્રથમ પોતે તો શુદ્રને ધીરજે પીરશે, અને પોતે કેડેથી જમતા દીશસે. ॥ ૨૪૧ ॥ દાસી દસ બીજા જાણે હોયે છે જેમ, કલજુગનાં બ્રાહ્મણ જાણજો એમ. ॥ ૨૪૨ ॥ રાજા થાશે પાછલા તેવી પરજા જેહ, દુષ્ટ કર્મે અંતે નરક પામશે તેહ. ॥ ૨૪૩ ॥ ન દીએ દાન, નેમ, ને કરશે સાર સ્વાદ, તે શુદ્ર ઘેર જઈ કરશે આશિર્વાદ. ॥ ૨૪૪ ॥ તે પર હેરૂ કરીને દેસે અન્યને આલ, ત્યાં સોબતે વીશરશે શ્રી ગોપાલ. ॥ ૨૪૫ ॥ કન્યા તણું તો લેશે અતીઘણું ધન્ન, કરશે ધીરજે છલ ગમતાં બહુ મન. ॥ ૨૪૬ ॥ પર આગણે વિપ્ર જમવા બેઠા જાએ, વાદે વણુ-દયા વિરોધ કરશે વિશ્વાએ. ॥ ૨૪૭ ॥ એવા વિપ્ર કલજુગમાનાં હોય જેહ, તે દુષ્ટ ક્રિયા એ નર્ક પામશે સર્વ તેહ. ॥ ૨૪૮ ॥ કહે શ્રી બુદ્ધ સુણો ભીમશેન કાએ, જે પુંછો તો તે સર્વ કહું સત્ય ભાએ. ॥ ૨૪૯ ॥ ભીમ કહે સ્વામી સાંભ-લીએ સોએ, કળયુગ તણા ક્ષત્રી હવે કેવાં હોએ? ॥ ૨૫૦ ॥ ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા વિખ્યાત, અને ક્ષત્રી તણી કહું હું તોએ વાત. ॥ ૨૫૧ ॥ કલયુગના ક્ષત્રી ચોરીએ વાવસે ગાએ, પૂંઠે મલેચ્છ તેને મૂકાવા જાએ. ॥ ૨૫૨ ॥ બ્રાહ્મણની સ્ત્રી કરશે અધર્મે કુડા વેપાર, અને ઉતારી તે લેશે પરના શણગાર. ॥ ૨૫૩ ॥ અને તે મદ્ય માંશનો કરશે આહાર, ઘરમાંથી ધર્મ તણો જાશે આચાર. ॥ ૨૫૪ ॥ લોભે સેવા શુદ્રની કરશે અપાર, અને સ્વામીને મારશે હથિયાર. ॥૨૫૫। બહુ આળશુ થઈ બેઠા હશે, તે રાજા શવલા દુઃખિયા થશે. ॥ ૨૫૬ ॥ ગૌ બ્રાહ્મણ સ્ત્રી શુદ્ર જેહ, અને બેઠા નિંદા કરશે તેહ. ॥ ૨૫૭ ॥ કુપાત્રને દાન આપે હાથે આડે, અને શુપાત્રને મારી કાઢે. ॥ દ૫૮ ॥ અહંકારથી સૌ કદળી વન છેદશે. તિર્થ તણો તો માર્ગ ભાગશે. ॥ ૨૫૯ ॥ નિશાએ બાળશે પુરને ગામ, અંતે તે તો પામશે નર્કમાં ઠામ. ॥ ૨૬૦ ॥ :એવા સર્વ કરમ કરશે સહી, કળયુગનાં ક્ષત્રીયોની વિગત કહી. ॥ ૨૬૧ ॥ શ્રી બુદ્ધા કહે સુણો ભીમસેન રાએ! કલયુગના ક્ષત્રીનો કહ્યો મહિમાએ. ॥ ૨૬૨ ॥ કહે ભીમ સાંભળીએ મહારાજ! કલિયુગે કેવા મહાજનનાં કાજ? ॥ ૨૬૩ ॥ ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા વિખ્યાત, કલી મહા-જન તણી કહું તોએ વાત. ॥૨૬૪॥ મહાજન તે તો કપટે વેચશે ગાએ અને કુડા વણુઝ કરશે સત્ય ભાય. ॥ ૨૬૫ ॥ કુડા વણુઝ અને કુડા વેપાર, કુડા વૈશ્ય સર્વ તણા આચાર. ॥ ૨૬૬ ॥ કલયુગ તણા શુદ્ર ધર્મિં જેટલા, અજ્ઞાને દં-ભિક થાશે તેટલા. ॥ ૨૬૭ ॥ સેવા હરિની ને મૂકે ધર્મ આચાર, અને દાન તણો નાં લંભે પાર. ॥ ૨૬૮ ॥ ઉત્તમ તિર્થે જાશે થઈ ભેળા, પણ ત્યાં રશોઈ જમશે

એકલા. ॥ ૨૬૯ ॥ જપસે હરિ હરિને તોલશે માલ, એકની નિંદા ને દુજાને કરશે. વ્હાલ. ॥ ૨૭૦ ॥ એવા આચાર કરશે તે બહુ, ત્યાં કુળ લજાવી જાશે વહુ. ॥૨૭૧॥ પરણી અબલાને છાંડશે, અને પરસ્ત્રી શું ઘર માંડશે. ॥૨૭૨॥ ગળી વાવશે ખેડ-જ કરી, પછી વલોવશે કોઠાઓ ભરી. ॥ ૨૭૩ ॥ ગળી તણા અખાડા જેહ, અનેક જીવની હિંસા તેહ. ॥ ૨૭૪ ॥ તે તણું ધન્ન એકઠું થાશે, ત્યારે પાપ ઉપર માનજો વેશ. ॥ ૨૭૫ ॥ આદર વાડી કરશે અતી ઘણા, ધરશે અહંકાર અતી તેની નહિ મણા, ॥ ૨૭૬ ॥ ઘર પાચળ બ્રહ્મપુરી જેટલી સરવે કુટી પડશે તેટલી. ॥ ૨૭૭ ॥ ત્યાં કરશે ઘર પોતા તણું, કરશે થાનક રમવા જમ્વા ને ઘણું. ॥ ૨૭૮ ॥ ઉત્તમ ઉપજનું ક્ષેત્ર જેહ, પડી ભોમી આપશે તેહ, ॥ ૨૭૯ ॥ સાટે ભોમી આપશે સહી. જેમાં જરા દાણો પાકે નહિ. ॥ ૨૮૦ ॥ તેના ઉપર લેશે દોકડા, તે દેશે ગાલ અને કહેશે બોકડા. ॥ ૨૮૧ ॥ જે બ્રાહ્મણની વૃતિ ટળશે, તે વેશ્યા તે ભોમી આપશે. ॥ ૨૮૨ ॥ જે લીલા વૃક્ષ તે વાઢશે ઘણા, ત્યાં મંદિર કરશે સોહામણા. ॥ ૨૮૩ ॥ જે ભાઠી કરશે ચુના તણી, જે મંદિર શોભા દિશે ઘણી. ॥ ૨૮૪ ॥ તેમાં પર્બતની ઈંટો જેટલી, સર્વ કટીને પાડશે તેટલી. ॥ ૨૮૫ ॥ તે ઘરને બહુ સમ્રાવે છજા, અત્રીક્ષે લાવે બહુ ગોખને ગજા. ॥ ૨૮૬ ॥ જે જન વેદ ધર્મથી અળગા તો રહે, તેના પૂર્વજ દાનપુન વિનાનો પિંડ ના લહે. ॥ ૨૮૭ ॥ પુત્રી પિતા સાથે ન રાખે વિવેક વિચાર, કલયુગ તણો એસો આચાર. ॥ ૨૮૮ ॥ અથર્વદેદની નિંદા તે મૂર્ખ બ્રાહ્મણો કરે, એવા દુષ્ટ નર્કે તો વહેલા વહેલા સંચરે. ॥ ૨૮૯ ॥ તે માટે તો ભ્રષ્ટ બ્રાહ્મણને કીધા નિષેધ, જે વેદ અવતારનો ન જાણે ભેદ. ॥ ૨૯૦ ॥ જે માત પિતાને નહિ આપેરે અન્ન, એવા કલયુગ કેરા છે બ્રાહ્મણનાં ફંદ. ॥ ૨૯૧ ॥ વિપ્ર તણી લાંચ ઘરમાં વાવરે, ઘરમાં જઇ સેવા વેશ્યાની હેતે કરે. ॥ ૨૯૨ ॥ પુત્રી ભગ્ની કુળમાં હોશેરે જેહ, આજ તે ઉપર હેત નહિ રાખે તેહ. ॥ ૨૯૩ ॥ ચારે વર્ણ કલયુગમાની રે જેહ, રખે સાંભળી દુઃખ મનમાં ધરતા તેહ. તે માટે નાં દુભાશો વિરા કોએ, એ મહિમાં કલયુગ કેરો રે જો હોએ. ॥ ૨૯૫ ॥ કહે શ્રી બુદ્ધા સુણો ભીમસેન રાએ, એવો મહિમાં કલયુગનો રે કહેવાએ. ॥ ૨૯૬ ॥ કહે ભીમસેન સાંભરીયે મહારાજ કુડા કલયુગનો મહિમા કહેજો આજ. ॥ ૨૯૭ ॥ તે સાંભળીને સર્વે સુખિયા જો થઈએ, હૃદયે શરણ સ્વામી તમારૂં તો લૈએ. ॥૨૯૮॥ કહે શ્રી બુધ્ધા સુણો ભીમ સત્યસાર, કલિયુગ તણો સત્ય કહું તોએ વિસ્તાર. ॥ ૨૯૯ ॥ કલિયુગે સર્વ કલ્પવૃક્ષો તો

નહિ રે ફળે, ક્રોધ, શોક જો નહિ તો ટળે. ॥ ૩૦૦ ॥ અલ્પ દૂધ કરતિ હોવે સરવે ગાએ. કુંપ સરોવર તે કુંડા સમ કહેવાએ. ॥૩૦૧॥ અલ્પ ધાન્ય નિપજશે પૃથ્વી એ સહી, અલ્પ આયુષ્યતો કલયુગમાં થઇ. ॥ ૩૦૨ ॥ પુત્ર પિતાને નહિ દે અન્ન, માત પિતાથી કરશે વ્હાલું ધન્ન. ॥૩૦૩॥ માત પિતાને પરહરશે જે પુત્ર, સાસુ સસરાને સોંપશે ઘરસુત્ર. ॥ ૩૦૪ ॥ બંધવ પરવાર માને શત્રૂ સમાન, પણ ઘરમાં સસરા શાળાનો બહુ માન. ॥ ૩૦૫ ॥ સ્વપુત્રાં વસ્ત્રાભૂષણ પણ સાળીને સાસારવાશો તે કરે. ॥ ૩૦૬ ॥ ભગ્નિને નહિ આપે એકો ઠામ, કલિયુગે બેન તણું ન કરશે એદે કામ. ॥ ૩૦૭॥ કલયુગમાં વહુ તણી છે એ રીત, સાસુ સસરા શું નહિ ને રાખે પ્રીત. ॥ ૩૦૮ ॥ દેરાણી જેઠાણી શું નહિ નેહ, શત્રુ સમાન વહુ વરને રાખે તેહ. ॥ ૩૦૯ ॥ સ્ત્રી ભરથારનું કહ્યું કાને નવ ધરે, પેહેલાં તે માત પિતાને નજરે કરે. ॥ ૩૧૦ ॥ તે ધન્નને લોભે સ્ત્રી કરાવશે કર્મ, તે વેળા ઘરમાં નહિ રાખે મર્મ, ॥ ૩૧૧ ॥ રાજા પરજાનો દંડ અતિ જો કરશે, તે મહા દુઃખો કલયુગમાં ધરશે. ॥ ૩૧૨ ॥ વળી તીર્થ તણાં મહિમાં ભાંગશે, જયાં ત્યાં દુઃખ દાવાનળ લાગશે. ॥ ૩૧૩ ॥ ઉલ્કાપાતં થાશે અતિ ઘણા, અને ભૂંડા કર્મ માંહે નહિ મણાં ॥ ૩૧૪ ॥ સત્ય સ્નેહે નહિ હોય નર ને નાર, જો ધન્ન લાંચને રાખશે કુડા વ્યવહાર. ॥ ૩૧૫ ॥ કપટે ત્રાજુવા તોલા તે કુડા રાખે, ખોટા નાણાઃ વંચશે તે ખોટી સાખે. ॥ ૩૧૬ ॥ એવા અન્યાય થાશે રે જાણ, કોઇ વેદ શાસ્ત્ર નહિ જાણે પુરાણ. ॥ ૩૧૭ ॥ જયારે બાર વરસનો ફળશે પુરૂષ, તેને પચીસે પલી આવશે મુખ. ॥ ૩૧૮ ॥ નવ વરસની જોબંતી હોશેરે નાર, તે ધરશે ગર્ભને દુઃખ ભોગવશે અપાર. ॥ ૩૧૯ ॥ વરણા વર્ણનો જાશે ધર્મ આચાર, સત્ય ધર્મના ભાંગશે સર્વ વ્યવહાર. ॥ ૩૨૦ ॥ ત્યારે વરકન્યાનું મન નહિ હેતે મલે, ધન્ન હોય ત્યાં મન તો માયાએ ભળે. ॥ ૩૨૧ ॥ સીત કાળે હોશે અગ્નિનો સાર, ઉશ કાળે થાશે સીત તણો વ્યવહાર. ॥ ૩૨૨ ॥ ત્યારે પૃથ્વી ખંડ ભગ થાશે દેશોદેશ, પુન્ય તણો નહિ જાણે રહે લવલેશ. ॥ ૩૨૩ ॥ કહે શ્રી બુદ્ધા સુણો ભીમસેન રાએ, એવો છે કળયુગ તણો મહિમાએ. ॥ ૩૨૪ ॥ વસ્તા ગામ દુખે ઉજડ થાશે અનેક, તેમાં વસવાાને નહિ રહે કોઇ જણ છેક. ॥૩૨૫॥ ધાન તણા બીજ તો સર્વે પરલે જાશે, દયા હિણા તો સર્વ નરનારી થાશે. ॥ ૩૨૬ ॥ ત્યાં રાંધ્યા ધાન વેચાશેરે બહુ, ઉત્તમ લોક તે હર્ષે લઇ ખાશેરે સહુ. ॥ ૩૨૭ ॥ વીવાહ ધર્મ તણો તે મારગ ભાંગશે, વડીલ આજ્ઞા વિના તો નારી નરને જ... ॥ ૩૨૮ ॥ થાશે દારિદ્રિ સત્રળા

સંસાર લોક, ઘરો ઘર થાશે સઘળાને કલેહને શોક. ॥ ૩૨૯ ॥ પાપી બ્રાહ્મણ હોશે તે કલયુગ તણા, તે તો ફાંસી માંગમાં દેશે લોકોને ઘણા. ॥ ૩૩૦ ॥ તે રમશે દુત્તને અવળો કરશે વહેપાર, તે વારે તો થાશે મહાપાપી અવતાર. ॥૩૩૧॥ તે તો કન્યાવિક્ર દુષ્ટપણે કરશે રે બહુ, કે વારે સસરાને કુડી આલ દેશે વહુ. ॥ ૩૩૨ ॥ ત્યારે વનસ્પતી તે સર્વે નિર્ફર થાશે, એવી વેલા કલયુગમાં વખતી વર્તાશે. ॥ ૩૩૩ ॥ પૃથ્વીમાં જે થકી જે બલિયા નર હોય, તે ધન્ન પિયારૂ બળે હરી લેશે સોએ. ॥ ૩૩૪ ॥ જે પુરૂષ પોતાની પરહરશે નાર, તે તો બીજાશું કરશે કુડા વ્યવહાર. ॥ ૩૩૫ ॥ ત્યારે આજ્ઞા લોપશે શિષ્ય ગુરુ તણી, જે કલયુગે થાસે બ્રાહ્મણ એવા ગણી. ॥ ૩૩૬ ॥ ત્યારે સાધુ તણી સંગત તો નહિ ગમે, કુડા કપટી કેડે ભૂલી પૃથ્વી ગાંડી ભમે. ॥ ૩૩૭ ॥ ત્યારે ચારે વેદ તણો તો સર્વ જાસે દર્શન, પૂછે નહિ કોઈ બ્રાહ્મણને પ્રશન્ન. ॥ ૩૩૮ ॥ ત્યારે થાશે ભૂવા ભાટ કલયુગનાં ડંડ, તે તો કપ્ટેથી હરી લેશે દામ શિર મુંડ. ॥૩૩૯॥ વીર સાધનાને મેલ્રા કરશે મંતર, અને કરશે ઔષધ ચીઠીને જંતર. ॥ ૩૪૦ ॥ જે કાજલ ભૂકીંને કરે વશીકરણ, ત્યાંતો ગરોડાને નિત્ય જાશે શરણ. ॥ ૩૪૧ ॥ ત્યારે ભાંડ ભવૈયા ઉપર બહુ પ્રીત, ત્યાં ગમશે નહિ વેદ શાસ્ત્રની રીત. ॥૩૪૨॥ ત્યારે ચેટક નાટકને જોવા જન્ન જશે, જ્ઞાન ધ્યાન સાંભળવાને આળસ થાશે. ॥ ૩૪૩ ॥ ભુવા ક્ષેત્રપાલ,, શકત, માતંગી ને ભુત, કુડ કપ્ટી પેશાવળને ખાશે ધુત. ॥ ૩૪૪ ॥ કહે શ્રી બુદ્ધા સાંભળો ભીમ ભૂપાલ, એવો કલીનો મહિમા છે અતી વિકાલ. ॥ ૩૪૫ ॥ એવા કલયુગ તણા મહિમા એછે જન્ન, તેમાં થર નહિ રેહવે કોઈ માણસનું મન્ન, ॥ ૩૪૬ ॥ કહે ભીમ સ્વામી વિન્નતી કરીયે હમો, અને એક મારા મનનો સંક્ષે છેદજો તમો. ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા વિખ્યાત, અને સાંભળો ભીમ અમારી વાત. ॥ ૩૪૮ ॥ જે કલયુગે વડ પીપલો વાઢશે, તે તો લેઇ ધન્ન ને વલી દેવાલું કાઢશે. ॥ ૩૪૯ ॥ તુલસી ગૌ બ્રાહ્મણને જે જુગના દેવ, તેની સર્વ કોઇ કરશે કપટ કુઠથી સેવ. ॥ ૩૫૦ ॥ વેશ્યા તો લજ્યા ધરશે અપાર, અને મહા નિર્લજ થાશે કુલવંતી નાર. ॥ ૩૫૧ ॥ જુગમાં સીસાના નાણા તો ચાલસે, વલી સાચાને તો સૂલીએ ઘાલસે, ॥ ૩૫૨ ॥ સર્વે તલાવ માંહે કરશણ વાવસે, સત્ય સાધ હશે તો તે દુખિયા સર્વ થશે. ॥ ૩૫૩ ॥ સુખિયા થાશે કપટી કુડીયા પાપી જેહ, આગળ નર્કે જાશે સર્વથી પહેલા તેહ. ॥ ૩૫૪ ॥ અન્યાયી મુક્કરને ઘેર હોશે આચાર, ઉત્તમ વરણ ખોસે ધર્મ વ્યવહાર. ॥ ૩૫૫ ॥ વેશ્યા ઉપર તો ઘણા ભાવ જે થાશે, અને સર્વ ધુર્ત ગરોડાને માનશે. ॥ ૩૫૬ ॥ માંહે માંહે તો દુખ

૧૮

દેશેરે ઘણા, ભીમ ! એવા લક્ષણ તો કહું કલયુગ તણા. ॥ ૩૫૭ ॥ વરષવ થઇને સર્વ આગલ નાચશે, અંત્યજ પાસે ઉત્તથ અન્ન માંગશે. ॥ ૩૫૮ ॥ સર્વ થાશે જન્ન વિદ્યા વંતારે બહુ, પણ એતો ખોટા ઔષધ દેવે તે સહુ. ॥ ૩૫૯ ॥ જે રોગ જાણ્યા વિનાં ઔષધ કરે, એવા વૈદ્ય તો નિશ્ચે નર્કે સંચરે. ॥ ૩૬૦ ॥ જોશી તે જોતિષ ભેદ કોઈ ના ગણે, ત્યારે જ્ઞાની થઈ જ્ઞાન કોઇ તો ના ભણે. ॥ ૩૬૧ ॥ લેઈ કરજ ને નહી આપે વલી, તેના મન ફેરવશે આ પાપી કલી. ॥ ૩૬૨ ॥ ભૂંડા પૂરૂષ ને ભૂંડી હોશ રે નાર, જોવા મળશે તેનો ભવેંડા સકલ સંસાર. ॥ ૩૬૪ ॥ જ્યારે ખેડુતનાં ચારે ભાગ જો જાશે, તે ઉપર કરજમાં બાલક પોતાનો વેચશે.॥૩૬૫॥ જે જુઠા બોલીને લેશે ચોરી ને વલી લાંચ, તે તો કુડા કરમે દેશે અન્યાય સાથે આંચ. ॥ ૩૬૬ ॥ સપાત્રને કોડી દાન તો કોઇ નાં દીએ, પણ કુપાત્રનાં ચરણ તો ધોઈ ધોઇ પીએ. ॥ ૩૬૭ ॥ જ્યોરે માતા પિતા બાલકને વેચશે, ત્યારે એવા છંદ તો કલિયુગમાં થશે. ॥૩૬૮॥ જ્યારે પુત્ર પિતાનું છેદશેરે શિશ, ત્યારે સાચું કહેતાં સર્વને લાગશે રીશ. ॥ ૩૬૯ ॥ પુત્ર થઇને માબાપને પડશે નેટ, ત્યારે દિકરી જમાઈનું રેહશે સાસુને પેટ. ॥ ૩૭૦ ॥ વલી જે નર અતી જુઠા બોલારે હશે, તે કલિયુગ સમે આગલ વડેરા થાશે. ॥ ૩૭૧ ॥ આપો આપ, મૂકશે પોતાના ધ્યાનને ધર્મ, અને તે નિત્ય ઉઠીને કરશે અતી કુડા કર્મ. ॥ ૩૭૨ ॥ નિશાએ ભૂલી ભાનને ભોજન કરશે બહુ. અણગળ્યા નીર તો વાવરશે સહુ. ॥ ૩૭૩ ॥ અતિત્ અભ્યાગતને મારી કાઢશે, એવા દુષ્ટો બેઠા સર્વે પાક ઝાડશે. ॥ ૩૭૪ ॥ જે પરણી સ્ત્રી સાથે રાખે નહિ નેહ, અને પરસ્ત્રી શું અતી રાખે કુડા સ્નેહ. ॥૩૭૫॥ કહે શ્રી બુદ્ધા સુણો ભીમસેન રાજ, હવે તો અવગુણ કહેતાં આવે છે લાજ. ॥ ૩૭૬ ॥ કહે હરિ સાંભળો ભીમસેન હો રાએ, એવો છે દુષ્ટ કલિયુગ તણો મહિમાએ. ॥ ૩૭૭ ॥ જે થાશે કુડા રાજા ને થાશે કુડા પ્રધાન, અને તેની રૈયત તો ચોર ધતારીરે જાણ. ॥ ૩૭૮ ॥ જે રાખશે કૂડા તિર્થને કુડા દેવલે વિશ્વાસ, વળી જે કુડ કપ્ટે ધરશે પિઆરી આશ. ॥ ૩૭૯ ॥ જેની કુડી આશ અને જેનો કુડો સંસાર, તેના સર્વ કૂડા વચન, વિવેક અને વિચાર. ॥ ૩૮૦ ॥ જેની કૂડી છે સર્વ કરમ ને ધરમનીરે રીત, અને કૂડી છે કલયુગ તણી પરતીત. ॥ ૩૮૧ ॥ જે કલિયુગનિ કૂડી છે ધી ને કૂડા છે પુત્ર, વળી તે કૂડા બંધવા ને કૂડા છે ઘર સૂત્ર. ॥ ૩૮૨ ॥ જે કૂડી લક્ષ્મી ને કૂડા દેવ મંદિર ધામ, તેના કૂડા સર્વ મનોરથ ને કૂડા કામ. ॥ ૩૮૩ ॥ જે સર્વ કૂડા દેશ ને કૂડા સર્વ સંસાર, તે કૂડે કૂડાનાં હર્ષનો શોભે વ્યવહાર. ॥ ૩૮૪ ॥ કૂડા કલયુગ અને

સાચું જે દેસેરે દાન, જે સેવે સાચે શ્રી સદ્દગોર ભગવાન. ॥ ૩૮૫ ॥ જે કોઇ ઇન્દ્રિ પાંચે વશ પોતાની રાખશે, તે તો સર્વ જીવતા વૈકુઠનાં ફલ ચાખશે. ॥૩૮૬॥ ત્યારે કહે શ્રી બુદ્ધા સાંભળો હે રાજન! તમે પાંચે બંધવ રાખો નિર્મલ મન. ॥ ૩૮૭ ॥ મહા પાપી છે આ કલિયુગ તો નિર્ધાર, તે તમે મન વિષે જાણો સત્ય અપાર. ॥ ૩૮૮ ॥ ત્યારે ધર્મનાં ધોરિ ધરા છાંડશે જેહ, તે કલયુગમાં રાજ્યનુ કરો કેમ નેહ ? ॥ ૩૮૯ ॥ જ્યાંસુધી કલિયુગ અહીં આવે નહિ, ત્યાં લગી તમે રાજ કરજોને સહિ. ॥ ૩૯૦ ॥ એ માટે સતીયા તમે સર્વ હિમાલેરે જાઓ, તો તમે દર્શન શ્રી હરિનાંરે પાઓ. ॥ ૩૯૧ ॥ ત્યારે શ્રી બુદ્ધા બોલયારે વિખ્યાત, સુંણો ભીમ કહું તોએ સત્ય વાત. ॥ ૩૯૨ ॥ તમે રાજા યુધિષ્ઠિરને કેજોરે જાએ, કાંઇ પૂંછવું હોય તો પૂંછજો ને આએ. ॥ ૩૯૩ ॥ સત્ય વચન કહું છું હો ભીમ રાએ, યજ્ઞ કરશો તો પણ પાપ નહિ જાએ. ॥૩૯૪॥ જો આવીને દિદાર અમારા રે જોએ, તો અનંત યજ્ઞ તણુ તમને ફલ હોએ. ॥ ૩૯૫ ॥ એવું યુધિષ્ઠિરને કહેજો ત્રત-ક્ષણુ, નહિ તો પસ્તાવો રેહેશે ઘણું. ॥ ૩૯૬ ॥ ત્યારે ભીમે ચિંત્તા મનમાં કરી છે ઘણી, એતો દિશે છે ત્રીભોવનનો ધણી. ॥ ૩૯૭ ॥ જે પાંડવ વૌંશપર સદા કૃપાલ, તે જાણી અમ દ્વારે આવ્યા દયાલ. ॥ ૩૯૮ ॥ સુણોરે યોગીશ્વર કહું શિર નામ, દયા કરી તમે ઉભા રેહજો આણે ઠામ. ॥ ૩૯૯ ॥ અમે જઇને પુંછું રાજા યુધિષ્ઠિરને જોય, પાછો સંદેશો આવી તમને કહું હું સોય. ॥ ૪૦૦ ॥ ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા છે વાણ, તમે સુણો ભીમસેન સહી નિર્વાણ. ॥ ૪૦૧ ॥ તમારો યજ્ઞ જાણી આવ્યો છું આંહી, અહીં રાજા આવે કે મને તેડાવે ત્યાંહી. ॥ ૪૦૨ ॥ભીમ કહે સ્વામી અહીં ઉભા રેહજો સહી, અમે રાજા યુધિષ્ઠિરને જાઈ પુંછું સહી. ॥ ૪૦૩ ॥ ઓચરે ભીમસેન સ્વામી વારૂ કહો, પણ બે ચાર ઘડી અહીં ઉભા રહો. ॥ ૪૦૪ ॥ અમે યજ્ઞમાં જઈ ને કરૂંરે જાણ, આવા આવો તો રાજા ધર્મની આણ દઈ ભીમ યજ્ઞ માંહી ગયા. યજ્ઞ કરતાં રાજા ઉઠી ઉભા તો થયા. ॥ ૪૦૬ ॥ ત્યાં જઇને ભીમમેન તે ઉભારે રહ્યા, કહે રાજા કેમ ભીમસેન તમે આવિયા? ॥૪૦૭॥ વલતાં વિચારી ભીમસેન તો કહે, ભાઈ આવ્યા અભ્યાગત તે પોલે રહે. ॥ ૪૦૮ ॥ ત્યારે ગયા ભીમસેનને લાગી વાર, ત્યાં રાજા શું જઈ ને કહ્યો વિચાર. ॥ ૪૦૯ ॥ જ્યાં ચારે બાંધવ બેઠા છે એકાંત, ત્યાં ભીમે જઇને કહી સર્વે વાત. ॥ ૪૧૦ ॥ કહે ભીમસેન, ભાઈ! સર્વે સાંભલો સાર, એક દેવ બુદ્ધા વેષે ઉભા છે બાર. ॥ ૪૧૧ ॥ સુણોરે રાજા યુધિષ્ઠિર કહું વિચાર, અલોકિક્ પુરૂષ આવ્યા આપણે

દ્વાર. ॥ ૪૧૨ ॥ ભીમ કહે સાંભલો યુધિષ્ઠિર વાત, અ મહા બ્રહ્મ સ્વરૂપી આવ્યા વિખ્યાત. ॥ ૪૧૬ ॥ અગમ નિગમની વાત જે સર્વે કહે, તે પાત્ર આવી આપણે દ્વારે ઉભા તે હે. ॥ ૪૧૪ ॥ પાંચે બાંધવ મલીને વિચારે રે જહાં. એ કોણ સ્વરૂપે હોશે? ઓ ભીમ ! તહાં. ॥ ૪૧૫ ॥ એ સ્વામીને મુખ ચંચાને પગ વંકા જેહ, અને શરીરે ગલત્ર કોડ વહે છે તેહ. ॥ ૪૧૬ ॥ તે વાણી મુખે અમૃત સમ ઓચરે, જેના વેણે વેણે હિરા રત્ન તો ખરે. ॥૪૧૭॥ દીશે કાયા કરૂપ ને વાસ દુષ્ટ ગંધાત, પણ વાત તો કરે છે જેમ વૈકુઠના નાથ.* ॥ ૪૧૮ ॥ ચૌદે ભૂવનની સર્વે તે કરે છે વાત, ઉભા છે દેવ ત્યાં એક મના થઇને નાથ. ॥ ૪૧૯ ॥ હમશું એવી વાતો બહુ હોઈ સત્ય ભાએ, પણ હમથી ઉત્તર દીઓ નાં જાએ. ॥ ૪૨૦ ॥ ભાઇ તે નાં લેવે અન્ન ને નાં લેવે દાન, તે નાં લેવે હસ્તી ઘોડાને વાહન. ॥ ૪૨૧ ॥ કહે રાજા સત્યવાદી સાંભળ્યો છે ઘણુ, તે દર્શ કરે છે અભ્યાગત તણું. ॥ ૪૨૨ ॥ તે તમને સંદેશો કહ્યો છે રે હો રાએ! યજ્ઞ કરશો તો પણ પાપ નહિ જાએ. ॥ ૨૨૩ ॥ તે કહે છે અથર્વ વેદ કો હુવો વ્યવહાર, જે ભૂલ્યા બ્રાહ્મણ ને વર્ણ અઢાર. ॥ ૪૨૪ ॥ જે શ્રી બુદ્ધા રૂપે અવતારે હુવા દીન દયાળ, ભાઈ તેનેજ બ્રાહ્મણો કહે છે ચંડાળ. ॥ ૪૨૫ ॥ કહે છે હરિ અવતાર ને નાં જાણે હો રાએ, ભાઇ તેથી ચંડાલ દુજો નહિ કોઈ આએ. ॥ ૪૨૬ ॥ ભાઈ! તમને એસો સંદેશો કહ્યો છે મુરાર, ત્યારે યુધિષ્ઠીરે કીધો બંધુ મલીને વિચાર. ॥ ૪૨૭ ॥ એવી વાત જ્યારે ભીમસેને કહી, ત્યારે યુધિષ્ઠિર કાંઇક સમજ્યા તે સહી. ॥ ૪૨૮ ॥ ત્યારે યુધિષ્ઠિર ભાઈ ને પૂંછે છે ભેવ, એ કોણ પુરુષ છે કહોને સત્ય સેહદેવ? ॥ ૪૨૯ ॥ દેખી જોતિષને સેહદેવે સત્ય કહ્યો, શ્રી બુદ્ધા અવતાર શ્રી કૃષ્ણજીએ લીઓ. ॥ ૪૩૦ ॥ તે વાંચીને ભેદ સર્વ વેદના સહદેવે રે કહ્યા, બુદ્ધા અવતારે તો શ્રી કૃષ્ણજી થયા. ॥ ૪૩૧ ॥ કહે સેહદેવ હો ધર્મ તમે તો સુણો, સેવસો નહિ તો પસ્તાવો પડશે ઘણો ! ॥ ૪૩૨ ॥ મૂકી યજ્ઞ ને હરિને મલવા જાઓ રાએ, એવો પ્રસંગ બોહોડ નહિ તો થાએ. ॥ ૪૩૩ ॥ એ ભૂલ્યા બ્રાહ્મણ સેહદેવ કહે, તે હરિ અવતાર કી સુદ્ધ નાં લહે. ॥ ૪૩૪ ॥ જે પેટ સ્વાર્થે વાંચે ઠાલા વેદ, તે બુદ્ધા અવતારને કરે નિષેધ. ॥ ૪૩૫ ॥ પાંચે બાંધવ ચાલ્યા તેણી વાર, ત્યારે બ્રાહ્મણોએ કર્યો વિચાર. ॥ ૪૩૬ ॥ સુણો રાજા યુધિષ્ઠિર કહું સત્ય ભાએ, એ ચંડાળ મુખ દેખ્યો કેમ જાએ? ॥ ૪૩૭ ॥ હમે બ્રાહ્મણ મહા ઋષિ રાએ, હે રાજ તેના તમે કેમ પરહરો પાએ ? ॥ ૪૩૮ ॥ ત્યારે સેહદેવ બોલ્યા તેણી વાર, સુણો ભાઈ યુધિષ્ઠિર કહું વિચાર. ॥ ૪૩૯ ॥ ભાઇ! જો તમે કહ્યું

બ્રાહ્મણનું કરો, તો તમે નારાયણ દેવને નહિ મલો. ॥ ૪૪૦ ॥ ભાઇ ? જેણે શરજી ધરતિ ને આકાશ, અને પવન પાણી કીધા પ્રકાશ. ॥ ૪૪૧ ॥ જેણે ચંદ્રમા સૂરજ સર્જ્યાં જાણ, જેણે નિપાઈ છે આ ચારે ખાણ. ॥ ૪૪૨ ॥ જેણે અષ્ટ કુલ પર્વત સર્જ્યાં રે જાણ, અને તારા મંડલ રચ્યા નિર્વાણ. ॥ ૪૪૩ ॥ જેણે સર્જ્યાં વનસ્પતિ ભાર અઢાર, નવ કુળ નાગ સર્જ્યાં તેણી વાર. ॥ ૪૪૪ ॥ જેણે સાતે સમુદ્ર સર્જ્યાં જાણ, અને નવસો નવ્વાણું નહિ પ્રમાણ. ॥ ૪૪૫ ॥ એ સર્વ રચનાં કરતાં ના લાગી વાર, તે સ્વામી ઉભા છે આપણે દ્વાર. ॥ ૪૪૬ ॥ જ્યારે એવી વાત સહદેવે કહી, ત્યારે યુધિષ્ઠિર સમજ્યા સહી. ॥ ૪૪૭ ॥ જો રાજા તમે સુણો બ્રાહ્મણકી વાત, તો પસ્તાવો રેહેશે દિવસને રાત. ॥ ૪૪૮ ॥ આજ નવમે શ્રી બુદ્ધા રૂપ ધરી, તે તો આવ્યા છે પાંડવ દ્વારે હરિ. ॥ ૪૪૯ ॥ જે આ પ્રેમે યજ્ઞ કરો છે, હે ધર્મ રાએ ! હવે આ વિધિનો નથી રહ્યો મહિમાએ. ॥ ૪૫૦ ॥ ત્યાં બ્રાહ્મણના મનમાં પડિયો ત્રાશ, કોણ આવ્યો છે એવો વેદિયો વ્યાસ ? ॥ ૪૫૧ ॥ તમે જુઓ ને ધર્મ રાજા યુકિતએ કરી, અને કોણ આવ્યો છે પોલે હસ્નાપરી ? ॥ ૪૫૨ ॥ જે જુગ્તે કરીને હે રાજન ! જુઓ જોગ, ત્યાં ભિક્ષા માંગે છે ભાવ ભકિતનો ભોગ. ॥ ૪૫૩ ॥ અમે આવ્યા છું યજ્ઞ જાણીને યહાં, એ કહે છે આવે રાજા કે હમને તેડે તહાં. ॥ ૪૫૪ ॥ વલતા રાજાને વિચાર જો થાએ, એ ના હોય અભ્યાગત, કૃષ્ણજી આએ ?॥ ૪૫૫ ॥ વલતાં રાજા ઓચરે ભીમ વેગે જાઓ વલી, રખે એ અભ્યાગય જાએ પાછા વલી. ॥ ૪૫૬ ॥ જઇને અભ્યાગતને અતી આદર કરો, જે માંગે તે સર્વ તેઓની આગળ ધરો. ॥ ૪૫૭ ॥ એ આવે છે રાજા ક્ષેણુ નહિ લાગેરે વાર, આદર કરે છે તમને મળવા તણો અપાર. ॥ ૪૫૮ ॥ 'ભીમ' મોકલાવી રાજા યજ્ઞ માંહે જો ગયા, ત્યાં વેદ વંદતા બ્રાહ્મણને એ પુંછીયા, ॥ ૪૫૯ ॥ સત્ય વચન વિચાર રાજાએ બ્રાહ્મણને કહ્યા, આવ્યા અભ્યાગત જે પોલે રહ્યા. ॥ ૪૬૦ ॥ તે માંગે છે રાજા દર્શનનું રે દાન, દુર્બલ છે દેહી પણ કથે છે બ્રહ્મ જ્ઞાન. ॥ ૪૬૧ ॥ ઓચરે બ્રાહ્મણ સાંભલો ને રાજા ધર્મ, સત્યવાદી રાજાનું એ નાં હોએ કર્મ ॥ ૪૬૨ ॥ બોલ્યા પંડિત રાજા શું ઘેલા થાઓ, મૂકી અધુરો યજ્ઞ ને બાહેર કેમ જાઓ ? ॥ ૪૬૩ ॥ વિચારી મનમાં રાજાએ રાખી વાત, આજ્ઞા આપી સર્વ બ્રાહ્મણનાં સાથ. ॥ ૪૬૪ ॥ ત્યારે બ્રાહ્મણે આપ્યો બડકોને ભૂર, એને એથી થતો યજ્ઞ કરાવ્યો દૂર. ॥ ૪૬૫ ॥ ત્યાં બ્રાહ્મણને અતી ઘણી ચડી છે રે રીશ, જેથી બ્રાહ્મણ સર્વ ઉઠી ગયા છે દો દીશ. ॥ ૪૬૬ ॥ વલતાં બ્રાહ્મણ તો ચિંત્તા ગ્રસ્ત

થાએ, તે તો ફરીને રાજા પ્રતે બોલ્યા છે આએ. ॥ ૪૬૭ ॥ તમે તો રાજા, ભલે અભ્યાગતનાં દર્શન કરો, પણ એક વાત હમારી ચિત્તમાંહે ધરો. ॥ ૪૬૮ ॥ વલાવો છાર ને ધરતીએ છંટાવોને નીર, તેની ઉપર પથરાવો પવિત્ર પટકુલ ચીર. ॥ ૪૬૯ ॥ તો રાજા તમે ચાલીને રે જાઓ, અને તમ પૂંઠે બ્રાહ્મણ પાસે વેદ ભણાવો. ॥ ૪૭૦ ॥ ત્યારે ચાલ્યા પાંચે બાંધવ રે જહાં, અને જ્યાં શ્રી બુદ્ધા અવતાર ઉભા છે તહાં. ॥ ૪૭૧ ॥ જ્યારે ચાલ્યા યુધિષ્ઠિર બુદ્ધા કેરે પાસ, ત્યારે બ્રાહ્મણોએ વચન કર્યાં છે પ્રકાશ. ॥ ૪૭૨ ॥ તે રાજાને સઘળા બ્રાહ્મણ કહે છે આએ. હે રાજા, તે ચંડાળ મુખ જોયું કેમ જાએ. ॥ ૪૭૩ ॥ તમે સુણો રાજા સત્યવાદી અમારી રે વાત, તમો આગળ ગલીનાં પરદા બંધાવો સાત. ॥ ૪૭૪ ॥ તમે તો પાણી ગંગોદક મંગાવો સધીર, એ ગંગોદક તમે કર ધરી છાંટોને શરીર. ॥ ૪૭૫ ॥ એસો આચાર કરજોને હો ધર્મ રાએ, તો યજ્ઞમાંથી જઈને દેખો એ ચંડાળ કા પાએ. ॥ ૪૭૬ ॥ એણી રીતે અભ્યાગતને મલવા જાઓ, આગલ ગલીના પર્દા સાત બંધાઓ. ॥ ૪૭૭ ॥ સત્ય શ્રી વિષ્ણુની પરિક્ષા છેરે એહ, શ્રીજીની દ્રષ્ટિએ સફેદ થાશે તેહ. ॥ ૪૭૮ ॥ રાજા, અભ્યાગત સાંભળ્યો દુર્મુખ ઘણો, તે દુષ્ટ શરીરનાં દેખે હે રાજા, આપણો. ॥ ૪૭૯ ॥ ધરમે અભ્યાગતને મળવા આદર કર્યો, સઘલી વસ્તુઓને પોતે આગલ ધર્યો. ॥ ૪૮૦ ॥ રાજાએ સુણી તે બ્રાહ્મણ કપટની વાત, તે સરમે ગલીનાં પર્દા બંધાવ્યા જે સાત. ॥ ૪૮૧ ॥ ત્યાં જઈને જેવા પર્દા બંધાવ્યા છેરે રાએ, તે શ્રી હરિની દૃષ્ટિએથી ઉજલા થાએ. ॥ ૪૮૨ ॥ જે ગલીનાં પર્દા બંધાવ્યા રે સાત, તે કપટી બ્રાહ્મણોએ ખાધી છે ઘાત. ॥ ૪૮૩ ॥ જયારે બ્રાહ્મણ વચન બોલ્યા છે રે એહ, ત્યારે દેવે શ્રાપ દઈને ઉથાપ્યા છે તેહ. ॥ ૪૮૪ ॥ જ્યાં પાડવ દેવનું દર્શન કરવા રે જાએ, પૂતળાસમ દૃષ્ટિ બ્રાહ્મણોને ભીમ ફગાએ. ॥૪૮૫॥ ગલીના પર્દા બંધાવીને બ્રાહ્મણ જો ગયા, તો શ્રી હરિની દ્રષ્ટિએથી ઉજળા તો થયા, ॥ ૪૮૬ ॥ પાણી છાંટતાં આવ્યા યુધિષ્ઠિર રાએ, ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા છે સત્ય ભાએ. ॥ ૪૮૭ ॥ તમે સુણોરે યુધિષ્ટર જો હમારી રે વાત, તમે કેવા કારણે પર્દા બંધાવ્યા છે સાત. ॥ ૪૮૮ ॥ તમે શા કારણે કહ્યું બ્રાહ્મણોનું રે કરો ? અને એવા કારણે મનમાંહે સંક્ષે ધરો ? ॥ ૪૮૯ ॥ રાજા કેવા કારણે ધરતિએ છંટાવો છો નીર ? તમે શા કારણે ખોટા સંક્ષે ધરો શરીર ? ॥ ૪૯૦ ॥ જો નિર્મલ મન કરી દેખો અમારા પાએ, તો રાજા, પાપ તમારા તે દો દિશ જાએ. ॥ ૪૯૧ ॥ મન નિર્મલે કરીને દિદાર હમારા જોએ, તો અનંત યજ્ઞ

તણું અનંત ફલ હોએ. ॥ ૪૯૨ ॥ એમ સામા ચાલીને આવો જો એક મન, તો પગલે પગલે અનંત યજ્ઞ તણારે પુન. ॥ ૪૯૩ ॥ ત્યાં હરિને નમન કરી યુધિષ્ઠિર એમ કહે, સ્વામી! કુરૂ ક્ષેત્રકો પાપતો હમ્ શિર રહે. ॥ ૪૯૪ ॥ સ્વામી! હમે પાપી ને મહા ગુનેગાર, સ્વામી! અમે એકાએક કેમ દેખીએ દિદાર. ॥ ૪૯૫ ॥ સ્વામી! અમે મનમાંહે તે વિચારી વાત, તે કારણે પર્દા બંધાવ્યા છે સાત. ॥૪૯૬॥ સ્વામી! હમે મહા ગુનેગાર પાંચે વીર, તે કારણે ધરતિએ છંટાવ્યાં ગંગા ના નીર. ॥ ૪૯૭ ॥ જ્યાં ફાટયા પર્દા ને દો દિશ ગયા, ત્યારે તો વેદ ભણતા બ્રાહ્મણો રહ્યા. ॥ ૪૯૮ ॥ ત્યાં ટાલી પરદા ને બેઠા સર્વ ભકત એકાન્ત, અને મલેચ્છ રૂપે દીઠા શ્રી હરિ અનંત. ॥ ૪૯૯ ॥ પાંડવ દેવનાં દર્શન કરી રળિયાત થાયે, એતો જઈ હરિને લાગ્યા છે રે પાએ. ॥૫૦૦॥ જ્યાં કળા જોઈ બ્રાહ્મણ નાશી ગયા અમુખ. કહે ચંડાલ હરિને તે શું દેખડાવે મુખ? ॥ ૫૦૧ ॥ જ્યારે બ્રાહ્મણ નાશી દોદિશ ગયા. ત્યારે રાજાને અભ્યાગત એકાન્તે થયા. ॥ ૫૦૨ ॥ ભૂલ્યા બ્રાહ્મણ દેવ દર્શન ઓળખ્યા નાએ, તે માટે કલયુગમાં કણ માંગી ખાએ. ॥૫૦૩॥ જે ભૂલ્યા બ્રાહ્મણ સેહદેવ જોશી કહે, તે તો અવતાર પાત્રકી શુદ્ધ જો નાં લહે. ॥ ૫૦૪ ॥ પગ વંકા ચંચા દુર્બલ દેહી ગલે શરીર, તેવા ધ્યાન ધરીને ઉભા નરહરિ અ. ॥ ૫૦૫ ॥ ત્યારે દંડવત કરીને રાજા પાએ લાગીયા, ત્યારે યુધિષ્ઠિર ઘણુ રલિયાત જો થયા. ॥ ૫૦૬ ॥ ધન્ન ધન્ન કુલ ને પાંડવ તણું, આજ ઘેર અભ્યાગત્ અવ્યા ગણું. ॥ ૫૦૭ ॥ ત્યારે શ્રી બુદ્ધાને પગે જઈને પડયા, ત્યારે પાંડવ કરજોડીને રહ્યા. યુધિષ્ઠિર પાએ લાગીને પ્રણામ જો કરે, સ્વામી તમે પધાર્યા પાંડવને ઘરે. ॥૫૦૯॥ ઓચરે રાજા હવે તો શી કરસું રે પેર,પાવન કરવા સ્વામી પધાર્યા ઘેર. ॥ ૫૧૦ ॥ અભ્યાગત ઓચરે સાંભલો રાજા ધર્મ, જેના માતાપિતા પવિત્ર તેને નાં લાગે કર્મ. ॥ ૫૧૧ ॥ તમે જાણતા હતા સકલ શાસ્ત્રનો ભેદ, વચન ઉવેખી કેમ મંડાવ્યો આ યજ્ઞનિષેધ. ॥ ૫૧૨ ॥ તે માટે તમને ગુરુ હત્યા લાગી હો રાએ, હેમ હસ્તી આપે તોએ પાપ નહિ જાએ. ॥૫૧૩॥ ગુરુના જે વચન ઉવેખે તે સદા રહે દુઃખી, આવા ક્રોડ યજ્ઞો કરે કેમે ના થાશે સુખી. ॥૫૧૪॥ તમે સાંભળોને સતિયા રાજા ધર્મ, ક્રોડાક્રોડ યજ્ઞ કરે તોઓ ના છુટે કર્મ. ॥૫૧૫॥ રાજા ખુશી થઇને શ્રી હરિશું ઓચરે વાત. પુત્ર વિસર્યા તમ્ તણા ક્ષમા કરો હો તાત. ॥ ૫૧૬ ॥ અભ્યાગત ઓચર્યા સાંભલોને રાજન, રીશ હમારી ઉતરી તમે બોલ્યા સત્ય વચન. ॥૫૧૭॥ ત્યાં શ્રી બુદ્ધાને પગે જઇને પડે, અને રાજા યુધિષ્ઠિર વિન્નતી જો કરે. ॥ ૫૧૮ ॥

રાજા યુધિષ્ઠિરે વિનવ્યા હર્ષ જો ધરી, અમ ઉપર કૃપા કીધી હો શ્રી નરહરિ! ॥ ૫૧૮ ॥ સર્વે જુગના પાતક અમારારે ગયા, આજે જગદીશના દર્શન જો થયા. ॥ ૫૨૦ ॥ સ્વામી યજ્ઞ હમારો પુરો થયો આજ, જ્યારે ઘેર પધાર્યા શ્રી મહારાજ. ॥૫૨૧॥ ત્યાં પાંચે પાંડવ કરજોડીને રહ્યા, સ્વામી! ચરણ આણી ભોમે ભલે થયા. ॥ ૫૨૨ ॥ હાંરે પાંડવો! તમે યજ્ઞ મંડાવ્યો કહાં, જે વારી ગયો તો હું તમને તહાં. ॥ ૫૨૩ ॥ સ્વામી ! અમે બ્રાહ્મણ વચને ભૂલ્યા એહ, તેથી હમે વચન લોપ્યું છે તેહ. ॥ ૫૨૪ ॥ ત્યારે શ્રી બુદ્ધા તણે પાએ જે પડે, પાંચે પાંડવ ઘણી વિન્નતી કરે. ॥ ૫૨૫ ॥ માતા કુંતા સ્વામીનાં ઓવરણા લેહે, રાજા યુધિષ્ઠિર પગે ચુંબન દેહે. ॥ ૫૨૬ ॥ જ્યાં પાંચે પાંડવ કરજોડી રહ્યા, :સ્વામી ! આણી ભોમે ભલે સંચર્યા. ॥ ૫૨૭ ॥ ધન્ય ધન્ય વૌંશ પાંડવ જીવ્યા જેહ, આજ જગદીશ ન્યણે નિરખ્યાં તેહ. ॥ ૫૨૮ ॥ આજ સર્વયુગના પાપ હમારા રે ગયા, શ્રી બુદ્ધા અવતારના દર્શન જો થયા. ॥ ૫૨૯ ॥ ધન્ય ધન્ય છો તમે દીન દયાળ, જે બંદા તમારા લીઆ સંભાળ. ॥ ૫૩૦ ॥ અમે જુઠા બ્રાહ્મણની કરી રે કેણ, તે તો સર્વે લોક લજ્જાને વેણ. ॥ ૫૩૧ ॥ થયા જુઠા બ્રાહ્મણ ઋષિ રાએ, જુઠો યજ્ઞ મંડાવવાનો કર્યો ઉપાએ. ॥ ૫૩૨ ॥ પાંડવ ઉપર સ્વામી સદા તમે કૃપાલ, તમો ધરણી ધર છો દીન દયાળ. ॥ ૫૩૩ ॥ અમે ગોલા તમારા ગુનેહગાર, તમે છો સ્વામી સદા બક્ષ-ણહાર. ॥ ૫૩૪ ॥ ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા છે રે સાર, સુણોરે યુધિષ્ઠિર કહું સત્ય સત્ય વિચાર. ॥ ૫૩૫ ॥ લાગ્યો છે કલયુગને હુવો અથર્વ વેદ, થાશે એથી સર્વ ષટદર્શન* તણો નિષેધ. ॥ ૫૩૬ ॥ શ્રી હરિને કરજોડી યુધિષ્ઠિર પૂંછે ક્ષોણ, સ્વામી ! કલયુમમાં યોગી બ્રાહ્મણ કોણ ? ॥ ૫૩૭ ॥ ત્યારે શ્રી હરિ બુદ્ધા બોલ્યા વિખ્યાત, યોગી બ્રાહ્મણ તણી કહું તોએ વાત. ॥ ૫૩૮ ॥ 'બ્રાહ્મણ તે જે જાણેરે બ્રહ્મ, બ્રહ્માજ્ઞાનના તત્ત્વે કરીને બાળે કર્મ. ॥૫૩૯॥ આજ પ્રત્યક્ષ હરિ અવતારકો જાણે ઠામ, આજ બ્રાહ્મણ કલીનાં કહ્યા સત્યનામ. ॥ ૫૪૦ ॥ જેને પ્રત્યક્ષ બ્રહ્મા ભેટ્યારે જાણ, આજે તે બ્રાહ્મણ કલીમાં પરમાણ. ॥ ૫૪૧ ॥ જે વેદ ગાયત્રીના ભેદ જાણેરે જાપ, તે બ્રહ્મ વંશી બ્રાહ્મણ આપો આપ. ॥ ૫૪૨ ॥ જેણે પ્રત્યક્ષ બ્રહ્મગોર સેવ્યા રે જાણ, કલીમાં સાચા બ્રાહ્મણ તે સત્ય નિર્વાણ. ॥૫૪૩॥ 'યોગી' તે યુગે વેદ ધર્મકી જાણે જુગત, વેદ તત્વ જ્ઞાને કરી ખોળે મુગત. ॥ ૫૪૪ ॥ જેની સુર્તા યોગધર્મમાં હરિશું રહે, અને ખરી દશાંશ શુક્તિ ગુરુ મુખે ધરે. ॥ ૫૪૫ ॥ જેને પ્રત્યક્ષ ગોરનર ભેટ્યા જાણ, તે યોગી કલયુગનાં સહી પરમાણ. ॥ ૫૪૬ ॥

ત્યાં શ્રી બુદ્ધા બોલ્યા છે સત્ય ધ્યાન, સત્યમાનો અમે રામને અમે રેહમાન. ॥૫૪૭॥ અમે આપે યોગીને અમે આપે બ્રહ્મ, અમેજ ગુરુ, મુખી અમેજ સત્ય ધર્મ. ॥ ૫૪૮ ॥ ગુરુ મુખે નર પીછાણુ તે યોગીને બ્રહ્મ, અથર્વ વેદની કાંડીએ ઉતારે સર્વ કર્મ. ॥ ૫૪૯ ॥ ત્યાં રાજા યુધિષ્ઠિરે બહુ વિન્નતી કરી, અમ્ મુક્તિ કેમ થાશે હો હરિ? ॥ ૫૫૦ ॥ ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા છે વિખ્યાત, તમે સુણો યુધિષ્ઠિર! કહું હું તે વાત, ॥ ૫૫૧ ॥ હવે બેઠો કલયુગને આ દ્વાપર ગયો. સર્વ દેવ ઋષિવર અલોપ હોઈ રહ્યો. ॥ ૫૫૨ ॥ તમે તો ધર્મનાં પુત્ર છો હો રાએ! હવે તમથી કલયુગમાં રહ્યો નહિં જાએ. ॥ ૫૫૩ ॥ તમે તો રાય! કુરૂક્ષેત્ર માંહે છોરે વઢયા, ક્ષોણી અઢાર બાંધવો રણમાં પડયા. ॥ ૫૫૪ ॥ ત્યારે દેવે દૈત્યને સંહાર્યા છોરે આપ, તેના તમો શિર લેઇ બેઠા છોરે પાપ. ॥ ૫૫૫ ॥ તેનો હિસાબ ચુકાવો ને જાએ, નહિતો માધને દુઃખ ભોગવશો રાએ. ॥ ૫૫૬ ॥ ત્યારે પાંડવે વિન્નતી કરી છે ઘણી, આપ જે કેહશો તે કરશું હો ધણી. ॥ ૫૫૭ ॥ ત્યારે રાજા યુધિષ્ઠિર બોલ્યા છે સાર, જે તમો કહેશો તે કરશું હો કિર્તાર. ॥ ૫૫૮ ॥ ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા રે એહ, તમે જઈને હિમાલે ગળાવો સર્વે દેહ. ॥ ૫૫૯ ॥ જો તમે હિમાલે દેહી ગળાવોરે જાએ, તો તમે વૈકુંઠનું રાજ લેશો રાએ, ॥૫૬૦॥ ત્યારે ભીમસેન બોલ્યા ત્રત કાલ, તમે આગમ કેમ ના કહ્યું હો દયાલ? ॥૫૬૧॥ અમે સો બંધવ મારીને લીધું રાજ, સ્વામી! તમે કલયુગ કેમ આણો આજ? ॥ ૫૬૨ ॥ જો એવી અગમ્ કેહતારે ગુંજ. તો હમો કુરૂ ક્ષેત્રમાં ન કરતા જુઝ. ॥ ૫૬૩ ॥ કહે યુધિષ્ઠિર સાંભળો ભીમસેન રાએ, કર્મે લખ્યું તે ટાળ્યું કેમ ન જાએ. ॥ ૫૬૪ ॥ તમે સર્વ જે હરિ કહે તે નિશ્ચે કરો, સ્વામીનાં વચન તો શીર ઉપર ધરો. ॥ ૫૬૫ ॥ ત્યારે રાજા યુધિષ્ઠિર પૂંછે છે ભેવ, તમે કલિયુગનાં ચરિત્ર કહો હો દેવ, ॥ ૫૬૬ ॥ કલિયુગમાં કેશો આહારને કેશો વ્યવહાર? એ સંક્ષેમોએ કહેજો હો મોરાર, ॥ ૫૬૭ ॥ ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા વિખ્યાત, આ કલિયુગ તણી કહું હું તો એ વાત. ॥ ૫૬૮ ॥ યુધિષ્ઠિર કરજોડી વિનવી કરે છે સેવ, એ અગમનાં ચરિત્ર કેહજો હો દેવ,! ॥ ૫૬૯ ॥ શ્રી બુદ્ધા બોલ્યા છે ત્યાંતોરે વેણ, અમો ભાઇ આવ્યો છું તમને રજા દેણ. ॥ ૫૭૦ ॥ વિત્યો દ્વાપર ને કલયુગ બેઠો છે આએ. હવે તમે હિમાલે શીજજો હો રાએ. ॥ ૫૭૧ ॥ એવા વચન સુણી ભીમસેન કોપે થયા, સ્વામી તમે અગમ્ ભેદ કેમ ન કહ્યા? ॥૫૭૨॥ અમે માર્યા દુર્યોધન ને ગોર ગંગેવ, જેની મહા વિદ્યા તણો નહોતો છેહ એવ.

॥ ૫૭૩ ॥ તમ વચને માર્યો દુશાશનને ભગદંત, જેનાં બળનો નાં માપીએ અંત. ॥ ૫૭૪ ॥ અઢાર ક્ષોણી ને બંધવ મારી લીધું રાજ, સ્વામી તે કલયુગ કેમ લાવ્યા છો આજ ? ॥ ૫૭૫ ॥ કહે યુધિષ્ઠિર સુણો ભીમસેન રાએ, હરિ સામે તમે ઉત્તર દિઓ છો કાંએ. ॥ ૫૭૬ ॥ આજ્ઞા દેવ કહે તે વિશ્વાસે કરો, એ હરિનાં વચન તો શિર ઉપર ધરો. ॥૫૭૭॥ કહે નારાયણ સુણો યુધિષ્ઠિર રાએ ! એમ કલયુગ તણો તો કહ્યો મહિમાએ. ॥૫૭૮॥ ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા છે રે સાર, યુધિષ્ઠિર કહું કલિયુગના વિચાર. ॥ ૫૭૯ ॥ સત્ય વાએક જેના તે બ્રાહ્મણ જાણ, જે મહા બ્રહ્મ કુળ વિષ્ણુ હોશે પરમાણ. ॥ ૫૮૦ ॥ જેને પ્રતક્ષ ગોર નર ભેટયારે જાણ, તે યોગી બ્રાહ્મણ આ કલયુગના પરમાણ. ॥ ૫૮૧ ॥ ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા છે અપરંમ, અમે આપે યોગી ને આપે છું બ્રહ્મ. ॥ ૫૮૨ ॥ જનોઇ ધરે તે માટે બ્રાહ્મણ તો નાંહી, બ્રહ્મ અક્ષર જાણે તે બ્રાહ્મણ સહી. ॥ ૫૮૩ ॥ બ્રાહ્મણ બોધી કહાવે નર સબ કોએ, બ્રહ્મ જડે, પુરણ :ભાગ્યવંતા હોએ. ॥૫૮૪॥ જેને સદ્ગોર બ્રહ્મા મલિયા છે સહી, તે તો ગર્ભવાસમાં ફરી આવશે નહિ. ॥ ૫૮૫ ॥ તે માટે તમો સાંભળ જો હો રાએ, એ બ્રહ્મ પુજો તો અધિક કહેવાએ. ॥ ૫૮૬ ॥ હે ધરમ? એ વિગતે બ્રાહ્મણ જો જાણ, તેનાં કહું હું એવા લક્ષણ વિધાન. ॥ ૫૮૭ ॥ પ્રથમ બ્રહ્મ તો આ 'પવન' ને લહે, બીજો બ્રહ્મ 'જલ' ને કહે, ॥ ૫૮૮ ॥ વેદ ત્રીજુ બ્રહ્મ તે 'અગ્ની' ને કહ્યો જાણ, ચોથો બ્રહ્મ 'તેજ' સચરા ચરી માન. ॥ ૫૮૯ ॥ હવે પાંચમો બ્રહ્મ તો પૃથ્વી હોય, જે આ ધરા ઉપર વસે છે સબકોએ. ॥૫૯૦॥ કહે હરિ બ્રહ્મ કહાવે નર જેહ, અદ્કું ઓછુ કોઈને ગણે નહિ તેહ, ॥ ૫૯૧ ॥ સાતમાં બ્રહ્મ ની ભકિત જે કરે, બ્રહ્મભક્તિએ તે બ્રહ્મ માંહે સંચરે. ॥૫૯૨॥ બ્રહ્મ દ્વારે જઇ જે કોઇ કરમ તો કરે, તે કર્મનાં ફળ સર્વ ભોગવવાં પડે. ॥ ૫૯૩ ॥ પછી તે ભલા કે ભૂંડા કર્મ જે થાએ, તેને વજ્ર લેપ કહિયે તેહ. ॥૫૯૪॥ ગુરુ ભાઈ થઇને રાખે માંહે દુર્મતિ, તેની કેમ થાએ સ્વર્ગ નીરે ગતિ ? ॥ ૫૯૫ ॥ વલી જે નાં માને શાસ્ત્રની વિધી, તેવા દુષ્ટોનાં મૂખ તો જોવાના નથી. ॥ ૫૯૬ ॥ કહે શ્રી બુદ્ધા સાંભળો યુધિષ્ઠિર સાર, જે કહું છું તે સત્ય માનજો નિર્ધાર. ॥ ૫૯૭ ॥ 'યોગી' તે જે જાણે વેદ વેળા તણી જુગત, જે સત્ય જ્ઞાને કરી ખોળે મુગત. ॥૫૯૮॥ 'યતી' જે 'યોગ' ધર્મમાં રહીને કરે, ખરી દશાંશ શુક્ત ગોર મુખે ધરે.॥૫૯૯॥ ગુરુ મુખે હાલ ગુજારી પાળે ધર્મ, એ ઓળખવા ખરા 'યોગી' ને 'બ્રહ્મ' ॥૬૦૦॥ ત્યારે શ્રી હરિને વિનવે યુધિષ્ઠિર રાએ, સ્વામી, હમારી મુકિત કેઈ પેરે થાયે ?॥ ૬૦૧॥

ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા વિખ્યાત, તમે યુધિષ્ઠિર, સુણો કહું સત્ય વાત. ॥ ૬૦૨ ॥ હવે લાગ્યો કલયુગને રાજા, દ્વાપુર ગયો, સર્વ દેવ ઋષિવર અલોપ હોઈને રહ્યો. ॥ ૬૦૩ ॥ કલિયુગમાં કેનું મન થર નહિ તો રહે, સાડી ઓગણીસ વીસા તો પાપનાં વહે. ॥ ૬૦૪ ॥ જ્યાં અંધેર્યા વસો સત્ય ધર્મનો રે જાણ, ત્યાં એવી કઠણ વેલા વીતશે પરણામ. ॥ ૬૦૫ ॥ શ્રી બુદ્ધાને યુધિષ્ઠિર પૂછે છે વિચાર, સ્વામી કેશો કલયુગનો ચાલે સંસાર ? ॥ ૬૦૬ ॥ ત્યાં કેવા રાજા, ને કેવા પરધાન ? અને કેવા લોક રૈયત હોશે નિર્વાણ ? ॥ ૬૦૭ ॥ કેવા પંડિત પઢે વેદ પુરાણની રે વાણ, અને કેવા શ્રોતા ત્યાં સાંભળે જાણ ? ॥ ૬૦૮ ॥ ત્યાં કેવા યોદ્ધા રણે સનમુખ લડે ? વળી અને કેવા યોદ્ધા ત્યાં રણમાં પડે ? ॥ ૬૦૯ ॥ કેવા હોશે યોગી યતી તે યુગમાં જાણ ? કેવા દાતા હોશે જે દેશે પુન ને દાન ? ॥ ૬૧૦ ॥ ત્યાં કેવા વર્ષા કલયુગમાં રે હોએ ? હે પ્રભુ ! કેશી ધર્તિ પાકશે સોએ ? ॥ ૬૧૧ ॥ ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા વિખ્યાત, સુણો યુધિષ્ઠિર ! કહું હું તોએ વાત. ॥૬૧૨॥ અલ્પ વર્ષા કલયુગમાં સર્વે રે હોએ, અને અલ્પ ધર્તિ પાકશે સબકોએ. ॥ ૧૧૩ ॥ કલયુગમાં વર્ષા ઘટતી નહિ નાખશે મેહ, ગોરનાં પ્રતાપે પૃથ્વી પાક આપશે તેહ. ॥ ૬૧૪ ॥ જે કલિનાં રાજા મહા કપટી હોએ, સેના નાએક ને રૈયત ધુતારી સોએ. ॥૬૧૫॥ લોભી રાજાને લંપટી થાશે પરધાન, તેની રૈયત ચોર ધુતારી હોશે જાણ. ॥૬૧૬॥ ત્યાં લોભી પંડિત વાંચે સ્વાર્થે પુરાણ, ત્યાંતો લંપટ શ્રોતા બેઠા જાણ. ॥૬૧૭॥ યુધ્ધ સમે સેહસ્ત્ર યોદ્ધા રણમાં લડે, સેહસ્ત્ર માંહે કોઇ એક સન્મુખે પડે. ॥ ૬૧૮ ॥ લાખ મધે એક દાન વંતા નરરે જોએ, ક્રોડ મધ્યે એક યોગી, યતી હોએ. ॥૬૧૯॥ ત્યારે યુધિષ્ઠિર બોલ્યા છે વિખ્યાત, તમને શ્રી બુધ્ધા ! પૂછું એક વાત. ॥૬૨૦॥ કલિયુગ માંહે કોણ તિર્થ તે કહીયે જાણ ? ત્યાં કોણ સપાત્ર મુખે દિજીયે દાન ? ॥ ૬૨૧ ॥ ભાગવન્ત કોણ વર્ત કલયુગ માહે કરે? કોણ દિશાએ બેશીને જાપ ઓચરે ? ॥ ૬૨૨ ॥ કલયુગ માંહે કયાં વાશો રહેશે ધર્મ ? કયાં જઇને પાપનાં છુટિએ કર્મ ? ॥ ૬૨૩ ॥ કયાં થાશે તે ધર્મ, કહો હે મહાદેવ ? કયાં જઇ વાણી સુણીએ ત્રતખેવ ? ॥ ૬૨૪ ॥ કવણ દાન કલિયુગ માંહે દેહ ? કોણ વિધિએ કેવા સપાત્ર તો તે લહે ? ॥ ૬૨૫ ॥ ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા રે ત્યાં વાત, સુણો યુધિષ્ઠિર હું કહું તમને સાક્ષાત. ॥ ૬૨૬ ॥ આજ 'ગત' તિર્થ કલયુગમાં રે જાણ, અને સદ્દગોર બ્રહ્મા મુખે દીજીએ દાન. ॥ ૬૨૭ ॥ બીજ શુકર વારી કલિયુગ માંહે વ્રત કરો, અને પશ્ચિમ દિશા બેશી જાપ ઓચરો. ॥ ૬૨૮ ॥ ત્યાં તો દયા આલંભે

ઉપજશે ધર્મ, ગત ગંગા માંહે જઇ છુટીએ કર્મ. ॥ ૬૨૯ ॥ સંપતે જે સેજ દાન કલયુગમાં રે દેહ, તેને સંતોષથી વિધિએ સપાત્ર જો લેહ. ॥ ૬૩૦ ॥ કલિયુગમાં જો ક્ષમા રૂપી થાપંતે ધર્મ, ક્રોધી વાણીનાં નાં સુણિએ મર્મ. ॥ ૬૩૧ ॥ ત્યારે યુધિષ્ઠિર બોલ્યા ત્યાંતો વિખ્યાત, કહો શ્રી ભગવાન ! કલિયુગની વાત. ॥૬૩૨॥ ચારે યુગમાં કલિયુગ છેલ્લો આવે સાર, તેતો પાપ પુનઃકો કેવો કરે વ્યવહાર ? ॥ ૬૩૩ ॥ કહોરે સ્વામી ! કલલિયુગ કેરી સર્વે વાત, ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા મહા વિખ્યાત. ॥ ૬૩૪ ॥ શ્રી બુધ્ધા કહે સુણો યુધિષ્ઠિર કહું સાક્ષાત, સર્વ કલિયુગ તણી કહું સત્ય વાત. ॥ ૬૩૫ ॥ જે ચારે યુગમાં આ કલિયુગ છે સાર, તેતો સર્વ પાપ પુન કો નિસ્તાર. ॥ ૬૩૬ ॥ કલિયુગમાં પાપી ધર્મિ એકજ તેડે ફરે, ત્યાં તો પાપી બૂડે ને ધર્મિ તો તરે. ॥ ૬૩૭ ॥ જે પેહેલા સત્ય યુગમાં કરતા પુન, તેની કથા સુણો રાજા ! એક મન્ન. ॥ ૬૩૮ ॥ શેહસ્ત્ર વાર જ્યારે દેતા રે દાન, ત્યારે તેનુ ફલ એકવાર લેતા પ્રમાણ. ॥ ૬૩૯ ॥ એકવાર દાન જો કલિયુગમાં રે દેહ, તે સવાલાખ ઘણેરૂ મુનિવર લેહ. ॥ ૭૪૦ ॥ એશા પુનઃ તો કલિયુગ માંહે ? વિસ્તરે, એ યુગમાં અન્નત કરોડી જીવ ઓધરે. ॥ ૬૪૧ ॥ મુખ્ય અથર્વવેદ કલિયુગમાંહે વહે, તે ત્રણ વેદીનું હિલ તો ઠામ નહિ રહે. ॥ ૬૪૨ ॥ બહુ પાપ આ કલિયુગમાં વિસ્તરે, તો પણ આ કલિ ધર્મને સાચો તો કરે. ॥ ૬૪૩ ॥ કઠણ દાનને છે આ કઠણ સંસાર, વલી કઠણ રાજા; પરજાના વ્યવ્હાર. ॥ ૬૪૪ ॥ જે ચોર ધુતારાના તો કર્મ જો કરે, આવા બ્રહ્મ જ્ઞાન તે મન માંહે નવ ધરે, ॥ ૬૪૫ ॥ શ્રી હરીને મૂકીને માને પથ્થર ને ભૂત, જેમ માઈબાપને નાં માને દુષ્ટ કપુત. ॥ ૬૪૬ ॥ જે કલિયુગનાં બ્રાહ્મણ વાંચે ઠાલા વેદ, તે કલિયુગમાં અથર્વ વેદને કરે નિષેધ. ॥ ૬૪૭ ॥ કલિયુગનાં બ્રાહ્મણ લાલચુ ને અશુધ્ધ, ભાઇ ! તેથી તો તેઓની ગઈ છે બુધ્ધ. ॥ ૬૪૮ ॥ યુગ પ્રમાણે નાં આલેખે સદ્દગોરની શુદ્ધ, તે દશમા અવતાર કી નાં જાણે બુધ્ધ. ॥ ૬૪૯ ॥ કલિયુગ માંહે ગાય તો વિષ્ટા રે ખાએ, ધર્મેથી પૂજાએ પણ તેજ ગલું કપાએ. ॥ ૬૫૦ ॥ કલિયુગનાં લોક મન દયા નવ રે તે ધરે, અને જીવની હિંશાઓ તો બહુજ કરે. ॥ ૬૫૧ ॥ એવા કલિયુગમાં ચંડાલ જાણો નર તેહ, સમયનાં વિષ્ણુ રૂપને નાં ઓળખે જેહ. ॥૬૫૨॥ વિષ્ણુ કુળ વિના તો બ્રાહ્મણ નહિ, ચંડાળ ! નિંદા બ્રહ્મા વિષ્ણુની કરશે સહી. ॥ ૬૫૩ ॥ આજ મલેચ્છ રૂપે વિષ્ણુ માનીએ, ભેદ તેનો અથર્વ વેદ ભણે જાણીએ. ॥ ૬૫૪ ॥ શ્રી વિષ્ણુ કહે દ્વાપર તો ગયો વહી, એથી કુળ મર્યાદા

સર્વ ઝાંખી થઈ. ॥ ૬૫૫ ॥ આદ્ય નારાકણે કલિયુગને તો આપ્યું રાજ, તે માટે વિષ્ણુ મલેચ્છ રૂપે થયા મહારાજ. ॥૬૫૬॥ 'અલી' હોશે ચંદ્રવંશી વંશે રાજન, અથર્વવેદી આવશે એ અશરણાશરણ. ॥ ૬૫૭ ॥ શ્રી બુધ્ધા કહે બ્રાહ્મણ કલયુગમાં જાણ, તે તો એ જ હરીવંશ માંહે સહી પ્રમાણ. ॥ ૬૫૮ ॥ કલિયુગ માંહે વિષ્ણુ બ્રાહ્મણ ઘર જાણ, બીજા બ્રાહ્મણ તે ભક્તો નિર્વાણ. ॥ ૬૫૯ ॥ ત્યારે જે ભક્ત બ્રાહ્મણની નિંદા તો કરે, તેના પાપ તો કેમે કરીને નહી ઉતરે. ॥ ૬૬૦ ॥ જે ભક્તને વ્હાલા હોશે શ્રી હરિ સહી, તે તો નિંદા અરીપરી કોઇની કરશે નહિ. ॥ ૬૬૧ ॥ મનુષ્ય રુપ માંહે સાચા દેવ કહીયે તેહ, સત્પંથ પાળી દેવના ગુણ રાખે જેહ. ॥ ૬૬૨ ॥ મનુષ્ય માત્ર માંહે કોઈ મદ્ધમ તો નથી, મદ્ધમ કર્મે તો મદ્ધમ કાવે છે રે મતી. ॥ ૬૬૩ ॥ શેહસ્ત્ર નામ પોતે ભણાવ્યા છે રે હરિ, સત્ય સેવાને પાંચ જ્ઞાન રાખે પાઠે કરી. ॥ ૬૬૪॥ પોતે મત ગંગા આગળ હાલ નિવેદન કરે, તે તો જીવ મુવે યમ યાતના નવ સહે. ॥ ૬૬૫ ॥ વલી જે નર શેહસ્ત્ર નામ શિખેરે નહીં, આપ ડહાપણે મિથ્યા લવરી કરશે સહી. ॥ ૬૬૬ ॥ હરિ કહે તેવાનું મુખ જોતા લાગે બહુ પાપ, સર્વે સાધુજન તેને તો દેવે અતિ શ્રાપ.॥૬૬૭॥ મનુષ્યા માંહે નાં શિખે જ્ઞાન જેહ, હરિ કહે ધિક અવતાર જાણો તેહ. ॥ ૬૬૮ ॥ જે શિખવતાં મન શંકોચાયા કરે, તેનાં શિર પાપીનાં પાપ જો ચડે ॥ ૬૬૯ ॥ જે હરિદ્વારે જઈ પ્રસાદ માંગી લેહે, હીણે કાજે કુલ મર્જાદા મૂકે તેહે. ॥ ૬૭૦ ॥ આંબલા પ્રમાણે કહ્યો પ્રસાદ જાણ, ભેટ મોકલેલ ભગવાનની તે માન ॥ ૬૭૧ ॥ જે ભેટ આપ્યા વિના પ્રસાદ લેહે, તે તો દેવનો કૃતઘ્ની પાપી છેહે. ॥ ૬૭૨ ॥ હરિદ્વારે ચોરી કરે નર જેહ, રોમે રોમે દુઃખિયો થાશે તેહ. ॥ ૬૭૩ ॥ પ્રસાદમાં જે કરે ભાગ વિભાગ, તેને તો માથે પડે તે મોટું પાપ. ॥ ૬૭૪ ॥ ઋષિ તો ભલેરારે સહી, પણ ચોરી સરખું કોઈ પાપ તો નહી. ॥ ૬૭૫ ॥ જેજન ધર્મ ઉપર શું પ્રીત ઓછી કરે, તેનું પાપ તો તેને મસ્તગે ચડે. ॥ ૬૭૬ ॥ તે માટે તમે ધર્મ ! સાંભળો સાર, એ સમો બીજો પાપ નહિ નિર્ધાર. ॥ ૬૭૭ ॥ એમાં પ્રસાદની ચોરી જે કરે, તે પાપી તો કદી કહીં ન ઠરે. ॥ ૬૭૮ ॥ અન્યાએ લેઈને ડગ જો ભરે, એને બ્રહ્મહત્યા તો માથે ચડે. ॥ ૬૭૯ ॥ ઋષિવરનું લક્ષણ પ્રસાદ માંગે નહિ, હરિદ્વારે ગએથી પ્રસાદ પામે સહી. ॥ ૬૮૦ ॥ પ્રસાદ માગ્યાનું મોટું પાપ, હરિદ્વારેથી ફરે તેને લાગે છે શ્રાપ. ॥ ૬૮૧ ॥ તે માટે જ્ઞાન શીખીએ સહી, જેમ અજાણ્યો દોષ લાગે નહિ. ॥ ૬૮૨ ॥ જે નર જાણે ને શિખે રે જ્ઞાન, તે નરને

પ્રીતી હોએ શ્રી ભગવાન. ॥ ૬૮૩ ॥ જ્ઞાની તો કરે વિચારનીરે વાત, જેથી વધે તેનાં દિલની ખ્યાત. ॥ ૬૮૪ ॥ અજ્ઞાની નર જુગમાં હોએ જેટલા, અને એ તો સ્વર્ગ નહિ પામે તેટલા. ॥ ૬૮૫ ॥ વેદ વિના તો હરિ ઓળખાએ નહિ, જેમ કોઇ મૂર્ખને અન્ન આપે સહી. ॥ ૬૮૬ ॥ અજ્ઞાની હોય તેનાં જાણે ભગવાન, જ્ઞાની તે જાણે પુરુષ પુરાણ. ॥ ૬૮૭ ॥ તે માટે તમે યુધિષ્ઠિર જોએ, ધર્મ વિનાં સત્યની છાપ નાં હોએ. ॥ ૬૮૮ ॥ અથર્વ વેદી સર્વ કરમ એહ, અને ચાલતું દાન અજિયાનું જેહ. ॥૬૮૯॥ (રાગ ફર્યો) હરિ એમ ઓચરે. સાંભળો સતીજન આજ; અમે સધામે સધારશું, તમે સબળા કરજો રાજ. ॥ ૬૯૦ ॥ ત્યારે પાંડવ બોલીયા, અમને અહીંનાં સોહાએ, ચરણ ધારણ કીધા આજ લગી, તે કેમ છોડાએ ? ॥ ૬૯૧ ॥ આ ચાલે કલિયુગમાં, સર્વ કપટનું કાજ; ત્યાં તમો પાંડવો ! કેમ કરી કરશો રાજ. ॥૬૯૨॥ (રાગ ફર્યો) સુણો રાજા યુધિષ્ઠર તમ શું કહું, હમે તો કલીયુગમાં પ્રગટ નહિ રહું. ॥ ૬૯૩॥ ત્યારે પૂછે યુધિષ્ઠિર સુણો મુરાર ! સ્વામી ! તમ વિનાં કેમ ચાલે સંસાર. ॥૬૯૪॥ સુણોરે યુધિષ્ઠિર ! હું તમ શું કહું, અમે તો ત્રણ ઠામે ગુપ્ત હોઇને રહું. ॥ ૬૯૫ ॥ જો તમો ધરણી પગનાં ધરો યદુરાએ ! તો સંસાર સઘલો પ્રલે જાએ. ॥ ૬૯૬ ॥ તમે સુણો વિન્નતી દેવ મોરાર, અમને કહો તમ રહેવાનો ઠાર. ॥ ૬૯૭ ॥ જો તમે રાજા યુધિષ્ઠિર પૂછો એહ, તો ઠામ અમારૂં બતાવું છું તેહ. ॥ ૬૯૮ ॥ જેસી પુલમાં વાસના હોએ, તેસો ઘટ ઘટ્ વ્યાપિક જોએ. ॥૬૯૯॥ જેસા તન્ માંહે કહિયે પ્રાણ, તેસા ચૌદ ભોવનમાં વ્યાપિક જાણ. ॥૭૦૦॥ સુણોરે યુધિ-ષ્ઠિર ! તમને રે કહું, એણી પેરે હું કલિયુગમાં રહું. ॥ ૭૦૧ ॥ ત્યારે યુધિષ્ઠર બોલ્યા સાર, તમે પ્રગટ રૂપ કયાં ધરશો મુરાર ॥ ૭૦૨ ॥ ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા વિખ્યાત, સુણો યુધિષ્ઠિર ! તમને કહું વાત, ॥ ૭૦૩ ॥ પશ્ચિમદિશા માંહે અરબ દેશ, ત્યાં દશમો અવતાર મનુષ્ય વેષ. ॥ ૭૦૪ ॥ જે સેહસ્ત્રદ્વિપને એરાખંડ જાણ; ત્યાં દશમો અવતાર અલી બલવાન. ॥ ૭૦૫ ॥ સેહસ્ત્રદ્વિપમાં ઠામ અમારો છેએ, કલા અમારી ગોર બ્રહ્મામાં રહે. ॥ ૭૦૬ ॥ ત્યાં યુધિષ્ઠિર પૂછે શિર નામ, અમને ગોર બ્રહ્માનું બતાવો ઠામ ? ॥ ૭૦૭ ॥ શ્રી બુદ્ધા કહે ગોર બ્રહ્માજીનું ઠાએ, તમે વચન હમારા સુણજો હો રાએ ! ॥ ૭૦૮ ॥ જે જંબુદ્વિપ ભરતખંડરે જાણ, ત્યાં કુંવારિકા ક્ષેત્ર મહા ઉત્તમ ઠામ. ॥ ૭૦૯ ॥ ઇમામપુરી નગરીમાં ગોરઇમામશાહ રહે, કલિયુગમાં ગોર બ્રહ્માનું સ્થાનક યેહ

છેએ. ॥ ૭૧૯ ॥ ત્યાં ગોર બ્રહ્મા કુળે નરમહમ્મદશા હોએ, તેને ગાફલ દુનિયા નહિ જાણે કોએ. ॥ ૭૧૧ ॥ ત્રણ દેવની કલા લઇ ફરશે સહી, તે ગોર મસ્ત દિવાના દેખાશે સહી. ॥ ૧૧૨ ॥ જ્યાં ગોરનર ઇશ્વરના કહ્યા ઠામ, ત્યારે પાંડવ કર્યા હરિને પ્રણામ. ॥ ૭૧૩ ॥ હે યુધિષ્ઠિર ? સત્યવચન સુણજો મોંએ, વલી હમારો ત્રીજો ઠામ કહું છું તોએ. ॥ ૭૧૪ ॥ જ્યાં મલે ગત્‌ને એકાંત હોએ. ત્યાં નિત નિત અમી પીએ સબકોએ. ॥ ૭૧૫ ॥ જ્યાં એકમનાં કરગરે ને પાલે વેદની વાણ, રાએ ! તે ઘર વાશો હમારો જાણ. ॥ ૭૧૬ ॥ જે પાલે બ્રહ્મક્રિયા ગ્રહસ્થા ધર્મમાં રહી, તે ઘરમાં વાશો હમારો સહી. ॥ ૭૧૭ ॥ જ્યાં મલી ગતને હરિનું સ્મરણ કરે, જે એકમનાં થઇ જ્ઞાન ઓચરે. ॥ ૭૧૮ ॥ જે ધરે હરિનુ ધ્યાન એક-મના થઈ, રાએ! તે ઘર વાશો અમારો સહી. ॥ ૭૧૯ ॥ જે વિષ્ણુ ભકત દયાવંતા રે હોએ, અને ક્રિયા ચાલિસ પાલે સોએ. ॥ ૭૨૦ ॥ આજ ધરમ કરતાં નાં કરે વાણ, રાએ ! તે ઘેર વાશો અમારો જાણ. ॥ ૭૨૧ ॥ જ્ઞાની ધ્યાની ગુરુ આજ્ઞાએ રહે, અને સુખ દુઃખ દિલનાં હરિને કહે. ॥ ૭૨૩ ॥ જે સત સંતોષિ ક્ષમાવંતા હોએ, રાએ! તે ઘર વાશો હમારો જોએ. ॥ ૭૨૩ ॥ જે ઉદ્યમ કાજે જગમાંહે ફરે. હરિનું સ્મરણ હૃદયમાં ધરે. ॥ ૭૨૪ ॥ જે નીચી દ્રષ્ટે હસમુખા હોએ, તે ઘરવાશો હમારો જોએ. ॥ ૭૨૫ ॥ જે ધનવંતા જોબન વંતા જાણ, તે ન ગરભા થઈ ફરે નિર્વાણ. ॥ ૭૨૬ ॥ જેના હૃદયમાં જ્ઞાન ધ્યાન હરિ તણો, રાએ ! તે ઘર વાશો અમારો ઘણો. ॥ ૭૨૭ ॥ સુણોરે યુધિષ્ઠિર ! તમશું કહું, એણીપેરે કલિયુગમાં ગુપ્ત હોઇ રહું. ॥ ૭૨૮ ॥ જ્યારે હરિએ કહ્યો ગોર નરનો ઠામ. ત્યારે યુધિષ્ઠિર તે દિશાને કર્યો પ્રણામ. ॥ ૭૨૯ ॥ ત્યાં પાંડવ વિનવે ત્રતખેવ, હવે હમને રજા કેશી દો છો હો દેવ ? ॥ ૭૩૦ ॥ ત્યાં હરિએ કહ્યો મોક્ષનો ઠામ, પણ હિમાલે ગયા વિના નહિ થાએ કામ. ॥ ૭૩૧ ॥ જ્યારે એસો વચન બુદ્ધા બોલિયા, પાંડવે એ વચન શિર ડોલાવીયા. ॥ ૭૩૨ ॥ સ્વામી ! જે કહો તે નિશ્ચે કરૂં, પણ તમ સ્મરણ કદીનાં વિશરૂં. ॥ ૭૩૩ ॥ સુણોરે રાજા યુધિષ્ઠિર તમને તો કહું. નિશ્ચે અમો તો તમ સાથે રહું. ॥ ૭૩૪ ॥ ભકતો ! તમો મન રાખો વિશ્વાસ, સ્મરણ કરશો ત્યાં હું છું પાસ. ॥ ૭૩૫ ॥ ત્યાં શ્રી બુદ્ધા બોલ્યા સત્ય સાર, તમે સુણો યુધિષ્ઠિર ! કહું વિચાર. ॥ ૭૩૬ ॥ ભાઈ, તમે હવે વેધોગાએ ને રાખો ઇમાન, તો અમ્મર ઠામ તમે પામો નિર્વાણ. ॥ ૭૩૭ ॥ અમો આવી યજ્ઞનો જાણ્યો ભેદ, હત્યા તમારી ઉતરે કરો ગૌ મેધ. ॥ ૭૩૮ ॥ તમે યજ્ઞ કરો ગૌમેધ

આજ, તો સરે પાંડવો તમારા કાજ. ॥ ૭૨૯ ॥ અમો તમારૂં કહ્યું કરશું કિર્તાર, પણ ગૌ વધનો કોણ વિચાર? ॥ ૭૪૦ ॥ પાંડવ ઉપર હરિએ ધરિયું હેત, અઢાર ક્ષોણી દલ જે માર્યું રણખેત. ॥ ૭૪૧ ॥ તેનું પાપ તમોએ શિર લિધું સહી, તે નિંદા કરાવ્યા વિનાં ઉતરશે નહિ. ॥૭૪૨॥ ઘણા જણ મલી જો અતી નિંદા કરે, મહા વક્રમ તો એણીપેરે ઉતરે. ॥૭૪૩॥ શ્રી બુદ્ધા કહે એ પાપને જાયો હોય સહી, તો શુરભી યજ્ઞ નિશ્ચય કરોને અહીં. ॥ ૭૪૪ ॥ કહે ધરમ જેને અમે પુજીયેરે સહી, હમે તો તેને વધ કેમ કરિયેરે અહીં. ॥ ૬૪૫ ॥ હરિ કહે સામ વેદકો ઉથાપન હુવો જેહ, જ્યારથી સામ શ્રી કૃષ્ણ પધાર્યા તેહ. ॥ ૭૪૬ ॥ શ્રી કૃષ્ણને વહાલી હતી શુરભીતો સહી, તે શુરભી વિના યજ્ઞ વિધિ થાએ નહિ. ॥ ૭૪૭ ॥ હે રાજા! જો તમે ખોવા ઇચ્છો છોરે પાપ, તો તમે શુરભી યજ્ઞ કરી જપો જાપ. ॥ ૭૪૮ ॥ ભાઈ "હું" એમ કહેતાં ફલ જાએ સહી, તે માટે એમાં "મેં" કહેવાએરે નહિ. ॥ ૭૪૯ ॥ ત્યાં તે ઉપજી ચિંત્તાને કરે વિચાર, ક્ષત્રી ધર્મ જશે ને લોક લજવશે ગાલ. ॥ ૭૫૦ ॥ ત્યાં અભ્યાગત્ કહે સાંભળોને રાજા ધરમ, અમને રજા આપો કાએ કરો છો વિલંબ. ॥ ૭૫૧ ॥ રાજા વિશારી મનમાંહે કરે છે ઉપાએ, હું પુંછું દ્રપતિને વલી કુંતા માએ. ॥ ૭૫૨ ॥ (રાગ ફર્યો) હું પુંછું પ્રેમશું, તમે સાંભળો સર્વ સાથ; અભ્યાગતની આજ્ઞા, નહિ દિવસ નહિ રાત. ॥ ૭૫૩ ॥ રાએ પુછે સેહદેવને કરો પંડિત વિચાર, મધનિરે નાવ ભાંગી, કેમ ઉતરિએ પાર. ॥ ૭૫૪ ॥ ત્યારે સહદેવને સર્વ, રાજા પૂછે વિચાર, સાચું કહો સત્ય શું, એ સત્ય કિરતાર? ॥ ૭૫૫ ॥ સેહદેવ કહે તમે દ્રુપતીને પૂછો ધ્રુઢ, વાઘેશ્વરી વાણી ઓચરે, જેને વદને વરસે નુર. ॥ ૭૫૬ ॥ રાજા રાતા માતા થઇ, ગયા દ્રુપતીને દ્વાર, પ્રણામ કરી પુંછે, તમ સાચું બોલો સાર? ॥ ૭૫૭ ॥ કહે દ્રુપતી સાંભળો, રાજા! સત્ય વાત, આપી અભ્યાગતે આજ્ઞા, જેવો આપણો અપરાધ. ॥ ૭૫૮ ॥ તમે યજ્ઞ આદર્યો, પાપ ઉતારવા કાજ, વિપ્રિત વેળાએ ઉગારવા, પધાર્યા મહારાજ. ॥૭૫૯॥ કહે સમો નાં વર્ત્યો, તમે હે રાયે ધર્મ! શ્રી કૃષ્ણ વચન ઉવેખીયા, તેનું લાગ્યું કર્મ. ॥ ૭૬૦ ॥ કર્યું હતુ હરિએ, તે પાંડવે ના જાણી પેર; પાવન કરવા પાંડવને, સ્વામી પધાર્યા ઘેર. ॥ ૭૬૧ ॥ સર્વ થાઓ સાબદા, તમો મલી પાંચે વીર; એછે સમ્રથ સારથી, જેણે પૂર્યા પટકુલ ચીર. ॥ ૭૬૨॥ એણે લજ્જા રાખી ત્રણ લોકમાં, અને દ્રુપતીની પૂરી આશ; નવ ખંડમાં રવી ઉગીયો, તેમ જાણો હરિ આવ્યા

પાસ, ॥ ૭૬૩ ॥ થાલ ભરાવો સગ મોતીએ, અને હરિ વધાવા જાએ; કાષ્ટ ખાતાં સંભારિયા, જે હરિ આવ્યા વન્ન માંહે. ॥ ૭૬૪ ॥ આશા તે પૂરી આપણી, અને તૃપ્ત કીધા મુનિ જન્ન શ્રી કૃષ્ણે પાત્ર પખાળિયા, ત્યારે ઉદકે દીધા છે અન્ન. ॥ ૭૬૫ ॥ ભોજન આલ્યા ભાવતા, જેના મન્ માંહે હતું જેહ; એવા સ્વામી મહા સ્મર્થ છે, સમર્યા સાએ કરે છે તેહ. ॥૭૬૬॥ પૂર્વ પુને રાએ પાંડવ ! અને હરિ પધાર્યા આપ; કરમ ઉતરાવવાને કારણે, ભણાવવા અજંપા જાપ. ॥ ૭૬૭ ॥ શંકા તે મનમાં નાં લાવશો, એ સતી કહે છે વાત; જે શ્રી ગુરૂ વાણી ઓચરે, તે હાં કહેજો તમે સર્વે સાથ. ॥ ૭૬૮ ॥ હવે પકવાન કરો ને પ્રેમશું, અને જમાડોને શ્રી મહારાજ; સત્ય તમારો તો વાધશે, કોડ યજ્ઞોનું સરશે કાજ.॥૩૬૯॥ રાજા ! સમજી વિચારી પધારજો, અને લાગો અભ્યાગતને પાએ; ભોજન પીરસશે ભગવાનને, પોતે કોડે કુંતા માએ. ॥ ૭૭૦ ॥ (રાગ ફર્યો.) એટલી વાત તો શ્રી બુદ્ધાજી શું થઇ, ત્યારે કુંતા માતા આવ્યા છે સહી. ॥ ૭૭૧ ॥ ત્યાં લઈ આવ્યા ભોજનના થાળ, પાંડવ બોલ્યા તમો જમો દયાલ! (રાગ ફર્યો) ત્યાં કરજોડી કુંતાજી વિનવે, સ્વામી ! તમો છો પ્રતપાલ; ભોજન જમોને ભાવશું, તો અમો છુટીએ કરમ જાલ. ॥૭૭૩॥ વલતાં તો શ્રીહરિ ઓચરે, અને સાંભળો સતી ! મન્; જોકામધેનું પૂજો અમ દેખતાં, તો અમે જમીએ ભોજન. ॥૭૭૪॥ ત્યારે પાંચે બાંધવ પાંડવા, દ્રુપતી અને કુંતાજી માત; ત્યાં યોગિશ્વર વાણી ઓચરે, જ્યાં છે પાંડવ સર્વે સાથ. ॥ ૭૭૫ ॥ (વાણી ફરી) ત્યાં તો શ્રી બુદ્ધા બોલ્યા વિખ્યાત, તમે સુણો પાંડવો ! અમારી વાત. ॥ ૭૭૬ ॥ પાંડવ, જો અમ ભેગા જમશો રાએ, તો પાપ તમારા દો દિશા રે જાએ. ॥ ૭૭૭ ॥ જ્યારે પાંડવો હરી ભેગા જમ્યા પ્રકાશ. અદ્રશ્ય ઘંટાવળ વાગી આકાશ. ॥ ૭૭૮ ॥ શ્રી બુધ્ધા કહે સાંભળો ધર્મરાએ, હવે યજ્ઞ તમારો સંપુરણ થાએ. ॥૭૭૯॥ રાજા કહે હમારો યજ્ઞ થયો ધન્ન ધન્ન, તમ દર્શને સ્વામી અન્નત યજ્ઞ કો પુનઃ ॥ ૭૮૦ ॥ ધન્ન ધન્ન જીવ્યું હમારૂં હો મહા રાએ ! અન્નત યજ્ઞનું ફલ વશે તમ પાએ. ॥૭૮૧॥ પાંડવો હરિ ભેળા જમ્યા જે વાર, ત્યાં લોકે નિંદા કીધી છે અપાર. ॥ ૭૮૨ ॥ કહે શ્રી બુદ્ધા તમે સાંભળો ધર્મ રાએ, હવે ગૌ મેધ યજ્ઞ કરવાનો કરો ઉપાએ. ॥ ૭૮૩ ॥ તે કર્યા વિના તો પાપ નહિ જાએ, એશો ભેદ હરિએ કહ્યો સમજાએ. ॥ ૭૮૪ ॥ પાંચે પાંડવ વિનવી કરે ત્યાં સેવ, જે તમો કહેશો તે કરશું હો દેવ. ॥ ૭૮૫ ॥ કહે શ્રી બુદ્ધા સાંભળો પાંચે ભાઇ, હવે યુગમાં અથર્વ વેદ વર્ત્યો છે સહી. ॥ ૭૮૬ ॥ એસો ભેદ

હરિએ કહ્યો સમજાએ, તમો મનમાં શંકા ના ધરશો હો રાએ. ॥ ૭૮૭ ॥ ત્યારે પાંડવ બોલ્યા છે સતી સાથ, જે તમો કહેશો તે કરશું હો દીના નાથ ! ॥ ૭૮૮ ॥ અપાર ચરિત્ર ત્યાં શ્રી બુદ્ધા તો કરે, તે પાંડવો હરિના વચન મનમાંહે ધરે. ॥ ૭૮૯ ॥ ઉપાસિક નાના વિધનાં હતારે જેહ, તેવા હરી વંશી બ્રાહ્મણ તેડાવ્યા તેહ, સામ વેદની કાંડી જ્યારે ત્યાં રે કહી, ત્યારે કામ દુર્ગા ગાય આવી સહી. ॥ ૭૯૧ ॥ ત્યાં અભ્રણ સજ્યા દ્રુપતી અંગ, મણી તણા મોડ ધરીયા અતી ઉમંગ ॥ ૭૯૨ ॥ સોભે ત્યાં અતી ઝાલરને મુકતારે મણી, તેને રત્ન જડિત છે શોભા ઘણી ॥ ૭૯૩ ॥ હરિવંશી મંત્ર જ્યાં ભણવા કરે, ત્યારે અતી શોક શુરભી મન માંહે ધરે. ॥ ૭૯૪ ॥ મંત્ર સહીત અર્પે જ્યાં આહુતી એહ, સત્ય સંતોષી અખંડ સહદેવ જેહ. ॥ ૭૯૫ ॥ ત્યારે યજ્ઞ જવાલા ગગને રે ગઇ, ત્યાં પુષ્પ વૃષ્ટી શુરભી-નેરે થઈ. ॥ ૭૯૬ ॥ જ્યારે સર્વ યજ્ઞ વિધિ કરી છે જેટલે, હવે શુરભી ભાગ જ્યાં વેહેંચાયે તેટલે. ॥૭૯૭॥ અહીં સામ વેદનો ઉથાપન જો કરે, અથર્વ વેદની કાંડી હવે ત્યાંથી કહે. ॥ ૭૯૮ ॥ અથર્વ વેદી કર્મ કરે નર જેહ, કલિયુગમાં મૂક્તિ પામશે તેહ. ॥ ૭૯૯ ॥ ત્યારે શ્રી બુદ્ધા બોલ્યા છે સાર, હવે કેવો કરો છો વિચાર ॥ ૮૦૦ ॥ યજ્ઞ માંહેથી કામ ધેનુ લાવોનેરે સાર, હવે એ ગાયને તે લાવો આણે ઠાર. ॥ ૮૦૧ ॥ શ્રી બુદ્ધા સામુ જોઇ કામધનુ ઓચરે, આ ચંડાળનું કહ્યું ભકત પાંડવો કરે. ॥ ૮૦૨ ॥ ગૌ બ્રાહ્મણને તો પૂજે છે સર્વ કોએ, પણ ચંડાળ વચને પાપી મારે છે મોએ. ॥ ૮૦૪ ॥ બુદ્ધાનું રૂપ દેખી ધેનુ કરેરે ગુમાન, શ્રી હરી પારસી ત્યાં બોલીયા નિર્વાણ. ॥૮૦૪॥ ધેનું ! કલિયુગમાં તું જા વિષ્ટારે ખાએ, અને તું ! એમ ગલુ કપાતી જાએ. ॥ ૮૦૫ ॥ (રાગ ફર્યો) કામધેનું તે આણી અને જોવા તે મલિયા લોક, રાએ, મનમાં જો શંકા આણુશો ? તો બેસશે તમ શીર ગૌ દોષ. ॥ ૮૦૬ ॥ (રાગ ફર્યો) ત્યાં પાંડવોએ હરિ વચન શીરે ચડાએ, ત્યારે ગૌમેધ યજ્ઞ માંડયો છે તે ઠાએ. ॥ ૮૦૭ ॥ જ્યારે પાંડવે તો માંડયો છે યજ્ઞ ગૌમેધ, ત્યાં આપો આપ શ્રી હરિ ભણિયા વેદ. ॥ ૮૦૮ ॥ સ્વર્ગ ભોવનથી આણી હરિએ ગાય, ત્યાં તેને તો પ્રેમે પૂજી યુધિષ્ઠિર રાએ. ॥ ૮૦૯ ॥ રાજાએ મસ્તક કાપીને અળગોરે ધર્યો, તેના કાપી ચાર પગને જુજવો કર્યો. ॥ ૮૧૦ ॥ જ્યારે ખાલડી અળગી રે ધરે, ત્યારે શ્રી બુધ્ધારૂપે વાણી ઓચરે. ॥ ૮૧૧ ॥ ખાલડીને તો ઓડાડો કુંતી માએ, અને મુસ્તક માથે ધરે યુધિષ્ઠિર રાએ. ॥ ૮૧૨ ॥ ચારે ચરણ બાંધવ જે ચારે તો ધરો, અને હસ્તીનાપુર વચ્ચે સૌ સાથે નીશરો. ॥૮૧૩॥ શ્રી હરિ કહે

પાંડવો ! કહ્યું હમારૂં કરો, હસ્તીનાપુરના ચોરાશી ચૌટા લઇ ફરો. ॥ ૮૧૪ ॥ જ્યારે પાંડવોને ચોપાસે રક્ત ઉતરે, ઝરી ઝરી પાંડવ અંગથી હેઠો પડે. ॥ ૮૧૫ ॥ હરિઇચ્છાએ તેના હિરા માણેક થઇ સરે, 'શ્રી બુદ્ધા' પાંડવ જાપ મુખથી ઓચરે. ॥ ૮૧૬ ॥ લોહીની બુંદો જે પૃથ્વીએ પડતી જાએ, ત્યાં તેનાં માણેક મોતી પરવાળા થાએ. ॥ ૮૧૭ ॥ પાંડવો નિંદા કરાવવા ભાગોળે રે ગયા, તે જોઈ પ્રજા કહે પાંડવ ભૂંડા થયા. ॥ ૮૧૮ ॥ એમ પાપ રાજા ! તમારા સૂકાશે સહી, શ્રી બુદ્ધાએ રાજા પ્રતે એ વાણી કહી. ॥ ૮૧૯ ॥ ત્યાં પાંડવ અંગે રકતનાં ટીપાં પડે જેહ, ભાઈ! તેના માણેક મોતી થાયે છે તેહ. ॥ ૮૨૦ ॥ દ્રુપતિએ કરે પૂંછ ગ્રહી લીધી સાર, હસ્તીનાપુરને ગોંદરે સર્વે આવ્યા બાર. ॥ ૮૨૧ ॥ ત્યારે શ્રી બુદ્ધા ભીમને કહે છેરે સહી, તમે માતા કુંતા લાવી પધરાવો આંહીં. ॥ ૮૨૨ ॥ ભીમસેનને ક્રોધ ત્યાં માએ નહિ, અને રકત નેત્ર અર્જુનના પણ સહી, ॥૮૨૩॥ શેહેરમાં ભીમ, અર્જુન આવ્યા જેટલે, ત્યાં કૌતક પ્રતક્ષ દીઠું છે તેટલે, ॥ ૮૨૪ ॥ ત્યાં ગરીબ અમીર સર્વે દોડયારે જાએ, જે સર્વ નગરીમાં પડિયો છે રે ત્રાહે. ॥ ૮૨૫ ॥ પાપી પાંડવોએતો કર્યું મહા પાપ, વેધી ગાયને ટાલ્યું પોતાનું આપ. ॥ ૮૨૬ ॥ જ્યારે ચૌટે ચૌટે પાંડવ ચાલ્યા જે વાર, ત્યારે સર્વ નગરમાં પડયો પોકાર. ॥ ૮૨૭ ॥ સર્વ લોક નિંદા કરે ને જોવા જાએ, ભાઇ! ચંડાલ વચને એણે મારી ગાએ. ॥ ૮૨૮ ॥ (રાગ ફર્યો) પ્રથમ સો ભાઇ કૈયા એણે માર્યા, અને ગૌહત્યા કીધી આજ; અઢાર ક્ષોણીને સો ભાઇ માર્યા, હવે પાંડવ કુળનું ખુટયું રાજ. ॥ ૮૨૯ ॥ સર્વ 'ભકત' પાંડવની નિંદા કરે, અને તેઓએ મૂકયા તે ઘરનાં કાજ; હવે એ પાપી પાંડવનું મુખડું, કોઈએ પણ નાં જોવું આજ. ॥ ૮૩૦ ॥ (રાગ ફર્યો) જગત જેમ પાંડવની નિંદારે કરે, તેમ તેઓ પાંડવનાં પાપ ઉતરે. ॥ ૮૩૧ ॥ જ્યારે એ પાપ ઉતરી દો દિશરે જાએ, ત્યારે 'ભકત' વર પામે છે તેણે ઠાએ. ॥ ૮૩૨ ॥ ત્યાં સર્વે પ્રજાએ હરિને પાએ જો પડે, તમે તો ક્ષમા કરજો હે હરે ! ॥ ૮૩૩ ॥ ત્યાં મોટા મુનિવર આવે છેરે સહી, તમે આવ્યા પણ અમે જાણ્યા નહિ. ॥ ૮૩૪ ॥ કહે અર્જુન ભીમસેન ! વાત સાંભળો, એ મહા મોટી માયા અશંભવે કળ્યો. ॥ ૮૩૫ ॥ જો વણ પ્રિછે કરતા કંઈ ઉત્તપાત, તો કયાં છુટતા એ મહા મોટું પાપ ? ॥ ૮૩૬ ॥ ત્યારે માતા કુંતાજીને લઇ આવ્યા જેટલે, શ્રી બુદ્ધાજીને પાએ પડયા તેટલે. ॥ ૮૩૭ ॥ ઓ પ્રભુજી ! હમે તો જાણ્યો રે નહિ, તમારા કર્તવ્ય અપરંપારરે સહી. ॥ ૮૩૮ ॥ અમે અજ્ઞાની છું હો અંત્તર જામી! તમે

ઉતારોને પાર શેસ્ટના સ્વામી !।। ૮૩૯ ।। જે હમે ખેદ કર્યો હોય મનમાં આજ! તે તમે ક્ષમાં કરજો હો મહારાજ ! ।। ૮૪૦ ।। અમ અજ્ઞાનીથી કલ્પના જે થાએ, તે હરિ ! મનમાં નાં આણુશો રે કાંએ. ।। ૮૪૧ ।। ધર્મ કહે હરિ સા માટે ક્રોધ રાખે હે વીર ? વિસ્તારી કહોને વાત હો સધીર ! ।। ૮૪૨ ।। (રાગ ફર્યો) વલતાં એમ બોલિયા, અને સાંભળો રાએ ! શુજાણ, શુરભી યજ્ઞ કરાવ્યો પાંડવને, નિંદા કરાવવા સહી, નિર્વાણ. ।। ૮૪૩ ।। ભાગ લઈ મંશ નાં ફેરવ્યા, તે હસ્તીના પુરનાં ચંદ, તે દુઃખ લાગ્યું આકરૂં, રાજા ! ભીમ અર્જુનનાં મન્ન. મારવા હરિને મંત્રણા કરી, તેવો હરિએ જાણ્યો મરોડ; માતા કુંતાને તેડવા મોકલ્યા, તે ક્રોધ સમાવવા પ્રોઢ ।। ૮૪૫ ।। પ્રજા તે પાએ લાગતાં અને ભાગ્યો તે સર્વ ભ્રમ; માયા રચી આ વિષ્ણુએ તે જાણ્યું અર્જુને મન. ।। ૮૪૬ ।। પારથ કહે તમે દેવ છો, અને અનંત ગતી વિષ્ણુ તેહ; પાર તમારો કોઈ પાવે નહિ, તમો અખંડ અમ્મર છો જેહ. ।। ૮૪૭ ।। (રાગ ફર્યો). નિંદા તો જ્યાં લોકે કરી છેરે અપાર, તત્ક્ષણ પાપ પાંડવોનું ઉતર્યું નિર્ધાર. ।। ૮૪૮ ।। જ્યારે નગર છોડીને રાજા બાહેરરે ગયા, અખંડ વર ત્યારે પાંડવો પામીઆ. ।। ૮૪૯ ।। (રાગ ફર્યો) પાંડવે ગૌ મેધ માંડીઓ, વસ્ત્ર પેહર્યાં ગલી વ્રણ; માથે મુગટ ચડાવ્યો મોતી તણો, ત્યાં લોકને દેખાડ્યા કર્મ. ।। ૮૫૦ ।। હસ્તિના પુરમાં સર્વે ફેરવ્યા અને આગલ હરિ થયા આપ; નિંદા કરાવિ સર્વે લોકમાં, ત્યારે ભીમ થયા રીશે રાતડા, અને સામું તો જોયું રાજા ધર્મ, અક્ષે પાત્ર વિશારીયા, તે તમે લેઇ આવો ભીમ ! ।। ૮૫૨ ।। ત્યાં થકી ભીમ પાછા વળ્યા, અને આવ્યા નગરને છેહ; ત્યાં લોક પૂંછે નગર તણા, આતે માણેક સે ઉઠયા મેહ ? ।।૮૫૩।। આંગણા તે વાલે આપ આપણા, અને મુખે જપે શ્રી રામ; આવડું આપણે જો જાણતા, તો નકકી પૂજતા ગો દાન. ।। ૮૪૫ ।। ત્યારે નગર મધે નરનારી મલી, અને કરે તે એક વિચાર; ચાર દિશે મોકલો સોધવા. પાંડવ મળે તો ઉતરીએ પાર.।।૮૫૫।। ભીમ સાંભળી ત્યાંથી વળ્યા, અને ઉલટ અંગના માએ, રાજા ધર્મ ! આલું વધામણી. પાંડવની સવાસ વચાએ. ।। ૮૫૬ ।। કાલા તે વસ્ત્ર થયા ઉજળા, અને પરચો દેખાડ્યો ધર્મ; હવે ગોર હત્યા તમ ઉતરી, અને ઉતાર્યાં કૌરવના કર્મ. ।। ૮૫૭ ।। (રાગ ફર્યો.) ત્યાં લોક દુરિજન બોલ્યા આળ, પણ સતીએ બાંધી ક્ષમાની પાળ. ।। ૮૫૮ ।। વિર પાંચે રહ્યા મનમાં હશી, ત્યાં સર્વ લોકની કર્મ કથા શી વશી ? ।।૮૫૯।। પાંચે પાંડવને તો કીધા ન પાપ, ત્યાં હરિએ ભણાવ્યો

અજંપા જાપ. ॥૮૬૦॥ પાંડવ વર પામ્યા આનંદ ઘણો, માથે મુગટ ઝલકે હીરા તણો. ॥ ૮૬૧ ॥ રત્ન જડીત મુગટ સોવર્ણ શીર, શોભે છે ચંદ્ર સમ તેજ સધીર. ॥ ૮૬૨ ॥ માતા કુંતાને સોવર્ણનાં ચીર, વસ્ત્ર નુરાણી ઘેર ગંભીર. ॥ ૮૬૩ ॥ ગલે હીરા રતનકો હાર, પગે રત્ન મોજડી ઝલકે અપાર. ॥ ૮૬૪ ॥ હાથે મુંદ્રિકા હિરા રત્ન તણી, તેની રચના દિશે અતી ઘણી. ॥૮૬૫॥ પાંડવતો વર લેઈને પાછા ફર્યા, તે તો હસ્તિનાપુર વચ્ચે નિસર્યાં. ॥ ૮૬૬ ॥ ત્યારે નગરના લોક અચંબો થાએ, ધન્ય ધન્ય પાંડવો પુજી ગાએ. ॥ ૮૬૭ ॥ ત્યારે નગરનું લોક બોલે ઘણું; ધન્ય ધન્ય વૌંશ એ પાંડવ તણું. ॥ ૮૬૮ ॥ ભકત જે ફરી આવ્યા હસ્તિનાપુર મહાં, ભક્તને શ્રી બુદ્ધાએ વર આપ્યો તહાં. ॥ ૮૬૯ ॥ જ્યારે પાંડવોના રૂપ ફેરવ્યા ગદુરાએ, ત્યારે લોકોના મનમાં અચંબો થાએ. ॥ ૮૭૦ ॥ પાંડવતો જાતા ગૌ મુસ્તક લેઇને ગયા, વલતા સોવર્ણ મુગટ કઈ પેરે થયા ? ॥૮૭૧॥ દર્શન પાંડ-વોને શ્રી બુદ્ધાના થાયે, ગાય પૂજી ત્યાં બ્રાહ્મણ પેહલા જાયે. ॥૮૭૨॥ પડયા છે ત્યાં ગૌના આંતરડા જેહ, બ્રાહ્મણે લેઈ ગલે ઘાલ્યા તેહ. ॥ ૮૭૩ ॥ કલીમાં ગૌ આંતની જનોઈ રહી, આજ તે બ્રાહ્મણ દર્શનની વેલા ગઈ. ॥ ૮૭૪ ॥ જ્યાં પુરના લોક દોહોડયા ધરી ભાવ, કોઇને શિંગડી હાથ લાગી તેને ઠાવ. ॥ ૮૭૫ ॥ જે કલિયુગમાં જોગી દર્શનની વેલા ગઈ, આજ ફોગટ શીંગડી ગલે બાંધી રહી. ॥ ૮૭૬ ॥ ત્યાં દોડયા અબદાલ ના લાગી વાર, તેને ગૌ ચામ હાથ લાગ્યું તે ઠાર. ॥ ૮૭૭॥ તે અબ્દાલની તો આજ વેલા ગઈ, તે તો ફોગટ કેડે બાંધી ફરે છે સહી. ॥૮૭૮॥ ત્યાં દોડયા વર્તિયા કરી મન ભાવ, તેને પૂંછ આંચલ હાથ લાગ્યા તે ઠાવ. ॥૮૭૯॥ તે વર્તિયાનાં વર્તની વેલા ગઈ, આંચલ પુંછ લઇ ફોગટ ફરે છે સહી.॥૮૮૦॥ બ્રાહ્મણ ક્ષત્રીની બેટી ત્યાં દોડી જાએ, તેને ગૌ ગોબર હાથ લાગ્યું તે ઠાએ. ॥ ૮૮૧ ॥ જે ગૌત્રાટ વ્રતની વેલા ગઈ, તે આજ ફોગટ ભૂખે મરે છે સહી. ॥૮૮૨॥ ત્યાં દોડયા શુદ્ર વૈશ્ય ક્ષત્રી સબકોએ, તે આજ ફોગટ ગૌ પુજા કરે છે સોએ. ॥ ૮૮૩ ॥ જે આજ પૂજે તે ભૂલ્યો સકલ સંસાર, અથર્વવેદ બોલે જે દશમો અવતાર. ॥ ૮૮૪ ॥ ત્યાર પછી ભક્ત ને વૈરાગી જેહ, અને સર્વથી પાછલ દોડયા તેહ. ॥ ૮૮૫ ॥ ગૌના મુખમાંથી ચંદન પડયું છે જહાં, ત્યાં તેમણે હાથે લાધ્યું છે તહાં. ॥ ૮૮૬ ॥ ગૌચંદનનાં ટીલા ટપકા કાઢે અહીં, ધુતી લોકને ફોગટ પેટ ભરે છે સહી. ॥ ૮૮૭ ॥ એ ખોટા ગાના એ લોક વળગશે જાઈ, તે તો નાશીને ઓલવા લેતા ફરશે તહીં. ॥૮૮૮॥

જે તમે અમને ધુતી ખાધું છે સહી, હવે એનો હિસાબ આલોને અહીં. ॥૮૮૯॥ સર્વ જન મલીને એકઠા થાએ, જ્યાં ગાય વેધી ત્યાં દોડયા જાએ. ॥ ૮૯૦ ॥ કોઈને ચામડી પૂંછડી લાગી હાથ, કોઈને તો ત્યાં સીંગડી લાગી હાથ, ॥ ૮૯૧ ॥ વાણીયા બ્રાહ્મણની બેટી ચાલી સાથ, તેને ગૌનું ગોબર લાગ્યુ હાથ ॥ ૮૯૨ ॥ ગૌત્રાટ વ્રતતો ત્યાંથી કરે, તે વેલા વહી ગઈ ઠાલા વ્રત ધરે. ॥ ૮૯૩ ॥ ને પાંડવ આવ્યા આપણે વાશ, તે જઈ મલ્યા દ્રુપતીને પાસ. ॥ ૮૯૪ ॥ શ્રી બુદ્ધા પાએ પડાવે જે વૈકુઠના નાથ, કુંતામાતા પાંડવ તે દ્રુપતીજી સાથ. ॥ ૮૯૫ ॥ (વાણ ફરી.) દ્વાપર ઉતરતાં પાંડવને, ક્રોડી નવશું વર જો થયા, ભકત વિનવે સર્વ દેવને, દોકર જોડીને ઉભા રહ્યા. ॥ ૮૯૬ ॥ હરિ જ્યાં ભકતને એવું કહી અને રૂપ પાલટે જે વાર; ત્યાં પાંચે પાંડવ જઇ, હરિને પાએ લાગે છે સાર. ॥ ૮૯૭ ॥ આગળ ભહુ વિનંતિ કરી, અને રોયા તે પાંચે વીર, હવે સ્વામી ! તમે રાખજો, હરિ ! પત હમારી સધીર. ॥ ૮૯૮ ॥ સ્વામીજી ! હવે આ વિન્નતિ, અને શું કહીયે બોહોત ઘણી, હમને માધન માંહે નાથજી ! ન વિસારજો હે અન્નતનાં ધણી ! ॥ ૮૯૯ ॥ ધણી તે કરે છે વિન્નતી, પાંડવ દ્રુપતી ને કુંતા માત, હમને ઘટે છે સ્વામી ! આપવી, આજ્ઞા તમે છો અનાથુંનાં નાથ. ॥ ૯૦૦ ॥ કહે શ્રી બુદ્ધા કલી પ્રગટયો, તેમાં તમથી નહિ રહેવાએ, હવે રાજ આપો પ્રીક્ષતને, કરો હિમાળે પરગણ રાએ ! ॥ ૯૦૧ ॥ એવા શ્રી બુદ્ધાનાં વાયક સાંભળી, લાવ્યા તે હરિને હસ્તીનાપુર, પરોણા રાખ્યા નરહરિને, માસ એક ઘેર પોતાને મધુર. ॥ ૯૦૨ ॥ હરિવોંશી વિપ્ર સંગ છે, વોળાવે તે વૈકુંઠના નાથ, દક્ષણા આપી મન ગમતી, ત્યાં ભોજન કર્યા હરિસાથ. ॥ ૯૦૩ ॥ વિપ્ર સર્વ ગયા પછી, હરિએ માંગી આજ્ઞાએ, હમે પશ્ચિમ દિશામાંહે પરવરૂં, તમે સાંભળો ધર્મ રાએ ! ॥ ૯૦૪ ॥ કલયુગ માંહે નામ અમારૂં, અને તેનો કહુ મહિમાએ, અથર્વ વેદી નામ અમ તણું, તે શ્રી 'અલી' શોહાએ.॥૯૦૫॥ 'અલી' વંશે શાંખ માહેરી અને ચંદ્રવંશીનું એંધાણ, રમુ યુગમાં સર્વ સાથ પણ, ઓળખ 'અલી' વંશે પ્રમાણ. ॥ ૯૦૬ ॥ ત્યાંતો અજંપાના જાપથી, અને થાએ અમારૂં દર્શન, એમ કલયુગમાં હમને ભજે, તે તો આવે હમારે ભોવન્ન. ॥ ૯૦૭ ॥ વચન અસત્ય મુખ માંહેથી, અને નાં વદે નર જેહ; સત્ય વાણીએ વિચારતાં, અમ્મર પદ પામે તેહ. ॥ ૯૦૮ ॥ હમે તો વશું પશ્ચિમ દિશે, અને સહસ્ત્ર દ્વીપ સાર, અવતાર તો વળતાં જે લેશું, તેતો જાંબુદ્વિપ મોઝાર. ॥ ૯૦૯ ॥ એ એંધાણીએ, ઓળખજો, અને સેષ્ટ ગુરુ અવ-

તાર, ત્યાં ભેટ આપી પાંડવે, શ્રી હરિને અન્નત અપાર. ॥ ૯૧૦ ॥ પછે પાએ લાગીને કહે, અમે જાશું સર્વ હિમાલે સાથ, તમે દયા એ ચરણમાં રાખશો, હો સ્વામી, વૈકુંઠના નાથ. ॥ ૯૧૧ ॥ છે પોતે વૈકુંઠ નાથજી, તે માટે નાથ ધરાવ્યું નામ, છે પુરૂષ પુરાણ એતો, તે અલી વંશે પુરષોત્તમ જાણ. ॥ ૯૧૨ ॥ તાર્યા તુજને તેજ કહેશે, અને મકારે લેજો નામ, મકાર એતો 'મુરતુજા' અલી, મકારે 'મહમ્મદશાહ' નામ. ॥ ૯૧૪ ॥ 'મકાર' મૂકીને 'લકાર' જપે, તે યોગી રૂપે સાર; ગ્રહસ્થીને 'મકાર' કહ્યો, અને યોગીને કહ્યો 'લકાર.' ॥ ૯૧૪ ॥ લકાર અને એ મકારમાં, ભેદ તે મોહોટું જોએ; તે એક એકનાં પ્રાકર્મ જુદા, વલી પ્રકાર પણ જુદા, હોએ. ॥ ૯૧૫ ॥ લકાર તે આદ નિરંજન, તેતો તેજ સ્વરૂપી સોએ; મકાર તેતો આદ વિષ્ણુ, શ્રી 'અલી' રૂપે હોએ. ॥ ૯૧૬ ॥ ગ્રહસ્થ જાતે જોગીને‌ા એકતે, મંત્ર મકાર સાથે લકાર, ઈમામ ઇલિલ્લ લ્લાહ સાથે, ષટ અક્ષરની મંત્ર વિધિસાર. ॥ ૯૧૭ ॥ ત્યાં ઘણી વિનંતી કરી, અને હરિને પોહોંચાવા જાએ, ત્યાં પાંડવ થાનકે આવીને, અને લાગે હરિને પાએ. ॥ ૯૧૮ ॥ આવ્યા જ્યારે શ્રી બુદ્ધાજી, ચાલી પાંડવ દ્વારે ગયા, પાંડવો ત્યાં વર પામીને, હસ્તિનાપુરમાં તે આવિયા. ॥ ૯૧૯ ॥ ત્યારે પાંડવ વિચારીને કહે, અને સી ગત કીજે આજ ? હવે આપણે શ્રી હરિ વચને, મૂકી દેવું જોઈએ આ રાજ. ॥ ૯૨૦ ॥ હરિ પાએ પાંડવ લાગીને, અને વિનંતી કરે છે અપાર; સ્વામી ! તમો છો સહાએનાં, અમ શરણા ગતના આધાર. ॥ ૯૨૧ ॥ સ્વામીજી અભય વચન બોલીયા, અને સુણો તે પાંચે ભાઈ, અઢાર ક્ષોણી સો બંધવ માર્યા, તેની તમો શિર રહી છે લાઇ. ॥ ૯૨૨ ॥ હિમાલે જઇ હિસાબ ચુકવો, તો તમે બેસશો શાહોની પાસ, સાથે નવ કરોડી જીવોની તે ત્યાં પૂરે તમારી આશ. ॥ ૯૨૩ ॥ પાંડવ વચન આ અમતણો અને સત્ય કરી માનશો તમો; જો રાજપાટ સર્વ ત્યાગો તો, હિમાલે આવી મળશું અમો. ॥ ૯૨૪ ॥

——*——

અડસઠ તિર્થનાં પરચા.

રાગ ફર્યો.

પાંડવને છોડી હરિ જબ જાએ, ત્યારે અડસઠ તિર્થ આવી લાગ્યા પાએ. ॥૯૨૫॥ જ્યારે સામે આવતાં હરિ દીઠા સહી, ત્યારે ગંગાજીએ સર્વ તિર્થ શું કહી.॥૯૨૬॥ સર્વ ભેદ ગંગાજીએ તિર્થને કહ્યો. શ્રી બુદ્ધા અવતાર કૃષ્ણજીએ લીઓ. ॥૯૨૭॥ શ્રી બુદ્ધા પારસી બોલ્યા છે આએ, ત્યાં સર્વ તિર્થ હરિને લાગ્યા પાએ. ॥૯૨૮॥ ગંગાજીએ વિન્નતી કરી બહુ વિવેક, ત્યાં વચન હરિ બોલ્યા છે એક. ॥ ૯૨૯ ॥ અડસઠ તિર્થ હરિશું કહ્યો છે આએ, સ્વામી અમથી કલયુગમાં રહ્યો નવ જાએ. ॥ ૯૩૦ ॥ ગયો દ્વાપર ને કલયુગ બેઠો સાર, સર્વ દેવ ઋષિવર છોડયા છે ઠાર. ॥૯૩૧॥ ત્યારે ગંગાજીએ વચન હરિશું કહ્યો. જો ! તમે કલયુગમાં પ્રગટ નહિ રહો. ॥ ૯૩૨ ॥ તમે કલયુગમાં પ્રગટ ફરો નિર્વાણ. તો હરિ ! હમને મૂકો પાછા હમારે ઠામ. ॥ ૯૩૩ ॥ જ્યારે વિન્નતી એવી તિર્થે સર્વેરે કહી. ત્યારે શ્રીહરિ બુદ્ધારુપે બોલ્યા સહી. ॥૯૩૪॥ સુણોરે ગંગાજી ! વાત તમને તો કહું. અમે તો કલયુગમાં પ્રગટ નહિ રહું. ॥ ૯૩૫ ॥ પશ્ચિમ દીશામાં શહસ્ત્ર દ્વિપ કહું, ત્યાં દશમો અવતાર ગુપ્ત હોઈ રહું. ॥ ૯૩૬ ॥ ત્યારે તિર્થ હરિશું કહે સત્યભાએ, સ્વામી ! ગોર નર-વિનાં રહ્યું કેમ જાએ ? ॥ ૯૩૭ ॥ કરે જીવહિંશા ને કુડે કપટ શું કામ, જ્યાં લોભ લાલચે કરી જોડે દામ. ॥૯૩૮॥ તે દામ લાવીને પૂજા હમારીરે કરે, સ્વામી ! તેનું પાપ હમ શિર ઉપર ચડે. ॥૯૩૯॥ એવા મહા પાપ તો કલિયુગ માંહે થાએ, સ્વામી ! કલિયુગમાં રહ્યો નહિ જાએ. ॥૯૪૦॥ શ્રી હરિ ! જે વકર્મ કરીને હમમાં નાહે, તે પાપીનાં મુખ તો દેખ્યા કેમ જાએ ? ॥ ૯૪૧ ॥ ત્યારે શ્રી બુદ્ધા વચનએ તિર્થને કહ્યા, તમો બ્રહ્માનાં થાપ્યા તિર્થયુમાં આએ, તે ગોર બ્રહ્માની કલામાંહે રહેશો જાએ. ॥૯૪૩॥ એવા વચન હરિએ ગંગાજીને રે કહ્યા, ત્યારે સર્વ તિર્થ મન હર્ષિત તો થયા. ॥ ૯૪૪ ॥ ત્યારે નારાયણને ગંગાજી પૂંછે શિરનામ, સ્વામી! હમને કહો ગોર બ્રહ્માનાં ઠામ. ॥ ૯૪૫ ॥ ત્યારે ગોર બ્રહ્માનો ઠામ નારયાણ કહે, ત્યાં સકલ તિર્થ ચિત્ત દઇ ને રહે. ॥ ૯૪૬ ॥ જાંબુદ્વિપે કુંવારકા ક્ષેત્ર ઈમામપુરી ગામ; પ્રગટરુપે બ્રહ્માજી બેશશે તેણે ઠામ. ॥ ૯૪૭ ॥ ઈમામપુરી નગરીમાં ગોર બ્રહ્માજીનો ઠામ, તે કલિયુગ અંતે ઈન્દ્ર ઇમામશાહ નામ. ॥ ૯૪૮ ॥ ગોરે જે ઘેર

કર્યા તે લેજો જોએ, તેને ગાફલ દુનિયાનાં જાણે કોએ. ॥ ૯૪૯ ॥ જ્યારે નારાયણે કહ્યા ગોર બ્રહ્માના ઠામ, ત્યારે સર્વ તિર્થે તે દિશાને કર્યા પ્રણામ. ॥ ૯૫૦ ॥ ત્યારે સકલ તિર્થ પૂછેરે શિરનામ, સ્વામી હમને કહો હવે તમારા ઠામ.॥ ૯૫૧ ॥ શ્રી નારાયણ દેવ ગંગાજીને ઠામતો કહે, અને કલા હમારી ગોર બ્રહ્માજીમાં રહે. ॥ ૯૫૨ ॥ જ્યારે વચન શ્રી બુદ્ધાએ ગંગાજીને કહ્યા, ત્યારે સર્વ તિર્થ મન હર્ષિત્ તો થયા. ॥ ૯૪૩ ॥ એશો ભેદ શ્રી બુદ્ધાએ કહ્યો રે પઠાએ, અડસઠ તિર્થ બ્રહ્મકલામાં બેઠા જાએ. ॥૯૫૪॥ કલિયુગમાં સર્વ તિર્થ બ્રહ્મકલામાં ગયા, ત્યારે સર્વ તિર્થનાં ઘર તો ઠાલા થયા. ॥ ૯૫૫ ॥ ત્રણ વેદને અડસઠ તિર્થનો મહિમાં ગયો, ઠાલા વેદ વાંચે તે સુન્ પુજાએ ભયો. ॥ ૯૫૬ ॥ જ્યારે અડસઠ તિર્થ ચાલીનેરે ગયા, તેતો સર્વ જામ્બુદ્વિપ માંહે આવિયા. ॥ ૯૫૭ ॥ તે સર્વ તિર્થતો રજા વંતારે આપે થયા, તે ગોર બ્રહ્માની કળા માંહે આવિયા. ॥ ૯૫૮ ॥ અહિં તિર્થને વોલાવી હરિ જાય જાએ, ત્યારે ભેરવો ભૂત આવીને લાગ્યો પાએ. ॥ ૯૫૯ ॥

—— * ——

ભેરવાભૂતનાં પરચ્યા.

ત્યાં પાએ લાગી ને વિન્નતી કરે છે ધણી, હવે હમને રજા કયેશી દોછો શ્રી ધણી ? ॥ ૯૬૦ ॥ હરિ ઇશ બ્રહ્મા પ્રગટ નહિ હોય દયાળ ! ત્યાં હરિ ! કોણ કરશે હમારી પ્રતિપાલ ? ॥ ૯૬૧ ॥ જ્યારે એશા વચન ભેરવ ભૂત કહે, ત્યારે નારાયણ દેવ વચન ઓચરે. ॥ ૯૬૨ ॥ ત્યારે નારાયણે ભેરવને કહ્યો વિચાર, તમે કાએ છોડોછો આવો રુડો સંસાર ? ॥ ૯૬૩ ॥ જે મધ મૌંશનો છે આહાર રે તમૂતણો, તે કલિયુગનાં ભુલ્યા લોક પૂજશે ઘણો. ॥ ૯૬૪ ॥ જ્યારે એવા વચન નારાયણે કહ્યા, ત્યાં શકલ ભેરવ ભૂત હર્ષિત થયા. ॥ ૯૬૫ ॥ ભેરવ ભૂત કરજોડીને કહે શિર નામ, સ્વામી ! કલિયુગમાં કહો હમારો ઠામ. ॥ ૯૬૬ ॥ તમે જ્યાં કહેશો ત્યાં રેહશું જાએ, એશો ભેરવ ભુતે કહ્યો સમજાએ. ॥ ૯૬૭ ॥ ત્યારે નારાયણ ઠામ ભેરવ ભુતને કહે, આજ અડસઠ તિર્થના ઘર ઠાલા છે હે. ॥ ૯૬૮ ॥ સર્વ તિર્થ ઉઠીને ગયા ગોર બ્રહ્મા પાસ, તેનાં ઘરમાં જઈતમે પૂરજો વાશ. ॥ ૯૬૯ ॥ ત્યાં

કરી રૂડા ચરિત્રને કરજો પ્રતુત, સર્વ ભોળા લોકોને તમે ખાજોરે ધુત, ॥ ૯૭૦ ॥ જેમ જેમ ચરિત્ર કરશો તમે તતક્ષણુ, તેમ તેમ લોક તમારા તિર્થ આવશે ઘણું. ॥ ૯૭૧ ॥ અથર્થ વેદની કાંડી વિના જે કોઇ પૂજા કરે, તે તો ભેરવા ભૂતને સર્વે તો ચડે. ॥ ૯૭૨ ॥ તમારે ત્યાં ગાફલ દુનિયા આવશે સહી, તેને તમે તો ધુતી ખાજોરે લેઈ. ॥ ૯૭૩ ॥ જે પૂજે તે તમે લેજો ચરિત્રરે કરી, ત્યાં માથા મૂંડાવી પાછા આવશે ફરી. ॥ ૯૭૪ ॥ કલિયુગમાં પથ્થર દેવની પૂજારે થાએ, તે સર્વે પૂજા ભેરવ ભૂત લેઇ જાએ. ॥ ૯૭૫ ॥ ભેરવા! તમે કરજો ચરિત્ર તો તહીં, કલિયુગમાં લોક પ્રતિત લાવશે સહી. ॥ ૯૭૬ ॥ હરિએ ભેરવાને દીધા છે એવારે ઠામ, ત્યાં સકલ ભેરવે દેવને કર્યો પ્રણામ. ॥ ૯૭૭ ॥ ત્યારે શ્રીહરિએ કહ્યો સર્વ ભેરવનેરે ઠામ, જઈને રહેજો તમે અડસઠ તિર્થ મૂકામ. ॥ ૯૭૮ ॥ નવ ખંડ ચોવીસ મુલકે વ્યાપિક ભેરવ ભૂત, તે સર્વ ગાફિલ દુનિયાને ખાએ છે ધુત. ॥૯૭૯॥ કલયુગમાં જે વેદ વિધિવિના પૂજા થાએ, તે સર્વ પૂજા ભેરવ ભૂત લેઇ જાએ. ॥ ૯૮૦ ॥ કલયુગમાં નિષ્કલંકી બ્રહ્મા ઘેર હોએ, તેને ગાફલ દુનિયાં નાં જાણે રે કોએ. ॥૯૮૧॥ કલિમાં દશમા અવતારની પૂજા હોએ, સેહદેવ વચને સદ્ગોર ઘેર લેજો જો એ. ॥ ૯૮૨ ॥ એસો કહી ભેરવ ભૂત દીઓરે પડાએ. સર્વ તિર્થોનાં દેવલડેરે બેડા જાએ. ॥૯૮૪॥ કલિયુગમાં સર્વે વ્યાપિક ભેરવ ભૂત, તેતો ગાફિલ દુનિયાને ખાએ છેરે ધુત. ॥૯૮૪॥ જે પથ્થર મૂર્તે તિર્થે ચરિત્રરે થાએ, સર્વ ખેલ એ ભેરવ ભૂતનાં કેહવાએ. ॥ ૯૮૫ ॥ ગાફિલ દુનિયાનાં જાણે સદ્ગોરનાં ઠાએ, સર્વ પાખંડે રાચી પથ્થરને લાગે પાએ. ॥ ૯૮૬ ॥ ચરપટે રાચ્યો છે આ સકલ સંસાર! તે નાં જાણે કોઈ સદ્ગોર મૂરતનો ઠાર. ॥ ૯૮૭ ॥ જ્યારે ભેરવને નારાયણ દેવ એશો કહે, ત્યારે પથ્થર પાત્રી આવીને ઉભા રહે. ॥ ૯૮૮ ॥

—— * ——

પથ્થર પાત્રીના પરચા.

—— * ——

તે પાએ લાગી વિનંતી કરે છે ઘણી, હવે હમ્ને સી રજા દો છો હે ધણી. ॥ ૯૮૯ ॥ પથ્થર પાત્રીને નારાયણે પૂછ્યું આએ, તમે અહીં આવ્યા કોણ સત્ય-ભાએ? ॥ ૯૯૦ ॥ ઘડી કૂટી ચુટી પૂજા કરશે અમ તણી, હરિ, અમારો એમનો

ન્યાય કરશો ધણી. ॥ ૯૯૧ ॥ સ્વામી, તમ નામ લઇ પૂજા અમારી કરે, તે પાપ તો સ્વામી, અમો શિર ઉપર ચડે. ॥ ૯૯૨ ॥ તે પૂજા ભૈરવ ભૂત છલ કરીનેરે ખાએ, ભૂલ્યા ચડાવે પાત્રીને પૂજે હમારા પાએ. ॥ ૯૯૪ ॥ સુણો પથ્થર ! પાત્રી વચન તો અમ તણો, તમને કૂટી ચૂંટી દુઃખ દઇ પૂજેરે ઘણો. ॥ ૯૯૪ ॥ ભલે ચુંટે કૂટે તેનો રોશનાં ધરશો કોએ, સર્વ પૂંછશું જ્યારે મહાદન હોએ. ॥૯૯૫॥ ત્યાં આદ્ય અંતનાં જીવ એકઠા થાએ, જ્યાં ગોરનર તખતે બેસશે આએ. ॥૯૯૬॥ હમે અદલ ન્યાય કરી પૂંછશું રે ત્યાંએ, જે ઘડી ચુંટી કૂટીને લાગે તમારે પાએ. ॥ ૯૯૭ ॥ વચન સાંભળો પથ્થર પાત્રી ! અમતણો, લોઢી અમરાપુરીમાં કરશું ન્યાય ઘણો, ॥ ૯૯૮ ॥ નારાયણે વચન પથ્થર પાત્રીને કહ્યા, શ્રી બુદ્ધા વચને દુઃખ કલિયુગમાં સહ્યા. ॥ ૯૯૯ ॥ ભાઈ દેવની ખેલ રમત સવા પહોરની જેહ, શ્રી બુદ્ધાજીએ અગમ કથી સંભળાવી તેહ.॥૧૦૦૦॥ આ વેદ વચન સહી પ્રમાણે નર જેહ, શ્રી બુદ્ધા અવતારે અગમ ભાંખ્યા તેહ. ॥૧૦૦૧॥ જે નવમો રૂપ દ્વાપર અંતે હુવો છે સાર, ત્યાં તો દેવે ધર્યો છે શ્રી બુદ્ધા અવતાર. ॥ ૧૦૦૨ ॥ (રાગ ફર્યો) તે શ્રી બુદ્ધાની માતા રેણુકા, અને પિતા તે શ્રી સિંહરાજ; શકિત દેવી હરશદ જાણો, ને ગોર તો હંસરાજ. ॥ ૧૦૦૩ ॥ સેહસ્ત્ર દ્વિપે ઉપન્યા, જાંબુદ્વિપ હીમ-સ્થાને જઇ; ભરતખંડમાં રમીયા, પાંડવ મોક્ષ પામ્યા તહીં. ॥ ૧૦૦૪ ॥ કૌરવને જ્યારે કરણાશુર, દહિંત દુર્યોધન મારીયા; નવ ક્રોડી શું ભક્ત પાંડવો, યુધિષ્ઠિર શું ઓધારિયા. ॥ ૧૦૦૫ ॥ ત્યાર પછી સંસાર માંહે, ફર્યા તે શ્રી મુરાર; ત્યાંથી લાઇ લીધી પાંડવે, અને ગયા તે વેલુવન્ન મોઝાર. ॥ ૧૦૦૬ ॥ ત્યારે નારાયણ કલશું પધારિયા, અને ભક્ત પાંડવ છે જહી, પાંડવોને તો તે પૂછવા, ભાઇ ! કુશળ છો કે નહિ ? ॥ ૧૦૦૭ ॥ ત્યાં પાંડવે કાયા કેશે ઢાંકી છે, વાએ ભખીં લે છે ભોગ, સદ્દગોરે એણીપેરે રાખીઆ, ત્યારે થયા હિમાળે સીજ્યા જોગ. ॥ ૧૦૦૮ ॥ હરિએ પાંડવને આલી આજ્ઞા, તમે ચાલો હિમાળે જેહ; તમે ખોલિઆ આલો ખાખના, તો વાશે નુરાણી દેહ. ॥ ૧૦૦૯ ॥ યુધિષ્ઠિર વાણી ઓચરે, સ્વામી ! સદેહી સ્વર્ગ દેખાડ ! જે પહેલાં કોલ કરાર કીધા તમો, શ્રી હરિ ! હમ સાથે સીધાર ! ॥ ૧૦૧૦ ॥ પાંડવે હિમાલે ચલાવિયા, અને રાજા ધર્મે માંગ્યો કોલ; સ્વામી ! હવે અળગા નાં કીજીએ, આપણે જઇએ અમરાપુર મહોલ. ॥ ૧૦૧૧ ॥ શ્રી હરિ એમ બોલીયા, અને પાંડવ ! સાંભળો આજ, રાજ આલો પરિક્ષિતને, તમે કરજો ધરમનાં કાજ. ॥ ૧૦૧૨ ॥ પરજાને પાલજો પ્રેમથી, અને કરજો ઉત્તમ

કર્મ; હમે જાઈશું હિમજલે, ત્યાં એસો કહ્યો હરિએ મર્મ. ॥ ૧૦૧૩ ॥ સત્ય વહીએ રહેવાય નહિ, અને એવો તો છે કલી કાલ, મર્યાદા તે માને નહિ, પિતા તણી ત્યાં બાલ. ॥ ૧૦૧૪ ॥ નારી નરને સૂતો વેચે, એવું કલીનું છે કર્મ; તે વરણે વરણ માને નહિ, સહુ મૂકે તે કુલનાં ધર્મ. ॥ ૧૦૧૫ ॥ વલી બ્રહ્મ તો થયા વિના તે બ્રહ્મ દિશાનાં પાલે મર્મ, શુભ થઈને અશુભ આચરે, અને મુખ કહે એ ધર્મ. ॥ ૧૦૧૬ ॥ એતો ધર્મ ને જાણે નહિ, અને કરે તે ખંડત પુનઃ; સ્વાદ અર્થે તે સત્ય મૂકે, તેને દયા ધરમ નહિ મન્ન. ॥ ૧૦૧૭ ॥ લોભી રાજા પ્રજાને લુંટે, અને પિતા તે લુંટે પૂત્ર; માતા તો વેચે તનયા, અને લેવે તે કન્યાનો શુત્ર. ॥ ૧૦૧૮ ॥ અનેક તો બીજા છે કરમ, અને કહેતાં તો નિંદા થાએ; ભાવે ભોજન કરાવે નહિ, પછે લોક જમવાને જાએ. ॥ ૧૦૧૯ ॥ સત્ય કહે તે તો માને નહિ, અને પૂછવા પંડિતને ધાએ; તેનો મર્મ તે જાણે નહિ, મિથ્યા દેવલ ડેરે જાએ. ॥ ૧૦૨૦ ॥ સાચું કહું છું પઠંતરે, તમ સુણજોને ધર્મ રાએ ! નીચ ઉંચ તો ત્યાં એકઠા, તે સર્વ એકાકારજો થાએ. ॥ ૧૦૨૧ ॥ સપાત્રને તો આપે નહિ, ને ધુતારાને આપવા જાએ; કુપાત્ર ને પુજે ઘણો, એવો છે કલીનો મહિમાએ. ॥ ૧૦૨૨ ॥ કલી મધ્યે હરિને માને નહિ, અને શુન્ પૂજવા ધાએ; ગોલા તો થાએ રાજીઆ, અને અસાધુ પુજાએ. ॥ ૧૦૨૩ ॥ જુઠું બોલીને માન આપે, અને કરે તે નિત્ય વખાણુ; તે પંચ મતને માને નહિ, એ છે કલિયુગનાં એંધાણ. ॥ ૧૦૨૪ ॥ ગાએ તો વકરે હવી, કન્યા વકરે ઉત્તમ નામ; કુળની મર્યાદા તે છોડીને, તે નીચા કરશે કામ. ॥ ૧૦૨૫ ॥ રાણી તો સેવે દાસને. અને દાસી તે સેવે રાએ; અનેક કરમ બીજા છે ઘણા. એવો છે કલિનો મહિમાએ. ॥ ૧૦૨૬ ॥ ભ્રાત સાથે વ્હેર લેખવે, ત્યાં એમ કેમ કહેવાએ ? તે માટે તો જાશું અમો; પુત્ર ! તમે ફરજો નિર્મલ કાએ. ॥ ૧૦૨૭ ॥ પરિક્ષિત કહે અમે કેમ રહું ? પાપી મહા કલીયુગ કહેવાએ; તે માટે સંગે હમે આવશું, અમને એમ ઘટે છે રાએ ! ॥ ૧૦૨૮ ॥ ધરમ કહે તમે હમણા ઉપન્યા, તે માટે કરવું ઘટે છે રાજ; જ્યાં લગી પુત્ર થાએ નહિ, ત્યાં લગી પિત્રુ રણ રહે છે રાજ ! ॥ ૧૦૨૯ ॥ પરિક્ષિતને તો રાજ આપી, પછી જાએ છે સહુ હીમ; હવે હમે હિમાચલે જાશું, એમ ઘટે છે કલિયુગનું નીમ. ॥ ૧૬૩૦ ॥

---+---

શ્રી કૃષ્ણના શીસ, પ્રદુમન, શેષસ્થાન, બુદ્ધસ્થાન, વેણી વચ્છરાજ, સીંહરાજ, વૌંશ તો શ્રી બુદ્ધ. શ્રી બુદ્ધની માતાતો રેણુકા,:પિતાતો સીંહરાજ, શક્તિ તો દેવી હરશદ, ગોરતો હંસરાજ,: સ્થાન તો,:હિમવંતી નગરી,:ક્ષેત્ર તો કુરુક્ષેત્ર, ત્યાં નરદલો દાણવ તો દુર્યોધન, વિચાર.તો શામવેદ, ઓચરંતે ગાયત્રી, સાતવાર સત્તાવીસ નક્ષેત્ર પંદર તીર્થ બાર:કરણ નવગૃહે સુર્ય:મંત્રનો જાપ.જપંતા આવ્યા, સ્વામી, ઋષિઓને સ્થાપી, દુર્યોધન દાણવને:સંહારી, નવ કરોડી સું રાજા:યુધિષ્ઠિર ને ઓધારી, તમે ભલે અવતર્યા યુગે યુગે દેવ મોરારી, જે, કોઇ ચિત્ત હરિ શું લાએ, તેના ધર્મ વધેને પાપ ક્ષય થાએ. નમો નમો ભાઇ પરિબ્રહ્મ નારાયણના નામને, જેણે રૂપે આપણા સદ્દગોર બ્રહ્મા નરનારાયણ હોય, આજ તે રૂપને ધાઇએ.

અવતાર નવમો શ્રી બુદ્ધા છપ્પન કરોડ (૫૬૦૦૦૦૦૦૦) કુળ પરવાર, ચાર લાખ બત્રીસ હજાર (૪૩૨૦૦૦) વર્ષ વર્તં તે દિશા દક્ષીણ, સ્થળ, શામપુર, દાગ અગ્નીદાગ, ત્રીજા દ્વાપરનું પ્રમાણ, આઠ લાખ ચોસઠ હજાર(૮૬૪૦૦૦) વર્ષ તેમાં મજજમલે મોટા અવતાર બે થયાં.

નોંધ—નવમો અવતાર મીસરદેશમાં સપૂર્ણ કરી શ્રી હરિવંશ અરબસ્તાનમાં સંભલનગર (મકલેશ્વર) માં દશમાં નિષ્કલંકી અવતાર માટે કુળપલ્ટો કરે છે. અને તેથી કુરેશ કુળમાં જાય છે.

નોંધ ૨—અહિં દ્વાપરયુગ પુરો થાય છે, અને સાથે સાથે સામવેદનો અમલ પણ પુરો થાય છે, અને કળીયુગ:બેસે છે, ને તેની સાથે અથર્વવેદ પ્રધાન પદે આવેછે.

પ્રસ્તાવના.

સરગા રોહીણીનું જ્ઞાન.

સરગા રોહીણીનું જ્ઞાન કેમ ઉત્પન્ન થયું. અને પાંડવોને હિમાળે શા કારણથી જવું પડયું ? તેનું વર્ણન અને પ્રસ્તાવના નીચે મુજબ છે.

દ્વાપર યુગના જમાનાના મધ્ય ભાગમાં શ્રી કૃષ્ણ પ્રભુ અને તેમના ભક્ત પાંચ પાંડવો હતા. તે એટલા બધા પ્રેમથી બંધાયેલા હતા તે ભક્ત પાંડવોના પગમાં કાંટો લાગે, કે તરત શ્રી કૃષ્ણ પ્રભુ પગ ખોતરવા જાય. એટલે પાંડવોનો પગ મટી જાય. કોઇબી કારણ વસાત કૌરવોનો ને પાંડવોનો ઝગડો ઉભો થયો. (મહાભારતનો) તેમાં પાંડવોની તરફ શ્રીકૃષ્ણ હોવાથી પાંડવો ઝગડો જીતી ગયા. અને કૌરવો ને સર્વે સેના પક્ષના માણસો મરણ પામ્યા. આ જગ જાહેર વાત છે અને પાંડવોને દિલ્હી હસ્તીનાપરનું રાજ્ય મલ્યું. અને તેમણે ઘણો વખત રાજ્ય કર્યું, પણ તેમાં લોકવાદ ઉભો થયો, અને તેથી એમ કહેવાયું કે પાંડવોએ મહા પાપ કર્યું. પોતાના ભાઇઓ અને પોતાના કુળને મારી નાખ્યું. આવો લોકવાદ થવાથી પાંડવોને પણ ડર લાગ્યો કે આ વાત ખરી છે. આવું થવાથી પાંડવોએ બ્રાહ્મણોને પ્રશ્ન પૂછયો કે, કૌરવોની હત્યા અમારા શીર છે, તે કેમ ઉતરશે ? ત્યારે બ્રાહ્મણોએ જવાબમાં કહ્યું કે, પાંડવો તમે યજ્ઞ કરાવોતો કૌરવોની હત્યાથી તમો મુકત થાઓ. આવા કારણને લીધે પાંડવોએ બ્રાહ્મણનું કહ્યું કરી, કૌરવોનું પાપ ઉતારવાના કારણને લીધે યજ્ઞ આરંભ્યો.

આ વાત દ્વારકામાં શ્રીકૃષ્ણ પ્રભુએ જાણી, ને તરત દિલ્હી આવીને પાંડવોને કહ્યું કે તમે આ યજ્ઞ શા માટે કરો છો ? ત્યારે પાંડવોએ કહ્યું કે મહારાજ અમારા માથે કૌરવોની હત્યાનું પાપ છે. તે માટે આ યજ્ઞ કરીએ છીએ. ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે કૌરવોનું પાપ તમું માથે નથી. કારણકે વાદે વદે તેનું પાપ કોને

હોતું નથી. માટે આ યજ્ઞ ન કરો. તે પાપ તમારે નહિ પણ મારે માથે છે. તેના જવાબમાં પાંડવોએ કહ્યું કે મહારાજ જેના પાય પૂજીએ તેને પાપ કેમ દેવાય ? ત્યારે શ્રીકૃષ્ણ પ્રભુએ જરા ખીજવાઈને કહ્યું કે, પડો ચોર્યાષીમાં, આટલું કહેતાં ન માનો તો ભલે ભોગવો, પણ હવે હજી પણ એક દાવ છે, તે વખતે ચેતજો, નહિતો પછી નર્કે જશો. આવું કહી કંટાળીને શ્રી કૃષ્ણ પ્રભુ દ્દરકા જતા રહ્યા.

શ્રીકૃષ્ણ પ્રભુની રમત કોણ સમજી શકે ? પાંડવો જેવા ભકત પણ સમજી શકયા નહિ.

હવે શ્રી કૃષ્ણ પ્રભુએ પોતામાં જે પ્રભુત્વ હતો તે પોતાના પૌત્ર અનિરૂદ્ધને સોંપ્યો, ને તેનું ઓખા હરણ થવાથી તે મીસરદેશ ગયો. અને યાદવાસ્થળી થઈ તેમાંથી તેનું કુટુંબ બચી ગયું. ઓખા હરણ વાંચવાથી આ વીગત યાદવા સ્થળી પછી ખુલાશાવાર જણાશે, શ્રીકૃષ્ણ પ્રભુ જંગલમાં પારધીના બાણથી મરાયા.

શ્રી કૃષ્ણ પ્રભુએ પાંડવોને યજ્ઞ કરવાની મનાઈ કરી હતી છતાં રહીરહીને છેવટે પાંડવોએ યજ્ઞ કર્યો, એટલે પ્રભુની કળા મીસર દેશમાં હોવાથી, ને શ્રી કૃષ્ણ અવતારનો સમય વીતી જવાથી, અને શ્રી બુદ્ધા અવતારનો સમય શરૂ થવાથી, મીસર દેશમાંથી પ્રભુ પોતાનું રૂપ બદલી, મલેચ્છ રૂપ થઇને જેમ શેઠ શગાળશાને ઘેર ગએલા, તેવી જ રીતે આ પાંડવોને દ્વારે શ્રી બુદ્ધા રૂપ લઇ, ભગવાન પધારેલા, શ્રી બુદ્ધારૂપે પાંડવોને દ્વારે જઇ ભીમને કહ્યું કે, આ યજ્ઞ શા માટે કરો છો. ભીમે કહ્યું કે કૌરવોની હત્યા નું પાપ ઉતારવા. શ્રી બુદ્ધાએ કહ્યું કે કૌરવો ને અને તમારે યુદ્ધ થયો તે વખતે શ્રી કૃષ્ણ પ્રભુ હતા તેમને તમે કેમ પૂછયું નહિ ? ત્યારે તેના જવાબમાં ભીમે કહ્યું કે, શ્રી કૃષ્ણ પ્રભુ તો, અમારા ગુરુ થતા અને તેમણે જ અમોને કહ્યું હતું કે કૌરવોની હત્યાનું પાપ તમારે માથે નથી. ત્યારે શ્રી બુદ્ધાએ કહ્યું કે શ્રી કૃષ્ણ પ્રભુ તમારા ગુરૂ હતા, અને વળી પ્રભુ હતા, તો તેમનું કહ્યું તમે કેમ માન્યું નહિ ? માટે તમે તો હવે ગુરૂદ્રોહી થયા છો, અને હવે આવા કરોડો યજ્ઞ કરશો તો પણ તમારૂં આ પાપ ઉતરશે નહિ.

શ્રી બુદ્ધાના આવાં વચન સાંભળીને ભીમ સમજી ગયો કે આ તો શ્રી કૃષ્ણ પ્રભુ પોતે જ છે, અને શ્રી બુદ્ધાને પગે પડીને વચને બાંધીને ઉભા રાખી યજ્ઞમાં જઈને ધર્મ રાજાને કહ્યું કે, યજ્ઞ કરશું તો પણ આપણું પાપ નહિ જાય, કારણકે શ્રી કૃષ્ણ પ્રભુ પોતે જ નવમો અવતાર લઈ આવેલા છે, ને તેમની સાથે, મારે જ્ઞાનની વાતો છાની થઇ, અને મારાથી એક પણ ઉત્તર વાળી શકાયો નહિ. આ

ભીમની વાત સાંભળીને, રાજા ધર્મે તરત સહદેવને પૂછયું કે " સહેદેવ! આ ભીમ કહે છે એ પુરૂષ કોણ છે ?" ત્યારે સહેદેવે કહેવા માંડયુ કે " હે રાજા ધર્મ શામવેદનો મંડપ પૂરો થયો હવે અથર્વ વેદ આવે છે, અને શ્રી કૃષ્ણ પોતે નવમું રૂપ લઈને આવેલા છે. આ પુરૂષને જો આપણે નહિં મળીએ તો આપણે ચાર યુગ ચોર્યાસી અવતારનાં ફેરામાંથી નહિં છુટીએ, આપણે દ્વારે આવેલા પુરૂષતો ચૌદે ભવનનો પેદા કરનાર છે ધરતી, આકાશ, પવન, પાણી નો પેદા કરનાર છે." આવી સહદેવની વાત સાંભળતાં જ, રાજા ધર્મ તો પુરેપુરૂં સમજી ગયા, અને યજ્ઞ મેલીને બધા પાંચે ભાઈઓ શ્રી બુદ્ધાને મળ્યા. પુરેપુરી ઓળખાણ થઈ. રાજા ધર્મે શ્રી બુદ્ધાને પગે ચુંબન કરી ને કહ્યું કે ' હે પ્રભુ હવે અમારે ઘેર પધારો. ' શ્રી બુદ્ધા ભગવાને કહ્યું કે, ' તમારે ઘેર મારાથી નહિ અવાય, કારણકે તમે વચન નાં જુઠા છો. ' ત્યારે રાજા ધર્મે કહ્યું કે, ' મહારાજ ! અમે વચનનાં જુઠા નથી. ' ત્યારે શ્રી બુદ્ધાએ કહ્યું કે ' શ્રીકૃષ્ણ પ્રભુ તમારા ગુરુ થતા. અને વળી પ્રભુ હતા, તે પણ તમને જ્ઞાન છે. છતાં શ્રી કૃષ્ણ પ્રભુનાં વચન ઉથાપ્યાં, ને આ યજ્ઞ કેમ કરો છો ? ગુરુ દ્રોહી તે મહા પાપી. સાંભળો રાજા ધર્મ, હવે આવા કરોડ, કરોડ યજ્ઞ કરશો તોય નહિ ઉતરે કરમ ! આવાં પ્રભુનાં વચન સાંભળીને રાજા ધર્મ બહુ ધભરાયા, અને સાચું બોલ્યા કે ' હે પ્રભુ ! અમોએ આ લોભી બ્રાહ્મણોના કહેવાથી અને અમારા પૂર્વના પાપ હોવાથી, અમોએ અમારા ગુરુ શ્રી કૃષ્ણ પ્રભુનું વચન ઉથાપ્યું છે. માટે ક્ષમા કરો. ' આવાં વચન સાંભળીને શ્રી બુદ્ધા ભગવાન હસી પડયા. અને કહ્યું કે ' રાજા ધર્મ હવે અમારી રીશ ઉતરી, ને તમે બોલ્યા સત્ય વચન, પણ હવે જો મારા વચન પાળો એવો મને કોલ આપો તો તમારે ઘેર આવીશ. ' એટલે રાજા ધર્મે મસ્તક મૂકીને કહ્યું કે, ' હે શ્રી પ્રભુ ! લો મારૂં વચન છે, જે તમે કહેશો તે અમે કરીશું. ' આવા ધર્મરાજનું વચન લઇને શ્રી પ્રભુ પાંડવોને ઘેર આવ્યા, અને ઘેર જઇને સામવેદની કાંડી બંધ કરાવીને અથર્વવેદની કાંડી ચાલુ કરાવી. ગૌમેધ યજ્ઞ બંધ કરાવી, ને અજા મેધ યજ્ઞ ચાલુ કરાવ્યો.

પાંડવોએ કરેલા ગુરુ દ્રોહનું પ્રાયશ્ચિત કરાવવા શ્રી બુદ્ધા તેમને હિમાળે જવા ફરમાન કર્યું. અને તેથી પાંડવો હિમાળે ગયા, તેનું વર્ણમ સરગા રોહીણી ના જ્ઞાનમાં ખુલાસાવાર છે.

———

પાંડવની સરગા રોહીણી.

શ્રી સદ્દગોર બ્રહ્મા વાચા સહી, શ્રી પાંડવની સરગારોહીણી લખી છે સહી.

——×——

પાંડવ આવ્યા આપણે ઠામ, શ્રી હરિ થયા તે અંતરધ્યાન ॥ ૧ ॥ વિચાર કરતાં રજની વહી ગઇ, અને યુધિષ્ઠિર ચીંતા કરે છે ત્યાંહી. ॥ ૨ ॥ પરતુષ કાળ હુઓ જેટલે, રાજાએ સભા મેલી તેટલે. ॥ ૩ ॥ સ્નાન, ધ્યાન, વેદ ભોજન કરી, પંચે બંધવે ચિંતા મન ધરી. ॥ ૪ ॥ પાસે બેઠા કુંતાજી માત, પતિ વંતા પાસે વિખ્યાત. ॥ ૫ ॥ પ્રજા પ્રધાન તેડાવ્યા સહુ, ઓતમ લગનનો પાર ન લઉં, ॥ ૬ ॥ સભા પુરી બેઠા રાજન, સૌને દીધાં આસન માન. ॥ ૭ ॥ ભુપત યુધિષ્ઠિર બોલ્યા વાણ, મન સાથે લીધાં ધ્યાન. ॥ ૮ ॥ ભીમસેન વાણી સાંભળો, મુકી મન નો આમળો. ॥ ૯ ॥ તુજ સમો ભડ બળીયો નહિ કોઇ, ત્રીભોવન મહા વખાણું જોય. ॥ ૧૦ ॥ તે દિવસ તો ભડ સબળ શરીર, અને મહા પરાક્રમી તું મહાવીર ॥ ૧૧ ॥ એમ હીમ પંથની મન ઇચ્છા ધરી, અને સકળ ધર્મ જપો શ્રી હરિ. ॥ ૧૨ ॥ મહારે તો જાવું નિર્ધાર, જ્યાં છે પોતે નંદ કુમાર. ॥ ૧૩ ॥ એક તમને કરૂં વિનતી, માતાધનને અબળા સતી. ॥ ૧૪ ॥ તમે કરો રાજનો અધિકાર, ચલાવો ધર્મ સકળ સંસાર, ॥ ૧૫ ॥ પ્રજા પાળજો ભાવે કરી, અને બેઠા આસન ભજજો શ્રી હરી. ॥ ૧૬ ॥ દીનં પ્રત્યે આશીશદે માત, સેવા કરશે સર્વે ભ્રાત. ॥ ૧૭ ॥ મુખથી સત્ય વચન ભાંખજો, અને શ્રી મનસુદ્ધ અતી રાખજો. ॥ ૧૮ ॥ હસ્તનાપુરમાં કરજો રાજ, ધર્મ નીમ રખે કરતા ત્યાજ. ॥ ૧૯ ॥ કરી વાત રાય છાના રહે, પછી ભીમસેન વાણી કહે. ॥ ૨૦ ॥ જે કહે સો તે ખોડી કથા, અમે આવીશું સર્વે તમારી સાથ. ॥ ૨૧ ॥ તમને છે કળજુગની બીક, રાય અમનેય છે એવીજ બીક. ॥૨૨॥ તમ કેડે અમે પરવરૂં, અને હસ્તનાપુરમાં રાજ નહિ કરૂં. ॥ ૨૩ ॥ એક વચન કરૂં પ્રમાણ, હું રહું તો શ્રી હરિની આણ. ॥ ૨૪ ॥ વળતા

રાય અર્જુનને કહે, પારથ તું હસ્તનાપુરમાં રહે. ॥ ૨૫ ॥ રાજ કરો હસ્તનાપુર માંહે અંતકરણ ભજો શ્રી હરિ. ॥ ૨૬ ॥ રાજ તણું ચલણ ઓચરો, કુંતાજીની સેવા કરો. ॥ ૨૭ ॥ વીર તું મહા ધર્મ પવિત્ર, ગોવીંદ સરખા તારા મિત્ર. ॥ ૨૮ ॥ કહ્યું અમારૂં ધરજો હૃદય, વળતાં અર્જુન તે વાણી વદે. ॥ ૨૯ ॥ ભાઈ રાજતણું ન લેશો નામ, અમે આવીશું વૈકુંઠ ધામ, ॥ ૩૦ ॥ કશી પ્રતિજ્ઞા ન કીજે ધણી. અમે રહું તો આજ્ઞા માતા તણી. ॥ ૩૧ ॥ વળતા વચન કહે ધર્મ ભ્રાત, નીકુળ શાંભળો અમારી વાત. ॥ ૩૨ ॥ કરૂં વિનંતી સાંભળો તમે, માતાને વહાલા છો તમે. ॥ ૩૩ ॥ તમે તે કારણ હસ્તનાપુરમાં રહો, રાજ તણો શીર ભાર વહો. ॥૩૪॥ માતાજીની સેવા કરો, શ્રી હરિ વાણી ઓચરો. ॥ ૩૫ ॥ નીકુળ કહે સાંભળો મુજ ભ્રાત, ન કહેશો મુજને એ વાત. ॥ ૩૬ ॥ જે કહેશો તે મીથ્યા સહી, સમ તમારા અમારે રહેવું નહિ. ॥ ૩૭ ॥ રાજા યુધિષ્ઠિર કહે પ્રમાણ, સહદેવ પ્રત્યે બોલ્યા વાણ. ॥ ૩૮ ॥ રાજ તણો ઓત્તમ વહેવાર, પતિ વંતા નારી પાસ. ॥૩૯॥ બેઠાં ભજવું શ્રી અવીનાશ, ગજ, રથ, અશ્વ તણી શી વાત. ॥ ૪૦ ॥ દાસી દાસ તણો નહિ પાર, સુવર્ણ ધન ભર્યા ભંડાર. ॥ ૪૧ ॥ એવા વચન કહે યુધિષ્ઠિર રાય, સાંભળો તમે સેહદેવ રાય. ॥ ૪૨ ॥ વચવ કહી રાય છાના રહે, વળતા સેહદેવ વાણી કહે. ॥ ૪૩ ॥ બોલે બોલ વચન સાંભળો; ભાઇ સાધુ જનમાં હું નીર્મળો. ॥ ૪૪ ॥ મારે રાજ હલાહલ પાન, મારે જાવું પ્રેમ ધ્યાન, ॥ ૪૫ ॥ મારે શ્રી ગોવીંદજીની આણ, અમે રાજ નહિ બેસું નિર્વાણ. ॥ ૪૬ ॥ પાંચે બાંધવે મન ઇચ્છા ધરી, પ્રેમે બોલાવ્યા સુંદરી. ॥ ૪૭ ॥ દ્રુપદી સતી સાંભળીયો વાત, તમે સેવા કરજો કુંતા માત ॥ ૪૮ ॥ સાસુ વૃદ્ધ ને વહુ વર તમો, ગંગા જમના રેવા તમો. ॥ ૪૯ ॥ સાસુને સુખી રાખજો, બેઠા વૈકુંઠના ફળ ચાખજો. ॥ ૫૦ ॥ સાસુને દુઃખ દેશે જેહ, રોમ રોમ નરકે પડશે તેહ. ॥ ૫૧ ॥ સાસુની જે ભક્તિ કરે, વૈકુંઠમાં તે સંચરે. ॥ ૫૨ ॥ તે માટે મન નિશ્ચે કરી, તમે હસ્તનાપુરમાં રહો સુંદરી ॥ ૫૩ ॥ પરીક્ષિત અભીમાનનો જેહ, બાળક પાંચ વર્ષનો તેહ. ॥ ૫૪ ॥ તેને રાજ બેસાડી કરી, અમે હીમ પંથે જાશું સુંદરી. ॥ ૫૫ ॥ તમે બાળકની રક્ષા કરો, અને કૃષ્ણ કૃષ્ણ વાણી ઓચરો ॥૫૬॥ વચન સાંભળી વિનતા કહે, અને સાંભળવા રાય છાના રહે ॥ ૫૭ ॥ સુંદરી કહે સાંભળો મનથકી, અને કરજોડી કરૂં વીનતી. ॥ ૫૮ ॥ અબળા તણું ધર્મ રહેવે જ્યાં, સેવા કંથ તણી કરે ત્યાં ॥ ૫૯ ॥ કંથ વીના હળહળવી કામની, મેઘ વિના

જેવી દામની ॥ ૬૦ ॥ કંથ થકી એ અળગી રહે, તેને મસ્તકે કુલ પાતક વહે. ॥ ૬૧ ॥ અબળાને તીર્થ કંથ, અને તાપી તીર્થ જાણો પંથ. ॥ ૬૨ ॥ નારિ નારાયણ કે દાર, સેવા કરે સતી હોય નાર. ॥ ૬૩ ॥ કશો અપરાધ નથી હો રાય, અને વણ અપરાધે તજી કેમ જાવ. ॥ ૬૪ ॥ અપરાધી નારી જેટલી, પુરુષ વચન ઉથાપે તેટલી. ॥ ૬૫ ॥ અહિંયા મુજને મુકી જશો, નારી પાંખવાળા પાંચે થશો. ॥ ૬૬ ॥ જો મુકી ગયાની કરશો વાત, તો પ્રાણ હું પોતાના તજીશ હો નાથ. ॥ ૬૭ ॥ સ્ત્રી હત્યાનું પાતક જેહ, મન ભાવે કેમ લેશો તેહ. ॥ ૬૮ ॥ અબ-ળાનું બળ કંઇ ચાલે નહી, તજીશ પ્રાણ હું મારા સહી. ॥ ૬૯ ॥ કળજુગ તણી બીક મુજને ઘણી, કળજુગે સ્ત્રી થશે પરતણી. ॥૭૦॥ એ કારણ હું આવું સાથ, સેવા કરવા સાંભળો નાથ. ॥ ૭૧ ॥ હસનાપુરમાં રહું આજ, માતપિતાને લાગે લાજ. ॥ ૭૨ ॥ ગોવિંદજીના સમ છે સહી, તે માટે મારે રહેવું નહિ. ॥ ૭૩ ॥ હવે છોએ જણા ચિંતા મનમાં ઘણી, હવે હિમ પંથે જાવું ખરેખરી. ॥ ૭૪ ॥ ઓ ત્તમ લગન લીધું સાર, નવરાવી પાટે બેસાડયા પ્રીખત કુમાર ॥ ૭૫ ॥ વસ્ત્ર આભુષણ પહેરાવ્યાં સોય, પ્રજા લોક તેડાવ્યાં જોય. ॥ ૭૬ ॥ ચંદરવા સોભાતા બંધાવ્યા ચાર, મંદીર તેજ તણો નહિ પાર. ॥૭૭॥ સકળ ધુંધવી વાજે વાજીંત્ર. પ્રીખત ઉપર સર્વેની નજર. ॥ ૭૮ ॥ રાજાએ પાટે બેસાડયા પુત્ર, અને તે પ્રીખત ઉપર ધરાવ્યું છત્ર. ॥ ૭૯ ॥ બંધવ સર્વ ઉભા થયા, કરી પ્રણામને સામા રહ્યા. ॥ ૮૦ ॥ સુભટ પ્રધાન તતકાળ, અને મસ્તકે છત્ર ધર્યો નર્પત બાળ. ॥ ૮૧ ॥ આશીર્વાદ બધા જન દેહે, ત્યારે અભયદાન પ્રીખત ત્યાં કરે. ॥ ૮૨ ॥ પ્રીખતને ત્યાં બેસાડયા રાજ, પ્રધાનને ત્યાં સોંપ્યાં સર્વ કાજ. ॥ ૮૩ ॥ તે દિવસ તેમ વહી ગયો, જોઇ લોકને રળીયાત જો થયાં. ॥ ૮૪ ॥ ઉઠીને વીર વિચારે વાત, અને સુંદરી સાથે પાંચે ભ્રાત. ॥ ૮૫ ॥ તન મન સર્વે સોંપ્યાં નાથ, વ્હાણામાંહે જાવું સાતે સાથ. ॥ ૮૬ ॥ (વાણ ફરી) માતા કુંતાને મંદિરે આવ્યા, માતાએ દીધાં માનજી. ॥ ૮૭ ॥ નગરલોક સર્વ જોવા મળ્યા, નરનારી પરવારજી. ॥ ૮૮ ॥ પાંચે જઇને પાયે લાગ્યા, માતાએ દીધા આશીર્વાદજી. ॥ ૮૯ ॥ વહુવર જઇને ચરણે લાગ્યા, તમને કૃપા કરે જગદીશજી. ॥ ૯૦ ॥ માતાજી અમને આજ્ઞા આલો, ને હીમે ચાલવું આજજી. ॥ ૯૧ ॥ પ્રીખતનું પરી પાલન કરજો, રાખજો સર્વેની લાજજી. ॥ ૯૨ ॥ વળતાં કુંતાજી એમ બોલ્યાં, સાંભળીયો મુજ પુત્રજી. ॥ ૯૩ ॥ તમ વિના હું કેમ કરૂં વૈભવ, ને મારે શું કરવું ઘર સુત્રજી. ॥ ૯૪ ॥ તમ સાથે

હું આવીશ કાળે, ને વૃધવન તજીએ માતજી. ॥ ૯૫ ॥ કરી સંસાર સુનો કરી ને ચાલ્યા, વરવહુને પાંચે ભ્રાતજી. ॥ ૯૬ ॥ હું નહિ રહું મંદિર સુનાં, ને ચાલીશ તમારી સાથજી. ॥ ૯૭ ॥ પુત્ર ન સમજ્યુ કાંઈ ડાપણ, માત પિતાને ભ્રાતજી. ॥૯૮॥ વળતાં કહે હીમ પંથે જાવું સહી, નિશ્ચે કીધી વાતજી. ॥ ૯૯ ॥ રાજા પોઢયા નિશ્ચે થઈ, વાણે ઊઠયા પ્રભાતજી. ॥ ૧૦૦ ॥ પ્રભાત થયો અતી ઓત્તમ, ને જાગ્યા તે પાંચે વીરજી. ॥ ૧૦૧ ॥ નારી દ્રુપદી પાસે પધાર્યા, તે સમર્યા શ્રીજગદીશજી. ॥ ૧૦૨ ॥ સ્નાન, દાન, ભોજન કીધાં, ને બેઠાં મંદિર માંહેજી. ॥ ૧૦૩ ॥ રાજા યુધિષ્ઠિર વાણી ઓચરે, ને કરવો તે ઉપાયજી. ॥ ૧૦૪ ॥ આયુદ્ધો વસ્ત્રો તજો આભુષણ, મનમાં આણો ધીરજી. ॥ ૧૦૫ ॥ દ્રઢ વિશ્વાસ કરી પંથે ચાલો, મન ચિંત રાખો ધીરજી. ॥ ૧૦૬ ॥ વેસ ઓચરો તપસ્વી કેરો, ધરો કમંડળ હાથજી ॥ ૧૦૭ ॥ દામ એક ન રાખો પાસે, કંઈ ન જોઈએ સાથજી. ॥ ૧૦૮ ॥ હ્રદયમાં ધ્યાન રાખો શ્રી હરિ તણું, તે કરશે આપણી સાયજી. ॥ ૧૦૯ ॥ જેને અનેક ભક્ત આગે ઓધાર્યા, તે આતમાના આધારજી. ॥ ૧૧૦ ॥ કરી વીચાર ભડ થયારે ઉભા, અને તજ્યા સર્વે શણગારજી. ॥ ૧૧૧ ॥ વન કુલ પહેરી બાહેર પધાર્યા, તે સાથે દ્રુપદી નારજી. ॥ ૧૧૨ ॥ વળતાં યુધિષ્ઠિર બોલીયા, માતા કરશો નહિ એ વાતજી. ॥ ૧૧૩ ॥ વાઘ સીયાળ બહુ વાટે રે ચાલે, રીંછ, વાંદરૂં દીપડા સારજી ॥ ૧૧૪ ॥ માટે બેસી રહો મંદિર, ભજન કરોને શ્રી મોરારજી. ॥ ૧૧૫ ॥ દાન પુન્ય પુત્રને ઓચરો, તે ખોળે બેસાડોને બાળજી, ॥ ૧૧૬ ॥ વળતાં કુંતાજી કહે, કુંવરને તમ પાંખે કેમ રહેવાયજી. ॥ ૧૧૭ ॥ હવે કોણ મુજને માતરે કહેશે, પુત્ર તજી કેમ રે જેવાજી. ॥ ૧૧૮ ॥ કોણ ચિંતા કરશે મારી, તે સુખ દુઃખ કોને કહે-વાયજી. ॥ ૧૧૯ ॥ પૂર્વે પાપ મેં કર્યા રે મોટાં, તો દેવે દીધા દોયજી. ॥ ૧૨૦ ॥ વૃધવકાળે પુત્રરે મૂકયા, એ ગુણ પાંખે દંત હીણાજી. ॥ ૧૨૧ ॥ પુત્ર વિના દેહ કેમ કરી રાખું, વિરા વલ્લભે છે મારા પ્રાણજી. ॥ ૧૨૨ ॥ પુત્ર વિના કોઇ નીર ન પાયે, પુત્ર વિના નહિ અન્નજી. ॥૧૨૩॥ પુત્ર વિના કોઇ વસ્ત્ર ન આપે, પુત્ર સરખુ નહિ ધનજી. ॥ ૧૨૪ ॥ પુત્ર વિના સંસાર મારી કાઢે, પુત્ર વિના દે ગાળજી. ॥ ૧૨૫ ॥ પુત્ર વિના કોઇ મુખ ન જુએ, પુત્ર વિના ભાવ બુડજી. ॥ ૧૨૬ ॥ પુત્ર વિના કોઈ મોક્ષ ન પામે, પુત્ર વિના ધર્મ જાયજી. ॥ ૧૨૭ ॥ પુત્ર વિના બંધવ ન માને, તે મહા પાપી કહેવાયજી. ॥ ૧૨૮ ॥ પુત્ર વિના પીયર નહી રે માને, સાસ-રીએ નહી માનજી. ॥ ૧૨૯ ॥ પુત્ર વિના કુટુંબ કોણ પોંખે રે, મંદિર કહીએ

સમસાણજી. ॥ ૧૩૦ ॥ પુત્ર વિના કોઈ સુખ ન પામે, વસ્તુ તે ઉજડ રાજજી. ॥ ૧૩૧ ॥ પુત્ર વિના કોણ કહેશે રે માડી, પુત્ર વિના નહિ સાનજી. ॥ ૧૩૨ ॥ તે જીવવાથી મરવું રે ભલું, તે વૃદ્ધ પણે દુઃખ પામ્યાજી. ॥ ૧૩૩ ॥ ઘણા વર્ષ પ્રભુ શીદ જીવાડી, હજી દુઃખના દિવસનો નહિ પારજી. ॥ ૧૩૪ ॥ દુર્યોધન સું દુત રમીને, ખોયા ગરથ ભંડારજી. ॥ ૧૩૫ ॥ બારવર્ષ વન ભોગવ્યાં દુઃખ; તે પડયાં મુજને વિયોગજી. ॥ ૧૩૬ ॥ વળી કુંવર મૂકીને ચાલ્યા, હવે પાર ન દિસે કોએજી ॥ ૧૩૭ ॥ દિનાનાથ મુજને કાંઈ જીવાડી, હવે કોણે મલીશુ જાએજી. ॥ ૧૩૮ ॥ તમે પુત્ર પધારો કહ્યું માતાએ, અને લઈ આજ્ઞા સતે સારજી. ॥ ૧૩૯ ॥ રૂદન કરે માતા મુખ આગળ, નેત્ર વહે જલ ધારજી. ॥ ૧૪૦ ॥ માંગી શીખને પાંડવ ચાલ્યા; ને ઓળાવા સર્વે જાયજી. ॥ ૧૪૧ ॥ રાજ પ્રજાલોક સધાર્યા, દુઃખ હૃદય ના માંયજી. ॥૧૪૨॥ રૂદન કરે બ્રાહ્મણને ક્ષત્રી; અને વૈશ સુદ્ર તેહજી. ॥૧૪૩॥ ચારણ ભાટને માળી તંબોળી, દરવ નટવા જેહજી. ॥ ૧૪૪ ॥ કડીયા કુંભાર સર્વે રડે છે, પાંડવ જાતાં નિધારજી. ॥ ૧૪૫ ॥ ઘાંચી ડોસીને સતી, તે દરજી ને કંસારાજી. ॥ ૧૪૬ ॥ ભલા આયર, કુંવર ઘાંચી, અને અઢારે વરણ એહજી. ॥ ૧૪૭ ॥ પાંડવ જાતાં સૌ રૂદન કરે છે, અને દુઃખ ધરે છે તેહજી. ॥ ૧૪૮ ॥ ગાય પાય, હાથીને ઘોડા, ને પોપટ પાંજરે જેહજી. ॥ ૧૪૯ ॥ દુઃખ પામીને રૂદન કરે છે, ને પાંડવ ચાલ્યા જાયજી. ॥ ૧૫૦ ॥ નગર બાહેર ચાલ્યા પાંડવ, ને ઓળાવે તે સર્વે સંસારજી. ॥૧૫૧॥ કેશવ સાથે કહ્યું ભુપતી, ને સર્વેને નમાઈ શીષજી. ॥ ૧૫૨ ॥ સર્વે વચન મુખે કહ્યું, તમને રક્ષા કરે જગદીશજી. ॥૧૫૩॥ પછી પંચાલી સાથે પધાર્યા, તે પુર્વ દીશાએ સીધાએજી. ॥ ૧૫૪॥ પ્રજા વળાવે તે રાયને, અમે વશિસું તે વનમાંહેજી. ॥૧૫૫॥ પ્રજા તે કહે રાયને, તે કરે ઘણા રૂદનજી ॥ ૧૫૬ ॥ યોજન એક ગયા પછી, આપી રાએ અજ્ઞા એજી. ॥૧૫૭॥ પરીખત ને કહે રાજા, પ્રજાને લઈ પાછા વળો રાયજી. ॥ ૧૫૮ ॥ મલ્યા પ્રીખત સામી પેરે ભેટી, ને સર્વે કરે રૂદનજી. ॥૧૫૯॥ ધર્મે મસ્તકે હાથ જ મુકયો, ને પુત્ર હોજો ધર્મજી. ॥૧૬૦॥ સદા સર્વદા પાળજો, ને ઓળખજો ભગવાનજી. ॥ ૧૬૧ ॥ અથર્વવેદે સત્પંથનું વર્ણન કરજો, એમ કાવે પુરુષ પુરાણજી. ॥૧૬૨॥ પછે પ્રજા સઘળી પાછી વળી, અને સંઘે પ્રીખત રાયજી. ॥૧૬૩॥ ઓળાવી સૌ મંદીરે આવ્યા, ને પાંડવ ચાલ્યા જાયજી. ॥ ૧૬૪ ॥ નગર તજી એક યોજન ગયા, ને શ્રી હરિશું, પ્રેમજી. ॥૧૬૫॥ સંવત ચાલ્લા વરખે સોલા સાર, માગસર સુદ એકમને

બુધવારજી. ॥ ૧૬૬ ॥ વાણ ફરી ॥ પાંડવા ચાલ્યા તેણે જો દીન, રાજા પ્રજા રોવે પંખી જો વન. ॥ ૧૬૭॥ પીંજરે પોપટ કરે રૂદન, ઉગા ભાણ ન દીશે દન. ॥૧૬૮॥ હસ્તી ઘોડા ખાણ ન ખાએ, બાળક થાન ન ધાવે માએ. ॥ ૧૬૯ ॥ શાહેર હસ્ના-પરમાં પડીયો સોર, બોલે કોકીલા મોર. ॥૧૭૦॥ ઉત્તર દીશાએ ઉમાએલ્ગા, પાંડવ ચાલ્યા મેલવા દેહ. ॥ ૧૭૧ ॥ સત ગયાં પાંડવની સાથ, કળીયુગ બેઠો તેની રાત ॥૧૭૨॥ જીભ્યા ઇન્દ્રી એક જ નાળ, જે વંચે તે ઉંતરે કાળ. ॥૧૭૩॥ ઈન્દ્રી થડ વીન પાપ ન જાએ, ને પાપ ગયા વીના શુદ્ધ ન થાએ. ॥ ૧૭૪ ॥ શુદ્ધ થયા વિના સંતોષ ના હોએ, અને સંતોષ વિના ભાવ ન જોએ. ॥ ૧૭૫ ॥ ભાવ વિના ભક્તિ ન થાએ, ભક્તિ વીના કોઈ મુક્તી ન પાએ. ॥ ૧૭૬ ॥ મુક્તી વીના કોઇ અમર ન થાએ; અમરવીના દેવતા ન કહેવાએ. ॥ ૧૭૭ ॥ દેવ થયા વીના દીદાર ન થાએ, ને દીદારી તો સર્ત્ર કુછ પાએ. ॥૧૭૮॥ એ નર વાણી સદ્ગોરે કહી, સાંભળો રૂખેસર એક અંતજ રહી. ॥ ૧૭૯ ॥ કાળ પુરણ ને આવ-રદા ઘટી, સ્ત્રી આ પુરૂષનું નહિ માને ધણી. ॥ ૧૮૦ ॥ માતા પુત્રને પુંઠે જો ધરે, એણી હત્યાએ કુળમાંહે કોઇ નહી તરે. ॥ ૧૮૧ ॥ પુત્ર પિતાને દેશે છેહ, ને જળ હીણાતો વર્ષે મેહ. ॥૧૮૨॥ ધરતી ચોરે અગન જો ધણી, બે કોલી રાજા નહિ કોઇ ધણી. ॥ ૧૮૩ ॥ કોલ દઈ ને બીજા કરે, સવારે બોલે તે સાંજ ફરે ॥ ૧૮૪ ॥ કાળ સ્વરૂપી ત્યાં વેળા ફરે, આપ ઇમાને તે કોઇ ના ડરે. ॥ ૧૮૫ ॥ ત્યાં સાહેબ લેખું લેશે સહી, ગુના કહી બંદી માંહે વહી. ॥ ૧૮૬ ॥ ત્યાં આખર વેળાએ ઓછું પાળે, ને બ્રહ્મક્રીયા તેની સઘળી ટળે. ॥ ૧૮૭ ॥ સાચા સત્પંથે પહોંચે શાહેર, અને જે માગે તે આગળ ધરે. ॥ ૧૮૮ ॥ વાણ ફરી ॥ એક યોજન પોતા પછી, રાય બેઠા ધરવા ધીરજી. ॥ ૧૮૯ ॥ રાજા યુધિષ્ઠિર એમ કહે, સાંભળો ચારે વીરજી. ॥ ૧૯૦ ॥ સતીદ્રુપદી સાંભળો, હવે કહું આગળની વાતજી. ॥૧૯૧॥ વચન અમારાં સાંભળો, ને કહું વીનંતી સારજી. ॥ ૧૯૨ ॥ જ્યાં હીમ પડે ત્યાં વૈકુંઠ છે, ત્યાં વિઘ્ન નો નહી પારજી. ॥ ૧૯૩ ॥ ત્યાં વાટે અસત ન બોલવું. અને હંસા રતન કરવું વિચારજી. ॥ ૧૯૪ ॥ મુની વૃત્ત લઈને ચાલવું, ને હ્રદય તે ધરવું ધીરજી. ॥ ૧૯૫ ॥ અહંકાર સર્વે પરહરી, ને શ્રી હરિ શું નેહજી. ॥૧૯૬ ॥ કામ ક્રોધને મોહ મછર, ને કાપે સર્વે તેહજી. ॥ ૧૯૭ ॥ મુખ ભોજ વસ્ત્ર વિના, ને તજવું અભેમાનજી. ॥ ૧૯૮ ॥ એણી પેરે ચાલજો, તો પામશો ભગવાનજી ॥ ૧૯૯ ॥ માત તાતને ભ્રાત ભારજા, તે પુત્ર પુત્રીને સારજી. ॥ ૨૦૦ ॥ કરી રાજ-પાટને ઘર મંદીર, ને પરહરવો વહેવારજી. ॥ ૨૦૧ ॥ એ સર્વે અવર થા આપણે,

તે લેવા આવે ઘેરજી. ॥૨૦૨॥ કોઈ રુણ સામું દેવા અવતરે, અને કોઇ લેવા આવે વહેવારજી. ॥ ૨૦૩ ॥ કુંટુંબ સર્વે અવસ્થા, ને જુજવો વહેવારજી. ॥ ૨૦૪ ॥ કોઇ ગયા સર્વે હારવી, ને કોઈને લાભ નો નહિં પારજી. ॥ ૨૦૫ ॥ માયા સઘળી મૂકજો, ને મિથ્યા છે સંસારજી. ॥ ૨૦૬ ॥ દઈ શીખામણ રહ્યા રે છાના, અને તે ધર્મ યુધિષ્ઠિર રાયજી. ॥ ૨૦૭ ॥ વાણી યુધિષ્ઠિરની સાંભળી, ભાઇ રળીયાત થયા સારજી. ॥ ૨૦૮ ॥ કેડે તે ચાલે કામની, આગે પાંચ ભ્રાતજી. ॥ ૨૦૯ ॥ અસ્નાન, સંધ્યા,, કરે માર્ગે, ને કરે જળ ફળનો આહાર. ॥ ૨૧૦ ॥ ચાલતાં દિવસ કેટલા; ને જઇ પોતા કેદારજી. ॥ ૨૧૧ ॥ કેદાર સર્વે પરહરીને, પધાર્યા કામનીને પાંચે ભ્રાતજી. ॥ ૨૧૨ ॥ પાંચે જણ ધર્મ દેવસું; તમે મુનિ રેજો આ પરે. ॥ ૨૧૩ ॥ વળી વીસ યોજન આવીયા, પાંડવ પાંચે વીરજી. ॥ ૨૧૪ ॥ ત્યાં વૃક્ષ દીસે સોહામણા, ને તે એક ગંગા કેરૂં ભરજી. ॥૨૧૫॥ સ્નાન ધ્યાન કરી ચાલ્યા, તે રાય પાંડવ કેરા તનજી. ॥૨૧૬ ॥ એટલે તે આવી અપસરા, બહુ ધીર જોવા મનજી ॥ ૨૧૭ ॥ વાણ ફરી ॥ આવી આડી ઉભી રહી ચારે પાંચને વીંટીયા, કામની એ પાંચે ભ્રાત. ॥ ૨૧૮ ॥ તે અપસરાના રૂપ દેખી, નરપત થયા દીગ્ર મુઢ. ॥ ૨૧૯ ॥ પુન કરતા વિઘ્ન ઉપન્યું, લજ્જા રાખજો શ્રી ભગવાન. ॥ ૨૨૦ ॥ પાંચે વનીતા રહી આગળ, અને સોળ વર્ષની સમાન ॥ ૨૨૧ ॥ કેટલાંક વાજીંત્ર વગાળે, કટલીક કરે ગ્નાન. ॥ ૨૨૨ ॥ ત્યાં નાના પટકોળ પહેરીયાં, અને કસુંબી નવરંગ. ॥ ૨૨૩ ॥ ઓતમ ચરણા પેરીયાં, અને સોવર્ણ સોભીતાં અંગ. ॥ ૨૨૪ ॥ ચાંદલો, સેંથો, ને રાખડી, અને ગોફણો સુંદર સાર. ॥ ૨૨૫ ॥ સોળ શણગાર સજ કરી, તે રૂપનો નહિ પાર. ॥ ૨૨૬ ॥ અદ્રશ્ય થી દાખવે, અને પાસે અડવા જાય. ॥ ૨૨૭ ॥ પાંડવો ત્રાય ત્રાય કરે, અને લજ્જા રાખજો શ્રી ભગવાન. ॥ ૨૨૮ ॥ જુએ નાચે હસે સામી, અને આળસ મરડે નાર. ॥ ૨૨૯ ॥ ઉઘાડી ને અંગ દેખાડે, ને જુએ પાંડવ કુમાર. ॥૨૩૦॥ પાંડવો મન ચીંતા કરે, ઉભા તે પાંચેભ્રાત. ॥ ૨૩૧ ॥ આ વિઘ્ન ઉપન્યું વાટમાં, એ કારણ કેવું ઉત્પાત. ॥ ૨૩૨ ॥ જાણ્યું હતું જે વૈકુંઠ જશું, અને જ્યાં છે જદુનાથ. ॥ ૨૩૩ ॥ માર્ગમાં વિપરીત ઉપન્યું, રાય પછાડે બેઉ હાથ. ॥ ૨૩૪ ॥ પાંડવ આગળ ઉભી અપસરા, અને ચરણે નમે શીષ રે. ॥ ૨૩૫ ॥ પાંચે જણ તમે ભલે પધાર્યા, અને મુને કીરપા કીધી જગદીશ રે. ॥ ૨૩૬ ॥ સકળ જન્મનું પુન છે માહેરૂં, તે સફળ થયું છે આજરે. ॥ ૨૩૭ ॥ ઘેર બેઠા સુંદર વર આવીયા, તેમ રાખો અમારી લાજરે. ॥ ૨૩૮ ॥ પાંડવ આગળ ઉભી અપસરા, ને ચરણે નમાવે

શીષ રે. ॥ ૨૩૯ ॥ કરે ચરીત્ર દેખાડે અંગ, અને ચરિત્ર કરે અપાર રે. ॥ ૨૪૦ ॥ પાંડવ આગળ ઉભી અપસરા, ચરણે નમાવે શીષ રે. ॥ ૨૪૧ ॥ પુષ્પ તણાં ફેરવે વીંઝણા, વાય વીધ વીધ પેરનાં નાખેરે. ॥ ૨૪૨ ॥ પાંચે જણા ને દે હળી, રાજ ધર્મ તે સાંખેરે. ॥ ૨૪૩ ॥ પાંડવ આગળ ઉભી અપસરા, ચરણે નમાવે શીષ રે. ॥ ૨૪૪ ॥ હસી વચન કરે ને પ્રેમદા પેખે, અને ચુવા ચંદન અંગરે ચઢે. ॥ ૨૪૫ ॥ ચરણ પહેલા ચરણ જો પુજે, અને પુષ્પ હાર નાર આપે રે. ॥ ૫૪૬ ॥ પાંડવ આગળ ઉભી અપસરા, ચરણે નમાવે શીષ રે. ॥ ૨૪૭ ॥ કંકુના અંગ લેપન કીધાં, અને મોતીડે ચોક પુરાવે રે. ॥ ૨૪૮ ॥ નાળી કપુરે કરે આરતી, ને બેસણ લાવે રે. ॥ ૨૪૯ ॥ પાંડવ આગળ ઉભી અપસરા, ચરણે નમાવે શીષ રે. ॥ ૨૫૦ ॥ બત્રીસ લક્ષણી સઘળી શામા, ને રૂપ તણો નહી પારરે. ॥ ૨૫૧ ॥ ભાવ સભાવ કરી દેખાડે, નહીં છળે પાંડવ કુમાર રે. ॥ ૨૫૨ ॥ પાંડવ આગળ ઉભી અપસરા, ચરણે નમાવે શીષ રે. ॥ ૨૫૩ ॥ દીના નાથ તમે મંદીરે પધારો, અમને કાં કરો છો ખોટી રે. ॥૨૫૪ ॥ મનછા વાચાને કર્મના, અમે નહી મેલું તમારી કેડરે. ॥ ૨૫૫ ॥ પાંડવ આગળ ઉભી અપસરા, ચરણે નમાવે શીષ રે. ॥ ૨૫૬ ॥ વળતા યુધિષ્ઠિર બોલીયા, ને સું છે તમારે કામરે. ॥ ૨૫૭ ॥ ન લઉં નામ નહિ આવું મંદીરે, ન લેશો અમારૂં નામ રે. ॥ ૨૫૮ ॥ પાંડવ આગળ ઉભી અપસરા, ચરણે નમાવે શીષ રે. ॥ ૨૫૯ ॥ અ સ્નાન સંધ્યા, તપ, ધ્યાન, ધર્મ ઓચરી, અને મીથ્યા, સીદ કરોછો પ્રીત ખોટી રે. ॥ ૨૬૦ ॥ રાજ રીધી પરવાર તજી, આજ અમે જાઉં છું ઉઠી રે. ॥ ૨૬૧ ॥ પાંડવ આગળ ઉભી અપસરા, ચરણે નમાવે શીષ રે. ॥ ૨૬૨ ॥ પર નારી શું પ્રેમ ન કીજીએ, અને વાત ન કીજે ઉભારે. ॥ ૨૬૩ ॥ તેને વૈકુંઠની પ્રાતપી ન હોયે, અને લોકમાં જાએ સોભા એ રે. ॥ ૨૬૪ ॥ પાંડવ આગ ઉભી અપસરા, ચરણે નમાવે શીષ રે. ॥ ૨૬૫ ॥ નારી સર્વે વીખની વેલડી, ને સંગમ કરે પુન જાએ રે. ॥ ૨૬૬ ॥ સાત જન્મનું સુકીત સઘળું, તે ક્ષણ એકમાં પરલે થાએરે. ॥૨૬૭॥ પાંડવ આગળ ઉભી અપસરા, ચરણે નમાવે શીષ રે. ॥૨૬૮ ॥ સ્ત્રી સું ખેણું એ ન રહેવું, એમ વેદ પુરાણે વારૂં રે. ॥ ૨૬૯ ॥ જે આગે રામા સું રંગે રમ્યા, તેણે આપણું પુન્ય હાર્યું રે. ॥ ૨૭૦ ॥ પાંડવ આગળ ઉભી અપસરા, ચરણે નમાવે શીષ રે. ॥૨૭૧॥ અ-સ્નાન સંધ્યા, તપ ઓચરી, ધર્મ નીમ પરતીપાળ રે. ॥૨૭૨॥ પર નારીનો સંગમ કરતાં, ને તે પડે નર્ક મોઝાર રે. ॥ ૨૭૩ ॥ પાંડવ આગળ ઉભી અપસરા, ચરણે નમાવે શીષ રે. ॥ ૨૭૭ ॥ પાંચ પાંડવને સંગે નારી ચાલ્યાં, ને અપસરા ધર્મને

વળગી રે. ॥ ૨૭૮ ॥ મુકોને માતા હું પુત્ર તમારો, તે સાંભળી અળગી થઈ રે. ॥ ૨૭૯ ॥ પાંડવ આગળ ઉભી અપસરા, ચરણે નમાવે શીષ રે. ॥ ૨૮૦ ॥ નારી સઘળી નાસી પાસ થઈ, નીજ મંદીરે જાયરે. ॥ ૨૮૧ ॥ રાજા યુધિષ્ઠિર પંથે વળગ્યા., ઉલટ અંગ ન માય રે. ॥ ૨૮૨ ॥ પાંડવ આગળ ઉભી અપસરા, ચરણે નમાવે શીષ રે. ॥ ૨૮૩ ॥ જે નર નું મન નીર્મળ હોએ, ને તે પામે ભવ પાર રે. ॥ ૨૮૪ ॥ ખોટી ઉપના કરી કામનીએ, પણ ન ચુકયાં પાંડું કુમાર રે. ॥ ૨૮૫ ॥ પાંડવ આગળ ઉભી અપસરા; અને ચરણે નમાવે શીષ રે. ॥ ૨૮૬ ॥ પાંડુ તણા સત પરવર્યા, તે ચાલ્યા મહા માર્ગે જાયરે. ॥ ૨૮૭ ॥ વાટ માંહે તે વિઘ્ન ઉપજે, તે સાય કરો મહારાજ રે. ॥ ૨૮૮ ॥ આહુદ વના તે નીજ બંધવા, અને પૂર્વે પાપના જેહ. ॥ ૨૮૯ ॥ દારૂણ સીતવે ઘણા, અને સામા વિઘ્ન હોયરે ॥ ૨૯૦ ॥ અસરત ગજરત લક્ષ્મી પરહરી, અને પરહર્યો વહેવાર. ॥ ૨૯૧ ॥ મુકતા કારણ પરવર્યું, ને ત્યાજ કર્યો સંસાર. ॥૨૯૨॥ યોજન બાર ગયા પછી, અપસકન રાયને થાએજી. ॥ ૨૯૨ ॥ રજ ભરાણી નેત્રમાં, વાય વસમા વાયજી. ॥ ૨૯૪ ॥ વામ લોચન ફરફરે, ને પડીયો હૃદયમાં ફાળ. ॥૨૯૫॥ સ્વાન સનમુખ સાદ કરતી, અને સંચરી તરતવકાળ. ॥ ૨૯૬ ॥ હરણ આડાં ઉતરે, અને ફરકે ડાબુ અંગ. ॥ ૨૯૭ ॥ આકાશ દીસે ધુધળો, નરપત થયા મન ભંગ. ॥ ૨૯૮ ॥ સુકે કાકળે બેઠો બેરવો, અને સાદ કરે વન ભારે. ॥ ૨૯૯ ॥ જમણી તે દરગાએ લોંકડી, ચાડી ઉતરે મીઝાર. ॥ ૩૦૦ ॥ આકાશથી તારા પડે, અને કરે ઉલ્પાત. ॥ ૩૦૧ ॥ થઇ ચિંતા પાંચે વીરને, અને મુનિવ્રત ધરે છે ભક્ત. ॥ ૩૦૨ ॥ ત્યાં ચિંતા કરતા ભડ સંચર્યા, એક પર્વત દીઠો પરોઢ. ॥ ૩૦૩ ॥ સકન દેખી કરગરે, અને રક્ષા કરજો ગરૂડા ગરૂડ. ॥ ૩૦૪ ॥ તે પર્વતમાં નગર મોટું, મેઘ પરૂં કહેવાયો. ॥ ૩૦૫ ॥ મેઘનાદ નરપત ત્યાં વસે, તે બહુ દહિંત કેરો રાય. ॥ ૩૦૬ ॥ તેની પાસે દહિંત એવા, અને દીસતે મહા વિકરાળ. ॥ ૩૦૭ ॥ ઉટ ગધર્વ અને સ્વાન શીયાળ, અને મોટા ભડ મુછાળ. ॥ ૩૦૮ ॥ તે ગદા આહુદ સવન, અને જીવ હિંસા કરે અપાર. ॥ ૩૦૯ ॥ મનુષ્ય, પંખી અજગર સર્વે, ગધર્વ વાઘ અને શિયાળ. ॥ ૩૧૦ ॥ ચિતરા, વાઘરા, અને સસલા, એ સૌ કોઈ નો કરે આહાર. ॥ ૩૧૧ ॥ એવા આહાર કરે ત્યાં પાપીઓ, અને વસે તે નગર મોઝાર. ॥ ૩૧૨ ॥ મેઘનાદ ત્યાં ભુપતિ કાવે, અને વસે તેણે ઠાર. ॥ ૩૧૩ ॥ ચાર યોજન નગર મોટું, ને વલુ પર્વતમાંય. ॥ ૩૧૪ ॥ પખાણમાંહે મંદિર ઘણા, અને પાપી પરૂં કહેવાય. ॥૩૧૫॥

અને તે નગર હેઠળ થઈને સંચર્યા પાંચે વીર, કેડે હીંડે કામની વ્યાકુળ થાય શરીર. ॥ ૩૧૬ ॥ એટલે નારદ આવીયા રાક્ષસ ઘેર, મેઘનાદ નીરખી પૂછવા લાગ્યો પેર. ॥ ૩૧૭ ॥ સભામાંહેથી ઉઠીયાને દીધું સન્માન, ને પગ પખાળી ઋષી તણા કર્યું ચરણાદક વાન. ॥ ૩૧૮ ॥ અનેક રાક્ષસ ફરીને બેઠા તે મેઘનાદ મન, વદે રાય સુણો ઋષી રાજ મારૂં તે મોટું પુન. ॥ ૩૧૯ ॥ ભલે પધાર્યા કરવાને પાવન કેમ પધાર્યા આજ, ભલી ભુંડી વારતા અમને કહેજો આજ. ॥ ૩૨૦ ॥ વળતાતે નારદ ઓચરે, સુણોને ભડવીર, કાંઈ કહું તે સાંભળો સુભટ મારા ભ્રાત. ॥ ૩૨૧ ॥ સીઘ્ર થઇને સાંભળો સોગડી મારી વાત, સુખ દાવણ મામો તાયરો તે રહેતો વન મોઝાર. ॥ ૩૨૨ ॥ અર્જુને તેને મારીયો, તે જાણે સકળ સંસાર. ॥૩૨૩॥ તુજ સરખો ભાણેજ મહા ભડ મહા પરાક્રમી કહેવાય, વેર મામા તણું લે તુજને કહું આજ. ॥ ૩૨૪ ॥ દહિંત કહે શું કરૂં વેમણું ન જવાય, હસ્નાપુર જઇ શત્રુ મારૂં ઘણા દાડા થાય. ॥ ૩૨૫ ॥ વળતા નારદ ઓચર્યા નરપત વધામણી આજ, આ જાય પાંચે શત્રુ તારા તુજ ખડગ ગૃહને હાથ. ॥ ૩૨૬ ॥ તેને છઠ્ઠી છે કામની નથી કેડે હથીયાર, હીમ પંથે જાય છે જઇ વેગે કરને પાર. ॥ ૩૨૭ ॥ એમ કહીને વળ્યો પાછો સંચર્યો ઋષીરાય, મેઘનાદ ઉઠી ધસ્યો તે પાંડવ પૂંઠે જાય. ॥ ૩૨૮ ॥ કાળની પેરે જઈ પોતાને વદે ભૂંડી વાણ, ગાળ દેતો ધાયો કેડે પણ પાછું નવ જુએ કોઈ. ॥ ૩૨૯ ॥ રાય યુધિષ્ઠિર સર્વે વીમાસે, એ અપસકનના ફળ હોય. ॥ ૩૩૦ ॥ અપસકન કયાંથી મળ્યા એવા ભડ વિકાળ, લવરી કરતો કેડે ધસ્યો જાય પ્રગટ્યો કાળ વિકાળ. ॥ ૩૩૧ ॥ પંચ બંધવ ને કામની ચિંતા કરે છે અપાર, મુનીવ્રત બોલતા નહિ રાખજો વિશ્વ આધાર. ॥ ૩૩૨ ॥ દિવસે ઉભા રહીને ગયા પાંડવ પાંચે રાય, ત્યાં છઠ્ઠી દ્રુપદીને ઝીણી કોમળ કાય. ॥ ૩૩૩ ॥ કાંકરા ખુંચે પગમાંહે ભીમસેન લે ખંધે, મહા વન દારૂણ બીહામણું સિંહ કરે છે શબ્દ ॥ ૩૩૪ ॥ ફુલ સફુલ રાખે સંભાળે વૈકુંઠ નાથ, હવે દ્રુપદી પછવાડે રહ્યા તે ચાલી ન શકે પાય. ॥ ૩૩૫ ॥ પાંચે બંધવ માર્ગે પરવર્યા, ને છે છઠ્ઠી કેડે નાર, મુખે ગાળ દેતો આવે પૂંઠે, મેઘનાદ દહિંત વિકરાળ. ॥ ૩૩૬ ॥ રે રે પાંડવો સંચતા, કયાં જશો પાંચે વીર. ॥ ૩૩૭ ॥ મારી સાથે યુદ્ધ કરો, તમે ધનુર વિદ્યાના ધીર. ॥૩૩૮॥ મારા મામા કેરા વેર કહીએ કેમ જશો તમે આજ, હસ્તા રમતા સંચરો તો આવ્યો તમારો કાળ. ॥ ૩૩૯ ॥ મુજ મામા કેરૂં વેર માંગુ આપો મુજને તેહ, સાગર થઈને યુદ્ધ કરો અમે માંગીએ એહ. ॥ ૩૪૦ ॥ તમે ખરા ક્ષત્રી હોવ તો કેમ વાંસો દઈ જાવ, કલપ દીધું પાપીએ તમો તો ચંદ્ર

કુળમાંહે. ॥ ૩૪૧ ॥ તમે જીવતા જશો નહિ મારે તમુ સાથે કામ, બળ ના હોય આવડું તો કોનું ન લીજીએ નામ. ॥ ૩૪૨ ॥ કહો મારો ભૂંડા પાપીઓ નાસી કયાં જાવ, કરો યુદ્ધને વળો પાછા બકરી મુખથી વાય. ॥ ૩૪૩ ॥ વચન એવાં સાંભળી ને ભીમને ચઢી રીશ, મારીને કટકા કરૂંને પાડતો રાખું ચીસ. ॥ ૩૪૪ ॥ ધર્મ કહે વીર મારા પાપ ન કીજે ભ્રાત, સાન કરીને પરછવે પછી સૂકી સઘળી વાત. ॥ ૩૪૫ ॥ તેણે ગાળ દેતાં દસ વીસ દીધી ને મેઘનાદ ત્યાં ભૂપ, માર્ગે હીંડે કેળે જોતો ને દેખાડે સ્વરૂપ.॥૩૪૬॥પછી મેઘનાદે દ્રૌપદીને સહી જમણે ખંધ,ખંધોલે ચઢાવી કામની લઇ ચાલ્યો વીનતા સાથ. ॥ ૩૪૭ ॥ કામનીતો મુખે કરગરે મુજ મુકાવો નીજ કંથ, બુમ પાડી રૂદન ત્યાં કરે ને કરે કલ્પાંત. ॥૩૪૮॥ નાથજી તમને અળખામણી આજ થઈ નીર્ધાર, ત્યાં જઈને શું કરશો તમને ન ગમી નીજ નાર. ॥૩૪૯॥ પાંચે તે માર્ગે જાય ચાલી ને કરે નહિ મારી વાર, કામની અતી વલવલે ને નેત્ર વહે જળ ધાર ॥૩૫૦॥ નયણે જળ વહે કામીનીને મુકી માળીયા માંય, પાંચે પાંડવ મુનિવ્રત ગૃહીને માર્ગે ચાલ્યા જાય. ॥૩૫૧॥ દ્રૌપદીએ માળીએ માર્ગે રૂએ કંથ, અરજ કરે જગદીશની જે હરી દેવના અનંત, ॥૩૫૨॥ મેઘનાદ ને માળીએ દ્રૌપદી રૂએ અપાર, મારી વારે ચઢજો વીઠલા મુજ અબળાની કરજો સાર રે. ॥૩૫૩॥ નાથ પતિપાયન ને તું દેવ અનંતરે, આણી વારે નહિ કરો કૃપા મુકી ગયા મુજ કંથ પ્રભુજી પધારો રે. ॥ ૩૫૪ ॥ મચ્છ વેધ કરાવ્યો માધવે ને પાંડવને પરણાવીરે પ્રભુજી પધારોરે. ॥ ૩૫૫ ॥ વસ્ત્રે વળગેલો દુસાસન ને ચીર કાઢવા પાપીરે, મારૂં અબળાનું કાંઇના ચાલ્યું મે વીનવ્યા અવીનાશરે પ્રભુજી પધારોરે. ॥ ૩૫૬ ॥ લાખા ઘેર વીખના ભોજન મોકલ્યાં, અને મહી દાણવથી ઉગારીયારે, લાખા નાળે ઉતાર્યા પ્રભુજી પધારોરે. ॥ ૩૫૭ ॥ અતરીંગ અંતર જામીને નવસો નવ્વાણું ચીર પુર્યારે, ત્યારે પત રાખી પરમેશ્વરે પ્રભુજી પધારોરે. ॥ ૩૫૮ ॥ દુર્યોધનને દુર્વાશા મોકલ્યા અમે જમવા પછી આવ્યારે, અખે પાત્ર ધોઈ વળગાડયું, દસ સેહસ્ત્ર ઋષિ લાવ્યા રે પ્રભુજી પધારોરે. ॥ ૩૫૯ ॥ સ્નાન ધ્યાન સંધ્યા કરવા ઋષિ ચાલીયા, ત્યાં કાષ્ઠ પરજાળી લિધાંરે, પરદખણા કરતાં પ્રભુજી પધાર્યા રે. ॥૩૬૦॥ અખેપાત્ર મંગાવ્યું ને કૃષ્ણને અર્પણ કીધું રે, પાંચે ભ્રાત બળતા ઉગાર્યા જીવતદાન દીધું રે, પ્રભુજી પધારો રે.॥ ૩૬૧ ॥ લાખા મંદિરે વીખ મોદક ને દાણવથી ઉગાર્યારે, ને તે સળગાવતાં અમને બળતાં રાખ્યાં ગંગા નાળે ઉતર્યા પ્રભુજી પધારોરે. ॥૩૬૨॥ ધર્મતો વિપર વાલવો અને વિદુર અર્જુન ભુપરે સેહદેવ ગૌનું રક્ષણ કરે

હું થઈ દાસી સ્વરૂપ, પ્રભુજી પધારોરે. ॥૩૬૩॥ રાય વેરાટની સેવા કરતાં, કેઈચાકચકે દુઃખ દીધું રે, ભીમે પીસાચનું છેદન કીધું તમે સદા અમને ઉગાર્યાંરે પ્રભુજી પધારોરે. ॥૩૬૪॥ આ મેઘનાદ મને દુઃખ દેશે, નામ મારૂં લેશે, તે પ્રાણ તજીશ માહેરાં, તમને દોષ દઇશ રે પ્રભુજી પધારો રે ॥૩૬૫॥ એ જીવ્યાથી મરવું રૂડું હું દુઃખ ન પામું મારા નાથ રે, શું કરૂં હવે શું થશે, મુકી ગયા મારા નાથ રે પ્રભુજી પધારો રે. ॥ ૩૬૬ ॥ ત્યારે ભીમસેનને ક્રોધ ચઢાવીયો, મારૂં પોતું પુન્ય રે, ઘર થકી માતા સેને નામવી, અને કીયો નામવો બાપરે પ્રભુજી પધારો રે ॥ ૩૬૭ ॥ તારૂણી ત્યાંથી વલવલે ને પાંડવ ચાલ્યા જાય, ભીમસેનને ક્રોધ ઉપન્યો, ત્યારે ત્રુઠયા વૈકુંઠ નાથ રે પ્રભુજી પધારો રે. ॥ ૩૬૮ ॥ છોરૂ ને છેહ ના દીજીએ, તું ભક્ત પીછો લઇશ રે, કંથ હમારા મુકી ગયા છે, સ્વામી ઘટે નહી તમને રીસ રે પ્રભુજી પધારો રે. ॥ ૩૬૯ ॥ નગર માંહેથી વનમાં આવ્યાં, અને દુર્યોધને બળ કીધું રે, નગરમાયે કોઇ પાણી ન પાય, જળ જઇ વનમાં પીધું રે પ્રભુજી પધારો રે.॥૩૭૦॥ પચીસ યોજન આવ્યા તમો, સંભાળી નહી નાર રે, વૈકુંઠ જઇને શું કરશો, સ્વામી અવજશ થશે સંસાર રે પ્રભુજી પધારો રે ॥ ૩૭૧ ॥ ધર્મ કરતાં અવગુણ થયું, મે જાણ્યું જે દેશે સીખ રે, વીરા તમથી ન જવાયાં, ઘણી મંગાવી ભીખ રે પ્રભુજી પધારો રે.॥ ૩૭૨ ॥ તમ પ્રતાપે કષ્ઠ બહુ પામ્યા, ખોયું ગરથ ને રાજ રે કૃષ્ણજી તમને રીશ કરશે, સ્ત્રી કેમ કીધી ત્યાજ રે, પ્રભુજી પધારો રે. ॥ ૩૭૩ ॥ શ્રી હરી ઓળખશે તમને સ્ત્રી તણા આચારે રે, મેઘનાદનું નગર ગૃહીને, એને પમાડું મરણ રે, પ્રભુજી પધારો રે. ॥ ૩૭૪ ॥ એ ઉભા દ્રુપદી સામું કોથી ન જોવાય રે, ગૃહી જે તેણે ગાળ દેતા, ને કઇ યાકચકની પેરે થાય રે, પ્રભુજી પધારો રે. ॥ ૩૭૫ ॥ તમ પાંખે રહીશ બંધવ, અમ વૈકુંઠનું શું છે કામ રે, અબળાને કેમ જશો મેલી, તો જાય આપણું નામ રે, પ્રભુજી પધારો રે. ॥ ૩૭૬ ॥ આકાશથી સાહીને મારૂં, જઇ મારૂં પાતાળ રે, મૃત્યુ લોકથી શોધીને મારૂં, તો ખુટો એનો કાળ રે, પ્રભુજી પધારો રે ॥ ૩૭૭ ॥ રાય યુધિષ્ઠિરે શાન કીધી, માંની જાશો તમે વીર રે, ફટ કહીને વળ્યો પાછો, ભીમસેન મહા સધીર રે, પ્રભુજી પધારો રે. ॥ ૩૭૮ ॥ ધસ્યો બળીયો વીરને, પવન વેગે પરવર્યો રે, ઉભા રહોને તમને શીષ નમું, મેઘનાદ ભણી પરહર્યો રે, પ્રભુજી પધારો રે. ॥ ૩૭૯ ॥ યુધિષ્ઠિર ને ધનુષ્યધારી, નીકુળને સેહદેવ રે, એ ચારે માર્ગે પરવર્યા, ભીમ વળ્યા તરતત્ર ખેવ રે, પ્રભુજી પધારો રે. ॥ ૩૮૦ ॥ વાણ ફરી ॥ ભીમ રીસ ચઢાવી જાય, ક્રોધ

ભર્યો ભડકાય રે. ॥ ૩૮૧ ॥ પગ મુકે ધરણી ધ્રુજે, નારી સંભાળી મન દાઝે. ॥ ૩૮૨ ॥ આવ્યો નગર ઢુંકડો વીર, ભડપાણ ગદા ગૃહી સધીર. ॥૩૮૩॥ દ્રુપદી માળીએથી રૂએ, અને જપે કૃષ્ણને માર્ગે જુએ. ॥ ૩૮૪ ॥ ભીમે પર્વત દીઠો એક, પાસ ગૃહી આવ્યો વીવેક. ॥ ૩૮૫ ॥ ઘડીયો કાઢીયો સમુળો લીધો, નગર ઉપર આદર કીધો. ॥ ૩૮૬ ॥ એક હાથે પર્ન તોળીઓ, અને બુમ પાડી અસુર આવીયો. ॥ ૩૮૭ ॥ ભીમ ઉપર નીરત કર્યો, એક હાથે ચુરણ થયો. ॥ ૩૮૮ ॥ દહિંત મારી સર્વે નીસર્યો, મેઘનાદ ત્યાં બેઠો થયો. ॥ ૩૮૯ ॥ કરી રીસને પાસે આવીયો, પહેલી પાટુએ હાર મનાવીયો. ॥ ૩૯૦ ॥ ભીમસેને હૈયે પાટું દીધી, અને દ્રુપદી માળીયેથી ઉતારી લીધી. ॥ ૩૯૧ ॥ લઇ બારણે આવ્યા તેણી વાર ને દીધું નસર તણું દ્વાર. ॥ ૩૯૨॥ હવે પર્વત હુતો જેહ, લઈને ઢાંકણ દીધું તેહ. ॥ ૩૯૩ ॥ સર્વે રાક્ષસનો વધ કીધો, લાવ્યો દ્રુપદીને કારજ સીધો. ॥ ૩૯૪ ॥ મેઘનાદ દુષ્ટ માર્યો, કહે દ્રુપદી ભલે ભીમસેન પધાર્યા. ॥ ૩૯૫ ॥ મારા દુખના દીન નીવાર્યા, ભલે ભીમસેન ક્રોધ ચઢાવીયા. ॥૩૯૬॥ મારગ ભણી ત્યાં વળીયો, અને ભીમરાયને જઇ મળીયો. ॥ ૩૯૭ ॥ બંધવ સર્વે ને પછી મળ્યા, ને આવ્યા ભીમસેન મહાબળીયા. ॥ ૩૯૮ ॥ નીરાંત થઇને ભાઈ બોલ્યા, નહિ કોઈ ભીમ સુભટને તોલે. ॥ ૩૯૯ ॥ ભીમ કહે હું નારી લાવ્યો, ઢાંકયો નગરને દહિંત સંહાર્યો. ॥ ૪૦૦ ॥ નારી નીગમ કેમ જઈએ, કૃષ્ણ આગળ શું કહીએ. ॥૪૦૧॥ પંથે હરખ ધરી ને જાય, સર્વે શ્રી હરિ તણા ગુણ ગાય. ॥ ૪૦૨ ॥ આગળ અબળા કીધી સાર, કેળે પાંડવ તણા કુમાર. ॥ ૪૦૩ ॥ ॥ વાણ ફરી ॥ પાંડવ સત્પંથે ચાલે, ને છઠ્ઠે સાથે નાર કૃષ્ણ વાણી વદે તેના હ્રદયમાં દેવ મોરાર. ॥૪૦૪॥ કાંકરા ખુંચે પગમાં હે, ભીમસેન લે ખંધાએ, મહા વન દારૂણી બીહામણું, વાઘ સીંહ કરે શબ્દ. ॥ ૪૦૫ ॥ વન મધ્યે સંચર્યા, ને સમરે તે વૈકુંઠરાય, દ્રુપદી પછ-વાડે રહ્યા ચાલી ન સકે પાય. ॥ ૪૦૬ ॥ પછી દુર્યોધનનો મિત્ર હતો, અલમસ્ત દહિંત કહેવાય રે, તેણે લાગ જોઇને દ્રુપદી હરિ, તે વન માંહી જાય રે. ॥ ૪૦૭ ॥ ઓ ધરમ ઓ ધરમ કહીને દ્રુપદી રૂદન કરે, મેલાવો વનમાં આજ, પણ વેરણ ત્યાં પુરણ છે, ને તે નહિ બોલે મહારાજ. ॥ ૪૦૮ ॥ દ્રુપદી કહે ઓ અરજુન, કરજો મારી સાય, સેહદેવ નીકુળ કોઈ ના કરે ચિંતાએ. ॥ ૪૦૯ ॥ ત્યારે ભીમસેન આવ્યા નહિં કાંએ, ને દ્રુપદી કહે અમે નથી ચુકયા સેવાએ ॥ ૪૧૦ ॥ વનમાં મુને મુકી તે ન ઘટે મહારાજ, કૈયા કાચક થી મુકાવી માટે મને છે વિશ્વાસ આજ.

॥ ૪૧૧ ॥ ત્યારે ભીમસેને શબ્દ સાંભળ્યો, હરી ગયો દહિંત વનીતા કોય, મહા ક્રોધ ત્યાં ઉપનો, ઝાડે ચઢી ચઢી ચોદીશ જુએ રે. ॥ ૪૧૨ ॥ અલ્લમસી દીઠો સરવથી, ખંધે દ્રુપદી હોય રે, પવન વેગે પરવર્યો, કેશ ગૃહ્યા દાણવે રે. ॥ ૪૧૩ ॥ અરે પાપી સતી ધરતાં જીવતો રહ્યો કાંય, એવું કહીને મુકાવી દ્રુપદી ત્યાંય રે. ॥ ૪૧૪ ॥ પાર કર્યો તે દહિંતને, યુદ્ધ મલ્લ ત્યાં હોય રે, પદઘાથી ધરણી ધરે, મેદની ધમધમ થાય રે. ॥ ૪૧૫ ॥ રક્ત વર્ણ ઉભા થયા જાણ, ને સમરે બહુ સારંગ પ્રાણ રે. ॥ ૪૧૬ ॥ ભીમસેન ક્રોધ કરીને ચરણ ગૃહીયા જેહ, શીશ પાછળ ફેરવી, પછાડયો મહાયળમાંય રે. ॥૪૧૭॥ રૂધીર પણ કાઢીને ્પદી લીધી ખંધાયે, પવન સુત પરવર્યો જ્યાં હુતા ચારે ભ્રાત રે. ॥ ૪૧૮ ॥ એની સાંજ મહાધન તળે રહ્યા, અને ત્યાં હુવો પ્રાતકાળ. ॥ ૪૧૯ ॥ મહાદન ચઢે શહીયાળ, પણ ન ચઢાય મહીપાળ. ॥ ૪૧૯ ॥ પછી ભીમસેને ખાંધે લીધાં ઉભા ભ્રાત, ભરી ભ્રાંત સંગ સતી લઈ ચઢયા પવન સાથ. ॥ ૪૨૦ ॥ યોજન ત્રણ ગયા જેટલે, દીધું માન સરોવર આએ, ત્યાં પુષ્પ નાના વીધ વીધનાં અને રચના કહાન જાએ. ॥૪૨૧॥ દ્રુપદી કહે ભીમસેનને, કમળ માળાનું મન છે મારે, આણી આપો સર્વથી, કરો ના નારાજ રે. ॥ ૪૨૨ ॥ ભીમસેન કહે કમળ કેમ લેવાય, અંદર નાગદેવ કરે રક્ષાય, તે લેતાં યુદ્ધ થાય સહી, ને લીધે આપણું સત જાયે. ॥ ૪૨૩ ॥ દ્રુપદી કહે આ સમે, નહિં સુખ દુખ ના ભ્રાંત, વજર વાય કે સાંભળી ભીમને ઉપની દયાએ. ॥ ૪૨૪ ॥ પણ સતીતે કોને કહે, ને કહેવા સમાજોગ પછે ભીમે કમળફુલ લીધાં, અને દેખાયા ગંધવ જેહ. ॥ ૪૨૫ ॥ યુદ્ધ કરવા સર્વે આવીયા, મળીયા ગાંધર્વ જેહ, શું ! મતા છે બાપની જે માગ્યા વિના કેમ લેવાય. ॥૪૨૬॥ ક્રોધ કરીને સર્વે પરઠવે, ભીમસેન ઉભા જો એ રે, પણ અંગ અધું વજરનું, તે માટે ન ઘણે ઘણના ઘાય રે. ॥ ૪૨૭ ॥ પછી ભીમે હાથ વાપર્યા, નાસી ગયા ગંધર્વ જેહ. ઇંદ્ર આગળ જઇને, કરી ફરિયાદ રે. ॥ ૪૨૮ ॥ અમે કમળની રક્ષા કેમ કરીયે. મહારાજ, કુંતા તણો સુત ભીમ તેણે કમળ લીધાં આજ. ॥ ૪૨૯ ॥ અમે યુદ્ધ કર્યું સહી, પણ ન ચાલ્યું લગાર, સુરપતી કહે, ચીત્રગદ સર્વશું વિચાર. ॥ ૪૩૦ ॥ તે સર વસ્તા કરીને પૂછજો, તમને તેડે સુર રાજન, ઇચ્છાએ પધારીયે અને કહ્યું છે સુર ભવન. ॥ ૪૩૧ ॥ સમાચાર કહ્યા અમ સરખું કહો કોઇ કામ, સુરપતીએ કાઢ્યું જેહ, ને ગાંધર્વે આવીને કહ્યું તેહ. ॥ ૪૩૨ ॥ ધર્મ કહે અમે અણઘટતું કર્યું, તમે ક્ષમા કરજો સહી, અમે હિમાલે

જાવું સહી, કળીઆવ્યો તે માટે રહેવાય નહિ ॥૪૩૩॥ ત્યારે સુણી વચન એવાં ગંધર્વ લાગ્યા પાય, ભેટઆપી સુરપતી અને મોકલી હતી ત્યાએ. ॥ ૪૩૪ ॥ મણીકનો હાર આપ્યો, દ્રુપદી શું તેહ, પરણામ કરીને પાછા વળ્યા, જ્યાં તે ગંદ્રવ રાએ. ॥ ૪૩૫ ॥ મહાદનમાંહે વનસ્પતી અઢાર, નાળીએરી, વેલ સોપારી ના ઝાડ. ॥ ૪૩૬ ॥ કેરી કોઠી કરમદા ગુલર સોહાય; પવનને પડે તુટી, પાકાંમીઠાં જાયે. ॥ ૪૩૮ ॥ દાઢમ, દ્રાક્ષ, ખારેક, ખજુર, આંબલીને આંબલા પાકાં પુર. ॥ ૪૩૮ ॥ આગળ વન અખરોટના, ભીલામાં કાજુ જેહ, અને કાઢયા ફણસ વનસ્પતી કહીયે તેહ. ॥ ૪૩૯ ॥ વન ઝાડ મોટી આવે સુખડ, મલીયા ગરીના વન લવીંગ એલચી જાવંત્રી તેહ. ॥ ૪૪૦ ॥ જાયફળ, ડમરો, મરવો, કમળ પત્ર પાન, ત્યાં અતી ઘણાં કરે શોભામાન. ॥ ૪૪૧ ॥ બીજોરાં નાગર વેલ, વનસ્પતી દેખી સોહાએ મન. ॥ ૪૪૨ ॥ બહુ બોલે પપૈયા મોર, કોયલ ટહુકા કરે તટકે બોલે મોર. ॥૪૪૩॥ પોપટ સુડા અતી ઘણા વન માંહે, કરે કલોલ હોય. માન સરોવર બગાં હંસા ફરે; અને ધરમ ઉભા જોએ. ॥ ૪૪૪ ॥ દીવસ પાંચ વસ્યા પાંડવ, દેખી વન સોહામણા, મહાદનથી ઉતર્યા, જેટલે આવી મેરૂની સેધ. ॥ ૪૪૫ ॥ પાંચ પાંડવ ને છઠ્ઠાં નાર, ચાલ્યાં જાય વન મોઝાર. ॥ ૪૪૬ ॥ પ્રેમ વારતા મનમાં કરે, મન સાથે મન શું ધ્યાન ધરે. ॥ ૪૩૭ ॥ હવે સીતવાએ દ્રુપદીને અને ચાલી ન શકે ચરણ, યોજન ચાલ્યા જેટલે, પડયાં પૃથ્વી ધરણ. ॥ ૪૪૮ ॥ અર્ધે પંથે આવ્યા જેટલે, નારી ઢળી પડયાં તેટલે. ॥ ૪૪૯ ॥ એટલે હાલી ચાલી ન શકાએ, સુખવંત થઈને કોય, રૂદન કરે પાંચે મલી, ને પડયો સતી તણો વિયોગ. ॥ ૪૫૦ ॥ ત્યાં ધરમ કહે રાણી ઉઠો, જાવું છે વેગળે પંથ, સંઘ જે તજે નહિ, તે તજી કેમ જઈએ વન. ॥ ૪૫૧ ॥ અર્જુનને વર્ધવા કારણ, થાલ લે પવન, ભીમસેન સાદ કરે ને મુકાવી સર્વથી જે અતી જન. ॥ ૪૫૨ ॥ તે પ્રીત કેમ સાંભળે નહિ, પુથ્વી પડી નાર, અર્જુન ઘાટા રૂદન કરે, અને ગુણપત ગોરી સાર. ॥ ૪૫૩ ॥ સર્વ કોઈ જાણે છે અર્જુન શું સબળ પ્રીત વીચારે, ધરણી કેમ ટળી, સતી જન મહા સાર. ॥ ૪૫૪ ॥ નીકુળ વૈરાગીઓ કરી માનતી જેહ, તે આજ કેમ પ્રીત છોડી તેહ, ॥૪૫૫॥ સેહદેવ સાધુ દુ:ખ દીધું ન ઘટે સતી પાવન, પણ અમે રહું કોને આસરે તે સતી વિચારો મન. ॥ ૪૫૬ ॥ પણ સુખે કાળ આવ્યો સર્વનો ને દ્રુપદી પડી પાંચ, હવે રાય વારે સૌ ભ્રાતને, ભાઇનો એ સંચ. ॥ ૪૫૭ ॥ અમર કોઈ છે નહિ સંસારનો એ ખોટો સંઘ, કાળ કોઈને મુકે નહિ, મનુષ્યની એહી ગત. ॥ ૪૫૮ ॥

હવે રાય કહે વીરને, સંબંધ એટલો હોય, યુધિષ્ઠિર પૂંછે સહદેવને, અને સતી પડી કેમ જાગ. ॥૪૫૯॥ સહદેવ કહે રાયજી તારથ ઉપર સદા મન, ને તે પાપે પડયો સતીનો તન. ॥૪૬૦॥ ક્ષમા કરી રાય પાસે ગયા, દેખી વનીતાને દુખીયા થયા. ॥૪૬૧॥ તે નારી પાસે જઈ બેઠા કંથ ત્રાય ત્રાય કરે શ્રી ભગવંત. ॥૪૬૨॥ હાથ ઘસીને હલાવે શીષ, અને સ્ત્રી વીના કર્યા જગદીશ. ॥૪૬૩॥ નારી વિના જે પુરૂષ હોય, એને મરણ સમો ગણવો તેહ. ॥૪૬૪॥ નારી વિના સુખ એકે ન હોએ, નારી વિના ઘર સુનું જોએ. ॥૪૬૫॥ કહે ભીમ સુણો ભુપાળ, અને અર્ધે પંથે કેમ ખુટયો કાળ. ॥૪૬૬॥ નારી વિના ઘર સુનું કોઇ ના કરે વિશ્વાસ, નારી વિના પુરૂષ તણી ન પહોંચે આસ. ॥ ૪૬૭ ॥ સ્ત્રી વિના સગું ના આવે ઘેર, સ્ત્રી વિના લંપટ કહે સર્વ શહેર ॥ ૪૬૮ ॥ સ્ત્રી વિના એક ધર્મ ના રહે, સ્ત્રી વિના અપરાધી કહે. ॥ ૪૬૯ ॥ સ્ત્રી વિના કોઈ ન પામે ઠામ, સ્ત્રી વિના કોઇ ના જાણે નામ. ॥ ૪૭૦ ॥ માત પિતા સહોદર વીર, સ્ત્રી વિના કોઈ પાએ નવ નીર. ॥ ૪૭૧ ॥ સ્ત્રી વિના સકળ લોક પરહરે, વણ વીચારી નીંદા કરે. ॥ ૪૭૨ ॥ સ્ત્રી વિના આ ભુષણ કેસો, અને સુકે લાકડે શોભે જેસો. ॥ ૪૭૩ ॥ સ્ત્રી વિના કોઈ પાસે નવ રહે, પાંચે વીર કરે હાય હાય. ॥ ૪૭૪ ॥ ભીમ કહે સાંભળો મહારાજ, અર્ધે પંથે કેમ ખુટયો સતીનો કાળ. ॥ ૪૭૫ ॥ શ્રીકૃષ્ણ તણા નવ દીઠા ચરણ, કોણ પાંખે થયું એ મરણ. ॥૪૭૬॥ કહે યુધિષ્ઠિર સાંભળો વીર, જેને છે તે કેશું સધીર. ॥ ૪૭૭ ॥ એ અબળા પાંચે પુરૂષને વરી, અદકી પ્રીત તે અર્જુન શું કરી. ॥ ૪૭૮ ॥ સમોવડના પાંચે કંથ, તે પાપે મરણ થયું કલ્પાંત. ॥ ૪૭૯ ॥ પાંચે વીર પછી ઉભા થયા, કરી સ્નાન ને માર્ગે ચાલ્યા. ॥ ૪૮૦ ॥ વાટે ચાલી મૂકી ગયા, સ્ત્રીનું દુઃખ સમાવી રહ્યા. ॥ ૪૮૧ ॥ વનદાગ ભોમી દઈ ગયા, આગળ સીત વાય. અતીઘણા, પણ જાય સત ને આધાર. ॥ ૪૮૨ ॥ માર્ગે ચાલ્યા જાય વીર, સમરણ કરતા શામ શરીર. ॥ ૪૮૩ ॥ યોજન પચીસ ગયા જેટલે, નીકુળ ગળી પડયા તેટલે. ॥ ૪૮૪ ॥ પાસે પૃથ્વી ટકે ન જાય, એ હીમ જળ બહુ આવે સોએ. ॥ ૪૮૫ ॥ પાસે વીંટી ને બેઠા ભ્રાત, હવે દીનાનાથ થયું ઉત્પાત. ॥ ૪૮૬ ॥ રૂદન શા માટે કેરો છો વીર, ને સુઈ ના રહીએ મારા સધીર, આજ તે માટે મારા વીર. ॥ ૪૮૮ ॥ લાડકવાયો વરણાગીઓ બંધવ જેહ, અને માર્ગે મરણ પામ્યો તેહ. ॥ ૪૮૯ ॥ પૂછે ભીમ યુધિષ્ઠિર સુણો, ને કોણ પાપે એ સંચત મરણ થયો. ॥ ૪૯૦ ॥ એનું પરાક્રમ સબળું, કોણ રૂપ ન જાણ્યું કળ્યું. ॥ ૪૯૧ ॥ યોદ્ધા માંહે યોદ્ધો સાર, ને કોણ

પાપે પડયો એ વીર. ॥ ૪૯૨ ॥ માતાને વહાલો ઘણો હતો, પુરણ હતો સુભટ મહા છતો. ॥ ૪૯૩ ॥ અર્ધે પંથે કેમ પામીયો મરણ, તે મુજને સંભળાવો કારણ. ॥ ૪૯૪ ॥ પુરણ જન્મનું લાગું પાપ, ગયો નિકુળ તે થયો સંતાપ ॥ ૪૯૫ ॥ કહેવાય યુધિષ્ઠિર સુણજો, યોદ્ધા નીકુળ મરણની કહું કથાએ. ॥ ૪૯૬ ॥ એણે કહ્યું મારૂં નહિ કર્યું, તે કારણ મરણ સંચર્યું. ॥ ૪૯૭ ॥ બળવંત હુતો બંધવ જેહ, ને અકળ અજાણ્યો રહ્યો તેહ. ॥ ૪૯૮ ॥ પરાક્રમી પુરણ કાવે અતી, સુરા માંહે સુરો મહારથી. ॥ ૪૯૯ ॥ મુકો સર્વે નીકુળની વાત, કરી અસ્તાન ને ચાલ્યા ભ્રાત. ॥ ૫૦૦ ॥ નાનો જાણીને કહેતા જેહ, પણ રમતો મોટા કાજ એહ. ॥૫૦૧॥ ઉઠીને બંધવ પરવાર્યા, ભોમદાગ દઇ સંચર્યા. ॥ ૫૦૨ ॥ મનમાંહે ધરતા શ્રી હરીનું ધ્યાન, જીભે જપતા શ્રી નારાયણનું નામ. ॥ ૧૦૩ ॥ શ્રી હરિ જપતા જાએ, બંધવ ત્રણે ને ચોથા રાય. ॥ ૫૦૪ ॥ પંદર યોજન પોતા વળી, એટલે સેહદેવ પડયા ગળી. ॥ ૫૦૫ ॥ પડ્યા ધરણીને પામ્યા મરણ, મેલ્યું તેજ ત્યાં સાંસ સરણ ॥ ૫૦૬ ॥ ભીમ કહે કહીં કારણ કહો; સેહદેવ જ્ઞાની માર્ગે રહ્યો. ॥ ૫૦૭ ॥ બ્રહ્મ જ્ઞાન પાળેને જાણે વેદ, વેદ પુરાણ જાણતા સદાએ. ॥ ૫૦૮ ॥ ધનુષ્ય વિદ્યાનો ધારણ હતો. યુદ્ધ કરતા અતી ગુણ છતો. ॥ ૫૦૯ ॥ તે સહદેવ મરણ પામ્યો આજ, હવે શું થાશે શ્રી મહારાજ. ॥ ૫૧૦ ॥ રાજા કહે સાંભળો ભીમ; ને સેહદેવ જાણતો અગમ નીગમ. ॥ ૫૧૧ ॥ દ્રુત રમતાં આપણે, ને દુખીયા થયા. ॥ ૫૧૨ ॥ સેહદેવ તેનો ન કહ્યો મર્મ, તે પાપે પામ્યો મરણ. ॥ ૫૧૩ ॥ જોહ મને ભાઈ વર્તો, જાણી દોષ રહેતો અણ છતો. ॥ ૫૧૪ ॥ તો દ્રુત રમતા નહિ, સતી નાર દુઃખ પામતાં નહિ. ॥ ૫૧૫ ॥ તે દાડાનું લાગ્યું પાપ. પામ્યો મરણ તે સંતાપ. ॥ ૫૧૬ ॥ સેહદેવને પાપ લાગ્યું તેહ, જ્યોતિષ જાણતા માટે એહ, કર્મ વીધી સેહદેવની કરી, ભોમદાગ દઈ સંચર્યા શ્રી હરિ. ॥ ૫૧૭ ॥ શ્રી હરિ શ્રી હરિ કહેતા વીર, હીમ પંથે જવાને સધીર. ॥ ૫૧૮ ॥ કર્યું સ્નાન સેહદેવ તણું, ત્યાં રાજા દુઃખ પામ્યા અતીઘણું ॥ ૫૧૯ ॥ કરી સ્નાન ચાલ્યા તેણી વાર, સ્મરણ કરતા જુગ આધાર. ॥ ૫૨૦ ॥ પવન વાયને શીત આવે અપાર, હીમના બરફ આવી પડે શીત સાર. ॥ ૫૨૧ ॥ પણ સતવાદી તેને ગણતા નહી, ભીમ ધરે અંગ વજરનું ત્યાંહી. ॥ ૫૨૨ ॥ તે ભજન કરે ભગવાનનું સહી, યોજન દસ ઓળંગ્યા માંહી. ॥ ૫૨૩ ॥ યોજન દસ જ્યારે રાય ગયા, ત્યારે અર્જુનને કંપવા થયા. ॥ ૫૨૪ ॥ દસ યોજન પહોંચ્યા જેટલે, અર્જુન ગળી પડયા તેટલે.॥ ૫૨૫॥

પડયા રાય છોડયા પ્રાણ, મેલ્યું તેજ નારયણની સરણ. ॥ ૫૨૬ ॥ યુધિષ્ઠિર ત્યાં રૂદન કરે, ભીમસેન દુઃખ મનમાં ધરે. ॥ ૫૨૭ ॥ કહે ભીમ અમે કોને કહું, ધર્મ રાજા દુઃખ પામ્યા બહુ. ॥ ૫૨૮ ॥ પડયો ભ્રાતને દુઃખીયા થયા, રૂદન કરી બેઉ અળગા રહ્યા. ॥ ૫૨૯ ॥ અરે બળવંત વીર, તને આ ન ઘટે રણ ભંગન. ॥ ૫૩૦ ॥ તારા ગુણની શું કહું વાત, મુજને મુકી ગયો ભ્રાત. ॥ ૫૩૧ ॥ ખંડન દેહ તેં કરી સંતોષ થયો ડાઅગન ઝરીયા, ॥ ૫૩૨ ॥ ઇદરને ગુરુ દક્ષિણા માંહી, પોતો આપણ કોડ દાવા જ્યાંહી. ॥ ૫૩૩ ॥ વળી સભામાં મચ્છ વીંધ્યોને જોતા રાણા રાય, પંચાળી વર્યા પ્રેમસું અર્જુન તારા સાથે. ॥ ૫૩૪ ॥ જે રખુ પણુ મારૂં કરતો, તે આગળ કેમ જાએ શીર, ધીરજ કેમ રાખું, જીતી દ્વારકા એકલે વીર. ॥ ૫૩૫ ॥ યજ્ઞમાં મહીમા રહ્યો. તે વીર તારૂં પુન. ॥ ૫૩૬ ॥ રાય એવા વીરને, એ કળીની અવળી ગત. ॥૩૫૭॥ વૈરાટ ઘેર કામ કીધું, મચ્છ પોર વાળી ગાય. ॥ ૫૩૮ ॥ બીજાતે બાણાવળી વીર, દેખાડી વનમાં વિદ્યાએ. ॥ ૫૩૯ ॥ તે વૃક્ષ ઉપર નમાવ્યું શીષ, હવે શું થાએ જગદીશ. ॥ ૫૪૦ ॥ અર્જુન સરખો બંધવ ભલો, કરૂં ભારત કોઇ ના કળે. ॥ ૫૪૧ ॥ ધનુરવિદ્યાને ધારણવીર, સાથે ફરતા શામ શરીર. ॥ ૫૪૨ ॥ કષ્ટ પડે શ્રી હરિ કરતા સહાએ, તે શ્રી હરિ પરતાપે જીતતા એહ, ॥ ૫૪૩ ॥ અશ્વમેઘનો આરંભ કર્યો, રાજ સોહી યજ્ઞ મન ધર્યો. ॥ ૫૪૪ ॥ મોટાં સરખા કરતાં કામ, ને લેતા શ્રી નારાયણ તણુજો નામ. ॥ ૫૪૫ ॥ ખરી પ્રીત શ્રી નારાયણ સાથે, શત્રુ ધન હુતા એક ભ્રાત. ॥ ૫૪૬ ॥ ત્રાય ત્રાય મુખ બોલે વાણ, કેમ કરીશું હવે સારંગપ્રાણ. ॥ ૫૪૭ ॥ કૌરવ કુળ સંહાર્યું જેહ, મારા પરાક્રમી બંધવ તેહ, ॥ ૫૪૮ ॥ શ્રીકૃષ્ણ દેવે ધર્યો અવતાર જેહ, અર્જુન પ્રતાપે તેહ, ॥ ૫૪૯ ॥ સતી નાર તણો, આધાર; કહે અર્જુન શ્રી મોરાર ॥ ૫૫૦ ॥ વૃક્ષ શીષ નમાવ્યા તેહ, હવે શું થાએ શ્રી હરી તેહ. ॥ ૫૫૧ ॥ ભાઇ છાના રહો ભડ ભીમ ભણે, અર્જુન મરણ પામ્યો તે કોણ ભણે ॥ ૫૫૨ ॥ કોણ પાપે જુઓ વિચારી, અર્જુને પ્રાણ તજ્યા નીર્ધાર. ॥ ૫૫૩ ॥ ગુણ સાંભળતાં મુર્છા વળી, જાણ્યું જે ગયા પ્રાણ. ॥ ૫૫૪ ॥ પણ મુર્છા બે ઘડી ગયા, પછી આવી રાયને શુદ્ધ સાન. ॥ ૫૫૫ ॥ ઘાટે સાદે ભીમ રડે, અને વનમાં થઈ શોર. ॥ ૫૫૬ ॥ રાય વારે વીર ભીમને, આજ્ઞાની ગમ કેમ થઇ મોરાર. ॥ ૫૫૭ ॥ એ કાળેતો શ્રીકૃષ્ણ ડસ્યા, ને કોણ એ અર્જુન ઓતમ જ્ઞાની ગોર ગંગદેવ, દ્રોણા ચાર જેહ, કરણ સરખા દાનેશ્વરી તો અર્જુનતે કોણ એહ. ॥ ૫૫૮ ॥ તે માટે

કોણ માત્ર એહ, ધીરજ ધરીયે મારા ભ્રાત. ॥ ૫૫૯ ॥ યુધિષ્ઠિર કહે ભીમને, અર્જુનને વહાલા તે ગોપાળ. ॥ ૫૬૦ ॥ વળી સત વીરમાં પરમાર્થ કરતો જોએ, તે પૃથ્વી કેમ પડયોએ સભાળ મોટોહોએ. ॥ ૫૬૧ ॥ રાજા યુધિષ્ઠિર કહે સત્ય કહું, પણ અહંકારે પડયો પૃથ્વી માંહે. ॥ ૫૬૧ ॥ અર્જુન એમ જાણતો, મુજ સરખો બળીયો નહિ કોય, તે પાપે પડયો અર્જુન સોય. ॥ ૫૬૨ ॥ કહે યુધિષ્ઠિર ભીમ ભડ સુણો, એ મહિમા તે અર્જુ તણો. ॥ ૫૬૩ ॥ વળતા વદે યુધિષ્ઠિર ભ્રાત, સાંભળો અર્જુનની કહું વાતા. ॥ ૫૬૪ ॥ વે દલ વેખ એણે અણઘટતો કર્યો, અને તે માટે એ મરણ સંચર્યું. ॥ ૫૬૫ ॥ અર્જુન સરખા ચાલ્યા ભ્રાત, તે વૈકુંઠમાં પોતી વાત. ॥ ૫૬૬ ॥ તે માટે વેરાગ ન રાખવો ને કુબુદ્ધિ ન ધરીયે મન, ભગવાનને ગમતું થાયે. ॥ ૫૬૭ ॥ હવે કર્મ કરી ને વીધી કરી, અને મહીમા પાઢાવ્યો હો રાએ. ॥ ૫૬૮ ॥ નિશ્વાસ મુકાને ગયા જેટલે, અને માર્ગમાં ચાલ્યા તેટલે. ॥ ૫૬૯ ॥ વળી સ્નાન કરી ચાલ્યા બેઉ ભ્રાત, સ્મરણ કરતાં શામ શરીર. ॥ ૫૭૦ ॥ યોજન પાંચ પોતા દુઃખ ભર્યા, ત્યાં ભીમ પોતે મરણ સંચર્યા. ॥ ૫૭૧ ॥ પડયો માર્ગે ભીમ ભડ ગળી, થઈ મુર્છા ભુપતને વળી, ॥ ૫૭૨ ॥ ગાત્ર ભંગ થયાં ગળ ગળાં, પડયો ધરણી ધરથી લડથડી. ॥ ૫૭૩ ॥ પછે પોર એક રાજાને થઈ, મૂર્છા વળીને બેઠા થયા. ॥ ૫૭૪ ॥ મારૂં કહ્યું ન કરતો એહ, અને તે માટે દુઃખ પામ્યો તેહ. ॥૫૭૫॥ હવે મુને કોણ પૂછશે વાત, ગયા બંધવ ચાર સ્ત્રી સંગાથ. ॥ ૫૭૬ ॥ ભુપત સ્નાન કરીને સંચરે, મન સાથે મનસુધ્ધી ધ્યાન જ ધરે. ॥ ૫૭૭ ॥ સદ્‌ગોર કહે છે સાંભળજો સહુ, રાજા દુઃખ ધરે છે બહુ. ॥ ૫૭૮ ॥ રાજા યુધિષ્ઠિર કહે વિચાર, પરમેશ્વર તું પાર ઉતાર. ॥ ૫૭૯ ॥ એકવાર ચરણ પામીયે તમારા સહી, બંધવ ગયા ત્યાં મળીએ જઈ ॥ ૫૮૦ ॥ સતી દ્રૌપદી ગઇ નાર, અને તમ વિના કોને કહીયે મોરાર. ॥ ૫૮૨ ॥ તમ વિના કોને કહું શ્રી હરિ, મારા દુઃખની વિનતી. ॥ ૫૮૨ ॥ બંધવ ચાર સતી સંગાથે, પડયા જુજવા ભ્રાત. ॥ ૫૮૩ ॥ દ્રૌપદી સુતને શ્રી હરિ વહાલા ઘણા, પ્રથમ પડી તે વાર. ॥ ૫૮૪ ॥ તે દુઃખ ન માયે રૂદીયા માંહે, ને સતી સીરોમણી નાર. ॥ ૫૮૫ ॥ દસ સેહસ્ત્રવ્રખી વનમાં આવ્યા આ દેવ નીજ સરાપ, કાષ્ઠ બળતા રાણીએ રાખ્યા, તે સતી તણો પ્રતાપ. ॥૫૮૬॥ સઘળી ગત ગોવીંદની જાણે તે પતિવ્રતા પ્રિતપાળે. પરણીને ઘર કર્યા પછી રાજ રીત સર્વે પાળે. ॥ ૫૮૭ ॥ નિકુળ નામ નીજ

બંધવ બળીયો, ને કારણ ના જાણે કળીઓ, સંગ્રામે શત્રુ જીતતા, અકળવંતા મહા પરાક્રમી હોએ, કહો શ્રી હરિ કેમ રહેવાએ. ||૫૮૮|| તમતણું દુઃખ સઘળું સાલે, ને નેત્ર વહે નીર, કમળાપતી સર્વે જાણે, ને લઘુ પરાક્રમ વીર, કહો શ્રી હરિ કેમ રહેવાય. ||૫૮૯|| સકળ કળા ગુણ સર્વે જાણે, અને સેહદેવ સુખ નીધાન, પડી વેળામાં પ્રભુજી આવે, પાંડવ કીધાં રાન કહો શ્રી હરિ કેમ રહેવાએ. || ૫૯૦ || મંત્ર વિદ્યા આયુદ્ધ અંગે, અને જોગણી જીતી આવે, માઇ સુત મુજને ગમતો, પારથને મન ભાવે કહો શ્રી હરિ કેમ રહેવાએ. ||૫૯૧|| આજ પડયો રણમાંહે, અરે મુજને દીધા છેહ, કર્મ કથા કહું કોની આગળે, અમથી કેમ ખમાય તેહ કહો શ્રી હરિ કેમ રહેવાએ.||૫૯૨|| અર્જુન વીર ધનુધારી અને સેહસ્ત્ર વીત ગુણ જાણ, અસ્વમેધનો આરંભ કરતા, રાજ સોહી વખાણ કહો શ્રી હરિ કેમ રહેવાએ. || ૫૯૩ || દ્રુપદ રાય તણે ઘેર આવ્યા, ને વેધ્યો મચ્છ સતી પાર, તે વીપર તણી જો સેવા કીધી, તે પામીયા સુખે નાર કહો શ્રી હરિ કેમ રહેવાય. || ૫૯૪ || કુરૂક્ષેત્રમાંહે કર્યો મંડાણો, ને નરપતી હાર મનાવ્યા, સંગ્રામે સુભટ જીતી, નરપત પોંચાડયા હાર કહો શ્રી હરિ કેમ રહેવાએ.||૫૯૫|| મચ્છ દેશમાં મંદીરે રહેતા, અને ઓત્તમ કુળ પાસ, ધેન મુકાવી કુંવર પાસે, તે મુજને વિશ્વાસ રે કહો શ્રી હરિ કેમ રહેવાય. || ૫૯૬ || જે પારથ રાજ પડયો રણમાં, તે દુઃખ મુજને સાલે કહો શ્રી હરિ કેમ રહેવાય. || ૫૯૭ || ભીમ ભંડારી વાલવો વારૂ, ત્રણ ભવનમાં જેની હાક, કૈચા-કચક નો કચરો કીધો, તે પુરણ બળવંતો દાખ કહો શ્રી હરિ કેમ રહેવાય. || ૫૯૮ || ભદ્રાવળીનો ભુપત જીત્યો અસ્વ ગૃહી ઘેર લાવ્યા, દુર્યોધનને ભડ હાર મનાવ્યો, ગદા ગૃહી ઘેર આવ્યા કહો શ્રી હરિ કેમ રહેવાય. || ૫૯૯ || સુખ દુઃખની વાત પૂછતો, તે ભક્ષણ દેતો આણી, દહિંત મન સર્વે ભાંગે, રાખી દ્રુપદી રાણી કહો શ્રી હરિ કેમ રહેવાએ. || ૬૦૦ || કહે ક્રમવાર કોને પૂંછું, તે ધરમ કરે વીચાર, બળવંત બંધવ તુજ સરખો, સતી શીરોમણી નાર કહો શ્રી હરિ કેમ રહેવાએ. || ૬૦૧ || એવું કહીને રાય કરે ઓરતો, ને હૈડે દુઃખ નમાએ, પડી વેળા માંહે પંડવની, કેશવ જાણો જદુરાએ, કહો શ્રી હરિ કેમ રહેવાએ. || ૬૦૨ || કરી સ્નાન રાય ત્યાંજ ચાલ્યા, ને સમરે યુગ આધાર, અરણ પર્વતમાં ફરે એકલા, ત્યાં દુઃખ તણો નહિ પાર. || ૬૦૩ || અરે વીરા બળવંત બળીયા ને, તુજ વીના ચઢાવે કોણ, મહાધન મહાધન તે બળીયા, એમ ના કીજીએ તારા અવરા છે ગુણ. || ૬૦૪ || લાખા ઘેરથી ઉગાર્યા, ને તારી કીરપાએ, બંધવગુણ

આ વર્ણવ્યું, એમ દુઃખ ધરે છે રાય. ॥ ૬૦૫ ॥ હેડંબા હણ્યો સર્વથી, ને વનમાં પામ્યો શોક, આજ તે ભ્રાત કેમ કરી, દીધું વીયોગનું દુઃખ ॥ ૬૦૬ ॥ એ બક રાક્ષસ હણ્યો જોત જોતામાં માર્યો જીવ્રત મલ્લ, રણુથી વૈરાટ આવીયો, ધન ધન તારો પ્રતાપ. ॥ ૬૦૭ ॥ વળી કૈયોકચક હણ્યો, ને કીધા મોટાં કાજ, સોએ કચા-કચક મારીયા, તેમ મચ્છ પોર મહારાજ. ॥ ૬૦૮ ॥ તે ગુણ નહી વીસરે, ને સતીએ રાખ્યાં દુઃખ, સંગ્રામ કીધો અતી ઘણો, પણ અમથી ન પામ્યા સુખ. ॥ ૬૦૯ ॥ ધીક પડયું જીવતર માહેરૂં, જે ન પામ્યા રાજસુખ લગાર, ધીક પડયો જન્મ માહેરો, જે કોઈ ન પાળે સત સાર. ॥ ૬૧૦ ॥ સત પાળે તેને સુખ નહિ તેમ આ જુગ સંસાર, હવે પડયા ધરણી રૂદન કરે, મહાવન દારૂણુ મોઝાર. ॥ ૬૧૧ ॥ ભીમતણા રૂપ દેખીને, ધરમ પાડે સુખે ચીસ, પણ ભ્રાતના દુઃખ માટે, તે થઈ રહ્યા સુન શીષ. ॥ ૬૧૨ ॥ પણ મુખે તો બોલે નહિ, ને કહાવે પૃથ્વી ના ભુપ, મૂર્છાગત થઇ રાયને, ત્યાં દેખી ભીમના સ્વરૂપ. ॥ ૬૧૨ ॥ તે પરીબ્રહ્મને જાણીયા, જે ધર્મ પામ્યા મહા દુઃખ, તે અચેત થઇને રાએ પડયા, તે પૃથ્વીમાં આ સુખ. ॥ ૬૧૩ ॥ તારે દર્શન થયું અવીનાશનું, એટલે રાયને વળી શાન, પણ મુખેથી બોલાય નહિ, જો બોલાવે શ્રી ભગવાન. ॥ ૬૧૪ ॥ હૈયામાં ચાંપે નાથજી, ને કરે રૂદન મોટે અવાજ, હવે ધરમ રડે, ત્યાં શ્રી હરિ રડે, અને ત્યાં રાખ્યા ન રહે મહારાજ. ॥ ૬૧૪ ॥ શ્રી હરિ કહે એ કાળની અવળી ગત, તે માટે રાયજી ન થાશો સાર ને અસરત. ॥ ૬૧૫ ॥ ભીમને મુકી સ્નાન કરી રાજા સંચરે, ત્યાં મન સાથે સું મન ધ્યાન ધરે. ॥ ૬૧૬ ॥ માન સરોવર તે આવી રહ્યા, અને ભૂપત અતી ચિંતાવત થયા. ॥ ૬૧૭ ॥ સ્નાન કરી જળ પીધું જ્યાં, ગળી આંગળી ટચલી રાજાની ત્યાં. ॥ ૬૧૮ ॥ રાજા ત્યાં કરે વીચાર, અસત્ય બોલ્યો છું એક જ વાર. ॥ ૬૧૯ ॥ નરકુંઝરવા વાણી ઉચરી, માર્યો દાણવ ત્યાં કપટ કરી. ॥ ૬૨૦ ॥ તે માટે મારી ટચલી આંગળી ગળી, હો સરમો તે રાજા વળી. ॥૬૨૧॥ માન સરોવર કેરાં તીર, રૂદન કરે યુધિષ્ઠિર વીર. ॥ ૬૨૨ ॥ મારા પાપ તણો નહિ પાર, પંથે રહ્યા બંધવને નીજ નાર. ॥ ૬૨૩ ॥ ધર્મની આંગળી ચાલી ગળી, ત્યાં હીમલ્લો કહેવાય સહી, પડયો વીર શા માટે, તે કહો અવીનાશી સાચ. ॥ ૬૨૪ ॥ શ્રી હરિ કહે એ જાણતો, જે કોઇ નથી બળવંત, તે પાપેથી નિશ્ચે પડયો, તે મહીમા કળીયાત. ॥ ૬૨૫ ॥ ધર્મ કહે વીર પડયો તે ગર્વથી નીરધાર, ટચલી આંગળી યાં ગળી, તે સુજને કહો મુરાર. ॥ ૬૨૬ ॥ શ્રી હરિ કહે એમ

અમે જાણી કહ્યું, નરોવા કુંઝરવા એહ, તે પાપ તમને લાગ્યું સહી, ધરમ યુધિ-ષ્ઠિર રાય. ॥ ૬૨૭ ॥ ભાઇ વીના સુનો સંસાર, ભાઇ વીના જીવવું ધીક્કાર. ॥ ૬૨૮ ॥ ભાઇ વીના રણે નહિ આવે કોઈ, ભાઇ વીના અદકારી નહોએ, માનો જાયો ભાઈ જેહ, અને નવે નંદ ઘરે બેઠાં તેહ. ॥ ૬૨૯ ॥ ભાઈવીના ન પાવે નીર, ભાઇ વીના સુખ નહિ શરીર. ॥ ૬૩૦ ॥ ગઇ લક્ષ્મી પાછી પેખીયે, પણ બીજે અવતાર ભાઇ નહી દેખીયે. ॥ ૬૩૧ ॥ ભાઇ વીનાં હું જાવું કયાં, હવે તજું પ્રાણ બેસીને અહિંયા. ॥ ૬૩૨ ॥ ઘેલા કરી મુજને ગયા ભ્રાત, પતિવ્રતા સ્ત્રી સંગાથ. ॥ ૬૩૩ ॥ એકે દિશા નહિ દેખું આજ, કરો કીરપા તમો શ્રી મહારાજ. ॥ ૬૩૪ ॥ રાજા દુઃખ ધરે છે જ્યાં, ધરમ સ્વાન થઇને આવ્યા ત્યાંહ. ॥ ૬૩૫ ॥ શ્રાપે કરીને દુઃખ દેહ ધરી, પુત્ર તણા દુઃખ મનમાંહે ગ્રહી. ॥ ૬૩૬ ॥ પુત્ર પાસે આવી રહ્યા, ધર્મે ધરીયું સ્વાન સ્વરૂપ, નારદ આવતા ઓળખ્યા, ને ચઢીયા તે ઉપર ભુપ. ॥ ૬૩૭ ॥ સ્વાન સંગાથે સંચર્યા, તે ચાલ્યા માર્ગે જાએ, વૈકુંઠ પરી છે વેગળી, દુઃખ ધરે ધર્મરાય. ॥ ૨૩૮ ॥ માર્ગમાં ચાલ્યા જેટલે, ઇન્દ્ર આવી મલ્યા તેટલે. ॥ ૬૩૯ ॥ ધસી શીષ ને નમાવ્યું ચરણે, ભલે પધાર્યા આજ શરણ સરણ. ॥ ૬૪૦ ॥ તમ દીઠા કીરતાર થયા, મહીપતીસરગે ગયા. ॥ ૬૪૧ ॥ સરગે પધારો મહારાજ, કરૂં સેવા હું કરજોડી ને હાથ. ॥ ૬૪૨ ॥ વાતો દો હાથે ચઢાવું શીષ, તમે આશા પુરો જગદીશ. ॥ ૬૪૩ ॥ વળતા રાય યુધિષ્ઠિર કહે, સાંભળવા ઇન્દ્ર છાના રહે. ॥૬૪૪॥ આવો સ્વર્ગે નહીં આવું વીર, ત્યાં જાવું જ્યાં શ્યામશરીર. ॥ ૬૪૫ ॥ ગોવિંદજીની આજ્ઞા કરી, વળ્યા ઇન્દ્ર આશા પરહરી. ॥ ૬૪૬ ॥ ચાલ્યા રાય આનંદ ઘણો, સાથે સુંદર સ્મરણ ગોવીંદ તણો ॥ ૬૪૭ ॥ સત્ય માટે દેહ રહ્યો, સત્ય માટે સ્વર્ગ જવાએ. ॥ ૬૪૮ ॥ ધરમને કહ્યું કીર્પાનીધે, તુ મોટો સતવાદી રાય. ॥૬૪૯॥ દેહનું સુખ સંસારમાં અને સતીએ સત રાખ્યાં એ, મર્યાદા ક્ષેણમાં સત પોતાનું જાએ. ॥ ૬૫૦ ॥ ધરમ સદેહ સ્વર્ગે આવ્યા, એથી અદકું સું કહેવાએ. ॥ ૬૫૧ ॥ પણ પૂર્વે તો સદેહે ગયા, જગદામીની તે ફરસુ-રામના પીતાય. ॥ ૬૫૨ ॥ પહેલાં સદેહે રૂખમાં ગત પોતા, ને તે વળી ધર્મ રાય, પણ સત્ય વિના સદેહે, સ્વર્ગ કયાંથી જવાએ. ॥ ૬૫૩ ॥ મીથ્યા બોલે નરવાણી, તે માટે રામજી નીશ્ચે જાણો, સત્ય વિના રાખે નહી, ત્યાં સતી સારંગ પ્રાણી. ॥ ૬૫૪ ॥ સત્યે રવિ, ચંદ્ર ઉગે, અને સતે તારામંડળ, સતે ભવન ચૌદ રહ્યા, સતે મેરૂ નવ ચળે. ॥ ૬૫૫ ॥ સતે સૃષ્ટી ધરા ઝાલે, અને સતે સમુદ્ર ન લોપાએ,

મર્યાદા પૃથ્વી તણી, સતે કટકા ન થાએ. ॥ ૬૫૬ ॥ સતે વરસે મેઘજ બાર, અને સતે રહ્યો સતીનો ભાર. ॥ ૬૫૭ ॥ સત વહાલુ સતીને હોએ, સત વીના જીવવું ધીક્કાર, સત રાખ્યું હરિશ્ચંદ્ર તારા નાર, સત્ય રાખ્યું કુંવર રોહીદાસ. ॥ ૬૫૮ ॥ સતે રહ્યા કમળા ધેન, સતે રહ્યા કમળા પતી જોએ, તે માટે સાંભળતું રાજા, સત વીના નહિ કોએ. ॥ ૬૫૯ ॥ દ્રૌપદી નીકુળને અરજુન, અને સેહ દેવ ભીમ એ પાંચે ગયા હીમેહાડ, તેને બોલાવી પાછા ફરીને બે જણા સાથે સીધાવે. ॥ ૬૬૦ ॥ હવે માર્ગ મધે બેઉ જાય, ને ગૃહી મેરૂને સંઘ, ત્યાં માર્ગ માંહે એક કુંપ દીઠા, રાય પૂછે શ્રીહરિને વેદ. ॥ ૬૬૧ ॥ આ રક્ત વર્ણો કુંપો દીષે સહી, અને એનો મહિમા કહો મહારાજ, શ્રીહરિ કહે એમાં સ્નાન કરો, એ છે મોટો મહીમાએ મહારાજ. ॥ ૬૬૨ ॥ રાય કહે જાણ્યા વીના કેમ કરીએ સ્નાન, મુજને એનો વીવેક કહો, તો પછી કરૂં સ્નાન. ॥ ૬૬૩ ॥ શ્રીહરિ કહે અધીકાર કીધા વીના, ને ફળ એનું જાએ, શ્રીહરિ એમ બોલીયા, સાંભળો ધરમ રાય. ॥ ૬૬૪ ॥ દોજખ આંચ ઘણેરી, બેઉ જણ સાથે જાય, નરકના કુંડ આગળ જઇને ઉભા, તે દુઃખ મહાદુઃખ દેખાએ. ॥ ૬૬૫ ॥ ધર્મ યુધિષ્ઠિર વાણી બોલ્યા, ને દોજખ આંચ અપાર, મહેર કરો તો બક્ષ જો, તે અગન ઉપર અદકાર. ॥ ૬૬૬ ॥ શ્રીહરિ મુખે બોલ્યા વાણી, ને કર બોળો તો સારૂં, ધર્મવાણી સત ઓચરે, સ્વામી મહેર કરોતો વારૂ. ॥ ૬૬૭ ॥ વળતાં રાજા કલ્પીયા, ને શીર પડ્યા ત્રાસ, જો ચરણ પખાળો ચાલતાં, તો કરોડી નવ અમરાપુર વાસ. ॥ ૬૬૮ ॥ પછી ચરણ બોળતાં જંતુ વળગ્યા, નવ કરોડી વેરાટ, આ દેહ દ્રુપતીના સાથે બાળક પાંચ, દ્રુપદીના તે પડ્યા રણમાંહે. ॥ ૬૬૯ ॥ જે કાશી રાજા પુત્ર ભુજ બળીયા જાણ, અને બીધર મહારથી કહેવાય નામ. ॥ ૬૭૦ ॥ માળવા દેશનો મહીપાળ રાજા, અને અનેક દેશના રાય. ॥ ૬૭૧ ॥ બીજા કહેતાં ન આવે પાર, અને મજલે જીવ થયા નવ કરોડ. ॥ ૬૭૨ ॥ યુધિષ્ઠિર પૂછે સ્વામીને, જંતુ શા કહેવાય. ॥૬૭૩॥ નારાયણ કહે રાય સાંભળો, જે વઢ્યા કૌરવ કરણ દળ સાથ. ॥ ૬૭૪ ॥ તે દીવસના દુઃખીયા થયા, જઈ પડ્યા નર્કમાંહે સાથે. ॥ ૬૭૫ ॥ રાય કહે જે રણ પડે, તે તો જાય સ્વર્ગ સાથ, શ્રીહરિ કહે સાચું સહિ, એ પડ્યા કૌરવોને હાથ. ॥ ૬૭૬ ॥ રણ અંતે કાય જેહ, અને નર્કે પડશે તેની દેહ. ॥ ૬૭૭ ॥ ગોરજી વચને ચરણ પખાળ્યા, આગ લાગી અદકાર, ચરણ પોતાના ધોયા યુધિષ્ઠિરે, ને દોઝખના દુઃખ અપાર. ॥ ૬૭૮ ॥ શ્રી મહારાજ બોલ્યા મુખે વાણી, એ નવકરોડી આવે,

ને આ અઢાર કરોડી રહ્યાં કુંડમાંહે, તેનો પાર નવ પાયે. ॥ ૬૭૯ ॥ ધર્મ યુધિષ્ઠિર વાણી બોલ્યા, કહોતો કુંડમાં નાહું જાણ, વચન અમારાં વહી ગયાં, અવસર વેળા વખાણ. ॥ ૬૮૦ ॥ અવસર વેળા વચન અમારાં, ને વરત વેળા પરવારી રાય, નવકરોડી જીવ ચરણે કાઢયા, તે કોણ કારણ કેશવરાય. ॥ ૬૮૧ ॥ નવકરોડી રહ્યા કુંડમાં, જે બેઈમાની અંધ, નવ કરોડી જીવતો લોચા વાળ્યા, તે આવાગવનમાં ફરે. ॥ ૬૮૨ ॥ ધરમ યુધિષ્ઠિર વાણી બોલ્યા, એ નર્કે પડયા શા માટે, ન રોવા કુંઝ રોવા જે ભણ્યા, તે સાચા જુઠાને વાસતે. ॥ ૬૮૩ ॥ કરોડી સત્તાવીસ નર્કે પડયા, તે સાંભળજો સાચા ભાઇ, સદ્દગોર વચન ઉબલ્લેખીયાં, તેણે કુડી કરી કમાઈ. ॥ ૬૮૪ ॥ પંડ પડયાને વીખમાં નાખ્યા, સાંભળજો જદુરાય, ચરણે આગ લાગી ઘણી. જે જીવ અમારા જાય. ॥ ૬૮૫ ॥ ચરણ પખાળ્યા નવ્વાણું વાર, તે વીખ વલોરી કઢાય. નવ કરોડી વળગ્યા આવ્યા, તે કોણ કારણ કહેવાય. ॥ ૬૮૬ ॥ નવ કરોડી વળગ્યા આવ્યા, તે ધરમ રૂડા માટે રે, નવ કરોડી લોચા વાળ્યા તે નવ કરોડીની ખોટ. ॥ ૬૮૭ ॥ ધર્મ યુધિષ્ઠિર વહાં બોલે, ને સાંભળો સ્વામીનાથ, હુકમ કરોતો પીંડ પખાળું, શ્રીહરિ તેની કીજે વાત. ॥ ૬૮૮ ॥ શ્રી મહારાજ બોલ્યા મુખવાણી, તે વચન વેલા પરવાર, હવે તમે પડો તે શાને કાજે, અવસર નથી લગાર. ॥ ૬૮૯ ॥ ધર્મ યુધિષ્ઠિર કહે શ્રીહરિને, હવે કુંડમાં કરૂં સ્નાન, શ્રી હરિ કહે તે વેળા વહી ગઈ, જે પ્રથમ નાધર્યું કાન. ॥ ૬૯૦ ॥ વળતા રાજા ઓચરે, ને સાંભળો જગદીશ, હવે આજ્ઞા આલો અમને તો નાહિએ સઘળું એ શરીર. ॥૬૯૧॥ વળતા શ્રીહરિ ઓચર્યા, તે હુતો મોટો મરમ, રાય વચન અમારાં વહી ગયાં. હવે નથી નહાવાનું ધર્મ. ॥ ૬૯૨ ॥ પછી રાયને આવ્યો ખરખરો, જે સાત ખોણી સર્ગે લઈ જાત, પગે વળગ્યા તે ઓધર્યા. નવ કરોડી રાયની સંગાત. ॥૬૯૩॥ છેલ્લેવારે ચરણ પખાળ્યા, તેનું રહ્યું ઝેર, છેલ્લા પાણી પાસે રાખે, શ્રી હરિ તેની કીજે મહેર. ॥ ૬૯૪ ॥ નવ કરોડી જીવ કાઢયા, તે આવાગવન હોય, નવ કરોડી રહ્યા કુંડમાં, તે બેહાલ બા ચોર. ॥ ૬૯૫ ॥ શ્રી મહરાજ બોલ્યા મુખે વાણી, પાંચે પાંડવ મહરાજા, વનમાંહે વંસ વલોરી મારા તે સાચા સેવક વખાણ. ॥ ૬૯૬ ॥ દુનિયામાં સૌ કોઇ જાણે, દોજખ દુઃખ કેવાંજ હોય, તે વીખ વીંછીના આંકડે મેલ્યું, એ છેલ્લા પાણીની પેર. ॥ ૬૯૭ ॥ શ્રી હરિને કહ્યું ધરમે, એ શ્રી હરિની અવળી ગત, પણ અમને સદા સર્વદા, છે તમારી આશ. ॥ ૬૯૮ ॥ શ્રી હરિ જપતા વૈકુંઠ ગયા, ધર્મ પુત્ર સાથે લાવ્યા.॥૬૯૯॥ પહેલા ત્યાં ધર્મે દેખાડી

વાત, ને પોતા વૈકુંઠને ભાંગ્યા ઉચાટ. ॥ ૭૦૦ ॥ વૈકુંઠ નાથ બેઠાછે જ્યાંહ, અને મહામુનીવર બેઠા છે ત્યાંહ. ॥૭૦૧॥ અમરાપુરી તે વૈકુંઠ કહેવાય, અને હીમપુરી મધ્ધે આવ્યા યુધિષ્ઠિર રાય. ॥ ૭૦૨ ॥ કનક આસને બેઠા દ્રુપદી, અને દાસીયું સોવણ સેહસ્ત્ર, પણ વીર ચાર દીઠા નજરે, તેનો અખંડ દઇ વસ્ત્ર. ॥૭૦૩॥ ત્યાં નુરાની કાય સર્વ કોઈની, ને કરે છે મન ઇચ્છા આહાર, કલફ વૃક્ષ ત્યાં કહીએ, જેણે કર્યાં છે દત અપાર. ॥૭૦૪॥ સતે આવી રહે, તે અમર ફળ વૃક્ષસરે, દાસી દેવા દેવકના, તે સેવા કરે અપાર. ॥ ૭૦૫ ॥ ત્યાં આહાર છે પણ નાર નહિ. અને દેવ સભામાં ઠાર, સતી માતા બંધવ દીઠા, અને ત્યાંતે પાંડવોનો પરવાર. ॥૭૦૬॥ બહુ સેવક શેવા આંચરે, અને દીષે સેવા શ્રી હરિની કરે. ॥૭૦૭॥ જ્યારે દીઠા હસ્નાપુરના ધણી, ત્યારે શ્રી હરિ ધાયા ભુપત ભણી. ॥૭૦૮॥ રાજાએ ચરણે જઇ નામ્યું શીષ, મળ્યા યુધિષ્ઠિરને જગદીશ. ॥૭૦૯॥ આસન આપીને પૂજા કીધી, સુખ દુઃખની વાતો કીધી ॥ ૭૦૯ ॥* શ્રી હરિ કહે સાંભળો વીનતી, માર્ગે સુખે આવ્યા ભુપતી. ॥ ૭૧૦ ॥ કહે યુધિષ્ઠિર સાંભળો યદુરાય, તે માર્ગે દુઃખ કહ્યું ન જાય. ॥ ૭૧૧ ॥ નીકુળ, અર્જુન, સેહદેવ, ને સતી દ્રુપદી કરતાં સેવ. ॥ ૭૧૨ ॥ અર્ધે પંથે આવ્યા જેટલે, નારી ગળી પડયાં તેટલે. ॥૭૧૩॥ માન સરોવર હું આ-વીયો, ગળી આંગળીને દુઃખીયો થયો. ॥૭૧૪॥ ધર્મે મુજને દેખાડી વાટ, શ્રીહરિ તમ દીઠે ભાંગ્યા ઉચાટ. ॥૭૧૫॥ તમ દીઠાનું ફળ છે એહ, હું દેખું કૌરવ પાંડવ જેહ. ॥૭૧૬॥ વણ દીઠે ન હોય સંતોષ, દીન બંધવનો ધરીએ રોષ. ॥૭૧૭॥ ગદ ગદ કંઠે રાજા રૂએ, શ્રી હરિ ના મુખ સામું જુએ. ॥૭૧૮॥ રૂદન કરતા જાએ જેહ ભાત ઉપની શ્રી હરિ ના મને તેહ. ॥ ૭૧૯ ॥ આંસુ લોહીને અળગા રહ્યા, છાના રહોને વીનવી બહુ કર્યા. ॥ ૭૨૦ ॥ પ્રથમ નગર દેખાડયું વીર, પછે ઓચર્યા શામ શરીર. ॥૭૨૧॥ દેખા કૌરવને પાંડવ કુમાર, દીઠા દ્રુપદી ને હરખ્યા અપાર. ॥૭૨૨॥ રાય યુધિષ્ઠિર સર્વેને મળ્યા, સુખદુઃખ સર્વે ના ટળ્યાં. ॥ ૭૨૩ ॥ ઓત્તમ મંદીર આપ્યાં સાર, અને ત્યાં આવી રહ્યા પાંડુ કુમાર. ॥ ૭૨૪ ॥ અનુદી સેવક પાસે વસે દર્શન ભજન કરે ને મનમાં હસે. ॥૭૨૫॥ એ ચરણા જીવ કહ્યો સરવે સાથ, ભક્ત અવીચળછો વૈકુંઠનાથ. ॥૭૨૬॥ પાંચે પાંડવો વૈકુંઠ પામ્યા સહી, રાજા યુધિષ્ઠિર ની દહીખાખી રહી. ॥ ૭૨૭ ॥ રાજા તે પોઢયાં પાલખી નીંદ્રા કીધી એકજ પોર, ઇજરા ઇલને ફરમાવીયું, કબજ કરો રાજાનો રૂહ. ॥ ૭૨૮ ॥ ખોળીયાં ઉડાડો ખાખના, વાસો નુરાની દેહ, અજરા ઇલે જાણીયું, કબજ કીધો રાજાનો રૂહ.

૨૫

॥૭૨૯॥ ફટકીને રાજા જાગીય, દીઠી નુરની અમર દેહ, ધસીને ભેટયા શ્રી ભગવાન જીને, દેવ નુરની ઉઠયા મેહ. ॥૭૩૦॥ ઝગમગ જ્યોત અપાર છે, જાણે કોટીક આ દીત હોય, નવ કરોડીના મુખી સ્થાપ્યા, અને તે અમરાપુરીમાં જાએ. ॥ ૭૩૧ ॥ ॥ ૭૩૨ ॥ બેલી તે વળગા બેલડી, ને હીંચે હીંડોળા ખાટ, અમે જઇશું મૃત્યુ લોકમાં અને કરોડી અન્નત જુએ છે વાટ. ॥ ૭૩૩ ॥ વળતાં તે રાજા ઓચરે, સ્વામી સ્વર્ગમાં ન સોવાય, ગાય વાછોયાં જેમ વાછરૂં, જેમ બાળક વછોયાં માય, ॥ ૭૩૪ ॥ વૈકુંઠમાં અમે એકલા, નહિ દર્શનને દેદાર, સોળ કળા જેમ શોભતી, તે પુરૂષ વીનાની નાર. ॥ ૭૩૫ ॥ તે માટે અમે ભાંખીએ, અમે આવીશું તમારી સંગાથ, દેદાર કીજે નીત નીત, અને મુખા મુખે કીજે વાત. ॥ ૭૩૬ ॥ પાંચે બંધવ પાંડવા, ને દ્રુપદી કુંતામાત, વૈકુંઠમાંથી ઉતર્યા, તે આવ્યા શ્રી હરિની સંગાથ. ॥ ૭૩૭ ॥ મૃત્યુલોકમાં આવીયા, ને મોકલ્યા તે જુજવે ઠામ, કાશ મેરમાં રાજા કહીએ, ધરમ જેનું નામ. ॥ ૭૩૮ ॥ વંશ વલોણીમાં અવતર્યા, તે પિતા તે રાઘવ નામ, માતા કહીએ લોચના, રાજા યુધિષ્ઠિર કરે પ્રણામ. ॥ ૭૩૯ ॥ અર્જુન આવતા અવતર્યા, તે બાણાવળી મહાવીર, ઉંચ નગરમાં ઓત્તમ ઠામ, કુત પટવા વહેપારી હીરા. ॥ ૭૪૦ ॥ ઉજળા તે નેત્ર આંખનાં, તે લોક બોલે દુરીજન; મતાએ પુત્ર પરઠવ્યો, પણ ન જાણે અરજુન. ॥ ૭૪૧ ॥ ભીમ ભડ ભલે અવતર્યા તે જાલંદરી મહાદેશ, જે અગમ વલોણી આલ ઉઠે, અને કોભટ નગર પ્રકાશ. ॥ ૭૪૨ ॥ એની એંધાણી એ ભીમ છે, મહા યોદ્ધા બળવંત. ॥ ૭૪૩ ॥ સેહદેવ જોષી અવતર્યા, અવતર્યા સાલવું મહાસાર, માળવા મધે શહેર કહીએ, ઉજ્જેન મહા અવતાર. ॥ ૭૪૪ ॥ શહેર મધે શોધતાં, કહો કારણ ગુણવંત સેવ, દક્ષિણ દીશા પઠાણપરૂં ત્યાં આવ્યા સેહદેવ. ॥ ૭૪૫ ॥ પછે નીકુળને જગાડીયો, તે પૂર્વ મહા બંગાળ, ભુટ નગરમાં અવતર્યા, તે કસબ કલ્ર પછી આળ. ॥ ૭૪૬ ॥ તે નાક માંહે નથ છે, કાન તે મુકતાફળ, માતા ગર્ભે અવતર્યા, તે પુત્ર એક નીકુળ, ॥ ૭૪૭ ॥ શકતી સંસારે અવતર્યા, અને દ્રુપદી કુંતાજી માત, ભીલડી નગરના પટરાણી, જેની દીગમ છે શાખ. ॥ ૭૪૮ ॥ ચંડકાળી અવતર્યા, જે પુત્રીનો પરવાર, બાળ કુંવારી બાળકી, તેવા શક્તી રૂપે સંસાર. ॥ ૭૪૯ ॥ દર્શન છે એ જાગતાં, તમે ખોળીલો ગુણવંત, દશમે સ્વામી આવીયા, અને વર લાવ્યા અન્નત. ॥ ૭૫૦ ॥ કરોડી પાંચ પ્રહલાદ તાર્યા, ને સાતે હરિશ્ચંદ્રરાય, નવકરોડી શું પાંડવ તાર્યા, બારશું સતગોર સેહદેવ. ॥ ૭૫૧ ॥ દિલમદેશ અવતર્યા ને ગઢ

વર્જા શહેર, જેણે ઝાંખા, મેવા, કીન્નર તારીયા, કરોડી તેત્રીસ કીધા મહેર. ॥ ૭૫૨ ॥ આજ અનંત કરોડી કળીયુગમાંહે, મલેચ્છ રૂપે મનખા દેહ, હીમપુરીમાં તખતે બેઠા, પરતંગ બોલ્યા તેહ. ॥ ૭૫૩ ॥ ભરત ખંડને જાંબુ દ્વિપે, પરતગ બેઠા જેહ, આશાપુરે સર્વે જીવની, પરવસ તેહ. ॥ ૭૫૪ ॥ ત્રણ કલફ ને ત્રણ યુગમાં, તે ગોર ભેદ માર્ગ એક. આજ કળીમાં દશમે સ્વામી આવીયા ને આપો આપ અલેખ. ॥ ૭૫૫ ॥ નુર નિષ્કલંકી નીરંજન જાણ, જાકે ભરણ અનંત લખ્યા ભાણ. ॥ ૭૫૬ ॥ સોહી રામ ને સોહી રહેમાન, જો જો જ્ઞાનની પોથી પુરાણ. જ્ઞાન સંપૂર્ણ ચિતમાં ધરો, શ્રી હરિ નારાયણ હૃદય ઓચરો. ॥ ૭૫૭ ॥ નવમો બુદ્ધા અવતાર રૂપ, સંપૂર્ણ જાણ, ને ત્યાં સદ્દગોર વિહંવ્યાષ પરમાણ. ॥૭૫૮॥ વર્ષ ચાર લાખ ને બત્રીસ હજાર, ત્યાં સુધી ભોગવે તે શ્રી બુદ્ધા અવતાર. ॥ ૭૫૯ ॥ દશમે અવતારે શ્રી નિષ્કલંકી રૂપ, હવે નહિ કોઈ રાજા મુકતી ભુપ. ॥ ૭૬૦ ॥ ભણે સદ્દગોર બ્રહ્મા સોદરદીને કહ્યાં, બુદ્ધા અવતાર સંપુર્ણ હુવા. ॥

—*—

નવમો અવતાર સંપૂર્ણ.

—*—

દશમો અવતાર

શ્રી નિષ્કલંકી અવતાર.

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચ્યા.

પહેલા વૈશાખ સુદ બીજને શુક્રવાર, તે દન કળજુગ બેઠો સાર. ॥ ૧ ॥ જ્યારે લાગ્યો કળજુગ ને દ્વાપર ઉતર્યો, ત્યારે દહિંત કાળીંગો ચીણ મહાચીણમાં અવતર્યો. ॥ ૨ ॥ ચીણ મહાચીણમાં કાળીંગો બેઠો છે આજ, તે દહિંત કાળીંગો કળીયુગ લાગતાં બેઠો છે રાજ. ॥ ૩ ॥ તે નવે ખંડમાં ભરી પુરી વ્યાપક હોઇ ને કરે છે કામ, જે આજ કળીયુગમાં કાશી વિશ્વનાથ જપાવે નામ. ॥ ૪ ॥ તે ભાઈ મુનિવરો આજ કળીયુગમા સહિ કરો અથર્વ વેદ પ્રમાણ, અને ગોર બ્રહ્મા જીએ નબી મહંમદ ધરાવ્યા નામ. ॥૫॥ જે ઇશ્વર આદમ કલીયુગમાં હુતાસાર, તે આજ કલીયુગમાં શ્રી હરિનો દશમો અવતાર. ॥ ૬ ॥ જે દશમે રૂપે શ્રી હરિ પાત્ર નિષ્કલંકી અવતાર, તે આજ બેઠા જે આરબદેશ મોઝાર. ॥ ૭ ॥ જે આ ગોરે કેટલાક ચરિત્ર શ્રી હરિના કહ્યા, તે દેવ આ કલીયુગમાંહે ગુપ્ત હોઇ રહ્યા. ॥ ૮ ॥ જે ગોર બ્રહ્મા તે આ કલીયુગ માંહે પીર શમસ અવતાર, તે ગોર દરવેશી લઈ ફર્યા ચોવીસે મુલક મોઝાર. ॥ ૯ ॥ જે ગોર ચોવીસે મુલ્કમાં પ્રત્યક્ષ બોલી રહ્યા, તે ગોર ફરતાં ફરતાં ચીણ મહાચીણ નગરીમાં ગયા. ॥ ૧૦ ॥ ત્યાં સુરજા રાણીએ સાધ્યું હતું રાક્ષસનું જ્ઞાન, તે સ્મરણ કરે કાળીંગાનું એકે ધ્યાન ॥૧૧॥ તેને સત્ય ખડી મેડીને ફરતાં ઝરૂખા ચાર, ત્યાં ઉઘાડા મોલને રાજ દ્વાર. ॥ ૧૨ ॥ સુરજા રાણી મોતી વીણે ને સ્વામીની નજરે ધરે, ત્યાં મધ્યાન કાળે આવી પંખી કલોલ જો કરે. ॥ ૧૩ ॥ ત્યાં આવ્યા જનાવર તેમાં સુડા છે બહુ, તે તો સ્મરણ

કરે કાળીંગાનું સહુ. ॥ ૧૪ ॥ ત્યારે સુરજા રાણી મનમાં બહુ કરે વિચાર, એતો કોઈ બ્રહ્મ સ્વરૂપી આવ્યો નગર મોઝાર. ॥ ૧૫ ॥ એસો તે કોઇ નગરમાં હમારો દાસ, એ બ્રહ્મ સ્વરૂપી પોપટ ને લાવે હમારે પાસ. ॥ ૧૬ ॥ જે સદ્ગોર પોપટ સ્વરૂપે દીઠા, તે જઈ સામા કદમના ઝાડ ઉપરે બેઠા. ॥ ૧૭ ॥ ત્યાં સર્વે જનાવર કરે બહુ કલોલ, પણ તેમાં બ્રહ્મ સ્વરૂપી પોપટ બોલે ન વાંદા બોલ. ॥ ૧૮ ॥ તે સુરજા રાણીના મનમાં એવી ચિંતા થાય. જો રખે બ્રહ્મ સ્વરૂપી પોપટ ઉડી જાય. ॥ ૧૯ ॥ ત્યારે સુરજારાણી મનમાં એવી ચિંતા કરે, તે તો વચન પોપટના હૃદયમાં ધરે. ॥ ૨૦ ॥ હવે એસો છે કોઈક હમારો દાસ, એ પોપટને કરો ફાંદો ને પાસ. ॥ ૨૧ ॥ ભાઈ જે ફાંદાને પાસ પોપટને કરો, તે પોપટ લાવી મુજ આગળે ધરો. ॥ ૨૨ ॥ રાણી તમે શાને કરો છો ફાંદાને પાસ, બાઈ હું તો તમને કરવા આવ્યોછું દાસ. ॥ ૨૩ ॥ સુણો સુરજારાણી અમારી વાત, બાઇ તમે કહો તો આવું તમારી પાસ. ॥ ૨૪ ॥ તમે સુણો સુરજારાણી અથર્વ વેદી બ્રહ્મ જ્ઞાન, તમે જે થકી આગળ પામાં અમરાપુરમાં ઠામ. ॥ ૨૫ ॥ આજ સુણો સુરજારાણી તમે રાજદ્વારે દહિંત ઘરે આય, હવે બાઈ તમારો જન્મ પદાર્થ એળે જાય. ॥ ૨૬ ॥ એસો વચન સુણી સુરજા રાણી અચંબે થાય, ત્યારે બાઇ ગોર શામસ પોપટને લાગ્યાં પાય. ॥ ૨૭ ॥ ત્યારે બોલ્યા સુરજારાણી ભાઇ પોપટજી તમે વારૂ કહો, પણ અમારા જીવની ચિંતા તમે શાને લ્યો. ॥ ૨૮ ॥ ત્યાં પોપટ સ્વરૂપે ગોર શામસ બોલ્યા વિખ્યાત. તમે સુણો સુરજારાણી આજ અથર્વવેદની વાત. ॥૨૯॥ હરે બાઇ સુરજારાણી અમે આદે અંતે જીવુંનો ઓરતીયા છઉં, તે માટે તમને અગમ કહેવા આવ્યો છઉં. ॥ ૩૦ ॥ આજ દશમે રૂપે નિષ્કલંકી અલી અવતાર તે શ્રી હરી એ ધર્યો છે જાંબુદ્વિપ મોઝાર. ॥ ૩૧ ॥ ત્યાં તમારા જીવના કારજ થાશે હો સુરજા નાર, જો આજ ઓરો આધર્મ સત્પંથ સાર. ॥૩૨॥ એવાં સુણી વચનને સુરજારાણી અચંબે થાય, ત્યાં ગોર શમસને તખતે બેસાડયાં આય ॥ ૩૩ ॥ ત્યારે તખ્તે બેસીને ગોર શમસ બોલ્યા વિખ્યાત, સાંભળો સુરજારાણી આજ અમારી વાત. ॥ ૩૪ ॥ હરે રાણી કર્તા યુગમાં અમે ગોરબ્રહ્મા ઋગ્વેદી વેપાર, ત્યાં ભક્ત પાંચ કરોડીસું તાર્યા પ્રહલાદ. ॥ ૩૫ ॥ જે ચાર અવતાર શ્રી-હરિએ લીધા કર્તા યુગ માંહે, તે દેવે ચાર દહિંત સંહાર્યા ત્યાંહે. ॥ ૩૬ ॥ રાણી બીજા ત્રેતા યુગમાં અમે ગોર વિશિષ્ઠ જ જાણ, ત્યાં વેપાર યજુર્વેદી હુવા પ્રમાણ. ॥ ૩૭ ॥ જે શ્રીહરિએ ત્રણ અવતાર લીધા ત્રેતા યુગમાંહે, તે દેવે ત્રણ દહિંત

સંહાર્યા ત્યાંહે. ॥ ૩૮ ॥ જે સાત કરોડી સું તાર્યા શ્રી હરિશ્ચંદ્રરાય, બાઇ તે પોતા અમરાપુર જાય. ॥ ૩૯ ॥ રાણી દ્વાપર યુગમાં અમે ગોર વિદ્દંવ્યાષ સત થઇ જાણ, ત્યાં વેપાર સામવેદી હુવા પ્રમાણ. ॥ ૪૦ ॥ ત્રીજા દ્વાપર યુગમાં બેઉ અવતાર શ્રી હરિનાં જાણ, ત્યાં દેવે બહુ દહિંત સંહાર્યા નિર્વાણ. ॥ ૪૧ ॥ ત્યાં નવ કરોડી સું તાર્યા પાંડવ યુધિષ્ઠિર રાય, બાઇ તે પોતા અમરાપુરમાં જાય. ॥ ૪૨ ॥ રાણી આ કળીયુગમાં અમે ગોર સોદરદીન સત્ય જાણ, ત્યાં વેપાર અથર્વવેદી હુવા પ્રમાણ. ॥ ૪૩ ॥ આજ ચોથા કળીયુગમાં શ્રી હરિનો દશમો અવતાર, બાઈ તેનાં આ અથર્વવેદમાં છે પ્રકાશ. ॥ ૪૪ ॥ જે આજ શ્રી નિષ્કલંકી અવતાર ધર્યો જાંબુદ્વીપ મોઝાર, તે દેવ તારા ભરથારને મારશે હો સુરજા નાર. ॥૪૫॥ જે દેવનો અથર્વવેદનો મહા એસો છે વિચાર, તે હું તમને આગમ કહેવા આવ્યો છું નાર. ॥ ૪૬ ॥ હરે બાઇ તમે શેને જાણો અમારો સત્યભાય, જે ગોર બ્રહ્મા અવતાર તેજ પીર શમસ કહેવાય. ॥ ૪૭ ॥ બાઇ તમને સત્યવંતી અમે જાણી નાર, ત્યારે પોપટ સ્વરૂપ ધરીને આવ્યા તમારે દ્વાર. ॥૪૮॥ ત્યાં ગોરને છેડો છોડી રાણી લાગ્યાં પાય, હવે અમને મુખ મુક્તીના દેખાડો ઠામ. ॥ ૪૯ ॥ તમો સુણો સુરજારાણી ગોર શમસ કહે વીચાર, જો બાઇ આ યુગમાં સત્થપંથ ધાઓ સાર. ॥૫૦॥ જો આગળ આ સત્યપંથ વિના સીધા નહિં કોય, તો આ સત્ય ગોર વીના કોઇથી મોક્ષ મુગત ન હોય. ॥ ૫૧ ॥ આજ કળીયુગમાંહે સત્યપંથ ધાઓ સાર, તો તમે સુરજારાણી ઉતરો પાર. ॥ ૫૨ ॥ હરે રાણી તમે પાળો આવા સત્પંથ ગુપ્ત હોઈ, જેથી દાણવમાં તમને ન જાણે કોઈ. ॥ ૫૩ ॥ તબ સુરજારાણી ત્યાં બોલ્યાં છે બોલ, તમે વચન અમારાં સુણો હો સત્યગોર. ॥ ૫૪ ॥ સ્વામી અમારા ઘરમાં આઠ પ્રાણી મળી એક વીચાર, તો એવા સત્પંથ ધર્મના દેખાડો સાર. ॥૫૫॥ જ્યાં અમે આઠ પ્રાણી મળીને બેસી શું એકાંત, અને આ સત્પંથ ધર્મની અમે કરી શું વાત. ॥ ૫૬ ॥ જ્યારે સુરજા રાણી કમળા કુંવર સત્યગોર સું કહે મર્મ, ત્યારે ગોર શમસ આલે સત્પંથના ધર્મ. ॥ ૫૭ ॥ જ્યાં આઠ પ્રાણી ઉભાં છે કરજોડ, ત્યાં ગોર શમસ એમ બોલ્યાં બોલ. ॥ ૫૮ ॥ તમે સુણો સુરજારાણી કમળા કુંવર આગમ નિર્વાણ, બાઇ તો આગળ મહાદન આવશે જાણ. ॥ ૫૯ ॥ જ્યારે નવ નેજા ઉપર આવશે અસ્માન, ત્યારે સેહસ્ત્ર કળા લઇને તપશે રવિભાણ. ॥ ૬૦ ॥ ત્યારે તાંબા વર્ણી ધરતી થાશે તરતવખેણ, જેણે આ સત્પંથ સેવ્યા નહિં તે ત્યાં જલશે ઘણા. ॥ ૬૧ ॥ બાઈ જો આ સત્પંથ સાચ સું ધાઓ સાર, તો

તમને મહાદન નહિ લોપે લગાર. ॥ ૬૨ ॥ જે સાચા સત્પંથી ઉતરશે પહેલો પાર, ત્યાં જુડાને શીર પડશે ઘણનો માર. ॥૬૩॥ બાઈ જે એવું મહાદનમાં થાશે ઠોકાઠોક એવું જાણીને આ સત્પંથ ધાઓ તમે સતીલોક. ॥૬૪॥ જ્યારે એસી વાત આ સુરજા-રાણીને શ્રી સદ્ગોરે કહી, ત્યારે આઠે જણ સત્યસુ રોયા સહિ. ॥૬૫॥ ત્યાં સુરજારાણી ને કમળા કુંવર વિનતી કરે સત્ય ભાય, સ્વામી હવે અમુથી મહાદન વેઠયો નહિ જાય. ॥ ૬૬ ॥ અમને આલો ધર્મ તમે છો સૃષ્ટિના ધણી, અમે અપરાધી જીવ કયાં લગી સફાયત કરીયે તમનણી. ॥ ૬૭ ॥ જો સ્વામી અમે હુતા નાદાન તમારા પ્રાણ, તો અમે આજ દહિંત ઘેર આવ્યાં જાણ. ॥ ૬૮ ॥ જેમ બત્રીસ દાંત વચ્ચે તમે જીભ્યા રાખી સાર, તે સ્વામી અમને એવી રીતે માદનથી લેજો ઉગાર. ॥૬૯॥ જ્યારે પૂર્વજન્મની સેવા અમુથી રહી, ત્યારે આજ દહિંત ઘેર વાસ આવ્યાં સહી ॥૭૦॥ હરેબાઇ સત્યગોર કહે દહિંત, દુષ્ટ કાળીંગો જાણ, હવે એને શ્રી હરી મારશે સહી નીર્વાણ. ॥૭૧॥ સ્વામી તે દહિંત છે વાસ જનમ અમારો ભયો, હવે સદ્ગોર શમસ સારથીયા અમારા થાવ. ॥ ૭૨ ॥ જે જીવ તમારા હુતા તે તમે લીયા ઉગાર, તે માટે વળી દોડી આવ્યા દહિંતને દરબાર. ॥૭૩॥ એવું સુરજારાણી કમળાકુંવર બોલ્યાં તેણે ઠાય, ત્યાં એકાંતે આઠ જણ ગોર શમસને લાગ્યાં પાય. ॥૭૪॥ અજીયા, વજીયા, બેની, એળકા, કુંવર, નેકે વાળ ભાઈ, રંગ રૂપ, કમળા કુંવર, ને સુરજામાઈ. ॥ ૭૫ ॥ એ આઠ જણની એક સજાઈ, ત્યાં એવી સત્યગોર શમસ બોલ્યા વાઈ. ॥૭૬॥ જે ગોર શમસે ત્યાં એસાકીયા, તે આઠ જણસુ નીમ ધર્મ, પ્રત વ્રત બોલ જો દીયા. ॥૭૭॥ બાઈ તમે પાળો આ સત્પંથને ચાલો અથર્વવેદ જેમ કોઈ દહિંત દરબારમાં ન જાણે ભેદ. ॥૭૮॥ તે ગોરે સાડી સાત કરોડી જીવ નીમ ધર્મ દીયા જ્યાંહ, ત્યારે ગોર નરનો જાપ પીરશાહ જપાવ્યો ત્યાંહ. ॥ ૭૯ ॥ બાઇ તમે પાળજો આવા સત્પંથના મર્મ, અને ખરી દશોંદ આલજો સત્યગોરને ધર્મ ॥૮૦॥ એ ધર્મ અમને પહોંચશે અનામત સહી, જો તમે પેટીમાં ઘાલી દરીયા મુસા-ફરને સોંપશો જઈ. ॥૮૧॥ ત્યાંહ એસી પીર સમસ બોલ્યા સત્યવાત, અને મુખી કમળા કુંવર શીર દીયા હાથ. ॥૮૨॥ એવા સદ્ગોર શમસ ત્યાં ચાલ્યા કહી, હવે ભક્ત કમળા કુંવર શીર બાર કરોડીનાં બારણાં લખ્યાં સહી. ॥૮૩॥ ત્યાં મળી ગત ને મુખી સહુ કરે વિચાર, ગોરજી જળ ચડે સૈન્ય સાહેબનું તબ દેજો દીદાર. ॥૮૪॥ બાઇ અમે તો પાસે તમારી છું હરદમ જાણ, તમને દીદાર દેણેકું નિત્ય નિત્ય આપું સહી પરમાણ. ॥૮૫॥ હરે બાઈ અમે ભકતુને દીદાર દેવા નિત્ય નિત્ય એસા

કહી. ॥૮૬॥ ત્યાં પીર શમસ સર્વે ભક્તોસું વિદાય થઈ, અને તે મુસાફરીએ સિધા-વ્યા સહી. ॥૮૭॥ દરવેશી વેષે ચોવીસે મુલકમાં પ્રતક્ષ બોલ્યા જેહ, વળતા ફરીને જાંબુદ્વીપમાં આવ્યા તેહ. ॥૮૮॥ જે ગોર શમસ ચોટના પીર નસીર દીન જાણ, તે ગોરનાં પીર શ્રી સાહેબદીન હુવા પ્રમાણ. ॥૮૯॥ જે ગોર અંતે પીર સોદર દીન ભયા, તે ગોર ભકતુને કાજે આ કળીયુગમાં પ્રગટ થયા. ॥૯૦॥ જે ગોર પ્રગટ થઈને ભકતુંમાં આરંભ જોકીયા, ત્યાં છત્રીસ કરોડીને નીમ ધર્મ જો દીયા ॥૯૧॥ એમાં બાર કરોડી દેવ સહી સાચા કહેવાય, બાકી ચોવીશ કરોડી તે કુડીયા દો જખમાં જાય. ॥૯૨॥ જે બાર કરોડી સાચા દેવ મુનિવર ભયા, તે પીર સોદર દીન સાથે શાહદરગે ગયા. ॥ ૯૩ ॥ જે ગોર સાથે ગયા પીરકબીરદીન બાળ, તે શાહ દરગે જાતાં વજરની ભીત ઉડી તત્કાળ. ॥૯૪॥ ત્યાં સદ્દગોરે કછુ એક મનમાં આણી મોટ, તે કારણ શાહ દર્શનની આવી ખોટ. ॥ ૯૫ ॥ જે પીર સોદરદીને છ માસ લગી વીનંતી કરી સહી, તે વિનંતીએ વજરની ભીત ફડાક જો થઈ. ॥ ૯૬ ॥ તે પીર સોદરદીને છ માસ લગી એક પગે તપ કીધો આય, ત્યારે વજ-રની ભીંત ફાટીને દુર કટકા થાય. ॥ ૯૭ ॥ જ્યારે છ માસ લગી પીર સોદરદીને તપ કર્યો છે આય, ત્યારે પીર કબીરદીનને મન આરામ જો થાય. ॥ ૯૮ ॥ ત્યાં પીર સોદરદીન ગળામાં તોપ પહેરી તપ કીધો સહી, ત્યારે પીર કબીરદીને પચાસ ગજની પાઘડી વણાવી ધરી. ॥ ૯૯ ॥ જે પીર કબીરદીન પચાસ ગજની પાઘડી વણાવી ધરી, તેમાં ગજ ગજને પ્રમાણે શાહની સફાયત કરી. ॥૧૦૦॥ જ્યારે પીર સોદરદીન ખેપ ધરીને તપ કીધો જાણ, ત્યારે શાહજી પ્રગટ થયા નિર્વાણ. ॥ ૧૦૧ ॥ જે પીર સોદરદીન એક પગે ઉભા સત ભાય, તે ગોર શમસ કહે ભલે આવ્યા તમે સાય. ॥ ૧૦૨ ॥ શાહોજી અમે ઉણીયાચારી તમે બક્ષણ હાર, હવે આ ગત તમારીને દો દીદાર. ॥૧૦૩॥ શાહોજી આગત ઉપર તમે ચિંતા ધરો, સ્વામી તમોં ખાક માંહેથી જીવ પેદા કરો. ॥૧૦૪॥ શાહોજી અમે નકુછ તમો ત્રીભોવન કીર્તાર, સ્વામી તમુથી પહેલા અનંત કરોડી દેવ ઉતરશે પાર ॥ ૧૦૫ ॥ શાહોજી તમે ભકતો રાખ્યા સદાય કૃપાળ, સ્વામી તમો ધરણીધર છો દીન દયાલ. ॥ ૧૦૬ ॥ એવી સદ્દગોર વીનતી કરી શાહોજી શું ચિત દઇ સ્વામી તમે પિતા અમે બાળક સહી. ॥ ૧૦૭ ॥ શાહોજી અમે ગુનેગાર તમે બક્ષણહાર, સ્વામી હવે આ નકુછ ગત ને દેજો દીદાર. ॥ ૧૦૮ ॥ એવાં સદ્દગોરના વચન સુણી શાહોજી બોલ્યા સોય; ફીર હમ તમ આખર નહિ કુછ હોય. ॥ ૧૦૯ ॥

સદ્દગોર હમ તમ મળીને એકજ દેહ, સદ્દગોર તમે કાહેકુ ધરો જુદા સ્નેહ. ॥૧૧૦॥ જ્યાં પીર ગળામાં તોક પહેરી તપ છ માસ લગી કીધો સાર, ત્યાં પીર કબીરદીન શાહ પાસે આવ્યા સાર. ॥ ૧૧૧ ॥ ત્યારે શાહોજી બોલ્યા સદ્દગોરશું બહુ હેત કરી, અને પોતાના સરપા લઇને ગોરના મસ્તક ઉપર ધરી. ॥ ૧૧૨ ॥ જ્યારે શાહોજી પોતાના મસ્તક ઉઘાડે ફરે, ત્યારે પીર કબીરદીન સીરબંધ કાઢીને શાહ આગળ ધરે. ॥ ૧૧૩ ॥ જે સદ્દગોર શીરબંધનો છેડો છોડી ને દે શાહને હાથ, અને તે ગજ ગજ પ્રમાણે લખી શાહની સફાત. ॥ ૧૧૪ ॥ તે પાઘડીનો છેડો લઇ શાહોજી સરપા બાંધે જાણ, અને તે ગોરની સફાયત વાંચી રીજ્યા પ્રમાણ. ॥૧૧૫॥ જ્યારે ત્યાં બાંધી પાઘડી નવ છોગા સમેત, ત્યારે શાહોજીના દીલમાં ઉપન્યું હેત. ॥ ૧૧૬ ॥ જે શાહોજી હેત ધરીને પીરકબીરદીનને બોલાવી લીયા, તે ગોરને તપે અન્નંત કરોડીના વર ત્યાં દીયા. ॥ ૧૧૭ ॥ જ્યારે નવ છોગાની પાઘડી ગોરને શીર મુકી જાણ, ત્યારે ગોર કબીરદીનનું નામ તેહ શાહ ધર્યું પરમાણ. ॥૧૧૮॥ જ્યારે શાહોજીએ પીર હસન શાહ ગોરના દીયાં નામ, ત્યારે નવખંડના પીર સ્થાપ્યા સહી પ્રમાણ. ॥ ૧૧૯ ॥ આજ હુસેનીમાં ધર્યું હસન શાહ તે પીર કબીરદીનનું નામ, તે સદ્દગોર કરશે કળીયુગમાં અન્નંત કરોડી જીવુંના કામ. ॥ ૧૨૦ ॥ ત્યારે પીરકબીરદીન રોયા એક વીનતી શાહશું કરી, સ્વામી અમથી આ કળીના લોકોનો ભાર ઉપડશે નહિ. ॥ ૧૨૧ ॥ આ કળીયુગમાં બહુ પાપ વર્તાશે સબ કોઈ, તે માટે અનંત કરોડી જીવની કેમ નીપજ હોય, ॥ ૧૨૨ ॥ સુણોરે પીર હશન શાહ તમને કહું વાત, અમે ભકત કારણ ઇમામ શાહ ઘેર આવીશું નિર્વાણ. ॥ ૧૨૩ ॥ જ્યારે એવો કોલ સદ્દગોર કબીરદીને માગ્યો જાણ, ત્યારે શાહોજીએ કોલ દીધો પ્રમાણ. ॥ ૧૨૪ ॥ અમે આવીશું તેનાં નીસાન એહી જાણ, ગોર જામાને છફીમાં દસ કોસી લેશું પ્રમાણ. ॥ ૧૨૫ ॥ સદ્દગોરજી તમે આગળથી દેખાડો ભકતોનાં ઠામ, અમે પાછળથી કરીશું અનંત કરોડી જીવનું કામ. ॥ ૧૨૬ ॥ જે અનંત કરોડીનાં વર શાહે પીર હશન શાહને આલ્યો જ્યાંહ, તે સદ્દગોરે પીરશાહના જાપ જપાવ્યા ત્યાંહ. ॥ ૧૨૭ ॥ જે આજ કળીયુગમાંહ ભક્ત જપશે પીરશાહ નામ, તે મુનિવરો આગળ અમરાપુરમાં પામશે ઠામ. ॥ ૧૨૮ ॥ જે આ કળી માંહે અવલ આખર જપશે પીરશાહ જાપ, તે સહી અમમુરાપુર લેશે આપ. ॥ ૧૨૯ ॥ જે પીરશાહ વીના કળીમાં બીજા જપાવશે જાપ, તે દહિંત કાળીંગાના ચેલા સેન અવતરશે આપ. ॥ ૧૩૦ ॥ જે અનંત

૨૬

કરોડીના વર લઈ પીર હશન શાહા પાછા ફર્યા, તે ગોર જાંબુદ્વીપમાં આવી સંચર્યા. ॥ ૧૩૧ ॥ જે ગોર આજ કળીયુગમાંહ પીર હશન શાહ પ્રમાણ, તે ગોરનાં તન થકી પીર ઇમામ શાહ હુવા પ્રમાણ. ॥ ૧૩૨ ॥ જે પીર ઇમામશાહને શાહોજીએ બોલજ દીયા, તે સદ્‌ગોર ઈમામાપુરી નગરીમાં પઠાવીયા. ॥ ૧૩૩ ॥ જ્યારે ગોર ઇમામશાહ મુલક હિંદુસ્તાને આવ્યા જાણ, તે ભકતોને કારણ પ્રત્યક્ષ બોલ્યા નિર્વાણ. ॥ ૧૩૪ ॥ તે ગોર ઈમામ શાહનાં સૈયદ મહમદ શાહ જ્યોતિષ હુવા જાણ, જેણે પીર હશન શાહને આલ્યાં વરદાન. ॥ ૧૩૫ ॥ ત્યાં લગી સદ્‌ગોર શાહે આપ દેખાડ્યા જાણ, તે પછી ગોરનર અલોપ થયા નિર્વાણ. ॥ ૧૩૬ ॥ જે ગોર આ દેહનાં અંગથકી નબી મહંમદ હુવા જાણ, તે જાણ, તે ગોર કળીયુગ અંતે પીર ઇમામ શાહ પ્રમાણ. ॥ ૧૩૭ ॥ જે ગોર પ્રથમ આઠલાક કરણ લગી તપ કીધો નિર્વાણ, તે ગોર આજ ઈંદ્ર ઇમામ શાહ અવતાર જાણ. ॥ ૧૩૮ ॥ જે આ કળીયુગ અંતે બ્રહ્મા નારાયણ આવ્યા હોય, આજ તે સુપાત્રને પરખી લેજો સોય. ॥ ૧૩૯ ॥ તે ગોર આજ અનંત કરોડીને વરદાન આલે જાણ, પણ જે સાચાઈ માની હશે તે નીપજશે નિર્વાણ. ॥ ૧૪૦ ॥ મુનિવર ભાઈ સોહન નેહડા આવ્યા જોય, હવે ગોર નર ની કુરસી પુરી હોય. ॥૧૪૦॥ જ્યારે પાપ કપટ કળીમાં બહુ વ્યાપસે જાણ, ત્યારે મુનિવર સોહન આવશે નિર્વાણ. ॥ ૧૪૨ ॥ તે ગોરને તપે સહસ્ત્ર હુસેની વર પામશે. પ્રમાણ, જે ગોરનરનાં લંગર ખાતા જાણ. ॥૧૪૩॥ તે મુખી; મુસાફર; ગત; સાંભળો સર્વ કોઇ, આ તપસ્વી ગોર નરના પાવળ પીધા વિના મોક્ષ મુગત ન હોય. ॥ ૧૪૪ ॥ આ કળી-યુગમાં અથર્વ વેદ કહે તે સત્યભાય, આ તપસ્વી ગોરને નહિ માને તે નિશ્ચે દોજક જાય. ॥ ૧૪૫ ॥ જે આજ તપસ્વી ગોર ઉપર આણે ઈમાન, તે સવા લાખની અમરાપુરી પામે ઠામ. ॥ ૧૪૬ ॥ જે કોઇ આ તપસ્વી ગોરને પુરા સેવી કરશો દીદાર, તેને મહાદન નહી લોપે લગાર. ॥ ૧૪૭ ॥ આજ ઇમામપુરી નગરી પાસે સાબરમતી નદી જાણ, ત્યાં ગોર નર તીર્થ જાંબુદ્વીપે આવ્યા નિર્વાણ. ॥ ૧૪૮ ॥ ત્યાં મુખી કમળા કુંવર થાશે સહી જાણ, અને તપસ્વી ગોરની દુઆએથી ચોવીસે મુલકના જીવ છુટશે પ્રમાણ. ॥ ૧૪૯ ॥ આજ બ્રહ્મા, વિષ્ણું મહેશ્વર. જાંબુદ્વિપે બેઠા જાણ, તે ઘેર મુખી દશોંદ મોકલે તો જીવ છુટે નિર્વાણ. ॥ ૧૫૦ ॥ ત્યાં ચોવીસે મુલક ના દેવ લોક આવ્યા જાણ, તે ગતમાં ગોરનર બેઠા પ્રમાણ. ॥ ૧૫૧ ॥ જે નવ ખંડના દેવ લોક જાંબુદ્વીપમાં આવ્યા સોય, તે ગોર નરને પ્રતાપે ગતમાં જામેડા હોય. ॥ ૧૫૨ ॥ આજ ગોર ઇમામ શાહ વીના બીજા

ગોર મત જાણ, એવા અગમ સદ્‌ગોર ભાંખ્યા નિર્વાણ. ॥ ૧૫૩ ॥ આ કળીયુગના સો (૧૦૦) નીશાનના પરછા જાણ, તમે સાંભળો મુનિવરો તેનાં નિર્વાણ. ॥૧૫૪॥ જ્યારે કુળમાં કાયમ પ્રગટ પધારશે જાણ, ત્યારે કળીનાં સો નીશાન પુરાં હોશે નિર્વાણ. ॥ ૧૫૫ ॥ જે દુનિયાનું પાપ, મુનિવરનું પુન્ય લોપશે હોય, તે પહેલું નિશાન કળીનું જોય. ॥ ૧૫૬ ॥ જ્યારે દરિયા લી લોપશે અપાર, ત્યારે બેડી બુડશે સહી નિર્ધાર. ॥ ૧૫૭ ॥ ત્યારે મઇ ઉપર માખણ નહી ઉતરે એક વાલ, અને સ્ત્રી મેલશે રોતાં બાળ. ॥ ૧૫૮ ॥ ત્યારે પાતાળનાં પાણી ખુટશે નિર્ધાર, ત્યારે ધરતી પાપે નહી ઝાલે ભાર. ॥ ૧૫૯ ॥ જ્યા બ્રાહ્મણ સહોદરને ઘેર પરણશે જાય, અને પુરૂષ મેલશે પોતાની નાર. ॥ ૧૬૦ ॥ ત્યારે દોનું બંધવ લડશે અપાર અને તે હૃદયમાં ધ્યાન નહિ આવે લગાર. ॥ ૧૬૧ ॥ જ્યારે એવાં પાપ કળીમાં વર્તાય સહી, અને ત્યારે રાજા બોલશે આળજ કહી. ॥ ૧૬૨ ॥ ત્યાં નવ વર્ષની નારી બેટા પ્રસવે, અને ગૌત્રા વાછરૂં દો દો જણે. ॥ ૧૬૩ ॥ ત્યારે એક નારી ત્રણ બાળક હોય, ભાઈ તે પણ નીશાન કળીના જોય, ॥૧૬૪॥ આજ કળી માંહે ઓછાં પાકશે જેહ, અને વર્ષે દુકાળ પડશે તેહ. ॥ ૧૬૫ ॥ ત્યારે માત પિતાને તો વરશે બાળ, અને બંધુ બેનીને દેશે ગાળ. ॥૧૬૬॥ ત્યારે દાસીજાયાપુત્ર રાજ કરશે સહી, અને કુળનું કાળજું ખાશે સહી. ॥ ૧૬૭॥ ત્યારે બ્રાહ્મણના ત્રાગાં તુટયાં કહેવાય, ત્યાં ક્ષત્રીના ક્ષત્ર વટાં જાય. ॥ ૧૬૮ ॥ એ સર્વે લોક પાપી પાખંડે રાચશે સહી, તે કળીયુગ ચર્પટ કરશે સહી. ॥ ૧૬૯ ॥ જ્યારે એવા પાપ કળી માંહે વ્યાપશે અપાર, ત્યારે વાસંગ છોડશે પૃથ્વીનો ભાર. ॥૧૭૦॥ ત્યાં આ-યુષ્ય ઓછાં માનવીના હોય, અને તે જુઠા કર્તવ્યમાં જશે સોય. ॥૧૭૧॥ જ્યારે લોભ કપટ આ કળીમાં વ્યાપશે જેહ, ત્યારે રાજા દીધો વાચા નહી પાળે તેહ. ॥૧૭૨॥ જે લોક વિશ્વાસઘાત કરશે અતી ઘણા, અને હૃદયમાં દયા નહિ આણે ઘણા. ॥ ૧૭૩ ॥ જે લોક જીવ હિંસા બહુ કરશે કામ, તે કુડ કપટ કરીને જોડશે દામ. ॥૧૭૪॥ જે કો દામ લઇને દાટશે ધરતીમાં જાણ, તે ઉપર ફણીધર થઇને ફરશે નિર્વાણ. ॥૧૭૫॥ જે એવાં કપટ કરીને કળીયુગમાંહે અવતરે, તે આગળ સર્પ રૂપે સીર કુટી મરે. ॥ ૧૭૬ ॥ જે ચર્પટ ચાળક કરશે તે દાણવ નામ કામ, આજ તીર્થ વાસી છે તેનાં નામ. ॥ ૧૭૭ ॥ જે પૂર્વજ થઇને પરમાં બોલે જેમ. આજ તે ચર્પટ કરે તે અજાજીલનું કામ. ॥૧૭૮॥ જ્યારે એવાં ચર્પટ આ કળીમાં વ્યાપક હોય, ત્યારે સાચા સદ્‌ગોરને નહિ માને કોય. ॥ ૧૭૯ ॥ આજ કળીમાં

અંતે આચાર લોપશે જાણ, તે જુઠી કરામત કરીને દેખાડશે દામ. ॥૧૮૦॥ જ્યારે મુનીવરનાં ચિતથી પુન્ય પલટાશે જાણ, તેના ચર્પટ ચાળા કરશે પાષાણ. ॥૧૮૧॥ ત્યાં સદગોર ઉઠશેને અઘોર અંધાર, ત્યારે શ્રી હરિશું હેત નહિ રાખે લગાર. ॥ ૧૮૨ ॥ આજ દેવ સ્થાપના નો ભેદ ન જાણે કોઇ, અને ગોર ગત સું દાવો કરશે તેહ. ॥ ૧૮૩ ॥ જે કોઈ માસ છ માસે ગતમાં આવે અજાણ, તે સદ્દગોરનાં ભાખ્યા નહિ કરે પ્રમાણ. ॥ ૧૮૪ ॥ જે સદ્દગોર ફર્માવે ત્યાં પાછા ફરે, તે નિશાની વેળાએ આવી સંચરે. ॥૧૮૫॥ ત્યારે આ ગતના મેળા ભાંગશે જાણ, ત્યારે તે મુમન ચિંત મોટા કરશે પ્રમાણ. ॥૧૮૬॥ જે આ સદ્દગોરનાં ઇલમ ઓછા પત ગ્રહે, તે આ ગત ઉપર હેત નહિ ધરે. ॥૧૮૭॥ એ પાસે મુર્ખા હાલમાલ દશોંદ માગશે, ત્યારે દેવના દર્શનથી ઉઠી જશે. ॥૧૮૮॥ ત્યાં રોલ હશે તે રાન્યા અતી ઘણા જેહ, જ્યારે બ્રાહ્મણ સહોદરનાં ખાય. ॥૧૮૯॥ જ્યારે મુમનાં આગળથી મન ઉઠશે અપાર ત્યારે ધર્મશાળાથી પાપ નહિ ઉતરે લગાર. ॥ ૧૯૦ ॥ જ્યારે મુનિવરના હ્રદયમાં દયા નહિ આવે સાર, ત્યારે આ ગતમાં ખાંપણ હોશે નિર્ધાર. ॥૧૯૧॥ પણ આજ કળીનાં ચર્પટ ચાળા સર્વે જે કોઇ, તે સદ્દગોર કહે અંતે એળે જાશે સોઈ. ॥૧૯૨॥ ત્યારે કરતીયાં ફળ તે આવશે જોય, અને વનસ્પતિના ફળ ઓછાં હોય. ॥ ૧૯૩ ॥ જે વાઘ ને મૃગ એક નાળે પીએ ને ખાય, જ્યાં આજ આ સદ્દગોરની ગત સોઇ કહેવાય. ॥ ૧૯૪ ॥ જે ગતમાં આવશે એક ને પ્રસાદ લેવે ચાર, તેને આ ગોર નર સું હેત નહિ લગાર. ॥ ૧૯૫ ॥ જે પાત્ર પ્રમાણે પ્રસાદ રાખે આપ, ભાઇ તેને માથે ચઢે મોટું પાપ. ॥ ૧૯૬ ॥ આ ગતમાં બેઠામાં જે કોઈ વેરો કરે, ભાઈ તેને પાપે સુરજ થર થરે. ॥ ૧૯૭ ॥ જે આંગળા પ્રમાણે લખ્યો સદ્દગોરે પ્રસાદ, ભાઈ તેનો આ ગતમાં ન કીજે વાદ. ॥ ૧૯૮ ॥ તે માટે મુનીવરો મુખી વાદ ને કીજે કોય, અને જે વાદ વદે તે નિશ્ચે દોજખી હોય. ॥ ૧૯૯ ॥ એવાં પીર શમસે કહ્યાં આગમ એંધાણ, બાઈ સાંભળો આ આગમ નીશાન કળીના સહી નીર્વાણ. ॥ ૨૦૦॥ એવા નબીમહંમદ આગમ નીશાન ભાંખ્યા જોય, અને આજ તમાકુ પીએ તે નિશ્ચે દોજકી હોય. ॥૨૦૧॥ તેની ઉત્પત્તીનો કોઈ ન જાણે ભેદ, ભાઈ આ કળીમાં એમ બોલે અથર્વ વેદ. ॥ ૨૦૨ ॥ શાહોજીએ હુકમ એસા પઠાયા જોય, ભાઇ તમે દોજખના નિશાન સાંભળો સબકોય. ॥ ૨૦૩ ॥ જે દોજખનો ધુંવો ભેજ્યો કળી યુગમાંહે, તે અણુસતી પીએ સબ કોઈ ત્યાંહે. ॥ ૨૦૪ ॥ દોજખકું એસા હુકમ કીયા, અને સવાટાંક ધુંવાસો ઉડાઈ દીયા. ॥ ૨૦૫ ॥ તે ધુંવો ઉડીને ચીણ મહા

ચીણ નગરીમાં ગયો, અને તે સાડા ત્રણ દીવસ કાળીંગાના પેટમાં રહ્યો. ॥૨૦૬॥ તે પેટ માંહેથી દહિંત કાળીંગો કોઠા માંહેથી વાસર્યો, તેણે દોજખનો ધુંવો કાઢી નાખ્યો. ॥ ૨૦૭ ॥ તે ધુંવો દિલ્હી ખુરસાનમાં આવ્યો ઉડ, ભાઈ ત્યાં ઉગ્યો તમાકુનો છોડ. ॥ ૨૦૮ ॥ તે તમાકુ પીએ તે દોજખી હોય, તેનો ભેદ ન જાણે કોય. ॥ ૨૦૯ ॥ ત્યાં થકી પાપ આ કળીમાં પરવર્યો હોય, ભાઈએ નિશાન કળીનાં જોય. ॥ ૨૧૦ ॥ તે પાપે આ કળીયુગ દેવ પુરો કરશે જાણ, આ વર્ષ દશ દાડાનું કીધું પ્રમાણ. ॥ ૨૧૧ ॥ આજ વર્ષ જાય દસ દાડલે અને દન પાણીની વેળ, જે આ સદ્ગોરે ભાંખ્યા તેના આવી પહોંચ્યા મેળ. ॥ ૨૧૨ ॥ જ્યારે એ નિશાન સઘળા આવી મળશે હો સુરજા નાર, ત્યારે સર્વે થાશે એકાકાર. ॥ ૨૧૩ ॥ જ્યારે એવી વીકટ વેળા આવશે મહાવિક્રમ, ત્યારે કળીમાંહેથી ઉઠશે દયા ને ધર્મ. ॥ ૨૧૪ ॥ એક અવીચળ ધરતી બીજો આ સત્પંથ જાણ, બાકી સર્વે કોઈ માથે કર્મ લીધાં પ્રમાણ. ॥ ૨૧૫ ॥ જ્યારે સહોદર નહિ માને બ્રાહ્મણનું વિશેષક, ત્યારે ગત ગંગાનું નિર જાશે છેક. ॥૨૧૬॥ એવાં પાપ કળીમાં પ્રગટ થઈ વ્યાપશે અનેક ત્યાં અઢારે વર્ણ થાશે એક. ॥ ૨૧૭ ॥ એણે પાપે ગોરનરની છાપ ઉઠશે નિર્ધાર, ત્યારે ધર્મ દ્વારથી પાપ નહિ ઉતરે લગાર. ॥ ૨૧૮ ॥ ત્યારે વનસ્પતિ નહિ ફળે આવ્યો કળી કાળ, અને સ્ત્રી નહિ પ્રસવે બાળ ॥ ૨૧૯ ॥ ત્યારે આ કળીમાં કાયમ પ્રગટ પધારશે જાણ, ત્યારે એવાં નિશાન પુરાં હોશે નિર્વાણ. ॥૨૨૦॥ ત્યારે મુનિવરને ઘર ઓચ્છવ મંગળ વર્તાય, અને દુનીયા સર્વેનાં પ્રાણ તુટી જાય. ॥ ૨૨૧ ॥ જ્યારે હાથણી દૂધ સહી આલે પ્રમાણ, ત્યારે દરીયાના નીર મીઠાં થાય નિર્વાણ. ॥૨૨૨॥ જ્યારે પીપળે ફુલ, નાગર વેલમાં ફળ જાણ, અને ત્યારે પશ્ચિમ દીશા ઉગશે ભાણ. ॥ ૨૨૩ ॥ જયારે એવા સો નીશાન કળીના પૂરા થાય જાણ, ત્યારે સાહેબ સ્વારી કરશે નીર્વાણ. ॥ ૨૨૪ ॥ એવાં સત્ય વચન પીર શમસ બોલ્યા સહી પ્રમાણ ભાઇ મુનીવરો એ કહ્યાં છેલ્લા એંધાણ. ॥ ૨૨૫ ॥ અને સૈયદ ઇસ્માઇલિની અસ્વારીના પરછા જાણ, તમે સુણો મુનીવરો તેનાં નિર્વાણ. ॥ ૨૨૬ ॥ પ્રથમ શાહની મ્હોર લઈ ઇસ્માઇલ ચડશે જોર, તેમની સાથે બાણુ લાખ કોતળ અસ્વાર. ॥ ૨૨૭ ॥ તીનકે આગે ઇસ્માઇલ ચઢશે તહીં, ત્યાં દુવાઈ સાહેબની ફરાવશે જઈ. ॥ ૨૨૮ ॥ જે દુવાઇ સાહેબની ફરાવશે નવે ખંડમાં, તે જઈ દહિંતને શહેર વીંટશે ત્યાં. ॥૨૨૯॥ પ્રાણી જ્યારે એવાં પાપ આ કળીયુગમાં વર્તાય, ત્યારે શાહ ઘેર સૈન્ય મેળાયા થાય. ॥ ૨૩૦ ॥ આ કળીમાં સેહસ્ત્ર દ્વીપમાં

નકળંકી નારાયણનું ઠામ, તે તો પીર હશનશાહ મુનિવરને કહે નિર્વાણ. ॥૨૩૧॥ જે વર્જા શહેરમાં શાહોજી બેઠા હોય, રાણી તેને રાજા રહીત ન જાણે કોય.॥૨૩૨॥ તે શાહને અખંડ વાઘા પહેરણ સાર. ॥૨૩૩॥ ત્યાં સ્વામી સૈન્ય મેળાવો કરે, ત્યારે સર્વે દેવતા આવી સંચરે. ॥૨૩૫॥ જે પહેલી અસ્વારી સૈયદ ઇસિમાઇલિ કરે તે દેવ નવખંડમાં જઇ સંચરે. ॥૨૩૫। ત્યાં દેવની સાથે બાણુલાખ કોતળ કહેવાય તેણે દુવાઈ ફેરાવી ચીણનગરીમાં જાય. ॥ ૨૩૬ ॥ જ્યાં શાહોજી સૈન્ય મેળાવો કરે, ત્યાં આદ અંતના દેવ આવી સંચરે. ॥ ૨૩૭॥ તે સાચા મુનિવર હોશે તે શાહને મળશે આય, અને તે જુઠાને સીર પહેલો દેશે ઘાય. ॥ ૨૩૮ ॥ જે પહેલી અસ્વારી સૈયદ ઇસમાઇલ જાય, તે ચીણ નગરી મોઝાર, તે જઇને ઉભા રહ્યા પશ્ચિમને દ્વાર. ॥ ૨૩૯ ॥ ત્યારે હાંક મારી સૈયદ ઇસમાઇલ બોલ્યા સતસાર, હવે તું ક્યાં સુતો કાળીયા ગમાર. ॥ ૨૪૦ ॥ એતો આવ્યા અભંગ શાહ તારૂં કાટવા શીસ, ત્યાં બોલ્યો યોદ્ધો મન કરી બહુ રીશ. ॥ ૨૪૧ ॥ ત્યાં દેવની હાક સુણી દહીંત સર્વે ખળભળે, ત્યારે પેલા કોટનો કાંગરો ઢળે. ॥ ૨૪૨ ॥ ત્યાં સર્વે નગર માં પડયો હાહાકાર, એસી સૈયદ ઇસમાઇલ પાછા વળી શાહ આગળ જાય, ત્યારે સર્વે દહિંતને મન ક્રોધ ન માય. ॥ ૨૪૪ ॥ દહિંત કાળીંગાની અસ્વારીના પરછા જાણ, હવે સુણો મુનીવરો સહી નીર્વાણ. ॥ ૨૪૫ ॥ ત્યાં સઘળા દહિંત મળીને કરે વિચાર, હવે તમારો દુશ્મન આપણથી જીતી ક્યાં જાય. ॥ ૨૪૬ ॥ તે દહીંતને અન્નત ક્રોધ મન છુટી કંપણી, એમે છઉં બહુ છાસઠ કરોડ યોદ્ધાનો ધણી ॥ ૨૪૭ ॥ તે દહિંત કાળીંગાનું ફુલ્યું અંગને ચઢે સલ્યા, બખતર, ને ટોપ, અને તેને ખભે સેહસ્ત્ર યોદ્ધા વળગ્યા ભૂપ. ॥ ૨૪૮ ॥ એક માસ હવ સોયલગી પહેરે સલ્યા બખતર, સાર, ત્યારે છાસઠ કરોડ દહીંત એવા બાંધે હથીયાર, ॥ ૨૪૯ ॥ જે સર્વ યોદ્ધા સર્વ બખતર પહેરે સૌ સાથ, તે દહીંતશું ભેટ કરી બીડાં દેવે હાથ. ॥ ૨૫૦ ॥ તમે ગુણો રે ભાઈ યોદ્ધા કાળીંગો કહે નશક, ત્યાં રણક્ષેત્રમાં ઝુઝતા ન આણસો દુઃખ. ॥ ૨૫૧ ॥ ત્યારે મજલસમાં ઉમરાવ બેઠા છે પાંચ, તે દહિંત કાળીંગા શું બોલે મુખવાંચ. ॥૨૫૨ ॥ પહેલો દહિંત મલકેમર કહે, હું પાંચે પાંડવશું લડું બાકી અવર યોદ્ધા ચિતમાં ન લઉં. ॥ ૨૫૩ ॥ બીજો દહિંત ગજ કેસર મુખથી બોલ્યો ફાલ, હુંતો ઉંટ કરોડ ભુતોનો કાળ.॥ ૨૫૪ ॥ ત્રીજો દહિંત રણકેસર બોલ્યો વિખ્યાત, અને હુંતો બાણું લાખ મારૂં પીશાવળ જોત. ॥૨૫૫॥ ચોથો દહિંત રકતકેસર બોલ્યો મહાભડવીર, હુંતો નવકુળ નાગ મારૂં સધીર.॥૨૫૬॥

પાંચમો દહિંત નાગકેસર કહે સાંભળો ચીણનાધણી, હું તો ચોસઠલાખ મારૂં જોગણી. ॥ ૨૫૭ ॥ ત્યારે તી લાવંત દહિંત કાળીંગો બોલ્યો બહોડ, હું તો અભંગ સરખા મારૂં કરોડે કરોડ. ॥ ત્યારે કમળા કુંવર બોલ્યા દહિંતની સભામાં જઈ, આપણા રાજ ક્ષત્રવટ પાળવાં સહી. ॥૨૫૯॥ કંઇ યોદ્ધા હશે તે છુપા નહિ રહે, અને ઘણના ઘા તો એરણ સહે. ॥૨૬૦॥ એવા ઘણાના ઘા ખમે ભૂપાળ, પણ તમારૂં લખ્યું હશે તે થાશે કર્મ કપાળ. ॥ ૨૬૧ ॥ એ સર્વે તમે ભોગવશો એમ કમળા કુંવર કહે, આવા ત્યાં ક્ષત્રી હશે તે છુપા નહિ રહે. ॥ ૨૬૨ ॥ ત્યારે દહિંત કાળીંગો ચંચળ તોરીંગ પલાણે અસ્વાર, તેને સાગ બાર મણની હાથે કમાન. ॥૨૬૨॥ તેને સાડા બાવીસ શેરનો તરકસ માંહેલ્યો તીર, ભાઈ જેથી વજરની ફાટે ભીંત. ॥૨૬૪॥ તે પાસે છરી, કટારી, મર્દંગ, તલવાર, તેવા દહિંત છ માસ લગી બાંધે હથીયાર ॥૨૬૫॥ તે ઘોડાને પાખરે ઘાલી બાંધે ફરતી ઘુઘર માળ, અને તે દહિંત કાળીંગો ચંચળ તોરીંગે થાય અસ્વાર. ॥૨૬૬॥ તે દહિંત કાળીંગો ઘેર થકી ચાલ્યો જ્યારે થઈ અસ્વાર, ત્યારે આગળ રોઇ ઉઠી રાંડી, વૃધ નાર. ॥૨૬૭॥ વળી દહિંતને સુકે લાકડે સામે કાગડી કળકળે, તેને નક વઢીનાર સામે મળે. ॥૨૬૮॥ જો એવાં મહા અપમાન સકન દહિંતને થાય, તો પણ ક્રોધકરી મનસું બોલ્યો કાળીંગો રાય. ॥ ૨૬૯ ॥ હરે રાણી અમારા દળના કોઇ પાર ન પાય, હવે મુજ આગળ અભંગ જીતી કેમ જાય. ॥ ૨૭૦ ॥ હરે રાણી મારે સાથે યોદ્ધા અતી બળીયા અપાર, તે ત્યાં અભંગનું સૈન્ય મારશે નિર્વાણ ॥૨૭૧॥ અવો મહા ગર્વ કરી દહિંત નગરથી બાહેર નીસરે, તે ઉત્તર દિશાને દરવાજે જઈ સંચરે. ॥ ૨૭૧ ॥ જે ઉત્તર દિશા ના દરવાજા એકવીસ ઉત્તમ સાર, તે એક એક બારણા ગાઉ ગાઉ પહોળો વિસ્તાર ॥ ૨૭૩ । જે દહિંતના દળનો પાર ન લેવાય, તે સન્ય એકવીસે દરવાજે સમપટ બરાબર ચાલ્યું જાય. ॥૨૭૪॥ ત્યાં ચોસઠ પોર લગી એકવીસે દરવાજે દળ નીસરે, તે સર્વે જઇ ને પશ્ચીમ દીશામાં પીયાણ કરે. ॥૨૭૫॥ તે દહિંત કાળીંગો કુંવરને રાજ બેસાડી નીસર્યો, હવે રાણી કુંવર તમે આ ચીણ નગરીના રાજ્ય કરો. ॥ ૨૭૬ ॥ એ કમળા કુંવરતે રાજપાટ નગર, સર્વે સોંપ્યા, ત્યારે મુખીગત આ સત્પંથ લઇ એક ધ્યાને થયાં. ॥૨૭૭॥ ત્યાં મુખી કમળા કુંવર ગત સર્વે દેવ લોક નર નીઝાર, હાથે સ્મર્ણી કરે સતગોરજી અમને દો દીદાર. ॥ ૨૭૮ ॥ જ્યારે દેવને એસી વીનતી મુખી ગત કરે છે સેવ; ત્યારે મન વેગે પીર શમસ પરગટ થયા દેવ ॥ ૨૭૯ ॥ જયારે ગોર પશ્ચિમ દીશાને દરવાજે ઉભા છે આય, ત્યારે સુરજારાણી

કમળાકુંવર, મુખી, ગત સર્વે લાગ્યાં પાય. ॥૨૮૦॥ ત્યાં દેવને કરી પ્રણામને સર્વે ઉભા કરજોડ, ત્યારે મુખી કમળાકુંવર બોલ્યા બહોળ. ॥ ૨૮૧ ॥ તમે સુણો સદ્દગોરજી વિનતી અમો રંકજ તણી, હવે અમને મહાદન વેળા ન દેખાડશો ધણી ॥ ૨૮૨ ॥ સ્વામી આ નકુછ ગત સર્વે તમારી કહેવાય, અમે ગુનેગાર જીવ તમારા લાગું પાય. ॥ ૨૮૩ ॥ સ્વામી અમે ઉણીયાચારી તમે બક્ષણહાર, હવે અમારા ગુનાનો નહિ અંતને પાર. ॥૨૮૪॥ ત્યાં પીર શમસ સર્વે ગતઋખેસરને વાત કહી, હવે કમળા કુંવરને સીર ભરણું ભરાવે સહી. ॥ ૨૮૫ ॥ તે માટે સર્વે દેવલોક ચીણનગરી છોડી બાહેર નીસરો, તે જાંબુદ્દીપમાં જઇ ઈમામપુરી નગરીમાં સંચરો. ॥ ૨૮૬ ॥ ત્યાં તમે શ્રી નારાયણના સૈન્યમાં મળજો જાઇ, હવે ચીણ મહાચીણને ડુબાવે શાહ. ॥ ૨૮૭ ॥ જ્યારે એવાં કહીને પીરશમસ ચાલ્યાં વીદાય થાય, ત્યાં સર્વે દેવલોક જઈ લાગે સદ્દગોરને પાય. ॥ ૨૮૮ ॥ ત્યારે સુરજારાણી વીનંતી કરે સદ્દગોર સુંધણી, હવે અમને અંતકાળે ન વિસારસો ધણી. ॥ ૨૮૯ ॥ જે દેવલોક સર્વે ચીણનગરી છોડી નીસર્યાં, તે જાંબુદ્દીપ ઈમામપુરી નગરીમાં સંચર્યાં. ॥ ૨૯૦ ॥ જે સુરજારાણી મુખીગત મળીને શાહના દળમાં જાય, તે જઇને લાગ્યાં સદ્દગોર શાહને પાય. ॥ ૨૯૧ ॥ તે સર્વે ગત મુખી પાય લાગી અસ્તુતી કરે ધણી, હવે અમને ચરણે તમારે રાખો ધણી. ॥૨૯૨॥ જ્યારે માતાને કુંવર સૈયદ ઇસ્માઇલ પાસ ઉભાં જાય, ત્યારે શાહોજી સૈયદ ઇસ્માઇલને પૂછે સત્યભાય. ॥ ૨૯૩ ॥ ત્યારે સૈયદ ઇસ્માઇલ સું કહે સત્યવાત, હવે મેળાવો સૈન્ય તમે ત્રીભોવન નાથ.॥૨૯૪॥ ત્યાં દેવલોક મળીયા સર્વે સાથ, હવે પ્રગટ થાઓ તમે વૈકુંઠ નાથ. ॥ ૨૯૫ ॥ શ્રી નારાયણ પ્રગટ થયાના પરછા જાણ, ભાઇ સુણો મુનીવરો તેના વખાણ. ॥ ૨૯૬ ॥ જ્યારે શાહોજી દહિંત મારવાનો કરે વિચાર, ત્યારે સાહેબ છદની માંહેથી પ્રગટ થયા તે વાર. ॥ ૨૯૭ ॥ જે શાહોને દુલદુલ ઘોડાના સણગારે વખાણ, તે ઘોડાના સુવર્ણ રતનજડીયા પલાણ. ॥ ૨૯૮ ॥ તે ઘોડાની લગામે કટકા સોનેરી કડાં, તે બહુ રત્ન, પદાર્થ હીરે જડયાં. ॥૨૯૯॥ તે ઘોડાની કોટે બાંધી હીરા રત્નકી માળ, તે ઘોડાને મોતી પરોવ્યાં છે બાલોબાલ. ॥ ૩૦૦ ॥ તે ઘોડાને તંગ સુવર્ણ સુતરના બાંધ્યા ફુમતાર, ત્યારે આ સદ્દગોર કહે ઓર અન્નંત સણગાર. ॥ ૩૦૧ ॥ તે શાહનો દુલદુલ ઘોડો સણગાર્યો મહાભરપુર, જાણે સેહસ્રકળા લઇને ઉગ્યા સુર. ॥૩૦૨॥ ત્યારે હસી કરીને શાહોજી બોલ્યા બોલ, અને તે માણેક જડંત્રની કરે સજોડ. ॥૩૦૩॥ શાહના પગની મોજડી સુવર્ણ ઝળકાટ, તે શાહ પહેરે અજબ રંગી ભાત.

॥ ૩૦૪ ॥ ત્યાં એવો કેડનો પટકો બાંધે યદુરાય, આ સદ્‌ગોર કહેતે અમુલખ કહ્યો નવ જાય. ॥ ૩૦૫ ॥ શાહોજી મુખે તંબુળ ખાય ત્યાં, અને જીબ્રાઇલ પાનબીડાં હાથમાં દેવે ત્યાં. ॥ ૩૦૬ ॥ શાહને માથે મુગટ કાને કુંડળ ઝળકાય, ત્યારે શાહની નજર સામું દેખ્યું નવજાય. ॥ ૩૦૭ ॥ જે છરી કે કટારી શાહ કેડે કસી બાંધે તલવાર, શાહનું ખડગ ત્રીધારૂં હાથમાં સાર. ॥ ૩૦૮ ॥ જ્યારે દુલ દુલ ઘોડે શાહ થાય અસ્વાર, ત્યારે ત્રણ ભવનમાં પડશે પોકાર. ॥ ૩૦૯ ॥ જે સદ્‌ગોરજી હરખશું બોલ્યા વિખ્યાત, તે શાહના હાથમાં ચાબખો બહુ રંગીભાત. ॥ ૩૧૦ ॥ જે વર્જા શહેરમાં શાહના સૈન્ય જો મળે, એથી મજલે પીયાણા કરે. ॥ ૩૧૧ ॥ હડમાન વીર ત્યાં દેશે હાક, અને મળશે યોદ્ધા તે લાખોલાખ. ॥ ૩૧૨ ॥ સહેબના સૈન્ય મેળાવાના પરછા જાણ, તમે સુણો મુનિવરો તેના નિર્વાણ. ॥ ૩૧૩ ॥ ત્યાં પહેલી ચોસઠલાખ જોગણી આવે જે વાર, તે હાથે ડમરૂ બજાવેને બોલે જય જય-કાર. ॥ ૩૧૪ ॥ જે સૈન્ય સાથે ઉંટ કરોડી જન ભૂત, તેમાં દેવી જોગણીને ભૂત પીશાવળ જાત, તે શાહના સૈન્યમાં આગળ માર્ગ સમારે ઉત્પાત. ॥ ૩૧૬ ॥ જે ગોર નબી મોહંમદ થકી આદે અન્નત કરોડી દેવ ઓધાર્યા જેહ, તો અંતે શાહના સૈન્યમા આવી સંચરે તેહ. ॥ ૩૧૭ ॥ તે દેવ જાંખા નવ્વાણું કરોડી ઋડખેસર કહેવાય, તે પણ આવી લાગશે શાહોજી ને પાય. ॥ ૩૧૮ ॥ જે દેવ છપ્પન કરોડી મેવા સત સંગાત, તે પણ આવી મળ્યા છે સાહેબને સાથ. ॥ ૩૧૯ ॥ જે કોઈ બત્રીસ કરોડી કીન્નર દેવ, અને તે પણ આવ્યા સાહેબની સેવ. ॥ ૩૨૦ ॥ જે દેવ તેત્રીસ કરોડી મુનિવર ભયા, અને તે પણ શાહની પાસે ગયા. ॥ ૩૨૧ ॥ જે દેવ પાંચ કરોડીશું પ્રહલાદ સરદાર, તે પણ આવી મળ્યા સાહેબની સંગાત. ॥ ૩૨૨ ॥ જે દેવ સાત કરોડીશું હરિશ્ચંદ્રરાય, તે પણ આવી લાગ્યા સાહેબને પાય. ॥ ૩૨૩ ॥ જે દેવ નવ કરોડીશું યુધિષ્ઠિર જાણ, સર્વે તે પણ રણચઢે નિર્વાણ. ॥ ૩૨૪ ॥ જે દેવ બાર કરોડી સું ભક્ત કમળા કુંવર સાથ, તે પણ આવી મળ્યા શાહોજીની જાત. ॥ ૩૨૫ ॥ એવાં શાહોજીના સૈન્ય આવે છે ઉત્તમ સાર, પણ તેમાં પાંડવના દળતો અન્નત અપાર. ॥ ૩૨૬ ॥ જે કાશ્મીર નગરી જે ઉત્તમ કહેવાય, અને ત્યાં ઉપન્યા છે યુધિષ્ઠિર રાય. ॥ ૩૨૭ ॥ જે દેવનાં અઢાર લાખ ખડગધારી જાણ, અને તે પણ રણચઢે નિર્વાણ. ॥ ૩૨૮ ॥ નગર ઉજ્જૈની ઉત્તમ સહી, અને તે સહદેવ જોષી ઉપન્યાછે ત્યાંહી. ॥ ૩૨૯ ॥ જે દેવ ચૌદ લાખ ચક્રાધારી જાણ, અને તે પણ રણે ચડે નિર્વાણ. ॥ ૩૩૦ ॥ જે

૨૭

નગર ઉમર કોટ જાબોરી દેશ, ત્યાં ઉપન્યા ભીમસેન અવળે કેશ ॥ ૩૩૧ ॥ જે જે દેવનાં ચાલીસ લાખ ગદ્દાધારી જાણ, તે પણ રણચડે નિર્વાણ. ॥ ૩૩૨ ॥ તે ઉચ્ચ મુલક સ્થાને નગર સહી જાણ, ત્યાં અર્જુન ઉપન્યા પ્રમાણ ॥ ૩૩૩ ॥ જે દેવના છત્રીસ લાખ ધનુષ્યધારી જાણ, અને તે પણ રણે ચડે નિર્વાણ. ॥ ૩૩૪ ॥ નગર પંચાવલી પૂર્વ કહેવાય, ત્યાં કને ઉપન્યા તે નિકુળરાય. ॥ ૩૩૫ ॥ જે દેવના પચાસલાખ નેજાધારી જાણ, ભાઈ તે પણ રણ ચઢે નિર્વાણ ॥ ૩૩૬ ॥ એવાં પાંચે બંધવ એકઠા થાય, તેના સૈન્ય અગણીત કહ્યા નવ જાય. ॥ ૩૩૭ ॥ જે સર્વ પાંડવના દળ એકઠા થાય, તેના ઘોડા બહુ અમુલખ કહેવાય. ॥ ૩૩૮ ॥ તેમાં ઘોડા, હરણ, હંસલા અરબી સાર, ત્યાં તેજી તુર્કીને તોખાર. ॥ ૩૩૯ ॥ જરદ ભમ્મર ને મજીઠ મહુ વર જાત, કચ્છી કુમેદ અને કલ્યાણી સેહેર સાથ. ॥૩૪૦॥ કાળા કાટવા અને કાબરા ને કોકોલા સાર, કટર જટર અલખીયા અપાર.॥૩૪૧॥ ત્યાં કેરડા અને કોકીલા, એરાકી જાત, બાઇ એવાં શોભે દળ તે સર્વે પાંડવની સાથ. ॥ ૩૪૨ ॥ એતો પચ્ચીસ જાત ઘોડાની કહેવાય, બાકી અવર તોરીંગ કહ્યાં નવ જાય. ॥ ૩૪૩ ॥ તે દળમાં ધજા નિશાન તણો નહિ પાર, ત્યાં ચઢે યોદ્ધા મહા મોઝાર. ॥ ૩૪૪ ॥ તે પાંડવના દળ ચાલતાં લોપે ચંદ્રમા જર, જેમ સમુદ્ર નદીયું આવે પુર. ॥ ૩૪૫ ॥ નવસે નવ્વાણું નદીયું આવે જેમ, પાંડવના દળ ચાલે તેમ ॥ ૩૪૬ ॥ નારાયણ નકળંકી તણું સૈન્યજો મળે, અને દેવ ઋખેસર રણસંગ્રામે ચઢે. ॥ ૩૪૭ ॥ વાજે વાજીંત્ર, દદામને ઝાળકે નિશાન, જેમ ગંગાની છોળે પ્રભા જાણ. ॥ ૩૪૮ ॥ અન્ન વર્ણી છત્રું સુરજમુખીયું ધરે, તેમ મજલે મજલે પીયાણો કરે. ॥ ૩૪૯ ॥ તે દળ આવી પહોંચ્યાં જ્યાં છે શ્રી નારાયણ હરિ, ત્યાં સ્વામીને પાયે લાગીને વિનતી કરી. ॥ ૩૫૦ ॥ ત્યારે શાહોજી હસ્તને હરખસું બોલ્યા જાણ, એ પાંડવના દળ કરીશું આગેવાન. ॥ ૩૫૧ ॥ જે દેવ રાજા વાસંગ નાગ વસે પાતાળ, તે પણ શાહને આવી મળ્યા તત્કાળ, ॥ ૩૫૨ ॥ જે નવકુળ નાગ તીલા-વંત મણીધર વીર, તે એવા નાગના સૈન્ય રણે ચઢે સધીર, ॥ ૩૫૩ ॥ જે દેવ ગોરખ જતી મહા મુનિવર સહી જાણ, તે સાથે પાંચ લાખ યોગ સહ ચડે નિર્વાણ ॥૩૫૪॥ ત્યાં આવ્યા ગોરખ શાહોજીને શબ્દ, તે પાંચલાખ સીંગ પુરાવે નાદ. ॥૩૫૫॥ જે દેવ સવા કરોડી શંખ વાગે ઝણકાર, ત્યાં દેવદંતના સૈન્ય આવે અપાર. ॥ ૩૫૬ ॥ જે દેવ એક લાખ એંસી હજાર પેગંબર જાણ, તે પણ શાહને આવી મળ્યા પ્રમાણ. ॥ ૩૫૭ ॥ તે માંય સીત્તેર સેહસ્ત્ર હુસેની જાત જાણ, અને તે સર્વે

પહેલા શાહને આવી મળ્યા નીર્વાણ. ॥૩૫૮॥ તે દેવ સીત્તેર હજાર એંસી હુસેની જુવાન, તેને બાર મણનો તીરને હાથે સો મણની કમાન. ॥ ૩૫૯ ॥ તે દેવ સાત ફીરસ્તા મહાબુજરખ આમ, તે તો શાહોજીને સીર ચમ્મર ઢોળાય. ॥ ૩૬૦ ॥ જે દેવ અઢારભાર વનસ્પતી બહુ રંગી ભાત, તે પણ આવી મળ્યા છે શાહની જાત. ॥ ૩૬૧ ॥ જે સાતે સમુદ્ર મુનીવર કહેવાય, તે પણ શાહના સૈન્ય આગળ મળશે આમ. ॥ ૩૬૨ ॥ તે સતી નવસે નવ્વાણું નદીયું જાણ, તે પણ આવી મળ્યા શાહને પ્રમાણ. ॥ ૩૬૩ ॥ જે દેવ પાણી પવન બહુ બળીયા કહેવાય, તેના બળ-તણો કાંઈ કહ્યા નવ જાય. ॥ ૩૬૪ ॥ જે દેવ આદે અંતે ચાલ્યાં આ સદગોરને ફર્માન, તે તો શાહના દળમાં અંતે આવ્યા જાણ. ॥ ૩૬૫ ॥ ત્યાં મળી સર્વે દેવ લોક મુનીવર જાત, તે દેવ અન્નંત કરોડી પીર હશનશાહ સંગાત. ॥ ૩૬૬ ॥ જે દેવ આજ કળીયુગ માંહે લાગે સત્યગોરને પાય, તે મુનિવર શાહને મળશે જાય. ॥૩૬૭॥ જે કોઇ આદે અંત લગી ઋડખેસર દેવ, તે સઘળા આવશે સાહેબની સેવ. ॥ ૩૬૮ ॥ જે આજ સાચા સત્પંથી મુનિવર કહેવાય, તે શાહના દળમાં આવે ઋડખેસર રાય. ॥ ૩૬૯ ॥ જે દેવ આવે હળમાન બહુ બળીયા કહેવાય, તે પર્વત મસ્તક લઈને ચઢાય. ॥ ૩૭૦ ॥ તેમાં વાનર યોદ્ધા આવે મહાબળીયા સાથ, ત્યાં આવી મળ્યા સર્વે શાહોજી જદુનાથ. ॥ ૩૭૧ ॥ જ્યારે દેવ ઋડખેસર શાહને પાય લાગી ઉભા રહે, ત્યાં સૌને રથે બેસાડો એમ શાહોજી કહે. ॥ ૩૭૨ ॥ એકેકા મુનિવર સાથે એંસી લાખ ઉટાં શામળ સાર, તે દાણો પાણી ઉપાડે ચાર. ॥૩૭૩॥ એકેકા ઋડખેસરના દળ એવાં ચાલે ઉત્તમ ઉત્પાત, તેમાં ચાર લાખ ઉંટાતંબુ નિશાન સાથ. ॥ ૩૭૪ ॥ ત્યાં બે લાખ ઉંટા તીરકમાને હોય, અને તે સલ્યા બખ્તરને નોબત નગારાં જોય. ॥ ૩૭૫ ॥ એક એક મુનિવર સાથે એવા દળ ચાલે જાણ, તે આગળ સાત લાખ જાચક અને ઝળકે નિશાન. ॥ ૩૭૬ ॥ સર્વે શાહ આગળ ઝળકે નિશાન વાજેસુર, અને બીજાં અવર બેણુંવાજે રણતુર. ॥ ૩૭૭ ॥ ત્યાં વાજે દદામને નફેડી ભેર, ત્યારે બહુ નાદ નિશાન ધરતી થરથરે. ॥૩૭૮॥ ત્યાં અન્નંત દળદળીયું રણશીંગા ને શરણાઈઓ અપાર, ત્યારે વાજે ભૈરવ ભૂંગળ, માદળ ધમધમકાર. ॥ ૩૭૯ ॥ ત્યાં વાજે તાલ મૃદંગ ધમધમકાર, ત્યારે વાજે વાંસળી તરંગી સાર. ॥ ૩૮૦ ॥ એવાં અન્નંત વાજીંત્ર વાજે મોરલી અનુપમ સાર, બાકી અવર વાજાંનો કહીં પાર ન જાણ. ॥ ૩૮૧ ॥ ત્યાંમળ્યું સૈન્ય શાહનું કુછ કહ્યું નવ જાય, તે દળ ધરતીએ ન માય. ॥ ૩૮૨ ॥ જે બ્રહ્મા વિષ્ણુ, મહાદેવ

હાજર લાગ્યા પાય, અને તે તો પાસે રથે બેસી બરોબર ચાલ્યા જાય. ॥ ૩૮૩ ॥ જે મુનિવર લોકને સૈન્ય મેળાવે સ્વામી નાથ, ત્યારે નવ ગૃહેપણ ચાલ્યા શાહને સાથ. ॥ ૩૮૪ ॥ જે કોઈ ઉત્તર, દક્ષીણ, પૂર્વ, પશ્ચિમ હુતા દેવ, અને તે શાહનું સૈન્ય મળ્યું ઉલટયું ત્યારે દોડી આવ્યા તરતવ એવ. ॥ ૩૮૫ ॥ જે મળ્યું સૈન્ય અન્નંત અનુપમ સાર, તેમાં ધજા નિશાનનો ન આવે પાર. ॥ ૩૮૬ ॥ ત્યારે શાહનું દળદેખીને બહુ આનંદ જો થાય, ત્યાં એકેકા મુનિવરના સૈન્ય વખાણ્યા નવ જાય. ॥૩૮૭॥ તે સર્વે મુનિવરના ઘોડાની પાખરૂં ઝળકે ઘણી, અને ત્યાં સલ્યા બખતર પહેરી બેઠા ગતમાં ગોર નર ઘણી. ॥૩૮૮॥ તે શાહને મસ્તક ટોપ સરોવર બહુ રંગી ભાત, તે શાહને દસ મણની કમાન હાથ. ॥ ૩૮૯ ॥ તેને અઢાર ચોરનો તરકસ માંહેલો તીર, જેથી દહિંતના છેદશે શીસ. ॥ ૩૯૦ ॥ તે શાહની કેડનો પટકો છરી, મૃદંગ તરવાર, ત્યાં સર્વે દેવ લોક બાંધે હથીયાર. ॥ ૩૯૧ ॥ ત્યાં ગુરજ કાઢે જેમ સ્વાસ, અને તે મારી દહિંત કરશે નાશ. ॥ ૩૯૨ ॥ દેવ બાંધી હથીયારને એકઠા થાય, તે સર્વે જઈ લાગ્યા ગોર નરને પાય. ॥૩૯૩॥ જે ચાર યુગ માંહે ઋડખેસરના જુજવા રંગ તેના સહી નિર્વાણ. ॥ ૩૯૪ ॥ રગતા પેચા કૃષ્ણ સેતા જાણ, સરદ, જરદ, શામ સેત પ્રમાણ. ॥ ૩૯૫ ॥ જે ચાર યુગના સૈન્ય ચોરંગા એકઠાં થાય, તે બહુ રૂપવંતા ઋડખેસર કહ્યા ન જાય. ॥ ૩૯૬ ॥ જે કર્તા યુગમાં મુનિવર હુવા સોજાણ, તેનાં સૈન્ય લાલ રંગે સહી પ્રમાણ. ॥ ૩૯૭ ॥ તે દેવના ઘોડાને સરદ પલાણ, તેને સરદ વસ્ત્ર પહેરવા જાણ. ॥ ૩૯૮ ॥ તેને સરદ વાઘાને લાલ પલાણ, તેના કેડનો પટકો સરદ લખાણ. ॥ ૩૯૯ ॥ ત્યારે સરદ ધજાને સરદ ઝળકે નિશાન, તેના પગની મોજડી સરદ જાણ. ॥૪૦૦॥ જે કર્તા યુગમાં ઋડગ્વેદ સરદ રંગે જાણ, તેથી સૈન્ય સર્વે સરદ હુવા પ્રમણ. ॥ ૪૦૧ ॥ જે ત્રેતા યુગમાંહે મુનિવર ભયા, તેના સૈન્ય સર્વે જરદ રંગ થયા. ॥ ૪૦૨ ॥ તે દેવના જરદ ઘોડાને જરદ પલાણ તેને જરદ ધજા ઝળકે નિશાન. ॥ ૪૦૩ ॥ તે દેવને જરદ વાઘાને જરદ પહેરી ખંભાય, તેની જરદ મોજડી પહેરણ પાય. ॥૪૦૩॥ તેને જરદ વસ્ત્રને જરદ સીરબંધ જાણ, તેને કેડનો પટકો જરદ વખાણ. ॥૪૦૬॥ જે ત્રેતા યુગમાંહે દેવ ભક્ત રાજા હરિશ્ચંદ્ર સત્યવાદી જાણ, તેના જરદ સૈન્ય કીધા પ્રમાણ. ॥ ૪૦૭ ॥ જે ત્રેતા યુગ માંહે યજુરવેદ જરદ રંગે જાણ, તેથી સર્વે સન્ય જરદ થયા નિર્વાણ. ॥૪૦૮॥ જે દ્વાપુરયુગમાં મુનિવર સહી જાણ, તેના સર્વે શામ સૈન્ય હુવા પ્રમાણ. ॥૪૦૯॥ તે દેવના શામ ઘોડા ને શામ પલાણ, તેની શામ ધજાને ઝળકે નિશાન. ॥૪૧૦॥ તે

દેવના શામ ઘોડાને વસ્ત્ર પહેરણ ખંભાય, અને તેના પગની મોજડી શામ કહેવાય ॥૪૧૧॥ તેના શામ સીરબંધ સર્વે એક રંગે જાણ, અને તેને કેડનો પટકો શામ વખાણ. ॥ ૪૧૨ ॥ જે દ્વાપર યુગમાંહે ને સાચા દેવ ભક્ત રાજા યુધિષ્ઠિર જાણ, અને તેના શામ સૈન્ય હુવા પ્રમાણ. ॥૪૧૩॥ જે દ્વાપર યુગમાં સામવેદ શામ રંગે જાણ, અને તેથી સર્વે શામ સૈન્ય થયા પ્રમાણ. ॥ ૪૧૪ ॥ આજ કળીયુગમાં જે મુનીવર ખરા ઇમાની જાણ, તેના અન્નંત કરોડી બારનાં રંગ વખાણ ॥૪૧૫॥ જે સ્વેત ઘોડાને શાહ દુલ દુલ અસ્વાર, તે શાહને સ્વેત વાઘાને પહેરણ સાર. ॥૪૧૬॥ તે દેવના સ્વેત ઘોડાને સ્વેત પલાણ, તેના સ્વેત વાઘાને વસ્ત્ર પ્રમાણ. ॥૪૧૭॥ તે દેવને સ્વેત તીર ને સ્વેત કમાન, તેની સ્વેત ધજાને ઝળકે નિશાન. ॥૪૧૮॥ તે દેવને મસ્તક સીરબંધ સ્વેત જાણ, તેના પગની મોજડી સ્વેત વખાણ. ॥ ૪૧૯ ॥ તે દેવને કેડનો પટકો સ્વેત રંગેતાર, ભાઇ તેના રૂપતણો નવ આવે પાર. ॥૪૨૦॥ એવા સ્વેત સૈન્ય સર્વે સાહેબનાં ચઢે, તેને શાહ મેઘાડમરના છત્ર ધરે. ॥ ૪૨૧ ॥ આજ કળીયુગમાં ભક્ત રાજા કમળાકુંવર જાણ, તેના સ્વેત સૈન્ય કીધાં પ્રમાણ. ॥ ૪૨૨ ॥ આજ કળીયુગમાં જે અથર્વવેદ સ્વેત રંગે જાણ, તેથી સ્વેત સૈન્ય હુવા પ્રમાણ. ॥૪૨૩॥ જોવાં ચાર યુગના સૈન્ય ચોરંગે ઉત્તમ સાર, આજ સદ્‌ગોર કહે બાકી અવર રંગતણે ન આવે પાર. ॥ ૪૨૪ ॥ જ્યારે એવા સૈન્ય ચોરંગી શાહોજીએ દેખ્યાં નયણ, ત્યારે હસી હરખસું ત્યાં બોલ્યા વેણ. ॥ ૪૨૫ ॥ ત્યારે શાહોજી મુનિવરને એમ કહે નિર્વાણ, હવે તમે જાંબુદ્વીપમાં જઇને કરો મેલાણ. ॥ ૪૨૬ ॥ જેની આલે અલી આવ્યા નિર્વાણ, તે આખરત મહેંદી ચઢશે નિર્વાણ. ॥૪૨૭॥ જ્યારે ઇસા મહેંદી ચઢશે દોય, અને દહિંત કાળીંગાને મારશે સોય. ॥૪૨૮॥ સાહેબની અસ્વારીના પરછા જાણ, હવે તેના મુનિવર સુણો નિર્વાણ. ॥ ૪૨૯ ॥ જે દન છમછર ચીલોતરો ચૈત્ર માસને ગુરુવાર, તે દન શાહના સૈન્ય ચઢે, સાહેબ થાય અસ્વાર. ॥ ૪૩૦ ॥ જ્યારે થકી પગલા ચાર શાહોજી ચાલી નીસરે, ત્યારે નામ એક સામે આવી સંચરે. ॥ ૪૩૧ ॥ તે પહેર્યાં આભુષણ ને સોળે સણગાર, તે માથે સુવર્ણ કુંભ લઈને ચલી આવે સોહાગણ નાર. ॥ ૪૩૨ ॥ તે કુંભ ઉપર સુવર્ણની થાળનુ પમસાર, તેમાં અમૃત ભોજન ભરખ ભાર અઢાર. ॥૪૩૩॥ જ્યારે એવાં સારા સકન શાહોજીને થાય, ત્યારે ગોર બ્રહ્માજી બોલ્યા સત્ય ભાય. ॥ ૪૩૪ ॥ શાહોજી આજ ભલા સકન મહા બળીયાં કહેવાય, તે સર્વે દહિંતના દળ ખરીયુંમાં જાય. ॥ ૪૩૫ ॥ ત્યાંથી દળ ચાલી

જાંબુદ્વીપમાં જાય, ત્યારે સૈન્ય ગઢ પર્વત પહેલી ફુંકે ઉડાય. ॥ ૪૩૬ ॥ જ્યારે એવા ખુરેશાની દળ ઉલટે સીર, ત્યારે નદી સમુદ્ર ન પાવે નીર. ॥૪૩૭॥ જે શાહનું સન્ય ચાલે તેમાં બહુ ઘોડાને ઊંટ, તેમાં સાતે સમુદ્રનાં પાણી પહેલી ફોજને થાશે એક એકો ઘુંટ. ॥૪૩૮॥ પહેલી ફોજને એક એકો ઘુંટ ભરાય, ત્યારે પાછલી ફોજને રેહમત થાય. ॥ ૪૩૯ ॥ જે દળ મેરૂ શીખર વચ્ચે સંચરી વાટ, ત્યારે લંકા ગઢ આવે શાહની સાથ. ॥ ૪૪૦ ॥ જે શાહનું સૈન્ય મેરૂ શીખર વચ્ચે ન માય, તે શાહના સન્ય ચાલતાં ધરતીએ સવાગજ લીદ ચઢાય. ॥ ૪૪૧ ॥ એવાં દળ ચાલતાં ઉડે ખેહને બહુ ગીર્દ ચઢે, ત્યારે ચંદ્રમા સુરનો ઠોર નહી પડે. ॥ ૪૪૨ ॥ ત્યાં લોપે સુરજને જેમ બાદલ કેરી રાત, અને ધરતી પગ તળે ન સુજે જાત. ॥ ૪૪૩ ॥ ત્યારે શાહ ખડગ ત્રીધારૂં હાથમાં લેશે ભરપુર, જાણે સેહસ્ત્રકળા લઇને ઉગ્યા સુર. ॥ ૪૪૪ ॥ ત્યાં ખડગને અજવાળે દળ ચાલે અપાર, ત્યાં શાહના દળ આવી પહોંચે જાંબુદ્વીપ મોઝાર. ॥ ૪૪૫ ॥ જે શાહના દળ મહા તુરીંગ હીસોરા કરે, ત્યારે જમીન આકાશ બેઉ થરથરે. ॥૪૪૬॥ જ્યારે એવાં દળ ચાલે ને ધરતી કંપે અપાર, ત્યારે ધબળા ધોરી સીર થંભે ભાર. ॥ ૪૪૭ ॥ જે એવાં પશ્ચિમ દિશાથી શાહનાં દળ આવ્યાં જાણ, તે ભરતખંડને જાંબુદ્વીપને કુંવારકા કરે મેલાણ. ॥ ૪૪૮ ॥ આજ ઇમામપુરી નગરીમાં કુંવારકા ક્ષેત્ર જાણ, તે ગોર બ્રહ્માને સ્થાનક નારાયણ નકલંકી આવી કરશે મેલાણ. ॥ ૪૪૯ ॥ ઇમામનો રોજો સુવર્ણનો થાય તેના પરછાજાણ, તમે સુણો મુનિવરો સહી નિર્વાણ. ॥ ૪૫૦ ॥ જ્યારે જાંબુદ્વીપે કુંવારકા ક્ષેત્રે શાહ પરગટ દેશે પાય, ત્યારે ગોર ઇમામ શાહનો રોજો સાવ સોનાનો થાય. ॥ ૪૫૧ ॥ ત્યારે ઢાળીતખત નગીના ઘુમટીએ શાહ વાતું કરાય. ॥ ૪૫૨ ॥ જે ગોર ઇમામશાહ સાહેબ પાસે બેઠા જાય, ત્યાં સાચા મુમનને બક્ષીસું થાય. ॥ ૪૫૩ ॥ જે ઇન્દ્ર ઇમામશાહના મોલ આગળ નગીના ઘુમટી કહેવાય, ત્યાં આખર દહાડે પાપ ધર્મના ત્રાંસ બંધાય. ॥ ૪૫૪ ॥ શાહ જાંબુદ્વીપે ઇમામપુર નગરીમાં બજાવે તુર, બાકી દુનિયાના ગોર સર્વે થાશે ચુર. ॥ ૪૫૫ ॥ જે સર્વે દેવલોક આપી લાગ્યા સદ્‌ગોરને પાય, ત્યારે દેવ દાણવના સૈન્ય વચ્ચે નદી સરસ્વતી કહેવાય. ॥ ૪૫૬ ॥ જ્યારે ગોરનરનાં દળ એકઠાં થાય, ત્યારે દહિંત કાળીંગાના દળ પોતાં છે આય. ॥ ૪૫૭ ॥ જે ચીણ મહાચીણ નગરી છે પૂર્વ દેશ, ત્યાં દહિંત કાળીંગો રહે છે મનખાવેશ. ॥ ૪૫૮ ॥ જે દહિંત કાળીંગો મહાબળવંત, તેના સૈન્ય તણો નહિ આવે અંત ॥ ૪૫૯ ॥

તે માંહે યોદ્ધા અન્નંત અપાર, અને મહા સુરા બળવંત સાર. ॥૪૬૦॥ જે ચીણ મહાચીણ થકી કાળીંગો ચઢીયો જાણ, તેને જાંબુદ્દીપે આવી કીધાં મેલાણ. ॥ ૪૬૧ ॥ જે ચોવીસ ચેલા છે દહિંત કાળીંગા તણા, તે ચરપટ કરશે અતી ઘણા. ॥૪૬૨॥ જે દહિંતના સૈન્ય ચાલતાં ધરતી બાજે ધમધમકાર, તે દળનો નહિં કાંઈ અંત ને પાર. ॥૪૬૩॥ જે આવ્યાં દળ ચરપટ કરતાં અપાર, તે આસનપુરી અતરંગ બેસે તેની વાર. ॥૪૬૪॥ તે દહિંત અતરંગ આસન બેસીને ચાલે આકાશ, એવી કારમી વસ્તુ કરે પ્રકાશ. ॥૪૬૫॥ જે દહિંત અન્નના પ્રભા ચલાવે જાણ,તે દહિંત પાણી. મતરીને ગ્રથ કરે નિર્વાણ. ॥ ૪૬૬ ॥ તે દહિંત વેળુ મતરીને ખાંડજ હોએ, અને તે કારમાં માઈબાપ દેખાડશે સોય. ॥ ૪૬૭ ॥ જે દહિંત કાઠના છોડાને ખાંડાને ખવડાવેજણ, તે દહિંત નદીઓના નીર ઉલટાં ચલાવે નિર્વાણ. ॥ ૪૬૮ ॥ એવા ચરપટ કરતા દહિંત આવે ઠાહોઠાય, તેને બેઇમાની દુનિયા મળશે જાય. ॥૪૬૯॥ જે આવ્યા દહિંતને ન લગો વાર, તે ચાલી આવ્યા લલ પરસીત પર મેઝાર જે દહિંત પાવડીએ આરો ઉતરીયો આય,અને તેના અગણીત સૈન્ય કહ્યા નવજાય. ॥ ૪૭૦ ॥*તે દહિંતના દળમાંહે સર્વે યોદ્ધા મહા બળવંત કહેવાય, જ્યારે દળ આવતાં વાટે ખટ મહીના થાય, ॥ ૪૭૨ ॥ જે પાવડીઓ આરો ઉતર્યો છે કળી નો રાય, ત્યારે દહિંત નગારે વાળે ગાય. ॥ ૪૭૩ ॥ જે દહિંત પ્રાચીન આરો મુકી આણી મોર થાય, તે દળમાં ધજા નીશાનનો પાર ન લેવાય. ॥ ૪૭૪ ॥ તે એવાં દહિંત ચરપટ કરશે અપાર, ત્યારે ભૂલશો સઘળો સંસાર. ॥ ૪૭૫ ॥ એક ભૂલે સાચા ઋખેસર જાણ, જેને સદ્ગોર બ્રહ્મા ભેટચા પ્રમાણ. ॥ ૪૭૬ ॥ તે દહિંત ના દળમા કોઇ અન્ન ન ખાય, અને સાહેબના સૈન્યમાં સોનૈયે રોટી થાય. ॥ ૪૭૭ ॥ તે બેઉ સૈન્ય જ્યારે એકી દ્રષ્ટી કરે, અને તે વચ્ચે નારદઋષિ આવી સંચરે. ॥ ૪૭૮ ॥ તે બેઉ દળ વચ્ચે નારદ આળા કરશે કહી, ત્યાં દેવ દહિંતને ધ્રુજાવશે સહી. ॥ ૪૭૯ ॥ જ્યારે એવા ચરપટ દહિંત કાળીંગો કરશે અપાર, ત્યારે શ્રો નારાયણ દેવના ચઢશે અસ્વાર. ॥ ૫૮૦ ॥ યુદ્ધ કરવાના પરછાજાણ, હવે સુણો મુનિવરો તેના નિર્વાણ. ॥ ૪૮૧ ॥ ત્યાં આવ્યા હડમાન ધજાધારી બહુ કંકાસ જો કરે, તેની હાક સુણી દહિંત સઘળા થરથરે. ॥ ૪૮૨ ॥ ત્યારે આવી ચોસઠ લાખ જોગણી શાહોજીને પૂછે વિચાર, સ્વામી તમે કહોતો દહિંતના દળ સોંકી લઉં નિર્ધાર. ॥ ૪૮૩ ॥ ત્યાં આવ્યા પવન પૂંછે અમને રજા દો ત્રીભોવન ધણી, તો એ દળ દહિંતના સર્વે મેલું ઉડાય, ॥ ૪૮૪ ॥ ત્યારે આવ્યા ભીમ-

સેન, સ્વામી હું વિનતી કરૂં, હવે તમે રજા દો તો અમે રણ સંગ્રામે ચઢું. ॥ ૪૮૫ ॥ સ્વામી તમે કહો તો સર્વ મંડળ ફેરવી ઉફળાં કરૂં, અને કહો તો દહિંત ઝાલીને જીવતો તમુ આગળ ધરૂં. ॥ ૪૮૬ ॥ ત્યારે શાહોજી બોલ્યા ભીમ સુણો સત્ય ભાય, તમે પાંચે પાંડવ પુત્ર મહાબળીયા આય. ॥ ૪૮૭ ॥ જ્યારે એવી વાત શાહોજીએ ભીમસું કહી, ત્યારે સુરજારાણી, કમળાકુંવર આવ્યાં સહી. ॥૪૮૮॥ જ્યાં ગોર નર બેઠાં છે એક જો ઠાય, સુરજારાણી કમળા કુંવર પરદક્ષીણા ફરીને લાગ્યાં પાય. ॥ ૪૮૯ ॥ ત્યારે માતા કુંવર ગોરનર સું વિનતી કરે આપ, સ્વામી અમારાં પૂર્વ જન્મના બક્ષોપાપ. ॥ ૪૯૦ ॥ સાહેબ પૂર્ર જન્મના પાપ અમારાં ગયા, જ્યારે અમને દર્શન ગતમાં ગોરનરનાં થયાં. ॥ ૪૯૧ ॥ સ્વામી અમે મધ્યમ જીવ તે તમશું ઉત્તમ થઇએ આજ, હવે અમારા દુઃખ દારીદ્ર કરજો ત્યાજ. ॥ ૪૯૨ ॥ ત્યારે હેત કરીને શાહોજી બોલ્યા વિખ્યાત, સુણો બાઇ સુરજા-રાણી કહું એક વાત. ॥ ૪૯૩ ॥ કળીમાંહે દહિંત કળીંગો મહા દુષ્ટ કહેવાય, ત્યારે બાઈ એની સત્રળીએ સંઘપોતી હવે તમે સંહારો જાય. ॥ ૪૯૪ ॥ જ્યારે શાહોજીએ એસા વચન બોલ્યા સત્ય ભાય, ત્યારે કરી પ્રણામને માતા કુંવર દહિંતના દળમાં જાય. ॥૪૯૫॥ જે શાહના દળમાંહેથી માતા કુંવર રજા માંગીને નીસર્યાં, તે દહિંત કાળીંગાના દળમાં જઈ સંચર્યાં. ॥૪૯૬॥ જ્યારે દહિંત આવતા દીઠા કુંવરને પોતાની નાર, ત્યારે દહિંત કાળીંગો બોલ્યો છે તેણે ઠાર. ॥૪૯૭॥ સુણો કમળા કુંવર એમ કહે કાળીંગો રાય, તમે આવ્યા તે કોણ સત ભાય. ॥ ૪૯૮ ॥ તમને ચીણ નગરીના સોંપ્યા રાજ, તે દેશ છોડી કેમ આવ્યા આજ. ॥ ૪૯૯ ॥ ત્યારે બોલ્યા સુરજારાણી કમળાકુંવર સતભાય, એ અભંગ સાથે યુદ્ધ કરશો નહી હો રાય. ॥ ૫૦૦ ॥ જે દેવ ત્રણ ત્રીભોવન ના ધણી કહેવાય, અને તે અભંગસું યુ કેમ કરશો હો રાય. ॥ ૫૦૧ ॥ એ દેવ શ્રી મચ્છા રૂપે દહિંત શંખાસુર માર્યો છેદ, અને વળવા સદ્દગોર બ્રહ્માના વેદ. ॥ ૫૦૨ ॥ એ દેવશ્રી કુર્મ રૂપે મેરા મણુ મથ્યો મહેર સમુદ્રમાં ધરી, ત્યારે દહિંત મધુકેતક મારીને રતન ચતુરદસ કાઢયાં શ્રી હરિ. ॥૫૦૩॥ એ દેવ શ્રી વ્યારાહ રૂપ ધર્યાં કૈલાસ, ત્યારે પૃથ્વી રાખી દાઢ વીલાસ. ॥ ૫૦૪ ॥ એનો મુરવાધ્વજ દહિંત સંહાર્યો દાઢે જો ધરી, અને ત્રીજે વ્યારાહ સ્વરૂપે હુવા નર હરિ. ॥૫૦૫॥ એ દેવ શ્રી નૃસીંહ રૂપે થયા હો રાય, અને દહિંત હરણાકંસ રાક્ષસ સંહાર્યા જાય. ॥૫૦૬॥ ત્યાં પાંચ કરોડીસું તાર્યા પ્રહલાદ, એના દેવ કીધાં છે અમ્મર કાજ. ॥૫૦૭॥ એ દેવે શ્રી વામન રૂપે બહુ ચરિત્ર કરી,

ત્યારે બળ દહિંત પાતાળે ચાંપ્યો ધરી. ॥ ૫૦૮ ॥ એ દેવ શ્રી ફરસુરામ રૂપે જો થયા, અને સેહસ્ત્રા અર્જુનને લોહ પંજરમાં દીયા. ॥૫૦૯॥ એણે તો પૃથ્વી સર્વે ન ક્ષત્રી કીયા, ત્યારે છઠ્ઠા અવતાર શ્રીહરિએ લીયા. ॥૫૧૦॥ એ દેવે શ્રીરામ રૂપે દહિંત માર્યો લંકા પતીરાય, અને સાત કરોડી સું તાર્યા હરિશ્ચંદ્રરાય. ॥૫૧૧॥ જ્યાં રાવણ દહિંત માર્યો પરવાર સમેત, ત્યાં રાજા વ્યભિક્ષણને સોંપ્યા લંકાના રાજ. ॥ ૫૧૨ ॥ એ દેવે શ્રીકાન રૂપે બહુ ચરિત્ર કર્યા, ચૌદે ભવન તો મુખમાં ધર્યા. ॥ ૫૧૩ ॥ ત્યાં માર્યો દહિંત કંસાસુર આઠમે અવતાર, એણે સર્વે યાદવ કુળનો કીધો સંહાર. ॥ ૫૧૪ ॥ એ દેવ શ્રી બુદ્ધારૂપે શ્રીહરિ આપે થયા, તે ભક્ત પાંડવોને દ્વારે ગયા. ॥ ૫૧૫ ॥ એતો ભક્ત સખાસહાય કૃપાળ, તે તો ધરણીધર છે દીન દયાળ. ॥૫૧૬॥ ત્યાં દહિંત દુર્યોધન સંહાર્યો જાય, ત્યારે નવકરોડી સું તાર્યા યુધિષ્ઠિરરાય. ॥ ૫૧૭ ॥ આજ કળી માંહે દેવનો દશમો નકલંકી અભંગ અવતાર, એ માટે તું ભરથાર ચેત ચેત કાળીંગા ગમાર. ॥ ૫૧૮ ॥ તે દેવના દશે અવતારના ગુણરાણીએ કહ્યા સમજાય, ત્યારે દહિંતના મનમાં ક્રોધ ન માય. ॥ ૫૧૯ ॥ અરે રાણી અન્નપાણી ખાય અમારાં ને શું વખાણે શ્રીહરિ, તારે તું અમો ઘર નાર કેવી સ્ત્રી. ॥ ૫૨૦ ॥ અરે રાણી જેના તમે સેવો છો પાય, આજ તે અભંગને હું મારૂં રે ઠાય. ॥ ૫૨૧ ॥ હરે રાણી જેના સ્મરણ કરો છો રેણી ને દીવસ, આજ તેના હું લાઉં કાપી શીષ. ॥ ૫૨૨ ॥ હવે રાણી તેના સર્વે સૈન્ય મારીને લઉં જો અંત, તો હું દહિંત કાળીંગો મહાબળવંત. ॥ ૫૨૩ ॥ એવા દહિંતના વચન સાંભળીને સુરજારાણી કોપ્યા તત્કાળ, ત્યારે હાથમાં ફુલદડો લીધો સંભાળ. ॥ ૫૨૪ ॥ જે જન્મ મધ્યે સતીયે મુખમાંથી ન કહ્યું મર, તે લઇ દડો ને દહિંતની ગરદનમાં દીધો તેણી ઠાર. ॥૫૨૫॥ જ્યારે સતીના મુખમાંથી એવી વાણી નીસરે, ત્યારે દહિંતનું મસ્તક તુટી ધરણીપર પડે. ॥ ૫૨૬ ॥ ત્યાં સર્વે સૈન્ય મધ્યે પડ્યો પોકાર, અને તે સુરજારાણી એ માર્યો પોતાનો કાળીંગો ભરથાર. ॥૫૨૭॥ દહિંતના દળ સામસામા આવવાના પરછા જાણ, સુણો મુનિવરો તેનાં નિર્વાણ. ॥ ૫૨૮ ॥ ત્યાં સર્વે યોદ્ધા ઉઠ્યા મહાક્રોધ જો કરી, હવે એનું સૈન્ય મારો સઘળું જીતી ક્યાં જાશે હરિ. ॥ ૫૨૯ ॥ જે રાણીએ સ્વામી માટે માર્યો પોતાનો ભરથાર, તે અભંગનું શીષ આપણે કાપી લાવો તત્કાળ. ॥ ૫૩૦ ॥ ત્યારે હાહાકાર બેઉ સૈન્યમાં થાય, અને તે રણક્ષેત્રમાં સામસામા દળ ચઢી જાય. ॥૫૩૧॥ બાઇ જેમ પ્રભાતે ઉગે સબળાસુર, તેમ બેઉ સૈન્યમાં સામસામા વાગે રણતુર. ॥૫૩૨॥ એવાં

સૈન્ય રણ સંગ્રામે ચઢયા ને ગજાવે રણતુર, ત્યાં અન્નંત નિશાન ફરકે ધજાપુર. ॥ ૫૩૩ ॥ ત્યારે બેઉ સૈન્યમાંથી યોદ્ધા ઉઠયા છે વડવા ચાર, તેમાં કોઇ કેને ન આવે હાર. ॥ ૫૩૪ ॥ ત્યારે દહિંત મલકેસર સાથે લઢે ભીમસેન રાય, ત્યાં મારે યોદ્ધા ગદાના ઘાય ॥ ૫૩૫ ॥ ત્યારે દહિંત રક્તકેસર સાથે લડે નિકુળ રાય, જેના બળતણો કોઈ પાર ન માય. ॥ ૫૩૬ ॥ ત્યારે દહિંત રણકેસર સાથે લડે જનભૂત, તેમાં યોદ્ધા બળીયા છે અવધૂત ॥ ૫૩૭ ॥ જે દહિંત મહાકેસર છે મહાબળવંત, તે સાથે લડે ત્યાં વીર હનુમન્ત. ॥ ૫૩૮ ॥ જે વીર હનુમાન પર્વત લાવે સંભાળ, તે દહિંત ગજ કેસરના રથ ઉપર દેશે હાલ. ॥ ૫૩૯ ॥ જે દહિંત આવતો પર્વત લેવે સંભાળ, અને તે કટકા વચ્ચેથી કરશે નીર્ધાર. ॥ ૫૪૦ ॥ ત્યારે હનુમાન બીજો પર્વત લેવે ઉઠાય, અને તેથી દહિંત ગજકેસર માર્યો જાય. ॥ ૫૪૧ ॥ જ્યાં કોપ ધરીને જતી હનુમાને દહિંત સંહાર્યો જાણ, ત્યાં દહિંત ગજકેસરે બહુ યુદ્ધ કીધો નિર્વાણ. ॥ ૫૪૨ ॥ ત્યાં દહિંત બીજા યોદ્ધા લડે અન્નત અપાર, બેઉ દળમાં કોઇને ન આવે હાર. ॥૫૪૩॥ તેની કેડમાં છરી કટારી જમ પાસ, ત્યાં વરસે તીર કમાન પડે રણ ત્રાસ. ॥ ૫૪૪ ॥ ત્યારે હસી હરખમાં શાહોજી બોલ્યા વિખ્યાત, અને ખડગ ત્રીધારૂં સાહેબે લીધું હાથ. ॥૫૪૫॥ તે ખડગ મન વેગે મેલ્યું જદુપતીરાય, અને તેથી સર્વે દહિંતનું સૈન્ય સંહાર્યું જાય. ॥ ૫૪૬ ॥ ત્યારે મહંમદની ફરીયાદ ગોર બ્રહ્માના પુત, જેણે બહુ દહિંતના દળ માર્યા અવધૂત. ॥ ૫૪૭ ॥ જે નદી સરસ્વતી દહિંતના રક્તસું પૂર જ વહે, તે રક્તસું કરાંનો કાન ભીનો તેમ સબકોઇ કહે. ॥ ૫૪૮ ॥ જે યુગ ચાર સુધી નદી સરસ્વતી ઠાલી રહી, તે દહિંતના રક્ત સું પુર જ વહી. ॥ ૫૪૯ ॥ ત્યાં દેવ ઉગર્યા તે સર્વે શાહને હેત, ત્યારે દહિંત કાળીંગાના સૈન્ય પડયા રણક્ષેત્ર. ॥ ૫૫૦ ॥ જ્યારે શાહના દળ સર્વે એકઠાં થાય, ત્યારે દહિંતના મસ્તક સર્વે ખાઇયુંમાં જાય. ॥ ૫૫૧ ॥ તે દળ દુલદુલ ઘોડાને ડાબલે દહિંત કાળીંગાનું મસ્તક અથડાય, તે લઇને નાકે ચીણ નગરીમાં જાય. ॥ ૫૫૨ ॥ ત્યારે શાહનો દુલદુલ ઘોડો ચીણ નગરીમાં જાય, તે કોટના કાંગરા નાખે હોળી તેણે ઠાય. ॥ ૫૩૩ ॥ ચીણ મહાચીણ દહિંત કાળીંગાનું સ્થાનક કહેવાય, તે સર્વે લઇને સમુદ્રમાં ડુબાવે સાય. ॥૫૫૪॥ જ્યારે તે દહિંત સંહારીને શાહ તેને નીર્વંશ કરે, ત્યારે ભક્ત કમળા કુંવર સહી ઓધરે. ॥ ૫૫૫ ॥ તે ભક્ત કમળા કુંવરને શીર બાર કરોડીના ભરણ જો ભરે, ત્યારે ઇજરાઇલ ફીરસ્તાને શાહોજી હુકમ જો કરે. ॥ ૫૫૬ ॥ જે નવખંડમાં ચોર્યાસી લાખ છે

જીવાત જન જાત, તેને સર્વે કબ્જ કરી ને રાખો તમારે પાસ. ॥ ૫૫૭ ॥ એ જીવ શર્વે ઇજરાઇલિ ફીરસ્તો કબજે કરે, તે સર્વે શાહ પાસે આવી સંચરે. ॥ ૫૫૮ ॥ હવે શાહોજી તમે ફર્માન દો તે નિશ્ચે કરૂં, અને તે સર્વે જીવ કબ્જ કરીને એકઠા આગળ ધરૂં. ॥ ૫૫૯ ॥ ત્યારે હસી હરખમાં શાહોજી બોલ્યા સત્ય ભાય, પણ જે જીવ જ્યોનો હોય ત્યાં જીવતો કરજો જાય. ॥ ૫૬૦ ॥ ત્યાં શાહના ફર્માને ફીરસ્નો ઇજિરાઇલ કરે, તે નવ ખંડમાં જે જીવ જ્યાંનો તે ત્યાં લઇને ધરે. ॥ ૫૬૧ ॥ જ્યારે સુરવાઇલિ ફીરસ્તો સુરદેશે જાય, ત્યારે જે જ્યાંના પ્રાણી તે ઉઠી બેઠા થાય. ॥ ૫૬૨ ॥ ભાઇ મુનિવરો મહાદન મેળામાં શાહોજી કરશે અદલાઈ આણ, ત્યાં સર્વેને મુઆ પછી જીવતા પછી કરશો જાણ. ॥ ૫૬૩ ॥ ત્યાર પછી સર્વે સૃષ્ટી સંજોગ રચના થાય, ત્યાં ઋડખેસરો લોકને રાજ કરાવે સાય, ॥ ૫૬૪ ॥ જ્યારે શાહ તખ્તે બેઠાને ગોર બ્રહ્મા નબી મહંમદ વજીર, ત્યારે ઋડખેસરોને રાજ કરાવે ગોર ઇમામ શાહ પીર. ॥ ૫૬૫ ॥ ત્યારે ગોર બ્રહ્મા વજીર થાશે ઋડખેસરોને કાજ અને ત્રણ ત્રીભોવનના ધણી કરશે રાજ. ॥ ૫૬૬ ॥ નાની અમરાપુરીના પરછા જાણ, હવે જાણો મુનીવરો તેનાં વખાણ. ॥ ૫૫૭ ॥ જે આદ અન્નત કરોડી દેવ કરણમાં નિપન્યા આય, તે ઋડખેસરને રાજ કરાવે સાય, ॥ ૫૬૮ ॥ કહે ઇંદ્ર ઇમામ શાહ સુણો ઋડખેસર રાય, હવે નાની અમરાપુરીના મોલ વખાણ્યા નવ જાય. ॥ ૫૬૯ ॥ ત્યાં ક્ષણ એકમાં શાહોજી એવી રચના કરે, તે સદ્‌ગોર બ્રહ્મા વચન તમશું ઓચરે. ॥ ૫૭૦ ॥ ત્યાં કંકુના ગારાને રૂપાની ઇંટ, શાહ તેની અનુપમ ઉઠાવે ભીંત. ॥ ૫૭૧ ॥ એવા મુનીવરના મહેલ દિશે ઉંચા અપાર, તે મહેલ સુવર્ણના લીપણ આ જગ સંસાર. ॥ ૫૭૨ ॥ તમે તે મહેલને કમાડે બારશાખ કહ્યાં નવ જાય, અને તેને બહુ રત્ન પદાર્થે જડંતર કહેવાય. ॥ ૫૭૩ ॥ તે મહેલ માં મોતી મલાણાની ખાટ ઝબુકે તત્વખેણ, ત્યાં સેહસ્ત્ર રંગી પલંગ બીછાવ્યા ઘણા. ॥ ૫૭૪ ॥ જે કંકુની રેતી સર્વે મુનિવરને દ્વાર, ત્યાં મુમન ખેલે નાનાં બાળ ॥ ૫૭૫ ॥ ત્યાં સર્વે મુમનને વસ્ત્ર દેવે મનગમતાં જાણ, તેના અનુપમ રંગ તણા શું કરીએ વખાણ. ॥ ૫૭૬ ॥ ત્યાં સર્વે ઋડખેસર મોટા દીગંબર સુજાણ, ભાઇ તેના રૂપ તણા શું કરીએ વખાણ. ॥ ॥ ૫૭૭ ॥ એવા મુનિવરને પહેરણ વાઘા સોનેરી જાત, તેને પહેરણ અજાયબ કરમદાભાત. ॥ ૫૭૮ ॥ ત્યાં મુનિવરને સુવર્ણ મોજડી પહેરણ પાય, અને તેની કેડનો પટકો કહ્યો નવ જાય. ॥ ૫૭૯ ॥ ત્યાં મુનિવર સુવર્ણના શીર બંધ બાંધે સતસીર, અને તેને પામડી ઓઢેળ સાનેરી

હીર. ॥ ૫૮૦ ॥ સર્વે મુનિવર પહેરે શીરબંધ પટકા બંધ, અને તે શોભે જેવા પુનમકા ચંદ. ॥ ૫૮૧ ॥ ત્યાં મુનિવર એસા પહેરે સર્વે શણગાર, તે એકેકા મુનિવરને ઘેર સીતીયું પચાસ નાર. ॥ ૫૮૨ ॥ ત્યાં બહું રૂપવંતી દીષે સર્વે સતીયું નાર, તેને પહેરવા આભુષણ તે સોળે શણગાર. ॥ ૫૮૩ ॥ સતીયુંને પહેરવા કાંચળી સીંદુરી જાત, તેને પહેરણ પટકો નવરંગી ભાત. ॥ ૫૮૪ ॥ ત્યાં સતીયું ને હાથમાં ચુડી સુવર્ણની અનુપમ સાર, તેમાં રત્ન પદાર્થ જડીયાં અપાર. ॥ ૫૮૫ ॥ ત્યાં સતીયુંની કોટમાં હીરા રતી જડીત એકાવળ હાર, ત્યાં એવા સતીયું કરે સોળે શણગાર. ॥ ૫૮૬ ॥ ત્યાં સતીયુંને ગળામાં હાંસળી અમાલ, અને તેને મોતી જડંતર કાને પહેરવાની જાલ. ॥ ૫૮૭ ॥ તે સતીયુંને હૈયામાં હીરા લાલ, રતન જડંતર ટીલડી ઝળકે લીલાટ. ॥ ૫૮૮ ॥ ત્યાં સતીયુને ઓઢળ અનુપમ દક્ષીણીના ચીર, અને તેમાં ગુલબંતી દીષે સોનેરી હીર. ॥ ૫૮૯ ॥ ત્યાં સતીયુને પગમાં કાંબી કડલાં વીંછીયા સાર, તેને અણવડ ઝાંઝરનો ઝંકાર. ॥ ૫૯૦ ॥ ત્યાં સતીયુને હાથમાં આરસી બહુ તેજવંતી દીષે, તેને કસ્તુરીએ સેંથા ભર્યા સાર. ॥ ૫૯૧ ॥ ત્યાં સતીયો કરે સોળે શણગાર, તે મુનિવરને ઘેર સર્વે શીલવંતીઓ નાર. ॥ ૫૯૨ ॥ જે મુનિવરના મનમાંહે ભોજન મન ઇચ્છા હોય, રાણી ત્યાં તેવા ફળ ખાવે સોય. ॥ ૫૯૩ ॥ ત્યાં ગરમ ટાઢું કોઇ મુનિવર ન ખાય, જેને જેવાં મન ભાવે તેવા ફળ ખાય. ॥ ૫૯૪ ॥ તેની દેહમાં કસ્તુરીની વાસના આય, ત્યાં પરસેવો અમીનો ઝળાવે સાય. ॥ ૫૯૫ ॥ જે રાણી દીવસનો એવો પઠાંતરો કહેવાય, અને તે કાયામાં ખુશબોઇ પરસેવો છુટાય, ત્યાં મુનિવર સુખ ભોગવશે જાણ, ભાઈ તેના આગમ સદ્દગોરે કહ્યાં નિર્વાણ. ॥ ૫૯૭ ॥ ત્યાં મુનિવર તખ્તે બેઠા સોનેરી શાશ, અને તેની પાસે કોતળ ને ચારેબુરાખ ॥૫૯૮॥ હરે રાણી ત્યાં એવા સુખ મુનિવર ભોગવશે સહી, અને તે લીલા લાડ કરશે ત્યાંહી. ॥૫૯૯॥ જેણે અહિયાં પાંચ ભુઆત્માં વારી દીલ રાખ્યા ઠામ, અને સત્પંથ સેવ્યા સદ્દગોરને ફર્માન. ॥૬૦૦॥ તેવાં ઋડખેસરોને રાજ આલે શાહ બાળા પંડ, ત્યારે સવા લાખ વર્ષની લીલા કરશે નવે ખંડ. ॥ ૬૦૧ ॥ જેને નવે ખંડમાં રાજ ઋડખેસરનાં હોય, તે શાહ તખ્તે બેઠા વસમ કુંવારીને પરણે સોય. ॥૬૦૨॥ ત્યાં એવા રાજ ઋડખેસર કરશે જયાંહ, અને આજ દશોદ સુક્રીત સદ્દગોર મુખે હાલ ગુજારે તેહ. ॥૬૦૩॥ જે નીત નીત અમી પીએને આચાર, એકસો ચાલીસ ક્રીયા તણા, તે મુનિવર ત્યાં સુખ ભોગવશે ઘણા. ॥ ૬૦૪ ॥ જે મુમન હોઈને આ ગોર મુખે દશોદ સુક્રીત આલે નહિ, અને ધર્મશાળાએ જાતાં આળશ કરશે સહી.

॥૬૦૫॥ ત્યાંહ પાયદળ પાવો થઇને રળવળતો ફરે, અને ત્યાં એવી વાણી સદ્દગાર બ્રહ્મા ઓચરે. ॥૬૦૬॥ જ્યાં અહીંયા દશોદ સુક્રીત દેતાં આળશ કરશે અપાર, તે ત્યાં કાટી ઘાસના ભારા માથે લઈ મરશે ભાર. ॥૬૦૭॥ જે અહિં પુરી દશોદ સુક્રીત આ ગોર મુખે દેશે આજ, તે ત્યાં અવીચળ અમરાપુરીમાં કરશે રાજ. ॥ ૬૦૮ ॥ જે મુનિવર અહિંયા પુરા સત્પંથ કમાવે આજ, તે ઇકોતેરસો પરીયા સાથે ત્યાં અમરાપુરમાં કરશે રાજ. ॥ ૬૦૯ ॥ છ દર્શનની પૂજાના પરછાજાણ, હવે સુણો મુનિવરો તેના સહી નિર્વાણ. ॥૬૧૦॥ જે ગાફલ દુનિયા આ સત્પંથ ધર્મની નિંદા કરે, તે મહાદન વેળામાં માથું કુટી ત્યાં મરે. ॥ ૬૧૧ ॥ જ્યારે તે ઋખેસરનું રાજ દુનિયા દેખે તતખેણ, ત્યારે તે લોક ત્યાં છાતી કુટી મરશે ઘણે. ॥ ૬૧૨ ॥ જે કોઇ અહિયાં પત્થર મુર્તીની પૂજા કરે, ને તે બહોત પૂજા પાખંડ દેવળદેરામાં ધરે. ॥ ૬૧૩ ॥ જેણે અહિંયા છ દર્શનની ભક્તી કીધી આય, તેણે દન ત્યાં ફળ તેવાં પાય. ॥૬૧૪॥ સુણો ભાઈ મુનિવરો અહિંયા જેવાં બીજ વાવીએ જાણ, તો આગળ તેવાં ફળ પામીએ નિર્વાણ. ॥ ૬૧૫ ॥ જે અહિંયા ચુંટી પાત્રી પત્થર મુર્તીની પૂજા કરે, તે ત્યાં સવાપોર લગી છાતી ઉપર લઇને ફરે. ॥ ૬૧૬ ॥ જે કોઈ આજ અહિંયા તીર્થે પાણી જાત્રા કરે, તેણે દિન સવાપોર લગી ત્યાં નીત નીત પાણીમાં ડુબી મરે. ॥ ૬૧૭ ॥ જે કોઇ આજ બ્રાહ્મણ, જોગી, સેવડા, સન્યાસીની પૂજા કરે તેણે સવાપોર લગી ખાંધે લઇને રળવળતા ફરે. ॥ ૬૧૮ ॥ જે કોઇ આજ અહિંયા છ દર્શન માંહે ગઉ પીપળો પૂજે અજાણ, ત્યાં તેણે દન સવાપોર લગી છાતી ઉપર લઇને ફરે નિર્વાણ. ॥૬૧૯॥ જે કોઈ અહિંયા; વ્રત; વરતોલાં ને અપવાસ કરે, ત્યાં તેણે દન દઈ રૂડી પામે પણ તે કાટી ઘાસને વેચીને ભૂખે મરે. ॥ ૬૨૦ ॥ જે કોઈ આજ દુનિયા લોકના ગોરની જપ તપની પૂજા કરાય, તે ત્યાં એણી પેરે પૂજા ફળશે કાંઇકેનું રદ નહિ થાય. ॥૬૨૧॥ જે કોઇ આજ કળીમાં દાન પુન બ્રાહ્મણ જોગી, જગમને દે, અને તે સેવડા સંન્યાસી સોફી માંગી લે. ॥૬૨૨॥ એ છ દર્શનના ગોરને ધર્મ આલીને જમાડે જઈ, તેને આગોર અહિંયાનું અહિંયા સો ઘણું પાછું આલે સહી. ॥ ૬૨૩ ॥ તે દુનિયા લોક અહિંયાની કમાઇ સર્વે અહિંયા ખાઇ રહ્યા, અને તે લોક મુનિવરનાં વરવેળાએ શાહપાસે ઠાલા ગયા. ॥૬૨૪॥ જે કોઇ આજ કળીયુગ માંહે વીતી વાત જાણીને હૃદયમાં ધરે; અને પાણી પત્થર પાખંડની પૂજા કરે. ॥ ૬૨૫ ॥ જે આ સત્યગોર વીના ભૂલી દુનિયા લોક ત્યાં રળવળીને મરે, અને તે સર્વે ફળની વેળા છાતી ઉપર લઇને ફરે

॥ ૬૨૬ ॥ જે કોઇ આજ જેવી મુનિવર પૂજા કરે, ભાઇ તેને ત્યાં તેવો પસ્તાવો ઘેરે. ॥ ૬૨૭ ॥ ત્યાં વરવેળા શાહ અદલ કરશે જાણ, અને જેણે અહિંયા પૂજા કરી તેવાં ફળ આ ગોર આલે નિર્વાણ. ॥ ૬૨૮ ॥ જે કોઇ અહિં-યા આવા ધર્મ સત્પંથ ધાય, અને તે દશોંદ સુકીત સદગોર મુખે દીધી જાય ॥ ૬૨૯ ॥ જેણે અહિંયા દશમા અવતાર પાત્ર ઓળખ્યા સતભાય, અને આજ એક ઇમાને પૂજા સદગોર નરની પાય. ॥ ૬૩૦ ॥ જે આજ કળીમાં ધર્મ આ સત્પંથ પાળે દુનિયા લોક જાણી કોય, અને તે ત્યાં પ્રાણી નિશ્ચે અમ્મર હોય. ॥ ૬૩૧ ॥ તે ત્યાં સવાલાખ વર્ષ લગી નવખંડમાં ઋડખેસર લીલા કરે, અને પછી વળી શાહોજી સૃષ્ટી બધી સણગારી ધરે. ॥ ૬૩૨ ॥ જ્યારે સૃષ્ટી સણગારી શાહ જમીનના પાટ ફરાય, ત્યારે નવ ઘરોણી મેવા મુસળધારા વર્ષાય. ॥ ૬૩૩ ॥ ત્યારે સુરવાઈલ ફીરસ્તો સુર દેશે જાય, ત્યાં સર્વે પ્રાણી ઉઠી ઉભા થાય. ॥ ૬૩૪ ॥ જે મહાદનની હકીકતના પરછા જાણ, હવે તેના સુણો મુનિવરો નિર્વાણ. ॥ ૬૩૫ ॥ ભાઈ મુનિવરને વૈકુંઠ દુનિયા દોજખ જાય, ત્યાં આરબીરૂપે બેઠા નુર નકલંકીરાય. ॥ ૬૩૬ ॥ ત્યાં અસ્માન નવનેજા ઉપર આવશે પુર, ભાઈ મુનિવરો એટલું રહેશે દુર. ॥ ૬૩૭ ॥ ત્યારે ધરતિ ત્રાંબા વર્ણી થાશે સહી જાણ, ત્યારે સેહસ્ત્ર કળાલઇને તપશે રવીભાણ. ॥ ૬૩૮ ॥ જ્યારે અગનની ઝાળ પડશે ધરતી ઉપર આય, ત્યાં સર્વે ત્રાંબા વર્ણી જમીન થાય. ॥ ૬૩૯ ॥ તે વેળાએ સદગોર શાહોજી એમ જ કરે, અને શાહ મેવા ડમ્મરના છત્ર સાચા મુનિવર શીર ધરે. ॥ ૬૪૦ ॥ તાંહ અરબી રૂપે શાહનું સહી કરી જાણ, ત્યારે કેની અરજ નહી માને ફર્માન. ॥ ૬૪૧ ॥ ત્યાં એક સેહસ્ત્ર મણની હેઠળ એરણ સહી જાણ, એક સેહસ્ત્ર મણનો ઉપર ઘણ પ્રમાણ. ॥ ૬૪૨ ॥ આજ કળીમાં જે કોઈ મુમન થઈને ક્રિયા બારમુ ખાય, તે નહિ હાલ ગુજારે નહિ ગોરગતમાં જાય. ॥ ૬૪૩ ॥ જે અહિંયા ગુના સર્વે અમથા રહે, અને તે ઘણનો ઘા તે ઉપર પહેલો દે ॥ ૬૪૪ ॥ ત્યાં તલ તલના લેખાં શાહ પૂછે વાત, પણ જેનો કાગળ હશે તેને હાથ. ॥ ૬૪૫ ॥ જે આ દેહના ઉટ કરોડી, રૂમરાય દેહના કર્તવ્ય જોય, તે ત્યાં ગોરનર આગળ ગવાહી પુરાવે સોય. ॥ ૬૪૬ ॥ તે સર્વે ઉટ કરોડી રૂમરાય લોઢાના થાય, અને ત્યાં જીવ જુઠાં બોલતો પાછા ફરીને દેવ ઘણનો ઘાય. ॥ ૬૪૭ ॥ ત્યાં જીવને ઉપર સુરજની અગ્ની તળે ધરતીની ઝાળ, તે દેહને નેત્ર લોહી અંગ નિર્ધાર. ॥ ૬૪૮ ॥ જ્યારે ઉંધે મસ્તક જીવને અગન ધીકાય, ત્યારે

માથાના ભેચાકાને નીસરી જાય. ॥ ૬૪૯ ॥ ત્યાં રોએ ગુનેગાર બહુ કરે શોર બકોર, જેણે અહિંયા ગુના ચુકાવ્યા નહિ તે ત્યાં થશે ચોર. ॥ ૬૫૦ ॥ ત્યાં શાહ અરબી રૂપે નજર કરડી દેખાય, ત્યાં ગોર બ્રહ્માની અરજ નહીમને સાય. ॥૬૫૧॥ ત્યાં નહિ વૃક્ષ નહી વવાય, અને ત્યારે નહિ અન્નપાણી તેણે ઠાય. ॥૬૫૨॥ ત્યાં માત પિતા નહિ બેનીને વીર, તે આપે આપણ કર્તવ્ય ભોગવે શરીર. ॥૬૫૩॥ ત્યાં રોવે ગુનેગાર બહુ બુમજ કરે, તેને મુખમાંહેથી અગનની ઝાળ નીસરે. ॥૬૫૪॥ ત્યાં સ્ત્રી નહિ પુત્ર એકલા આપો આપ, ત્યારે આપે આપણુ કર્તવ્ય ભોગવશે પાપ. ॥ ૬૫૫ ॥ ત્યાં અગ્ની લોહા આકાશથી વર્ષે જાણ ત્યારે તેના દાઝે કાયાને પ્રાણ. ॥૬૫૬॥ ત્યાં દેહી ઝળ બળીને ખાકજ થઇ જાય ત્યારે દેહી બેઠી કરશે પાવળ છાંટીને સાય.॥૬૫૭॥ જ્યારે એવાં સો વાર દેહી ભાંગે વડે નિર્વાણ,ત્યાં શાહની નજર આગળ તેનો એક ગુનો ઉતરે જાણ.॥૬૫૮॥ એણીપેરે શાહોજી મહાદનમાં ગુના ઉતારે જીવાજન, અને ત્યાં પચાસ હજાર વર્ષનો થાશે એકજ દન. ॥૬૫૯॥ રાણી ત્યાં એવો શોર પડશે કહીં કહ્યો નવ જાય ત્યારે એમ દુઃખ ભોગવશે જેમ વાઘે ઝાલી ગાય ॥ ૬૬૦ ॥ ત્યાં એક એક જીવના એવા હિસાબ મહાદનમાં થાય, ત્યારે સાચા સુમન મન વેગે પર સલ્યા ઉતરી જાય. ॥ ૬૬૧ ॥ જ્યાં ગુનેગાર જીવને માર પડશે સહી, ત્યાં દેવલોક એકઠા મળશે જઈ. ॥ ૬૬૨ ॥ જે અહિંયા સત્પંથ સેવી જાત જાત પાવળ પીએ સોય, ભાઇ તેને ત્યાં માર ન દેવે કોય. ॥ ૬૬૩ ॥ જે અહિંયાં પાવળ પીએ ને ગફલત રહે, તેને ઘણનો માર તે ફીરસ્તો જીબ્રાઇલદે. ॥ ૬૬૪ ॥ જે નુરશાહ વલીજીની વીનતીના પરછા જાણ, હવે સુણો મુનિવરો તેના નિર્વાણ. ॥૬૬૫॥ ત્યારે શાહને જમણે પાસેથી તપસ્વી નુરશાહ વલીજી ઉઠયા જોય, ત્યાં ગોરે મુરીદ પોતાના છોડાવ્યા સોય. ॥૬૬૬॥ ત્યાં ગોર મુરીદને છોડાવા પોતાના ખાસ, તેને બાંય ઝાલીને લઈગયા શાહોજીની પાસ. ॥૬૬૭॥ હવે મેહેંદી સાહેબ એ જીવના ગુના બક્ષો જાય,બાવા એણે આશા કરી છે આપણી આય. ॥૬૬૮॥ શાહોજી એણે મોટા આશ કીધી છે અમ્મર તણી, તે અંધા થયા પણ આવીને વળગ્યા આપણી દામણી. ॥ ૬૬૯ ॥ હવે તમે મેહરની નજર કરો રસીયર ચંદ, બાવાતે આવી પહોંચ્યા આ કળીયુગ છેલ્લી સંધ. ॥ ૬૭૦ ॥ એ નુરશાહ વલીજી ઇસ ઉપર મેહેર કીજીએ કીસ ભાત, તમે સુણોને ગોરજી કહું ઇસ સુમનકી ॥૬૭૧॥ એ જીવ ગત ગંગા માંહે આવીને ન સાંભળ્યા વેદ સફાળ, એણે જીકરબાત. બંદગી ન કીધી રાત. ॥ ૬૭૨ ॥ નુરશાહવલીજી એ જીવ તો ચારે યુગમાં ભાગતા

ફર્યા અપાર, આજ શરણે તમારી આવ્યા ગમાર. ॥ ૬૭૩ ॥ હવે નુરશાહ વલીજી શરમ તમારી રાખું સત સાર, ગોરજી નકાં ઇસ મુમનકું બહોત દઉં માર. ॥ ૬૭૪ ॥ બાવા આજ શરમ અમારી રાખવી જોય, સાહેબ તમે સદાય મહેરબાન હોય. ॥ ૬૭૫ ॥ બાવા જો બાપ મારને કું પુત્ર કું આય, તો પીછે બેટા કીસકી શરણે જાય. ॥ ૬૭૬ ॥ સુણો સાહેબ પાંચપુત્ર એક બાપના હોય, બાવા ઉસમે પાંચે સરખા નહિ કોય. ॥ ૬૭૭ ॥ ઉસે બાપ બેટાકુ પાલ પોષકર નીપાય, બાવા ઉસમેં એક દો પણ ગાફલ થાય. ॥૬૭૮॥ અરે શાહોજી અને બેટા ભલા બુરા બાપનાં કહેવાય, અને સોય બાપકુ શરમ જ આય. ॥૬૭૯॥ એસા મુમન બાળક આપણા કહેવાય,બાપા સો કેમ એ દોજખમાં જાય.॥૬૮૦॥ એ તો નુરશાહ વલીજી તમે સાચી વાત જ કહી, પણ ગોરજી એક બાત અમારી સુણ જો સહી. ॥૬૮૧॥ આગે યુગમાં ભેજયા તમકુ બહોત દીતી બઢાઇ, ગોરજી તબ ઇસકું કયુંના કહ્યા ચેતાઇ. ॥૬૮૨॥ કે સુણો શાહોજી ઉંચે માળે અમે ચઢયા વારોવાર, બાવા ઉસ મુમનકું યુગો યુગ કહ્યા પોકાર. ॥૬૮૩॥ ભાઈ મુનિવરો આગળ મહાદન આવશે જેસી ખંડા ધાર, ત્યાં માથે પડશે તમારે ઘણુનો માર. ॥ ૬૮૪ ॥ ભાઇ મુનિવરો એસી માર પડશે મહાદન વેળામાંહે, આજ તમે દુનિયા દેખી મત ભૂલો અહિંયા. ॥ ૬૮૫ ॥ ભાઈ ત્યાં આરબી રૂપે મહેર નહિં માને મુજ, અને જબ આવે કયામત રોજ. ॥ ૬૮૬ ॥ સુણો શાહોજી તબ એ મુમન કું કહ્યા પોકાર, બાવા તો પણ ગાફલ રહ્યા ન રાશ. ॥ ૬૮૭ ॥ પણ એ મુમને આશા કરી છે આપણી ગોરનર તણી, હવે તે કેમ નીરાશ જાય ત્રાભોવન ધણી. ॥ ૬૮૮ ॥ તબ દો કર જોડી નુરશાહ વલીજી વીનવે ઉમત ને કાજ, તમે વિનતી સુણો અમારી મહારાજ. ॥ ૬૮૯ ॥ એ સર્વે નકુછ મુમન ગત આપણી કહેવાય, હવે રાખો બાવા નુરશાહ વલીજીકી લાજ. ॥ ૬૯૦ ॥ સુણો નુરશાહ વલીજી તમે જેને બક્ષો તે અમે બક્ષીએ હોય, ગોરજી તમ હમ આખર એક નહિ કુછ દોય. ॥ ૬૯૧ ॥ જે ગોર નર આખર એક જ દેહ હોય, હવે સદ્દગોરજી તમે કરો તે થાય. ॥ ૬૯૨ ॥ જયારે શાહોજીએ નુર-શાહ વલીજીકું એસા કહ્યા જાણ, ત્યારે સર્વે મુમને ત્યાં ગોરનરને કીધા પ્રણામ. ॥ ૬૯૩ ॥ ત્યારે હસી હરખમાં શાહોજી સદ્દગોર સું બોલ્યા સત નામ, હવે એ મુમન કું દો અમરાપુરીમાં ઠામ. ॥ ૬૯૪ ॥ ત્યાં આરબી રૂપે શાહોજી થયા મહેર-બાન, હવે જાવ ગોરજી એ મુમનકું દયો જનત મુકામ. ॥ ૬૯૫ ॥ જેણે અહિંયા દશોદ સુકીતે કીયા પાળી જાણ, તે મુમનકું મહાદન એળે ગયા ઉનર્વાણ. ॥ ૬૯૬॥

જે સાચા મુનિવર નીપન્યા તે શાહના છત્ર તળે રહ્યા, અને કુડીયા પાપીતે દોઝખમાં ગયા. ॥ ૬૯૭॥ ત્યાં મહાદન વર્તાયા પછી રચના કહેવાય, અને શાહ સદ્‌ગોર બ્રહ્માને હુકમ ફર્માય. ॥ ૬૯૮ ॥ મોટી અમરાપુરીના પરછા જાણ, હવે સુણો મુનિવરો તેનાં વખાણ. ॥ ૬૯૯ ॥ ત્યારે હસી હરખમા શાહોજી સદ્‌ગોરને બોલાવે પાસ, હવે આપણે મુમનકું દયો મોટી અમરાપુરીમાં વાસ. ॥ ૭૦૦ ॥ જે સાચા સત્પંથી મુમનકું સદ્‌ગોર સ્વર્ગમાં ચલાય અને તે પોતાની કમાઈએ ફર્સલા ઉપર થઈને જાય. ॥ ૭૦૧ ॥ એ ફર્સલાની ઘાંટી ઉપર કંપે ગુનેગાર, ત્યાં ચાલવું જેમ ખંડા નીધાર. ॥ ૭૦૨ ॥ પણ ત્યાં સાચા મુમન તે આગળથી ઉતરશે પાર, તે જઈને પોતા સ્વર્ગની વાડી મોઝાર. ॥ ૭૦૩ ॥ જે મુમન ફર્સલાની ઘાંટીથી બોલાવ્યા સાર, ત્યારે જઈ પોતા અમરાપુરીના દરવાજા બહાર. ॥ ૭૦૪ ॥ જે કોઇ મુમન ઇજરાઇલ ફીરસ્તાના કોલસું પુરા કહેવાય, તે ગોરનરે સ્વર્ગમાં લીધા બોલાય. ॥ ૭૦૫ ॥ જે મુનીવરને ચુંક પડી આ સંસારમાંય, તેથી પ્રાણી બાહેર ફેરા ખાય. ॥ ૭૦૬ ॥ ત્યાં મુમને દેખા સ્વર્ગ અનુપમ સાર, તેના સુવર્ણ કોટને ફરતા કીંગરા અપાર. ॥૭૦૭ ॥ ત્યાં સર્વે મુમનને ઘરે કેસર કસ્તુરીની ગાર, તેમાં સુવર્ણની ઇંટે ચણતર અપાર. ॥ ૭૦૮ ॥ જે ગોર નરને નામે સોના રૂપાની ઈંટ, શાહે ત્યાં અનુપમ ઉઠાવી ભીંત. ॥ ૭૦૯ ॥ બારસાખ કમાડ સુવર્ણના ઘડયાં, ત્યાં રતન પદાર્થે હીરે જડયા. ॥ ૭૧૦ ॥ ત્યાં સુવર્ણના મહેલ ઝળકે બહુ તેજ અપાર, ત્યારે સેહસ્ત્ર સુર્યના તોરણ બાંધ્યા દરબાર. ॥ ૭૧૧ ॥ ત્યાં એક એક ખેસરોને મંદીર સુવર્ણનાં ઘડયાં, અને તેનાં પાણીયારાં માણેક મોતીએ જડયાં. ॥ ૭૧૨ ॥ એક એક ત્રીપુંએ સરને મહેલ હીરા માણેક જડંતર કહેવાય, તે મંદીરનાં રૂપ કાંઇ કહ્યાં નવ જાય. ॥ ૭૧૩ ॥ તે મંદીરને ઉપર સાત કળશ દીપે અનુપ, તે એક એક કળશની સેહસ્ત્ર કળા સુરજની જ્યોત. ॥ ૭૧૪ ॥ જે સ્વેતરંગી પલંગ સદ્‌ગોરે બીછાવ્યા ઘણા, અને ત્યાં રત્નજડંતર હીંડોળા ખાટ કહેવાય ઘણા. ॥ ૭૧૫ ॥ ત્યાં મુમન પોઢીને એવાં સુખ ભોગવશે સાર, તેને સુરજ રંગની સત્તરનાર. ॥ ૭૧૬ ॥ ત્યાં ચંદ્રમાં વદની સતીયો સત્તર સાર, તેમાં ચાર દેવકન્યા નાર. ॥ ૭૧૭ ॥ જે અહિંયા લોકની સ્ત્રી પોતાના ધણી સાથે ધર્મ પળાય, તે ત્યાં અર્ધંગના સર્વે ઉપર પટરાણી થાય. ॥ ૭૧૮ ॥ એક એક ઋડખેસરને ઘેર સતીયું પચાસે નાર, તેના પચાસે કુંવર નુરાની બેસે દરબાર. ॥ ૭૧૯ ॥ રતન જડંતર હીંડોળા દીપે અપાર, તેના હાથમાં સુવર્ણ ગેડી અનુપમ

૨૯

સાર. ॥ ૭૨૦ ॥ તે રૂડખે સરોને સર્વે દેહી નુરાની હોય, ત્યાં નુરાની વસ્ત્ર પહેરે સબ કોઇ. ॥ ૭૨૧ ॥ એવી રચના સ્વર્ગમાં ગોરનરે રચી છે સહી, તેને જમણે સાતે સરોવર અમીના ભર્યાં છે ત્યાંહી. ॥ ૭૨૨ ॥ તે સરોવરને સુવર્ણના ચીરા કસ્તુરીની પાળ, તેનાં માણેક મોતીએ જડયા પરસાળ. ॥ ૭૨૩ ॥ તે સરોવરમાં માણેક મોતીની ઘેળું અપાર, એના ફરતા આરા બાંધ્યા તે સુવર્ણના પગથીયાં સાર. ॥ ૭૨૪ ॥ તે સરોવરની પાસે કલફ વૃક્ષ કહેવાય. જેણે સઘળી અમરાપુરી છાય. ॥ ૭૨૫ ॥ એવું સદ્દગોર શાહોજી એક રૂંખ ની પાસ, અને તે બહોત વૈયર કાંઈ કહ્યું નવ જાય. ॥ ૭૨૬ ॥ ત્યાં અનીત પક્ષી બહુ રંગે પોપટ અમુલ, તેણે રૂખે બેઠાં જનાવર કરે છે કલોલ. ॥ ૭૨૭ ॥ જે સરોવરની જમણી પાસે મહાવૃક્ષ કહેવાય, તે માંહે એક ડાળ ગોરનર નીપાયા. ॥ ૭૨૮ ॥ જે પંખેરૂં થઈને જીવનો વાસો વસાય, તે સાહેબની રચના કાંઈ કહી નવ જાય. ॥ ૭૨૯ ॥ એ અનેક પક્ષી પોપટને સુવર્ણની ચાંચો રૂપાની પાંખ, એ વૃક્ષની ડાળે બેઠાં પક્ષી ઝુલાય. ॥ ૭૩૦ ॥ તે જેમ જેમ જુએ તેમ તેમ રોશે સાર, જે અહિંયાં કરણી વીનાં જીવડાં ભૂલશે સાર. ॥ ૭૩૧ ॥ એ સર્વે સ્વર્ગની રચના કાંઇ કહી નવ જાય, ત્યાં સૌ સૌને ઘેર રત્ન પદાર્થ જડીયા અપાર. ॥ ૭૩૨ ॥ જે ચંદ્રમાં સુરજ આ યુગમાં સાર, ને તે મુનિવરને ઘેર જડીયા અપાર. ॥૭૩૩ ॥ ભાઇ મુનિવરનો વાસ છે અમારા પુરમાંહે, ને તે ઉપર કલફવૃક્ષ છાયા થાય. ॥ ૭૩૪ ॥ તે સવા સવા મણનો આહાર ભોગવે જાય, અને મન ઇચ્છાં ફળજો ખાય. ॥ ૭૩૫ ॥ ત્યાં આહાર છે પણ નહાર નહિ કહેવાય, ભાઇ મુનિવરતે નુરાની પરસેવો થઈને ઉતરી જાય. ॥ ૭૩૬ ॥ જે કોઇ અહિંયા પુરા સત્પંથ કમાય, અને તેની ત્યાં અનેક રચના સદ્દગોર શાહ નીપાય. ॥ ૭૩૭ ॥ ઇકોતેરસો ભાઈના, ઇકોતેરસો બાપના કહેવાય, તે સાત કુળ સાસરી સાથે અમરાપુરામાં જાય. ॥ ૭૩૮ ॥ એવાં સુખ મુનિવર ભોગવશે સાર, ત્યાં વારો વાર હોશે ગોર નરનાં દીદાર. ॥ ૭૩૯ ॥ જ્યારે આદે અંતના દેવ આવ્યા શાહની પાસ, ત્યારે સદ્દગોર શાહોજી આતે અમરાપુર વૈકુંઠમાં વાસ. ॥ ૭૪૦ ॥ ત્યારે સદ્દગોરે એવાં તપ કીધાઃ વખમે ઘાટ, ત્યારે શાહોજીએ સાચા મુનિવરને સ્વર્ગની આલી વાટ. ॥ ૭૪૧ ॥ તે મુનિવર અમરાપુરમાં સુખ ભોગવશે જાણ, તેને અમર પદ પામ્યા સદ્દગોરને ફર્માન. ॥ ૭૪૨ ॥ જે આ સદ્દગોરનાં જપ તપ થકી જીવ ઓધર્યા જાય, ભાઈ મુનિવર તે અમ્મર થયા નિર્વાણ. ॥ ૭૪૩ ॥ પ્રથમ આઠ લાખ કરણ શાહોજીએ સર્જ્યા જાણ, ત્યાં

સદ્‌ગોર બ્રહ્માએ તપ કીધા પ્રમાણ. ॥ ૭૪૪ ॥ ત્યાં સદ્‌ગોરના જપ તપ થકી
દેવ નીપન્યા કરોડી અન્નંત, તેણે સાહેબ સું અવીચળ રાખ્યા ચિત. ॥૭૪૫॥
પ્રથમ જાયલા કલફમાં તપસ્વી ગોર બ્રહ્મા જાણ, ત્યારે જાખા દેવ નવ્વાણું કરોડી
નીપન્યા નિર્વાણ. ॥ ૭૪૬ ॥ બીજા ફાયલા કલફમાં તપસ્વી સેષ્ટ ગોર જાણ, ત્યાં
મેઘાદેવ છપ્પન કરોડી ઓધર્યા પ્રમાણ. ॥ ૭૪૭ ॥ ત્રીજા અર્જલા કલફમાં તપસ્વી
ગોર ઈમામ શાહ જાણ, ત્યાં બત્રીસ કરોડી કીન્નર દેવ સીધા નીર્વાણ. ॥ ૭૪૮ ॥
ચોથા ખલીફા કલફ માંહે તપસ્વી ગોર નબી મહંમદ જાણ, ત્યાં તેત્રીસ કરોડી
દેવ નીપન્યા પ્રમાણ. ॥ ૭૪૯ ॥ પહેલા કર્તા યુગમાંહે તપસ્વી ગોરે અમ્મર કીધાં
કામ, ત્યાં સદ્‌ગોર વચને આ સત્પંથ ધાયા પ્રહલાદ. ॥ ૭૫૦ ॥ તે ગોરના જપ
તપ થકી પાંચ કરોડી દેવ છુટયા જેહ, ત્યાં પામ્યા અવિચળ અમરાપુરી તેહ.
॥ ૭૫૧ ॥ બીજા ત્રેતા યુગમાં તપસ્વી ગોર વશિષ્ટે આ ધર્મ દેખાડયા જાણ, ત્યાં
સદ્‌ગોરે બહુ તપ કીધાં નિર્વાણ ॥ ૭૫૨ ॥ એ ગોરના જપ તપ થકી સાત કરોડી
ઘેર નીપન્યા હરિશ્ચંદ્ર જાણ, તે તો વૈકુંઠ પામ્યા નીર્વાણ. ॥ ૭૫૩ ॥ ત્રીજા દ્વાપર
યુગમાં તપસ્વી ગોર વિદંવ્યાષે આ ધર્મ દેખાડયા જાણ, ત્યાં સદ્‌ગોરે બહુ તપ
કીધા નિર્વાણ. ॥ ૭૫૪ ॥ એ ગોરના જપ તપ થકી નવ કરોડી પાંડવ યુધિષ્ઠિર
રાય, અને તે અમરાપુરમાં પોત્યા જાય. ॥ ૭૫૫ ॥ ચોથા આ કળીયુગમાં તપસ્વી
ગોર સોહદરદીને આ ધર્મ દેખાડયાં જાણ, તે સદ્‌ગોર તપસ્વીએ કાગળની હોડી
કીધી નીર્વાણ. ॥ ૭૫૬ ॥ ત્યાં પીર સોહદરદીને કહ્યુએ મોટાઈ દીલમાં આણ, એ
થકી વજરની ભીંત ઉઠી નીર્વાણ. ॥ ૭૫૭ ॥ જ્યારે પીર સોહદરદીન છ માસ લગી
એક પગે ઉભા રહ્યા, ત્યારે ગળામાં તોક પહેરીને આધીન જો થયા. ॥ ૭૫૮ ॥
જ્યારે એણી રીતે તપસ્વીગોરે તપ કીધા અપાર, ત્યારે નર ઇસ્લામશાહે દીધા
દીદાર. ॥ ૭૫૯ ॥ તે ગોરનાં જપ તપે બાર કરોડી દેવ કળીયુગ સંઘે નીપન્યા
જાણ, તેનાં કમળા કુંવરને શીર બાંઠ્યા નીર્વાણ. ॥૭૬૦॥ જે આડ લાખ કરણમાં
અન્નંત કરોડી જો દેવ નીપન્યા જાણ, તે ફળંતર વેળામાંહે પહેલા વર પામશે
નીર્વાણ. ॥ ૭૬૧ ॥ જે કરણ કલફમાં તપસ્વી ગોર બ્રહ્મા એ તપ કીધા જાણ ત્યારે
એટલાં દેવના લખ્યા નીશાન. ॥ ૭૬૨ ॥ આજ અથર્વ વેદમાં ભાંખ્યા તે કળી-
યુગ છેલ્લી સંધ, આજ નબીમહંમદને સત્ય કરી માનો એમ વેદ કુરાને બાંઠ્યા
બંધ. ॥ ૭૬૩ ॥ જે તપસ્વી ગોર બ્રહ્મા તેજ નબીમહંમદ આજ, ભાઈ આ તગ
સર્વે તેની કહેવાય. ॥૭૬૪॥ આદે અંત જોગ તપસ્વી ગોર બ્રહ્માનો આય, તે ચોગે-

શ્વર છાનો જોગ સતસું કમાય. ॥ ૭૬૫ ॥ જે નવ અવતારે નારાયણ દેવ આવ્યા ભકતું ને કાજ, તે આજ કળીયુગમાં દશમે સાચા મુનીવરને આલવા રાજ. ॥ ૭૬૬ ॥ જે શ્રી નારાયણ દેવ તે વિશ્વત્ર અવતાર, તે દેવે ધરી અવતાર ને દહિંત સંહાર્યા તેણે ઠાર. ॥ ૭૬૭ ॥ પહેલાં નવે અવતારે નવ દહિંતને હણ્યા, દશમે કાળીંગો જાણ, એવાં પીર શમસ કહે આગળ પાછળ એંધાણ. ॥ ૭૬૮ ॥ એ દેવના આગળ પાછળ ચરિત્ર સાંભળો અપાર, અને સુખ દુ:ખ તે દુનિયાનો વહેવાર. ॥ ૭૬૯ ॥ જે આજ દેવના વેદ વચન સહી કરો પ્રમાણ, ભાઇ તમે તો પામશો અમરાપુરમાં ઠામ. ॥ ૭૭૦ ॥ આ દેવના વેદ વચન મુનિવર ભાઇ પ્રમાણ, એમ કહે પીર હશન શાહ ગોર ઇમામ. ॥ ૭૭૧ ॥ પણ જે કોઈ આ ગોરનાં વેદ વચન ઉથાપે જાણ, તેને મેલો પીસ્તાલીસમે ઠામ. ॥ ૭૭૨ ॥ આજ કળીયુગમાંહે અથર્વ વેદ સહી પ્રમાણ, અને જે અથર્વ વેદ બોલે તે કરવું કામ. ॥ ૭૭૩ ॥ આજ ગોરનરના વેદ વચન થકી આગળ દેવની નીપન્યા જાણ, તે સાંભળો સુરજા રાણી એમ કહે ગોર ઇન્દ્ર ઇમામ. ॥ ૭૭૪ ॥ જે આજ અથર્વવેદ માંહે યવન રૂપી બ્રહ્મા નારાયણ, તે ભરતખંડને જાંબુદ્વીપે પ્રગટ બેઠા જાણ. ॥ ૭૭૫ ॥ જે શાહના દશમાં અવતાર આગમ ભાંખ્યાં જાણ, તે સદ્દગોર બ્રહ્માએ આદે અંતનો મેળ કીધો પ્રમાણ. ॥ ૭૭૬ ॥ જે કોઈ દશમાં અવતારની દશતરી પુરી પરમાણે ભેદ, અને તે મુનિવર હોશે દેવ. ॥ ૭૭૭ ॥ કે સુણોરે સુરજા રાણી પ્રત્યક્ષ અગમ નીર્વાણ, આજ ગોરનર જાંબુદ્વીપમાં બેઠા પ્રગટ પ્રમાણ. ॥ ૭૭૮ ॥ આજ ગોર નરનાં નામ વિસારો નહિ, તો અમરાપુરમાં પહોચો સહી. ॥ ૭૭૯ ॥ જે દશમાં અવતારની દશતરી પુરી પ્રમાણી પાળે નરને નાર, તે લક્ષ ચોરાસી માંહે નહિ પડે આ યુગ સંસાર. ॥ ૭૮૦ ॥ જે કોઈ ભક્ત સતીયા આ ગત ગંગામાં આવીને સાંભળે જાણ, તે દશે અવતારની દશાતરી અને અથર્વ વેદની વાણ. ॥ ૭૮૧ ॥ એ એક એક શબ્દે શબ્દ હસ્તીફળ લખ્યા નિર્વાણ, અને તે વળી ભણે સાંભળે જે એકે ધ્યાન. ॥ ૭૮૨ ॥ તેને વીસંભરા યજ્ઞ કીધાનું ફળ વરદાન હોય, અને જે આગળ માંહે એક મન આવી સાંભળે સોય. ॥૭૮૩॥ જે દશામાં અવતારની દશતરી ભણે, અને સતી લોકો શબ્દે શબ્દ સાંભળે. ॥ ૭૮૪ ॥ તે ભકતને શબ્દે ધર્મ દાન, અને તે કરોડી હસ્તીનું ફળ પામે નિર્વાણ. ॥ ૭૮૫ ॥ જે આ ગતમાં આ ભણે શ્રી નારાયણ દેવના દશે અવતાર, તે આજ એક ધ્યાને સાંભળે નરને નાર. ॥ ૭૮૬ ॥ એમ સદ્દગોર કહે તેના પુન્ય તેણો નવ

આવે પાર, તે તો ફરીને લખ ચોરાસીમાં ન પડે લગાર. ॥ ૭૮૭ ॥ જે કોઈ ભક્ત સતીયો આ વેદ પ્રમાણે સુકીત કરશે જાણ, તેને એંસી લાખ ઉંટા શામળ ચાલે નીર્વાણ. ॥ ૭૮૮ ॥ તે ગોર શમસ કહે શ્રી નારાયણ દેવના દશે અવતાર. આજ પુરા ભણે શાંભળે જે કોઇ નરને નાર. ॥ ૭૮૯ ॥ તે ભક્તને મહાદનની ઝાળ નહીં લોપે લગાર, બાકી ઝુટાના સીર પડશે ઘણુની માર. ॥ ૭૯૦ ॥ સદ્દગોર સોદરદીન સાથે બાર કરોડી નીપન્યા કમળા કુંવરપીર, તે હસનશાહ સ્થાપ્યા અનંત કરોડીના પીર. ॥ ૭૯૧ ॥ એવી સત્ય વાણી કહે ઇંદ્ર ઈમામશાહ પીર, અને તે તમે સ.ચું માનો મુમનવીર ॥ ૭૯૨ ॥ એક દન મહાદન આવશે તમે સત સબુરી રાખો ધીર, અને ત્યાં ખુદાતાલા કાજી થાશે ને મહંમદ થાશે વજીર. ॥ ૭૯૩ ॥ ચાર લાખને વર્ષ બત્રી હજાર, ત્યાં સુધી ભોગવે શ્રી નિષ્કલંકી અવતાર. ॥ ૭૯૪ ॥ એ શ્રી નારાયણ દેવના દશે અવતાર સંપૂર્ણ સહી જાણ, એવા ગોર બ્રહ્મા ઇંદ્ર ઈમામ શાહે આગમ ભાંખ્યા નિર્વાણ. ॥ ૭૯૫ ॥ ત્રેંતાલીસ લાખ વીસ સેહસ્ત્ર એતા જાણ, અને ચાર યુગમાં દશે અવતાર લીધા ભાઇ તેના એહી નિર્વાણ.

શ્રી બુદ્ધના શીશ, શામ, જુલકાન, ઇસ્લામ, હારૂન, આદમ, નીઝાર, મીઝાર, ઇલીયાસ, મીલીયાસ, મુલકાન, કાઝમ, કહાર, કાએમ, ગાલીબ, એલબ, ફાહીમ, મુરાદ, અબ્દુલમુનાફ, હાસમ, અબ્દુલમુત્તલીબ, અબુતાલીબ વંશતો શ્રી મુર્તુજા અલી, શ્રી મુર્તુજા અલીની માતાતો બીબી ફાતમા બીન્તે અસદ પિતાતો અબુતાલીબ, શકતી તો બીબી ફાતમા ઝેરા ગોરતો નબી મહંમદ, સ્થાનતો ઉપન્યા સેહસ્ત્ર દ્વીપે મક્કેશ્વર ક્ષેત્રતો મંદિરલી ત્યાં નરદલો દાણવતો અબુજેલ. કળી અંતે શ્રી મેંહદી રૂપે, સ્થાનતો હીમપુર ક્ષેત્રતો કુંવારીકા, પંચ નદી મુળસ્થાને ત્યાં નરદલો દાણવતો દહિંત કાળીંગો ડજ્જાલ. વિચારતો અથર્વ વેદ ઓચરંતે ગાયત્રી, સાતવાર સત્તાવીસ નક્ષત્ર પંદર તીર્થ બાર કરણ નવ ગૃહે સુર્ય મંત્રનો જાપ જપંતા આયા સ્વામી, ઋષિઓને સ્થાપી દહિંત અબુજેલ તથા અલકમાને સંહારી, દહિંત કાળીંગાને સંહારસે બાર કરોડી સું ભક્ત પ્રીકમ મુખીને સ્થાપી અન્નત કરોડીનું ભરણું કમળાકુંવર શીર ભરાવવા તમે ભલે અન્તર્યા યુગે યુગે દેવ મોરારી. જે કોઇ ચિત્ત હરિશું લાએ તેના ધર્મ વધે ને પાપ ક્ષય થાય, નમો નમો ભાઇ પરિબ્રહ્મ નારાયણના નામને જેણે રૂપે આપણા સદ્દગોર બ્રહ્મા નર નારાયણ હોય, આજ તે રૂપને ધાઇએ. શ્રી નિષ્કલંકી નારાયણના ગુપ્ત અવતાર ઓગણચાલીસ પ્રગટ અવતાર એક ને તે શ્રી નિષ્કંલંકી નારાયણ પોતે.

આ હરિવંશ પેઢી નામે ચાલતો ચાલતો હાલ કુંવારકાક્ષેત્રે જાંબુદ્વીપ ભરતખંડે, રેવા ઓતરે, સોળ સોળ જોજન સાબરમતી ત્રષ્ઠે પંચ નદી મુળસ્થાને વેરાટવામે નવ સ્થળે એટલેકે પીરાણા મુકામે પધારેલ છે. અને શ્રી ઇમામશાહ બાવા એજ સદ્ગોર બ્રહ્મા, તેમના દિકરા શ્રી નર મહંમદ શાહ વિષ્ણુ નારાયણ નો અવતાર અને શક્તી દેવી પાવાગઢની મહાકાળી મહંમદ સુલતાનની દિકરી બુજરૂક બેગમ, એજ નર મહંમદશાહના અર્ધંગા, આત્રણ કળાએ પીરાણા મુકામમાં હરિવંશ આગળ ચાલ્યો, એ વંશે શ્રી શાહબોદ્દીન સાહેબ તથા તેમના દીકરા મુર્તુજા શાહ સાહેબ તથા તેમના દીકરા અશરફ શાહ સાહેબ કે જે ઔરંગઝેબ બાદશાહના વખતમાં દિલ્હી જઇ બાદશાહની સાથે વેદ વ્યાખ્યાન કરી અમર ઘીનો દીવો કાયમ રાખી ચારસો મણ કાઠી ઉપર તપાવેલ લોખંડના તવે ચઢી ઇશ્વરી કળા બતાવી ને પીરાણામાં ઘીના દીવાની અમર જ્યોત રાખી અને ઔરંગઝેબે અડતાલીસ (૪૮) વીઘા જમીન તેમને બક્ષીસ આપી તેના દસ્તાવેજો હાલ મોજુદ છે. ને મોટી સત્ય વેણી પુસ્તકની પ્રસ્તાવનામાં કોર્ટના સીક્કાવાળા તરજુમા છાપેલા છે.

શ્રી હરિવંશ જગતની ઉત્પતી સાથેજ જગતમાં રમતો આવ્યો છે, અને છેક પ્રલયકાળ સુધી જગતમાં રમતો રહેશે. તેમાં કુળ પલટા વંશ પલટા વિગેરેના ગુંચવણ ભર્યા કાર્યો સાધારણ વિચાર વૃત્તી વાળા મગજમાં ઉતરી શકે તેવા નથી. અને જેથી આ પુસ્તકની પ્રસ્તાવના ધ્યાન પૂર્વક વાંચવાથી તે બાબત પર પ્રકાશ મળશે.

શ્રીહરિની રમત સમજવા માટે માદક આહાર તજવાની ખાસ જરૂર છે. અને તેથીજ સત્યપંથનો માર્ગ દેખાશે.

માદક આહાર એટલેકે, લશણ, ડુંગરી, અફીણ, ભાંગ, ગાંજો ચડસ, તમાકુ, માંસ, મદીરા વિગેરે વસ્તુઓનો સહેજ પણ ઉપયોગ બુદ્ધીને ભ્રષ્ટ કરે છે; અને ધર્મના માર્ગેથી મનુષ્યોને વેગળા રાખે છે. જેથી આત્માની શાંતિ પણ મનુષ્યને મળી શકતી નથી.

——*——

દશમો અવતાર સંપૂર્ણ.

——*——

સત્પંથી સાહિત્ય પ્રકાશનોની યાદી.

નામ	કિંમત
(૧) સત્પંથી યજ્ઞવિધી	રૂ. ૩–૮–૦
(૨) સત્પંથી આજ્ઞાપત્ર	રૂ. ૩–૦–૦
(૩) સત્પંથ ચેતામણી	રૂ. ૧–૦–૦
(૪) શ્રી ઇમામશાહ બાવાની મોટી ચેતામણી	રૂ. ૧–૮–૦
(૫) ચિત્તવરણી	રૂ. ૧–૦–૦
(૬) મનહર જ્ઞાન	રૂ. ૧–૦–૦
(૭) યોગવાણી	રૂ. ૧–૦–૦
(૮) શ્રી ઇમામશાહ બાવાના પરછા	રૂ. ૦–૪–૦
(૯) કલીતારક મંત્ર	રૂ. ૦–૫–૦
(૧૦) શ્રી નિષ્કલંકી નારાયણની ભાળ	રૂ. ૦–૫–૦
(૧૧) નાયાકાકાનો સંવાદ	રૂ. ૧–૦–૦
(૧૨) ગોરત્રાણીના જ્ઞાન	છપાય છે.
(૧૩) સત્પંથનો ઇતિહાસ	”

અમારૂં પ્રાઇસલીસ્ટ વાંચવાથી વધુ માહીતી મળશે.

realpatidar.com

realpatidar.com